॥ શ્રી ॥

વ્યાખ્યાનસાહિત્યસંગ્રહ

ભાગ ૨ જો.

(દેવ, ગુરૂ અને ધર્મના સ્વરૂપને સમજાવી આત્મસત્તા દર્શાવનાર ગ્રંથ.)

સંશોધક અને વિવેચક,

મુનિમહારાજ શ્રીવિનયવિજયજી.

પ્રકાશક,

સાહિત્યપ્રકાશક મંડળ,

જામનગર.

પ્રથમાવૃત્તિ. પ્રત ૧૦૦૦

"શ્રી વિદ્યાસાગર ઉર્ફે સાહિત્યપ્રકાશક" પ્રિન્ટિંગ પ્રેસમાં મેનેજર ચકુભાઇ લધુભાઇએ છાપ્યો—જામનગર.

સર્વ હક કર્તા તથા પ્રકાશકને સ્વાધીન છે.

વીર સં. ૨૪૪૨

કિંમત—રૂ. ૨-૮-૦

ખાસ ઉપદેશ.

આ વ્યાખ્યાનસાહિત્યસંગ્રહ ગ્રંથ જૈન તથા જૈનેતર પ્રજામાં કેવો માનનીય થઇ
પડયો છે તેમની પૂર્ણ સમજુતીમાટે આ ગ્રંથના પૃષ્ઠ ૫૨૯ થી ૫૫૭
સુધી ૨૯ પૃષ્ઠના અભિપ્રાયો વાંચવાથી આપ સાહિત્યવિનોદી
પુરૂષોને તરતજ ઉત્તમ પ્રકારની ખાત્રી થશે. વા
સ્તે તે વાંચવા અમારાતરફથી ખાસ
વિનંતીપૂર્વક ભલામણ
કરવામાં આવે
છે.

પ્રકાશક.

શ્રીમન્ મહોપાધ્યાયજી ગુરૂમહારાજ,

શ્રીવીરવિજય મહારાજજીની

પવિત્ર સેવામાં.

વિભો !

આપેજ મને સન્માર્ગતરફ દોર્યો છે, આપની કૃપાથીજ "વ્યાખ્યાન સાહિત્યસંગ્રહના બે ભાગ" તથા "જૈન ગ્રંથગાઇડ" છપાઇ બહાર પડેલ છે તેમજ "સાહિત્ય પ્રકાશક મંડળ અને સાહિત્ય પ્રકાશક પુસ્તકાલય" આદિ સંસ્થાઓ જન્મ પામી છે. આપની સાથેના દરેક સ્થળોના વિહાર તથા ચાતુર્માસમાં આપે અમૂલ્ય બોધ આપી તેમજ ત્યારબાદના વિહારમાં પણ પત્રાદિથી ગુરૂપણાની તથા આપશ્રીની અમૂલ્ય પદવીની જે ફરજ બજાવી છે તે કદી પણ ભૂલાય તેવી નથી. એટલુંજ નહિ પણ આત્મધર્મપ્રતિ જે કાંઇ મારી આકાંક્ષા વર્તેછે તેના કારણભૂત આપજ છો.

કૃપાળુ! જન્મના બ્હેરા તથા મુંગાને પણ આપની સેવાથી તે દોષો નષ્ટ થયા છે, તોપછી મારા જેવા મંદ બુદ્ધિવાળાને પણ યોગ્ય ફળ મળે તેમાં નવાઈ નથી.

આવા આપશ્રીના અનેક ગુણોથી આકર્ષાઇ આ ગ્રંથ આપશ્રીને સમર્પણ કરૂંછું તે સ્વીકારવા કૃપા કરશોજી.

લી. આપના ચરણકમલોપાસક,

શિષ્ય વિનયવિજયની

૧૦૦૮ વાર વંદના.

ગ્રંથરૂપી ગંગાનદીના રૂપને પ્રકટકર્ત્તા આત્મારામજી મહારાજજીને વંદના.

शार्दूलविक्रीडित.

यस्यास्याद्वचनोर्मिरङ्गललिता सन्निर्गता शान्तिदा ।
स्याद्वादामलतीरतत्त्वविटपिमोल्लाससन्दायिनी ।
भव्यात्मानघपान्थतर्पणकरी ग्रन्थावलीजान्हवी ।
नित्यं भारतमापुनाति विजयानन्दाय तस्मै नमः ॥

कस्यापि.

જેમના મુખમાંથી પ્રગટ થયેલી ગ્રંથશ્રેણિરૂપ ગંગા કે જે વચનરૂપી તરંગોના રંગથી સુંદર છે, જે સ્યાદ્વાદરૂપી નિર્મળ તીર ઉપર રહેલા તત્ત્વરૂપી વૃક્ષોને ઉલ્લાસ આપનારી છે અને ભવી આત્મરૂપી નિર્દોષ મુસાફરોને તૃપ્તિ તથા શાંતિ આપનારી છે, તે ગ્રંથશ્રેણિરૂપ ગંગા અદ્યાપિ આ ભારત વર્ષને પવિત્ર કરે છે. તે **શ્રી વિજયાનંદસૂરિને** અમે નમીએ છીએ.

ક્ષમાયાચના.

अनुष्टुप्.

क्षन्तव्यो मन्दबुद्धीनामपराधो मनीषिणा ।
नहि सर्वत्र पाण्डित्यं, सुलभं पुरुषे क्वचित् ॥

सुभाषितरत्नभाण्डागार.

બુદ્ધિશાળી મનુષ્યે મંદબુદ્ધિવાળાઓનો અપરાધ માફ કરવો જોઇએ. કારણકે સર્વ ઠેકાણે વિદ્વતા હોઇ શકતી નથી; પરંતુ ક્યારેક કોઇ (વીરલા) પુરૂષમાં સુલભ રીતે વિદ્વત્તા જોવામાં આવેછે.

વ્યાખ્યાન સાહિત્યસંગ્રહનો પહેલો ભાગ બહાર પડતાં જે જે પૂજ્ય મહાત્માઓ, રાજેશ્રીવર્ગ, જૈનેતર પંડિતો, જાહેર સંસ્થાઓ અને સદ્‍ગૃહસ્થોએ આ ગ્રંથ બાબતમાં હંસની માફક સાર ગ્રહણ કરી પોતાના અભિપ્રાયોવડે મને આ ગ્રંથમાં આગળ વધવા પ્રેરણા કરી છે એટલુંજ નહિ પણ નવીન જીવન અર્પી આભારી બનાવ્યો છે તે તે મહાશયોનો હું ઋણી છું, તેઓમાં પણ સ્વર્ગસ્થ શ્રીમદ્ વિજયાનંદસૂરિ (આત્મારામજી) મહારાજના પ્રશિષ્ય પ્રસિદ્ધવક્તા શ્રીમાન્ શ્રીવલ્લભવિજયજી મહારાજે તો પ્રથમથીજ આ ગ્રંથનું મેટર સુધારવું, શોધખોળમાં અનેક સલાહો આપવા વિગેરે કાર્યોમાં પોતાનો અમૂલ્ય વખત રોકી જે જે મદદ કરી છે તે તે મદદ કદી પણ ભૂલાય તેમ નથી. હું પહેલા ભાગમાં પણ લખી ગયો છું, લખુંછું અને લખીશ કે જૈનમત સ્યાદ્વાદ હોવાને લીધે દરેક મતવાળા પણ કોઇ અપેક્ષાએ જૈનજ છે. કારણકે દરેક મતમાં જૈનોના સાત નયમાંનો કોઇ પણ નય તો હોયજ છે, ભૂલ માત્ર એટલીજ છે કે જ્યારે જૈનદર્શન અપેક્ષા ગ્રહણ કરેછે ત્યારે બીજાઓ અપેક્ષા ગ્રહણ ન કરી એકાંતનેજ માની લેછે, માટે જે નયને લઇ

તેઓ એકાંત વર્ણન કરેછે તેને જૈનો પોતાની શુદ્ધ દૃષ્ટિએ પોતાની સાથે અપેક્ષા લઇ મેળવવા ચાહે તો મેળવી શકેછે અને તેને લઇને તેને જૈન કહીએ તો ખોટું નથી. માટેજ જૈનની પુષ્ટિને ખાતર આ ગ્રંથમાં જૈનેતર ગ્રંથોનાં લખાણને પણ અવકાશ આપેલ છે તે સંબંધી શ્રીનંદિસૂત્રમાં ફરમાન છે કે–

"समदिठ्ठिपरिगहि याणिमिच्छासूत्ताणि समसूत्ताणि"

એટલે કે સમ્યક્દૃષ્ટિએ ગ્રહણ કરેલ મિથ્યાસૂત્ર સમ્યક્ સૂત્ર કહેવાયછે. આ પણ એક અપેક્ષાજ કહેવાય. શ્રીહરિભદ્રસૂરિ મહારાજનું વચન છે કે "जयन्ति परसमयाः એટલે કે પરસમયો જયવંત છે આ પણ અપેક્ષાજ કહેવાય. શ્રીહરિભદ્રસૂરિ મહારાજના યોગદષ્ટિ સમુચ્ચય આદિ કેટલાક ગ્રંથો જૈનેતરના ગ્રંથોથી ભરપૂર વાસિત જોવામાં આવેછે પણ તે યોજકની બલિહારી જુદાજ પ્રકારની છે, તે તે વર્ણનને જૈનદષ્ટિએ સાર્થક કરી બતાવેલ છે. તેવીજ રીતે હંસચંચૂ સમદષ્ટિ પુરૂષ ગુણ ગ્રહણ કરશે તો તેને જરા પણ ભિન્નતા કે વિપરીતતા ભાસવા સંભવ નથી. પણ કાણી હાથણીની માફક એકજ તરફ દૃષ્ટિ રાખશે તેને વિપરીત કે અનુચિત ભાસે તેમાં યોજકનો કે બીજા કોઇનો દોષ ન ગણાય એ સુજ્ઞોએ પોતે વિચારી લેવાનું છે, તેમ છતાં અલ્પજ્ઞ છદ્મસ્થતાને લઇ અનુચિત કે સૂત્રવિરૂદ્ધાચરણ થયું હોય તેને માટે ખરા અંતઃકરણથી મિચ્છામિદુક્કડં દઉંછું અને જો કોઈ ઉપકારી તે ભૂલને મારી જાણમાં લાવશે તો હું તેમનો મોટો ઉપકૃત થઇશ તેમજ દ્વિતીયાવૃત્તિમાં તે ભૂલનો સુધારો કરતી વખત તે ઉપકારીનું નામ પણ સાથે યાદીમાં લાવીશ.

વિનયવિજય.

ઉપોદ્‌ઘાત.

શ્રીવ્યાખ્યાન સાહિત્યસંગ્રહનો આ દ્વિતીય વિભાગ સહૃદય સજ્જનોની સમક્ષમાં નિવેદન કરતાં અમોને સંતોષ થાયછે કે આ પુસ્તકના *પ્રથમ વિભાગને તેઓના તરફથી જેવો આદર મળેલ છે તે કરતાં પણ તેઓએ આ વખતે વિશેષ આદર આપેલ છે.

ઉત્તમ કોટિના સિદ્ધાંતગ્રંથો સમજવાના અધિકારી બની શકાય તેવી યોગ્યતા મેળવવામાટે તથા અંતઃકરણને ઉચ્ચ માનવગુણોથી સુસંસ્કૃત કરી જીવિતને સફળ કરવામાટે મનુષ્યે હલકાં સાહિત્યોના પાશથી દૂર રહી ઉત્તમ પ્રકારનું સાહિત્ય વાંચવાની અભિરૂચિ રાખવી જોઇએ.

અન્યને ઉપદેશ આપી સન્માર્ગે ચડાવનાર અને ચલાવનાર મનુષ્ય ચાહે તો ત્યાગી હોય કે ચાહે તો ઘરસંસારી હોય અથવા પોતાની આ જીવિકામાટે ગમે તે ધંધો કરતો હોય તોપણ તેણે શ્રેષ્ઠ સાહિત્યના સંગ્રહને સંપાદન કરવો જોઇએ. જેઓને ઉપદેશ આપવાની જરૂર હોય છે તેઓ ઉપદેશનાં ટુંકાં વાક્યો જે માત્ર છેવટના સિદ્ધાંતસરખાંજ હોય છે તેનાથી ઝટ લઇને સમજી જતાં નથી. તેઓને તો એ નાનાસરખા સિદ્ધાંતવાક્યની અંદરથી નિકળતા ઓહોળા અર્થનાં નાહાનાં નાહાનાં અંગો તથા ઉપાંગો સ્પષ્ટ રીતે સમજાવી તથા તેને અંગે લાભ–હાનિ જે કાંઈ હોય તે તેઓની દૃષ્ટિપર મૂકી જ્યારે ખૂબ વિસ્તારથી કહેવામાં આવેછે ત્યારેજ તે અસરકારક થાયછે.

જનસમાજની સામે એક યોગ્ય સિદ્ધાંત, પછી તે ધર્મસંબંધી હોય, વ્યવહારસંબંધી હોય કે દેશકાળને અનુસરતા ગમે તે વિષયસંબંધી હોય તે જાહેર કરવો, તે સિદ્ધાંત અમલમાં મૂકાય એવી ઇચ્છા રાખવી અને એ ઇચ્છાને સફળ કરવામાટે દાખલાદલીલોથી તે બીજાઓને ગળે ઉતરાવવો અથવા તેઓ કબુલ કરે–હા ભણે એવી રીતે તેઓને સમજાવવો એ શું

સહેલી વાત છે? જેઓની પાસે સાહિત્યભંડોળ પૂરતું ન હોય તેઓ-નાથી શું તે બની શકે તેમ છે? એક ઉપયોગી બાબત સાહિત્યસંપત્તિ-વગરનો એક માણસ લોકને કહેશે તેના ઉપર કોઇ ધ્યાન પણ નહિ આપે અગર સાધારણ ધ્યાન આપી તેને જતી કરશે, જ્યારે તેજ બાબતને સાહિત્ય-સંપત્તિ ધરાવનારો કોઈ બીજો માણસ લોકોની સમક્ષમાં એવી રીતે મૂકશે કે જેથી લોકો તેમાં તલ્લીન થશે, તે બાબતને સર્વથી પ્રહેલાં ગ્રાહ્ય ગણશે, તેનાપર તેઓને પૂર્ણ આસક્તિ થશે, તેના સંપાદનને માટે તેઓ પૂર્ણ શ્રમ ઉઠાવશે. આ સઘળું શાને લીધે? કેવળ સાહિત્યના પ્રભાવને લીધે. જ્યારે આ પ્રમાણે છે ત્યારે પછી માનવજીવનને સફળ કરવામાટે ધર્મજેવી ગ્રાહ્ય વસ્તુની ઉપયોગિતા આપણાં અંતઃકરણમાં મજબૂત રીતે સમજાય અને મન જેવી અસ્થિર ચીજની સાથે તે સ્થિર રીતે ચોટી રહે તેમ થવાને માટે તેમાં સાહિત્યને સાધનતરીકે ઉપયોગમાં લેવું એ શું જરા પણ ઓછું આવશ્યક છે?

જૂદા જૂદા પ્રકારના અધિકારીઓને સમજાવી સારે રસ્તે ચઢાવવા તેમાં સાહિત્યનીજ જરૂર છે. કારણકે સાહિત્ય એ અનેક ભિન્ન ભિન્ન વિષયોનું એક વિશ્રાંતિ સ્થાન છે. એક સુંદર મ્યુઝિયમમાં તમે પ્રવેશ કરશો અને પછી તેમાં અનેક પ્રકારની ચીજો તમારી નજરે પડશે, એમાંની સઘળી નહિ તો કોઇ પણ ચીજ તમારા અંતઃકરણને પોતાની તરફ ખેંચશે અને તમને ખુશ કરશે. એટલુંજ નહિ પણ તમારા સુસ્ત અંતઃકરણને ઉત્સાહિત બનાવશે અગર ઉંઘતા અંતઃકરણને જાગ્રત કરશે અને તેની અંદર કંઇ કંઇ વિચારોનો સંચાર કરશે તથા તેને પરિણામે તેને કંઇ નિર્ણય કરવાની કે નિશ્ચય બાંધવાની ટેવવાળું બનાવશે. એક ઉત્તમ પ્રકારનું સાહિત્યનું પુસ્તક પણ તેના વાંચનારને એવાજ પ્રકારનો લાભ આપનારૂં છે. તેથી આપણા જૈનસમાજમાં ધર્મનિષ્ઠા જાગૃત રહેવા, સિદ્ધાંત ગ્રંથો સમજવાની યોગ્યતા પ્રાપ્ત થવા, સંશયજેવાં સ્થાનોમાં પણ નિર્ણય કરી શકાય તેવું સામર્થ્ય બુદ્ધિને મળવા અને સામાન્ય યુક્તિપ્રયુક્તિવાળા માણસો આડુંઅવળું સમજાવી પોતાની તરફ ખેંચી જાય એવી નબળી હાલતના મનને દઢતા મળવા આવાં પુસ્તકોની ખાસ જરૂર છે.

આપણામાં સંસ્કૃત ભાષાની અંદર તથા માગધી ભાષાની અંદર આવી જાતનાં પુસ્તકો પુષ્કળ મળી આવશે પરંતુ તે ભાષાને નહિ જાણનારા અને માત્ર ગુજરાતી ભાષાજ સમજનારા લાખો ભાઇઓને ઉપયોગમાં આવે એવાં સાહિત્યપુસ્તકની ગુજરાતી ભાષામાં ખોટ હતી તે પૂરી પાડવામાટે આ પ્રવૃત્તિ કરવાની ખાસ જરૂર પડી છે.

પ્રથમ વિભાગના છ પરિચ્છેદ કરવામાં આવ્યા છે અને તે દરેક પરિચ્છેદને એકબીજા સાથે સંગતિ તથા સામાન્ય આવશ્યકતા એ સઘળું ત્યાંજ

બતાવવામાં આવ્યું છે. આ દ્વિતીય વિભાગમાં સાતમો, આઠમો તથા નવમો એમ ત્રણ પરિચ્છેદોનો સમાવેશ કરેલ છે. જેમાં સમ્યક્‌ચારિત્ર વિગેરેના સંરક્ષણને માટે લાગતા વળગતા નાહાના મોહોટા સંખ્યાબંધ અધિકારો લેવામાં આવ્યા છે. જેમાંના કેટલાએક ધર્મનું સ્વરૂપ સમજવામાં વિશેષ ઉપયોગી અને કેટલાએક વ્યવહાર વિગેરેનું સ્વરૂપ જાણવામાં વિશેષ ઉપયોગી છે. જો કે ધર્મ અને વ્યવહારને પરસ્પર ગાઢ સંબંધ હોવાથી સઘળા અધિકારો સાક્ષાત્‌સંબંધથી કે પરંપરાસંબંધથી બન્નેને ઉપયોગી છે તોપણ સ્થૂલ દૃષ્ટિએ તેવો ભેદ શરૂવાતમાં જોવામાં આવે છે. બાકી તો ધર્મના સંબંધવગરનો વ્યવહાર અધમ સ્થિતિને પ્રાપ્ત થાય છે અને નિર્મળ વ્યવહારવગરનું કેવળ ધર્માચરણ ખરૂં ધર્માચરણ નહિ પણ એક જાતનું ફારસ ગણાય છે. માટે નિશ્ચયથી સમજી રાખવું જોઇએ કે નિર્મળ વ્યવહાર અને ધર્માચરણ એ બન્ને એક બીજાની સાથે ગાઢ સંબંધથી જોડાયેલ છે. જેઓ ધર્મસ્થાનમાં જઈ સૌથી આગળ પડતા થઇ ધર્મક્રિયા કરે છે તેઓજ ત્યાંથી છૂટી વ્યવહારમાં પડી અનેક કાળાં ધોળાં કરવા પ્રવૃત્ત થાય તો તેઓની ધર્મક્રિયા હસ્તિસ્નાનની પેઠે નકામીજ થઇ પડેછે. હાથી કોઇ નિર્મળ સરોવરમાં જઇ સારી રીતે નાહી પાછો જ્યારે બહાર નિકળે ત્યારે કિનારાપર આવતાંજ પોતાની ઉપર ધૂળ છાંટવા લાગે એટલે તેનું નહાવું નકામું થાય તેવીજ રીતે આવા ધર્મદંભીઓને માટે સમજવું. તેમ વ્યવહાર યોગ્ય રીતે ચલાવતા છતાં જેઓ ધર્મને જાણવાનો કશો પ્રયાસ કરતા નથી, તેઓ તેલીના બેલની પેઠે મોક્ષ નહિ પામતાં જન્મમરણના ફેરા ફર્યાજ કરેછે. માટેજ એ બન્નેની સુસ્થિતિ સાધવાને આ સઘળા અધિકારો ઉપયોગી છે.

આ પુસ્તક જૈનશાસનનું પ્રતિપાદક છતાં તેના પ્રથમ વિભાગમાં અને તેવીજ રીતે આ બીજા વિભાગમાં ઘણાં પ્રમાણો તથા ઘણાં દૃષ્ટાંતો અન્યદર્શનનાં પુસ્તકોમાંથી લીધેલાં જોવામાં આવશે. આપાતદૃષ્ટિથી જોનારા તથા ઉપર ઉપરથી વિચાર કરનારાં માણસોને તેમાં કાંઇ નવાઇજેવું અગર કંઇ વિરૂદ્ધતાજેવું કે કંઇ અણગમાજેવું કદાચ જણાય, પરંતુ જેઓ સૂક્ષ્મનજરથી જોઇ શકેછે, જેઓ પૂર્ણ વિચાર કરી શકેછે તેઓને તેમાં કંઇ પણ નવાઇજેવું જણાશે નહિ, કંઇ પણ વિરૂદ્ધતા જેવું તેઓને દેખાશે નહિ તથા કંઇ પણ અણગમાજેવું પણ તેઓને લાગશે નહિ. સર્વમાન્ય જિનશાસનને અનુસરતાં પુસ્તકોમાંના દાખલાદલીલો તો તેની પુષ્ટિ કરનારાં હોય તેમાં કંઇ પણ નવાઇજેવું નથી પરંતુ અન્ય શાસનને અનુસરનારાં પુસ્તકોમાંના દાખલા દલીલો પણ તેના નિયમોને ટેકો આપે,-તેનાં સિદ્ધાંતોને અનુસરે અને અનુકૂળતાથી તેનું ઉપોદ્‌બલન કરે એ જૈનશાસનની મહત્ત્તા, સત્યતા અને સર્વમાન્યતાને વધારે સિદ્ધ કરે છે. જૈનશાસનના ઉપાસકોને વધારે સંતોષ અને વધારે આનંદ આપે છે.

આ સાહિત્યસંગ્રહ વાંચનારાઓ જો ઉંડા ઉતરી વિચાર કરશે તો તેઓને જણાયા વગર નહિ રહે કે અપ્રતિહત પ્રકાશમય જૈનશાસન દુનિયાના અમુક વર્ગમાં સર્વાંશે પળાય છે અને જેઓ પોતાને અન્યશાસનના અનુયાયીઓ સમજેછે તેઓમાં પણ દરેકે દરેક વર્ગની અંદર દયા, તપ, દાન, શ્રદ્ધા, ભક્તિ વિગેરે અમુક અમુક અંશોથી પાળવામાં આવે છે. જે વિચારો અને જે આચારો કલ્યાણકારક અને મોક્ષદાયક છે તે સઘળા જૈનશાસનનાંજ પ્રકાશમાન કિરણોરૂપ છે. આ બાબતમાં આપણા પરમપૂજ્ય પ્રાતઃસ્મરણીય મરહુમ જૈનાચાર્ય શ્રીમદ્વિજયાનંદસૂરિ ઉર્ફે આત્મારામજી મહારાજ પોતાની પ્રસાદીરૂપ તત્ત્વનિર્ણયપ્રાસાદ ગ્રંથના (૫૨૪) મા પૃષ્ઠમાં ખુલાસો કરતાં કહેછે કે—

"जो जो वेदोंमें निवृत्तिमार्गका कथन है सो सर्व जैनमतवालोंको सम्मत है. क्योंकि जो जो युक्ति प्रमाणसे सिद्ध संसारसे निवृत्तिजनक और वैराग्य उत्पादक वाक्य वेद–उपनिषद्–ब्राह्मण–आरण्यक–स्मृति–पुराणादिकोंमें हैं वे सर्वज्ञ भगवान्के वचन हैं." ઇત્યાદિ. આવા વિચાર તથા આચારને સ્વરૂપની ભિન્નતા નહિ છતાં નામમાત્રની ભિન્નતાથી પોતાને ભિન્ન શાસનમાં ખપાવતા લોકોથી પાળ્યાવગર રહેવાતું નથી. સત્ય ભિન્ન ભિન્ન હોતાં નથી અને જેઓ સત્યને કંઇ પણ અંશે અનુસરવાનો યત્ન કરેછે તેઓને જૈનશાસનના સત્ય સિદ્ધાંતને જાણતાં કે અજાણતાં અનુસરવાવગર છૂટકો થતો નથી એમ આ પુસ્તકમાંના ભિન્ન ભિન્ન આગમોના દાખલાદલીલો વાંચવાથી સાબીત થયેલું જોવામાં આવશે અને એજ જૈનશાસનના ઉપાસકોને અતીવ સંતોષપ્રદ છે કે જ્યારે બીજાઓ પરંપરાસંબંધથી જૈનશાસનને અનુસરે છે, ત્યારે તેઓ તો સાક્ષાત્ સંબંધથીજ જૈનશાસનને અનુસરેછે.

અન્ય દર્શનોમાં પણ પોતાના સિદ્ધાંતનાં અનિવાર્ય કિરણો પ્રકાશે એ જૈનશાસનનો મોહોટામાં મોહોટો વિજય છે, એ જૈનશાસનના સનાતનપણાની મજબૂત સાબીતી છે અને એજ જૈનશાસનના સત્યસ્વરૂપનું કદી પણ કંપાવી ન શકાય એવું સુસ્થિર પ્રમાણ છે.

દીર્ઘદર્શી જૈનભાઇઓ પૂજ્ય મુનિમહારાજના આવા પ્રયાસને વધારે આવકારદાયક માનેછે અને એમનો પ્રયત્ન સ્થાનાપન્ન છે એમ વખાણેછે. ધર્મની સત્યમર્યાદાને સંકુચિત કરવી અને બીજાના હાથમાં રહેલું સો ટચનું સોનું હોય તેને દ્વેષબુદ્ધિથી સોનું નહિ કહેતાં પીતળ કહેવું કે તે પોતાના ઘરમાં હોય ત્યારે તેને કિંમતી ગણવું અને બીજાની દુકાનમાં દેખી તેની કિંમત કાંઇ નથી એમ કહેવું એ બિલકુલ ડહાપણ નથી. ઉત્તમ પ્રકારનાં કિંમતી રત્નો ગમે તે જગાએ પ્રકાશમાં કે અંધારામાં પડેલાં હોય તોપણ કિંમતી

રત્નોજ છે તેવી રીતે જૈનશાસનના સત્ય સિદ્ધાંતો ગમે ત્યાં હોય તોપણ તે જૈનશાસનના સત્ય સિદ્ધાંતોજ છે. તેને અન્ય શાસનનો સંસર્ગ થયો માટે તે જૈનશાસનના સત્ય સિદ્ધાંતો નથી એમ કહી શકાશે નહિ અને તેથી આ સંગ્રહની અંદર આપણા શાસનને અનુસરનારા દાખલાદલીલો ગમે તે વર્ગના આગમમાંથી લેવામાં જરા પણ સંકોચ રાખવામાં આવ્યો નથી અને એમ કર્યું છે એજ વાજબી છે એવી રીતે નિષ્પક્ષપાત અંતઃકરણમાં સહૃદય ગુણીજનો બરાબર સમજેછે.

ઉપર જણાવેલાં કારણોથી તથા ધર્મપરની ઉંચા પ્રકારની શ્રદ્ધાથી આ પુસ્તકને બહાર પાડવામાં ધર્મપ્રેમી જૈનભાઇઓતરફથી બહુ સારી મદદ મળી છે.

જુનાગઢ સ્ટેટમાં એક સારો અધિકાર ભોગવતા શ્રીયુત સુખલાલ કેવળદાસ વહીવટદાર સાહેબ કે જેઓ અમદાવાદના વતની છે અને ધાર્મિક–પરોપકારી કાર્યોમાં સંગીન મદદ અને તે કોઈ પણ જાતનો દેખાવ કર્યા વગરજ એટલે ગુપ્તદાનની રીતે કરનારા છે તેમણે આ પુસ્તકના બન્ને ભાગમાં પૂરતી મદદ આપી છે તથા બીજાઓ પાસે અપાવી છે અને એવી રીતે પોતાનું સાહિત્યપ્રેમીપણું દેખાડી આપ્યું છે.

જામનગરના રહીશ શેઠ લાલજીભાઇ રામજીભાઇએ પણ આ પુસ્તકની ૫૧ નકલ ખરીદી તેમાંથી માત્ર દશ નકલ પોતે રાખી બાકીની ૪૧ નકલો સાહિત્ય-પ્રકાશક મંડળને અર્પણ કરી છે કે જે મંડળતરફથી આ પુસ્તકને લગતી સઘળી વ્યવસ્થા થાય છે તથા એક પુસ્તકાલય પણ ખોલવામાં આવ્યું છે એ મંડળમાં તેઓ લાઇફ મેંબર થયા છે તથા પુસ્તકાલયની સગવડ ખાતર પોતાના કબજાનું મકાન કંઇ ભાડા વગરજ વાપરવા આપેલ છે અને પુસ્તકો રાખવામાટે એક કબાટ પણ મંડળને અર્પણ કરેલ છે.

આ પુસ્તકનો પ્રથમ વિભાગ યોગ્ય મદદ કરી છપાવી આપનાર માંગરોળના શેઠ મકનજી કાનજીભાઇએ આ વિભાગની પણ ૨૫ નકલો ખરીદીને તેમાંથી ૨૦ પુસ્તકો મંડળને પાછાં અર્પણ કર્યાં છે. એટલુંજ નહિ પણ તેઓએ આ મંડળના રૂલપ્રમાણે પહેલો ભાગ બહાર પાડવામાં મદદ કરેલ છે, તેથી તેઓ સાહેબને પણ મંડળના પેટ્રન મેંબર ગણવામાં આવેછે.

ચુડા રાણપુરવાળા શેઠ ઉજમશી પુરૂષોત્તમભાઇએ મંડળને રૂ. ૫૦ પચ્ચાસ આપ્યા છે, તેથી તેમને લાઇફ મેંબરમાં ગણ્યા છે.

કારંજાવાળા શેઠ મોતીચંદ શામજીએ ગ્રાહકો કરી દેવામાં શ્રમ લીધો છે અને ધોરાજી, ધ્રોળ તથા લતીપુરના સંઘે આ પુસ્તક બહાર પાડવામાં ઉત્સાહપૂર્વક મદદ કરી છે અને ધ્રોલના સંઘે મંડળની મદદમાટે રૂ. ૨૫ પચ્ચીશ તથા ધોરાજીના સંઘે રૂ. ૩૫ અર્પણ કર્યાં છે.

આ સર્વનો તેમજ અન્ય મદદ કરનાર ગૃહસ્થોનો આ સાહિત્યપ્રકાશક મંડળ પૂર્ણ ઉપકાર માનેછે અને તેઓની ઉચ્ચ મનોવૃત્તિને અભિનંદન આપેછે.

મુનિમહારાજ શ્રીવિનયવિજયજી તો આ પુસ્તકના કર્ત્તા તથા તેમના ઉપદેશથીજ આ સાહિત્યપ્રકાશક મંડળની ઉત્પત્તિ થયેલી હોવાથી તેઓ આ મંડળના કાર્યને પોતાથી બની શકતી મદદ આપેછે તથા અપાવેજ છે. તેઓને પણ વખતો વખત સલાહકારક શ્રીમાન્ શ્રીવલ્લભવિજયજી મહારાજ છે તથા પૂજ્ય મુનિ શુભવિજયજીના શિષ્ય કનકવિજયજીએ પણ પોતાનાથી બનતી દરેક મદદ કરી છે. આ મંડળદ્વારા સંઘનું કાંઇ પણ શ્રેય થશે તો તે પ્રતાપ અને પ્રભાવ શ્રીમુનિમહારાજોનોજ છે એમ ખરા અંતઃકરણથી આ મંડળ માનેછે.

આ પુસ્તકમાં, હસ્તદોષથી, યાતો છપામણીથી, કાંઇ પણ સ્ખલના થઇ હોય, અગર તો બુદ્ધિના દોષને લીધે જૈન શાસ્ત્રથી કાંઇ પણ વિરૂદ્ધ લખાણું હોય તો તે બાબત સર્વ સજ્જનોપાસે ક્ષમા માગવામાં આવેછે અને તેઓએ આ મંડળને ભૂલ જણાવવા કૃપા કરવી કે જેથી બીજી આવૃત્તિમાં તે ભૂલ સુધારી શકાય.

આ ગ્રંથમાં કયા કયા ગ્રંથમાંથી શ્લોકો લીધા છે તેની સરલ સમજણમાટે શ્લોકોની નીચે ગ્રંથોનાં નામો ટાંક્યાં છે એટલે એક ગ્રંથનું નામ આવી ગયું ત્યાર પછી જે ગ્રંથનું નામ આવે તે ગ્રંથના તેટલા શ્લોકો છે એમ જાણવું. જેમકે પત્ર ૧૩૨ માં ૯ થી ૧૫ સુધી શ્લોક સાત સૂક્તિમુક્તાવલીના સમજવા ; એમ સર્વ ઠેકાણે વિચારવું.

આ ગ્રંથની પહેલા ભાગની બાળબોધ ટાઇપમાં બીજી આવૃત્તિ છપાવવાને આ મંડળે જે વિચાર બહાર બતાવ્યો હતો તે વિચાર અચાનક લડાઇ ફાટી નીકળવાથી કાગળોની મોંઘવારી થવાને લીધે બંધ રાખ્યો છે અને આ બીજો ભાગ પણ કાગળની મોંઘવારીને લીધે પડતી કિંમતે વેચવા જેવું ઠર્યું છે.

અહીં જામનગરમાં જે સાહિત્યપ્રકાશક મંડળની સ્થાપના કરવામાં આવી છે તે જેમ પોતાના સાહિત્ય આદિ ગ્રંથો છપાવશે તેમ કોઇ મુનિમહારાજો અથવા કોઇ શ્રાવકવર્ગની ઇચ્છાનુસાર યોગ્ય વ્યવસ્થા કરી તેઓશ્રીનાં પણ મુંબઇમાં નિર્ણયસાગરની હરિફાઇમાં ઉતરે તેવાં પુસ્તકો છપાવી આપવા ખંત બતાવેછે. કારણકે આ મંડળને અંગે સંસ્કૃત ભાષાનાં પુસ્તકના સંશોધનને સારૂ ખાસ એક વિદ્વાન્ પંડિતને મોટે ખર્ચે રોક્યા છે અને વિશેષ કાર્યક્રમ વધવાની આશાથી બીજા વિદ્વાન્ પંડિતને સલાહ લેવા યોજેલ છે. તેમજ આવા કાર્યમાં કાયમ લહીઆની જરૂર હોવાથી તેની પણ ગોઠવણ કરી છે.

આ મંડળને અંગે ખાસ એક "સાહિત્યપ્રકાશક પ્રિન્ટિંગ પ્રેસ" ખોલ્યો છે કે જે પુસ્તકો છપાવવાં હોય તે વગર વિલંબે ટાઇમસર છાપી આપેછે. બીજા શહેરોના પ્રેસો કરતાં આ પ્રેસ ઉત્તમ પ્રકારનું કામ કરી બતાવેછે છતાં તેનું ખર્ચ તેના પ્રમાણમાં તથા બીજા પ્રેસોના પ્રમાણમાં ઓછું છે, તે સંબંધી એક વખત કામ કરાવવાથી પૂર્ણ ખાત્રી થશે.

આ મંડળ જેમ પૂજ્ય મુનિરાજ વિનયવિજયજી મહારાજજીના ઉપદેશથી તેમનાં પુસ્તકોનું પુસ્તકાલય સ્થાપી તે પુસ્તકાલયને સાર્વજનિક ઉપયોગમાં લેછે તેમ તેવા બીજા મુનિમહારાજો તેવી જાતનો જો ઉપદેશ કરશે તો તેમનાં પુસ્તકોની પણ તેવી ગોઠવણ કરી આપવામાં આવશે અને તે જ્યાં જેટલાં પુસ્તકો મગાવશે ત્યાં તેટલાં પુસ્તકો જો તેઓશ્રી પોસ્ટ કે રેલ્વે ચાર્જનો બંદોબસ્ત કરી આપશે તો મોકલવામાં આવશે અને પાછાં મોકલી આપશે ત્યારે રીતસર ચાલતા ક્રમ પ્રમાણે સાર્વજનિક ઉપયોગની સાથે તેનું રક્ષણ કરવામાં આવશે. આ પુસ્તકાલયમાં હાલ લગભગ ૧૧૦૦ પુસ્તક છે.

ગરીબ શ્રાવક તથા શ્રાવિકાઓને ધર્મવૃદ્ધિમાટે તત્ત્વજ્ઞાનદીપિકા તથા સામાયિકસૂત્ર એવાં બે જાતનાં પુસ્તકો ફક્ત પોષ્ટ ખર્ચનો ચાર્જ ૦-૨-૬ મોકલ્યેથી મોકલવામાં આવશે. પુસ્તકો ખલાસ થયે મોકલવામાં આવશે નહિ.

છેવટ શ્રીજિનેંદ્ર ભગવાનની પાસે આ મંડળ એમજ માગેછે કે પ્રભાવશાળી મુનિમહારાજોના આવા પ્રકારના સુપ્રયત્નો સમગ્ર સંઘને સુખકારી નિવડતા રહો અને ધર્મની અખંડ જાગૃતિ રહો. તથાસ્તુ.

જામનગર.
૧-૭-૧૯૧૬.
વર્ષારંભ.

શ્રી સાહિત્યપ્રકાશક મંડળ.

કંઠમાં ધારણ કરવા યોગ્ય અમૂલ્ય રત્ન.

अनुष्टुप्.

दानं वित्ताद्दृतं वाचः, कीर्त्तिधर्मौ तथायुषः ।
परोपकरणं कायादसारात्सारमाहरेत् ॥

सुभाषितरत्नभाण्डागार.

સારવિનાના દ્રવ્યમાંથી દાન આપી દ્રવ્યનો સદુપયોગ કરવો, સાર-રહિત બોલવાની ભાષામાંથી સત્ય બોલવાની ટેવ પાડી વાણીનો સદુપયોગ કરી લેવો, નાશવંત આયુષમાંથી કીર્ત્તિ તથા ધર્મ સાધી આયુષની સાર્થકતા કરવી અને અસાર શરીરવડે પરોપકાર કરી શરીરનો સદુપયોગ કરવો અર્થાત્ આ સર્વ અસારમાંથી સાર ગ્રહણ કરવો (એ કાયર પુરૂષનું કામ નહિ પણ વિબુધ પરાક્રમીનું છે).



મુનિમહારાજ શ્રી વિનયવિજયજી મહારાજ,
(વ્યાખ્યાન સાહિત્યસંગ્રહ તથા જૈન શ્વે. ગ્રંથગાઇડના કર્તા.)

વિદ્યાસાગર પ્રેસ—જામનગર.

પૂજ્ય મુનિશ્રી
વિનયવિજયજીનું જન્મચરિત્ર.

આ ગ્રંથના લેખક સાહિત્યપ્રેમી મુનિશ્રી વિનયવિજયજી
મહારાજજીના પ્રથમ ભાગમાં છપાયેલા
જન્મચરિત્રમાં વધારો.

આવા મુનિશ્રીનું અનુકરણ કરવાની જરૂર.

अनुष्टुप्.

क्षमातुल्यं तपो नास्ति, न सन्तोषात्परं सुखम् ।
न च तृष्णापरो व्याधिर्विनयान्नो परो मुनिः ॥

ક્ષમાતુલ્ય તપ નથી, સંતોષવિના ઉમદું સુખ નથી, તૃષ્ણા સિવાય અન્ય વ્યાધિ નથી; તે પ્રમાણે વિનયવિજયજી જેવા (સાહિત્યપ્રેમી તથા પ્રભુપદગામી) ભવ્યજીવો થોડા જોવામાં આવેછે.

ઉક્ત મુનિશ્રીએ જામનગરમાં ૧૯૭૨ ની સાલના ચાતુર્માસમાં દર રવિવારે જૈન તથા જૈનેતર પ્રજાવર્ગમાં અનેક ભિન્ન ભિન્ન અને ઉપયોગી વિષયઉપર જાહેર વ્યાખ્યાન આપી પ્રજાવર્ગને ધર્મસંબંધી ઉંડી અને સચોટ લાગણી ઉત્પન્ન કરી છે.

વ્યાખ્યાનસાહિત્યસંગ્રહનો ભાગ પહેલો છપાઇ બહાર પડવાથી બીજો ભાગ છપાવવાની અનેક સ્થાનકેથી સર્ટીફીકેટ સાથે વિનતિપૂર્વક વારંવાર માગણી આવવાથી વ્યાખ્યાનસાહિત્યસંગ્રહનો બીજો ભાગ ઉક્ત મુનિશ્રીના ઉપદેશથી છપાવવા સંબંધી ગોઠવણ કરવામાં આવી આ પ્રસંગે સાહિત્ય-પ્રકાશક મંડળ, "સાહિત્યપ્રકાશક પ્રિન્ટિંગ પ્રેસ"ની સ્થાપના અને સંસ્કૃત પુસ્તકસંશોધનમાટે ખાસ પંડિત તથા મદદગાર લહીઆની નિમણુક કરવામાં આવી છે.

સાહિત્યને આગળ વધારવા તથા જૈનધર્મનાં તત્વો સમજવા એક ઉક્ત મુનિશ્રીના ગ્રંથોનું પુસ્તકાલય સ્થાપવામાં આવ્યું છે. આ પ્રસંગે જામનગરના તળપતના રહીશ શ્રીયુત શા. કસ્તુરચંદ કશળચંદે પૂર્ણ સહાય આપી તેમજ શેઠ લાલજી રામજીએ લાઇબ્રેરીમાટે તથા મંડળની ઓફીસ સારૂ પોતાના કબજાનું મકાન ફ્રી આપ્યું છે અને હજુ મદદ આપે છે. તેમજ માંગરોળનાં શેઠ મકનજી કાનજીભાઇ ઉકત મુનિશ્રીને વંદના કરવા આવ્યા તે પ્રસંગે ૨૫ પુસ્તકના ગ્રાહક થઇ ૨૦ ગ્રંથ મંડળને અર્પણ કરેલ છે.

આવા પવિત્ર મહાત્માની અહીંના શ્રીસંઘે જે કદર કરી છે તેથી સંઘના અગ્રેસરોને અંતઃકરણપૂર્વક ધન્યવાદ આપવામાં અમો ચૂકતા નથી અને પ્રસંગોપાત્ત સૂચના કરવામાં આવે છે કે આવા મહાત્માઓની દરેક વખતે શ્રીસંઘે ભક્તિ કરવી જોઇએ. પૂજ્ય મુનિશ્રીને ધ્રોળથી દીક્ષા મહોત્સવ નિમિત્તે આમંત્રણ થયું હતું અને તેથી તેઓશ્રીએ તે પછી ત્યાં પધારી બે મુમુક્ષુ સ્ત્રીઓને દીક્ષા આપીને સર્વ ઠેકાણે ઉપદેશ આપવાના હેતુથી એક સ્થાને નહીં રહેતાં વિહાર ચાલુ કર્યો.

અલીઆબાડાના સંઘને ઉપદેશ આપી, ધર્મકેળવણીસંબંધી ખંતની જાગૃતિ કરી છે. ધર્મનો બહોળો વિસ્તાર થાય તેવા હેતુથી મુનિશ્રીના ઉપદેશથી અલીઆબાડામાં સાહિત્યપ્રકાશક પાઠશાળા સ્થપાયેલ છે અને તે પાઠશાળામાં ધાર્મિક જ્ઞાન આપવામાં આવે છે.

વિહારમાં રૈવતાચળની યાત્રા કરી જુનાગઢમાં પૂજ્ય મુનિશ્રીએ પોતાના સર્વ પ્રકારે હિતેચ્છુ વલ્લભવિજયજી મહારાજજીની સાથે શાસ્ત્રાર્થપૂર્વક વિદ્યાવિનોદ કરી કેટલાક દિવસો સાથે નિવાસ કરી પોરબંદરતરફ વિહારની શરૂઆત કરી.

વિહારપ્રસંગે રસ્તામાં ધોરાજી વિહાર થતાં ઉક્ત મુનિશ્રીની પવિત્રતા તથા સાર્વજનિક ધર્મોપદેશની શૈલી અસાધારણ જોઇ ત્યાંના સંઘના અગ્રેસરોએ ચાતુર્માસ નિવાસ કરવા અંતઃકરણપૂર્વક વારંવાર વિનતિ કરી પરંતુ તેજ પ્રસંગે કંડોરણા (જામ) ના સંઘની પણ હદઉપરાંત વિનતિ થવાથી જામ–કંડોરણા પધારી ત્યાં પણ તેઓશ્રીએ અલીઆબાડાની માફક એક સાહિત્ય પાઠશાળા સ્થાપવાનો ઉપદેશ આપ્યો કે જેથી ત્યાંના સંઘના ખંતીલા અગ્રેસરોએ એ વચનને વધાવી લઇ પાઠશાળા સ્થાપી. ત્યારબાદ સદ્દગુરુ પાવક મુનિશ્રી ધોરાજીના ભવ્ય જીવોનું અંતઃકરણ નહિ દુભાવવાના કારણથી અને ધર્મમાં પ્રીતિવાળા સંઘને આગળ વધવાસારૂ હાલ ત્યાં ધોરાજીમાં ચાતુર્માસ નિમિત્તે બિરાજે છે.

॥ श्रीः ॥

પૂજ્ય તપસ્વીજી અમૃતવિજયજી મહારાજજીનું

ટુંક સારરૂપ

જન્મચરિત્ર.

नरत्वं दुर्लभं लोके, विद्या तत्र सुदुर्लभा ।
कवित्वं दुर्लभं तत्र, तपस्तत्र सुदुर्लभम् ॥

भाण्डागार.

જગતમાં મનુષ્યજન્મ મેળવવો એ દુર્લભ છે, મનુષ્યજન્મમાં સદ્વિદ્યાની પ્રાપ્તિ દુર્લભ છે. વિદ્યા મેળવ્યા પછી કવિત્વશક્તિ મેળવવી એ પણ કઠિન છે અને કદાચ એ ત્રણેની પ્રાપ્તિ થઇ તોપણ તપશ્ચર્યા કરવી એ કઠિનમાં કઠિન કામ છે.

જ્યારે આપણે ઉત્તમ પ્રકારના મનુષ્યના ગુણાનુવાદથી આનંદ મેળવી આગળ વધીએ છીએ, ત્યારે સંસારનો ત્યાગ કરનાર ઉત્તમ પ્રકારના કોઇ કંચન કામિનીના ત્યાગી તપસ્વીના યશોગાનનું શ્રવણ કરી અતિ સંતોષ મેળવીએ એ અતિશયોક્તિ નથી. તેથી કષાયમુકત અને ભવભયથી દૂર રહેનાર એવા પૂજ્ય મહાત્મા તપસ્વીજી અમૃતવિજયજી મહારાજજી કે જે પૂર્વાશ્રમવિષે કાઠીઆવાડમાં બગસરાના રહીશ પ્રેમચંદભાઇના ચિરંજીવી અમૃતલાલતરીકે પ્રસિદ્ધ હતા, તેઓ દશાશ્રીમાળી વાણીઆ હતા અને દોશી કુટુંબમાં તેમની સુપ્રસિદ્ધ ગણના હતી. આ કુટુંબમાં સ્વધર્મનિષ્ઠ મહાસુશીલ પવિત્ર બેન ઝવેર બેન કે જે એમનાં માતાતરીકે સુપ્રસિદ્ધ છે, તેમણે પોતાની કુક્ષિમાંથી અમૃતલાલ (એટલે કેવળ અમૃત) ને ઉત્પન્ન કરી આ ભૂમિઉપર

ખરેખર ઉપકાર કરેલ છે કે જેના ઉપદેશ તથા તપશ્ચર્યાથી શ્રાવક તથા શ્રાવિકાઓને ઉચ્ચ સ્થાનમાં જવાને મદદ મળી છે.

સંવત ૧૯૫૭ની સાલમાં કર્મયોગે પિતાનો સ્વર્ગમાં નિવાસ થયો તે જોઇ પોતાના મનમાં ઉદ્ભવ્યું કે અહો! આ વખત દરેક જીવને આવવાનો છે તો આવા દુઃખમય સંસારમાં મારે શાવાસ્તે ફોતર્યા ખાંડવાં? કે જેનું ફળ કંઇજ નહિ. એવા ઉમદા વિચારને આધીન થઇ ફકત બાર વરસની ઉમ્મરમાં પોતે વૈરાગ્યભાવ પામી સ્થાનકવાસીમાં ગોંડલના સંઘાડામાં દેવચંદજી સ્વામી પાસે દીક્ષા લીધી અને પોતાનું નામ અમૃતલાલસ્વામી રાખ્યું હતું. એમણે આઠ વર્ષસુધી અભ્યાસની સાથે શાસ્ત્રાવલોકન કરવા માંડયું. દશવૈકાલિકસૂત્ર વાંચવાનો પ્રસંગ ઉત્પન્ન થયો અને તે સૂત્રના આઠમા અધ્યાયની એક ગાથામાં પ્રતિમામંડનની સાબીતી ભાસવા લાગી તે ઉપરથી ગુરૂજી મહારાજશ્રી દેવચંદજી સ્વામીને પૃચ્છા કરતાં તેમણે નકારમાં જવાબ આપ્યો અને કીધું કે તારી શંકા નિર્મૂળ છે પણ તેમના અંતઃકરણમાં તે ઉપરથી શંકાએ વધારે મજબૂત સ્થાન કર્યું.

તપસ્વીજી માણેકચંદ સ્વામીનો સમાગમ થતાં સદરહુ પ્રશ્ન તેમને પણ પૂછયો, તેમણે પણ મનના સમાધાનપૂર્વક જવાબ નહિ આપતાં સમજણમાં ખામી બતાવી.

કેટલીક મુદત વીત્યા પછી તપાગચ્છના સાધુ મહારાજજી બુદ્ધિસાગરનો સમાગમ થતાં તેમણે યુક્તિપ્રયુક્તિથી શાંતિપૂર્વક શાસ્ત્રના અભિપ્રાય સાથે તેમના મનનું સમાધાન કરતાં જણાવ્યું કે ભગવતીજી, રાયપ્રસેણી, જીવાભિગમ વિગેરે શાસ્ત્રમાં મૂર્ત્તિમંડનનાં અનેક પ્રમાણો છે. તેથી સદરહુ સ્વામી અમૃતલાલનું મન નિર્ણયઉપર આવી ગયું.

થોડો વખત જવા દઇ સદરહુ સ્વામી અમૃતલાલ, પંન્યાસજીશ્રી ચતુરવિજય મહારાજશ્રીના શિષ્ય ખેમાવિજયજી મહારાજજી પાસે સ્થાનકવાસીમાંથી છૂટા પડી જૈનશ્વેતાંબરમાં પાટણ શહેરમાં ઘણી ધામધૂમથી દીક્ષા લઇ અમૃતવિજયજી તરીકે પ્રસિદ્ધ થયા અને વડી દીક્ષાનો પણ પ્રસંગ તેજ શહેરમાં થયો હતો.

સદરહુ મહારાજજીએ પ્રથમ ચાતુર્માસમાં ખંતપૂર્વક પાંચ પ્રતિક્રમણ, સાધુઆવશ્યકની ક્રિયા તથા બીજી સર્વ ક્રિયા કરી અને અઠ્ઠાઇ મહોત્સવ કર્યો.

બીજું ચોમાસું પ્રાંગધ્રામાં થયું. ત્યાં ફાગણ માસમાં દશ ઉપવાસ કર્યા હતા તથા એક માસખમણ કર્યું હતું. ચાતુર્માસ પૂર્ણ થયા બાદ વિહાર કરી અમદાવાદના સંઘના અગ્રેસરો શેઠીઆના આગ્રહથી સંઘમાં સાથે રહી પાલીતાણાની યાત્રા કરી અને ફાગણ માસમાં ૧૧ ઉપવાસ કરી અશુભ કર્મનો

ક્ષય કર્યો. ત્યાંથી વિહાર કરી વેરાવળ પધાર્યા અને ત્યાંના સંઘના આગ્રહથી ત્રીજું ચોમાસું પણ ત્યાં વેરાવળજ થયું. ત્યાં ૩૫ ઉપવાસ કરી આ જન્મનું સાફલ્ય કર્યું અને તપસ્વીઓમાં અગ્રપદ ભોગવવા લાગ્યા.

વેરાવળથી વિહાર કરી ભાણવડમાં સંઘના આગ્રહથી થોડા દિવસ રહ્યા અને તે ગામમાં તપસ્વીજીએ ૧૭ ઉપવાસ કરી જનસમૂહઉપર ધર્મસંબંધી સારી છાપ બેસારી.

જામનગરની યાત્રા કરી મોરબી થઇ વઢવાણથી વિહાર કરીને ૧૯૭૧ ની સાલના ચાતુર્માસ રાણપુર (ચુડા-રાણપુર) માં કર્યા અને તે ચાતુર્માસમાં ગુરૂજીની દેખરેખ હેઠળ ૫૧ ઉપવાસ કર્યા કે જે એકાવન ઉપવાસની વાર્તા સાંભળનાર દરેક મનુષ્યો તેમની તપશ્ચર્યાના પ્રતાપથી આશ્ચર્ય પામવા લાગ્યાં.

મનુષ્યોએ તપશ્ચર્યા કેમ કરવી એ ક્રમ સદરહુ મુનિશ્રીએ પોતાના દાખલાથી સ્પષ્ટ બતાવી આપ્યો છે, તેમને પગલે ચાલવા ખાસ ભલામણ કરવામાં આવેછે.

વ્યાખ્યાનસાહિત્યસંગ્રહ ભાગ બીજામાં તપસ્વી અમૃતવિજયજીએ જે મદદ કરી છે તે ખાતે આ મંળડ તેમના ઉપકારમાં ડૂબ્યું છે.

दुर्लभं संस्कृतं वाक्यं, दुर्लभः क्षेमकृत् सुतः ।
दुर्लभा सदृशी भार्या, तपस्वी दुर्लभो जनः ॥

सुभाषितरत्नभाण्डागार.

શુદ્ધ સંસ્કારવાળી અથવા પ્રેમાળવાણી સાંભળવી દુર્લભ છે, શુભ કાર્ય કરનારો પુત્ર મેળવવો દુર્લભ છે, પોતાના ગુણસદશ સ્ત્રી મેળવવી દુર્લભ છે અને (અમૃતવિજય જેવા ઉચ્ચ કોટિના) તપસ્વી જન મળવા મહા દુર્લભ છે.

એક જરૂરની ભલામણ.

शार्दूलविक्रीडित.

भोगास्तुङ्गतरङ्गभङ्गचपलाः प्राणाः क्षणध्वंसिन–
स्तोकान्येव दिनानि यौवनसुखं स्फूर्त्तिः क्रियास्वस्थिरा ।
तत्संसारमसारमेव निखिलं बुद्ध्वा बुधा बोधका,
लोकानुग्रहपेशलेन मनसा यत्नः समाधीयताम् ॥

હે વિદ્વાન્ ઉપદેશકો ! સુખભોગો ઉંચેથી વીખાઇ પડતાં મોજાઓની પેઠે ચપળ છે, પ્રાણો ક્ષણમાત્રમાં નાશ પામનારાં છે, યુવાવસ્થાનું સુખ થોડાજ દિવસોમાટે છે અને કાર્ય કરવાની સ્ફૂર્તિ અસ્થિર છે; માટે સમગ્ર સંસારને અસારજ જાણી માત્ર લોકોનો અનુગ્રહ કરવામાં કોમળ બનેલા મનવડે યત્ન કરવા લાગો અર્થાત્ લોકોનો અનુગ્રહ કરવાનો યત્ન કરો.

શા. કસ્તુરચંદ કશળચંદ,
સાહિત્ય પ્રકાશક મંડળના પેટ્રન્ટ
જામનગર.

વિદ્યાસાગર પ્રેસ—જામનગર.

॥ ऋषभाय नमः ॥

જામનગરનિવાસી

શા. કસ્તુરચંદ કશળચંદભાઈનું

જન્મચરિત્ર.

ગુણ તથા ધર્મયુક્ત જીંદગી સફળ છે.

अनुष्टुप्.

स जीवति गुणा यस्य, धर्मो यस्य च जीवति ।
गुणधर्मविहीनो यो, निष्फलं तस्य जीवितम् ॥

सुभाषितरत्नभाण्डागार.

જે ગુણી છે તે જીવેછે, જે ધર્મનિષ્ઠ છે તે જીવેછે; પરંતુ ગુણ અને ધર્મરહિત જે પુરૂષ છે તેનું જીવતર તો કેવળ નિષ્ફળ છે.

શ્રીતીર્થંકરના ગુણાનુવાદ તથા સત્પુરૂષોના સમાગમનું વર્ણન જેમ નિ-ષ્ફળ નથી એટલે અવશ્ય આપણને તેમાંથી અપૂર્વ લાભ મળેછે તેજ પ્રમાણે ઉચ્ચ કક્ષાને ભોગવતા સંસારી પણ સાધુવર્તનવાળા ભવ્યજીવનું જો ગુણાનુ-વાદ કર્યો હોય તો પૂર્વવત્ અપૂર્વ લાભ મેળવી શકાયછે. એ સિદ્ધાંતને અનુસરી ખુશબોદાર કસ્તુરીની સુગંધ ભવ્યજીવોને અર્પણ કરવા તથા ભવ્યજીવો થવા કસ્તુરીમૃગની માફક ધર્મરૂપી કસ્તુરીને સ્વનિવાસમાં તથા અન્ય સ્થાને ફેલાવતા શા. કસ્તુરચંદ કશળચંદની જીંદગીનો બોધદાયક ચરિત્રરૂપી પ્રદીપ-પ્રકાશનું વર્ણન કરવામાં આવેછે.

સ્થિતિ તથા કુટુંબવર્ણન.

શા. કસ્તુરચંદના પૂજ્ય પિતા કશળચંદ મોણશી ગરીબ સ્થિતિના અને ઉચ્ચ વિચારના હતા. તેમની ધર્મપત્ની પાંચી બેન કે જે સરળ સ્વભાવનાં તથા અર્હતભગવાનનાં પૂર્ણ ભક્ત છે. તે ઉત્તમ પુત્રરૂપી રત્નની ઉત્પત્તિનું સ્થાન ગણાયું. કારણકે :—

દોહો.

જનની જણ તો ભક્ત જન, કાં દાતા કાં શૂર;
નહિતર રહેજે વાંઝણી, નહિ ગુમાવીશ નૂર.

આ પદ્યને શા. કસ્તુરચંદે સારીરીતે માનથી વધાવી પોતાના હૃદયમાં ભૂષણરૂપે શોભાવેલ છે.

ઉક્ત શેઠના પિતા ભાઈ કશળચંદ શાહ જામનગરમાં હીરા મુળજીની દુકાનમાં વાર્ષિક રૂા. ૭૫) થી પોતાના કુટુંબનું પોષણ કરતા પણ તે સમયમાં હાલની માફક મોંઘાવારી નહિ હોવાથી કુટુંબપોષણની મુશ્કેલી નડતી નહિ.

શા. કશળચંદના વડીલ બંધુ મુળજીએ શા. કશળચંદને એક તો પોતાની સારી સ્થિતિ તથા અતિ ગાઢ ભ્રાતૃસ્નેહને લીધે યોગ્ય પ્રસંગે વારંવાર મદદ કરેલી છે.

શા. કશળચંદને ઘેર સંવત ૧૯૦૯ ની સાલમાં જેઠ સુદિ ૨ ને બુધવારને રોજ પુત્રરત્ન પ્રાપ્ત થયું કે જેમનું નામ જ્યોતિષ્શાસ્ત્રને આધારે કસ્તુરચંદ પાડવામાં આવ્યું. જેમ પૂર્વ દિશામાં સૂર્ય ઉદય થઇ અંધકારનો નાશ કરી પ્રકાશ કરેછે તેમ આ પુત્રે પોતાના કુટુંબમાં સ્વજન્મથી પ્રકાશ પ્રગટ કરી કુટુંબની દરિદ્રતારૂપી અંધકારનો નાશ કર્યો.

શા. કસ્તુરચંદ નિશાળમાં કામ ચલાઉ અભ્યાસ કરી નાની ઉમ્મરમાં પોતાનું ચાન્સ ખીલવવામાટે કાકાના પુત્ર ભાઇ કેશવજી મુળજીની સાથે ૧૯૨૨ માં મુંબઇ ગયા અને ત્યાં પ્રાગજી મુળચંદની દુકાનમાં છ માસસુધી ઉમેદવારી કરી. ત્યારબાદ પોતાની ઉત્તમ પ્રકારની ચાલાકીને લીધે તે શેઠ તેજ દુકાનમાં વાર્ષિક રૂ. ૧૦૦) થી વિશ્વાસુ કામમાં જોડાયા. બીજા વર્ષમાં પણ આજ દુકાનમાં વાર્ષિક રૂ. ૧૫૦) મળવા લાગ્યા.

સદ્વર્તનની સાથે વ્યવહારિક કુશળતાનું ફળ.

શા. કસ્તુરચંદ ઉપરની દુકાનમાંથી મુક્ત થઇ એક જૂદી દુકાનમાં જોડાયા કે જેમાં પોતાનો વાર્ષિક પગાર રૂ. ૨૦૦) થી યોજાયો અને તે દુકાનમાં આઠ વર્ષ પોતે કામ કર્યું કે જેને અંગે દર વર્ષે પગાર વધતો વધતો વાર્ષિક રૂ. ૫૦૦) નો થયો. આવી પોતાની ચઢતી સ્થિતિમાં ૧૯૨૫ ની સાલમાં સુશીલ બેન પ્રેમનાં લગ્ન ઘણી ધામધૂમથી કર્યાં

સંવત ૧૯૩૦ માં ઘોળના રહીશ શા. પાનાચંદ મકનજીની પુત્રી સદ્દગુણસંપન્ન બેન લાછુની સાથે પોતાનું લગ્ન થયું. તે ધર્મપત્નીના ઉમદા સ્વભાવથી તથા તેમની ધર્મલાગણીથી પોતે શાંતિની સાથે ધર્મધ્યાનમાં આગળ વધવા લાગ્યા. લગ્ન થયા બાદ ત્રીજે વર્ષે એટલે ૧૯૩૩ ની સાલમાં સહકુટુંબ પોતે મુંબઈ રહેવા લાગ્યા.

પોતાને વેપારી લાઇનની સારી સમજણ પડવાથી શા. વાડીલાલ સાકળચંદની કંપનીમાં ૧૯૩૦ થી ૧૯૩૪ સુધી તેઓના આગ્રહથી પોતે જોડાયા અને તેથી દર વર્ષે પોતાને રૂપીઆ ૬૦૦ મળવા લાગ્યા.

ત્યારબાદ પોતાની કાર્યદક્ષતાને લીધે એક મીલના દુકાનદાર કાશીદાસ લીલાધરની કંપનીમાં વાર્ષિક રૂપીઆ ૯૦૦ થી સેલમેનતરીકે ગોઠવાયા.

સદરહુ શેઠજી પોતાના પૂર્વજન્મના બળથી બુદ્ધિમાં આગળજ વધવા લાગ્યા કે જે બળને લીધે ૧૯૩૮ માં શેઠ ડાહ્યાભાઈ વાડીલાલ સાકળચંદની કંપનીમાં પોતાનો ચાર આનાનો ભાગ થયો અને ૧૯૪૦ માં તેનો હિસાબ કરતાં ત્રણ વર્ષમાં પોતાને ભાગે રૂ. (૧૧૦૦૦) અગીઆર હજાર આવ્યા એ ધર્મનું પરિણામ હોય એમ પોતે નિરહંકારે માનવા લાગ્યા. કારણકે કોઇ ઉચ્ચ સ્થિતિ ધર્મવિના મળવી દુર્લભ છે.

સંવત ૧૯૩૭ માં બેન નાથી બેનનાં તથા ૧૯૩૯ માં બેન સંતોકનાં શુભ લગ્ન કરી પોતાની યોગ્ય ફરજ બજાવી હતી, પણ પ્રારબ્ધની ગહન ગતિને લીધે બેન નાથી બેન ૧૯૩૮ માં વિધવા થવાથી પોતાનું મન ગ્લાનિમાં પડી ગયું. સદરહુ બેન નાથીએ ઘણી તપશ્ચર્યા કર્યા બાદ છેવટે પોતાનું ભવિષ્ય સુધારવા જામનગરમાં ૧૯૫૨ માં દીક્ષા લઇ પોતાનો જન્મ સફળ કરી કુટુંબને સંતોષ આપ્યો.

શેઠજીની પૂર્ણ વેપારી લાઇનની કુશળતાને લીધે ચુનીલાલ સાકળચંદે ૧૯૪૧ ની સાલમાં ચાલતી કંપનીમાંથી છૂટા પાડી પોતાની કંપનીમાં અગત્યના કામમાં તેમને નિમિ દીધા અને કંપનીમાં ત્રણ વર્ષ કામ કરવાથી પોતાને રૂ. (૬૦૦૦) છ હજાર મળ્યા.

૧૯૪૨ માં શેઠજીએ ભાઇ ઘેલાનાં તથા ૧૯૪૭ માં ભાઇ જેઠાલાલનાં શુભ લગ્ન ઘણા મહોત્સવથી કરી કુટુંબને સારી રીતે સંતોષ પમાડ્યો. ભાઇ જેઠાલાલનાં લગ્ન કર્યા પહેલાં ૧૯૪૨ ની સાલમાં રૂ. ૧૦૦૦ નાં ઘર વેચાથી લીધાં.

સદરહુ કસ્તુરભાઇ ચુનીલાલ સાકળચંદની કંપનીમાંથી છૂટા પડી પાલણપુરના દીવાન મંગળજી મહેતા તરફથી વાડીલાલ હાથી

ભાઇની કપડની દુકાનમાં જોઇંટ થયા અને ૧૯૫૨ ની સાલમાં એટલે સાત વર્ષનો હિસાબ કરતાં પોતાને ભાગે રૂપીઆ ૧૦૦૦૦ દશ હજાર આવ્યા.

પોતાને કંઇ સંતાન નહિ થવાથી ૧૯૪૫ માં શા. પાનાચંદ જેત્સીની પુત્રી સુશીલ બેન રળીયાતની સાથે તેમણે લગ્ન કર્યા. ૧૯૫૧ માં તે ધર્મપત્નીને સીમંત આવવાથી જ્ઞાતિને ઘટતો સારો ખર્ચ કર્યો પણ પ્રસૂતિસમયે તેમનાં ધર્મપત્ની ગુજરી ગયાં કે જેનો અફશોસ આખા કુટુંબમાં છવાઇ રહ્યો.

૧૯૪૯ માં પોતાના બંધુવર્ગને ધંધે લગાડવાસારૂ ઘેલાભાઇ એન્ડ ઝવેરચંદ કંપની કાઢી ને તેમાં સારી દેખરેખ રહે તેવા હેતુથી પોતાનો ખાનગી ભાગ રાખ્યો કે જેની આવક વાર્ષિક રૂપીઆ ૧૦૦૦ પોતાને થવા લાગી. ૧૯૫૨ માં કંપનીનો ભાગીદાર ગુજરી જતાં સદરહુ ભાગીદારનો ભાગ બંધ થયો.

૧૯૫૩ માં જેઠાલાલ કશળચંદના નામની કપડની દુકાન કરી, તેમાં વાર્ષિક રૂપીઆ ૨૦૦૦ મળવા લાગ્યા ને તેમાં ૧૯૬૫ સુધી પોતાનો ભાગ ચાલુ રાખ્યો.

૧૯૫૩ ની સાલમાં સદરહુ શેઠે ધી લાર્ડ રેમીલની દુકાનમાં વાર્ષિક રૂપીઆ ૧૫૦૦ થી સેલમેન તરીકે ત્રણ વર્ષસુધી કામ કર્યું.

૧૯૫૬ ની સાલમાં ૩૦૦૦ રૂપીઆ ખર્ચી તે શેઠે નવાં ઘર બનાવ્યાં.

૧૯૫૭ ની સાલમાં શેઠે ઠકર જૂઠા કાનજીની કંપનીમાં ૧૯૫૯ સુધી ત્રણ વર્ષ રહી રૂપીઆ ૫૦૦૦ મેળવ્યા.

૧૯૬૬ થી જેઠાલાલભાઇની દુકાનમાં જે પોતાનો ભાગ હતો તે ભાઇને સારો લાભ મળે તેમાટે પોતાનો ભાગ બંધ કર્યો અને તેની લગામ ભાઇ જેઠાલાલ અને પોતાના ભાણેજ વલ્લભદાસ નથુને સોંપી તે ઉપરથી જેઠાલાલભાઇએ સદરહુ શેઠજી કસ્તુરભાઇને વાર્ષિક રૂપીઆ ૧૨૦૦ બારસો આપવા કબુલાત આપી છે.

૧૯૬૦ પછી શેઠજી કસ્તુરભાઇ પ્રભુભજન કરવા અને શાંતિ લેવા જામનગરમાં રહેવા લાગ્યા છે.

ધર્મશ્રદ્ધા.

મુક્તિપુરીમાં જવામાટે ધર્મરૂપી પગથીઆની ૨૮૮૪૧ રૂપીઆ ખર્ચીને બાંધેલ નીસરણી.*

૧૯૧૯ માં જામનગરવાળા ઝવેરી વીરચંદ ખીમજી પોતાના (શા. કસ્તુરચંદભાઇના) નિકટના સંબંધી હતા ને તેમણે જામનગરથી સિદ્ધક્ષેત્ર તથા ગીરનારની યાત્રામાટે સંઘ કાઢયો તેમાં પોતાના પિતાને યાત્રામાટે નિમંત્રણ થતાં પોતે તથા ભાઇ કરશન બેઉ જણે પોતાના પિતાસાથે બિનખર્ચે બે માસસુધી યાત્રા કરી.

૧૯૪૪ માં પોતાની સ્થિતિ ઘણી પ્રશંસનીય હોવાથી સહકુટુંબ મુંબઇથી નીકળી ભોયણી તથા પાલીતાણાની યાત્રા કરી રૂ. ૨૦૦) ખર્ચ્યા.

૧૯૪૬ માં મુંબઇમાં પૂજ્ય મુનિશ્રી મોહનલાલજીનો સમાગમ થતાં તેમની શુભ પ્રેરણાથી ધર્મકાર્યોમાં આગળ વધવા લાગ્યા અને કેટલીક ખાસ બાધા લીધી.

૧૯૪૭ માં પોતાના તીર્થસ્વરૂપ માતાપિતા પોતાના વતનમાંથી નીકળી મુંબઇ આવ્યાં, તેથી પોતે ઘણા હર્ષિત થઇ માતાપિતાની શ્રવણની માફક સેવા કરવા લાગ્યા અને જ્યારે માતાપિતાએ ચોથું વ્રત ઓચર્યું ત્યારે પોતે તે પ્રસંગે પ્રભાવનાની સાથે ભાયખાળાને દેરાસર પૂજા ભણાવી અને ત્યાંની ધર્મશાળામાં અઠદીઆ લાડુનું સ્વામીવાત્સલ્ય કર્યું, રૂ. ૪૦૦ ખર્ચ્યા.

૧૯૫૨ માં કાર્ત્તિક માસમાં કસ્તુરભાઇએ એવું પચ્ચખાણ લીધું કે જીંદગીપર્યંત સિદ્ધગીરિ જવું, ઘર તથા ઘરેણાં તેમજ રોકડ મળી (૨૦૦૦૦) વીશ હજાર રૂપીઆથી વધારે રકમ નહિ રાખવાનો પરિગ્રહ કર્યો. તેમજ બાર વ્રત પણ સ્થૂલથી લીધાં હતાં.

આ સાલના ચૈત્ર માસમાં અનેક ગુણસંપન્ન સુશીલ પૂજ્ય માતુશ્રી પાંચી બેન પાલીતાણે નવાણું યાત્રા કરતાં હતાં, તે દરમ્યાન સદરહુ શેઠ પાલીતાણે જઇ પૂજા ભણાવી તથા સ્વામીવાત્સલ્ય કર્યું. રૂ. ૩૦૦ ખર્ચ્યા. સિદ્ધગીરિમાં હજુ પણ યાત્રાપ્રસંગે જતાં તે પ્રસંગોપાત સ્વામી વત્સલ કરછે. ત્યારથી આરંભીને દર વર્ષે શુભ ખાતામાં રૂ. ૫૦૦ વાપર્યા કરેછે.

---

* શા. કસ્તુરચંદભાઇએ ૨૮૮૪૧ થી ઉપરાંત રૂપીઆ શુભ માર્ગે ખર્ચ્યા છે.

૧૯૫૩ માં શેઠ રતનશી મોનજી સાથે સહકુટુંબ ગીરનાર, ભોયણી, તારંગાજી, આબુ વિગેરેની યાત્રા કરી બે માસના દિવસનો સદુપયોગ કરી રૂ. ૫૦૦ ખર્ચ્યા.

૧૯૫૪ માં સિદ્ધપુર–પાટણમાં પંન્યાસજી મોહનવિજયજીએ જ્યારે નિધાનશ્રીને (કે જે પોતાના સગાં બેન થાયછે અને જેનું નામ સંસારપક્ષમાં નાથીબેનતરીકે પ્રસિદ્ધ હતું તેને) વડી દીક્ષા આપી ત્યારે શેઠજી સહકુટુંબ ત્યાં પધારી શ્રીફલની પ્રભાવના કરી અને ચોથા વ્રતની ટોળીનાં મનુષ્યો ૨૫૦ નું સ્વામીવત્સલ કરી રૂ. ૪૦૦ ખર્ચ્યા.

આ પ્રસંગે સદરહુ શેઠજીએ મુનિશ્રી મોહનલાલજી પાસેથી ભાવ આલવણા લઇ પોતાના જન્મનું સાર્થક કરવા લાગ્યા.

૧૯૫૬ માં પોતાના માતા કે જેમનું નામ પાંચી બેન છે તેમણે વીશસ્થાનક વિગેરે વ્રતો કર્યા છે અને વર્ષીતપ કરેલ તેમાં પીતળની કુંડી તથા સાકરનું લાણું કર્યું. તેમજ જામનગરની આસપાસના ગામડાઓના ઓશવાળોને પણ તે લાણું આપવામાં આવ્યું હતું. તેમાં રૂ. ૫૦૦ ખર્ચ્યા.

ભાવનગરવાળા શેઠ બેચરદાસ ભગવાનદાસ કે જે ઘણા પ્રમાણિક તથા ધર્મનિષ્ઠ હતા તેમની સાથે સહકુટુંબ સમેતશિખરની યાત્રા કરવા ગયા તેમાં નીચે મુજબ વચ્ચે આવતી યાત્રાઓ કરવા લાગ્યા—

જેમકે અંતરિક પાર્શ્વનાથ, કાશી, અયોધ્યા, હસ્તિનાપુર, રાજગીરિનગરી, કલકત્તા, મુર્શીદાબાદ, ભોયણી તથા પાલીતાણાની યાત્રા કરી કે જેમાં લગભગ ચાર માસ થયા અને તેમાં રૂ. ૫૦૦ ખર્ચ્યા.

૧૯૪૮ થી ૧૯૫૮ સુધી અષ્ટમીનો તપ કર્યો અને તેનું ઉદ્યાપન દાદાવાડીમાં મુનિ સુવ્રતના દેરાસર પાસે ચોકમાં મંડપ રોપીને કર્યું તે પ્રસંગે માતાપિતા તથા પત્નીના તરફથી એકેક છોડ મેલ્યો હતો અને સ્વામીવત્સલ કર્યું તેમજ ત્રણ ગચ્છ કર્યા તેસંબંધી રૂ ૪૦૦૦ ખર્ચ્યા.

૧૯૫૯ માં હરજીવન મુલજી વિગેરેની સાથે સહકુટુંબ રતલામ થઇ કેશરીઆજીની યાત્રા કરી. વળતી વખતે અજમેર, ઉજેણ, મક્ષીજી, આબુજી, મારવાડમાં પંચતીર્થી તથા રાણકપુરજી વિગેરેની દોઢ માસસુધી યાત્રા કરી રૂ. ૫૦૦ પાંચસોનું ખર્ચ કરી મુંબઇમાં ગયા અને ૧૯૪૦ થી ૧૯૫૯ સુધી મુંબઇમાં નગરીઆના નામથી પ્રસિદ્ધ એવા શ્રીનેમીનાથના દેરાસરની દેખરેખ તથા ધર્માદાના ખરડામાં બહુ સારી મદદ કરતા.

આ સાલમાં જ્યારે સિદ્ધક્ષેત્રમાં યાત્રા નિમિત્તે ગયા ત્યારે ડુંગરઉપર વાઘણપોળમાં કુમારપાળ રાજાના દેરાસરની જોડમાં જામનગરવાળા શેઠ રાયસીશાહ કૃત શાંતિનાથ મહારાજનું દેરાસર રૂ. ૨૩૦૦ થી સમરાવામાં આરસપહાણ ઢળાવ્યા તથા ચિત્રકામ કરાવ્યું ને તે દેરાસરમાં શિલાલેખ નાખવામાં આવ્યો છે.

૧૩૦૦ કસ્તુરચંદ કુશળચંદ.
૧૦૦૦ સ્વર્ગસ્થ ઘેલાભાઇ કશળચંદ હા. તેના વિધવા બેન જડાવ.

૨૩૦૦

૧૯૬૧ માં જામનગરથી ગિરનારજી તથા સિદ્ધક્ષેત્રની યાત્રામાટે સંઘ કાઢવાથી સદરહુ શેઠજી તથા ગલાલચંદ ખીમજી બેઉ મિત્રોએ ચાર ચાર હજાર રૂપીઆ શેઠ પ્રેમચંદ કેશવજીને ઉઘડ આપ્યા અને આ સંઘમાં કુલ માણસો ૧૫૦૦ થયાં હતાં તેમાં સદરહુ શેઠજીનાં સગાંવહાલાંનું ખર્ચ શેઠજી ઉપર હતું એટલે તેમાં બે હજાર રૂપીઆ ખર્ચ્યા તેમજ ગલાલચંદ ખીમજીભાઇએ પોતાના સગાંનું ખર્ચ પોતાઉપર રાખ્યું હતું.

આ સંઘમાં મુનિશ્રી કેશરવિજયજી તથા મોતીવિજયજી તથા જામનગરવાળા મુનિશ્રી વિનયવિજયજી વિગેરે તેમજ સાધ્વીઓ મળી ૩૦ ઠાણાં સંઘમાં શોભારૂપે હતાં.

આવા પૂજનીય મુનિશ્રીઓના પ્રતાપથી વીરપુરના રાજા તથા ગોંડલના રાજા સાહેબ રાણી સાથે દર્શનનો લાભ લેવા પધાર્યા હતા. તેમજ આ સંઘ એટલો બધો પૂજનીય થઇ પડયો કે જુનાગઢ સ્ટેટના નવાબ સાહેબતરફથી પણ સંઘને જમાડવામાં આવ્યો હતો.

આ સંઘનિમિત્તે કુલ ખર્ચ (૨૦૦૦૦) વીશ હજાર રૂપીઆથી વધારે થયો હતો.

આવા શુભ પ્રસંગે પંન્યાસજી કેશરવિજયજીના ઉપદેશથી સદરહુ શેઠ કસ્તુરભાઇએ વડાળના ઉપાશ્રયમાટે રૂા. ૨૦૦ બસો આપી પોતાની ધર્મકાર્યની ફરજ અદા કરી.

૧૯૬૨ માં શેઠજી ભાવનગરની જૈનધર્મપ્રસારકસભાના લાઇફ મેંબર રૂા. ૫૧ આપીને થયા.

૧૯૬૪ માં શા. કસ્તુરભાઇનાં માતુશ્રીએ શ્રીસિદ્ધગિરિમાં ચોમાસું રંભાબેનની સાથે કર્યું અને તે પ્રસંગે શેઠજી પાલીતાણે ગયા ત્યાં મુનિશ્રી હંસવિજયજીના શિષ્ય પંન્યાસજી સંપતવિજયજી તથા મુનિ મોહનલાલજીના શિષ્ય હરખ મુનિ પંન્યાસજી પાસે જે શ્રાવક તથા શ્રાવિકાનો વર્ગ ઉપધાન કરતો હતો તે વર્ગને મુનિશ્રીના ઉપદેશથી શેઠજીએ સ્વામીવત્સલ કર્યું. તેમાં રૂા. ૭૦૦ ખર્ચ્યા અને વાગડમાં ચિંતામણિ પાર્શ્વનાથના જીર્ણોદ્ધારની મદદમાં રૂા. ૧૦૦ આપ્યા અને સિદ્ધગિરિમાં દાદાને ફુલ તથા ધૂપસંબંધી રૂા. ૧૨૫ આપ્યા.

આજ સાલમાં મુનિશ્રી માણેકવિજયજીના ઉપદેશથી શેઠજીએ શ્રાવણ માસમાં ચોથા વ્રતનું પચ્ચખાણ પત્નીસહિત કર્યું તે પ્રસંગે સ્ત્રી તથા પુરૂષો કુલ મળી ૨૦ જણાઓએ ચોથા વ્રતનું પચ્ચખાણ લીધું, તેમાં પુરૂષોને ખીનખાપના બટવા અને સ્ત્રીઓને ખીનખાપની કોથળીઓ આપી હતી.

તેમજ તે વખતે શેઠજીએ વિશસ્થાનકનું તપ પણ કર્યું હતું તેમાં સ્ત્રી તથા પુરૂષો મળી કુલ ૫૦ માણસોની સંખ્યા હતી. તે તપ પ્રસંગે શેઠજીએ ચાર વખત સ્વામીવત્સલ કર્યું હતું. આ ઉત્સવ નિમિત્તે જૈનશાળાથી દાદાવાડીમાં જતાં ઍંડવાજાં વિગેરે સાથે હતાં ને એ શુભ દર્શનની ખાતર સંઘના માણસો આશરે ૧૨૦૦ હતાં તે સર્વેને સદરહુ શેઠજીએ શ્રીફળની પ્રભાવના કરી રૂ. ૪૦૦ ખર્ચ્યા.

૧૯૬૫ માં જામનગરમાં ખરતર ગચ્છના ઉપાશ્રયમાં જ્ઞાનશાળા બંધાવવામાં રૂ. (૫૦૦૦) પાંચ હજારની મદદ આપી અને તેમાં સદ્દગૃહસ્થોએ શેઠજીના કુટુંબ વિગેરેના નામનો શિલાલેખ નાખ્યો.

૧૯૬૬ માં ધ્રોલ ગામમાં ઉપાશ્રયની ઘણી મુશ્કેલી હોવાથી શેઠજીએ ત્યાંના સંઘને રૂ. ૨૭૦૦ આપી ઉપાશ્રય બંધાવી પોતાના ધનનો સદુપયોગ કર્યો અને ત્યાં ધ્રોળના સંઘે તે શેઠજી તથા શેઠજીના કુટુંબનો શિલાલેખ જોડયો છે તથા જામનગરમાં જ્ઞાનશાળામાં કૃપાચંદ્રજી ૧૧ થાણાની સાથે બિરાજતા હતા તેમના ચાતુર્માસ પૂર્ણ થયા પછી માર્ગશીર્ષ માસમાં ઉપધાન કરી રૂ. ૫૦૦ વાપર્યા.

૧૯૬૧ થી ૧૯૬૬ એટલે વરસ પાંચસુધી શેઠજીએ દર વર્ષે રૂ. ૬૦ લેખે રૂ. ૩૦૦ સિદ્ધક્ષેત્રના બાલાશ્રમમાં શુભ માર્ગે વાપર્યા.

૧૯૬૭ ના અષાઢ માસમાં શેઠજીએ સિદ્ધગિરિમાં જઇ ચોમાસું કર્યું ત્યાં પ્રભાવના, સ્વામીવત્સલ તથા જિનભક્તિ વિગેરે કરી રૂપીઆ ૧૦૦૦ શુભ માર્ગે ખર્ચ્યા.

૧૯૬૮ માં શેઠજીએ વિધિવિધાનની રીતે નવ્વાણું યાત્રા તથા એકાસનાનું તપ કરી પ્રભાવના અને સ્વામીવત્સલ તેમજ જિનભક્તિ વિગેરે કરી.

મુનિશ્રી કપૂરવિજયજીના ઉપદેશથી નવાણું યાત્રાનાં પુસ્તકો ૨૫૦૦ તથા શ્રાવક કલ્પતરૂનાં પુસ્તકો ૫૦૦ છપાવ્યાં અને તે પુસ્તકો સિદ્ધગિરિમાં તથા જામનગર વિગેરેમાં શ્રાવક તથા શ્રાવિકાઓને ભેટતરીકે મોકલી આપ્યાં તથા તે સિવાય ત્યાં પાલીતાણામાં સાધુ તથા સાધ્વીઓને બીજાં જોઇતાં પુસ્તકો બહાર ગામથી મગાવી વહોરાવ્યાં અને તેમાં રૂપીઆ ૧૦૦૦ ખર્ચ્યા.

ભાવનગરમાં આત્માનંદસભામાંથી નીકળતા આત્માનંદપ્રકાશ માસિકના મેંબર પણ થયા છે.

જામનગરમાં આ સાલથી સંઘના અગ્રેસરોએ ધર્મનાથના દેરાસરના વહીવટનું કામકાજ આ શેઠજીને સોંપ્યું છે.

૧૯૬૯ માં મુનિશ્રી કૃપાચંદજીના ઉપદેશથી શેઠજીએ પાલીતાણામાં પાંત્રીસું કર્યું અને તે નિમિત્તે રૂા. ૧૦૦ વાપર્યા.

૧૯૭૦ માં શેઠજીએ નવ પદ ઓળીના તપનું ઉદ્યાપન કર્યું તે નિમિત્તે પ્રભાવના, સ્વામીવત્સલ, તેની સાથે પાંચમના તપનો એક છોડ તથા મૌન એકાદશીના તપનો એક છોડ તથા વિશસ્થાનકના તપના બે છોડ તેમજ સ્વપત્નીતરફથી વિશસ્થાનકનો એક છોડ મેલવામાં આવ્યો હતો તથા અઠ્ઠાઇ મહોત્સવ કરી તેમજ ત્રણ ગચ્છ કરી રૂપીઆ (૩૦૦૦) ત્રણ હજારનો સન્માર્ગે વ્યય કર્યો.

૧૯૭૧ માં ચાતુર્માસમાં પૂજ્ય ઉપાધ્યાય વીરવિજયજી મહારાજજીના શિષ્ય સાહિત્યપ્રેમી વિનયવિજયજી મહારાજજીના સહેજ ઉપદેશથી શેઠજીએ વ્યાખ્યાન સાહિત્યસંગ્રહ ભાગ બીજો છપાવવામાટે રૂા. ૪૦૦ ની મદદ આપી, તે ઉપરથી ગ્રંથ છપાવવાનું કામ શરૂ થઇ ગયું.

સદરહુ શેઠજી કસ્તુરભાઇએ જામનગરમાં સાહિત્યપ્રકાશક મંડળની સ્થાપના કરી અને આ મંડળનું કાર્ય સંતોષ કારક રીતે ચાલે તેટલા કારણથી સદ્‌ગૃહસ્થોના આગ્રહથી આ મંડળના પ્રમુખ તથા ટ્રેઝર બની ઉક્ત પૂજ્ય મુનિશ્રી વિનયવિજયજીનાં પુસ્તકોની જામનગરમાં મંડળની સાથે પુસ્તકાલયની ગોઠવણ કરી અને પોતાની જીંદગીને સોનેરી રેખાથી આંકીને ભવિષ્ય જન્મની સફળતામાટે પોતાની પૂજ્ય માતાની સેવાનો લાભ લેતા સહકુટુંબ વર્તમાનકાળમાં જામનગરના અલંકારરૂપે જામનગરમાં ધર્મધ્યાનમાં આગળ વધવા તેમજ કુટુંબ તથા પરિચયવાળા માણસોને અને મિત્ર મંડળને સારો ધાર્મિક દાખલો બેસારવા પોતે બિરાજે છે.

૧૯૭૨ માં સહકુટુંબ ભોયણી, પાટણ, રાંધનપુર, શંખેશ્વરજી, પાનસર, અમદાવાદ તથા ફાગણ માસમાં પાલીતાણાની યાત્રા કરી રૂા. ૫૦૦ શુભ માર્ગે વાપરી અદ્યાપિ સાધુ તથા સાધ્વીઓને યથાશક્તિ જોઇતી વસ્તુઓ વહોરાવી તેમની સેવાનો સારો લાભ લેછે.

૧૯૫૦ ની સાલથી આરંભીને હજુ પણ દરેક ચૌદશ તથા પર્વણિના પોષા કર્યા કરે છે. તેમજ પ્રાતઃકાળમાં વ્યાખ્યાનમાં જાયછે તથા એક વખત પરિક્રમણું કરે છે અને તેમાંથી બચતા વખતમાં ધર્મશાસ્ત્ર વાંચે છે.

મનુષ્યનો ઘણો ભાગ સંતાન નહિ હોવાથી અફસોસ કર્યા કરે છે પણ આ શેઠજીએ તો પ્રભુભજનમાં સ્નાન કરવાથી શીતલ અંતઃકરણવાળા થઇ પરોપકાર તથા ધર્મજ સાધવો એ મુખ્ય નિશાન રાખ્યું છે કે જેથી તેમના શુદ્ધ અંતઃકરણમાં ક્યારે પણ સંસારી પુત્રની અસત્ય વાસના ઉઠતીજ નથી. એ ઉપરથી સિદ્ધ થાય છે કે આવું નિર્મળ અંતઃકરણ સચ્છાસ્ત્રનું શ્રવણ કે સાધુના સમાગમવિના રહી શકે નહિ.

જગત્માં ત્રણ વસ્તુ બીજાની મદદવિના પોતાની મેળે સર્વવ્યાપક થાયછે.

वसन्ततिलका.

वार्ता च कौतुककरी विमला च विद्या, लोकोत्तरः परिमलश्च कुरङ्गनाभौ ।
तैलस्य बिन्दुरिव वारिणि दुर्निवारमेतत्त्रयं प्रसरति स्वयमेव भूमौ ॥

सुभाषितरत्नभाण्डागार.

આશ્ચર્ય ઉત્પન્ન કરનારી વાર્તા, શુદ્ધમાં શુદ્ધ વિદ્યા, કસ્તુરીની અલૌકિક સુગંધ (શા. કસ્તુરચંદનો કસ્તુરીની સુગંધતુલ્ય યશ) આ ત્રણ વસ્તુ પાણીમાં પડેલ તેલના બિંદુની માફક પૃથ્વીઉપર વગર અટકાવે પોતાની મેળેજ પ્રસરે છે.

આ શ્લોકથી સિદ્ધ થાય છે કે આ લેખ અતિશયોક્તિવાળો કે અસ્થાને ગણાશે નહિ એમ આ લેખક મંડળનું માનવું છે.

પ્રકાશક.

॥ श्रीवीराय वीतरागाय नमः ॥

ઉપોદ્ઘાતની પૂરવણી.

*જામનગરનિવાસી માનવંતા શેઠ સાહેબજી કચરા મુળજીભાઇના સુશીલ વિધવા ધર્મપત્ની અને ધર્મશ્રદ્ધાળુ બેન ચંચળ બેને આ ગ્રંથની ૨૫ પ્રતનાં ગ્રાહક થઇ ફક્ત એકજ પ્રત પોતાપાસે રાખી બાકીના ૨૪ પ્રતિઓ આ મંડળને અર્પણ કરી શેઠજીની ગેરહાજરી ધર્મનિષ્ઠ બેન ચંચળે જણાવા દીધી નથી, તેથી આ મંડળના ધારાધોરણ પ્રમાણે સદરહુ માનવંતા શેઠજીને ઉપકારની સાથે લાઇફ મેંબર ગણેલ છે. આ બેનની ઉદારતાને લીધે તેમને વારંવાર ધન્યવાદ આપવામાં આવેછે એટલુંજ નહિ પણ સ્વર્ગસ્થ કચરા-ભાઇનો ઉચ્ચ આત્મા સ્વર્ગમાં વિશેષ શાંતિ ભોગવે એમ અંતઃકરણપૂર્વક આશીર્વાદ આપેછે.

પ્રકાશક.

---

* ઉપોદ્ઘાતના ૯ મા પાનામાં પાંચમા પારિગ્રાફ પછી લખવાની બાબત દષ્ટિ-દોષથી રહી જવાને લીધે અહીં ઉમેરેલ છે.

પ્રથમ વિભાગ કરતાં આ વિભાગમાં આવેલા શ્લોકોસંબંધી વિશેષ વૃત્તનાં લક્ષણોની અનુક્રમણિકા*

વૃત્ત.						પત્ર.
पादाकुलक	....	....	....	....	....	૧૫૯
मात्राकुलक	....	....	....	....	....	૩૮૭
शालिनी	....	....	....	....	....	૪૦૨

વિશેષ સૂચન—પૃષ્ઠ ૧૯૭ ઉપર પૃથ્વીવૃત્ત આવેલ છે તેનું લક્ષણ તે સ્થળે આપવું રહી જવાથી અહીં લખવામાં આવેછે કે જગણ, સગણ, જગણ, સગણ, યગણ અને એક લઘુ અક્ષર તથા છેવટ એક ગુરૂ એમ ૧૭ અક્ષર આવવાથી પૃથ્વીછંદનું એક ચરણ પૂર્ણ થાયછે.

* આ ત્રણ વૃત્ત સિવાય બીજાં વૃત્તો જોવાની જરૂર પડે તો પહેલા ભાગના અધિકારસંબંધી સાંકળીઆની પહેલાં પહેલાં પત્ર ૩૬ માં જુઓ.

ગ્રંથના પરિચ્છેદના અધિકાર (વિષય) ની અનુક્રમણિકા.

નંબર.	અધિકાર	પૃષ્ઠ
	સપ્તમ પરિચ્છેદ.	
૧	શ્રીમંગલ	૨
૨	દેવસ્તુતિ	૪
૩	સમ્યકત્વ	૧૫
૪	સમ્કત્વસ્વરૂપ ૬૭ બોલઆશ્રય ...	૩૫
૫	ચારિત્રવર્ણન ...	૪૦
૬	ચારિત્ર સુખ... ...	૫૦
૭	ચારિત્રદુઃખ... ...	૫૯
૮	પ્રમાદત્યાગ	૬૬
૯	દિગ્વ્રત	૬૯
૧૦	વિતૃષ્ણમાંસાશન દૂષણાભાવ-ખંડન	૭૦
૧૧	ભોગોપભોગવ્રત ...	૭૧
૧૨	અનર્થદંડ વ્રત ...	૭૩
૧૩	સામાયિક વ્રત ...	૭૫
૧૪	દેશાવકાશિકવ્રત ...	૭૭
૧૫	પૌષધવ્રત	૭૮
૧૬	અતિથિસંવિભાગ ...	૭૯
૧૭	સંયમ ...	૮૦
૧૮	નિયમફળ	૮૩
૧૯	પર્વણિ કર્તવ્યાકર્તવ્ય...	૮૮
૨૦	દયા	૯૨
૨૧	યજ્ઞનું સત્ય સ્વરૂપ ...	૧૨૮
૨૨	જલગાલન	૧૩૭
૨૩	ઉચ્છિષ્ટ જલપાન નિષેધ	૧૩૯
૨૪	સત્ય વ્રત	૧૪૨
૨૫	શુભાશુભ વચન ...	૧૪૭
૨૬	પ્રમાણિકતા	૧૪૮
૨૭	મિષ્ટ ભાષણ	૧૫૧
૨૮	સુભાષિતપ્રશંસા ...	૧૫૫
૨૯	સમયજલ્પન ...	૧૫૮
૩૦	વાણી	૧૬૧
૩૧	સભ્યગીત	૧૬૭
૩૨	અદત્તત્યાગ ગુણ ...	૧૬૯
૩૩	મોક્ષ સુખ	૧૭૨
	અષ્ટમ પરિચ્છેદ.	
૩૪	મિથ્યાત્વ	૧૭૮
૩૫	કુશાસ્ત્ર	૧૮૭
૩૬	કુશ્રોતા	૧૮૯
૩૭	યોગ્યાયોગ્યતા ...	૨૧૭
૩૮	કુશ્રાવક	૨૧૯
૩૯	જગતકર્ત્તા	૨૨૩
૪૦	હિંસાદોષ	૨૨૫
૪૧	હિંસા (મૃગયા) ...	૨૨૭
૪૨	હિંસાફળ	૨૩૦
૪૩	અભક્ષ્યદોષ	૨૩૩
૪૪	રાત્રિભોજન	૨૩૬
૪૫	રાત્ર્યભોજનફળ ...	૨૩૯
૪૬	માંસનિષેધ	૨૪૦
૪૭	દેવાર્થકૃતહિંસાદોષ ...	૨૫૧
૪૮	હિંસાભાગિદોષનિરૂપણ	૨૫૪
૪૯	માંસાન્નતુલ્યમંતૃખંડન	૨૫૫
૫૦	માંસવર્જિતોત્તમતા ...	૨૬૦
૫૧	મદ્યનિષેધ	૨૬૨
૫૨	મધુનિષેધ	૨૭૦
૫૩	કંદમૂળ નિષેધ ...	૨૭૩
૫૪	મૃષાવાક્ય	૨૭૬
૫૫	અસભ્યગીત	૨૯૦
૫૬	સ્ત્રીપ્રપંચ	૨૯૪

૫૭ સ્ત્રીઉપદેશ ૨૯૭
૫૮ સાસુવહુનો ઝઘડો ... ૩૦૧
૫૯ કટુવચન ૩૦૩
૬૦ અદત્તગ્રહણદોષ ... ૩૦૭
૬૧ ધૂતદોષ ૩૦૯
૬૨ તમાખુવર્ણન ૩૧૭
૬૩ અફીણ (કેફસંબંધી) ... ૩૧૮
૬૪ હુઠવાદ ૩૨૦
૬૫ ગતાનુગતિક (ગાડરીઓ પ્રવાહ) ૩૨૬
૬૬ વ્હેમ ૩૩૦
૬૭ પાખંડજાળ ૩૩૫
૬૮ કદર્યપ્રતિ ધૂર્ત્તસફળતા ૩૩૭
૬૯ શ્રાદ્ધ ૩૩૮
૭૦ પિતૃકૂપપતન (બાપના કુવામાં બૂડી મરવું) ... ૩૩૯
૭૧ ગ્રહણ ૩૪૧
૭૨ ભૂતપ્રેતાદિ ૩૪૨
૭૩ કામણ ટુમણ... ... ૩૪૪
૭૪ ધૂણવાનું ધતીંગ ... ૩૪૫
૭૫ બાળલગ્ન ... ... [illegible]
૭૬ કન્યાવિક્રય ૩૫૦
૭૭ વરકન્યાના માતાપિતાને શિક્ષા (શિખામણ) ૩૬૫
૭૮ અંધપરંપરા ૩૬૬
૭૯ અવસાનકાળ ૩૬૯
૮૦ મરણોન્મુખ દયા ... ૩૭૦
૮૧ શબવહન ૩૭૨
૮૨ શબવાહક ૩૭૩
૮૩ અસત્ય રૂદન... ... ૩૭૪
૮૪ અવસાનોચિત ધૈર્ય ... ૩૭૬
૮૫ અવસાનોચિતધૈર્યત્યાગ ૩૭૮
૮૬ મૃતભોજન ૩૮૦
૮૭ મરનારની પાછળ રૂદન... ૩૮૨
૮૮ ધનપ્રશંસા ... ... ૩૮[illegible]

નવમ પરિચ્છેદ.

૮૯ ધનદોષ ૩૯૩
૯૦ દરિદ્રતા ૩૯૯
૯૧ ધનમદ ૪૦૯
૯૨ ધનમદત્યાગ ૪૧૩
૯૩ ધનહર શઠ (દીવાળીયો) ૪૧૫
૯૪ પરિગ્રહત્યાગ ગુણ ૪૨૨
૯૫ પરિગ્રહગ્રહણદોષ ... ૪૨૫
૯૬ ધનમમત્વમોચન ... ૪૩૦
૯૭ લક્ષ્મી સ્વભાવ ... ૪૪૦
૯૮ લક્ષ્મીવાસ ૪૪૬
૯૯ લક્ષ્મીપુણ્યાધીનતા ... ૪૫૦
૧૦૦ લક્ષ્મી અવાસ ... ૪૫૨
૧૦૧ સ્વાર્થ ૪૫૪
૧૦૨ સ્વાર્થત્યાગ ૪૬૭
૧૦૩ સ્વાર્થત્યાગ ૪૬૭
૧૦૪ નિરૂપયોગાનાદર ... ૪૭૦
૧૦૫ સ્વકાર્યસાધન ... ૪૭૧
૧૦૬ દુઃખે નિષિદ્ધાચરણ ... ૪૭૩
૧૦૭ સંપદ્વિપત્સંબંધ ... ૪૭૪
૧૦૮ વિપદથી પ્રકાશિત સર્જન ૪૭૯
૧૦૯ ચઢતી પડતી ... ૪૮૨
૧૧૦ જ્ઞાન ૪૮૬
૧૧૧ જ્ઞાનદાન ૫૦૨
૧૧૨ જ્ઞાનોત્તેજન ૫૦૬
૧૧૩ જ્ઞાનમાં અંતરાય ... ૫૧૦
૧૧૪ પુસ્તકસંરક્ષણ ... ૫૧૧
૧૧૫ અજ્ઞાન ૫૧૬
૧૧૬ ઉપસંહાર ૫૨૦
૧૧૭ આશીર્વાદ ૫૨૭
૧૧૮ ગ્રંથની વાનકી ... ૫૨૮

વ્યાખ્યાન સાહિત્યસંગ્રહ.

ભાગ ૨ જો.

॥ सप्तम परिच्छेद ॥

આ પુસ્તકના પ્રથમ ભાગમાં આવશ્યક અધિકારોવાળા છ પરિચ્છેદોનો સમાવેશ કરવામાં આવ્યો છે. એ પરિચ્છેદોનો પૂર્વાપર સંબંધ પણ તે તે સ્થળે દેખાડવામાં આવ્યો છે તોપણ આ દ્વિતીયવિભાગને હાથમાં લેતી વખતે પ્રથમવિભાગનું અનુસંધાન રહેવાને માટે સિંહાવલોકનની રીતે આપણે સંક્ષેપમાં યાદ કરી જઇશું કે કોઇ પણ પ્રકારની કાર્યસિદ્ધિને માટે-કલ્યાણને માટે દેવસ્તુતિ કરવી એ પહેલું પગથીયું છે. ગુરૂ કલ્યાણકારક ઉપદેશ આપેછે પણ ગુરૂની પાસે જવાનું સૂજેજ નહિ તો પછી ગુરૂ ઉપદેશ ક્યાંથી આપે? દેવસ્તુતિ કરવાથી બુદ્ધિ નિર્મળ થાયછે અને તેને પરિણામે સદ્ગુરૂનું શરણ લેવાનું સૂજેછે. તેથી પ્રથમવિભાગમાં પ્રથમ પરિચ્છેદ દેવસ્તુતિરૂપ મંગલાચરણનો લેવામાં આવ્યો છે. દેવકૃપાથી ગુરૂશરણરૂપ માર્ગ લેવાને તૈયાર થનારમાટે સારા ગુરૂ કોને સમજવા? પોતાના આચરણથી તથા ઉપદેશથી તરવાનું સામર્થ્ય કોનામાં છે એ જાણવાની જરૂર હોવાથી દ્વિતીય પરિચ્છેદમાં તેસંબંધી વર્ણન કરીને તૃતીય

પરિચ્છેદમાં એક યોગ્ય મનુષ્ય ગણાવાને માટે કેવા કેવા ગુણોની જરૂર છે તે જણાવવામાં આવ્યું છે. એવા ગુણવાન્ મનુષ્યોજ ગુરૂસેવામાં, સત્સંગમાં અને ધર્માચરણમાં પોતાની મનોવૃત્તિને સ્થિર રાખી શકેછે. ખરાબ ગુણો અને ખરાબ ગુણોવાળાં મનુષ્યોનો પરિચય એઓના પાશમાં સપડાઇ જનાર મનુષ્ય પોતાની યોગ્ય સ્થિતિમાંથી ગબડી પડી પાયમાલ થાયછે તેથી તેઓમાંથી બચવાને માટે ચેતતા રહેવું જોઇએ એથી ચતુર્થ પરિચ્છેદમાં જેઓનાથી ચેતીને ચાલવાની જરૂર છે તેઓનું વર્ણન આપવામાં આવ્યું છે. પંચમ પરિચ્છેદમાં પણ એજ વર્ણન છે. ફરક માત્ર એટલોજ છે કે તારક શક્તિવાળા છતાં દુર્ગુણોમાં તણાઇ મારકશક્તિવાળા થઇ પડતા ગુરૂનામધારીઓને માટે ચતુર્થ પરિચ્છેદમાં વિવેચન કર્યું છે, અને પંચમ પરિચ્છેદમાં વિષની પેઠે સ્વાભાવિક મારક શક્તિવાળાજ દુર્જનોને માટે વિવેચન કર્યું છે. આ બન્નેથી બચનારાઓ કર્ત્તવ્ય કર્મ કરી આત્મકલ્યાણનો લાભ લઇ શકેછે તેથી ષષ્ઠ પરિચ્છેદમાં કર્ત્તવ્ય ધર્મસંબંધી વિચાર આપી પ્રથમ ભાગની સમાપ્તિ કરવામાં આવી છે.

મનુષ્યે ધર્મજ્ઞાન મેળવ્યા પછી પણ આ પ્રપંચજાળનો સ્વભાવ ફસાવવાનો અને મનનો સ્વભાવ જ્યાં ત્યાં ફસાઇ જવાનો હોવાથી કાંઇ પણ પ્રમાદ થતાં મનુષ્ય કલ્યાણથી ભ્રષ્ટ થાયછે. એટલામાટે સમ્યક્ ચારિત્ર વિગેરેને સંભાળી રાખવાની ઘણી જરૂર હોવાથી દ્વિતીયવિભાગના આ પહેલા પરંતુ ચાલુ સંખ્યાને હિસાબે સાતમા પરિચ્છેદમાં તેઓનું વિવેચન કરી પાછળના પરિચ્છેદમાં પણ તેનાં સહાયક અંગો વિગેરેનું વિવેચન આપવામાં આવ્યું છે.

श्रीमंगलाधिकार.

આ પરિચ્છેદ આ દ્વિતીયભાગના આદિ પરિચ્છેદરૂપ હોવાથી તેના આરંભમાં મંગલાધિકાર હોવાની આવશ્યક્તા છે. કારણકે આદિમાં, મધ્યમાં અને અંતમાં પણ મંગલયુક્ત ગ્રંથો વિશેષે કરીને લોકકલ્યાણના સાધક થાયછે.

મંગળમાં ૐકારને પ્રણામ કરેછે.

अनुष्टुप् (१–२).

ओंकारं बिन्दु संयुक्तं, नित्यं ध्यायन्ति योगिनः ।
कामदं मोक्षदं चैव, ॐकाराय नमो नमः ॥ १ ॥

મનવાંછિત આપનારા, મોક્ષ આપનારા અને જેની ઉપર અર્ધચંદ્રાકાર બિંદુ છે એવા જે ૐકારનું યોગિલોકો ધ્યાન કરેછે. તે ૐકારને નમસ્કાર હો. ૧.

ગુરૂને પ્રણામ કરેછે.

अज्ञानतिमिरान्धानां, ज्ञानाञ्जनशलाकया ।
चक्षुरुन्मीलितं येन, तस्मै श्रीगुरवे नमः ॥ २ ॥

અજ્ઞાનરૂપી અંધકારથી અંધ થયેલા લોકોના નેત્રને જ્ઞાનરૂપ અંજનની શલાકાથી જેમણે ઉઘાડેલ છે, એવા શ્રીગુરૂને નમસ્કાર હો. ૨.

શ્રી મહાવીર સ્વામીની વાણીસુધાના વિજયની ભાવના કરેછે.

उपजाति.

श्रीवर्द्धमानस्य जिनेश्वरस्य, जयन्तु सद्वाक्यसुधाप्रवाहाः ।
येषां श्रुतिस्पर्शनजप्रसक्तेर्भव्या भवेयुर्विमलात्मभासः ॥ ३ ॥

જેમનો શ્રવણેંદ્રિયની સાથે સ્પર્શ થવાનો પ્રસંગ આવતાંજ એટલે જેમનો ઉપદેશ સાંભળવામાં આવતાંજ ભવ્ય જીવોના આત્માનો પ્રકાશ નિર્મલ થાયછે. તેવા શ્રી વર્દ્ધમાન–મહાવીર પ્રભુના સદ્વાક્યરૂપ અમૃતના પ્રવાહો જયવંતા વર્ત્તો. ૩.

ગૌતમગણધર સાથે ગ્રંથકર્ત્તાની પ્રીતિ.

वसन्ततिलका.

श्रीगौत्तमो गणधरः प्रकटप्रभावः,
सल्लब्धिसिद्धिनिधिरञ्चितवाक्प्रबन्धः ।
विघ्नान्धकारहरणे तरणिप्रकाशः,
सहाय्यकृद्भवतु मे जिनवीरशिष्यः ॥ ४ ॥

જેમનો પ્રભાવ પ્રગટ છે, જે ઉત્તમ પ્રકારની લબ્ધિરૂપ સિદ્ધિઓના ભંડારરૂપ છે, જેમની વાણીનો પ્રબંધ સુંદર છે અને જેઓ વિઘ્નરૂપ અંધકારનો નાશ કરવામાં સૂર્યના પ્રકાશરૂપ છે, એવા શ્રી વીરભગવંતના શિષ્ય શ્રી ગૌતમગણધર મને સહાય કરનારા થાઓ. ૪.

પંચ પરમેષ્ઠિ ભગવન્તો પાસે મંગળની પ્રાર્થના કરી
મંગળાચરણ પૂર્ણ કરેછે.

शार्दूलविक्रीडित.

अर्हन्तो भगवन्त इन्द्रमहिताः सिद्धाश्च सिद्धिस्थिता,
आचार्या जिनशासनोन्नतिकराः पूज्या उपाध्यायकाः ।
श्रीसिद्धान्तसुपाठका मुनिवरा रत्नत्रयाराधकाः,
पञ्चैते परमेष्ठिनः प्रतिदिनं कुर्वन्तु वो मङ्गलम् ॥ ५ ॥

एते कस्यापि.

ઈંદ્રોએ પૂજેલા શ્રી અરિહંત ભગવંતો, સિદ્ધિમોક્ષપદમાં રહેલા સિદ્ધો; શ્રી જિનશાસનની ઉન્નતિ કરનારા આચાર્યો, શ્રી સિદ્ધાંત (સૂત્ર) ના પાઠક એવા પૂજ્ય ઉપાધ્યાયો, તથા જ્ઞાન, દર્શન અને ચારિત્રરૂપ ત્રણ રત્નોના આરાધક એવા મુનિવરો એ પાંચે પરમેષ્ઠિઓ પ્રતિદિન તમારૂં કલ્યાણ કરો. ૫.

કોઇ કાર્ય મનુષ્યે દેવની સહાય મેળવ્યા વિના કરવું નહીં કારણકે તે કામ સાંગોપાંગ પૂર્ણ થાય નહીં એટલુંજ નહીં પણ આપણી તેમના તરફ ભક્તિ નથી એ સિદ્ધ થાયછે, માટે આપણે તે કૃપાળુ દેવતરફ સારો ભક્તિભાવ બતાવવો ને તે દેવની છાયામાં રહી આપણે શુભ કાર્ય સાધવાનો આરંભ કરવો કે જેથી વક્તા શ્રોતાનું કલ્યાણ થાયછે એમ બતાવી આ મંગલાચરણ અધિકાર પૂર્ણ કરવામાં આવેછે.

देवस्तुत्यधिकार.

સર્વ મનુષ્યોએ આત્મકલ્યાણમાટે દૈવી સંપત્તિવાળા થવું જોઇએ અને હુમેશાં તેવા રહેવું જોઇએ. એક વખત સંપત્તિ મળી અને પાછી તરત નાશ પામી જાય તો તે વિશેષ દુઃખનું કારણ થાયછે માટે વ્યવહાર માર્ગમાં અને પરમાર્થ માર્ગમાં યોગ્યતા સંપાદન કરવી અને તે યોગ્યતાને ટકાવી રાખવી એમાંજ ખરૂં સુખ છે અને એમાંજ ખરૂં કલ્યાણ છે. આમ કરવામાટે અખૂટ આત્મબળ હોવાની જરૂર છે અને તેની પ્રાપ્તિમાટે દેવ અને ગુરૂની કૃપાદૃષ્ટિની જરૂર છે. દેવની કે ગુરૂની કૃપાદૃષ્ટિ તોજ થાયછે કે જો તેમની પાસે નિષ્કપટ-

ભાવથી પોતાની ખરી સ્થિતિ જાહેર કરવામાં આવે અને દીનભાવથી યોગ્ય માગણી કરવામાં આવે. એટલે ભક્તને ખરા ભાવજ પોતાને વાંચ્છિત ફળ આપેછે માટે આત્મકલ્યાણની ઇચ્છા કરનારે તેમ તેને લગતો હરેક પ્રકારનો યત્ન કરનારે ખરા ભાવથી એટલે નિષ્કપટ ભાવથી અને દીનપણાથી તેની સ્તુતિ કરવી આવશ્યક હોવાથી દેવસ્તુતિનો અધિકાર ચાલુ કરવામાં આવેછે.

દેવ જય પામો.

उपजाति (१ थी ४).

श्रेयः श्रियां मङ्गलकेलिसद्म, नरेन्द्रदेवेन्द्रनतांघ्रिपद्म ।
सर्वज्ञसर्वातिशयप्रधान, चिरं जय ज्ञानकलानिधान ॥ १ ॥

સર્વ પ્રકારના કલ્યાણને કરનારી એવી જ્ઞાનાદિ અનંત ગુણ લક્ષ્મીરૂપ, સર્વ પ્રકારના માંગલિકોને ક્રીડા કરવાના મંદિરરૂપ, ચક્રવર્ત્યાદિ મનુષ્યના મહારાજાઓ તથા દેવોના જે ઇંદ્રો તેમણે જેમનાં ચરણ કમલ પ્રત્યે મહા ભક્તિપૂર્વક નમસ્કાર કર્યા છે એવા, જગત્ત્રયના સર્વ ભાવને એક સમયમાં સમકાળે જાણનાર હોવાથી સર્વજ્ઞ એવા, વળી અષ્ટ મહાપ્રાતિ હાર્ય તથા ચોત્રીશ અતિશય યુક્ત સર્વોત્તમ મહિમાવંત એવા, અને સર્વ પ્રકારની કલાઓને જીતનારી એવી કેવળ જ્ઞાનરૂપી સર્વોત્કૃષ્ટ કળાના નિધાન એવા હે વિતરાગ જિનેશ્વર પ્રભુ, હે પરમાત્મા આપ સદા ઉત્કૃષ્ટપણે જયવંતા વર્તો. ૧.

વીતરાગપ્રતિ દીનવાણી.

जगत्त्रयाधार कृपावतार, दुर्वारसंसारविकारवैद्य ।
श्रीवीतराग त्वयि मुग्धभावाद्विज्ञप्रभो विज्ञपयामि किञ्चित् ॥ २ ॥

ત્રણ ભુવનના એક પરમ આધારભૂત, એવા હે નાથ, સર્વ જગત્ જીવ ઉપર સમાન દૃષ્ટિએ એકાંત દયાનાજ અવતારરૂપ, એવા, વળી આ ભયંકર ચતુર્ગતિ ભ્રમણરૂપ, વિષય કષાયના મૂળરૂપ, અત્યંત કષ્ટે કરીને નિર્વાણ થઇ શકે એવો આ મહા સંસારરૂપી જે દીર્ઘ રોગ, તેના અતિ પ્રબલ રાગ, દ્વેષ, અજ્ઞાન મોહ, મિથ્યાત્વાદિ દારૂણ વિકારોને પરમશાંત દેશનામૃતરૂપી શમતામય શીતલ ઔષધોપચારે કરીને મટાડવામાં, હે સર્વોત્કૃષ્ટ ધન્વંતરિ વૈદ્ય! ગયા છે રાગ અને દ્વેષાદિ સર્વ દોષો તે જેમના, એવા હે વીતરાગ પરમાત્મા, હે ચતુર શિરોમણિ, તમારી આગળ હું અલ્પ મતિવંત, વિકલ જ્ઞાનવાળો હોવાથી ભોળે ભાવે લેશમાત્ર વિનતિ કરૂંછું. ૨.

પૂજ્ય માતાપિતા સન્મુખ બાળકના બે બોલ.

किम्बाललीलाकलितो न बालः, पित्रोः पुरो जल्पति निर्विकल्पः ।
तथा यथार्थं कथयामि नाथ, निजाशयं सानुशयस्तवाग्रे ॥ ३ ॥

હે સ્વામિન્! બાલચેષ્ટાએ યુક્ત એવો મુગ્ધ બાલક, સર્વ પ્રકારના વિકલ્પરહિત હોવાથી, નિર્દોષપણે, સરલતાથી પોતાના માતાપિતા આગળ નિડરપણે, નિખાલસ દીલથી શું નથી બોલતો? અર્થાત્, બોલેછે તેમ હું પણ મારા પાપના પશ્ચાત્તાપપૂર્વક મારા અભિપ્રાયને આપની પાસે યથાર્થ કહી બતાવુંછુ. ૩.

જન્મની નિષ્ફળતા—વ્યર્થ ભ્રમણ.

दत्तं न दानं परिशीलितं च, न शालिशीलं न तपोऽभितप्तम् ।
शुभो न भावोऽप्यभवद् भवेऽस्मिन्, विभो मया भ्रांतमहो मुधैव ॥ ४ ॥

હે સ્વામિન્, મેં રૂઢે સત્પાત્રને વિષે દાન પણ ન દીધું, વળી અબ્રહ્મના ત્યાગરૂપ અને રૂડા આચારના સેવનરૂપ પવિત્ર શીળ ધર્મને પણ ન પાળ્યો, વળી પરમાત્માએ કહેલ બાહ્ય અને આભ્યંતર બાર પ્રકારનો ઇચ્છાનિરોધરૂપ તપ પણ સમતા ભાવે ન કર્યો તેમ ચિત્તના નિર્મલ પરિણામરૂપ ભલો ભાવ પણ ન ભાવ્યો અર્થાત્ ભક્તિ, વૈરાગ્ય, અને જ્ઞાનની કોઇ પણ રૂડી ભાવનાનું ચિંતવન કર્યું નહિ; માટે હે પ્રભો, મેંતો આ સંસારને વિષે વ્યર્થજ જન્મ-મરણરૂપ ભ્રમણ કર્યું. ૪.

પ્રભુતરફ પ્રેમ ન થવાનું કારણ.

इन्द्रवज्रा.

दग्धोऽग्निना क्रोधमयेन दष्टो, दुष्टेन लोभाख्यमहोरगेण ।
ग्रस्तोऽभिमानाजगरेण मायाजालेन बद्धोऽस्मि कथं भजे त्वां ॥ ५ ॥

હે પ્રભુ, ક્રોધરૂપી અગ્નિના સદા ધગધગતા તાપે તપ્ત થયેલો, અને લોભરૂપી મહા ભયંકર સર્પે ડસેલો, તથા અહંકારરૂપી અજગરે ગળેલો; અને માયા એટલે છલ, કપટ, પ્રપંચરૂપી જાળના બંધનમા બંધાયેલો એવો હું પામર પ્રાણી છું; તેથી હે પ્રભુ, હું આપને કેવી રીતે ભજું? હે નાથ, આ અનાદિ અનંત કાળના કેડે લાગેલા ક્રોધ, માન, માયા, અને લોભરૂપી ભયંકર શત્રુઓથી હું છૂટું; એવી મહારા ઉપર આપની કૃપા થયે આપનું સમ્યક્ પ્રકારે સેવન કરવાનો મારો હેતુ ક્યારે પાર પડે? ૫.

પશ્ચાત્તાપ.

उपजाति (६ थी २०).

कृतं मयामुत्र हितं न चेह, लोकेऽपि लोकेश सुखं न मेऽभूत् ।
अस्मादृशां केवलमेव जन्म, जिनेश जज्ञे भवपूरणाय ॥ ६ ॥

છકાય જીવોના પ્રતિપાળક, હે જગન્નાથ, મેં નિશ્ચે પરભવને વિષે કોઇ પણ પ્રકારનું હિત એટલે લોકકલ્યાણ, કે આત્મકલ્યાણ, કે પરોપકારાદિ કાંઇ પણ સુકૃત ન કર્યું, તેથીજ આ ભવમાં પણ મને યથાર્થ સુખ પ્રાપ્ત ન થયું; હે જિનનાથ, અમારા જેવાનો જન્મ તો કેવળ અવતાર પૂર્ણ કરવારૂપ થયો, અર્થાત્ જેમ પૂર્વે ઘણા ભવ વ્યર્થ કર્યા તેમ આ પણ એક વધારે, ગણવામાટે થયો. ૬.

તથા—

मन्ये मनो यन्न मनोज्ञवृत्तत्वदास्यपीयूषमयूखलाभात् ।
द्रुतं महानन्दरसं कठोरमस्मादृशां देव तदश्मतोऽपि ॥ ७ ॥

હે સ્વામિન્ આપનું અતિ સુંદર, શાંત પવિત્ર, શીળવંત મહામનોહર સુધારસમય મુખરૂપી ચંદ્ર કિરણના અપૂર્વ દર્શનનો લાભ થયા છતાં તથા તેમાંથી નિકળતા પરમ અમૃત સદૃસ દેશનારૂપી મહા આનંદદાયક રસનું પાન થયા છતાં પણ મહારૂં મન તેમાં લેશમાત્ર ભીનું થયું નહિ, પિગળ્યું નહિ, તેથી હું એમ માનુંછું કે તે માહારૂં મન પાષાણ થકી પણ અત્યંત કઠોર હોવું જોઇએ. ૭.

વળી—

त्वत्तः सुदुष्प्रापमिदम्मयाप्तं, रत्नत्रयम्भूरिभवभ्रमेण ।
प्रमादनिद्रावशतो गतन्तत्, कस्याग्रतो नायक पूत्करोमि ॥ ८ ॥

હે નાથ, સેંકડો ભવ ભમતાં મહા કષ્ટે પ્રાપ્ત થાય એવું અતિ દુર્લભ સમ્યક્ જ્ઞાન, દર્શન, ચારિત્રરૂપ રત્ન ત્રયનું શુદ્ધ સેવન આપ પાસેથી મને મળ્યા છતાં મેં તેને વિષય કષાયાદિ પ્રમાદ તથા નિદ્રાને વશ પડી, તથા વ્યર્થ વિકથાઓ, પરનિંદા તથા કુથલી કરવામાં ગુમાવ્યું; માટે હવે હું રંક પામર ભિખારી કોની આગળ પોકાર કરૂં? મારે તો એક આપનોજ આધાર છે તો હવે આપની કૃપા થાય તોજ મારૂં કાંઇ શ્રેય થાય તેમ છે. ૮.

તેમજ—

वैराग्यरङ्गः परवञ्चनाय, धर्मोपदेशो जनरञ्जनाय ।
वादाय विद्याध्ययनञ्च मेऽभूत्, कियद् ब्रुवे हास्यकरं स्वमीश ॥ ९ ॥

હે ભગવન્, મેં બહારથી વૈરાગ્યનો રંગ એટલે ડોળ દેખાડી ભોળા લોકોને છેતર્યા, વળી લોકોને રિઝવવામાટે, તથા લોકોમાં ભલો ગણાવામાટે મેં બહારથી ધર્મનો ઉપદેશ કર્યો; વળી મારા સર્વ વિદ્યાભ્યાસનો ઉપયોગ મેં વાદવિવાદમાં તથા તકરારો કરી જય પરાજય કરવામાં કર્યો; માટે હે ઇશ, આવું મારૂં હાસ્યકારક ચરિત્ર તે હું આપને કેટલું કહું? ૯.

શરીરની ભ્રષ્ટતાથી અધોગતિની પ્રાપ્તિ.

परापवादेन मुखं सदोषं, नेत्रम्परस्त्रीजनवीक्षणेन ।
चेतः परापायविचिन्तनेन, कृतम्भविष्यामि कथं विभोऽहम् ॥ १० ॥

હે નાથ, પારકાના (છતા અછતા) દોષો બોલી મેં મારા મુખને દૂષિત કર્યું, તથા પરસ્ત્રીને વિકાર દૃષ્ટિએ જોઇ જોઇ મારાં નેત્રને અપવિત્ર કર્યાં; વળી પરજીવોને અનર્થ તથા પીડા ઉત્પન્ન કરવાના વિચારો કરીને મારા મનને મેં મહા મલિન કર્યું; હવે હે સ્વામિન્, આવાં પાપાચરણોએ કરી માહારી આગળ શી ગતિ થશે? ૧૦.

કામવાસનાથી થતી હાનિ.

विडम्बितं यत्स्मरघस्मरार्तिदशावशात्स्वं विषयान्धलेन ।
प्रकाशितन्तद्भवतो ह्रियैव, सर्वज्ञ सर्वं स्वयमेव वेत्सि ॥ ११ ॥

હે પ્રભુ, કામદેવરૂપી રાક્ષસની મહા વિટંબનારૂપ પીડાને પામેલો વિષયાંધપણે એટલે વિવેકરૂપી ચક્ષુ વિંચાયેલી છે જેની, એવો જે હું, તે આપને આ મારી લજ્જાયુક્ત વૃત્તિજ પ્રકાશી રહી છે, અને આપ તો અંતરજામી સર્વજ્ઞ છો, સર્વ જગત્ જીવનાં ભાવને જ્ઞાને કરી જાણી રહ્યા છો, તેથી મુખે કરીને શું કહું? ૧૧.

મતિભ્રમ.

ध्वस्तोऽन्यमन्त्रैः परमेष्ठिमन्त्रः, कुशास्त्रवाक्यैर्निहतागमोक्तिः ।
कर्तुं वृथा कर्म कुदेवसङ्गादवाञ्छि हा नाथ मतिभ्रमो मे ॥ १२ ॥

હે નાથ! અન્ય દેવી દેવલાનાં મલિન કુમંત્રો શીખી શીખીને આપનો પંચ પરમેષ્ઠિ મંગળરૂપ નવ પદાત્મક શ્રી નવકાર મહા મંત્રનો મેં નિરાદર કર્યો; વળી હે ભગવાન્, કુશાસ્ત્રના શ્રવણવડે આપના મહા પવિત્ર જિનાગમના વચનોને વૃથા અસત્ય માન્યાં, વળી કુદેવોની કુસંગતિવાળી સેવાએ કરી મેં મારાં પાપકર્મોનો નાશ કરવાને ચાહ્યું, હાહા ઇતિ ખેદે, હે પરમેશ્વર, આ મને કેવો મતિનો ભ્રમ, અર્થાત્ બુદ્ધિનો વિપર્યાસ થયો? ૧૨.

મોહ.

विमुच्य दृग्लक्ष्यगतम्भवन्तं, ध्याता मया मूढधिया हृदन्तः ।
कटाक्षवक्षोजगभीरनाभीकटीतटीयाः सुदृशां विलासाः ॥ १३ ॥

હે જગદીશ, સાક્ષાત્ મારી દૃષ્ટિએ ગોચર એવા પ્રત્યક્ષ તમોને મૂકીને, અર્થાત્ આપના મહા પવિત્ર મુખદર્શનનો ત્યાગ કરીને મેં મૂઢે ચપળ નેત્રવાળી, સુંદર સ્વરૂપવાળી, કામિનીઓના હાવભાવ, કટાક્ષ, સ્તન પ્રદેશ, ગંભીર નાભી, પાતળી કેડ ઇત્યાદિક મનોજ્ઞ અવયવોના વિભ્રમયુક્ત વિલાસોનું મારા હૃદયને વિષે કામાંધપણે ચિંતવન કર્યું, હે નાથ અનુપમ ચિંતામણિ રત્નથી પણ અધિક એવા આપનાં દર્શન તથા ધ્યાનનો ત્યાગ કરીને હું મહા મૂઢ જડ પ્રાણી આવા કલુષિત, મલિન, પાપી, વિષય વિકારોમાં આસક્ત થયો, માટે મને ધિક્કાર હો. ૧૩.

વિષયવાસનાનું વિષમ પરિણામ.

लोलेक्षणावक्त्रनिरीक्षणेन, यो मानसे रागलवो विलग्नः ।
न शुद्धसिद्धान्तपयोधिमध्ये, धौतोऽप्यगात्तारक कारणङ्किम् ॥ १४ ॥

હે ત્રિકાળવેદિ નાથ, મેં ચંચળ નેત્રોવાલી રમણીઓના મુખોને વિકાર દૃષ્ટિએ નિરખી નિરખીને મહારા મનને વિષે વિષયાભિલાષનો જે ચીકણો લાલાશના અંશવાળો ડાઘ લાગ્યો છે, તે હે સંસારતારક વિભો, મેં આપના શુદ્ધ સિદ્ધાંત સમુદ્રના મધ્ય ભાગને વિષે ધોયો, તોપણ તે રાગનો લવ એટલે વિષય ચીકાશનો ડાઘ નીકળ્યો નહીં, તેનું શું કારણ હશે?

સારાંશ—આપનાં શાસ્ત્રવચનોને અતિ વિસ્તારપણે અભ્યાસપૂર્વક જાણ્યા છતાં તેના ગૂઢ મર્મોને અનુભવતાં છતાં, આ રાગની ચીકણુતા ટળી નહિ, તેનું શું કારણ? હે પ્રભુ, મને તો તેનું કારણ મારી અત્યંત બૂરી દૃઢ વિષયાસક્ત બુદ્ધિજ જણાયછે. ૧૪.

અહંકારની પ્રબળતા.

अङ्गन्न चङ्गन्न गणो गुणानां, न निर्मलः कोपि कलाविलासः ।
स्फुरत्प्रभा न प्रभुता च कापि, तथाप्यहङ्कारकदर्थितोऽहम् ॥ १५ ॥

હે જિનેશ્વર, મારૂં શરીર પણ કાંઇ સુંદર નથી, તેમ મારામાં કોઇ પણ પ્રકારના ઉત્તમ વિનય, ગાંભીર્ય, ધૈર્ય, શમતા, સત્યતા, ક્ષમા, ઔદાર્યાદિ સત્વવંત ગુણોનો સમૂહ પણ નથી, તેમ કોઇ પણ પ્રકારનો પવિત્ર ઉત્તમ કળા વિલાસ પણ નથી. વળી દેદીપ્યમાન કાંતિયુક્ત રાજા પ્રધાનાદિની નોકરી કે સાહેબી પણ નથી, છતાં મહા અહંકારે મદોન્મત્ત થઇને હું વિચિત્ર કદર્થનાને પામું છું. ૧૫.

મોહને લીધે હાનિ.

आयुर्गलत्याशु न पापबुद्धिर्गतं वयो नो विषयाभिलाषः ।
यत्नश्च भैषज्यविधौ न धर्मे, स्वामिन् महामोहविडम्बना मे ॥ १६ ॥

હે સ્વામિન્! મારૂં આયુષ સર્વ નાશ પામવા આવ્યું, તોપણ મારી પાપ પરિણામની બુદ્ધિ ગઈ નહિ, મારી તરૂણ અવસ્થા પૂરી થઇ, તોપણ મારી વિષયવાંછા તો હજી અધુરીજ જણાયછે, હે પ્રભુ, મેં મારા શરીરના જતન કરવામાં ઘણો શ્રમ લીધો, પણ શરીરની અંદર રહેલો જે આત્મા તેની શુદ્ધિને અર્થે તો કોઇ પણ પ્રકારનો વિચારજ ન કીધો, અર્થાત્, કાંઇ પણ સુકૃત ન કર્યું, એવી મારી મહા મોહવિટંબના તો જુઓ? ૧૬.

નાસ્તિકનું આચરણ.

नात्मा न पुण्यन्न भवो न पापं, मया विटानाङ्कटुगीरपीयम् ।
अधारि कर्णे त्वयि केवलार्के, परिस्फुटेसत्यपि देव धिङ्माम् ॥ १७ ॥

હે પ્રભુ, આપ કેવળ જ્ઞાનરૂપી સૂર્ય, સાક્ષાત્, અતિ પ્રગટ છતાં મેં જીવ એટલે આત્મા નથી, પુણ્ય નથી. પાપ નથી, પુનર્ભવ નથી, સ્વર્ગ નથી, નરક નથી, મોક્ષ નથી, કાંઇ નથી, ઇત્યાદિક અધમ નાસ્તિક, દુર્જનોની વાણી મેં કાને ધારણ કરી, માટે ગુણ અવગુણના વિવેકે કરીને રહિત, એવા મુજ મૂઢ અવિવેકને ધિક્કાર હો. ૧૭.

મનનું ગભરાવું.

न देवपूजा न च पात्रपूजा, न श्राद्धधर्मश्च न साधुधर्मः ।
लब्ध्वापि मानुष्यमिदं समस्तं, कृतं मयारण्यविलापतुल्यम् ॥ १८ ॥

હે ભગવન્, મને દશ દૃષ્ટાંતે દોહિલો એવો સર્વ ઉત્તમ ધર્મની સામગ્રી-યુક્ત ઉત્તમ કુલવાન મનુષ્યભવ મળ્યો છતાં, મેં દેવાધિદેવની સાચે દિલે પૂજા ન કરી, સત્પાત્રને વિષે ભક્તિભાવે દાન ન દીધું, બાર વ્રતરૂપ શ્રાવકોનો ધર્મ રૂડી રીતે ન પાળ્યો, તેમ પંચ મહા વ્રતરૂપ શુદ્ધ રત્નત્રય આરાધનરૂપ સાધુધર્મનું યથાર્થ પાલન ન કર્યું; એવી રીતે સર્વસ્વ અનુકૂલ મળ્યા છતાં તે ગુમાવ્યું, અને બાકી જે કર્યું તે સર્વે રણવગડામાં રૂદન કરવા સરખું—વ્યર્થ કર્યું. ૧૮.

છીપમાં રૂપાની અને પીત્તળમાં સોનાની ભ્રાંતિ.

चक्रे मयाऽसत्स्वपिकामधेनुकल्पद्रुचिन्तामणिषु स्पृहार्तिः ।
न जैनधर्मे स्फुटशर्मदेऽपि, जिनेश मे पश्य विमूढभावं ॥ १९ ॥

હે જિનપતિ, મેં અવિદ્યમાન, અગોચર, અદષ્ટ એવા મનોવાંછિત પૂરનારા કામધેનુ, કલ્પવૃક્ષ, તથા ચિંતામણિ, રત્ન ચિત્રાવેલી પારસમણિ, રસકૂપિકા ઇત્યાદિ પદાર્થોની પ્રાપ્તિમાટે વ્યર્થ પીડાકારક ચિંતા કરી, પણ હે નાથ, પ્રત્યક્ષ, શીઘ્ર સુખને આપનારો આપનો ભાખેલો સત્ય જૈનધર્મ કરવાની લેશ પણ કાળજી ન કરી, મારી મૂઢતા તો જુઓ? ૧૯.

દેખાવમાં અમૃત પરિણામમાં ઝેર.

सद्भोगलीला न च रोगकीला, धनागमो नो निधनागमश्च ।
दारा न कारा नरकस्य चित्ते, व्यचिन्ति नित्यम्मयकाधमेन ॥ २० ॥

હે નાથ, મેં અધમે નિરંતર ખાનપાનાદિ ઉત્તમ વિષયભોગોનું ચિંતવન કર્યું, પરંતુ તેની આસક્તિથી બંધાતા મહા ચીકણાં કર્મો અને તેથી ઉત્પન્ન થતા લોહના ખીલા ભોંકાયા સમાન અતિ દારૂણ રોગરૂપી વિપાકોનો તો વિચારજ ન કર્યો, વળી મેં ધનની આવકમાટે બહુ તરફડીયાં માર્યા, પણ માથે કાળ તાકી રહેલ છે, તેનો પણ ભય ન આણ્યો, વળી સુંદર રમણીઓના રમણ વિલાસનું ચિંતવન કર્યું, પણ તેના દારૂણ વિપાકરૂપ નરકાદિક દુઃખની પ્રાપ્તિનો ખ્યાલજ ન કર્યો. ૨૦.

ફરજથી દૂર થવાને લીધે પશ્ચાત્તાપ.

उपेन्द्रवज्रा.

स्थितन्न साधोर्हृदि साधुवृत्तात्, परोपकारान्न यशोऽर्जितञ्च ।
कृतन्न तीर्थोद्धरणादिकृत्यं, मया मुधा हारितमेव जन्म ॥ २१ ॥

હે નાથ, સદાચરણે કરીને મેં સાધુ પુરૂષ એટલે ઉત્તમ વર્તનવાળા સંત, સજ્જન પુરૂષોના હૃદયને વિષે વાસ ન કર્યો, અર્થાત્, તેઓને પ્રિય ન થયો; વળી હે સ્વામી, મેં ભલાઇ, પરોપકાર, પરજીવનું ભલું કરવું, તેરૂપ કાર્ય કરીને યશ સંપાદન ન કર્યો, તેમ હે પ્રભુ, જીર્ણોદ્ધાર, તીર્થોદ્ધાર, સિદાતા ધર્મક્ષેત્રનો ઉદ્ધાર ઇત્યાદિ રૂડાં ધર્મકાર્યો પણ ન કર્યા, હે ભગવંત, હું તો મારો ભવ વ્યર્થજ હારી ગયો. ૨૧.

સંસારમાંથી મુક્ત ન થવાનું કારણ.

उपजाति (२२ थी २४).

वैराग्यरङ्गो न गुरूदितेषु, न दुर्जनानां वचनेषु शान्तिः ।
नाध्यात्मलेशो ममकोऽपि देव, तार्यः कथङ्कारमयं भवाब्धिः ॥ २२ ॥

હે જિનેશ, સદ્‌ગુરૂ મહારાજનો ભલો હિતોપદેશ સાંભળીને મને કાંઇ પણ વૈરાગ્ય વાસના ન આવી, અપિતુ, ભવથકી વિરક્ત બુદ્ધિનો લવ પણ ન થયો; વળી હે નાથ, દુર્જન પ્રાણીઓના અપ્રિય, કટુક વચનો સાંભળીને મનમાં ઉપશમન એટલે સમતાભાવ ન રાખ્યો; વળી હે દેવ, મેં પરમાર્થ બુદ્ધિએ એટલે કેવળ આત્માની નિર્મળતાને અર્થેજ જ્ઞાનાભ્યાસ, ક્રિયાયોગ, ધ્યાન, તપ વિગેરે ન કર્યાં; કોઇ પણ પ્રકારની આધ્યાત્મિક દશા એટલે શુદ્ધાત્મસ્વરૂપ ચિંતવન મને આવ્યું નહિ, તો હવે હે નાથ, આવો અધમ દુરાચારી જે હું, તેને આ ગહન સંસારસમુદ્ર તરવાની યોગ્યતા ક્યાંથીજ હોય? ૨૨.

ત્રણ જન્મનું જ્ઞાન.

पूर्वे भवेऽकारि मया न पुण्यमागामिजन्मन्यपि नो करिष्ये ।
यदीदृशोऽहम्मम तेन नष्टा, भूतोद्भवद्भाविभवत्रयीश ॥ २३ ॥

હે કેવળીપતે, મેં પૂર્વભવને વિષે કાંઇ પણ પુણ્ય કર્યું નહિ, કેમકે જો કર્યું હોત તો આ ભવમાં સુખ મળ્યું હોત, પણ તે તો નથી; વળી આવતે ભવે પણ હું કાંઇ પણ સુકૃત કરનાર નથી, કેમકે આ ભવમાં કોઇ પણ જાતની ભલી ધર્મવાસના દૃઢ કરતો નથી, તો આગળ તે ક્યાંથી થશે? કેમકે જેવી મતિ તેવી ગતિ થાયછે, આ રીતે હે ભગવન્, મારા તો વર્તમાન, ભૂત, અને ભવિષ્ય, ત્રણે ભવો નષ્ટ થયા. ૨૩.

આપ સર્વજ્ઞ હોવાથી મારી પ્રાર્થના જાણોછો.

किं वा मुधाहम्बहुधा सुधाभुक्पूज्यत्वदग्रे चरितं स्वकीयम् ।
जल्पामि यस्मात् त्रिजगत्स्वरूपनिरूपकस्त्वंकियदेतदत्र ॥ २४ ॥

અસંખ્ય દેવોએ પૂજિત એવા હે જગત્પતે! હું મારૂં ચરિત્ર તે આપની પાસે શું કહું! કેમકે આપ તો ત્રણ ભુવનના સર્વ ભાવોને એક સમયમાં જાણીને નિરૂપણ કરનારા છો; તો હે અંતરજામી આપને આ મારૂં ચરિત્ર જાણવું તે શા હિસાબમાં છે? ૨૪.

અલ્પ યાચના.

शार्दूलविक्रीडित.

दीनोद्धारधुरन्धरस्त्वदपरो नास्ते मदन्यः कृपा-
पात्रञ्चात्र जने जिनेश्वर तथाप्येतां न याचे श्रियम् ॥

किन्त्वर्हन्निदमेव केवलमहो सद्बोधिरत्नं शिवम्,
श्रीरत्नाकरमङ्गलैकनिलयश्रेयस्करम्प्रार्थये ॥ २५ ॥

रत्नाकर पञ्चविंशतिका.

હે જિનેશ્વર ભગવંત, આ જગતનેવિષે દીન, અનાથ જનોનો ઉદ્ધાર કરવામાં સદા તત્પર, એવો પરમોપકારી સ્વામી આપ વિના મને બીજો કોઇ નથી, અને આપને કૃપા કરવાને અત્યંત યોગ્ય એવું મારા શિવાય બીજું કોઇ પાત્ર નથી; એવું છતાં પણ હે નાથ, હું આ સંસારસંબંધી વૈભવાદિ–કોઇ પણ પ્રકારની પુદ્ગલિક સંપત્તિની પ્રાર્થના કરતો નથી; પરંતુ શ્રી જિનેશ્વર ભગવંત પ્રણીત, તત્વ શ્રદ્ધાનરૂપ, શુદ્ધ સમ્યકૂત્વરૂપ બોધિરત્ન, જે સર્વ કલ્યાણને કરનારૂં, સમસ્ત માંગલિકનું નિધાન, અને સમગ્ર રત્નોની ખાણરૂપ છે તેનીજ યાચના કરૂંછું; તથાસ્તુ. કિં બહુના? ૨૫.

સંજીવિની વિદ્યા.

आर्या.

मिथ्यात्वविषमसुप्ताः, सचेतना जिन न भवन्ति किं जीवाः ।
कर्णयोः क्रामति यदि, कियदपि त्वद्वचनमन्त्रस्य ॥ २६ ॥

धनपाल पञ्चाशिका.

જેમના કર્ણમાં આપના વચનરૂપ મંત્રનું એક પણ પદ પડયું છે, તે જીવો મિથ્યાત્વરૂપી વિષયથી મૂર્છિત છતાં પણ (ચિલાતિપુત્ર–તથા રોહિણીયા ચોરની પેઠે) શું સચેતન થતા નથી? અર્થાત્ થાયછે. ૨૬.

સર્વોત્તમ ઉપાય.

अनुष्टुप् (२७ थी ३४).

स्वकृतं दुष्कृतं गर्हन्, सुकृतं चानुमोदयन् ।
नाथ त्वच्चरणौ यामि, शरणं शरणोज्झितः ॥ २७ ॥

હે પ્રભુ પોતાનાં કરેલાં પાપની ગર્હા (નિંદા) કરતો અને સુકૃતની અનુમોદના કરતો હું અન્ય શરણરહિત આપના ચરણનું શરણ ગ્રહુંછું? ૨૭.

આવશ્યક યાચના.

मनोवाक्कायजे पापे, कृतानुमतिकारितैः ।
मिथ्या मे दुष्कृतं भूयादपुनः क्रिययान्वितम् ॥ २८ ॥

કૃત કારિત અને અનુમોદિત એવું મન વચન અને કાયાથી થયેલું મારૂં પાપ અપુનર્ભાવે (ફરી તેવા પાપ પ્રવૃત્તિ ન થાય તેવા લક્ષસહિત) મિથ્યા થાઓ, હું અંતઃકરણથી, કરેલાં પાપની માફી માગું છું ૨૮.

વૃત્તિની સુમાર્ગગામિતા.

यत्कृतं सुकृतं किश्चिद्रत्नत्रितयगोचरम् ।
तत्सर्वमनुमन्येऽहं, मार्गमात्रानुसार्यपि ॥ २९ ॥

હે પ્રભુ! આપના પવિત્ર માર્ગને અનુસારે રત્નત્રયીના આરાધનસંબંધી જે કંઇ સુકૃત કીધું તે બધું હું અનુમોદું છું. ૨૯.

તથા—

सर्वेषामर्हदादीनां, यो योऽर्हत्त्वादिको गुणः ।
अनुमोदयामि तं तं, सर्वं तेषां महात्मनाम् ॥ ३० ॥

સર્વ અરિહંતાદિકના જે જે અર્હત્વાદિક ગુણ છે તે તે સર્વ ગુણ તે મહાનુભાવ સંબંધી હું અનુમોદું છું. ૩૦.

યોગ્ય આચરણ.

त्वां त्वत्फलभूतान् सिद्धांस्त्वच्छासनरतान्मुनीन् ।
त्वच्छासनं च शरणं, प्रतिपन्नोऽस्मि भावतः ॥ ३१ ॥

હે વીતરાગ! મેં આપનું, આપના ઉપદિષ્ટ અનુષ્ઠાનના ફળરૂપ સિદ્ધોનું, આપના શાસનના રસિક મુનિજનોનું અને આપના પ્રવચનનું હૃદય શુદ્ધિથી શરણ આદરેલું છે. ૩૧.

સર્વ મૈત્રી.

क्षमयामि सर्वान्सत्त्वान्सर्वे क्षाम्यन्तु ते मयि ।
मैत्र्यस्तु तेषु सर्वेषु, त्वदेकशरणस्य मे ॥ ३२ ॥

સર્વ જીવોને હું ખમાવુંછું અને તે સર્વ જીવો મારી ઉપર ક્ષમા કરો? આપનું અનન્ય શરણ ગ્રહણ કરેલા મુજને તે સર્વ જીવો ઉપર (સહાય) હિત બુદ્ધિ હો? ૩૨.

સ્વરૂપભાવના.

एकोऽहं नास्ति मे कश्चिन्न चाहमपि कस्यचित् ।
त्वदङ्घ्रिशरणस्थस्य, मम दैन्यं न किश्चन ॥ ३३ ॥

હું એકલો છું, મારૂં કોઇ નથી અને હું કોઇનો નથી. હે પ્રભુ! આપના ચરણશરણમાં રહેલા મુજને લગારે દીનતા નથી. ૩૩.

ઉપસંહાર છેવટની માગણી.

यावन्नाप्नोमि पदवीं, परां त्वदनुभावजाम् ।
तावन्मयि शरण्यत्वं, मा मुञ्चः शरणंश्रिते ॥ ३४ ॥

वीतरागस्तोत्र.

હે પ્રભુ! આપના પસાયથી મુક્તિરૂપી પરમ પદવી જ્યાંસુધી હું ન પામું, ત્યાંસુધી શરણાગત એવા મુજ પ્રત્યે આપ શરણાગત વત્સલતા તજશો નહિ-ઉપેક્ષા કરશો નહિ. ૩૪.

મનહર.

ઉત્તમ આચાર સુવિચાર ચારૂ વ્યવહાર,
દાર અભિરામ સાર પરિવાર સંપદા;
પાઇએ અનૂપ રૂપ ભૂપમાન દોર ધૂપ,
રહિત સમાજ સુખ સાજ વિનુ આપદા;
દેવ નરદેવ પદ પદમ પ્રમિત ધન,
ધન ધન જગ કરે સુજસ મહા સદા;
તુઠો જિનરાજ પ્રભુ ધરીમેં નિવાજ કરે,
હંસરાજ આપસો નિવારિ કર્મ કો ફંદા. ૩૫

હંસરાજ.

દેવની સ્તુતિ, પૂજા, ભક્તિ, સ્મરણ તથા તેમનું પ્રસંગે પ્રસંગે ધ્યાન એ હૃદયને મેલ કાઢીને શુદ્ધ કરેછે માટે તેની આવશ્યક્તા માનીને દેવસ્તુતિ કરીને હૃદયને શુદ્ધ કરવામાં આવેછે. માટે હવે તે અંતઃકરણમાં મેલનો જમાવ ન થાય એ ધ્યાનમાં રાખવા સૂચના આપી આ દેવસ્તુતિ અધિકારની સમાપ્તિ કરવામાં આવેછે.

सम्यक्त्व-अधिकार.

દેવસ્તુતિ એ સમ્યકત્વ (શુદ્ધ શ્રદ્ધા) વિના ભાવવાળી હોઇ શકે નહીં માટે તેની અપેક્ષા માની અહીં તેનું વર્ણન કરવામાં આવ્યું છે.

દેવ, ધર્મ અને ગુરૂતત્ત્વની યથાર્થ શુદ્ધિ પ્રાપ્ત થવી, એ દ્રવ્ય સમ્યકત્વ કહેવાય છે તથા જે આત્મસ્વરૂપમાં રમણુ તે ભાવ સમ્યકત્વ કહેવાયછે અને બોધિબીજ પણ તેજ કહેવાયછે. એ સમ્યકત્વ પ્રાપ્ત થવાથીજ મનુષ્ય આર્હત ધર્મનો અધિકારી થઇ શકેછે. શ્રાવકત્વ અથવા જૈનત્વ પ્રાપ્ત કરવામાં સમ્યકત્વગુણુની પૂર્ણ અપેક્ષા રહેલી છે. જેના ત્રિવિધયોગ ઉપર સમ્યકત્વની શુદ્ધ છાપ પડી હોય તેજ મનુષ્ય ખરૂં ભવ્યત્વ મેળવીને આર્હતધર્મનો ઉપાસક થઈ અને ચતુર્વિધ પુરૂષાર્થ સાધી મુક્તિવધૂના પ્રેમનો પાત્ર બનેછે. એવા આર્હત ધર્મના મૂલસ્થાનરૂપ સમ્યકત્વ ગુણુનું મહાત્મ્ય દર્શાવવાને આ અધિકારનો આરંભ કરવામાં આવેછે.

સર્વ ધર્મોની અંદર સમ્યકત્વની પ્રધાનતા.

उपजाति.

सुरेषु शक्रो मनुजेषु चक्री, नगेषु मेरुर्द्युतिभृत्सु सूरः ।
तारासु चन्द्रो भुजगेषु शेषः, पयोनिधिः सर्वजलाशयेषु ॥ १ ॥

इन्द्रवज्रा.

रत्नेषु वृक्षेषु गवां गणेषु, चिन्तामणिः कल्पतरुर्धुधेनुः ।
एते यथा मुख्यपदं भजन्ति, धर्मेषु सम्यक्त्वमिदं तथैव ॥ २ ॥

युग्मम्.

જેમ દેવતાઓમાં ઇંદ્ર, મનુષ્યમાં ચક્રવર્તી, પર્વતોમાં મેરૂ, તેજસ્વીઓમાં સૂર્ય, તારાઓમાં ચંદ્ર, સર્પોમાં શેષનાગ, સર્વ જલાશયોમાં સમુદ્ર, રત્નોમાં ચિન્તામણિ, વૃક્ષોમાં કલ્પવૃક્ષ, ગાયોમાં કામધેનુ, મુખ્યપદને પામેછે, તેમ સર્વ ધર્મોમાં સમ્યકત્વ મુખ્યપદને પામેછે. ૧–૨.

ધાર્મિક ક્રિયાઓ સમ્યકત્વ સેવનની સાથેજ કલ્યાણકારી થાયછે.

उपजाति.

व्रतानि दानानि जिनार्चनानि, शास्त्राणि तीर्थानि गुणार्जनानि ।
क्रियाजपध्यानतपांसि सर्वे, सम्यक्त्वसेवासहितं शिवाय ॥ ३ ॥

વ્રતો, દાનો, જિનપૂજા, શાસ્ત્રો, તીર્થો, ગુણોનું ઉપાર્જન, ક્રિયા, જપ, ધ્યાન, અને તપ—એ સર્વ સમ્યકત્વની સેવાસહિત હોય તોજ કલ્યાણુને માટે થાયછે. ૩.

સમ્યક્ત્વનો પ્રભાવ.

इन्द्रवज्रा (४–५).

श्रीआदिनाथप्रमुखा जिनेन्द्राः, श्रीपुण्डरीकप्रमुखा मुनीन्द्राः ।
सौमङ्गलेयप्रमुखा नरेन्द्रा, मुक्तिङ्गता बोधिभवप्रभावात् ॥ ४ ॥

શ્રી આદિનાથ પ્રમુખ જિનેંદ્રો, શ્રી પુંડરીક ગણધર પ્રમુખ મુનિવરો અને સુમંગલાના પુત્ર ભરત પ્રમુખ રાજાઓ, સમ્યકત્વના પ્રભાવથી મોક્ષને પામ્યા છે. ૪.

ભવિષ્યમાં પણ સમ્યક્ત્વનો પ્રભાવ.

नारायणश्रेणिकमुख्यभूपाः, श्रीजैनधर्मप्रथितस्वरूपाः ।
तीर्थंकरत्वं प्रतिपाल्य मुक्तिं, यास्यन्ति सम्यक्त्वगुणेन सम्यक् ॥५॥

શ્રી જૈનધર્મમાં જેમનું સ્વરૂપ (વૃત્તાંત) પ્રસિદ્ધ છે, એવા કૃષ્ણવાસુદેવ અને શ્રેણિક વગેરે રાજાઓ સમ્યકત્વના ગુણથી તીર્થંકરપણાને પ્રાપ્ત કરી મોક્ષે જશે. ૫.

સ્વર્ગ અને મોક્ષનું સાધન સમ્યકત્વ પાલનજ છે.

उपजाति (६–७).

आदाय सम्यक्त्वमिदं गुरूणां, पार्श्वे जना ये प्रतिपालयन्ति ।
ते स्वर्गमोक्षाश्रयिणो भवन्ति, यथा पुरा श्रीनरवर्मभूपः ॥ ६ ॥

જેઓ ગુરૂની પાસે એ સમ્યકત્વને ગ્રહણ કરી યથાર્થ રીતે પાળેછે, તેઓ પૂર્વે થયેલા નરવર્મ રાજાની પેઠે સ્વર્ગ તથા મોક્ષના આશ્રિત બનેછે. ૬.

મનોરથો પૂર્ણ કરવામાં સમ્યકત્વનું સામર્થ્ય.

अस्मिन्हृदन्तः स्फुरति त्रिलोक्यां, तन्नास्ति यन्नोदयमेति सौख्यम् ।
अस्यैव सम्यक्त्वगुणस्य योगाज्जनाः शिवस्याश्रयिणो भवन्ति ॥ ७ ॥

એ સમ્યકત્વ હૃદયમાં સ્ફુરાયમાન થતાં આ ત્રણે લોકમાં એવું કોઇ પણ સુખ નથી કે જે પ્રાપ્ત ન થઇ શકે? એટલુંજ નહિ પણ એ સમ્યકત્વ ગુણના યોગથી લોકો મોક્ષના આશ્રયી બનેછે. ૭.

નિર્મળ બોધિબીજનાં ઉત્તમ ફળો.

इन्द्रवज्रा.

आरोप्य यो निर्मलबोधिबीजं, हृत्क्षेत्रभूम्यां सुविवेकतोयैः ।
वृद्धिं नयेत् भास्वरमाविलाससौभाग्यनैरोग्यफलं स भुङ्क्ते ॥ ८ ॥

જે મનુષ્ય પોતાના હૃદયરૂપી ક્ષેત્રમાં બોધિબીજને વાવી તેને વિવેકરૂપી જળવડે ઉછેરેછે, તે ઘણી લક્ષ્મીના વિલાસ, સૌભાગ્ય અને આરોગ્યનાં ફલ ભોગવેછે. ૮.

સમ્યક્ત્વ પ્રાપ્તિનું મૂળ અને ફળ.

उपजाति (९ थी १३).

बद्धायुषः स्युः कुगतौ न पूर्वं, तदास्य लब्ध्या कुगतिं प्रयान्ति ।
चिन्तामणौ चुम्बति पाणिपीठं, किं क्वापि दारिद्र्यदशा समेति ॥९॥

પૂર્વે દુર્ગતિનું આયુષ્ય જો ન બાંધ્યું હોય તો એ સમ્યકત્વની પ્રાપ્તિથી દુર્ગતિમાં જતા નથી. જેના હાથમાં ચિંતામણિરત્ન હોયછે, તે પુરૂષને શું દરિદ્રતાની દશા રહેછે? ૯.

ધર્મના પોષણમાં બોધિબીજ (સમ્યક્ત્વ) નું હેતુત્વ.

वातैर्यथा तृप्यति नागवर्गः, पयोभरैर्जीवति जीवलोकः ।
सुधाभरैर्हृष्यति देवलोको, धर्मं तथा पुष्यति बोधिबीजम् ॥ १० ॥

જેમ નાગવર્ગ વાયુથી તૃપ્ત થાયછે, જેમ જીવલોક પાણીથી જીવેછે અને જેમ દેવલોક અમૃતથી હર્ષ પામેછે, તેમ સમ્યકત્વ ધર્મનું પોષણ કરેછે. ૧૦.

મોક્ષપર્યંતની પ્રાપ્તિ પણ સમ્યક્ત્વથીજ થાયછે.

नादो विना ज्ञानमुपैति केवलं, नाकेवली स्यादलमस्य वर्णने ।
आशक्रमाचक्रिणमाशिवं यत्फलानि दत्ते विधिसेवनेन ॥ ११ ॥

नरवर्मचरित्र.

એ સમ્યકત્વવિના કેવલજ્ઞાન ઉત્પન્ન થતું નથી અને કેવળી પણ તેનું વર્ણન કરવાને સમર્થ થતા નથી. જે સમ્યકત્વને વિધિથી સેવવામાં આવે તો તે ઇંદ્રત્વ, ચક્રવર્તિત્વ અને મોક્ષસુધીનાં ફળ આપેછે. ૧૧.

ત્રણ તત્ત્વોની માગણી.

देवेषु देवोऽस्तु निरञ्जनो मे, गुरुर्गुरुष्वस्तु शमी दमी मे ।
धर्मेषु धर्मोऽस्तु दयापरो मे, त्रीण्येव तत्त्वानि भवे भवे मे ॥ १२ ॥

कस्यापि.

દેવોમાં જે નિરંજન દેવ હોય, તે દેવ, ગુરૂઓમાં જે શમદમવાળા ગુરૂ હોય તે અને ધર્મોમાં જે દયાધર્મ હોય તે-એ ત્રણે તત્ત્વો મને પ્રત્યેક ભવે પ્રાપ્ત થાઓ. ૧૨.

ખરો ધનવાન્ કોણ છે?

धनेन हीनोऽपि धनी मनुष्यो, यस्यास्ति सम्यक्त्वधनं प्रधानम् ।
धनी भवेदेकभवे सुखाय, भवे भवेऽनन्तसुखी सुदृष्टिः ॥ १३ ॥

જેની પાસે પ્રધાન એવું સમ્યકત્વરૂપી ધન છે, તે પુરૂષ નિર્ધન છતાં ધનવાન્ છે. જે ધનવાન્ હોયછે, તે એક ભવે સુખી થાયછે અને સમ્યગ્દૃષ્ટિ પુરૂષ તો ભવોભવ અનંત સુખવાળો થાયછે. ૧૩.

સમ્યકત્વનું અનુપમપણું.

इन्द्रवज्रा.

सम्यक्त्वरत्नान्न परं हि रत्नं, सम्यक्त्वमित्रान्न परं हि मित्रम् ।
सम्यक्त्वबन्धोर्न परो हि बन्धुः, सम्यक्त्वलाभान्न परो हि लाभः ॥१४॥

सूक्तिमुक्तावली.

સમ્યકત્વના જેવું બીજું કોઇ રત્ન નથી. સમ્યકત્વના જેવો બીજો કોઇ મિત્ર નથી, સમ્યકત્વના જેવો બીજો કોઇ બંધુ નથી અને સમ્યકત્વના જેવો બીજો કોઇ લાભ નથી. ૧૪.

સમ્યગ્દર્શનની દુર્લભતા.

वंशस्थ (१५ थी २०).

सुरेन्द्रनागेन्द्रनरेन्द्रसम्पदः, सुखेन सर्वा लभते भ्रमन्भवे ।
अशेषदुःखक्षयकारणं परं, न दर्शनं पावनमश्नुते जनः ॥ १५ ॥

આ સંસારમાં ભમતો એવો પ્રાણી ઇંદ્ર, નાગેંદ્ર, અને નરેંદ્રની સર્વ સંપત્તિઓ સુખે મેળવી શકેછે પરંતુ સર્વ દુઃખોના ક્ષયનું કારણરૂપ એવું પવિત્ર સમ્યગ્દર્શન સહેલાઇથી મેળવી શકતો નથી. ૧૫.

સમ્યક્ત્વ પ્રધાન જૈનમતનો પ્રભાવ.

विधाय यो जैनमतस्य रोचनं, मुहूर्तमप्येकमथो विमुञ्चति ।
अनन्तकालं भवदुःखसङ्गतिं, न सोऽपि जीवो लभते कथञ्चन ॥ १६ ॥

જે જીવ સમ્યકત્વ પ્રધાન જૈનમતને એક મુહૂર્ત (બે ઘડી)-વાર આચરી પછી તેને છોડી દેછે, તે જીવ પણ અનંતકાળ આ સંસારના દુઃખને કદી પણ પ્રાપ્ત થતો નથી. ૧૬.

આત્મહિત કરવામાં ઉદ્યત થયેલા મનુષ્યનું આચરણ.

लगन्ति दोषाः कथिताः कथञ्चन, प्रतप्तलोहे पतितं यथा पयः ।
न येषु तेषां व्रतिनां स्वदूषणं, निवेदयत्यात्महितोद्यतो जनः ॥ १७ ॥

તપેલા લોઢા ઉપર પડેલા જલની માફક જેમને શાસ્ત્રોક્ત દોષો લાગતા નથી, તેવા વ્રતધારી પુરૂષોની આગળ જે પોતાના દોષ જણાવેછે, તે મનુષ્ય આત્મહિત કરવામાં ઉદ્યમવાળો છે. ૧૭.

સમ્યક્ત્વ ધારણના ફળની અપ્રતિમતા.

दमो दया ध्यानमहिंसनं तपो, जितेन्द्रियत्वं विनयो नयस्तथा ।
ददाति नैतत्फलमङ्गधारिणां, यदत्र सम्यक्त्वमनिन्दितं धृतम् ॥ १८ ॥

જીવોને ધારણ કરેલું અનિંદિત સમ્યકત્વ જે ફળ આપેછે. તે ફળ દમ, દયા, ધ્યાન, અહિંસા, તપ, જિતેંદ્રિયપણું, વિનય અને નય પણ આપતા નથી. ૧૮.

સમ્યક્ત્વધારી પુરૂષ આપાતરમણીય સુખોની દરકાર કરતો નથી.

वरं निवासो नरकेऽपि देहिनां, विशुद्धसम्यक्त्वविभूषितात्मनाम् ।
दुरन्तमिथ्यात्वविषोपभोगिनां, न देवलोके वसतिर्विराजते ॥ १९ ॥

જેમનો આત્મા વિશુદ્ધ સમ્યકત્વથી વિભૂષિત છે, એવા પ્રાણીઓને કદી નરકમાં વસવું પડે તોપણ તે સારૂં છે અને નઠારા પરિણામવાળા મિથ્યાત્વરૂપી વિષનો ઉપભોગ કરનારા પ્રાણીઓ કદી દેવલોકમાં વસે તોપણ સારૂં નથી. ૧૯.

ધારણ કરેલું શુદ્ધ સમ્યક્ત્વ માણસને શા શા લાભ કરેછે.

तनोति धर्मं विधुनोति पातकं, ददाति सौख्यं विधुनोति बाधकम् ।
चिनोति मुक्तिं विनिहन्ति संसृतिं, जनस्य सम्यक्त्वमनिन्दितं धृतम् ॥२०॥

सुभाषितरत्नसन्दोह.

ધારણ કરેલું અનિંદિત–શુદ્ધ સમ્યકત્વ માણસના ધર્મને વિસ્તારેછે, પાપને દૂર કરેછે, તથા તેને સુખ આપેછે, તેમજ બાધા કરનારને ધ્રુજાવેછે, મુક્તિ મેળવી આપેછે. અને સંસારનો નાશ કરેછે. ૨૦.

સમ્યગ્દર્શનરૂપ અમૃત જળ કેવું છે?

मालिनी.

अतुलसुखनिधानं सर्वकल्याणबीजं, जननजलधिपोतं भव्यसत्वैकचिह्नम् ।
दुरिततरुकुठारः पुण्यतीर्थं प्रधानं, पिबत जितविपक्षं दर्शनाख्यं सुधाम्बु ॥२१॥

સમ્યગ્દર્શન નામે અમૃતજળ કે જે અનુપમ સુખનું નિધાનરૂપ છે. સર્વ કલ્યાણનું બીજ છે, સંસારસાગર તરવાનું વહાણ છે, ભવ્ય સત્વનું ચિન્હ છે, પાપરૂપી વૃક્ષોને કાપવાનો કુહાડો છે, શત્રુઓપર વિજય મેળવી આપનારૂં છે, અને પ્રધાન પુણ્ય તીર્થરૂપ છે, તેનું પાન કરો. ૨૧.

સમ્યકત્વ મેળવીને શ્રાવક કેવી સ્થિતિમાં આવેછે?

शार्दूलविक्रीडित.

यद्देवैरपि दुर्लभं च घटते येनोच्चयः श्रेयसां,
यन्मूलं जिनशासने सुकृतिनां यज्जीवितं शाश्वतम् ।
तत्सम्यक्त्वमवाप्य पूर्वपुरुषश्रीकामदेवादिव-
दीर्घायुः सुरमाननीयमहिमा श्राद्धो महर्द्धिर्भवेत् ॥ २२ ॥

सूक्तिमुक्तावली.

જે દેવતાઓને પણ દુર્લભ છે, જેનાથી કલ્યાણનો રાશિ પ્રાપ્ત થાયછે, જે જિનશાસનનું મૂળ છે, અને જે પુણ્યવાન મનુષ્યોનું શાશ્વત જીવનરૂપ છે, તેવા સમ્યકત્વને પ્રાપ્ત કરીને શ્રાવક પૂર્વના કામદેવાદિ શ્રાવકોની પેઠે દીર્ઘ આયુષ્યવાળો દેવતાઓએ માનવાયોગ્ય મહિમાવાળો અને મહાન્ ઋદ્ધિવાળો થાયછે. ૨૨.

સમ્યકત્વધારી પ્રાણી કેવો બને છે? તે વિષે ભાષા કાવ્ય.

મનહર.

એક ઇંદ્રિ આદિ જંતુ પંચ ઇંદ્રિપર જંતુ,
સવે એકરૂપ જ્ઞાન ચેતનાં કે ધારી હૈ,
દરબકી દૃષ્ટિ હેત કર્મ મલસૂં અચેત,
શુદ્ધ અવિરૂદ્ધ અવિચલ અવિકારી હૈ,

નિરાકાર નિરાધાર નિરાહાર નિરધાર,
પારગત બાની એહીરૂપ અવધારી હૈ,
યાહી ભાંતિ સરધાન ભાન અમલાન જાકો,
હંસરાજ સોઇપ્રાની સમકિત ધારી હૈ, ૨૩

હંસરાજ.

સમ્યક્ત્વ ધર્મનો રંગ કેવો લાગેછે?

જેનાં મૂળ જમીનમાં ઉંડા નહિ એવો છોડ,
ઉપાડીને બીજે રોપતાં સુખે રોપાય છે,
અતિ મૂળ ઉંડાં ઘાલી મોટું વધ્યું એવું વૃક્ષ,
ઉખડે ન ઉખાડે તો ત્યાંજ તે સુકાય છે,
તેમ જેને ધર્મતણી ઉપલી અસર હોય,
તેને બીજો સમજાવે તેમ સમજાયછે,
પણ જેને રગે રગે વ્યાપી રહ્યો ધર્મ રંગ,
ઉખડે ન ઉખડે તો નાસ્તિક તે થાયછે. ૨૪

દલપત.

સમકિતના પ્રભાવવિષે પ્રશ્નોત્તર.

*પ્રશ્ન—હે મહારાજ! જેનાથી જીવનાં સર્વ દુઃખ નાશ પામે એવા શુદ્ધ ધર્મને આપ પ્રકાશિત કરો, કે જેથી એ દુષ્ટ મિથ્યાત્વ દૂર જાય.

ઉત્તર—હે ભદ્ર! એ કહેવાનો અવસર હવે છે. કારણકે સમકિત પામ્યા શિવાય શુદ્ધ ધર્મની પ્રાપ્તિ થતી નથી. તેથી જીવ સમકિત કેમ પામેછે? તે પ્રથમ કહું છું—માર્ગાનુસારી જીવની ભવ્યતા પાકીને પ્રૌઢ શક્તિવાળી થાયછે અને તેથી તેને અપૂર્વ કરણના પરિણામની ધારા જાગૃત થાયછે. એટલે તે મિથ્યાત્વના મહા સહાયક, અનંત જન્મની રચનાને રચવાવાળા અનંતાનુબંધી ક્રોધ માન માયા લોભના ઉદયથી ઉપજતી અતિ સંક્લિષ્ટ રાગ દ્વેષરૂપ ગ્રંથિને છેદેછે. અનંતાનુબંધીની ચોકડીના ઉદયને બંધરૂપ પાપકર્મનો વિનાશ થવાથી મિથ્યાત્વનો ઉદય મંદ રસવાળો થઇ જાયછે, તેથી તેને શુદ્ધ ધર્મની પ્રાપ્તિ નિકટ આવેછે, એ અવસરે તે માર્ગાનુસારી આત્મા અનંતાનુબંધી કષાયના ઘરના રાગદ્વેષના ઉદયને વિનાશવાથી “અનિવૃત્તિ કરણ” નામના પરિણામવિશેષને પામેછે. તેણે કરીને તે આત્મા મિથ્યાત્વ મોહનીય કર્મના જેટલા દળીયા પોતાની સ્થિતિ પાકવાથી ઉદયભાવને પામ્યા હોયછે તેનો, અને જેટલા અંતર્મુહૂર્તમાં ઉદય પામવાને યોગ્ય દળીયા સત્તામાં હોયછે તેને ઉપર કહેલા પરિણામ વિશેષવડે આકર્ષીને ઉદયાવ-

* તત્ત્વવાર્તા.

ળીકામાં દાખલ કરી તેનો, એક અંતર્મુહૂર્તસુધી સમયે સમયે વિપાક ઉદયે ભોગવીને ક્ષય કરે તેથી એ શિવાયની શેષ દીર્ઘકાળસુધી ઉદયપણે વર્તવા યોગ્ય મિથ્યાત્વ મોહનીય કર્મની મોટી સત્તા જે જીવને છે તેનો ઉદય, પરિણામ વિશેષના જોરથી સર્વથા રૂંધાઇ જવાથી અંતર્મુહૂર્તસુધી મિથ્યાત્વનો સર્વથા અનુદય થાય. તે અવસરે તેને શુદ્ધ ધર્મમૂળ "ઓપશમિક" સમ્યકત્વપ્રાપ્ત થાય. તેનું નામ પ્રથમ શુદ્ધ ધર્મની પ્રાપ્તિ જાણવી. એ ઓપશમિક સમ્યગ્દર્શન તે મિથ્યાત્વમોહનીયનો ઉપશમ જાણવો, એટલે તેના ઉદયનો નાશ અને અનુદયનો રોધ, તેથી ઉત્પન્ન થયેલ આત્માદિક સર્વ તત્ત્વોની યથાર્થપણે સ્યાદ્વાદ મર્યાદાએ પ્રતીતિનો–સ્વરૂપ શ્રદ્ધારૂચિનો જનક આત્મભાવ જાણવો. તેથી એને જીવાદિ તત્ત્વોના સ્વરૂપનું શ્રવણ કરવાથી આત્માદિક પદાર્થોના સ્વરૂપની ઝળક ભાસમાન થાયછે. એટલે તેને કોઇ ઉપદેશક પુરૂષ અથવા ધર્મશાસ્ત્ર કે જે, જીવ પદાર્થને અરિહંતોએ ઉપદેશેલા આગમની રીતે કથંચિત્ નિત્ય, કથંચિત્ અનિત્ય, કથંચિંત્ શુભાશુભનો કર્ત્તા, તેનો ભોક્તા, અનાદિ ઉત્પાદ વ્યય ધ્રુવતાયુક્ત, સ્વભાવ સિદ્ધ ઇત્યાદિક રીતે કહે તે સંભવિત હોવાથી રૂચે; અને કોઇ ઉપદેશક અથવા શાસ્ત્ર જીવને સર્વથા અનુત્પન્ન અવિચલ, સદા સ્થિર એક સ્વભાવે નિત્ય અથવા સર્વથા ક્ષણ સાથે અનિત્ય, સર્વથા નાસ્તિ, સર્વથા સામાન્ય, સર્વથા વિશેષ, સર્વવ્યાપિ એક અથવા દેહાદિક શુભાશુભનો અકર્ત્તા, પ્રકૃતિ કૃતનો ભોગી, શરીરના એક દેશમાં રહેલો ઇત્યાદિ રૂપે કહેતો તે અસંભવિત હોવાથી સ્વભાવેજ ન રૂચે. તથા માર્ગાનુસારીપણામાં જે દેવગુરૂ પૂજાદિ તદ્હેતુ અનુષ્ઠાન હતા તે અમૃતાનુષ્ઠાન થઇ જાય, અને લોકદૃષ્ટિએ કરાતા યમનિયમાદિક સ્વરૂપ શુદ્ધ અનુષ્ઠાન તે એને પરમાર્થ વૃત્તિએ કરાતા અનુબંધ શુદ્ધ અનુષ્ઠાન થાય.

પછી ઉપશમ સમકિતરૂપ ગુણથી મોટી સ્થિતિવાળી મિથ્યાત્વ મોહનીયની પ્રકૃતિ જે સત્તામાં રહેલી છે. જે ઉદય ઉદીરણામાં આવી નથી, જેના સર્વ દળીયા દુષ્ટ રસથી ભરેલા છે. તેને ઉદયમાં આવ્યા અગાઉજ પરિણામ વિશેષના પ્રભાવથી શોધી કાઢે. એટલે તેની ત્રણ પ્રકારની રાશી કરે. તે આ રીતે–જેટલા દળીયામાંથી કિલષ્ટ રસનો ઉત્પાદક દુષ્ટ રસ સર્વથા નષ્ટ થઇ જાય તેનો પહેલો રાશિ તે "સમ્યકત્વપુંજ" અથવા શુદ્ધપુંજ, ઉદયમાં આવે તો તે જીવના સમ્યકત્વ ગુણનો ઘાત કરતો નથી, શુદ્ધ શ્રદ્ધા બની રહેછે. તેનું નામ સમકિતમોહનીય પણ કહેવાયછે. જે દળિયાઓનો દુષ્ટ રસ અર્ધ નષ્ટ થયો ને અર્ધ રહ્યો હોય તેનો રાશિ તે "મિશ્રપુંજ" મિશ્રમોહનીય અથવા અર્દ્ધશુદ્ધપુંજ. એ પુંજ ઉદયમાં આવે તો અંતર્મુહૂર્ત સુધી જીવ મિશ્રદૃષ્ટિવાળો રહે. એવા મિશ્રદૃષ્ટિવાળા જીવને જિનધર્મ ઉપર પ્રેમ પણ ન હોય ને દ્વેષ પણ ન હોય. જેમ દહીં ને ગોળ ભેગાં કરેલ હોય તો તેનો રસ ખાટો નહિ ને મીઠો પણ નહિ; અનેરા રસપણેજ પરિણમે તેમ આ મિશ્રદૃષ્ટિવાળો જીવ સમકિતી નહિ અને મિથ્યાત્વી પણ નહિ, એવો સમજવો; અને જે દળિયાઓમાંથી દુષ્ટ રસ

નષ્ટજ થયો ન હોય, જેવો ને તેવો કાયમ રહ્યો હોય તેનો રાશિ તે " મિથ્યાત્વપુંજ " અશુદ્ધપુંજ અથવા મિથ્યાત્વ મોહનીય, એના ઉદયથી જીવ સાદિ સાંત મિથ્યાદૃષ્ટિ થાય. કેમકે તે સમકિતથી પાડી દઈને મિથ્યાત્વ પમાડે. પણ તે અનાદિ મિથ્યાદૃષ્ટિથી કાંઇક ઉજ્વળ પરિણામી હોય, એને અનાદિની નિજ સ્વભાવભૂત કર્મબંધની યોગ્યતા બંધશક્તિમાં અનંતગુણી હીણી થાય. તેથી ગ્રંથિભેદની વખતે જેટલી સ્થિતિવાળા કર્મ તે બાંધતો હતો તે કરતાં અધિક સ્થિતિવાળાં કર્મ તે હવે મોક્ષ જવા પર્યંત બાંધે નહિ અને અર્ધ પુદ્ગળપરાવર્તનની અંદર અવશ્ય મોક્ષે જાય. આમ થવાથી જ્યારે સમકિતથી પડયો ને મિથ્યાત્વે આવ્યો ત્યારે તેની " સાદિ " થઇ અને ફરીને તેનો અંત કરી અવશ્ય સમકિત પામવાનો છે તેથી તેનું શાંતપણું થયું. તેથી ઉપર કહેવામાં આવ્યું છે કે અશુદ્ધપુંજના ઉદયથી જીવ સાદિ શાંત મિથ્યાત્વી હોય.

ઔપશમિક સમ્યકત્વની સ્થિતિ અંતર્મુહૂર્તનીજ હોયછે. તેથી તે સ્થિતિ પૂર્ણ થતાં જો શુદ્ધપુંજનો ઉદય થાય તો જીવ "ક્ષયોપશમિક" સમ્યગ્દૃષ્ટિ થાય. તે સ્થિતિમાં જો ઉત્કૃષ્ટપણે રહેતો અસંખ્યાતા કાળસુધી રહે અને ક્ષયોપશમ સમ્યકત્વમાં વર્તતાં કોઇક જીવ દેશવિરતિને પામે, કોઇક સર્વ વિરતિને પામે, કોઇક જીવ એ ત્રણે પુંજોનો ક્ષય કરી શુદ્ધ અપૌદ્ગળિક "ક્ષાયિક" સમકિત પામી, ક્ષપકશ્રેણીએ આરોહી, સકળ મોહનીય, અંતરાય, જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય એ ચાર કર્મનો ક્ષય કરી, વીતરાગ સર્વજ્ઞ થાય, અને પછી યોગ નિરોધ કરી સમગ્ર કર્મરહિત થઇ તેજ ભવે મોક્ષે જાય.

એ ત્રણે પ્રકારના સમ્યગ્દૃષ્ટિ જીવો વીતરાગ સર્વજ્ઞ અરિહંત દેવવિના અનેરા રાગી દ્વેષી છદ્મસ્થોને દેવ કરીને માન્ય કરે નહીં, શુદ્ધ જિનાગમના ઉપદેશક પંચ મહાવ્રતધારી નિરારંભી મુનિ વિના અનેરા ગૃહસ્થ પાર્શ્વસ્થાદિકોને ગુરૂભાવે માન્ય કરે નહિ, અને દયાવિશાળ, ષટ્કાયજીવોની હિંસાનો નિષેધક, સ્યાદ્વાદપણે સર્વ વસ્તુનો જ્ઞાપક અને વીતરાગ સર્વજ્ઞે ઉપદેશેલ—એવા ધર્મ વિના—આગમોક્ત ધર્મ વિના અન્ય યજ્ઞ યાજન, નદી સરોવર સમુદ્રાદિકમાં સ્નાન અને કન્યાગોભૂમિદાનાદિકને પુણ્ય હેતુપણે ઉપદેશક, મિથ્યાદૃષ્ટિ છદ્મસ્થપ્રણીત, એકાંત નિત્ય કે એકાંત અનિત્ય વસ્તુના જ્ઞાપક, એવા શાસ્ત્રોક્ત ધર્મોને ધર્મભાવે માન્ય કરે નહિ. અરિહંતાદિકથી અન્ય દેવગુરૂ ધર્મોને દેવપણે, ગુરૂપણે કે ધર્મપણે સર્દહવાથી અયથાર્થ શ્રદ્ધાન થાય, અને અશુદ્ધોને શુદ્ધ માનવાથી વિપર્યાસ દોષની પ્રાપ્તિ થાય. એટલે પોતે શુદ્ધ ન થાય, અને અશુદ્ધને મોક્ષ પ્રાપ્ત થાય નહિ. તેથી સમકિતી જીવો તેમને માન્ય કરે નહિ તેમજ તેમનાપર દ્વેષ પણ કરે નહિ

પ્રશ્ન—હે મહારાજ! તેને એવી સમજ શાથી પ્રાપ્ત થાય?

ઉત્તર—હે ભવ્ય! તેને મિથ્યાત્વનો ઉદય નથી તેથી શુદ્ધ ગુરૂ સન્મુખ સાંભળેલા સદુપદેશ ઉપર તેને રૂચિ જાગે, તેનાથી તેને એવી સમજણ પ્રાપ્ત થાય. પછી જો વિશિષ્ટ બુદ્ધિ પ્રાપ્ત થઇ હોય તો ગુરૂમુખે સાંભળેલા દેવગુરૂ ધર્મના

સ્વરૂપને અવલંબીને પોતે બંધ મોક્ષને અવિરોધીપણે પોતાના હૃદયમાં ચિંતવે અને દયાદિ તત્ત્વોનો અનુમાન જ્ઞાનથી નિશ્ચિત નિરધાર કરે તે બુદ્ધિશાળી હોવાથી કેઠ દર્શની આત્માદિક વસ્તુને સર્વથા નિત્ય ને અપરિણામી માનેછે તેમના સિદ્ધાંત પ્રમાણે બંધ મોક્ષજ ઘટી શકે નહિ એમ સ્વયં સમજી શકે. કેમકે જે સર્વથા નિત્ય હોય તે કોઇ પણ અન્ય સ્વભાવે ઉપજે વિણસે નહિ એટલે જો બંધ સ્વભાવે ઉપજે વિણસે નહિ તો મોક્ષ સ્વભાવે પણ ઉપજે વિણસે નહિ એટલે બંધ મોક્ષ બંનેનો અભાવ થાય. વળી અપરિણામી એવો જીવ જો બંધપણે પરિણમે નહિ તો મોક્ષપણે પણ પરિણમે નહિ એટલે બંધનું શુભાશુભ ફળ અને મોક્ષનું પરમાનંદ ફળ તેને પ્રાપ્ત થઈ શકે નહિ. જે દુર્બુદ્ધિભાવથી વિણસે તે સુબુદ્ધિ ભાવે ઉપજે, તેમ જે બંધ સ્વભાવથી અથવા સંસારસ્વભાવથી વિણસે તે મોક્ષસ્વભાવે ઉપજે પણ સર્વથા નિત્યને તો તે ઘટે નહિ. વળી જે પરિણામી હોય તેજ સર્વથા વિણસ્યા વિના ને સર્વથા ઉપજ્યા વિના જેમ દૂધ દધિપણે પરિણમે છે તેમ મૂળ વસ્તુજ ઉત્તરોત્તર અન્યરૂપે પરિણમે. એટલે સંસારી અશુદ્ધ જીવજ શુદ્ધ સ્વરૂપ બ્રહ્મપણે પરિણમે, પણ જો અપરિણામી હોય તો તેમ ઘટે નહિ. આ પ્રમાણે તે સમજી શકે અને તેથી એકાંત નિત્ય ને અપરિણામી જીવાદિકને માનનારાં દર્શનો બંધમોક્ષનાં વિરોધી છે એમ જાણે. તે સાથે એવા વિરોધી અશુદ્ધ તત્ત્વને કહેનારાના દેવગુરૂ પણ અશુદ્ધજ હોય એમ સમજી શકે તેજ રીતે પ્રકૃતિનેજ બંધમોક્ષ માનવાવાળા એટલે સર્વથા અનિત્ય માનવાવાળાને પણ બંધમોક્ષનો વિરોધ આવેછે એમ તે સમજી શકે અને સ્યાદ્વાદરૂપે વસ્તુ કહેનાર દર્શનનેજ શુદ્ધ માની તેનો સ્વીકાર કરે.

ગ્રંથિભેદ.

આત્મા અત્યંત—સહજ—સ્વસ્થતા પામે એજ સર્વ જ્ઞાનનો સાર શ્રી સર્વજ્ઞે કહ્યો છે.

અનાદિકાળથી જીવે અસ્વસ્થતા નિરંતર આરાધી છે; જેથી સ્વસ્થતા પ્રત્યે આવવું તેને દુર્ગમ પડેછે. શ્રી જિને એમ કહ્યું છે, કે યથા પ્રવૃત્તિકરણસુધી જીવ અનંતીવાર આવ્યો છે, પણ જે સમયે ગ્રંથિભેદ થવાસુધી આવવાનું થાય ત્યારે ક્ષોભ પામી પાછો સંસારપરિણામી થયા કર્યો છે. ગ્રંથિભેદ થવામાં જે વીર્યગતિ જોઇએ તે થવાને અર્થેજ જીવે નિત્ય પ્રત્યે સત્સમાગમ, સદ્વિચાર અને સદ્ગ્રંથનો પરિચય નિરંતરપણે કરવો શ્રેયભૂત છે.

*સમ્યગ્દર્શનનું આધુનિક ભાષાશૈલીએ સરલ દર્શન.

આ સંસારમાં સર્વ પ્રકારનાં દુઃખના બીજભૂત મિથ્યાદર્શન, મિથ્યાજ્ઞાન અને મિથ્યાચારિત્ર છે, અને સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર સર્વ

---

* સર્જન સન્મિત્ર.

પ્રકારના દુઃખનાં બીજને બાળી નાખી સુખના ઉચ્ચતમ પગથીએ સ્થાપનાર છે. દર્શનનું મિથ્યાપણું ટળી જતાં શનૈઃ શનૈઃ જ્ઞાન અને ચારિત્રનું મિથ્યાપણું વિલય થઇ જવુંજ જોઇએ, એ નિયમ છે, તેટલામાટે મોક્ષમાર્ગના પ્રવર્તક પુરૂષવર્યોએ માર્ગત્રયના વિધાનમાં સમ્યગ્દર્શનને પ્રથમ સ્થાન આપી, જ્ઞાન અને ચારિત્ર કરતાં તેને વિશેષ મહત્ત્વ આપ્યું છે; કોઇ ભાગ્યવાનને દર્શનનું સમ્યક્ત્વ પ્રાપ્ત થતાં, તેનું જ્ઞાન અને ચારિત્ર, યદ્યપિ ગમે તેટલા ન્યૂન અંશમાં હોય, તોપણ તે જ્ઞાન અને ચારિત્ર સમ્યક્ ગણાવા યોગ્ય છે; અને દર્શનના (સમ્યકત્વ) વિનાનો જ્ઞાનાવરણીય કર્મનો ગમે તેટલો ક્ષયોપશમ અને ચારિત્રનો ભાર ગર્દભની પીઠ ઉપરના ચંદનવજનની માફક અત્યંત ન્યૂન ફળને ઉત્પન્ન કરનાર થાયછે. સમ્યગ્દર્શનરહિત જ્ઞાન અને ચારિત્ર અમાસની રાત્રિમાં ઉડતા ખદ્યોતની માફક ભલે પ્રકાશવાળું જણાય, અજ્ઞાનીની દૃષ્ટિએ તે ભલે સૂર્યના જેવું પ્રભાવશાળી ગણાય, તથાપિ શાસ્ત્રદૃષ્ટિએ તે પ્રકાશ કિંમત વિનાનો છે. સમ્યગ્દર્શન એ મોક્ષરૂપી ફળને ઉત્પન્ન કરનાર વૃક્ષનું બીજ છે અને તે બીજને રોપ્યા સિવાય જ્ઞાન અને ચારિત્રરૂપી ગમે તેટલું જળ સિંચન કરવામાં આવે તોપણ ત્યાં વૃક્ષના આરોહણની આશા વ્યર્થ છે, અને તેટલા ભારે પ્રયત્નના પરિણામે માત્ર વગડાઉ વેલાઓ અને ઘાસજ ઉગી નીકળતું જોવામાં આવશે. જ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમની અથવા તો ચારિત્રથી ઉત્પન્ન થતા કષ્ટની પાછળ સમ્યક્ત્વ અનુસરવા બંધાયેલું નથી, કિંતુ સમ્યકત્વની પાછળ પૂર્વોક્ત ઉભય વસ્તુઓ ખેંચાઇ ઘસડાતી આવેછે અને એક સમય માત્રનો સમ્યગ્દર્શનનો સ્પર્શ આપણી ઇચ્છા હોય કે અનિચ્છા હોય તોપણ વધારેમાં વધારે અર્ધપુદ્ગલ પરાવર્તન કાલમાં મોક્ષમાં લઇ જાયછે, ટુંકામાં સમ્યગ્દર્શનનાં જે યશોગાન શાસ્ત્રમાં કર્યાં છે તેવાં ભાગ્યેજ બીજી કોઇ વસ્તુનાં કરેલાં જોઇ શકાશે. તેની પ્રાપ્તિને મોક્ષમાર્ગના ક્રમમાં બીજ નિક્ષેપરૂપે ગણી તેનું અત્યંત મહત્ત્વ અને ગૌરવ પદે પદે દર્શાવ્યું છે; સમ્યગ્દર્શનનો પ્રતિપક્ષી શબ્દ મિથ્યાદર્શન છે, આ જીવને અનાદિકાળથી જે કર્મસંબંધ છે, તે કર્મપૈકીના દર્શન મોહનામના કર્મના ઉદયથી જે અતત્ત્વ શ્રદ્ધાન થાયછે, તેને મિથ્યાદર્શન કહેવામાં આવેછે; પદાર્થ જેવા રૂપે અવસ્થિત છે તેવા રૂપે તેનો નિશ્ચય થવો તે સમ્યગ્દર્શન છે, અને જેવા રૂપે પદાર્થ અવસ્થિત નથી તેવા રૂપે તેનું દર્શન થવું તેને મિથ્યાદર્શન અથવા અતત્ત્વશ્રદ્ધાન કહેવામાં આવેછે. જો કે દર્શન શબ્દનો અર્થ સામાન્ય રીતે અવલોકન એવો થાયછે, પરંતુ આ સ્થળે પ્રકરણયોગે તેનો અર્થ શ્રદ્ધાન એવો થઇ શકે, કારણકે સામાન્ય અવલોકનરૂપ ક્રિયા કોઇ સંસારના મોક્ષ જેવા મહત્ત્વના વિષયમાં કારણરૂપ હોવી ઘટતી નથી, શ્રદ્ધાન એજ સંસારના મોક્ષનું કારણ હોવાથી આ સ્થળે દર્શનનો અર્થ શ્રદ્ધાનરૂપે જાણવો જરૂરનો છે, અને જે રૂપે વસ્તુ સ્વરૂપ નથી તેવે રૂપે તે વસ્તુનું શ્રદ્ધાન અથવા વિપરીત અભિનિવેશ તે મિથ્યાદર્શન છે, તત્ત્વાર્થાભિગમ ગ્રંથના બીજા સૂત્રમાં ભગવાન્ સૂત્રકારે સમ્યગ્દર્શનની વ્યાખ્યા

"**तत्त्वार्थश्रद्धानं सम्यग्दर्शनम्**" એ પ્રમાણે આપી છે, એટલે કે તત્ત્વાર્થનું શ્રદ્ધાન એજ સમ્યગ્દર્શન છે, પદાર્થ જે અવસ્થાએ અવસ્થિત છે, તેના તેવાપણાને જણાવવાને તત્ત્વ કહેવામાં આવેછે, અને તેનો જે નિશ્ચય કરવામાં આવે તેને અર્થ કહેવામાં આવેછે, એ ઉભયના સમુચ્ચય સ્વરૂપને તત્વાર્થ સંજ્ઞાથી ઓળખવામાં આવેછે, તાત્પર્ય એ છે કે જે પદાર્થ જે રૂપે અવસ્થિત છે, તેને તેવા પ્રકારે ગ્રહણ કરવામાં અથવા નિશ્ચય કરવામાં તત્ત્વાર્થસંજ્ઞા સફળ થાયછે, અને વિપરીત અર્થ ગ્રહણમાં અતત્ત્વાર્થ સફળ થાયછે. આ પ્રકારે સમ્યગ્દર્શનનો સર્વ આધાર તત્ત્વાર્થ શ્રદ્ધાન ઉપર સૂત્રકાર રાખેછે, અને પ્રાયઃ જગત્ ઉપરના સર્વ પ્રચલિત ધર્મમાં શ્રદ્ધાન ઉપર અત્યંત ભાર મૂકીને પદે પદે પ્રકારાંતર કરવામાં આવ્યું છે, જેમ જૈનદર્શનમાં શ્રદ્ધાનને આખા દર્શનના અધિકરણરૂપે મુકવામાં આવ્યું છે, તેમ ક્રાઇસ્ટે (ઇસુખ્રિસ્તે) પણ દર્શાવેલા મોક્ષમાર્ગની ઇમારતમાં શ્રદ્ધાનને પ્રથમ સ્થાન આપ્યું છે, (ફેઇથ) શ્રદ્ધાનને સર્વોપરી પદ આપી તેમણે પણ જૈનદર્શનની સાથે એક વાક્યતા સિદ્ધ કરી આપી છે, અને અન્ય સર્વ શાસ્ત્રોએ પ્રકારાંતરે તેવું મહત્ત્વ દર્શાવ્યું છે, પરંતુ આ કહેવાતા સુધારાના કાળમાં જેમ અનેક રહસ્યવાળા શબ્દોને અંગે રહેલો અર્થ લુપ્ત થઇ ગયો છે, તેમ શ્રદ્ધાન શબ્દોને અંગે રહેલું અત્યંત ગૂઢ અને મહાન્ રહસ્ય પણ લુપ્ત થઇ ગયું લાગેછે. સંગીત જેવી ઉત્તમ વિદ્યા જેમ વેશ્યાના હાથમાં જતાં, પ્રેમ વ્યભિચારીના હાથમાં જતાં અને ભક્તિ ભ્રમિત ચિત્તવાળાના હાથમાં જતાં, જેમ પોતાના સ્વરૂપમાં રહેલા રહસ્યને ગુમાવી બેસેછે, તેમ શ્રદ્ધાન પણ અવિવેકીના હાથમાં જતાં તેમાં રહેલા ઉત્તમ અર્થની અત્યંત અધમ પ્રકારે ક્ષતિ થયેલી જોવામાં આવેછે. સામાન્ય પ્રકારે શ્રદ્ધાન જે અર્થમાં જૈનીયો સમજેછે તે અર્થ શાસ્ત્રકારને સંમત હોય એવો સંભવ નથી. જે શ્રદ્ધાનનું ફળ મોક્ષપદ જેવું સર્વોત્તમ ફળ હોય તેનો અર્થ જનસમાજ જે પ્રકારે તે સમજેછે તે પ્રકારે હોવો સંભવતો નથી; આ કાળે ઘણે ભાગે શ્રદ્ધાનનો અર્થ માન્યતા (બીલીફ) એવો થતો જોવામાં આવેછે, "હું અમુક માનુંછું અમુક વાતમાટે કબુલ છે." "મને ફલાણી વસ્તુમાં શ્રદ્ધા છે, અમુક ગ્રંથમાં કહેલી વાત મારે માન્ય છે," અને તે સિવાય અનેક પ્રસંગે આપણે જે અર્થમાં માન્યતા સમજીએ છીએ; તેવા પ્રકારમાં શાસ્ત્રકારના શ્રદ્ધાનનો અર્થ પણ સમજીએ છીએ, અને જેવી રીતે વહેવારની અમુક હકીકતો આપણને માન્ય છે, અને તેને સાચી માનીએ છીએ તેમ શાસ્ત્રકારે કહેલી વસ્તુસ્થિતિ પણ માન્ય હોવામાં અને તેમ હશે એમ સ્વીકારવામાં આપણે શ્રદ્ધાનમાં રહેલા રહસ્યની પરિ સમાપ્તિ સમજીએ છીએ; તેમજ તેટલા સ્વીકારની સાથે આપણે શ્રદ્ધાનમાં રહેલા રહસ્યની પ્રાપ્તિ કલ્પી લેઇ મોક્ષની રાહ જોઇ બેઠા છીએ, પરંતુ તેટલા સ્વીકારમાં શાસ્ત્રકારો ચતુર્થ ગુણસ્થાનકનું જે ગૌરવ દર્શાવ્યું છે. તેનો સમાવેશ થાયછે કે કેમ અર્થાત્ તે સ્વીકાર શાસ્ત્રદૃષ્ટિએ સમ્મત છે કે કેમ? તેનો તો પાછું વળીને વિચાર કરતા નથી.

શ્રદ્ધાન અને માન્યતા એ જો કે એકજ વસ્તુની કળાઓ છે, તથાપિ પ્રથમ ઉત્કૃષ્ટ અને બીજી નિકૃષ્ટ પંક્તિની છે, શ્રદ્ધાન એ માન્યતા પરિપાક છે, તે મનુષ્યમાંથી દેવત્વ અને દેવત્વમાંથી ઇશ્વરત્વ પ્રગટ કરી શકેછે, જ્યારે માન્યતા ફકત મનુષ્યના મનનો અમુક પ્રકારનો ભાવજ સૂચવેછે અને કોઇ પણ પ્રકારના સ્પષ્ટ ફળને પ્રગટ કરી શકતી નથી. શ્રદ્ધાનનું રૂપાંતર તેને અનુરૂપ કાર્ય વહેલું મોડું થાયજ છે, પણ માન્યતા પ્રાયઃ સર્વ કાળ એકસરખીજ રહેછે. વસ્તુ સ્વરૂપ જે પ્રકારે શાસ્ત્રકારે કહ્યું છે, તેને તેવે પ્રકારે શ્રદ્ધવામાં અને માનવામાં વિશાળ અંતર છે, શ્રદ્ધાન થતાંની સાથેજ પર્યાયજ્ઞપ્તિ વિલય થઇ સ્વરૂપજ્ઞપ્તિમાં સ્થિતિ થાયછે, અર્થાત્ "હું શરીર નહિ પણ આત્મા છું," એવું અંતરના મર્મભાગમાં મનાયછે, જેવી અડગ શ્રદ્ધાથી "મારૂં નામ અમુક છે," "હું અમુકનો પુત્ર છું," "હું અમુક ગામનો રહીશ છું," એમ મનાયછે, તેવીજ અડગ શ્રદ્ધાથી હું આત્મા છું, મારૂં સ્વરૂપ પુદ્ગલસમૂહથી અત્યંત ભિન્ન છે, એમ માનવું જોઇએ. મન, બુદ્ધિ, ઇન્દ્રિયો, વગેરેમાંથી મમત્વબુદ્ધિનો વિલય શ્રદ્ધાન ઉદયના સાથે થવોજ જોઇએ અને તેમ ન થાય તો ચતુર્થ ગુણસ્થાનકમાં લાવી રોપનાર શાસ્ત્રકારની પ્રશંસાનો વિષય તે શ્રદ્ધાન નથી પરંતુ આપણા મનમાં કલ્પાયેલું માત્ર માન્યતાનું નિકૃષ્ટ પંક્તિનું સ્વરૂપ છે, એમ સમજવું જોઇએ, સર્વજ્ઞ પ્રભુએ જે સ્વરૂપ દર્શાવેલું છે તે તેવેજ પ્રકારે અચળ શ્રદ્ધાથી ગ્રહણ કરવું તેનું નામ શ્રદ્ધાન છે, "હું આત્મા છું, જડથી અસંગ છું. મારૂં અને પુદ્ગલનું સ્વરૂપ એકબીજાથી અત્યંત ભિન્ન છે," એમ શાસ્ત્રકાર આપણને શ્રદ્ધાન કરાવેછે, એ વાક્યનું જો આપણને શ્રદ્ધાન થાય તો આપણા જીવનનો ક્રમ આ ક્ષણથીજ તદ્દન ફરી જઇ નવજીવનમાં પ્રવેશ થવો જોઇએ. જે મમત્વ બુદ્ધિ શરીર, મન, બુદ્ધિ, અને ઇન્દ્રિયાદિકમાં હતી; તે તેમાંથી ઉઠી જઇ પોતાના સ્વરૂપમાં લય પામે, અર્થાત્ હું આત્મા છું એમ શ્રદ્ધાન થતાંની ક્ષણથીજ મનાયછે, પરંતુ ઉપરોકત વાતની જો માન્યતાજ બંધાય, તો તેથી આપણા જીવનમાં કશો મહત્ત્વનો ફેરફાર થતો નથી. જીવ અને પુદ્ગલ ભિન્ન હોય તો હવેથી હું તેમ માનીશ. જેમ જગત્ ઉપરની અનેક વસ્તુઓ અમુક અવસ્થાએ અવસ્થિત છે, એમ માનવામાં મને લેશમાત્ર હાનિ લાભ નથી, તેમ જીવ અને જડ જૂદા હોય તોપણ મને તેમ માનવામાં કશોજ લાભ કે હાનિ નથી, અહીંથી મંગળનો ગ્રહ પાંચસો કોશ દૂર આજે મનાતો હોય અને કાલે કોઇ વિજ્ઞાનશાસ્ત્રી પાંચ લાખ કોશ દૂર હોવાનું સાબીત કરે, તો જેમ તે ગ્રહ પાંચસે અથવા પાંચ લાખ કોસ દૂર હોવાનું માનવામાં મને લાભ કે હાનિ નથી તેમ જડ અને જીવ જૂદા હોય તેમ માનવામાં પણ મુને નફોનુકશાન નથી. આવા પ્રકારની નિર્જીવ અને પાકેલ માન્યતાનો શાસ્ત્રકારે કહેલા શ્રદ્ધાન સાથે કશો સંબંધ નથી, અને તેમ છતાં આજે જનસમાજની દૃષ્ટિએ શ્રદ્ધાનનું સ્વરૂપ ઉપર જણાવી ગયા તેવી માન્યતાવાળું થઇ પડયું છે, મનુષ્યોનો મોટો ભાગ વસ્તુ સ્વરૂપને પોતાની બુદ્ધિનાં ધોરણ ઉપર

કલ્પી તેનો તેવે પ્રકારે નિશ્ચય કરેછે, પરંતુ સંસારમોક્ષ જેવા અગત્યના વિષયમાં આવી ભ્રમણાથી જેમ બને તેમ તુરત મુકત થવું એ દરેક જૈનને આવશ્યક છે:—

આ શંકા:—આ સ્થળે એવી શંકા આવવી સંભવિત છે કે વસ્તુ સ્વરૂપનો સંપૂર્ણ નિશ્ચય તો કેવળ જ્ઞાનવિના થઇ શકે તેમ તો નથી, તો પછી મિથ્યાદર્શનનો ત્યાગ, અને વસ્તુસ્વરૂપનો સદ્નિશ્ચય કેમ થઇ શકે? એનું સમાધાન આ પ્રમાણે છે:—પદાર્થનું જ્ઞાન અજ્ઞાન અથવા વિપરીત જ્ઞાન તો જ્ઞાનાવરણીયના ક્ષયોપશમ ઉપર આધાર રાખેછે, પરંતુ સમ્યગ્દર્શનનો આધાર તે શાસ્ત્રકારે દર્શન મોહનીય કર્મના ક્ષયોપશમ ક્ષાયક તથા ઉપશમ ઉપર રાખેલો છે. મોક્ષમાર્ગમાં પ્રયોજનભૂત પદાર્થોનું યથાર્થ અથવા અયથાર્થ જ્ઞાન જ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમને, અવલંબી રહેલું છે; જ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમથી પ્રગટ થયેલું જ્ઞાન સમ્યગ્દૃષ્ટિના અભિધાનને પ્રાપ્ત કરાવી શકતું નથી. માત્ર પ્રયોજનભૂત પદાર્થોનું જ્ઞાન સમ્યગ્દૃષ્ટિના અભિધાનને પ્રાપ્ત કરી શકેછે; અલબત, સમ્યકત્વ પ્રાપ્તિમાટે જ્ઞાનાવરણીયના ક્ષયોપશમની અપેક્ષા છે, પરંતુ તેટલો તેટલો ક્ષયોપશમ તો સર્વ પંચેંદ્રિય જીવોને હોયજ છે; દર્શનમોહ વ્યતીત થવામાટે જ્ઞાનાવરણીય કર્મને ક્ષયોપશમ સમ્યકત્વ પ્રાપ્તિમાટે શાક્ષાત્ હેતુભૂત થતો નથી; દ્રવ્યલિંગી મુનિ અગિયાર અંગપર્યંત ભણે તોપણ તે જ્ઞાન પ્રયોજનભૂત પદાર્થોના શ્રદ્ધાનરહિત હોય તો મિથ્યાજ છે; અને સંજ્ઞિતિર્યચાદિકના જ્ઞાનાવરણીય ક્ષયોપશમ ન્યૂન હોય તોપણ પ્રયોજનભૂત પદાર્થોના શ્રદ્ધાનસહિત હોવાના હેતુથી તે સમ્યગ્દર્શનના હેતુભૂતજ છે. આ ઉપર જ્ઞાની મહારાજ કહેછે કે—

સમકિત વિણ નવ પૂરવી, અજ્ઞાની કહેવાય;
સમકિત વિણ સંસારમાં, અરહો પરહો અથડાય.　　૧

સમકિત અડપવયણ ઘણી, પણ જ્ઞાની કહેવાય;
અર્દ્ધ પુદ્ગલ પરાવર્તમાં, સકલ કરમ ક્ષય જાય.　　૨

જ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમને અનુસરીને શ્રદ્ધાનની પ્રાપ્તિ નથી; દર્શન મોહના ઉદયથીજ મિથ્યાદર્શન, અને તેના વિલયથી પ્રયોજનભૂત પદાર્થોનું શ્રદ્ધાન અથવા સમ્યકત્વ પ્રાપ્ત થાયછે; આ જગત્માં પ્રયોજનભૂત પદાર્થ માત્ર એકજ અને તે એજ કે સુખનો યોગ અને દુઃખની આત્યંતિક નિવૃત્તિ; તે સિવાય સર્વ કોઇ પદાર્થ અપ્રયોજનભૂત અને નિષ્ફળ છે; તે પ્રયોજનભૂત વસ્તુની સિદ્ધિમાટે જીવ–અજીવ આદિના સત્ય શ્રદ્ધાનની જરૂર છે, કેમકે જ્યાંસુધી પોતે કોણ છે, અને પર કોણ છે, એ જણાયું નથી, ત્યાંસુધી સુખનો ઉપાય કોને વાસ્તે શોધાય? મિથ્યાત્ત્વના યોગે આત્મા અને કર્મનો સંયોગ તે બંધ, અને બંધનું કારણ આશ્રવ, ને આશ્રવનો અભાવ તે સંવર, અને કથંચિત્ કર્મનો અભાવ તે નિર્જરા, અને સર્વથા, કર્મનો અભાવ તે મોક્ષ, એમ પરંપર અવલંબનભૂત ઉત્તરોત્તર,

તત્ત્વોનું જ્ઞાન એજ પ્રયોજનભૂત અને તેનું સત્ય શ્રદ્ધાન તે સમ્યકત્વ છે, સર્વ દુઃખની નિવૃત્તિનો એકજ ઉપાય છે અને તે ઉપર જણાવ્યા તે પ્રયોજનભૂત તત્ત્વોનું સત્ય શ્રદ્ધાન છે. તે વિનાનું સર્વ પ્રકારનું જ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમ જન્ય જ્ઞાન, અને નાના વિધ દુષ્કર ચારિત્ર અંકરહિત શૂન્ય જેવા નિષ્ફળ છે, પુણ્ય પાપાદિક ઉપરોક્ત સાત તત્ત્વના ભેદ વિશેષ છે, અને તેનું જ્ઞાન પણ, પરંપરાએ પ્રયોજનભૂત ગણી શકાય, કેમકે સામાન્ય કરતાં વિશેષ અધિક બળવાન તેમજ સત્વર ફળને ઉત્પન્ન કરનાર હોય, એ નિયમ છે, ઉપરોક્ત પ્રયોજનભૂત જ્ઞાનની પ્રાપ્તિમાટે સર્વ સંજ્ઞિ પંચેંદ્રિય જીવો અને તિર્યંચોને હોયછે, તે કરતાં વિશેષ જ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમની કશી અગત્ય નથી; પ્રયોજનભૂત જ્ઞાનની પ્રાપ્તિમાટે માત્ર અમુક પ્રકારની ભ્રાંતિને નિવારવા સિવાય અન્ય કશુંજ કરવાનું નથી; "હું કોણ છું?" "મારૂં સ્વરૂપ શું છે?" હું જેના વિષે મારાપણાનો દાવો રાખું છું, તે વસ્તુતઃ મારૂં છે કે કેમ?" વર્ગણાકોના સંબંધે છે? તે રાખવા યોગ્ય છે કે પરિહરવા યોગ્ય છે? ઇત્યાદિ વસ્તુ વિચારનો શાસ્ત્રીય દૃષ્ટિએ વિચાર કરતાં પ્રયોજનભૂત જ્ઞાન ઉપરના આવરણીયરૂપ ભ્રાંતિનો તુરત વિલય થઇ જાયછે, અને તે ભ્રાંતિરહિત સ્વરૂપદશાજ શાસ્ત્રદૃષ્ટિએ સમ્યકત્વ છે; વિચારદૃષ્ટિ ખુલતાં સમ્યકત્વની પ્રાપ્તિ સાવ સહેલી અને કોઇ પણ પ્રકારના આયાસ વિના સિદ્ધ કરી શકાય તેવી બાબત છે, છતાં મનુષ્યોએ આજે તેને અત્યંત દુષ્કર અને અપ્રાપ્યવત્ કરી મૂકી છે; ખરૂં કહીયે તો શાસ્ત્રકારે મોક્ષના ઉમેદવારોમાટે સરકારી સિવિલસર્વિસ જેવી ભારે પરીક્ષાઓ અથવા કસોટીઓ મૂકીજ નથી, કાંઇ પણ પ્રયત્ન જેવું તે માર્ગમાં કશુંજ નથીજ. જો કાંઇ તેવું ભાસતું હોય તો તે ભ્રાંતિને લઇને ભાસે છે; શાસ્ત્રકારનો માર્ગ કાંઇ પણ કરવાની દિશાભણી દોરવા કરતાં ન કરવાની દિશાભણી દોરવાનો અધિક છે; જે કાંઇ કર્ત્તૃત્વોપદેશ આપણી દૃષ્ટિએ ભાસેછે તે આપણી દૃષ્ટિદોષને લઇનેજ છે; અત્યંત શાંતિ, અકર્ત્તૃત્વ, અચળતા, સ્વરૂપવિલય, અને તેવાજ નિષ્ક્રયત્વ ભાવને સૂચવનારા સિદ્ધાંતોનું મોક્ષક્રમમાં આદિ સ્થાન છે; ટુંકમાં કહીયે તો, પ્રયોજનભૂત પદાર્થોનું જ્ઞાનજ પરંપરાએ સર્વજ્ઞત્વને આપનારૂં અને સર્વ પ્રકારની ઉચ્ચતમ સિદ્ધિપદમાં સ્થાપનાર થાય છે:

પ્રશ્નઃ—જે સમ્યક્ત્વ રત્નને શાસ્ત્રમાં સ્થળે સ્થળે મહા દુર્લભ અને અતિ અમૂલ્ય કહ્યું છે તેને તમે માત્ર, મિથ્યા ભ્રાંતિ ટળવાથી અતિ સુગમ અને સાવ સહેલું અને સસ્તું બતાવોછો તે કેમ? વળી કહ્યું છે કે:—

દ્રવ્યલિંગ અનંતાં ધર્યાં, ક્રિયા કરી ફળ નવી લદ્ધ;
શુદ્ધ ક્રિયા તો સંપજે, પુદ્ગલ આ વર્તન અદ્ધ. ૧

આમ કહ્યું છે તેનું કેમ?

ઉત્તર:—સમ્યકત્વની પ્રાપ્તિમાં ખરેખરૂં જરૂરનું સપ્ત તત્ત્વનું યથાર્થ જ્ઞાન છે; શાસ્ત્ર બોધપૂર્વક શ્રદ્ધાનયુક્ત જિનાજ્ઞાનુસાર ગુરૂગમ્ય શુદ્ધ ક્ષયોપશમજ્ઞાનજ

ખાસ પ્રયોજનભૂત છે; ભ્રાંતિ એજ મિથ્યાત્વ, અને વસ્તુનો યથાર્થ બોધ તે સમ્યકત્વ છે; કેમકે આ જગત્માં ભ્રાંતિથીજ એક વસ્તુમાં અન્યત્વનો આરોપ થાયછે, આત્મામાં અનાત્મનો અને અનાત્મામાં આત્માનો આરોપ, તેમજ તે આરોપનાં અનેક પ્રકારનાં સ્વરૂપો માત્ર ભ્રાંતિને લઇનેજ પ્રકટેછે. આત્મા ઉપરથી ભ્રાંતિનું આવરણ ન્યૂન અંશમાં ખસી જવું તેજ સમ્યકત્વ છે: અને અભ્રાંતિ થયેલ ન્યૂન અંશ, સર્વાંશ ને ભ્રાંતિરહિત પદે અર્થાત્ કૈવલ્ય કોટિમાં લાવી મૂકે છે; વસ્ત્રનો એકજ તાંતણો સળગાવતાં જેમ ધીમે ધીમે આખું વસ્ત્ર ભસ્મીભૂત થાયછે, તેમ આત્મભ્રાંતિનું આવરણ એક અંશમાં ખસી જતાં સર્વ આવરણ વિલય થઇ જવા યોગ્ય છે: બીજનો ચંદ્ર જેમ ક્રમે ક્રમે પૂર્ણિમાના ચંદ્રમામાં રૂપાંતર પામેછે તેમ ભ્રાંતિના વિલય થકી બીજજ્ઞાન ક્રમે ક્રમે કૈવલ્યનો પ્રાપ્ત થવા યોગ્ય છે, અને એટલાજ માટે સમ્યકત્વને શાસ્ત્રકારોએ તેને બીજ જ્ઞાનના નામથી એટલે આવી રીતે પરમ રહસ્યમય સંકેત માર્મિક રીતે સ્પષ્ટ કર્યો છે; હવે પૂર્વોક્ત ભ્રાંતિ જે અનાદિકાળથી જીવને પુદ્ગલિક પદાર્થોને વિષે આરોપિત સુખના ભ્રમરૂપ, માયારૂપ, મોહવિકળતારૂપ, વર્તિ રહી છે, અને જેને યોગે આ જીવ જન્મમરણરૂપ અનંત વ્યાધિને જે અનાદિની ભૂલને લીધે ભોગવી રહ્યા છે, તેનું કાંઇક સ્વરૂપ વિચારીએ :—મિથ્યાત્વ શ્રદ્ધાનથી, નિત્યવસ્તુને અનિત્ય, અને અનિત્યવસ્તુને નિત્ય માનેછે, પોતાથી ભિન્ન છે તેને અભિન્ન માનેછે, દુઃખના કારણને સુખનું કારણ અને સુખના હેતુને દુઃખનો હેતુ માનેછે, આવા અયથાર્થ શ્રદ્ધાજન્ય મોહોદયથી ઉપજતા કષાયભાવને પોતાનો સ્વભાવ માનેછે, કષાયભાવ પોતાના જ્ઞાનદર્શનોપયોગથી ભિન્ન ભાસતો નથી; તેનું કારણ એજ છે કે મિથ્યાત્વના આશ્રય, (ચારિત્ર) જ્ઞાન, અને દર્શન, એ ત્રણેનો આધારભૂત એકજ આત્મા છે, અને એ ત્રણનું પારેણુ મન એકજ સમયે થતું હોવાથી તેનું ભિન્નપણું તેને જણાતું નથી; મિથ્યાદર્શનનું બળ જ્યાંસુધી પ્રવર્તતું હોય ત્યાંસુધી ક્રિયા અને જ્ઞાન દર્શનોપ્રયોગનું હોવું સંભવતું નથી, અને મિથ્યાત્વજનિત કષાયભાવની આકુળતાને લીધે આ જીવને વર્તમાન સમયે નિમિત્તભૂત પદાર્થોમાં સુખદુઃખદાયકપણાનું ભાન થયા કરેછે, પોતાના મિથ્યાત્વ કષાયભાવથી ઉત્પન્ન થયેલાં દુઃખનો આરોપ પોતાની ઇચ્છાનુસાર પદાર્થમાં કરેછે: દુઃખ તો ખરી રીતે ક્રોધથી પેદા થાયછે; પરંતુ પોતાના ક્રોધથી ઉત્પન્ન થયેલા દુઃખનો હેતુ, જે ક્રોધ છે તેને બદલે ક્રોધના નિમિત્ત કારણને દુઃખદાતા માનેછે, તેજ પ્રમાણે લોભ, માન, માયા, વિષય, કદાગ્રહ, ઇર્ષ્યા, મત્સરાદિ દોષોજ પોતાને દુઃખના ખરા કારણ છે, તેને ન દેખતાં મિથ્યાત્વના જોરે એટલે અનાદિ કાળની પરવસ્તુને પરપુદ્ગલિક દેહાદિભાવને વિષે, મારાપણાની બુદ્ધિને યોગે, નિમિત્તોને દુઃખના હેતુ માનેછે, મૂર્ખ મનુષ્ય, પોતાના ઉપર લાકડાનો પ્રહાર કરનારને નહિ કરડતાં જેનાથી પ્રહાર થયો છે, તેવી નિમિતભૂત લાકડીને કરડવા દોડનાર, શ્વાનના જેવી ચેષ્ટા દર્શાવેછે, આવી ભ્રમિત દશાનો ત્યાગ કરીને સમ્યગ્દષ્ટિ મહા

ત્માઓ સિંહની દૃષ્ટિએ નિમિત્તને તો નિમિત્તરૂપ સમજીને પોતાના દુઃખનો મૂળકર્ત્તા તથા દાતા તો પોતેજ છે, એમ સમ્યગ્જ્ઞાનના યોગે સ્પષ્ટ દેખેછે, તેથી તેમને મિથ્યાત્વથી થતા અનેક ક્લેશોથી મુક્તિ મળવાસાથે પૂર્વકૃત સમસ્ત અશુભ કર્મોનો વિલય થઇ ક્રમે ક્રમે શુદ્ધ પરમાત્મસ્વરૂપ પ્રત્યે તે મહાત્માઓની શુદ્ધ સમ્યકત્વગુણની વ્યક્તિરૂપ પ્રબળ સમ્યક્દૃષ્ટિજ પ્રાપ્ત કરાવેછે, આવો સમ્યકત્વરત્નનો પ્રભાવ છે, તે એક અપેક્ષાએ જોતાં, એટલે વિવેકદૃષ્ટિએ નીરખતાં આ કાળમાં પણ અત્યંત દુર્લભ એવું જે સમ્યકત્વ તે સાવ સુલભ છે, માટે આત્માથી સદ્ગુરૂના સમાગમમાં ઉત્તમ પ્રાણીઓએ પ્રથમ આવશ્યક. વિવેકજ્ઞાન, કરવા યોગ્ય છે, અને તે વિવેકજ્ઞાન તેજ સમ્યકત્વ છે, અને સમ્યકત્વ તેજ મુનિભાવ છે, અને મુનિભાવ તેજ સમ્યકત્વ છે; માટે દેહ, ગેહ, ધનાદિ પરવસ્તુને વિષે સુખની ભ્રાંતિનો ત્યાગ કરાવનાર આ મહાન્ અમૂલ્ય રત્ન, ધર્મનો મૂળ પાયો, સર્વ ગુણોનો શિરદાર, ગુણમોક્ષફળના બીજભૂત જે આ સમ્યકત્વ છે, તેની પ્રાપ્તિને અર્થે પ્રથમ પ્રયાસ કરવો ઘટેછે; સકલ દુઃખરહિત થવામાટે આત્મા અર્થી સમ્યક્દૃષ્ટિ મહાત્માઓનો ઉદ્યમ થઇ રહ્યો છે, અને તેમનો ઉપદેશ પણ સકલ દુઃખ નાશકારી, નિર્વાણરૂપ આત્મશાન્તિ પામવાનોજ હોયછે; હવે તે શાંતિ પામવાનું પરમ સાધન આત્માભિમુખ અંતર્દષ્ટિ, અને બાહ્યપ્રવૃત્તિમાં તેજ અંતર્દષ્ટિપૂર્વક જિનાજ્ઞાનુસાર જયણા છે. આ અંતર્દષ્ટિ અને જયણા એ બેઉ સમ્યકત્વધારી આત્મજ્ઞાનીઓમાં પ્રધાનપણે હોયછે; સાધકે, દરેક ક્રિયા કરતાં, જયણા રાખવી જોઇએ, એટલે અંતર્મુખ ઉપયોગ ભૂલવો નહિ જોઇએ, જે અંતર્મુખ ઉપયોગરૂપ જયણા ભૂલેછે. તે પાપ બાંધેછે; આત્મા સન્મુખ ઉપયોગ રાખ્યા વિના એટલે સ્વપર ભેદજ્ઞાનની દૃષ્ટિ વિના ચાલવું, બોલવું, ખાવું, પીવું, સુવું, સારણાવારણાદિક સર્વ ક્રિયામાં પાપ બાંધેછે, જેનાં ફળ કડવાં છે, દરેક ક્રિયામાં આત્માભિમુખ વૃત્તિ રાખવી જોઇએ, બહિર્દષ્ટિથી ક્રિયા કરનાર બહિરાત્માઓને શાસ્ત્રમાં અઘરૂપ એટલે પાપાત્માઓ કહ્યા છે, કેમકે તેઓને એકાંત પરપુદ્ગલિક ભાવોની મોહિત દૃષ્ટિને લીધે પોતાનોજ બંધ પડયા કરેછે, નિરંતર વિષયકષાયત્રાસિત મન, વચન, કાયાના યોગ રહેવાથી પરિણામ પણ પ્રાયેણ મલિનજ રહેછે અને તેથી તે મલિન વાસના દૃઢ થવાથી અંતકાળે પણ તેજ નિષ્ઠુર મોહજનિત પ્રબળ ભવ વાસનાનો ઉદય થાયછે, જે, તે પ્રાણીને અધોગતિમાં ખેંચી જાયછે; અને આવીજ રીતે આ સંસારી જીવ, સમ્યગ્જ્ઞાનપૂર્વક શુદ્ધ ક્ષયોપશમાનુસાર સમ્યગ્દૃષ્ટિ તથા સમ્યગ્જયણાની પ્રવૃત્તિ વિના અનંતા અનંતકાળ વ્યર્થ ભ્રમણા કરી રહ્યો છે, બાહ્યદૃષ્ટિ જીવ છકાયની રક્ષા પણ કરી શકતો નથી, જે પોતાનીજ રક્ષા કરતો નથી તે છકાયની રક્ષા શીરીતે કરી શકે? અને સકલ ક્રિયામાં વિચરતાં છતાં અંતર ઉપયોગ ભૂલતો નથી તે પાપરૂપ નૂતન રચતો કે બાંધતો નથી, જ્યાં બહિર્દષ્ટિ છે, ત્યાંજ કલ્પના કે પાપ બંધ છે, અને જ્યાં અંતર્દષ્ટિ છે ત્યાં સંકલ્પ વિકલ્પોની જાળ નહિ

હોવાથી તજ્જનિત પાપ તો હોયજ ક્યાંથી ? ભગવાન્ સૂત્રકાર પણ સમદષ્ટિ જીવોમાટે ફરમાવેછે કે, બહિર્દષ્ટિનો ત્યાગ કરી સમસ્ત જગતથી ઉદાસીન ભાવે વર્તી સર્વ પ્રાણીમાત્રને આત્મવત્ લેખવતાં થકાં નિજ સ્વરૂપમાં સદા મગ્ન રહેવું; આથી સમજાયું હશે કે પ્રથમ આત્મા અનાત્માનું જ્ઞાન થાય પછીજ ષટ્ જીવ નિકાયને વિષે દયા થાય, આત્મજ્ઞાનસહિત દયા પાળવાથી તે સાધક અથવા સાધુ સર્વ પ્રકારે સંયત થાયછે; માટે આત્મજ્ઞાનનેજ સર્વથી પ્રથમ પદ આપવું ઘટેછે, તે માટે સમસ્ત ઉપાય પ્રયુંજવા ઘટેછે, અને જે કોઇએ યુક્તિ, અનુભવ, શાસ્ત્રશ્રવણ કે અભ્યાસ, એ ત્રણ અથવા તે ત્રણમાંથી ગમે તે એકદ્વારા પણ જ્ઞાન મેળવ્યું હશે તો તે તેટલે દરજ્જે સત્યાસત્ય સમજીને સત્ય વસ્તુનુંજ ગ્રહણ કરશે; માટે આત્માર્થી ભવ્યપ્રાણીઓએ યથાર્થ જ્ઞાનપૂર્વક જયણાનુસાર શ્રીજિનેશ્વર ભગવંતની આજ્ઞા સમ્યક્ પ્રકારે પાળવામાટે તેમનું ભાખેલું અત્યંત અમૂલ્ય બોધિરત્ન જે સમ્યકત્વ, તેની પ્રાપ્તિ સદ્ગુરૂગમ્ય કરવાનો નિરંતર ઉદ્યમ રાખવો. તથાસ્તુ. કિંબહુના.

* સંસારમાં આત્માર્થી સમ્યક્દષ્ટિ જીવનો વ્યવહાર.

દૃષ્ટાંત—એક સુમતિચંદ્ર કરીને વિજયપુર નગરમાં ધનાઢ્ય વ્યાપારી પોતાની એક સુશીલ પત્ની તથા એક બાળક પુત્રસાથે સુખે રહેતો હતો; શેઠ પૈસેટકે સુખી, નીતિવાન્, પરોપકારી અને ન્યાયી હોવાથી શહેરમાં તેની મોટી આબરૂ હતી, તથા રાજ્યમાં પણ તેનું ઘણું સારૂં માન હતું; એકદા દૈવયોગે અશુભ કર્મના ઉદયે શેઠે એક મોહજનિત ભૂલ કરી તે એ કે, શહેરમાં બળેવના મહોટા મેળા વખતે, પોતાના પાંચ-સાત વરસની ઉમ્મરના બાળકને આઠથી દશ હજારના દાગીના–ઝવેરાત પહેરાવીને, શેઠજી એક નોકરસાથે મેળામાં પત્નીસહિત ફરવા નીકળ્યા, ત્યાં કોઇક સ્થળે કોઇ ગમત, રમતમાં, કે સુંદર દેખાવ જોઇને બાળક ત્યાં ઉભો રહ્યો, જે વખતે તેનાં માબાપ થોડે આગળ નિકળી ગયાં હતાં, અને નોકરની નજર પણ મેળામાં આસપાસ તલ્લીન હોવાથી બાળક ઉપર કોઇનું પણ ધ્યાન બરોબર રહ્યું નહિ. તેજ અરસામાં કોઇ એક ઉઠાવગીર શેહેરી બદમાસ, જે, તે બાળકની પૂઠેને પૂઠેજ લાગી રહ્યો હતો, તેને આ તક મળતાં બાળકને ઉપાડીને એકદમ ભીડમાંથી બહાર લઇ જઇને મુખ દબાવીને એકાંત કોઇ ઘોર જગ્યામાં જઇ તેનું સર્વસ્વ અમૂલ્ય ઝવેરાત વિગેરે ઉતારી લઇને તેને એક કૂવામાં ફેંકી દીધો: આ વખતે રાતના આઠ વાગ્યાનો સુમાર હતો; પાંચેક મિનિટ નહીં થઇ હોય તેવામાં દંપતી તથા નોકર બાળકને જોવા લાગ્યા, પણ તેને ક્યાંય ન દીઠો,

---

* સર્જન સન્મિત્ર.

મોટી બુમાબુમ થઇ; શોધાશોધ થઇ; પોલીસને જાણ કરવામાં આવી; બીજી સવારે બાળકનું શબ કૂવામાંથી પોલીસને હાથ આવ્યું; અને પોલીસે તે બાળકના પિતા શેઠ સુમતિચંદ્રને બતાવતાં તેણે પોતાના બાળકનું શબ ઓળખ્યું, પણ તે ઉપરનો અમૂલ્ય પોષાક, દાગીના, ઝવેરાત વિગેરે ગૂમ થયેલું દીઠું; તે ઝવેરાતનું વર્ણન પોલીસને બરાબર આપવામાં આવતાં પોલીસે તે ઉપરથી તે ઉઠાવગીર બદમાસ ખૂનીને પકડી લાવી, શેઠની સાથે શેહેરના રાજા પાસે કચેરીમાં ખડો કર્યો, અને કહ્યું કે "ખુદાવિંદ નામદાર મહારાજાધિરાજ! આ શેઠના બાળકનું, દાગીનામાટે ખૂન કરનાર, આ ખૂનીને આ મુદામાલસહિત અમે આપની પાસે રજુ કરીએ છીએ, હુવે જે હુકમ હોય તે ફરમાવો;" રાજા અદલ ન્યાયી, અને દીર્ઘદૃષ્ટિએ પૂર્વાપર બરાબર વિચાર કરનાર હોવાથી હુકમ કર્યો કે, "આ બાળકનું ખૂન એના પિતાએજ કરાવેલ છે, અને તેણે મોહવશ થઇ ગફલતમાં પડીને આ ખૂનીને તે બાળકનું ખૂન કરવાની તક આપી છે, માટે તે ખૂનીની સાથે તે બાળકના પિતાને પણ એકજ બેડીમાં બન્નેના એકેક પગસાથે રાખીને જન્મપર્યંત કેદખાનામાં રાખો, કે જેથી કરી એવા ખૂન કરનાર, તથા કરાવનાર, અજ્ઞાની મૂર્ખ, મૂઢ પ્રાણીઓને સખત દાખલો મળે." આ ચુકાદા પ્રમાણે શેઠ પોતાના બાળકના ખૂન કરનારનીજ સાથે અતિ પશ્ચાત્તાપપૂર્વક ઉદાસીનપણે લાચારીએ કાળ કાઢવા લાગ્યા.

ઉપનય—આ ઉપલા દૃષ્ટાંતઉપરથી વિવેકી વિચક્ષણ જનો તુરત સમજી શક્યા હશે, કે અનંતા ગુણોથી ભરપૂર આત્મારૂપી બાળકનો, અશુદ્ધ ઉપયોગવંત પ્રાણી પિતાએ, અજ્ઞાન, મોહ અને મિથ્યાત્વરૂપ અનાદિકાળના ચઉગતિભ્રમણરૂપ રમત, ગમત અને બાળક્રીડારૂપ બળેવના મેળામાં આત્માને બેભાનપણે એકલો અરક્ષક મૂકયો; જેને પરિણામે દુષ્ટ મોહના દુષ્ટ સામંત મહા લોભે તે બાળકનો અંત આણ્યો; માટેજ કર્મપરિણામ રાજાએ તે પિતાને તેની ભૂલમાટે તેના ખૂની લોભ એટલે પરપુદ્ગલિક મમતા, તૃષ્ણાની સાથે એકજ શરીરરૂપ બેડીમાં એકત્રપણે સાથે રહેવાનો અને સાથે સુખદુઃખ ભોગવવાનો હુકમ ફરમાવ્યો; હવે જેમ તે બાળકના પિતાને પોતાના બાળકના ખૂન કરનાર પોતાના મહા અપરાધી પક્કા શત્રુ ખૂની બદમાસની સાથે જેવા મનથી રહેવું પડેછે તથા તે બદમાસની મરજીને આધીન થઇને આહાર, પાણી, પેસાબ વિગેરે કરી શકેછે, પણ મનમાં આ બલામાંથી ક્યારે છૂટું, અને આ બદમાસનું મુખ મારે કદી પણ જોવું ન પડે, એમ જેમ તે શેઠ બેડીમાં પડયો થકો, પોતાની ભૂલને નિંદતો થકો, ખરા છૂટકારાના સુખને ઇચ્છેછે, તેવીજ રીતે આ સંસારિક ખાન, પાન, વ્યાપારાદિ પાપજનિત આરંભ પરિગ્રહવંત ગૃહપાશરૂપ બેડીમાં મોહરૂપ ખૂની–બદમાસસાથે રહ્યા છતાં પણ, તેનો અંતરથી અત્યંત તિરસ્કાર કરતાં થકાં સમ્યગ્દષ્ટિ જીવોને પણ મોહને આધીન કદાચ મન વિના પોતાના ધર્મસાધનની મતલબ સાધવામાટે વર્તવું પડેછે.

સમ્યકત્વસંબંધી યોગ્ય વિવેચન કરી, તેની પ્રાપ્તિ મનુષ્યોએ અવશ્ય કરવી જોઇએ એમ વારંવાર સમજાવી આ સમ્યકત્વ અધિકાર પૂર્ણ કરવામાં આવેછે.

सम्यक्त्वस्वरूप ६७ बोल–आश्रय–अधिकार.

યથાર્થ આર્હતતત્વ સંપાદન કરવાને માટે સમ્યકત્વની મુખ્ય આવશ્યકતા છે, તે સમ્યકત્વ મેળવવાને માટે કેવો અધિકારી જોઇએ? અને તેનામાં સમ્યકત્વનાં લક્ષણો કેવી રીતે પ્રકાશિત થઇ શકે? સમ્યકત્વના સ્વરૂપની યથાર્થતા ક્યારે કહેવાયછે? અને તેના ઉચ્ચ લક્ષણો શાં છે? ઇત્યાદિ પ્રતિપાદન કરવાને માટે આ સડસઠ બોલને આશ્રીને જુદો અધિકાર દર્શાવવામાં આવેછે.

સુકૃતની ગર્જના કેવી હોય?

उपजाति (१–२).

अन्यत्र देवे विगतस्वरूपा, श्रीवीतरागे कृततत्त्वरूपा ।
विनिश्चिता यद् हृदि देवबुद्धिर्या जायते सा सुकृतस्य गर्जा ॥ १ ॥

બીજા દેવમાં જેનું સ્વરૂપ ન હોય અને શ્રીવીતરાગ ભગવાન્માંજ જે તત્ત્વરૂપે રહેલી હોય એવી દઢ નિશ્ચયવાળી દેવતત્ત્વની જે બુદ્ધિ હૃદયમાં ઉત્પન્ન થાય એટલે જે બુદ્ધિ શ્રીવીતરાગ પ્રભુરૂપી શુદ્ધ દેવતત્ત્વને માનનારી થાય, તેજ સુકૃત–પુણ્યની ગર્જના કહેવાયછે. ૧.

કેવો પુરૂષ સમ્યક્ત્વ ગુણ મેળવી શકેછે?

अनादिसंसारपयोधिमध्ये, पोतायमानेषु मुनीश्वरेषु ।
उक्तस्वरूपेषु गुरुत्वबुद्धिर्यस्यास्ति सम्यक्त्वगुणोऽपि तस्य ॥ २ ॥

આ અનાદિ સંસારરૂપ સમુદ્રમાં વહાણ સમાન અને જેમનું સ્વરૂપ આગળ કહેવામાં આવ્યું છે એવા મુનીશ્વરોને વિષે જેને ગુરૂપણાની બુદ્ધિ હોયછે, તેવા પુરૂષમાંજ સમ્યકત્વ ગુણ રહેલો હોયછે. ૨.

સમ્યક્ત્વમાં ચતુર્વિધ શ્રદ્ધાનું પ્રતિપાલન કરવું જોઇએ.

इन्द्रवज्रा.

जीवादितत्त्वेषु सुसंस्तवो यः, सेवा सुदृष्टिव्रतिनां न सङ्गः ।
उत्सूत्रभाजां च कुदर्शनानां, श्रद्धा चतुर्धा प्रतिपालनीया ॥ ३ ॥

૧ જીવ-અજીવ વગેરે નવ તત્ત્વોનો પરિચય, ૨ સમ્યગ્દૃષ્ટિ પુરૂષોની સેવા, અથવા પંચ મહાવ્રતધારીઓની શુશ્રૂષા, અને ૩ ઉત્સૂત્ર પ્રરૂપણા કરનારા નિહ્નવાદિનો ત્યાગ, ૪ કુદર્શનીઓનો અસંગ એ ચાર પ્રકારની શ્રદ્ધા પાલન કરવી જોઇએ. ૩.

સમ્યક્ત્વનાં ત્રણ લિંગ.

वसन्ततिलका (४–५).

अर्हत्प्रणीतकृतिभङ्गनयानुयोगशुश्रूषणा प्रतिदिनं जिनधर्मरागः ।
श्रीमज्जिनेषु जिनधर्मरतेषु वैयावृत्त्यं त्रिधेति मुनयः प्रवदन्ति लिङ्गम् ॥४॥

૧ શ્રી વીતરાગ પ્રભુએ પ્રરૂપેલ આગમ, સપ્તભંગી, નય અને ચાર પ્રકારના અનુયોગને સાંભળવાની અભિલાષા.

૨ પ્રતિ દિવસ જિનધર્મ ઉપર રાગ.

૩ જિનધર્મમાં તત્પર એવા દેવ, ગુરૂ પ્રમુખ ઉત્તમ પુરૂષોની વૈયાવચ્ચ કરવી

એ ત્રણ લિંગ સમ્યક્ત્વનાં કહેવાયછે. ૪.

સમ્યક્ત્વની ત્રણ શુદ્ધિ અને પાંચ દૂષણ.

देवो जिनो जिनमतं जिनमार्गरक्षा,
संसारसारमिति शुद्धिरिह त्रिधेयम् ।
शङ्कादिदोषनिवहो ननु पञ्चभेदः,
सम्यक्त्वदूषणकरः परितोऽपि हेयः ॥ ५ ॥

શ્રી જિનભગવાન્ દેવ, જિનભગવાને પ્રરૂપેલો ધર્મ અને જિનમાર્ગનું રક્ષણ-એજ આ સંસારમાં સાર છે, એમ મન, વચન અને કાયાની શુદ્ધિથી માનવું, એ સમ્યક્ત્વની ત્રણ પ્રકારની શુદ્ધિ છે, અને શંકા, કાંક્ષા, વિચિ-

કિત્સા, પ્રશંસા અને સંસ્તવ-એ પાંચ પ્રકારનાં દૂષણ સમ્યકત્વને દોષિત કરનારાં છે, તેથી તેનો સર્વથા ત્યાગ કરવો.* ૫.

સમ્યક્ત્વમાં દશ પ્રકારનો વિનય.

इन्द्रवज्रा.

पञ्चप्रकारे परमेष्ठिवर्गे, धर्मे श्रुतौ शासनचैत्ययोश्च ।
सद्दर्शने यो विनयः स त्रिज्ञैर्विज्ञेय इत्थं दशधापि सम्यक् ॥ ६ ॥

૧ અરિહંત દેવ, ૨ સિદ્ધ ભગવાન્, ૩ આચાર્ય ભગવાન્, ૪ ઉપાધ્યાય અને ૫ સર્વ સાધુ એ પાંચ પરમેષ્ઠી, ૬ ચારિત્રધર્મ, ૭ શ્રુતસિદ્ધાંત, ૮ ચતુર્વિધસંઘ, ૯ ચૈત્ય (અરિહન્તની મૂર્ત્તિ) અને ૧૦ સમ્યગ્દર્શન—એટલાનો વિનય કરવો એ દશ પ્રકારનો વિનય સુજ્ઞ પુરૂષોએ સમ્યકત્વને વિષે જાણવો જોઇએ. ૬.

સમ્યક્ત્વના પ્રભાવને વધારનારા આઠ પ્રભાવકો.

उपजाति (७ थी ११).

वादी कविर्धर्मकथस्तपस्वी, नैमित्तिकः प्रावचनी सुसिद्धः ।
विद्याधरोऽष्टौ प्रतिभाप्रभावात्प्रभावकाः श्रीजिनशासने स्युः॥ ७ ॥

૧ ન્યાયથી વાદ કરનાર, ૨ કવિ, ૩ ધર્મની કથા કહેનાર, (ધર્મોપદેશક), ૪ તપસ્વી, ૫ નૈમિત્તિક (ભવિષ્યવેત્તા), ૬ જિનમત તથા પરમતનો જ્ઞાતા, ૭ આકાશગામિની વિદ્યા વગેરે સિદ્ધિવાળો, અને ૮ મંત્રવિદ્યા જાણનાર—એ આઠ પ્રતિભાના પ્રભાવથી શ્રી જિનશાસનના પ્રભાવક કહેવાયછે. ૭.

સમ્યક્ત્વનાં પાંચ ભૂષણો.

कौशल्यमुच्चैर्जिनशासनेऽस्मिन्, प्रभावना तीर्थनिषेवनानि ।
भक्तिः स्थिरत्वं सुगुणाश्च पञ्च, सम्यक्त्वमेते प्रविभूषयन्ति ॥ ८ ॥

---

* **શંકા**—વીતરાગના વચનમાં સંશય કરવો
કાંક્ષા—જિનમત સિવાય અન્યમતની વાંછા કરવી.
વિચિકિત્સા—ધર્મના ફળવિષે સંદેહ રાખવો.
પ્રશંસા—કુલિંગી નિહ્નવાદિ પાખંડી લોકોની પ્રશંસા કરવી.
સંસ્તવ—મિથ્યાત્વી લોકોનો પરિચય રાખવો.

૧ જિનમતને વિષે કુશળતા, ૨ શ્રી જિનશાસનની પ્રભાવના, ૩ ગીતાર્થ મુનિ તથા તીર્થની સેવા, ૪ દેવ, ગુરૂ તથા સિદ્ધાંત ઉપર ભક્તિ અને ૫ જૈનધર્મને વિષે દઢતા—એ પાંચ ગુણો સમ્યકત્વને વિભૂષિત કરેછે, તેથી તે પાંચ સમ્યકત્વનાં ભૂષણ કહેવાયછે. ૮.

સમ્યકત્વનાં પાંચ લક્ષણો.

स्युः पञ्च राजन्निह लक्षणानि, निरन्तरायोपशमः समन्तात् ।
संवेगरङ्गः करुणाभिषङ्गो, निर्वेद आस्तिक्यमतिस्तथा या ॥ ९ ॥

૧ સર્વ પ્રકારે અંતરાયરહિત ઉપશમ રાખવો, ૨ સંવેગ (વૈરાગ્ય) નો રંગ ધારણ કરવો, ૩ સર્વ જીવઉપર (દ્રવ્ય તથા ભાવ) દયા રાખવી, ૪ નિર્વેદ-સંસારતરફ ઉદાસી ભાવે રહેવું અને ૫ દઢ આસ્તા—હે રાજા, એ પાંચ સમ્યકત્વનાં લક્ષણો છે. ૯.

સમ્યકત્વની છ યતનાઓ.

कुतीर्थिकानां च कुदेवतानां, कुतीर्थिकैराश्रितजैनमूर्तेः ।
सम्भाषणाहारसुगन्धिदानस्तुतिप्रणामालपनं न कार्यम् ॥ १० ॥

૧ કુતીર્થિક-અન્યતીર્થીઓ, તેમના દેવો તથા અન્યતીર્થીઓએ ગ્રહણ કરેલી જૈન પ્રતિમાને વંદન કહેતાં હાથ જોડવા નહીં ૨ અને નમન એટલે મસ્તક નમાડવું નહીં ૩ તેમને ગુર્વાદિબુદ્ધિયે આહારપાણી આપવો નહીં ૪ તેમને દેવાદિબુદ્ધિયે પુષ્પાદિ ચઢાવવાં નહીં ૫ અને તેમની સ્તુતિ કે તેમની સાથે પ્રથમ બોલવું નહીં ૬ તેમની સાથે વારંવાર ભાષણ કરવું નહિ. એ સમ્યકત્વની છ યતના કહેવાય છે. ૧૦.

સમ્યકત્વના છ—આગાર.

राजाभियोगोऽथ गणाभियोगो, बलाभियोगश्च सुराभियोगः ।
कान्तारवृत्तिर्गुरुनिग्रहो वा, आकारषट्कं जिनशासनेऽदः ॥ ११ ॥

૧ રાજાભિયોગ—રાજાના કહેવાથી કરવું પડે તે, ૨ ગણાભિયોગ-ઘણાં લોકોના કહેવાથી કરવું પડે તે, ૩ બલાભિયોગ-બલવાન્ ચોરાદિકના કહેવાથી કરવું પડે તે, ૪ સુરાભિયોગ-દેવતાદિકના હઠથી કરવું પડે તે, ૫ કાંતારવૃત્તિ-આજીવિકામાટે કરવું પડે તે અને ૬ ગુરૂનિગ્રહ-માતાપિતા, વગેરે વડિલોના કહેવાથી કરવું પડે તે એ સમ્યકત્વના છ આગાર કહેવાયછે. એટલે પોતાની મરજી ન છતાં લાચારીથી તેમના કહેવાથી કરવામાં આવે તેના એ છ આગાર છે. ૧૧.

સમ્યકત્વનાં છ સ્થાન.

इन्द्रवज्रा.

अस्तीति नित्यः कुरुते कृतानि, भुङ्क्तेऽस्ति निर्वाणमथास्ति *मोक्षम् ।
स्थानानि सम्यक्त्ववताममूनि, श्रद्धानगम्यानि भवन्ति षोढा ॥ १२ ॥

૧ જીવ છે, ૨ તે જીવ નિત્ય છે, ૩ તે જીવ કર્મોનો કર્ત્તા છે, ૪ તે જીવ કર્મોનો ભોક્તા છે, ૫ તે જીવને મોક્ષ છે અને ૬ તેને મોક્ષનો ઉપાય છે— આ છ સમ્યકત્વવાળા પુરૂષોએ માનવા યોગ્ય સ્થાન છે. તે શ્રદ્ધાથી પ્રાપ્ત થઇ શકેછે. ૧૨.

સમ્યકત્વની છ ભાવના.

अनुष्टुप्.

मूलं द्वारं प्रतिष्ठानमाधारो भाजनं निधिः ।
सम्यक्त्वे सर्वधर्मस्य, षोढा तद्भावना भवेत् ॥ १३ ॥

૧ સમ્યકત્વ, ચારિત્ર ધર્મરૂપી વૃક્ષનું મૂળ છે, ૨ સમ્યકત્વ, ચારિત્ર ધર્મરૂપી નગરમાં પેશવાનું દ્વાર છે, ૩ સમ્યકત્વ, ચારિત્ર ધર્મરૂપી મેહેલનો મૂળ પાયો છે, ૪ સમ્યકત્વ ચારિત્ર ધર્મરૂપી જીવિતનો આધાર છે, ૫ સમ્યકત્વ ચારિત્ર ધર્મરૂપી રસનું પાત્ર છે અને ૬ સમ્યકત્વ જ્ઞાન, દર્શન, ચારિત્રાદિ ગુણોનો ભંડાર છે એવી રીતે સમ્યકત્વને વિષે છ પ્રકારની ભાવના થાયછે. ૧૩.

રાજાપ્રતિ ઉપદેશ.

उपजाति.

सम्यक्त्वमित्थं नृप सप्तषष्टिभेदैर्विशुद्धं प्रतिपालनीयम् ।
स्थानानि मिथ्यात्वमयानि यानि, भवन्ति भूयः प्रवदामि तानि ॥१४॥

नरवर्मचरित्र.

હે રાજા, આ પ્રમાણે સડસઠ ભેદ (બોલ) વડે શુદ્ધ એવું સમ્યકત્વ પાળવું તેમાં જે મિથ્યાત્વમય સ્થાનો છે, તેને હું ફરીવાર કહુંછું.+ ૧૪.

---

* मथास्त्युपायः । इत्यपि पाठः ।

+ મિથ્યાત્વ સ્થાનો મિથ્યાત્વ અધિકારમાં જુઓ.

स्रग्धरा.

त्रैकाल्यं द्रव्यषट्कं नवपदसहितं जीवषट्कायलेश्याः,
पञ्चान्ये चास्तिकाया व्रतसमितिगतिज्ञानचारित्रभेदाः ।
इत्येतन्मोक्षमूलं त्रिभुवनमहितैः प्रोक्तमर्हद्भिरीशैः,
प्रत्येति श्रद्दधाति स्पृशति च मतिमान् यः स वै शुद्धबुद्धिः ॥१५॥

सूक्तिमुक्तावली.

ત્રિકાલ, છ દ્રવ્ય, નવ પદ, ષટ્જીવનિકાય, છ લેશ્યા, પાંચ અસ્તિકાય, પંચ મહાવ્રત, પાંચ સમિતિ, ચાર ગતિ, પાંચ જ્ઞાન અને ચારિત્રના ભેદ—એ સર્વ મોક્ષનું મૂળ છે, એમ ત્રણ ભુવનોએ પૂજેલા એવા શ્રી અરિહંત ભગવાનોએ કહેલ છે, તે ઉપર જે બુદ્ધિમાન મનુષ્ય પ્રતીતિ રાખે, શ્રદ્ધા કરે, અને તેને આચરે, તે મનુષ્ય શુદ્ધ બુદ્ધિવાળો ગણાયછે. ૧૫.

શુદ્ધ શ્રદ્ધાનું ભાન થવામાટે સૂચના આપી આ સમ્યકત્વસ્વરૂપ ૬૭ બોલ–આશ્રય અધિકાર પૂર્ણ કરવામાં આવે છે.

चारित्रवर्णन–अधिकार.

પ્રવ્રજ્યાને પ્રાપ્ત થયેલ મુનિ કે જે બીજાઓને સમ્યકત્વનો બોધ કરનાર છે તેનું શું કર્તવ્ય છે? આ બાબત જાણવાની સાધુને ઘણીજ અગત્ય છે. કારણકે ચારિત્રહીન એવા યતિનું જીવન વ્યર્થપ્રાય છે તે એટલે સુધી કે સતશાસ્ત્રોનું દર્શન અને તેનુ યથાર્થજ્ઞાન સાધુએ પ્રાપ્ત કરેલ હોય પરંતુ જો તે સાધુમાં ઉત્તમ ચારિત્ર ન હોય તો શાસ્ત્રોનું દર્શન જ્ઞાન વિગેરે બધું મોક્ષમાટે નિષ્ફળજ છે. જેથી સત્ચારિત્રના પાલનની યતિને ઘણીજ જરૂર છે. તે સત્ ચારિત્રોનું દિગ્દર્શન કરાવવા સારૂ આ અધિકારનો આરંભ કરવામાં આવેછે. તો આ અધિકારનું યથાર્થ પરિશીલન કરી મુનિવર્યો આ વ્યાખ્યાનકારના પ્રયત્નને સફળ કરશે.

સંયમના સત્તર ભેદ.

आर्या (१ थी ६).

पञ्चाश्रवाद्विरमणं, पञ्चेन्द्रियनिग्रहः कषायजयः ।
दण्डत्रयविरतिश्चेति संयमः सप्तदशभेदः ॥ १ ॥

પાંચ પ્રકારના આશ્રવ (૧ પ્રાણાતિપાત, ૨ મૃષાવાદ, ૩ અદત્તાદાન, ૪ મૈથુન અને ૫ પરિગ્રહ) કર્મોથી વિરામ એટલે નિવૃત્તિ. પાંચ ઈંદ્રિયો (૧ ચક્ષુ, ૨ શ્રોત્ર, ૩ ત્વચા, ૪ નાસિકા અને ૫ રસના) નો નિગ્રહ એટલે તેના વિષયોમાંથી નિવૃત્તિ. ચાર પ્રકારના કષાયો (૧ ક્રોધ, ૨ માન, ૩ માયા અને ૪ લોભ) નો વિજય કરવો તે અર્થાત્ તે કષાયોને આધીન ન થવું તે અને ત્રણ (૧ મન, ૨ વચન, ૩ કાયા) ના દંડોની નિવૃત્તિ કરવી. આવી રીતે સત્તર ભેદવાળો સંયમ છે. ૧.

યત્નાયેં ધર્મ.

जयणा य धम्मजणणी, जयणाधम्मरणपालणी होइ ।
तववुड्ढीकरी जयणा एगंतसुहावहा जयणा ॥ २ ॥

યત્ના, ધર્મની ઉત્પત્તિ કરનાર માતા છે, યત્ના, ધર્મની પ્રતિપાલના કરનાર છે, યત્ના, તપશ્ચર્યાની વૃદ્ધિ કરનાર છે. ખરેખર યત્ના, મહાદેવી છે, કે જે તે એકાંત-અદ્વિતીય-સુખસમુદાયને અર્પનારી છે. ૨.

તથા—

जयणाइ वट्टमाणो जीवो सम्मत्तणाणचरणाणं ।
सद्धाबोहणसेवण भावेणा राहओ होइ ॥ ३ ॥

યત્નાયેં વર્તનારો જીવ, સમ્યકત્વમાં શ્રદ્ધા કરવાથી, જ્ઞાનના જાણપણાથી તથા ચારિત્રને સેવવાથી; આરાધક થાયછે. ૩.

અસંયતિ.

पल्ले महइ महल्ले कुंभं पखिवइ सोहए नालिं ।
अस्संजए अविरए बहु बन्धइ निज्जरइ थोवं ॥ ४ ॥

જેમ મ્હોટા પાલા (એક જાતના માપ) માં એક ઘડો ભરીને ફોતરાં નાખવામાં આવે અને એક પવાલું ભરીને કાઢવામાં આવે તેમ અવિરતિ અસંયતિ ઘણાં કર્મ બાંધે અને થોડાં નિર્જરે ૪.

તેમજ—

पल्ले महइ महल्ले कुंभे सोहेइ परिकवे नालिं ।
जेसंजए पमत्ते बहु निज्जरइ बंधइ थोवं ॥ ५ ॥

જેમ એક મ્હોટા પાલામાં એક પવાલું ભરીને કોતરાં નાંખે અને એક ઘડો ભરીને સાફ કરે તેમ પ્રમાદી સંયતિ ઘણાં કર્મો નિર્જરે અને થોડાં કર્મો બાંધે. ૫.

સંયતિ મુનિ.

पल्ले महइ महल्ले कुंभं साहेइ परिकवे नकिंचि ।
जेसंजए पमत्ते बहु निज्जरइ बन्धइ नकिंचि ॥ ६ ॥

सूक्तिमुक्तावली.

જેમ એક મ્હોટા પાલામાં કંઇ પણ કોતરાં નાંખવામાં આવે નહિ અને ઘડો ભરી ભરીને તે શોધવામાં આવે તેમ અપ્રમાદી સંયતિ ઘણાં કર્મો નિર્જરે અને કંઇ પણ બાંધે નહિ. ૬.

ચારિત્રની ઉત્તમતા.

उपजाति (७ थी १५).

सद्दर्शनज्ञानबलेन भूता, पापक्रियाया विरतिस्त्रिधायाः ।
जिनेश्वरैः सदूगदितं चरित्रं, समस्तकर्मक्षयहेतुभूतम् ॥ ७ ॥

ઉત્તમ શાસ્ત્રોના જ્ઞાનના બળથી થયેલી એવી ત્રણ પ્રકારની (કર્ત્તા, કારયિતા અને અનુમોદયિતારૂપે મન-વચન ને કાયાયેં કરીને થતી પાપ ક્રિયાની જે) વિરતિ એટલે નિવૃત્તિ, તે સમગ્ર કર્મોના નાશના કારણરૂપ છે એમ ઉત્તમ ચરિત્ર, શ્રીજિનેશ્વર ભગવાને કહેલું છે. ૭.

તેની સિદ્ધિ.

शमं क्षयं मिश्रमुपागतायां, पञ्चाशिकर्म प्रकृतौ त्रिधातः ।
द्विधा सरागेतरभेदतश्च, प्रजायते साधनसाध्यरूपम् ॥ ८ ॥

પચ્ચીસ પ્રકારની પ્રકૃતિ, શમ, ક્ષય અથવા બન્નેને (શમ-ક્ષયને) જે મિશ્રભાવ આમ ત્રણ પ્રકારને પામતાં આથી તેને નાશ કરનારૂં જે કર્મ તે રાગ, દ્વેષ એમ બે પ્રકારના ભેદથી (ક્ષયોપશમથી) સાધન અને સાધ્યરૂપ થાયછે. ૮.

પાંચ આશ્રવ કર્મોના વિરામપૂર્વક હિંસાદિ પાપકર્મથી નિવૃત્તિ તે ઉત્તમ વ્રતો છે.

हिंसानृतस्तेयजनातिसङ्गनिवृत्तिरूपं व्रतमङ्गभाजाम् ।
पञ्चप्रकारं शुभसूतिहेतु जिनेश्वरैर्ज्ञातसमस्ततत्त्वैः ॥ ९ ॥

હિંસા, અસત્ય ભાષણ, ચોરી અને મનુષ્યોને અતિસંગ (મૈથુન અને પરિગ્રહ) આ કાર્યોની નિવૃત્તિરૂપ પાંચ આશ્રવોના વિરામરૂપે પાંચ પ્રકારનું વ્રત દેહધારી પુરૂષોનું પુણ્યોત્પાદનના કારણરૂપ છે એમ સમગ્રતત્ત્વને જાણનાર એવા શ્રીજિનેશ્વર ભગવાને કહ્યું છે. ૯.

મુનિઓનું પહેલું અહિંસાવ્રત.

जीवास्त्रसस्थावरभेदभिन्नास्त्रसाश्चतुर्धात्र भवेयुरन्ये ।
पञ्चप्रकारं त्रिविधेन तेषां, रक्षा ह्यहिंसाव्रतमस्ति पूतम् ॥ १० ॥

ત્રસકાય (જંગમ પ્રાણીઓ) અને વૃક્ષાદિ સ્થાવર પ્રાણીઓ એમ ભેદથી જીવો બે પ્રકારના છે, તેમાં ત્રસકાય જીવો (નારકી, તિર્યંચ્, મનુષ્ય અને દેવ) એમ ચાર પ્રકારના છે અને સ્થાવર પ્રાણીઓ (પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ અને વનસ્પતિ) એમ પાંચ પ્રકારના છે, તે પ્રાણીઓની મન-વચન-કાયાએં કરીને કર્ત્તા, કારયિતા અને અનુમોદયિતા આમ ત્રણ ત્રણ પ્રકારે રક્ષા કરવી. આ પવિત્ર એવું અહિંસાવ્રત છે. ૧૦.

તેમજ સાધુએ પાણી કેવું પીવું ?

स्पर्शेन वर्णेन रसेन गन्धाद्यदन्यथा वारि गतस्वभावम् ।
तत्प्राशुकं साधुजनस्य योग्यं, पातुं मुनीन्द्रा निगदन्ति जैनाः ॥ ११ ॥

સ્પર્શથી, રંગથી, રસથી અને ગંધથી જે પાણી બીજી રીતના સ્વભાવને પામ્યું છે અર્થાત્ ઉષ્ણાદિ થવાથી જેણે પોતાનું સ્વરૂપ ફેરવી નાખ્યું છે એવું પવિત્ર (દોષરહિત) જળ સાધુજનને પીવા યોગ્ય છે, એમ શ્રીજિનેશ્વરો કહેછે. ૧૧.

મુનિઓનું સત્ય ભાષણરૂપી બીજું વ્રત.

यथार्थवाक्यं रहितं कषायैरपीडनं प्राणिगणस्य पूतम् ।
गृहस्थभाषाविकलं यथार्थं, सत्यव्रतं स्याद्वदतां मुनीनाम् ॥ १२ ॥

ક્રોધ, માન, માયા અને લોભ આમ ચાર પ્રકારના કષાયોથી રહિત, પ્રાણી માત્રને પીડા ન કરનાર, ગૃહસ્થ મનુષ્યોની ભાષાથી જુદી રીતનું યથાર્થ (સત્ય) એવું જે ભાષણ તેને કરતા (ઉચ્ચરતા) એવા મુનિઓનું તે શુદ્ધ એવું સત્યવ્રત કહેલું છે. ૧૨.

મુનિઓનું "अदत्तग्रहवर्जन" નામનું ત્રીજું વ્રત.

ग्रामादि नष्टादि धनं परेषामगृह्णतोऽल्पादि मुने स्त्रिधापि ।
भवत्यदत्तग्रहवर्जनाख्यं, व्रतं मुनीनां गदितं हि लोके ॥ १३ ॥

બીજાઓનું ગામ વિગેરે તથા રસ્તામાં પડી ગયેલું ધન વિગેરે સ્વલ્પ પદાર્થને પણ ત્રણ (મન, વચન, કાયા અને કર્ત્તા કારયિતા, અનુમોદયિતા,) ત્રણ રીતે ગ્રહણ ન કરનાર મુનિઓનું "अदत्तग्रहवर्जन" નામનું અર્થાત્ ન આપેલું જેમાં ગ્રહણ કરાતું નથી એવું નક્કી લોકમાં કહેલ ત્રીજું વ્રત કહેવાયછે અર્થાત્ યતિઓએ તૃણની શલાકા જેટલી વસ્તુ પણ અદત્ત (તેના ધણીએ ન આપેલી) ગ્રહણ ન કરવી. ૧૩.

યતિનું ચોથું "अमैथुनत्वव्रत."

विलोक्य मातृस्वसृदेहजावत्, स्त्रीणां त्रिकं रागवशेन यासाम् ।
विलोकनस्पर्शनसत्कथाभ्यो, निवृत्तिरुक्तं तदमैथुनत्वम् ॥ १४ ॥

જગત્માં તમામ સ્ત્રીઓનું દર્શન માતા, બ્હેન, પુત્રી આમ ત્રણરૂપે કરીને રાગને વશ રાખી તેઓની સામું જોવું, સ્પર્શ કરવો, વાર્ત્તાલાપ કરવો આ કાર્યોમાંથી નિવૃત્તિ રાખવી તે મુનિનું अमैथुनत्वम् અર્થાત્ અમૈથુનવ્રત કહેલું છે એટલે સર્વ સ્ત્રીઓમાં માતા, બ્હેન તથા પુત્રીવત્ ભાવ રાખવો અને તેઓની સાથે રાગથી (સાંસારિક સ્નેહથી) ભાષણાદિ ન કરવું એવો અર્થ છે. ૧૪.

મુનિનું પાંચમું "नैःसंग्य" (અપરિગ્રહ) વ્રત.

सचेतनाचेतनभेदतोत्थाः, परिग्रहाः सन्ति विचित्ररूपाः ।
तेभ्यो निवृत्तिस्त्रिविधेन यत्र, नैःसङ्ग्यमुक्तं तदपास्तसङ्गैः ॥ १५ ॥

જડચેતનના ભેદપણાથી ઉત્પન્ન થયેલા પરિગ્રહો વિચિત્રરૂપવાળા છે. તે પરિગ્રહોમાંથી ત્રણ પ્રકારે (મન, વચન, કાયાયે તથા કર્ત્તા કારયિતા અને અનુમોદયિતારૂપે) એમ ત્રિવિધે-ત્રિવિધે નિવૃત્તિ પ્રાપ્ત કરવી તેને નિઃસંગ મુનિઓએ "નૈઃસંગ્ય" (પરિગ્રહ વિરમણ) નામનું વ્રત કહેલું છે. ૧૫.

હવે પાંચ પ્રકારની સમિતિ કહેવાયછે તેમાં પ્રથમ ईर्यासमिति.

उपेन्द्रवज्रा.

युगान्तरप्रेक्षणतः स्वकार्याद्, दिवा यथा जन्तुविवर्जितेन ।
यतो मुनेर्जीवविराधहान्या, गतिर्वरेर्यासमितिः समुक्ता ॥ १६ ॥

પ્રથમ તો કોઇ પણ સ્થાનમાં જવું હોય તો પોતાના કાર્યને માટેજ જવું, તેમાં પણ માર્ગમાં યુગ (બળદના કાંધઉપર રહેતી ધુંસરી) ના પ્રમાણ જેટલી ભૂમિનું નિરીક્ષણ કરી, તેઉપર પગ મૂકવો અને તે પણ દિવસેજ ગતિ કરી શકાય અને કદાચ રાત્રિએ માત્રાદિ કારણે જવાનું થાય તો, દિવસે જે જગ્યાને જન્તુ વર્જિત જોયેલ છે, તે પ્રદેશમાંજ જઇ શકાય. મુનિની આ પ્રમાણે વર્ત્તન કરવાથી જીવોની પીડા જેમાં થતી નથી એવી ગતિરૂપ ઉત્તમ એવી ईर्यासमिति કહેલી છે. ૧૬.

બીજી भाषासमिति.

उपजाति (१७ थी २२).

आत्मप्रशंसापरदोषहासपैशुन्यकार्कश्यविरुद्धवाक्यम् ।
विवर्ज्य भाषां वदतां मुनीनां, वदन्ति भाषासमितिं जिनेन्द्राः ॥ १७ ॥

પોતાની પ્રશંસા, બીજાના દોષની હાંસી, ચાડીઆપણું, કઠોરપણું અને વિરૂદ્ધ વાક્ય આવી રીતની ભાષાનો ત્યાગ કરીને ઉપર્યુક્ત દોષોથી રહિત એવી પવિત્ર ભાષાને બોલનાર એવા મુનિઓનું તે भाषासमिति નામનું વ્રત થાયછે એમ જિનેન્દ્ર ભગવન્તોએ કહ્યું છે. ૧૭.

ત્રીજી एषणासमिति.

अनुद्गमोत्पादनवल्भदोषा, मनोवचःकायविकल्पशुद्धा ।
स्वकारणा या मुनिपस्य भुक्तिस्तामेषणाख्यां समितिं वदन्ति ॥ १८ ॥

ઉદ્ગમ, ઉત્પાદન વિગેરે ભોજનના દોષોથી જે રહિત છે, અને જે મન, વચન અને કાયાના વિકલ્પોથી શુદ્ધ છે અને જે ભોજન મુનિએ ગોચરી કરી પોતાને માટેજ આણેલું છે તેવા આહારનું જે ભક્ષણ કરવું તેને મુનીન્દ્રો—તીર્થંકરો एषणा નામની સમિતિ કહેછે. ૧૮.

ચોથી आदाननिक्षेपणनामनी समिति.

आदाननिक्षेपविधेर्विधाने, द्रव्यस्य योग्यस्य मुनेः स यत्नः ।
आदाननिक्षेपणनामधेयां, वदन्ति सन्तः समितिं पवित्राम् ॥ १९ ॥

પોતાને (મુનિને) યોગ્ય એવા પદાર્થનું ગ્રહણ કરવું તથા તે તે સ્થાનમાં પાછું મૂકવું આવા કાર્યના વિધાનમાં મુનિનો જે યત્ન છે. તેને "आदाननिक्षेपण" નામની પવિત્ર "समिति" સત્પુરૂષો કહેછે, અર્થાત્ જન્તુઓનો નાશ ન થાય તેવી રીતે પદાર્થનું ગ્રહણ નિક્ષેપનું કાર્ય કરવું. ૧૯.

પાંચમી "परिष्ठापन" નામની समिति.

दूरे विशाले जनजन्तुमुक्ते, गूढेऽविरुद्धे त्यजतो मलानि ।
पूतां प्रतिष्ठापननामधेयां, वदन्ति साधोः समितिं जिनेन्द्राः ॥ २० ॥

જે મુનિ ગામથી દૂર, વિશાલ, મનુષ્યો તથા જંતુઓથી રહિત, એકાન્ત, વિરોધહીન એવા સ્થળમાં મળનો ત્યાગ કરેછે તેને જિનેન્દ્ર ભગવન્તો સાધુની प्रतिष्ठापन નામની પવિત્ર समिति કહેછે અર્થાત્ સાધુએ ઉપર્યુક્ત સ્થળમાં મલોત્સર્ગાદિ કરવું. ૨૦

પાંચ સમિતિનો પ્રબોધ કોણ કહેછે?

समस्तजन्तुप्रतिपालनार्थाः, कर्माश्रवद्वारनिरोधदक्षाः ।
इमा मुनीनां निगदन्ति पञ्च, पञ्चत्वमुक्ताः समितीर्जिनेन्द्राः ॥ २१ ॥

સમગ્ર પ્રાણી માત્રનું પાલન કરવું એજ જેને એક અર્થ છે અને જેઓ પ્રાણાતિપાતાદિ પાંચ પ્રકારના આશ્રવ કર્મોનાં દ્વારોને બન્ધ રાખવામાં સમર્થ છે અને જેઓ પંચત્વ (મરણધર્મ) થી મુક્ત થઇ ગયા છે એવા જિનેન્દ્ર ભગવન્તો નિશ્ચય કરીને મુનિઓની આ પાંચ સમિતિઓ કહેછે. ૨૧.

ત્રણ પ્રકારની ગુપ્તિઓ.

प्रवृत्तयः स्वान्तवचस्तनूनां, सूत्रानुसारेण निवृत्तयो वा ।
यास्ता जिनेशाः कथयन्ति तिस्रो, गुप्तीर्विधूताखिलकर्मबन्धाः ॥ २२ ॥

મુનિએ પોતાની મન, વચન અને કાયાની જે જે પ્રવૃત્તિઓ કરવી અથવા તે તે કર્મોમાંથી નિવૃત્તિઓ કરવી તે સૂત્રોને અનુસારેજ કરવી આવી રીતની

જે ક્રિયાઓ તેને જિનેશ ભગવન્તો ત્રણ પ્રકારની ગુપ્તિઓ કહેછે કે જેમાં બધાં કર્મોનાં બંધનનો નાશ થઇ જાયછે. ૨૨.

૧ લી મનગુપ્તિ.

रुचिराछन्द (२३ थी २५).

मनःकरी विषयवनानि लाषुको, नियम्य यैः शमयमशृंखलैर्दृढम् ।
वशीकृतो मननशिताङ्कुशैः सदा, तपोधना मम गुरवो भवन्तु ते ॥२३॥

શબ્દાદિ પાંચ વિષયોરૂપી વનોની ઇચ્છા કરનાર એવા મનરૂપી હાથીને, શમ, યમ (ઇન્દ્રિયનિગ્રહ) રૂપી સાંકળોથી મજબૂત બાંધીને મનન કરવારૂપી તીક્ષ્ણ અંકુશોથી વશ કરનારા અને તપરૂપી જેને ધન છે એવા તે મહાત્માઓ મ્હારા ગુરૂ (ઉપદેશ કરનાર) થાઓ, અર્થાત્ ગુરૂઓ આવા લક્ષણવાળા જોઇએ. ૨૩.

૨ જી વચનગુપ્તિ.

न निष्ठुरं कटुकमघवर्धनं, वदन्ति ये वचनमनर्थमप्रियम् ।
समुद्यता जिनवचनेषु मौनिनो, गुणैर्गुरून्प्रणमत तान्गुरून्सदा ॥२४॥

કઠોર, કડવું, અમંગલ (પાપ) ને વધારનારૂં, અર્થહીન, અને અપ્રિય એવા વચનને જે મહાત્માઓ બોલતા નથી અને જેઓ જિનેન્દ્ર ભગવાનના વચનનોમાં પ્રીતિવાળા છે અને મૌની એટલે કાર્યપૂરતુંજ બોલનારા છે, સદ્-ગુણો (ચરિત્રો) થી મ્હોટા એવા તે ગુરૂઓને તમો સદા પ્રણામ કરો. અર્થાત્ આવા ગુરૂઓજ વન્દનાને પાત્ર છે. ૨૪.

૩ જી કાયગુપ્તિ.

न कुर्वते कलिलववर्धकक्रियाः, सदोद्यताः शमयमसंयमादिषु ।
रता न ये निखिलजनक्रियाविधौ, भवन्तु ते मम हृदये कृतास्पदाः ॥२५॥

જે સદ્ગુરૂઓ થોડા પણ કલેશને વધારનાર એવી ક્રિયાઓ કરતા નથી, અને સદા શમ, યમ, સંયમ વિગેરે કાર્યોમાં જે ઉદ્યમવાળા છે વળી જેઓ સમગ્ર સંસારી જીવોને કરવાની ક્રિયાવિધિમાં પ્રીતિવાળા નથી, એવા મહાત્માઓ મારા હૃદયમાં નિવાસ કરવાવાળા થાઓ અર્થાત્ હૃદય એવા ગુરૂઓનેજ ગુરૂતરીકે માનવાવાળું થાઓ. ૨૫.

ઉપર કહેલ ત્રયોદશવિધચારિત્રના સામાયિકાદિ પાંચ ભેદો કહેછે.

उपजाति.

एवं चरित्रस्य चरित्रयुक्तैस्त्रयोदशाङ्गस्य निवेदितस्य ।
व्रतादिभेदेन भवन्ति भेदाः, सामायिकाद्याः पुनरेव पञ्च ॥ २६ ॥

આવી રીતે ચરિત્રયુક્ત મુનીંદ્ર પુરૂષોએ નિવેદન કરેલ તેર અંગવાળા એટલે પૂર્વોક્તપાંચવ્રતો, પાંચસમિતિઓ અને ત્રણગુપ્તિઓ એ પ્રમાણે તેર અંગવાળા ચરિત્રના વ્રતાદિના ભેદથી પુનઃ (ફરીને) સામાયિકાદિ (૧ સામાયિકચારિત્ર, ૨ છેદોપસ્થાપનીયચારિત્ર, ૩ પરિહારવિશુદ્ધચારિત્ર, ૪ સૂક્ષ્મસંપરાયચારિત્ર, અને ૫ યથાખ્યાતચારિત્ર, એમ) પાંચ ભેદો થાયછે. ૨૬.

इन्द्रवज्रा (૨૭–૨૮).

पञ्चाधिकाविंशतिरस्तदोषैरुक्ताः कषायाः क्षयतः शमाद्वा ।
तेषां यथाख्यातचरित्रमुक्तं, तन्मिश्रतायामितरं चतुष्कम् ॥ २७ ॥

નિર્દોષ મહાત્માઓએ જે ચારિત્ર મોહનીની જે પ્રકૃતિના પચીશ કષાયો કહ્યા છે, તે કષાયોના ક્ષયથી અથવા ઉપશમથી **यथाख्यात** નામનું ચરિત્ર પ્રાપ્ત થયું કહેવાયછે, અને તે ક્ષય તથા ઉપશમની મિશ્રતામાં બીજાં ચાર (સામાયિક, છેદોપસ્થાપનીય, પરિહારવિશુદ્ધ અને સૂક્ષ્મસંપરાય) ચરિત્રો કહેવાયછે. ૨૭.

સદ્દર્શન તથા જ્ઞાનના ફળરૂપ ચરિત્ર છે.

सद्दर्शनज्ञानफलं चरित्रं, ते तेन हीने भवतो वृथैव ।
सूर्यादिसङ्गेन दिवेव नेत्रे, नैतत्फलं ये न वदन्ति सन्तः ॥ २८ ॥

શુદ્ધ સમ્યકત્વ અને સદ્જ્ઞાન તે બન્નેના ફળરૂપ ચારિત્ર કહ્યું છે, એટલે સદ્દર્શન તથા જ્ઞાન હોય પણ તે સુચારિત્રથી રહિત હોય તો મોક્ષપ્રાપ્તિ થઇ શકતી નથી વાસ્તે તે નકામાં છે, એટલે ચારિત્રને ઉત્પન્ન ન કરનાર એવાં તે બન્ને નિષ્ફળ છે, ત્યાં દૃષ્ટાંત આપેછે કે—જેમ દિવસે સૂર્યાદિ પ્રકાશવિના (ગુફા વિગેરેમાં) બે નેત્રો વ્યર્થ છે અર્થાત્ નેત્રો છે છતાં પ્રકાશના અભાવમાં કાંઇ કામ કરી શકતાં નથી તેવી રીતે આ સમ્યક્ત્વદર્શન તથા જ્ઞાન તેજ ફળ નથી તેમ સંત મહાત્માઓ પણ જે એને ફળ કહેતા નથી. જેથી ચારિત્રજ ફળરૂપે છે. માટેજ મુનિઓએ ચારિત્રનું યથાર્થ રીતે સેવન કરવું. ૨૮.

કષાયો ચારિત્રના ઘાતક છે.

उपेन्द्रवज्रा.

कषायमुक्तं कथितं चरित्रं, कषायवृद्धावपघातमेति ।
यदा कषायः शममेति पुंसस्तदा चरित्रं पुनरेति पूतम् ॥ २९ ॥

કષાયો (ક્રોધ, માન, માયા, લોભ) થી મુક્ત એવું જે ચરિત્ર તે કષાયો વધતાં નાશ પામેછે અને જ્યારે પુરૂષના કષાયદોષ શાન્તિને પામેછે, ત્યારે પાછું તે શુદ્ધ ચારિત્ર પ્રાપ્ત થાયછે. ૨૯.

કષાય તથા ચારિત્ર્યને પરસ્પર શત્રુતા.

उपजाति (३०–३१).

कषायसङ्गः सहते न वृत्तं, समार्द्रचक्षुर्न दिनं न रेणुम् ।
काषायसङ्गं विधुनान्ति तेन, चारित्रवन्तो मुनयः सदापि ॥ ३० ॥

જેમ હમેશાં ભીની રહેતી આંખ સૂર્ય કે રજને સહન કરી શકતી નથી તેમ કષાયનો સંગ ચારિત્ર્યને સહન કરી શકતો નથી તેથી શુદ્ધ ચારિત્રવાળા મુનિઓ નિરંતર કષાયોના સંગનો નાશ કરી નાંખેછે. અર્થાત્ પોતે તેમાંથી સદા મુક્ત રહેછે. ૩૦.

ચારિત્રથી પ્રાપ્ત થતી નિર્ભયતા.

निश्शेषकल्याणविधौ समर्थं, यस्यास्ति वृत्तं शशिकान्तिकान्तम् ।
मर्त्यस्य तस्य द्वितयेऽपि लोके, न विद्यते काचन जातु भीतिः ॥३१॥

सुभाषितरत्नसन्दोह.

સમગ્ર કલ્યાણોની વિધિમાં સમર્થ એવું અને પૂર્ણ ચન્દ્રની કાન્તિ જેવું ઉજ્વળ જે મુનિ પુરૂષનું શુદ્ધ ચારિત્ર છે, તેને લીધે મહાત્માને આ લોકમાં તથા પરલોકમાં પણ કોઇ દિવસ કોઇ જાતની બીક રહેતી નથી. અર્થાત્ જો આનન્દમય એવા મોક્ષસુખની અભિલાષા હોય તો શુદ્ધ ચારિત્રનું યથાર્થ આ અધિકારમાં કહ્યા મુજબ પાલન કરવું. ૩૧.

શુદ્ધ ચારિત્ર પાળવાના સાધનરૂપ કોઇ પણ પ્રકારની દીક્ષાની જરૂર.

दस विहापवज्जा पन्नत्ता तंजहा–

१ छंदा २ रोसा ३ परिजना, ४ सुविणा ५ पडिसुया चेव

६ सारणिता ७ रोगिणिता ८ अनाटिता ९ देवसुपन्नत्ता
१० वछाणु बंधिता ॥ ३२ ॥

ठाणाङ्गसूत्र.

દીક્ષા દશ પ્રકારની કહેલી છે તે આ પ્રમાણેઃ—૧ પોતાની ઇચ્છાથી, ૨ ક્રોધથી, ૩ કુટુંબની પ્રેરણાથી, ૪ સ્વપ્નથી, ૫ ઉપદેશ સાંભળવાથી, ૬ ઉપદેશ યાદ આવવાથી, ૭ રોગથી, ૮ અનાદરથી, ૯ દેવતાના પ્રતિબોધથી તથા ૧૦ સંતાનના વાત્સલ્યથી દીક્ષા લેવામાં આવેછે. ૩૨.

આ પ્રમાણે વર્ણન કરી આ અધિકારની સમાપ્તિ કરવામાં આવેછે.

चारित्रसुख-अधिकार.

ચારિત્ર કેવું હોય તે બતાવી તેમાંથી (ચારિત્ર્યમાંથી) ઉત્પન્ન થતું સુખ દર્શાવવા પ્રયત્ન શરૂ થાયછે.

મનુષ્યે સુચારિત્રોનું સેવન કરવાની ઘણી જરૂર છે. તેમના સેવનથી અસાધ્ય વસ્તુ સાધી શકાયછે. સત્યાસત્યનો વિચાર કરીને ગ્રાહ્ય અને ત્યાજ્યનો બોધ થાયછે. વ્યવહારદશામાં યોગ્ય વર્તન ચલાવી પરિણામે ઉત્તમ દશાએ પહોંચી શકાયછે, ચારિત્રયુક્ત મનુષ્યો કેવા સુખી અને નિઃસ્પૃહ હોયછે તે પણ તેમના સહવાસ સિવાય જાણી શકાતું નથી, માટે સંસારમાં સુખી દશામાં જીવન ગાળી મોક્ષપદારૂઢ થવાની ઇચ્છાવાળાને તે અવશ્ય સેવ્ય છે જેમનું વૃત્તાંત આગળ દર્શાવવામાં આવ્યું છે કે જે વાંચવા-વિચારવાથી તેમનું વર્ણવેલું ઉત્તમ તત્ત્વ સમજાશે એમ વિચારી આ ચારિત્રસુખ અધિકારનો આરંભ કરવામાં આવેછે.

ચારિત્રની મહત્તા.

अनुष्टुप् (१ थी ८).

तच्चारित्रं न किं सेवे, यत्सेवावशगः पुमान् ।
हीनवंशोऽपि संसेव्यः, सुरासुरनरोत्तमैः ॥ १ ॥

તે ચારિત્ર (સંસારમાં વર્તવાની શુભ રીતિ) ને હું કેમ ન સેવું? કે જેની સેવાને વશ (આધીન) રહેનારો પુરૂષ હીન વંશનો હોય તોપણ દેવ, અસુર અને ઉત્તમ પુરૂષોએ સેવવા યોગ્ય થાયછે. ૧.

તથા—

अकुलीनः कुलीनः स्यात्सदाचारधुरन्धरः ।
अविशुद्धैकपक्षोऽपि, दर्पणो व्रतनिर्मलः ॥ २ ॥

સદાચાર પાળવામાં પરાયણ (સદાચરણી) પુરૂષ, અકુલીન (હીનજાતિનો) હોય તોપણ કુલવાન્ ગણાયછે (થાયછે). જેમ એક પક્ષમાં (બાજુમાં) અપવિત્ર-મલયુક્ત હોવા છતાં પણ દર્પણ (આરીસો) આચારમાં (ચારિત્રમાં) શુદ્ધ દેખાયછે તેમજ કુળ નીચ હોવા છતાં પણ સદાચારથી પુરૂષ નિર્મળ ગણાયછે. ૨.

વળી—

अपवित्रः पवित्रः स्याद्दासो विश्वेशतां भजेत् ।
मूर्खो लभेत ज्ञानानि, मञ्जुदीक्षाप्रसादतः ॥ ३ ॥

સુન્દર દીક્ષાના પ્રસાદથી અપવિત્ર પવિત્ર થાયછે, સેવક સર્વાધિકારિત્વને પામેછે, મૂર્ખ જ્ઞાન મેળવેછે; તો જે અધિકારી હોય તેમને માટે તો કહેવુંજ શું? ૩.

ચારિત્ર સેવનારને કાંઇ પણ અલભ્ય રહેતું નથી.

दीक्षोल्वणगुणग्रामक्रियालीनस्य देहिनः ।
जायन्ते त्रिजगत्सम्पदब्धयः सर्वलब्धयः ॥ ४ ॥

દીક્ષારૂપ નિર્મળ (ઉગ્ર) ગુણગણોની ક્રિયામાં આસક્ત (દીક્ષાના ઉત્તમ ગુણગ્રાહી) પુરૂષને ત્રૈલોક્યમાંની સમગ્રસંપત્તિઓ મળેછે કે જે મળ્યા પછી કોઇ પણ લબ્ધિ બાકી રહેતી નથી. ૪.

ચારિત્રથી અલભ્ય લાભ.

दत्ते महत्त्वमृध्यादि, जनस्य ननु जीवतः ।
महानन्दपदं नित्यं, दत्ते दीक्षा परत्र च ॥ ५ ॥

દીક્ષા (મનુષ્યને) જીવતો હોય ત્યાંસુધી અનેક પ્રકારની સમૃદ્ધિ આપેછે અને પરલોકમાં નિત્ય (નાશવિનાનું) મહા આનંદયુક્ત સ્થાન આપેછે. ૫.

તથા—

कर्माहिकीलनीमन्त्रः, संवेगरसकूपिका ।
निर्वाणभूभृदास्थानी, तपस्या पारमेश्वरी ॥ ६ ॥

જે પરમેશ્વરસંબંધી દીક્ષા ગ્રહણ કરવી તે કર્મરૂપી સર્પને બાંધવાનો મંત્ર છે, સંવેગરૂપી રસની કૂપિકા છે, મોક્ષરૂપી રાજાને રહેવાનું સ્થાનક છે.

સારાંશ—દીક્ષાનું પૂર્ણ પાલન કરવાથી કર્મ નાશ પામેછે, સંવેગ વૃદ્ધિ પામેછે અને મોક્ષની પ્રાપ્તિ થાયછે ૬.

વળી—

कश्चिन्नृजन्मप्रासादे, धर्मस्थपतिनिर्मिते ।
सद्गुणं विशदं दीक्षाध्वजं धन्योऽधिरोपयेत् ॥ ७ ॥

ધર્મરૂપી સુતારે બનાવેલ મનુષ્ય દેહરૂપી મહેલઉપર શુદ્ધ અને સારા ગુણવાળી દીક્ષારૂપી ધ્વજા કોઇ ભાગ્યશાળી પુરૂષજ ફરકાવેછે.

સારાંશ—મનુષ્યજન્મ મેળવી શુદ્ધ ચારિત્ર પાળવું. કારણકે પશુપક્ષીની યોનિમાં આવાં ચારિત્રનો અભાવ છે. ૭.

દુઃખ એ સુખ છે.

तद्दुःखमपि नो दुःखं, निर्वाहो यत्र सुन्दरः ।
बन्धः शस्यः सुमनसां, नृपामरशिरःस्थितौ ॥ ८ ॥

सूक्तिमुक्तावली.

જે દીક્ષામાં નિર્દોષ નિર્વાહ છે, ત્યાં દુઃખ પણ દુઃખરૂપે નથી; કારણકે દેવ કે રાજાના મસ્તકઉપર પુષ્પનું હારરૂપે જે બંધાઇને રહેવું, તે સ્તુતિ કરવારૂપ છે એટલે સુખપ્રદ છે પણ દુઃખરૂપ નથી.

સારાંશ—ચારિત્ર પાળવામાં જે દુઃખ દેખાયછે તે માત્ર અજ્ઞાનથીજ ભાસેછે. કારણકે ખરૂં સુખ જે મોક્ષ તે તેમાંથી (ચારિત્ર્યમાંથી) જ ઉદ્ભવેછે. ૮.

સર્વકરતાં સંયમી (ચારિત્રસેવી) સુખી છે.

उपजाति (९ थी १२).

न चक्रनाथस्य न नाकिराजो, न भोगभूपस्य न नागराजः ।
आत्मस्थितं शाश्वतमस्तदोषं, यत्संयतस्यास्ति सुखं त्रिबाधम् ॥ ९ ॥

આત્મસ્થિત (અવર્ણનીય), સદાને માટે રહેનારૂં (નાશરહિત), નિર્દોષ, બાધરહિત જે સુખ, સંયમી (તપસ્વી) ને છે તે ચક્રવર્તી રાજાને, ઇન્દ્રને, સમગ્ર ભોગોના અધિપતિને કે નાગરાજને પણ નથી. ૯.

વળી—

निवृत्तलोकव्यवहारवृत्तिः, सन्तोषवानस्तसमस्तदोषः ।
यत्सौख्यमाप्नोति गतान्तरायं, किं तस्यलेशोऽपि सरागचित्तः ॥ १० ॥

લોકના વ્યવહારની વૃત્તિથી નિવૃત્તિ પામેલો, સંતોષી, સકલદોષથી નિર્મુક્ત, જે સંયમી (તપસ્વી) વિઘ્નરહિત સુખ મેળવેછે તેનો લેશમાત્ર પણ શું રાગવૃત્તિવાળો પમાયછે? ૧૦.

જે રાગી છે, તે દુઃખી છે.

ससंशयं नश्वरमन्तदुःखं, सरागचित्तस्य जनस्य सौख्यम् ।
तदन्यथा रागविवर्जितस्य, तेनेह सन्तो न भजन्ति रागम् ॥ ११ ॥

સંશયવાળું, વિનાશી, પરિણામે (અન્તે) દુઃખ આપનારૂં જે સુખ સરાગ મનવાળાને (વિષયાભિલાષીને) છે તેથી જૂદુંજ નિરાગીઓને છે માટેજ સજ્જનો રાગને (વિષયને) સેવતા નથી. ૧૧.

શુદ્ધ ચારિત્રવાળો સર્વગુણસંપન્ન ગણાય.

विनिर्मलं पार्वणचन्द्रकान्तं, यस्यास्ति चारित्रमसौ गुणज्ञः ।
मानी कुलीनो जगतोऽभिगम्यः, कृतार्थजन्मा महनीयबुद्धिः ॥ १२ ॥

सुभाषितरत्नसन्दोह.

જેમનું ચારિત્ર (વર્ત્તન) પૂર્ણિમાના ચન્દ્રના સમાન કાન્તિવાળું પવિત્ર છે, તે મનુષ્યને ગુણજ્ઞ, માની, કુલવાન્, જગત્‌ને અનુસરવા યોગ્ય, સાર્થક જન્મવાળો અને બુદ્ધિશાળી ગણવો. ૧૨.

ચારિત્રની શ્રેષ્ઠતા.

तोटक.

न च राजभयं न च चौरभयं, इह लोकसुखं परलोकहितम् ।
वरकीर्तिकरं नरदेवनतं, श्रमणत्वमिदं रमणीयतरम् ॥ १३ ॥

सूक्तिमुक्तावली.

આ સંયમીપણું સર્વોત્તમ છે. કારણકે શ્રમણને (સયંમી પુરૂષને) રાજાનો કે ચોરનો ભય રહેતો નથી, વળી તે આ લોકમાં સુખરૂપ, પરલોકમાં હિતરૂપ,

ઉત્તમ કીર્તિ કરનારૂં અને રાજાઓને નમવા યોગ્ય છે એટલુંજ નહિ પણ સર્વનાં મન હરીને મોક્ષસુખસુધી પોતાની રમણીયતા બતાવેછે. ૧૩.

તપનું ફળ કોઇથી જાણી શકાતું નથી.

शिखरिणी (१४ थी १६).

यदेतत्स्वच्छन्दं विहरणमकार्पण्यमशनं,
सहार्यैः संवासः श्रुतमुपशमैकव्रतफलम् ।
मनो मन्दस्पन्दम्बहिरपि चिरायातिविमृश-
न्न जाने कस्येयम्परिणतिरुदारस्य तपसः ॥ १४ ॥

आत्मानुशासन.

જે આ ઇચ્છાનુસાર વિહાર, દીનતાવિના ભોજન, ઉત્તમ પુરૂષોની સાથે સહવાસ, ઉપશમરૂપ મુખ્યવ્રત જેના ફળરૂપ છે એવું શાસ્ત્રશ્રવણ, નિશ્ચલમન, બહાર પણ નિશ્ચલતા, લાંબા સમયસુધી પણ વિચારતાં હું નથી જાણતો કે આ કયા ઉદારતપનું પરિણામ છે?

આ સમગ્ર લક્ષણો કાંઇ ચાતુરીથી તેમ અલ્પતપથી પ્રાપ્ત થતાં નથી. ૧૪.

ચક્રવર્તી રાજાના જેવો યોગીનો રાજમહેલ.

मही रम्या शय्या विपुलमुपधानं भुजलता,
वितानं चाकाशं व्यजनमनुकूलोऽयमानिलः ।
स्फुरद्दीपश्चन्द्रो विरतिवनितासङ्गमुदितः,
सुखं शान्तः शेते मुनिरतनुभूतिर्नृप इव ॥ १५ ॥

भर्तृहरिवैराग्यशतक.

પૃથ્વીરૂપી સુંદર શયન, વેલા જેવા હાથ એજ મોટું ઓશિકું, આકાશ એજ ચંદની, અનુકૂળ (પોતાને જોઇએ તે વખતે ફરકતો) પવન એજ વ્યજન-પંખો, ચંદ્ર એજ ઝળકતો દીવો, વિરતિ (વૈરાગ્ય) રૂપી સ્ત્રીના સંગથી હર્ષવાળો મુનિ, પુષ્કળ સમૃદ્ધિવાળા રાજાની માફક શાંત થઇ સુખે સુવેછે. ૧૫.

યોગીનું ગૃહકુટુંબ.

पिता योगाभ्यासो विषयविरतिः सा च जननी,
विवेकः सौन्दर्यम्प्रतिदिनमनीहा च भगिनी ॥

प्रिया क्षान्तिः पुत्रो विनय उपकारः प्रियसुहृत्,
सहायो वैराग्यं गृहमुपशमो यस्य स सुखी ॥ १६ ॥

सूक्तिमुक्तावली.

યોગાભ્યાસ જે યોગીને પિતા છે, વિષયોમાંથી નિવૃત્તિ માતા છે, વિવેક (શરીરમાં) સુંદરતા છે, નિત્ય નિરિચ્છા બ્હેન છે, ક્ષાન્તિ પ્રિયા છે, વિનય પુત્ર છે, ઉપકાર પ્રિયમિત્ર છે, વૈરાગ્ય સાહાયક છે અને સન્તોષ ઘર છે, તે યોગીજ સુખી છે. ૧૬.

સર્વ દેવોકરતાં વીતરાગી સુખી.

शार्दूलविक्रीडित (१७ थी २१).

तन्नो नागपतेर्भुजङ्गवनिताभोगोपचारैः परै-
स्तन्नो श्रीसविलाससङ्गमशतैः सारैर्मुरारेः किल ।
तन्नो वज्रधरस्य देववनिताक्रीडारसैर्निर्भरै-
र्यत्सौख्यं बत वीतकाममनसां तत्त्वार्थतो योगिनाम् ॥ १७ ॥

काव्यमालागुच्छक सप्तम.

તત્ત્વથી (યથાર્થરીતે) જે સુખ (આનન્દ) તૃષ્ણારહિત મનવાળા યોગીઓને છે તે સર્વોત્કૃષ્ટ નાગકન્યાના ભોગોપચારથી નાગરાજને પણ નથી, શ્રેષ્ઠ લક્ષ્મીજીના વિલાસયુક્ત અનેક વખત સંગોથી વિષ્ણુને પણ નથી અને અતિશય દેવાંગનાઓના ક્રીડારસોવડે ઇન્દ્રને પણ નથી. ૧૭.

દીક્ષા સર્વસુખકારી છે.

विश्वानन्दकरी भवाम्बुधितरी सर्वापदां कर्त्तरी,
मोक्षाध्वैकविलङ्घनाय विमला विद्या परा खेचरी ।
दृष्ट्या भावितकल्मषापनयने बद्धा प्रतिज्ञा दृढा,
रम्यार्हच्चरिता तनोतु भविनां दीक्षा मनोवाञ्छितम् ॥ १८ ॥

कस्यापि.

વિશ્વને આનન્દ આપનારી, સંસારસાગરમાંથી તારનારી, સમગ્ર આપત્તિને કાપનારી, મોક્ષમાર્ગને ઉલ્લંઘવા (મોક્ષને પામવા) સર્વોત્તમ નિર્મળ ખેચરી વિદ્યારૂપ, દૃષ્ટિથી કરેલાં પાપને નાશ કરવામાં દૃઢ બાંધેલી પ્રતિજ્ઞારૂપ

અને રમણીય એવી શ્રીઅર્હંતભગવાને આચરેલી દીક્ષા સંસારીઓનાં મનોવાંચ્છિતને વિસ્તારો (ઇચ્છિતને પૂર્ણ કરો). ૧૮.

મુનિને મુસાફરીનાં સાધનો.

ज्ञानं यत्र पुरःसरं सहचरी लज्जा तपः सम्बलं,
चारित्रं शिबिका निवेशनभुवः स्वर्गा गुणा रक्षकाः ।
पन्थाश्च प्रगुणः शमाम्बुबहुलश्छाया दया भावना-
यानं तन्मुनिमापयेदभिमतं स्थानं विना विप्लवैः ॥ १९ ॥

आत्मानुशासन.

જેમાં જ્ઞાન અગવો (માર્ગ દેખાડનારો–ભોમીયો) છે, લજ્જા સહચરી છે, તપરૂપ ભાતું છે, ચારિત્રરૂપી પાલખી છે, સ્વર્ગ નિવસતિ છે, ગુણો રક્ષક છે, શમરૂપ જળથી ભરેલો સીધો સરલ માર્ગ છે, દયારૂપી છાયા છે, એવું ભાવનારૂપી યાન (વાહન) મુનિને પ્રયાસવિના ઇચ્છેલે સ્થાને પહોંચાડેછે. અર્થાત્ કોઇ સ્થળે પ્રયાણ કરવા વખતે સાધનોની જરૂર પડેછે તેમ આ સ્થળે પણ કહેલે સ્થાને દેર્શાવેલાં સાધનોથી પહોંચાયછે. ૧૯.

રાજાકરતાં યોગીની અધિકતા.

त्वं राजा वयमप्युपासितगुरुप्रज्ञाभिमानोन्नताः,
ख्यातस्त्वं विभवैर्यशांसि कवयो दिक्षु प्रतन्वन्ति नः ।
इत्थं मानधनातिदूरमुभयोरप्यावयोरन्तरं,
यद्यस्मासु पराङ्मुखोसि वयमप्येकान्ततो निस्पृहाः ॥ २० ॥

भर्तृहरिवैराग्यशतक.

તું જેમ રાજા છે તેમ અમે પણ ગુરૂની સેવા કરીને પ્રાપ્ત કરેલી બુદ્ધિના અભિમાનથી ઉન્નત છીએ; તું જેમ વિભવોથી પ્રખ્યાત છે તેમ કવિઓ (દશે) દિશામાં અમારા પણ યશને વિસ્તારેછે; તો હે માનરૂપ ધનવાળા! આપણ બન્નેમાં આ ઘણોજ અંતર (તફાવત) છે જો તું અમારાતરફ બેદરકાર રહેછે તો અમો તો અત્યંત નિઃસ્પૃહ છીએ.

સારાંશ—તું કેવળ તારા દેશનોજ રાજા છો, અમારૂં તો સર્વત્ર સ્વાધીનત્વ છે, તારો વિભવ માપી શકાય તેવો છે, અમારો વિભવ દશ દિશાઓમાં પ્રસરેલો છે. માટેજ આપણામાં ઘણોજ અંતર છે, અને અમો તો મૂળથીજ નિઃસ્પૃહ છીએ જેથી તું પરાઙ્મુખ રહે તોપણ અમારૂં પરાઙ્મુખ થાવાપણું નથી, અર્થાત્ અમોને નિઃસ્પૃહપણાથી તારી દરકાર નથી. ૨૦.

યોગી કુટુંબી છતાં નિર્ભય.

धैर्यं यस्य पिता क्षमा च जननी शान्तिश्चिरं गेहिनी,
सत्यं सूनुरयं दया च भगिनी भ्राता मनःसंयमः ।
शय्या भूमितलं दिशोऽपि वसनं ज्ञानामृतं भोजन-
मेते यस्य कुटुम्बिनो वद सखे कस्माद्भयं योगिनः ॥ २१ ॥

सुभाषितरत्नभाण्डागार.

ધીરજ જેમનો પિતા છે, ક્ષમા માતા છે, શાન્તિ ઘણા સમયસુધીની સ્રી છે, સત્ય પુત્ર છે, દયા બહેન છે, મનનો નિયમ ભાઇ છે, પૃથ્વીતલ શય્યા છે, દિશાઓ વસ્ર છે, જ્ઞાનામૃત જેમને ભોજન છે. હે મિત્ર! આટલાં જેમનાં કુટુમ્બીઓ છે તે યોગીને કોનાથી ભય રહેછે? (કોઇથી પણ નહિ). ૨૧.

નિઃસ્પૃહ મહાત્માની રાજાપ્રતિ ઉક્તિ.

मालिनी.

वयमिह परितुष्टा वल्कलैस्त्वं च लक्ष्म्या,
सम इह परितोषो निर्विशेषो विशेषः ।
स तु भवति दरिद्रो यस्य तृष्णा विशाला,
मनसि च परितुष्टे कोऽर्थवान्को दरिद्रः ॥ २२ ॥

भर्तृहरिवैराग्यशतक.

હે રાજન્! અમે વલ્કલથી (વૃક્ષની છાલથી) સંતોષ પામીએ છીએ, તમે લક્ષ્મીથી (સમૃદ્ધિથી) સંતોષ પામેછો, આ પ્રમાણે વિચાર કરતાં મારો અને તમારો સંતોષ સમાન છે પણ ખરૂં જોતાં મારામાં અને તમારામાં કંઇ ફેર નથી તેમ નથી (ઘણોજ તફાવત છે). જેને પુષ્કળ તૃષ્ણા હોયછે તે દરિદ્ર થાયછે, પણ જ્યારે મન સંતોષ પામેછે ત્યારે દરિદ્ર એ કોણ અને અર્થવાન્ પણ કોણ?

સારાંશ—અમે કષાય વસ્રથી અને તમે કૌશેય (રેશમી) વસ્રથી સંતોષ પામોછો, તો પછી દરિદ્ર કોણ? સંતોષ મેળવ્યો એટલે રાજા અને દરિદ્ર બેઉ સરખા છે; રાજા સમૃદ્ધિથી સંતુષ્ટ રહેછે, તેમ ગરીબ પોતાના (પ્રારબ્ધાનુસાર) જે મળે તેથી સંતુષ્ટ રહે, તો પછી બેમાં ફેર શો? કંઇજ નહીં. (પરંતુ હે રાજન્ તું અસંતોષી હોવાથી દુઃખી છો). ૨૨.

स्रग्धरा (२३–२४).

अर्थानामीशिषे त्वं वयमपि च गिरामीश्महे यावदर्थं,
शूरस्त्वं वादिदर्पज्वरशमनविधावक्षयं पाटवं नः ।
सेवन्ते त्वां धनाढ्या मतिमलहतये मामपि श्रोतुकामा,
मय्यप्यास्था न ते चेत्त्वयि मम नितरामेव राजन्ननास्था ॥ २३ ॥

भर्तृहरिवैराग्यशतक.

હે નૃપ! તમે જેમ દ્રવ્યના અધિપતિ છો તેમ અમો પણ જરૂર જેટલી (અર્થવાળી) વાણીના અધિપતિ (પુષ્કળ શાસ્ત્રવેત્તા) છીએ, તમે જેમ લડવૈયા છો, તેમ વાદક (વાદ કરનારા) ના અભિમાનરૂપી જ્વરને તોડવામાં અમારી પુષ્કળ ચતુરાઇ (લડાઇની કવાયત) છે, જેમ ધનાઢ્ય પુરૂષો તમોને સેવેછે તેમ અંતઃકરણની શુદ્ધિને માટે શ્રોતાઓ અમોને સેવેછે, (અમો તમારાથી ઉંચી સમૃદ્ધિવાળા છીએ) છતાં અમારાઉપર તમોને જો આસ્થા (માનદૃષ્ટિ) ન હોય તો તમારા ઉપર અમોને આસ્થા છેજ નહિ. ૨૩.

શ્રમણત્વવિના અન્ય વસ્તુ દુઃખપ્રદ છે.

नो दुःकर्मप्रयासो न कुयुवतिसुतस्वामिदुर्वाक्यदुःखं,
राजादौ न प्रणामोऽशनवसनधनस्थानचिन्ता न चैव ।
ज्ञानाप्तिर्लोकपूजा प्रशमसुखरतिः प्रेत्य मोक्षाद्यवाप्तिः,
श्रामण्येऽमी गुणाः स्युस्तदिह सुमतयस्तत्र यत्नं कुरुध्वम् ॥ २४ ॥

सूक्तिमुक्तावली.

હે ઉત્તમ બુદ્ધિશાળીઓ! શ્રમણત્વમાં દુઃખપ્રદ કર્મોનો પ્રયાસ નથી, ખરાબ સ્ત્રી, પુત્ર, સ્વામીના દુર્વાક્યનું દુઃખ નથી, રાજાદિને નમવાનું નથી, ભોજન, વસ્ત્ર, દ્રવ્ય, સ્થાન આદિની ચિન્તા પણ નથી, જ્ઞાનની પ્રાપ્તિ, લોકમાં પૂજા, શમનાં સુખોમાં પ્રીતિ, અને મૃત્યુબાદ મોક્ષાદિની પ્રાપ્તિ થાયછે. આ બધા ગુણો શ્રમણત્વમાં છે માટે તેમાં પ્રયાસ કરો. ૨૪.

કેવાં સાધનોથી સુખ ઉત્પન્ન થાય તે બતાવી આ ચારિત્રસુખ અધિકાર પૂર્ણ કરવામાં આવેછે.

चारित्रदुःख-अधिकार.

દરેક કાર્યમાં પ્રવૃત્ત થતાં પહેલાં તે કાર્ય કરવામાં અને છેવટસુધી તેને નિભાવવામાં કયા કયા પ્રકારનાં સંકટો પ્રાપ્ત થાયછે? તે જાણુવાની પ્રથમ જરૂર છે. જ્યારે જગતનાં કાર્યોમાં પણ આમ નિરીક્ષણ કરવું પડેછે ત્યારે મોક્ષોપયોગી ચારિત્ર જે સર્વ શાસ્ત્રોના ફળરૂપ છે તેના આરંભમાં તથા તેને યાવજ્જીવિતસુધી નિભાવવાના કાર્યમાં તેનાં સુખ જાણવાની સાથે તેમાં કઇ કઇ જાતનાં દુઃખો (વિઘ્નો) પ્રાપ્ત થાયછે તે ચરિત્રાનુરાગી સાધુઓએ પ્રથમ પદે જાણવાની ઘણીજ જરૂર છે. કારણકે એક જનસંઘ એક રસ્તે જવાનો હોય તે પણ તે રસ્તાસંબંધી અડચણોને પ્રથમ સમજી પછી તે માર્ગે ચાલેછે એટલે અમુક હદે ગામ આવેછે, અમુક હદે નિર્જળ પ્રદેશ આવેછે, અમુક હદમાં ચોરનો ભય રહેછે વિગેરે, તેમ ચારિત્રમાર્ગદ્વારા મુક્તિપુરીમાં જવા ઇચ્છતા યતિવર્યોએ તે માર્ગનાં વિઘ્નો જાણવાં જોઇએ. જેનું દિગ્દર્શન કરાવવા આ અધિકારનો આરંભ કરવામાં આવેછે. એટલે સાવચેત રહી તે દુઃખોથી બચી મુક્તિપુરીમાં નિર્વિઘ્ન રીતે સાધુઓ જઇ શકે આવો ઉદ્દેશ છે.

અહિંસાવ્રતની દુષ્કરતા.

अनुष्टुप् (१ थी १९).

समया सव्वभूएसु सत्तुमित्तेसु वा जगे ।
पाणायवायविरई जावज्जीवाए दुक्करं ॥ १ ॥

જગતમાં સઘળા શત્રુઓ અને મિત્રોઉપર સમતા રાખવી અને કોઇ પણ જંતુની હિંસા કરવી નહિ. જીવિતપર્યંત પ્રાણાતિપાતવિરમણવ્રત પાળવું એ ખરેખર મહા કઠિન કામ છે. ૧.*

---

* ઉત્તરાધ્યયન સૂત્રના ૧૯ મા અધ્યયનમાં જ્યારે મૃગાપુત્ર ચારિત્ર ગ્રહણ કરવાની આજ્ઞા લેછે ત્યારે તેનાં માતાપિતા તે પુત્રને ચારિત્ર પાળવાની દુષ્કરતા સૂચવેછે. ગાથા ૧ થી ૧૯.

સત્યવ્રત.

निच्चंकालप्पमत्तेणं मुसावायविवज्जगम् ।
भासियव्वं हियं सच्चं निच्चाउत्तेग दुक्करं ॥ २ ॥

યાવજ્જીવિત અપ્રમત્ત રહી સાવધાનપણે જૂઠું ભાષણ બિલકુલ ન બોલવું. હમેશાં ઉપયોગપૂર્વક હિતકારી સત્ય વચનજ બોલવું. એટલે મૃષાવાદવિરમણવ્રત પાળવું, મહા કઠિન કામ છે. ૨.

ચોરીનો ત્યાગ.

दन्तसोहणमाइस्स अदत्तस्स विवज्जणं ।
अणवज्जेसणिज्जस्स गिण्हणा अवि दुक्करं ॥ ३ ॥

દંતશોધનમાટે તૃણ માત્ર પણ દીધાવિના ગ્રહણ ન કરવું. નિર્દોષ અને એષણિક અન્ન જળ લેવું તે અત્યંત કઠિન કામ છે. ૩.

બ્રહ્મચર્યવ્રત

विरई अबंभचेरस्स कामभोगरसन्नुणा ।
उग्गंमहव्वयं बम्भं धारेयव्वं सुदुक्करं ॥ ४ ॥

કામભોગના મીઠા સ્વાદને જાણનારા મનુષ્યોએ વિષયપરિત્યાગ કરવો તે અત્યંત કઠિન છે. કઠિનમાં કઠિન બ્રહ્મચર્યવ્રત પાલન કરવું તે મહા મુશ્કેલ છે. ૪.

પરિગ્રહત્યાગવ્રત.

धणधन्नपेसवग्गेसु परिग्गहविवज्जणा ।
सव्वारंभपरिच्चाओ निम्ममत्तं सुदुक्करं ॥ ५ ॥

ધન, ધાન્ય, દાસદાસીના સમૂહ ઈત્યાદિ તમામ પરિગ્રહમાત્રનો ત્યાગ કરવો અને આરંભ તજી દેવો. મમત્વરહિત નિર્ગ્રંથભાવે વિચરવું તે અત્યંત કઠિન કામ છે. ૫.

રાત્રિભોજનત્યાગવ્રતની દુષ્કરતા.

चउव्विहे वि आहारे राइभोयणवज्जणा ।
सन्निही संचओ चेव वज्जेयव्वो सुदुक्करं ॥ ६ ॥

અશન (રોટલો–રોટલી વિગેરે) પાન (પાણી કે ચા વિગેરે) ખાદિમ (સૂકો કે લીલો મેવો વિગેરે) સ્વાદિમ (પાન સોપારી વિગેરે) પદાર્થો રાત્રિમાં ખાવા નહિ એટલુંજ નહિ પણ રાત્રિમાં (પાણી સિવાય) કશું રાખવું નહિ. તે પ્રમાણે આવતા દિવસને સારૂ કોઇ પદાર્થનો સંગ્રહ કરવો નહિ માટે ચારિત્ર પાળવું તે કઠિન છે. ૬.

પરીષહોની દુષ્કરતા.

छुहा तण्हाय सीउण्हं दंसमसगवेयणा ।
अक्कोसा दुक्खसेज्जा य तणफासा जल्लमेव य ॥ ७ ॥

ભૂખ, તૃષા, ટાઢ, ઉષ્ણતા, ડાંસ, મચ્છર આદિ ક્ષુદ્ર જંતુની પીડા; કઠોર વચન અને ચાર પ્રકારની દુઃખ શય્યા (ઠાણાંગજીનાં ચોથા ઠાણામાં કહી છે) તૃણાદિ કઠણ સ્પર્શ, શરીરનો મેલ, પરસેવો, મલિન કપડાં વિગેરે દુઃખ સહન કરવું ઘણું કઠિન કામ છે. ૭.

તથા—

तालणा तज्जणा चेव वहबन्धपरीसहा ।
दुक्खं भिक्खायरिया जायणा य अलाभया ॥ ८ ॥

કોઇની અણગી સમજુતીથી સાધુઉપર માર પડવો, તિરસ્કાર થાય, વધ થાય, બંધન આદિ પરીષહો સહન કરવા તથા ભિક્ષા માગી નિર્વાહ ચલાવવો, લોકલજ્જામાટે વસ્ત્રાદિકની યાચના કરવી અને યાચના ભંગ થવાથી દુઃખ ઉત્પન્ન થાય એ સહન કરવું, તે દુઃખની પરાકાષ્ઠા છે. ૮.

વળી—

कावोया जा इमा वित्ती केसलोओ य दारुणो ।
दुक्खं बम्भव्वयं घोरं धारेउ य महप्पणो ॥ ९ ॥

(૧) કપોતવૃત્તિ એટલે કબુતર જેમ પોતાના પેટમાં જોઇએ તેટલોજ ખોરાક લેછે પણ તે સંગ્રહ કરતું નથી તેમ સાધુપુરૂષે અન્ન વિગેરેનો સંગ્રહ કરવો નહિ તથા (૨) કેશનો લોચ કરવો અને (૩) મન, વાણી તથા શરીરથી તેમજ કરવું, કરાવવું કે અનુમોદવું એ ૭ સાધનથી બચી શુદ્ધ બ્રહ્મચર્યવ્રત પાળવું એ (કપોતવૃત્તિ, કેશલોચ, બ્રહ્મચર્યવ્રત પાળવું) ઘણુંજ અશક્ય કામ છે. ૯.

માતા–પિતાનો પુત્રપ્રતિ ઉપદેશ.

सुहोइओ तुमं पुत्ता सुकुमालो सुमज्जिओ ।
न हु सी पभू तुमं पुत्ता सामण्णमणुपालिया ॥ १० ॥

ઓ વ્હાલા પુત્ર! તું અત્યંત સુખી જીવ છો, પરમ સુકુમાર અને અત્યંત આરામવાળો અમીર છો, તેથીજ ઓ પ્યારા! તું ચારિત્ર પાળવામાં બરાબર શક્તિવાળો બની શકીશ નહિ. ૧૦.

ચારિત્ર ગુણનો તોલ અસહ્ય છે.

जावज्जीवमविस्सामो गुणाणं तु महम्भरो ।
गुरु उ लोहभारो व्व जो पुत्ता होइ दुव्वहो ॥ ११ ॥

જીંદગીપર્યંત ચારિત્રનો બોજો ઉઠાવવો, એ મસ્તકઉપર અત્યંત વજનદાર લોઢાના ભાર બરોબર કઠિન છે. ૧૧.

સંજમની પ્રાપ્તિ દુષ્કર છે.

आगासे गंगसो उ व्व पडिसोओ व्व दुत्तरो ।
बाहाहिं सागरो चेव तरियव्वो गुणोदही ॥ १२ ॥

પર્વતમાંથી પડતી એવી ગંગા તેના પ્રવાહમાં સામે પૂરે તરવું, અથવા બે હાથવડે મહાસાગર તરી જવો જેમ મુશ્કેલ છે; તેમ ગુણસમુદ્રરૂપ સંજમને તરવું બહુ કઠિન છે. ૧૨.

ચારિત્ર નિભાવવમાં મુશ્કેલી.

वालुआकवलो चेव निरस्साए उ संजमे ।
असिधारागमणं चेव दुकरं चरिउं तवो ॥ १३ ॥

જેમ રેતીના કવલ નીરસ અને લુખા હોયછે તેમ પ્રથમ તો સાધુપણું નીરસ છે તેમાં પણ જે તપશ્ચર્યા કરવી છે તે તો ખરેખર ખડ્ગધારાઉપર ચાલવાજેવું મહા કઠિન છે. ૧૩.

તથા—

अही वेगंतदिट्ठीए चरित्ते पुत्त दुक्करे ।
जवा लोहमया चेव चावेयव्वा सुदुक्करं ॥ १४ ॥

જેમ સર્પ બારીક નજરથી ચાલવાની જગ્યોમાં એક ધ્યાન રાખી ચાલેછે તેમ હે વ્હાલા બેટા! તારે પણ ચાલવાની જરૂર છે. એ મીણના દાંતથી લોઢાના જવ ચાવ્યા બરોબર છે એટલે સંજમ (સંયમ) પાળવો મહા કઠિન છે. ૧૪.

વળી—

जहा अग्गिसिहा दित्ता पाउं होइ सुदुक्करं ।
तह दुक्करं करेउं जे तारुण्णे समणत्तणं ॥ १५ ॥

જેમ પુનઃ પુનઃ અત્યંત પ્રજ્વલિત થયેલી અગ્નિશિખાને પીવી કઠિન છે; તેમ યુવાવસ્થામાં સાધુપણું ધારણ કરવું મહા દુષ્કર છે. ૧૫.

તેમજ—

जहा दुक्खं भरेउं जे होइ वायस्स कोत्थलो ।
तहा दुक्खं करेउं जे कीवेणं सामणत्तणं ॥ १६ ॥

જેમ કપડાનાં કોથળામાં હવા ભરી રાખવી અશક્ય છે; તેમ કાયર પુરૂષોએ ચારિત્ર આરાધવું અશક્ય છે. ૧૬.

તથા—

जहा तुलाए तोलेउं दुक्करो मंदरो गिरी ।
तहा निहुयनिस्संकं दुक्करं समणत्तणं ॥ १७ ॥

જેમ તોલવાનાં ત્રાજવામાં મેરૂ પર્વતને જોખીને વજનનું માપ કાઢી શકવું તે કઠણ છે; તેમ ચોક્કસ અને ચોખી રીતે દશ પ્રકારે સાધુપણું પાળવું તે ઘણુંજ કઠણ છે. ૧૭.

વળી—

जहा भुयाहिं तरिउं दुक्करं रयणायरो ।
तहा अणुवसन्तेणं दुक्करं दमसायरो ॥ १८ ॥

જેમ ભુજાવડે અગાધ સમુદ્ર તરી, પાર ઉતરવું દુષ્કર છે; તેમ અનુપશાંત છે વિષય-કષાય જેના એવા જીવોને ક્ષમાસાગર-સંયમ ચારિત્રવ્રતસાગર તરવો કઠિન છે. ૧૮.

ભોગ ભોગવ્યા પછી સાધુ થવાનો ઉપદેશ.

भुंज माणुस्सए भोगे पंचलक्खणए तुमं ।
भुत्तभोगी तओ जाया पच्छा धम्मं चरिस्ससि ॥ १९ ॥

उत्तराध्ययनसूत्र-अध्ययन १९ मुं.

હે પ્યારા પુત્ર! શબ્દ, રૂપ, રસ, ગંધ, સ્પર્શ, એ પાંચ પ્રકારના મનુષ્યસંબંધી ઉત્તમ ભોગ તું ભોગવી લે અને હે વ્હાલા બેટા! તું ભુક્તભોગી થયા પછીજ વૃદ્ધ અવસ્થામાં સુખે ચારિત્રધર્મ અંગીકાર કરજે. ૧૯.

મોહાદિક જે ચારિત્રનાં મહા દુઃખો છે તેને છોડી દેવાં.

इन्द्रवज्रा.

मोहप्ररोहः प्रसरन्निवार्यः, स क्रोधयोधो हृदये न धार्यः ।
मानो न मान्यो मदलोभमाया, दुःशीलजाया इव यत्र हेयाः ॥ २० ॥

જેમાં મોહ (મોહની કર્મ) નો પ્રરોહ (અંકુર) તે જ્યાં ઉત્પન્ન થાય કે તેનું નિવારણ કરી દેવું અને ક્રોધરૂપી યોદ્ધાને હૃદયમાં ધારણ ન કરવો. માન (અભિમાન) ને માન ન આપવું, તથા મદ* (ગર્વ), લોભ અને માયાનો દુષ્ટ સ્વભાવવાળી સ્ત્રીઓની માફક ત્યાગ કરી દેવો, અર્થાત મોહ, ક્રોધ, માન, મદ, લોભ અને માયા આ બધાં ચારિત્રને દુઃખરૂપ છે તેથી તજી દેવાં જોઇએ. ૨૦.

સાંસારિક મમતાત્મક વિષયો પણ ચારિત્રને દુઃખરૂપ છે.

उपजाति.

परीषहा यत्र सदैव सह्या, न चित्तवृत्तिर्विषयेषु योज्या ।
आजन्मचर्या बहुधा तपस्या, न कापि कार्या ममता वपस्या ॥ २१ ॥

જેમાં હમેશાં પરીષહો જે બાવીશ પ્રકારના છે તેને સહન કરવાજ અને ચિત્તની વૃત્તિ વિષયોમાં ન જોડવી. જન્મથી મરણપર્યંત ઘણા પ્રકારની તપસ્યા કરવી અને કોઇ પણ દિવસ મમતાનું ક્ષેત્ર ન વાવવું અર્થાત્ સાંસારિક મમતાત્મક વિષયોમાં આસક્ત ન થવું અને આખો જન્મ તપસ્યામાં ગાળવો. ૨૧.

હાસ્ય વિગેરે છ પ્રકારના કોપો ચારિત્રના દુઃખરૂપ છે.

इन्द्रवज्रा.

दुःपालशीलं परिपालनीयं, वैराग्यरत्नं हृदि लालनीयम् ।
भूम्येव सर्वा सहता विधेया, हास्यादिषट्कोपचितिः प्रहेया ॥ २२ ॥

જે શુદ્ધ ચારિત્ર દુઃખથી પાલન કરી શકાય તેવું છે, તે ચારિત્રનું યથાર્થ રીતે પરિપાલન કરવું. બીજાં સાંસારિક હીરામોતીના દાગીનારૂપી રત્નોનો વિચાર

---

* જાતિ—કુળ—બળ—રૂપ—તપ—લાભ—સૂત્ર અને મોટાઈ એ આઠ પ્રકારનો મદ એટલે ગર્વ.

છોડી વૈરાગ્યરૂપી રત્નનું હૃદયમાં પાલન કરવું. પૃથ્વીની માફક સર્વ પ્રકારની સહનતા રાખવી અને હાસ્ય, સુખમાં રતિ, દુઃખમાં અરતિ, ભય, શોક અને દુગંછા આમ છ પ્રકારના કષાયના સમૂહનો ત્યાગ કરવો. અર્થાત્ ચારિત્રોમાં હાસ્યાદિક દોષો છે તેને તજી સચ્ચારિત્રનું પાલન કરવું કઠિન છે. ૨૨.

ગ્રાહ્ય વસ્તુ.

उपजाति (२३–२४).

महाव्रतामर्त्यनगातिभारो, विश्रामवर्जं शिरसैव धार्यः ।
भिक्षाशनं भूशयनं नवीनध्यानानुसन्धानमहो सदैव ॥ २३ ॥

પાંચ મહાવ્રતોરૂપી કલ્પવૃક્ષોનો અતિ ભાર વિશ્રામ લીધા સિવાય પોતાના મસ્તકઉપરજ ધારણ કરવો. ભિક્ષાનું ભોજન જમવું, પૃથ્વીઉપર શયન કરવું અને આનન્દપૂર્વક સદા ઇષ્ટદેવના ધ્યાનનું નવીન નવીન રીતે અનુસંધાન કરવું. ૨૩.

પ્રવ્રજ્યા લેવાને તૈયાર થયેલા સુકુમાર અંગવાળા પોતાના બે પુત્રોને તેનાં માતાપિતા કહેછે કે—

ચારિત્રોના પાલનમાં ઘણાં દુઃખો છે.

इत्येवमादिप्रचुरप्रकाराश्चारित्ररामारमणीयहाराः ।
शिरीषपुष्पाधिकसौकुमार्यवद्भ्यां भवद्भ्यां तु कथं प्रपाल्याः ॥२४॥

नरवर्मचरित्र.

હે પુત્રો! એમ ઉપર કહ્યા પ્રમાણે જેના ઘણા પ્રકારો છે એવા ચારિત્રરૂપી સુન્દર સ્ત્રીઓના સુન્દર હારોનું શિરીષ નામના પુષ્પોકરતાં અધિક સુકુમારતા (કોમલપણા) વાળા તમે બન્ને જણાઓ કેમ પાલન કરી શકશો? અર્થાત્ તમે બન્નેજણ સુકોમલ છો તેથી આ મહા કઠિન વ્રતો કેમ પાલન કરી શકશો? ૨૪.

ચારિત્ર પાળવું એ કાયર પુરૂષનું કામ નથી પણ શૂરવીરનુંજ કામ છે. કારણ કે ચારિત્રમાં અનેક દુઃખો ઉત્પન્ન થાયછે ખરાં પણ મોક્ષરૂપી મણિ પાસે તે શંખલાં સમાન છે એમ બતાવતાં આ ચારિત્રદુઃખ અધિકાર પૂર્ણ કરવામાં આવેછે.

प्रमादत्याग–अधिकार.

ચારિત્રપાલન મહા કઠિન છે, તે પ્રમાદી મનુષ્યથી થઇ શકતું નથી. માટે પ્રમાદનો સર્વથા ત્યાગ કરવો જોઇએ. વિચાર કરવો જોઇએ કે–પ્રમાદી મનુષ્યનું સાધારણ લૌકિક કાર્ય પણ સિદ્ધ થઇ શકતું નથી ત્યારે પરલોકસંબંધી મોક્ષસાધક કર્મમાં જો પ્રમાદ રાખે તો મોક્ષાદિ ક્યાંથી પ્રાપ્ત થઇ શકે? એટલે પ્રમાદી મનુષ્યનાં ઐહિક પારલૌકિક બન્ને કાર્યો વિનાશ પામેછે, માટે સર્વ રીતે પ્રમાદનો ત્યાગ કરવો. નીતિમાં પણ કહ્યું છે કે—

"आलस्यं हि मनुष्याणां, शरीरस्थो महारिपुः"

અર્થાત્ પ્રમાદ (આલસ્ય) તે મનુષ્યોના શરીરમાં રહેલ મહાન્ શત્રુ છે, એટલે અન્ય શત્રુ તો બહાર રહી હેરાન કરેછે, પરંતુ આ શત્રુ તો પોતાના શરીરમાં રહી નાશ કરેછે. તો તે પ્રમાદથી તથા મોક્ષાદિ સાધનના જે વિઘ્નરૂપ આઠ પ્રકારના મદો, પાંચ ઇન્દ્રિયોના ત્રેવીશ વિષયો, ચાર કષાય, નિન્દા, ચાર વિકથાઓ જેને શાસ્ત્રકારોએ પ્રમાદરૂપ કહ્યા છે તેમાંથી પણ જીવ પોતે બચી મોક્ષસુખ મેળવી શકે તે વિષય સમજાવવામાટે આ અધિકારનો આરંભ કરવામાં આવેછે.

પ્રમાદસમાન જગત્માં કોઇ અનિષ્ટકર્ત્તા નથી.

अनुष्टुप् (१ थी ३).

प्रमादः परमद्वेषी, प्रमादः परमं विषम् ।
प्रमादो मुक्तिपुर्दस्युः, प्रमादो नरकालयः ॥ १ ॥

પ્રમાદ (ગાફલતા) એ પરમ દુશ્મન છે, પ્રમાદ મ્હોટું ઝેર છે, પ્રમાદ મુક્તિરૂપી પુરીને ચોરરૂપ છે. અર્થાત્ મુક્તિરૂપી પુરીમાં જતા યતિના સંયમાદિ ભ્રાતા વિગેરેને પ્રમાદરૂપી શત્રુ હરી જાયછે. જેથી મુક્તિપુરીમાં પહોંચી શકાતું નથી અને પ્રમાદ નરકનું ઘર છે, એટલે મુક્તિપુરીમાં જનારને નરકાલયમાં મોકલનાર પ્રમાદ છે. ૧.

મહાસર્પકરતાં પણ પ્રમાદ વિશેષ દુઃખપ્રદ છે.

प्रमादस्य महाहेश्च, दृश्यते महदन्तरम् ।
आद्याद्भवे भवे मृत्युः, परस्माज्जायते न वा ॥ २ ॥

પ્રમાદ અને મહાન્ સર્પનું મ્હોટું અન્તર દેખાયછે. એટલે પ્રમાદથી જન્મે જન્મે મૃત્યુ જીવને પ્રાપ્ત થાયછે એટલે પ્રમાદીને જન્મમરણ ટળતું નથી અને સર્પથી મરણ થાયછે અથવા મંત્રાદિ ઉપચારે મળે તો વખતે મનુષ્ય જીવી પણ જાયછે. અર્થાત્ પ્રમાદ ઝેરી નાગકરતાં પણ વધારે દુઃખપ્રદ છે. ૨

પ્રમાદી યતિની પ્રવ્રજ્યા નિષ્ફળ છે.

कषाया यस्य नोच्छिन्ना, यस्य नात्मवशं मनः ।
इन्द्रियाणि न गुप्तानि, प्रव्रज्या तस्य निष्फला ॥ ३ ॥

ક્રોધ, માન, માયા અને લોભ આમ ચાર પ્રકારના કષાયો જે મુનિના ઉચ્છિન્ન થયા નથી અર્થાત્ નાશ પામ્યા નથી તેમ જેને પોતાનું મન આધીન નથી અને જેણે ઇન્દ્રિયોને નિયમમાં રાખી નથી તે સાધુની પ્રવ્રજ્યા નિષ્ફળ જાણવી. ૩.

પાંચ પ્રકારના પ્રમાદ.

आर्या.

मदविसयकसाया निद्दाविगहायपंचमीभणीया ।
ए ए पंचपमाया जीवं पाडन्ति संसारे ॥ ४ ॥

આઠ પ્રકારના મદ, પાંચ ઇંદ્રિયોના ત્રેવીશ વિષય, ચાર કષાય, નિંદ્રા, ચાર વિકથા (સ્ત્રીકથા, ભત્તકથા, દેશકથા, રાજ્યકથા) એ પાંચ પ્રમાદો જીવને સંસારમાં નાખેછે. ૪.

સર્વ દુઃખોનું કારણ પ્રમાદ છે.

स्रग्धरा.

यत्सम्पत्त्या न युक्ता जगति तनुभृतो यच्च नापद्विमुक्ता,
यत्राधिव्याधिहीनाः सकलगुणगणालङ्कृताङ्गाश्च यन्नो ।
यन्न स्वर्गं लभन्ते निखिलसुखखानिं मोक्षसौख्यं च यन्नो,
दुष्टः कल्याणमालादलनपटुरयं तत्र हेतुः प्रमादः ॥ ५ ॥

सूक्तिमुक्तावली.

જગત્માં જે મનુષ્યો નિર્ધન છે અને દુઃખોથી મુક્ત થતાં નથી અને જે આધિ (મનપીડા) વ્યાધિ (દેહપીડા) થી મુક્ત થતાં નથી, તેમ સમગ્ર

ગુણગણોથી સુશોભિત અંગવાળા જે થતા નથી, સમગ્ર સુખોની ખાણરૂપ એવા સ્વર્ગને પામી શકતા નથી, તેમ જે (સર્વ પ્રકારનાં સુખોના મુગટરૂપ) મોક્ષસુખને પણ પામી શકતા નથી તે સમગ્ર વિપત્તિઓનું કારણ આ દુષ્ટ પ્રમાદજ છે કે જે પુણ્યકર્મોની પંક્તિઓના નાશમાં પ્રવીણ છે, માટે પ્રમાદનો સર્વથા ત્યાગ કરવો. ૫.

પ્રમાદનો જુલમ.

"ઓ વાંસલડી, વેરણ થઇ લાગી તું વ્રજની નારને"—એ રાગ.

ઓ આળસડી, શા માટે તું બંધીવાન બનાવે?
　　શિદ વણવાંકે, કામ ચુકાવી તું નુકસાન કરાવે?—ટેક૦
ઉદ્યમ કરતાં કોઇ અટકાવે, તો તેપર દાઝ દિલે આવે;
　　પણ તુજપર તો બળ નવ ફાવે— ઓ આળસડી૦ ૬

× × × ×

તેં કર જેના કબજે કીધા, જાણે બંધનથી બાંધી લીધા;
　　તેણે તરત ઉદ્યોગ તજી દીધા— ઓ આળસડી૦ ૭
તુજ વશ ન શકે ડગ એક ભરી, જાણે હોય ચરણમાં હેડ ધરી;
　　તું જોરાવર જુલમીજ ખરી— ઓ આળસડી૦ ૮
તું વાંચતાં વારી રાખે, જાણે તેં પાટા બાંધ્યા આંખે;
　　તે પુસ્તક તરત તજી નાખે— ઓ આળસડી૦ ૯
નથી દેતી તું ભણતર ભણવા, નથી દેતી ગુણ પ્રભુના ગણવા;
　　નથી દેતી લાભ અતિ લણવા— ઓ આળસડી૦ ૧૦
નથી દેતી જર કે જશ રળવા, નથી દેતી મિત્રોને મળવા;
　　નથી દેતી શિખામણ સાંભળવા— ઓ આળસડી૦ ૧૧
તું દરિદ્રતા દેનારી છે, કાયાને અવગુણકારી છે,
　　તું નિશ્ચે બહુજ નઠારી છે— ઓ આળસડી૦ ૧૨
અમે દિલમાં બહુ તુજથી ડરીએ, તને સ્વપ્ને પણ નહિ સંઘરીએ,
　　દુશ્મન ગણી દૂર સદા કરીએ— ઓ આળસડી૦ ૧૩

મનહરછંદ—અનન્વયાલંકાર.

આળસથી અભિમાન એટલું તો ઉત્તમ છે,
અભિમાની તે તો માન તાકવાનો ટેક છે;
લોભી પણ આળસુથી લાયક લેખાય લેશ,
લાલચથી લઇ બેસે ઉદ્યમ અનેક છે;

ક્રોધી જન કડણુ કથનથી કુચાલ હાંકે,
વધારે નહિ તોપણ એટલો વિવેક છે;
આળસને તેના જેવી કહું દલપત કહે,
આળસ પ્રમાન ભુંડી આળસજ એક છે; ૧૪

દલપતરામ.

પ્રમાદથી ઇષ્ટ સ્થાને પહોંચી શકાતું નથી માટે તેનો અવશ્ય ત્યાગ કરવો જોઇએ એમ વારંવાર બતાવી આ પ્રમાદત્યાગ અધિકાર પૂર્ણ કરવામાં આવેછે.

दिग्व्रत-अधिकार.

પ્રમાદત્યાગી—ધર્મદઢ શ્રાવકોએ નિયમપુરઃસર અમુક હદસુધીજ દશ દિશાઓમાં ગમન આગમન કરવું તેમાં લક્ષ્ય ખેંચવાસારૂ આ અધિકાર આરંભાયછે.

શ્રાવકોનું છઠું દિગ્વિરતિવ્રત કહેછે.

उपजाति.

विदिक्षु दिक्षूर्ध्वमधो गतेर्यत्, सीमाप्रमाणं क्रियते विधिज्ञैः ।
लोलाम्बुधेः सेतुसमं विशिष्टं, षष्ठं भवेद्दिग्विरतिव्रतं तत् ॥ १ ॥

नरवर्मचरित्र.

ઇશાન વિગેરે વિદિશાઓ, પૂર્વાદિ દિશાઓ, નીચે અને ઉપર ગતિનું (જવાનું) જે સીમાનું પ્રમાણ વિધિજ્ઞ મહાત્માઓએ કહેલું છે, અર્થાત્ શ્રાવક ગૃહસ્થે એટલા સ્થળમાંજ જવું, આવવું, કરવું. તે પ્રમાણે જે શ્રાવક ગૃહસ્થ વર્તે છે તે ચપલ સમુદ્રના કાંઠા સમાન ઉત્તમ એટલે કે સમુદ્ર ઘણો ચપલ છે, પરંતુ જે કાંઠાઉપર ગતિ કરતો નથી તેના સરખું શ્રાવકોનું છઠ્ઠું દિગ્વિરતિ નામનું વ્રત છે. ૧

સંસારમાંથી તૃષ્ણારહિત કેમ થવું તેને માટે આ એક શ્લોકમાં મર્યાદા બતાવી આ દિગ્વ્રત અધિકાર પૂર્ણ કરવામાં આવેછે.

→→ वितृष्णमांसाशनदूषणाभावखंडन-अधिकार. ←←

તૃષ્ણારહિત થવામાટે દિગ્વ્રતના અધિકારમાં પ્રવાસની પણ હદ રાખવી તોપછી અન્ય સાંસારિક વ્યવહારોમાં મર્યાદા જાળવવાનું એની મેળેજ સમજાયછે. આમ છતાં ભોજનાદિ વ્યવહારમાં મર્યાદા મૂકનારાઓને જોવાથી તેમનાતરફ કદાચ કોઇની વૃત્તિ અસ્થિર થઇ અવળા વલણવાળી બને તો તેથી પતિત થવાયછે એમ દેખાડવાને તે ભોજનાદિ વ્યવહારમાં મર્યાદા મૂકનારાઓની અયોગ્યતા ખુલ્લી કરવા તથા કેટલાક દાંભિક મસાણી યતિમન્યો એમ કહેછે કે અમે તૃષ્ણારહિત છીએ જેથી અમારે માંસભક્ષણથી કાંઇ પ્રત્યવાય (પાપ) નું કારણ નથી તેવા વામમાર્ગીઓને સમજાવવા ખાતર આ અધિકારનો આરંભ છે—એટલે આ અધિકારનું નામ **वितृष्णमांसाशनदूषणाभावखंडन** આપવામાં આવ્યું છે તેનો અર્થ તૃષ્ણારહિત પુરૂષો માંસનું ભક્ષણ કરેછે તેમાં દોષ લાગતો નથી આ બાબતનું ખંડન છે.

મનઃકલ્પિત યુક્તિથી માંસનું ભક્ષણ કરવું નહિ.

इन्द्रवज्रा.

गृद्धिं विना भक्षयतो न दोषो, मांसं नरस्यान्नवदस्तदोषम् ।
एवं वचः केचिदुदाहरन्ति, युक्त्या विरुद्धं तदपीह लोके ॥ १ ॥

તૃષ્ણાવિના માંસનું ભક્ષણ કરનાર પુરૂષને પાપ લાગતું નથી કારણકે તે માંસ અન્નની માફક દોષરહિત છે, એમ કેટલાક પુરૂષો આ લોકમાં જે વચન ઉચ્ચારેછે તે વાક્ય પણ યુક્તિથી વિરૂદ્ધ છે અર્થાત્ મનુષ્યબુદ્ધિને બંધ બેસતું નથી. ૧.

માંસઉપર અભિરૂચિ હોય તોજ માંસભક્ષણ થાયછે.

उपजाति.

आहारवर्गे सुलभे विचित्रे, विमुक्तपापे भुवि विद्यमाने ।
आरम्भदुःखं विविधं प्रपोष्य, चेदस्ति गृद्धिर्न किमात्सि मांसम् ॥ २ ॥

सुभाषितरत्नसन्दोह.

પૂર્વપક્ષમાં વાદીનો એવો મત છે કે કામનારહિત ભક્ષણ કરતું માંસ, અન્ન બરોબર છે તે બાબતનું ખંડન કરતાં કવિ જણાવેછે કે જો તારે તૃષ્ણા ન હોય તો પૃથ્વીમાં જુદા જુદા પ્રકારનો પાપરહિત આહારવર્ગ (અન્નાદિ પદાર્થ) સુલભ રીતે મળી શકેછે છતાં વિવિધ પ્રકારના આરંભના દુઃખને પોષીને તું માંસ શામાટે ખાયછે. અમે તૃષ્ણાથી માંસ ભક્ષણ કરતા નથી, જેથી નિર્દોષ છીએ, તે કેવળ તેઓનું ધૂર્તપણુંજ છે; કારણકે તે લોકો જે પશુઓની હિંસા કરી જે સંપાદન કરેછે, તે શું માંસ નથી? એટલે શું અન્ન થઇ ગયું છે? અર્થાત્ કે તે માંસજ છે. માટે માંસાહાર કરનારા દાંભિકોનો દંભજ આ ઉપરથી પ્રસિદ્ધ થાયછે; કારણકે ગૃદ્ધિ (ઇચ્છા) વિના પશુહિંસા થતીજ નથી. ૨.

એમ સિદ્ધ કરી આ અધિકાર પૂર્ણકરવામાં આવેછે. આવીજ રીતે અન્ય વ્યવહારોમાં પણ મર્યાદા મૂકાય તેમાં દોષ રહેલો છે. ૩.

भोगोपभोगव्रत-अधिकार.

જેમ માંસનિષેધ છે તેમ વ્યાવહારિક વસ્તુમાં પણ મર્યાદાની અપેક્ષા છે સાંસારિક પ્રત્યેક વિષયમાં અમુક હદસુધીજ આગળ વધવા જેવું છે. જો વિષયોનો ભોગ સ્વતંત્ર રૂચિને અનુસરીને થાય તો કાંઇ તેમાં આગળ વધવાની હદજ રહે નહિ અને તેનો કદી પણ છેડો આવે નહિ તેમ તેમાં ધર્મ-અધર્મનું ભાન પણ રહે નહિ, માટે ધર્મશાસ્ત્રોપર શ્રદ્ધા રાખી તેમાં કહેલી મર્યાદાનું ઉલ્લંઘન કરવું નહિ. એ બહુ જરૂરનું છે. જનસમૂહને ભોગ (ભોજનાદિ જે એક વખતજ ઉપયોગમાં આવેછે તે) અને ઉપભોગ (સ્ત્રી, વસ્ત્ર, શય્યાદિ જે અનેક વખત ભોગવાયછે તે) અને દેહાદિના નિર્વાહ અર્થે તેનો ઉપયોગ પણ કરવો પડેછે, પરંતુ તેમાં (ગ્રહણ કરવામાં) પણ આર્ય મહાત્માઓ જેને વિહિત કહી ગયા છે, તેને ગ્રહણ કરવું અને જેનો નિષેધ કરી ગયા છે, તે વસ્તુઓ ગ્રહણ ન કરવી, તે બાબતનું દિગ્દર્શન કરાવવાસારૂ આ અધિકારની શરૂઆત કરવામાં આવેછે.

શ્રાવકોએ પદાર્થોનો ભોગોપભોગ અમુક પ્રમાણમાંજ લેવો.

उपजाति.

कुर्वन्ति संकल्पयां भविनप्रभोगोपभोगयोर्यत्र विचित्ररूपाम् ।
तत्सप्तमं पापनिवृत्तिहेतु भोगोपभोगव्रतमाहुरार्याः ॥ १ ॥

જેમાં ઉત્તમ શ્રાવકો ભોગ તથા ઉપભોગની ભિન્નભિન્ન રૂપવાળી સંખ્યા કરેછે એટલે "અમુક પદાર્થોજ ઉપયોગમાં લેવાં તે આટલી સંખ્યાસુધી વિગેરે" પાપોની નિવૃત્તિ (નિવારણ) ના કારણરૂપ તે સાતમું શ્રાવકોનું ભોગોપભોગ નામનું વ્રત આર્યમુનિઓએ કહ્યું છે. ૧.

ભોગ તથા ઉપભોગનું સ્પષ્ટીકરણ.

इन्द्रवज्रा (२–४).

पानान्नपुष्पादिकमेकवारं, यद्भुज्यते प्राणिभिरेष भोगः ।
स्त्रीवस्त्रखट्वादिरनेकशो यत्, सम्भुज्यते तद्ध्युपभोगयोगः ॥ २ ॥

દૂધ વિગેરેનું પીવું, અન્ન અને પુષ્પો વિગેરે જે મનુષ્યોથી એક વાર ભોગવાયછે, તે ભોગ કહેવાયછે અને સ્ત્રી, વસ્ત્રો, ખાટલા વિગેરે જે અનેક વાર ભોગવાયછે તેથી તે ઉપભોગ કહેવાયછે. ૨.

જેમાં અનેક જન્તુઓનો નાશ થાયછે એવા ભોગના પદાર્થનો ત્યાગ કરવાની ભલામણ.

अस्मिन् व्रते यद्बहुपापमूलं, मूलं फलं कन्दनिशाशनाद्यम् ।
तद्वर्जनीयं विरतिप्रपन्नैः, श्रीधर्मपीयूषरसे रसज्ञैः ॥ ३ ॥

શ્રાવકોના આ ભોગોપભોગ નામના સાતમા વ્રતમાં જે મૂળ, ફળ, કન્દનું ભક્ષણ તથા રાત્રિભોજન વિગેરે જે બહુ પાપના મૂળરૂપ છે, અર્થાત્ જેના ગ્રહણમાં અનેક જન્તુઓનો નાશ થાયછે તે વસ્તુ, વૈરાગ્યને પ્રાપ્ત થયેલ અને શ્રીજૈનધર્મરૂપી અમૃતના રસના તત્ત્વને જાણનારા એવા પુરૂષોએ વર્જી દેવી. ૩.

મહા પાપવાળું અંગારકર્મ (ભઠ્ઠી) વિગેરે છોડવાની ભલામણ.

उपजाति.

अङ्गारकर्मादिकमुग्रपापसम्पादकं पञ्चदशप्रकारम्* ।
प्रचण्डदुःखप्रदमङ्गभाजां, त्याज्यं महारम्भकरं कुकर्म ॥ ४ ॥

नरवर्मचरित्र.

* ૧ ઇંગાલકર્મ—લુહાર, કુંભાર વિગેરે ભઠ્ઠીનું કામ.

ઉગ્ર પાપોને સંપાદન કરનાર, દેહધારી જીવોને પ્રચંડ દુઃખ આપનાર, પન્દર પ્રકારનું મહારંભ કરનારૂં અંગારકર્મ વિગેરે જે કુકર્મ, તેનો ધર્મજ્ઞ શ્રાવકોએ ત્યાગ કરવો. અર્થાત્ જેમાં ભઠ્ઠી વિગેરે સદા રહેવાથી અનેક જન્તુઓ નાશ પામેછે એવું સુખડિયા, રસોયા વિગેરેનું કર્મ ન કરવું. ૪.

કેવા પ્રકારનો વેપાર ન કરવો જોઇએ એ પણ આ ઉપરથી ટુંકમાં દર્શાવી આ ભોગોપભોગવ્રત અધિકાર પૂર્ણ કરવામાં આવેછે.

अनर्थदण्डव्रत-अधिकार.

સંસારીએ ભોગ કે ઉપભોગ ભોગવવા ખરા પણ તેમાં કોઇને દુઃખ થાય તેવું કાંઇ કામ, તેવો કાંઇ વેપાર અને તેવો કાંઇ પણ વિચાર ન કરવો, તેવાં અનર્થનાં સાધનો રાખવાં નહિ અને તે કોઇને પૂરાં પણ પાડવાં નહિ અને ટૂંકામાં જેમાં ફોગટ પ્રાણીઓની હિંસા થાયછે તે કાર્યમાંથી નિવૃત્ત થવું, તે બાબત જણાવવા આ અધિકારનો આરંભ કરવામાં આવેછે.

---

૨ **વનકર્મ**—વન કપાવવું વિગેરે.
૩ **શકટકર્મ**—ગાડી, ગાડાં બનાવી વેચવાં તે.
૪ **ભાટકકર્મ**—ગાડી, ગાડાં વિગેરે ભાડે દેવાં તે.
૫ **સ્ફોટિકકર્મ**—ખાણુ (પૃથ્વી) વિગેરે ખોદાવવાનો વેપાર.
૬ **દંતવાણિજ્ય**—હાથીદાંત, કસ્તૂરી વિગેરેનો વેપાર.
૭ **લખવાણિજ્ય**—લાખ, ગળી વિગેરેનો વેપાર.
૮ **રસવાણિજ્ય**—મદ્ય, મધ વિગેરેનો વેપાર.
૯ **વિષવાણિજ્ય**—સોમલ વિગેરે ઝેરનો વેપાર.
૧૦ **કેશવાણિજ્ય**—પશુના વાળનો વેપાર.
૧૧ **યંત્રપિલનકર્મ**—ઘાણી વિગેરે યંત્રનો વેપાર.
૧૨ **નિર્લાંછણકર્મ**—પ્રાણીનાં અંગછેદન જેમકે ગોધલા કરવા વિગેરેના વેપાર.
૧૩ **દવાગ્ગ દાવણયા**—અગ્નિ સળગાવી દાહ મેલવો.
૧૪ **જલશોષણકર્મ**—તળાવ, નદી વિગેરે શોષણ કરાવવાનો વેપાર.
૧૫ **મનુષ્યો તથા હિંસક પશુનો વિક્રય**—સ્ત્રીઓ તથા કુતરા વિગેરેનો વેપાર.

છ વસ્તુ લેવી દેવી નહિ.

अनुष्टुप्.

न ग्राह्याणि न देयानि, षड् वस्तूनि च पण्डितैः ।
अग्निर्मधु विषं शस्त्रं, मद्यं मांसं तथैव च ॥ १ ॥

पुराण.

અગ્નિ, મધ, ઝેર, હથિયાર, દારૂ અને માંસ આ છ વસ્તુઓ વિદ્વાન્ પુરૂષોએ પોતે કોઇની પાસેથી ગ્રહણ કરવી નહિ અને કોઇ મનુષ્યને આપવી પણ નહિ. (કારણકે તેમાંથી હિંસા ઉત્પન્ન થાયછે.) ૧.

દયાળુ અનેક પાપથી અટકેછે.

उपजाति.

अनर्थदण्डाद्विरतिं भजन्तस्त्यजन्त्यपध्यानमिहार्त्तरौद्रम् ।
पापोपदेशं बहुहिंस्रदानं, नित्यं प्रमादाचरणं प्रबुद्धाः ॥ २ ॥

नरवर्मचरित्र.

નિરર્થક દંડથી (બીજાને વૃથા પીડવાથી) જેઓ નિવૃત્ત થયા છે એટલે દૂર રહ્યા છે એવા વિદ્વાન્ પુરૂષો આ લોકમાં આર્તરૌદ્ર નામના કુત્સિત ધ્યાનનો અને બહુ હિંસાયુક્ત દાનનો તથા પાપના ઉપદેશનો તેમ પ્રમાદ-યુક્ત એવા આચરણનો હમેશાં ત્યાગ કરેછે. ૨.

હાથ લાંબા ને જીભ ટુંકી તેનું કારણ બતાવેછે.

*એક કવિએ કહ્યું છે કે, ઇશ્વરે (કુદરતે) આપણને હાથ બે આપ્યા અને તે પણ બહુ લાંબા બનાવ્યા, પગ બે આપ્યા ને તે પણ ઘણા મોટા બનાવ્યા, કાન બે આપ્યા, આંખો બે આપી, નસકોરાં બે આપ્યાં અને જીભ એકજ ને તે પણ ટુંકી કેમ બનાવી? આ બહુ ગંભીર અને રહસ્યનો પ્રશ્ન છે. માણસનાં કામોઉપરથી તેની ઇચ્છાનું અનુમાન થાયછે.

× × × ×

લાભ મેળવવામાટે માણસ સહેલાઇથી ગમે ત્યાં જઇ શકે તેમાટે તેને મોટા ને મજબૂત પગ આપવામાં આવ્યા છે. માણસ પોતાની ઇચ્છા

* સ્વર્ગવિમાન.

મુજબની ભલી ચીજો મેળવી શકે અને તે બીજાઓને આપી શકે, માટે તેને અદ્દભુત શક્તિવાળા લાંબા હાથ આપવામાં આવ્યા છે અને માણસ બે વખત સાંભળીને, બે વખત નજરે જોઇને, એક વખત બોલે તેમાટે તેને બે કાન, બે આંખ અને એક જીભ આપવામાં આવી છે; પણ આપણે એથી ઉલટીજ રીતે વરતીએ છીએ. પૂરૂં સાંભળ્યાવિના અને પૂરૂં જોયાવિના અભિપ્રાય આપીએ છીએ. પણ એ કેવું ખોટું છે? એથી વિના કારણ આપણે કેટલા બધા પાપમાં પડીએ છીએ?

× × × ×

(કુદરતે) બહુ વિચારીનેજ આપણી જીભ ટુંકી બનાવેલી છે અને તેને તેવીજ રાખવામાં ફાયદો છે. તેને લાંબી વધારવામાં ફાયદો નથી, એમ સમજીનેજ અસલના ઋષિઓ મુનિવ્રત લેતા હતા ને તેસારૂજ પુરાણોમાં (જૂના ગ્રંથોમાં) મુનિવ્રતનું બહુ માહાત્મ્ય કહેલું છે. આપણામાં પણ કહેવત છે કે, "ન બોલ્યામાં નવ ગુણ" જો કે આપણને બોલ્યાવિના ચાલે તેમ નથી, તોપણ જીભને કાબુમાં રાખવાથી જીભથી થતાં પાપોથી બચાય છે, માટે ભાઇઓ! જીભ ટુંકી અને હાથ લાંબા રાખો, એટલે કે બકબકારો ન કરો. જરૂર જેટલું બોલો–પાળી શકો તેટલું બોલો–ખાત્રી કરીને બોલો અને હાથ લાંબા રાખો એટલે કે પરમાર્થ કરો. × એજ આપણી ફરજ છે.

આવી રીતે પાપમાંથી નિવૃત્ત થવા તથા પાપના પ્રેરક પણ ન થવાને ઇસારો કરી આ **અનર્થદંડવ્રત** અધિકાર પૂર્ણ કરવામાં આવેછે.

सामायिकव्रत–अधिकार.

અનર્થમાંથી બચવામાટે સામાયિકની જરૂર છે તેથી સામાયિક એટલે સમતા અર્થાત્ શ્રાવકોએ સર્વ ઇન્દ્રિયોના વિષયથી દૂર રહી જે બે ઘડી માત્ર પોતાના ઇષ્ટદેવભગવાનનું ધ્યાન કરાયછે અથવા સ્વાધ્યાયાદિ કરાયછે તે સામાયિકવ્રતનું દિગ્દર્શન અત્ર ટુંકમાં કરાવવામાં આવ્યું છે. કારણકે પાપથી નિવૃત્ત થવાને તેમજ પાપથી દૂર રહેવાને અને પાપના કોઇ પણ રીતે પ્રેરક પણ ન બનવામાટે તે બહુ આવશ્યક છે તેથી તેને શ્રાવકો પોતાના લક્ષમાં લઇ તે વ્રતમાં તત્પર રહે, જેને માટે આ અધિકારનો આરંભ કરવામાં આવેછે.

સામાયિકથી થતા ફાયદા.

आर्या (१ थी ३).

समाइयं कुणंतो समभावं सावओघडी अदुगम् ।
आउसुरेसुवन्धइ इतिअमित्ताइं पलिआइम् ॥ १ ॥

સામાયિક કરતી વખતે બે ઘડીસુધી સમભાવમાં રહેવાથી દેવતાઓનું આયુષ્ય બાંધે તેને નીચલા શ્લોકમાં ગણાવ્યા પ્રમાણે પલ્યોપમ કહેછે. ૧.

बाणवई कोडीओ लक्खागुणसट्ठि सहस्सपणवीसं ।
नवसयपणवीसाये सतिहाअडभागपलिअस्स ॥ २ ॥

બાણુ કરોડ, ઓગણુસાઠ લાખ, પચીશ હજાર, નવસેં પચીશ પલ્યોપમ; તથા તે ઉપર એક પલ્યોપમના આઠ ભાગ કરીએ તેવા ત્રણ ભાગઉપર એટલું આયુષ્ય દેવતાનું બાંધેછે. ૨.

सत्तहत्तरि सतसया सतहतरिसहस लक्खकोडीओ ।
सगवीसं कोडीसया नवभागा सत्तपलिअस्स ॥ ३ ॥

सूक्तिमुक्तावली.

એકસો કરોડ સતાવીશ લાખ સત્યોતેર હજાર સાતસો ને શીતેર પલ્યોપમ તથા એક પલ્યોપમના નવ ભાગમાંથી સાત ભાગ જેટલું (દેવતાઓનું) આયુષ્ય બાંધેછે. ૩

નવમું સામાયિક વ્રત.

उपजाति (४-५).

सावद्यकर्मप्रतिषेधनेन, मनोहरध्यानविधानशीलैः ।
अन्तर्मुहूर्तं परिपाल्यते यत्, सामायिकाख्यं नवमं व्रतं तत् ॥ ४ ॥

પાપ કર્મોને અટકાવીને મનોહર ઇષ્ટદેવના ધ્યાનમાં કાર્યશીલ (તત્પર) એવા શ્રાવકોએ બે ઘડી માત્ર અન્તઃકરણનું જે પરિપાલન કરાયછે અર્થાત્ મનનો નિરોધ કરાયછે તે નવમું સામાયિક નામનું વ્રત છે. ૪.

સમતાવ્રતનો પ્રભાવ.

ध्वान्तं दिनेशोऽरिगणं जिगीषुर्यतिः प्रमादं कुनयं विवेकी ।
हन्ति क्षणेनैव तथा कुकर्मजालं करालं समता हिनास्ति ॥ ५ ॥

नरवर्मचरित्र.

સૂર્ય અન્ધકારનો, વીરપુરૂષ શત્રુના સમૂહનો, યતિવર્ય પ્રમાદનો, વિવેકી પુરૂષ અવિનયનો, ક્ષણમાત્ર કાળથી જેમ નાશ કરેછે, તેમ અન્તઃકરણ (મન) ની સમતા (સમાયિકવ્રત) ભયંકર એવાં કુકર્મોના સમૂહનો નાશ કરેછે. ૫.

આ પ્રમાણે સમતા બતાવી સામાયિકવ્રત અધિકાર પૂર્ણ કરવામાં આવેછે.

देशावकाशिकव्रत-अधिकार.

સામાયિક શુદ્ધ થયા વિના દેશાવકાશિકવ્રત ટકી શકતું નથી તેથી દેશાવકાશિક નામનું શ્રાવકોનું આ દશમું વ્રત છે. તેમાં નિરંતરની વ્યાવહારિક ક્રિયાઓમાં ઓછું ઓછું સત્ શ્રાવકોએ કરતા રહેવું તેવો આ વ્રતનો ઉદ્દેશ છે—કારણકે લોભ--મોહને પલ્લે પડી દેશભ્રમણમાં જેમ જેમ માણસ આગળ વધેછે તેમ તેમ આશા અને અસંતોષને લીધે તેમાં વધારે વધારે ફસાતો જાયછે માટે એ જાળમાંથી છૂટવાને અને સંતોષથી પોતાના કર્ત્તવ્યમાં પરાયણ રહેવાને આ વ્રત જરૂરનું છે.

શ્રદ્ધાળુ શ્રાવકોનું નિત્ય નિયમિત થતું દશમું દેશાવકાશિક નામનું વ્રત.

उपजाति.

यद्दिग्व्रतं तद् गमनप्रमाणं, सङ्क्षिप्यते प्रत्यहमेव धन्यैः ।
व्रतानि यद्वा सकलानि देशावकाशकाख्यं दशमं व्रतं तत् ॥ १ ॥

नरवर्मचरित्र.

આગળ જે ગતિના પ્રમાણરૂપ દિગ્વ્રત કહેવામાં આવ્યું છે, તેમાંથી ધન્યવાદને યોગ્ય એવા જે શ્રાવકોએ હમેશાં ઓછું ઓછુંજ કરાયછે અથવા બીજાં જે સમગ્રવ્રતો તેમાં પણ તેમ કર્મની ન્યૂનતા કરાયછે. તે આ દશમું "દેશાવકાશિક" નામનું શ્રાવકોનું વ્રત છે. જેમાં રોજ ચૌદ નિયમો પણ ધારેછે તે અન્ય સ્થળથી સમજવું. ૧.

દેશાવકાશિકવ્રતનું સ્વરૂપ સમજાવી આ અધિકાર પૂર્ણ કરવામાં આવેછે તેની આવશ્યકતા તથા તેનું ફળ તો સ્પષ્ટજ છે.

पौषधव्रत-अधिकार.

દેશાવકાશ વ્રતમાં પાસ થયા વિના પૌષધવ્રતમાં દાખલ થવું કઠિન પડેછે તેથી અગિયારમું પૌષધવ્રત જેનું બીજું નામ પોષો છે. જે શ્રાવકોનું ચાર પ્રહરનું વ્રત છે અને જેને લીધે શરીરની તથા મનની ચેષ્ટાઓનું નિવેદન થાયછે, તેનું દિગ્દર્શન આ અધિકારમાં કરાવવામાં આવેછે.

શ્રાવકોનું અગિયારમું પૌષધ નામનું વ્રત.

उपजाति (१–२).

तपश्चतुर्थादि विधाय धन्यंमन्या नराः पर्वसु यच्चतुर्षु ।
व्यापारभारं सकलं सपापं, शरीरसत्कारमपि त्यजन्तः ॥ १ ॥
ब्रह्मव्रतं तीव्रतरं दधानाः, प्रमादहानेन यतेः समानाः ।
गृह्णन्ति यत्पौषधमेकचित्ता, एकादशं तद्व्रतमामनन्ति ॥ २ ॥

नरवर्मचरित्र.

ચાર પર્વોમાં એટલે એક માસના બે અષ્ટમી, બે ચૌદશ, ચતુર્થ આદિ એટલે ચતુર્થભક્ત (ઉપવાસ) તપને કરીને પોતાને ધન્ય માનતા એવા શ્રાવકો પાપયુક્ત એવા સમગ્ર વ્યાપારના ભારને અને પોતાના શરીરના (ભોજનાદિથી) સત્કારનો પણ ત્યાગ કરવાવાળા અને અત્યન્ત તીવ્ર એવા બ્રહ્મચર્યવ્રતને ધારણ કરવાવાળા તથા પ્રમાદના ત્યાગથી યતિના સમાન એક

ચિત્તવાળા શ્રાવકો જે વ્રતનું ગ્રહણ કરેછે તેને અગિયારમું પૌષધ નામનું વ્રત કહેવામાં આવેછે. ૧, ૨.

આ પ્રમાણે સ્વરૂપ અને ફળ કહી આ પૌષધ અધિકાર પૂર્ણ કરવામાં આવેછે.

अतिथिसंविभाग–अधिकार.

પોષા કર્યા પછી અતિથિનો સત્કાર કરવો એ ખાસ ભલામણ છે તેથી શ્રદ્ધાળુ શ્રાવકોએ પોતાના ભોજનાદિની તૈયાર વસ્તુઓમાંથી અતિથિ-સત્કાર કરવોજ જોઇએ, તેમાં ઉત્તમ પાત્રાદિની પ્રાપ્તિ થવી તો જો કે અશક્યપ્રાય છે, તોપણુ તે વિષયઉપર સત્ શ્રાવકોનું લક્ષ ખેંચવા સારૂ આ અધિકાર લખાયછે.

"અતિથિસંવિભાગ" નામનું બારમું વ્રત.

उपजाति (१ थी ३).

यद्भुक्तपानासनवस्त्रपात्रभैषज्यशय्यावसातिप्रदानम् ।
मुदातिथिभ्योऽतिथिसंविभागं, प्राहुर्व्रतं द्वादशमेतदार्याः ॥ १ ॥

જે ભોજન (અન્નાદિ), પાન (દૂધ વિગેરે), આસન, વસ્ત્રો, પાત્રો, ઓષધો, શય્યા, સ્થાન વિગેરે પદાર્થોનું દાન, આનંદથી અતિથિ એવા સાધુઓ તથા સાધ્વીઓને માટે આપવું. આ શ્રાવકોનું "અતિથિસંવિભાગ" નામનું બારમું વ્રત આર્ય મહાત્માઓએ કહ્યું છે. ૧.

સત્પાત્ર અતિથિનું સ્વરૂપ કહેછે.

शत्रौ च मित्रे च समस्वभावं, ज्ञानादिरत्नत्रयसाधकं यत् ।
तदत्र पात्रं प्रवदन्ति विज्ञास्तस्मै प्रदत्तं शिवशर्मदायि ॥ २ ॥

જે શત્રુમાં તથા મિત્રમાં સમાન સ્વભાવવાળો સાધુ હોય અને જે જ્ઞાન વગેરે ત્રણુ રત્નોને સિદ્ધ કરનાર હોય, તેવા સત્ સાધુને વિદ્વાન પુરૂષો આ

લોકમાં સત્પાત્ર કહેછે અને જો તેવા અતિથિને માટે અન્નાદિ આપવામાં આવ્યું હોય તો તે આલોક, પરલોક બન્નેમાં કલ્યાણરૂપ થાયછે. ૨.

સત્પાત્ર, ઉત્તમદાતા અને શુભ વસ્તુનું દાન આ ત્રણ વસ્તુઓ એકત્ર થવી દુર્લભ છે.

पात्रं प्रदाता शुभवस्तुलाभो, भवेत्त्रिवेण्याः शुभसङ्गमस्तत् ।
श्रीचन्दनाश्रीधनसार्थवाहश्रीशालिभद्रोपमयेष्टसिद्धिः ॥ ३ ॥

नरवर्मचरित्र.

સત્પાત્ર (અતિથિ), ઉત્તમ પ્રકારનો શ્રદ્ધાળુ દાતા અને શુભ વસ્તુનું દાન તે આ ત્રણ–ત્રિવેણીનો શુભ સંગમ થાય તો શ્રીચન્દનાબાઇ (ચંદનબાલા), શ્રીધનસાર્થવાહ અને શ્રીશાલિભદ્ર શેઠની માફક ઇષ્ટ કાર્યની સિદ્ધિ થઇ જાયછે. તે તે આખ્યાયિકાઓ પરંપરાથી જાણી લેવી.

પોતાની કેટલીક યોગ્ય વસ્તુઓનું પાત્રને દાન આપવાથી ઉત્તમ ઇષ્ટ લાભ મેળવી શકાયછે એ બતાવી આ અતિથિસંવિભાગ અધિકાર પૂર્ણ કરવામાં આવેછે.

संयम–अधिकार.

અતિથિને સંતોષ્યાવિના સંયમ ટકી શકતો નથી તેથી સંયમ કે જેના ૧૭ ભેદ ચારિત્રવર્ણનના અધિકારમાં કહેવામાં આવ્યા છે તે સંયમને ભિન્ન ભિન્ન ધર્મનાં પુસ્તકોમાં અનેક રીતે વર્ણવ્યો છે* તે બાબતઉપર સુજ્ઞ જનસમાજનું ચિત્ત ખેંચવા આ અધિકાર શરૂ કરાયછે.

સંયમના ભિન્ન ભિન્ન પ્રકારો.

अनुष्टुप् (१ थी ९).

अहिंसा सत्यमस्तेयं, ब्रह्मचर्यं सुसंयमः ।
मद्यमांसमधुत्यागो, रात्रिभोजनवर्जनम् ॥ १ ॥

---

* માટે આ અધિકારના શ્લોકો પુરાણાદિકથીજ લેવામાં આવેલ છે જેથી તેઓ પણ સંયમ કેને કહેછે તે ધ્યાનમાં આવે.

કોઇ પ્રાણીની હિંસા ન કરવી, સત્ય ભાષણ કરવું, ચોરી ન કરવી, બ્રહ્મચર્યનું પાલન કરવું, ઇન્દ્રિયોને નિયમમાં રાખવી, મદિરા, માંસ અને મધનો ત્યાગ કરવો તથા રાત્રિવખતે ભોજન ન કરવું. ૧.

સંયમવૃક્ષનાં આઠ પુષ્પો કહેછે.

अहिंसा प्रथमं पुष्पं, पुष्पमिन्द्रियनिग्रहः ।
सर्वभूतदया पुष्पं, क्षमा पुष्पं विशेषतः ॥ २ ॥
ध्यानं पुष्पं तपः पुष्पं, ज्ञानं पुष्पं तु सप्तमम् ।
सत्यमेवाष्टमं पुष्पं, तेन तुष्यन्ति देवताः ॥ ३ ॥

एते कस्यापि.

અહિંસા પ્રથમ પુષ્પ છે, ઇન્દ્રિયોનો નિગ્રહ એ બીજું પુષ્પ છે, સર્વ ભૂતપ્રાણીઉપર દયા રાખવી એ ત્રીજું પુષ્પ છે, ક્ષમા રાખવી તે ચોથું પુષ્પ છે, ઇષ્ટદેવનું ધ્યાન એ પાંચમું પુષ્પ છે, તપ એ છઠ્ઠું પુષ્પ છે, જ્ઞાન સાતમું પુષ્પ છે અને સત્ય એ આઠમું પુષ્પ છે. તે પુષ્પસમૂહના અર્પણથી દેવતાઓ પ્રસન્ન થાયછે. ૨, ૩.

દશ પ્રકારના યમો.

आनृशंस्यं क्षमा सत्यमहिंसा दम आर्जवम् ।
प्रीतिः प्रसादो माधुर्यं, मार्दवं च यमा दश ॥ ४ ॥

નિર્દયપણું ન રાખવું, ક્ષમા રાખવી, સત્ય ભાષણ કરવું, કોઇ પણ પ્રાણીની હિંસા ન કરવી, ઇન્દ્રિયોને નિયમમાં રાખવી, સરલતા રાખવી, ઇષ્ટદેવઉપર પ્રેમ રાખવો, મન પ્રસન્ન રાખવું, મધુરતા અને મૃદુપણું (માનરહિતપણું) આમ દશ પ્રકારના યમ છે. ૪.

મોક્ષના ચાર પ્રતિહાર.

मोक्षद्वारप्रतीहाराश्चत्वारः परिकीर्त्तिताः ।
शमो विवेकः सन्तोषश्चतुर्थः साधुसङ्गमः ॥ ५ ॥

મોક્ષના દરવાજાના ચાર પ્રતીહારો કહેલા છે તે કયા? શમ (મનોનિગ્રહ), વિવેક, સંતોષ અને સાધુપુરૂષોનો સમાગમ, એટલે આ ચાર દરવાનો મોક્ષદ્વારને ખોલી આપેછે. ૫.

સંયમની દૃઢતા કરવાસારૂ સંસારનું મિથ્યાત્વ.

अलीक एव त्वद्भावो, मद्भावोऽलीक एव च ।
अनुभूतोऽप्यसद्रूपः, स्वप्ने स्वमरणं यथा ॥ ६ ॥

એક ગુરૂ પોતાના શિષ્યને ઉદ્દેશીને કહેછે કે, તારો ભાવ (રહેવાપણું) અસત્ય છે. તેમ મારો ભાવ (રહેવાપણું) પણ અસત્ય છે. ત્યાં શિષ્ય પ્રશ્ન કરેછે કે આ મ્હારો તમારો ભાવ પ્રત્યક્ષ અનુભવાયછે છતાં અસત્ય કેમ? તેના જવાબમાં ગુરૂ જણાવેછે કે હું, તું, તારૂં, મારૂં વગેરે સંસાર અનુભવાયછે તોપણ તે મિથ્યા છે. ત્યાં દૃષ્ટાન્ત આપેછે કે—જેમ સ્વપ્નામાં પોતાનું મસ્તક છેદાઇ જાયછે અને મરણ થયું એમ સ્વપ્નાના દૃષ્ટાથી અનુભવાયછે છતાં ખોટું છે એમ અત્ર સમજી લેવું. ૬.

કર્મથી બંધન ન થવું જોઇએ અને જ્ઞાનથી મુક્તિ થવી જોઇએ.

तत्कर्म यन्न बन्धाय, सा विद्या या विमुक्तये ।
आयासायापरं कर्म, विद्यान्या शिल्पनैपुणम् ॥ ७ ॥

જે કર્મ જીવનું બન્ધન નથી કરતું તે કર્મ અને જે મોક્ષમાટે છે છે અર્થાત્ મોક્ષસુખને આપેછે તે વિદ્યા (જ્ઞાન). આથી બીજું જે કર્મ તે કેવલ પરિશ્રમમાટે છે અને મોક્ષપ્રદ વિદ્યાથી બીજી જે વિદ્યા (જ્ઞાન) તે કડીયા વગેરેના કાર્યના નિપુણપણા જેવું છે અર્થાત્ પરિણામે નષ્ટ સ્થિતિવાળું હોવાથી નિષ્ફળ છે ૭.

મતાંતરથી યમની વ્યાખ્યા.

अहिंसा सत्यमस्तेयं, ब्रह्मचर्यपरिग्रहः ।
इष्टानिष्टपरा चिन्ता, यम एव प्रकीर्त्तितः ॥ ८ ॥

પ્રાણી માત્રની હિંસા ન કરવી, સત્ય ભાષણ કરવું, ચોરી ન કરવી, બ્રહ્મચર્યનું ગ્રહણ કરવું, ઇષ્ટ (ઇચ્છેલું), અનિષ્ટ (ન ઇચ્છેલું) સુખદુઃખ તેથી ભિન્ન પ્રકારનું ચિન્તન કરવું અર્થાત્ સાંસારિક સુખદુઃખમાં આસક્ત ન થવું, તેને યમ કહેલ છે. ૮.

તપનું સ્વરૂપ.

अहिंसा सत्यवचनमानृशंस्यं दमो घृणा ।
एतत्तपो विदुर्धीरा, न शरीरस्य शोषणम् ॥ ९ ॥

शार्ङ्गधरपद्धति.

પ્રાણી માત્રની હિંસા ન કરવી, સત્ય વચન બોલવું, ક્રૂરપણું ન રાખવું, ઇન્દ્રિયોને નિયમમાં રાખવી અને સર્વઉપર દયા રાખવી. આ કાર્યને ધીર પુરૂષો તપ કહેછે (જાણેછે). પરંતુ કેવળ શરીરના શોષણને તપ કહેતા નથી. ૯.

કર્મ, વિદ્યા, યમ વિગેરે સમજાવી આ સંયમ અધિકાર પૂર્ણ કરવામાં આવેછે.

नियमफल-अधिकार.

સંયમમાં નિયમની અપેક્ષા હોવાથી "નિયમફલાધિકારમાં" નિયમનું સ્વરૂપ તથા તેનું ફળ તથા તેમાં શ્રીમહાવીરસ્વામીનું મહાભિગ્રહ નામનું મહા કઠિન વ્રત જણાવવામાં આવ્યું છે, તે સાધુઓને અક્ષરશઃ મનનીય છે.

સાત પ્રકારનો નિયમ.

अनुष्टुप् (१–२).

स्वाध्यायशौचसन्तोषा, देवताराधनं तपः ।
वैराग्यं च जनासङ्गो, नियमोऽप्येष उच्यते ॥ १ ॥

शार्ङ्गधरपद्धति.

અભ્યાસ કરવા યોગ્ય શાસ્ત્રોનો અભ્યાસ, શૌચ (પવિત્રતા), સંતોષ, દેવતાઓનું આરાધન, તપ, વૈરાગ્ય અને મનુષ્યોનો સંગ ન રાખવો તે, આ નિયમ કહેવાયછે. ૧.

સ્વલ્પ નિયમથી મહાન્ લાભ.

स्तोकोऽपि नियमो येन, पालितः पुण्यकाङ्क्षिणा ।
इहैव प्राप्यते तेन, फलं श्रीवङ्कचूलवत् ॥ २ ॥

પુણ્યકર્મની ઇચ્છાવાળા જે પુરૂષે થોડો પણ નિયમ પાળ્યો હોય તેને આલોકમાંજ પ્રાયઃ શ્રીવંકચૂલની માફક ફળની પ્રાપ્તિ થાયછે. વંકચૂલની કથા અન્ય પુસ્તકોથી જાણી લેવી. ૨.

સંપૂર્ણ નિયમ પાલન કરનારને ઉત્તમ ફળ.

आर्या (३ थी ६).

ये पालयन्ति नियमान्, परिपूर्णान् रूपसेननृपतिरिव ।
ते सुखलक्ष्मीभाजः, पदे पदे स्युर्जनश्लाघ्याः ॥ ३ ॥

रूपसेनचरित्र.

જે શ્રાવકો રૂપસેન નામના રાજાની માફક પરિપૂર્ણ એવા નિયમોનું પાલન કરેછે તે લોકો સુખ તથા લક્ષ્મી (ધન) ને ભોગવવાવાળા તથા મનુષ્યોમાં પ્રશંસાને પાત્ર પગલે પગલે થાયછે. રૂપસેન રાજાની વાર્તા પરંપરાથી જાણી લેવી. ૩.

ગંઠસહિય પચ્ચકખાણનું નિયમ.

जे निच्चमपमत्ता, गंठिं बधंति गंठि सहिअंमि ।
सग्गापवग्गसुरकं, तेहिं निबद्धं सगंठिंमि ॥ ४ ॥

જે પ્રાણી હમેશાં સાવધાન થઇને ગંઠસહિ પચ્ચખાણ કરી ગાંઠ બાંધેછે તે પ્રાણી દેવલોક તથા મોક્ષનાં સુખને પોતાના કપડાના છેડાની ગાંઠમાં બાંધેછે. ૪.

તથા—

भणिऊण नमुकारं, निच्चं विम्हरणवज्जिआ धन्ना ।
पारंति गंठिसहिअं, गंठिं सह कम्मगंठीहिं ॥ ५ ॥

હમેશાં કદી પણ ભૂલ્યાવિના જે પવિત્ર પુરૂષો નવકાર મહામંત્ર ભણીને ગંઠસહિ પચ્ચખાણને પાળેછે તે વાસ્તવિકરીતે તેજ ગાંઠસહિત પોતાનાં કર્મોની ગાંઠોને પાર કરેછે. અર્થાત્ તે જીવ કર્મગ્રંથિને ભેદી પેલી પાર પહોંચેછે. ૫.

વળી—

मंसासी मज्जरओ, इक्केण चेव गंठिसहिएणं ।
सोहंततंतुवाओ, सुसाहुवाओ सुरोजाओ ॥ ६ ॥

सूक्तिमुक्तावली.

માંસ ખાનાર, દારૂ પીનાર, પણ એકજ ગંઠસહિ પચ્ચખાણ કરવાથી ભલો એવો જે તંતુવાય (કપડાં વણનાર) તે જશકીર્તિ મેળવી અને દેવતાનો ભવ પામ્યો. ૬.

શ્રીમહાવીરસ્વામી ભગવાન્‌નું "મહાભિગ્રહ" નામનું વ્રત.

शार्दूलविक्रीडित (७ थी १०).

पृथ्वीनाथसुता भुजिष्यचरिता जञ्जीरिता मुण्डिता,
क्षुत्क्षामा रुदती विधाय पद्योरन्तर्गतां देहलीम् ।
कुल्माषान्महरद्वयव्यपगमे मे शूर्पकोणस्थितान्,
दद्यात्पारणकं तदा भगवतः सोऽयं महाभिग्रहः ॥ ७ ॥

એક શ્રીચન્દનબાલા કરીને રાજાની પુત્રી હતી, તે રાજાનું રાજ્ય દુશ્મનોએ લઇ તેને મારી નાખ્યો, તે વખતે તેની આ ચન્દનબાલા નામની પુત્રી એકલી ભાગી છૂટી તેને એક વાણીઆએ આશ્રય આપ્યો, તેને ત્યાં રહેવા લાગી. તેવામાં એક દિવસ તે વાણીઓ કામ પ્રસંગે પોતાને ગામથી બીજે ગામ ગયો. પછવાડેથી વાણીઆની દુઃશીલા સ્ત્રીએ આ રાજકન્યાને દાસીનું કાર્ય સોંપ્યું એટલેથી સંતોષ ન માની, તેના પગમાં બેડી નાખી તથા તેનું માથું મુંડી નાખ્યું. આમ કરવાનું કારણ એ હતું કે એક દિવસ તે છોકરીના માથાના વાળ હેઠા પડતા હોવાથી તેના ધણીએ હાથમાં લઇ તે છોકરીના માથાઉપર સમા કરીને બાંધ્યા. આથી તે વાણીઆની સ્ત્રીએ જોયું તેથી તેણીના મનમાં શંકા થઇ કે રખેને આ વાણીઓ મને કાઢી મૂકી આ છોકરીને પરણે! તેથી આ છોકરીને દુઃખ આપવાનો વખત શોધતી હતી. ત્યાં આ વખત ઉપર કહ્યા મુજબ તે વાણીઆની ગેરહાજરીમાં આવી ગયો ત્યારે તે ચન્દનબાલાને એક અંધારી કોટડીમાં પૂરી મૂકી અને આમ ત્રણ દિવસો નિરાહારમાં ચાલ્યા ગયા ત્યારે તે ચન્દનબાલા ભૂખથી દુબળી થઇ. ત્યાં ત્રીજે દિવસે પરગામથી તે વાણીઓ આવ્યો, તેણે આ છોકરીને અંધારી કોટડીમાંથી બહાર કાઢી અને તેના હાથમાં ખાવામાટે અડદના બકુલા એક સુપડાના ખૂણામાં નાખી આપ્યા અને છોકરીને ડેલીમાં ઉભું રહેવાનું કહી તે બેડી તોડાવવા સારૂ લુવારને બોલાવવા ગયો. દરમ્યાન તે છોકરી ડેલીના ઉમ્બરને બે પગવચ્ચે રાખી ઉભી ઉભી વિચાર કરવા લાગી કે આજ બપોર થઇ ગયા છે. આવે વખતે જો કોઇ મહાત્મા વીતરાગ અતિથિ પ્રાપ્ત થાય તો આ સુપડાના ખૂણામાં રહેલ અડદના બકુલા તેને આપું. તેટલામાં ત્યાં મહાવીરસ્વામી પધાર્યા તેને જોઇ આ છોકરી બકુલાની ભિક્ષા તેઓને આપવા લાગી. પરંતુ

ત્યાં ભગવાન્‌ને વિચાર થયો કે મને ભિક્ષા આપવાનાં અભિગ્રહમાં એક રૂદનની ખામી છે તેથી ભિક્ષા લીધા સિવાય ચાલી નીકળ્યા, ત્યારે તે છોકરી રૂદન કરવા લાગી કે હા મને ધિક્કાર છે! કે આવા અતિથિ મારા હાથની ભિક્ષા લીધા સિવાય ચાલ્યા જાયછે, તે શ્રીભગવાનના જોવામાં આવ્યું તેથી પાછા ફરી તેની ભિક્ષાનો સ્વીકાર કર્યો. તે વખતે તેની બેડીયો જાંજર-રૂપે શાસન દેવે કરી વિગેરે પંચદિવ્ય પ્રકટ થયાં. તે કન્યાએ પારણામાટે આપેલ બકુલાનો સ્વીકાર કરી તેનું ભોજન કરી છ માસસુધી સુજતો આહાર ન મલવાથી જે વ્રત ચાલુ હતું તે પૂર્ણ કર્યું. તે આ શ્રીભગવાન્‌નો "મહાભિગ્રહ" નામના વ્રતનો યોગ જાણવો.

શ્લોકનો શબ્દાર્થ.

રાજાની પુત્રી દાસીના કાર્યને કરવાવાળી, બે પગમાં બેડીવાળી, મસ્તકમાં જેનું મુંડન થયું છે એવી, ભૂખથી દુર્બળ થયેલી અને બે પગવચ્ચે ઉબર રાખીને ઉભેલી, અને હાથમાં પાત્ર રાખી તેમાં રહેલ અડદના બકુલાવાળી, રૂદન કરતી બપોરને વખતે સુપડાના ખૂણામાં રહેલ તે અડદના બકુલારૂપી પારણું આપે તે આ શ્રીમહાવીરસ્વામી ભગવાન્‌નું મહાભિગ્રહ નામનું મહા કઠિન વ્રત છે. ૭.

પ્રતિક્રમણનિયમપાલનનું ફળ.

सावद्यं दलयत्यलं प्रथयते सम्यक्त्वशुद्धिं परां,
नीचैर्गोत्रमधस्करोति कुयशश्छिद्रं पिधत्ते क्षणात् ।
सद्ध्यानं चिनुते निकृन्तति ततं तृष्णालतामण्डपं,
वश्यं सिद्धिसुखं करोति भविनामावश्यकं निर्मितम् ॥ ८ ॥

सूक्तिमुक्तावली.

જો સંસારી મનુષ્યોએ આ આવશ્યક (પ્રતિક્રમણના નિયમો) નું પરિપાલન જરૂર કર્યું હોય તો તે જીવોના પૂર્ણ રીતે પાપકર્મોને દળી નાખેછે, સમ્યકત્વ દર્શનની ઉત્તમ શુદ્ધિને પ્રકટ કરેછે, નીચ ગોત્ર નામના કર્મનો નાશ કરેછે, ક્ષણમાત્રમાં કુકીર્ત્તિના છિદ્રને બંધ કરી આપેછે અને સુન્દર ઇષ્ટદેવના ધ્યાનને સિદ્ધ કરી આપેછે, વિસ્તાર પામેલા તૃષ્ણારૂપી લતાના મંડપને કાપી નાંખેછે અને સિદ્ધિઓ તથા સુખને આધીન કરી આપેછે. અર્થાત્ ઉપર્યુક્ત તમામ ફળો નિયમોના પાલનમાં સમાયેલાં છે—એવો ભાવ છે. ૮.

નાના નિયમથી પણ કોઇ વખતે મહાન્ ફળ પ્રાપ્ત થાયછે.

टाल्यां वीक्ष्य ततोऽश्नि सद्गुरुमुखादेतद्गृहीतं व्रतं,
चक्री लेकदिने गतः स खलु मृद्खन्यां वणिक् पृष्ठगः ।
द्रव्यं तत्र हि निर्गतं यदि वणिक्दृष्टेत्यवगद्दूरत-
स्त्वं मा याहि अवेहि मेऽपि सकलं लालालये तद्गतः ॥ ९ ॥

दृष्टान्तशतक रत्नकोष—भाग पञ्चम.

કોઇએક નગરમાં ગુરૂ આવ્યા ત્યારે ઘણા લોકોએ પચ્ચખાણ (નિયમ) લીધાં તેમાં એક વાણીએ એવો નિયમ લીધો, કે હું આ ગામના રહેવાસી કુંભારના માથાની ટાલ (માથાઉપરનો ડાઘ) જોઇ ભોજન કરીશ, પછી તે નિત્ય કુંભારની ટાલ જોઇ ભોજન કરે, એમ કરતાં એક દિવસ કુંભાર માટી લેવાસારૂ ધૂળની ખાણે ગયો હતો. પાછળ વાણીઓ કુંભારને ઘેર આવ્યો, તેને ઘેરથી સમાચાર મળ્યા કે કુંભાર ધૂળની ખાણે ગયો છે તે વારે વાણીઓ પણ ત્યાં ખાણે ગયો. તે સમયે ત્યાં કુંભારને માટી ખોદતાં ધનનો ચરૂ મળ્યો. એ અવસરે વાણીએ પણ કુંભારની ટાલ દીઠી ત્યારે વાણીઓ કહેવા લાગ્યો કે "દીઠી રે દીઠી" એમ બોલતો પાછો વળ્યો. તે સાંભળી કુંભારે જાણ્યું, કે આ દ્રવ્યની વાત વાણીએ જાણી. તેથી કુંભાર ઉભો થઇને વાણીઆને સાદ કરવા લાગ્યો, કે નહિ જા, રે નહિ જા, એમ કહેતો વાણીઆની કેડે દોડયો અને કહેવા લાગ્યો કે અર્ધ નાણું મારૂં ને અર્ધ નાણું તારૂં. એ વાત જાણી વાણીઓ પાછો વળી અર્ધ નાણું લઇ ઘેર આવ્યો. ૯.

માટે કોઇ પણ નિયમ લેવો તે લાભકારક છે કહ્યું છે, કે—

योऽपि सोऽपि ध्रुवं ग्राह्यो, नियमः पुण्यकाङ्क्षिणा ।
स्वल्पोप्यनल्पलाभाय, यथा खल्वाटपश्यकः ॥ १ ॥

એટલે પુણ્યની આકાંક્ષાવાળા મનુષ્યે કંઇ પણ નિયમ ગ્રહણ કરવો. કારણકે સ્વલ્પ નિયમ લીધો હોય તોપણ ટાલીયા કુંભારને જોવાનો નિયમ લેનાર વાણીઆની માફક તે નિયમ લેનારને કદી મોહોટો લાભ મળેછે

તથા—

क्रोधः स्याद्यदि सप्तपृष्ठकपदं देयं गृहीतं व्रतं,
गेहे भूरिदिनात्समागतवरः शय्यां स्वपुत्रस्त्रियौ ।
सुप्तौ वीक्ष्य वधाय पृष्ठचलितः पुत्रस्तदा बोधितो,
मातर्वक्ति हि सोऽपि हन्ति वचनं श्रुत्वा प्रशान्तोऽभवत् ॥१०॥

વંકચૂલે ગુરૂ પાસેથી એવું વ્રત લીધું કે જ્યારે કોઇની ઉપર ક્રોધ ઉપજે, ત્યારે છ-સાત પગલાં પાછાં ભરીને પછી સામા માણસને પ્રહાર કરવો. એવો નિયમ લઇને પરદેશ ગયો. પછી ઘણે દિવસે ઘેર આવ્યો તે વખત પોતાની સ્ત્રી અને પુત્ર એ બેઉ એક શય્યામાં સુતાં હતાં તેને જોઇ ક્રોધ ચડયો, ત્યારે ખડ્ગ કાઢીને મારવા ચાલ્યો. તેટલામાં પચ્ચખાણ લીધેલું સાંભરી આવ્યું. પછી તરતજ સાત પગલાં પાછો વળ્યો કે છોકરો મા મા એમ કહેતો જાગ્યો અને કહેવા લાગ્યો, કે હે માતાજી! મને આ પુરૂષ મારવા આવેછે, તે સાંભળી વંકચૂલને ક્રોધ ઉપશાંત થઇ ગયો અને કહેવા લાગ્યો, કે અરે મેં આ-પુત્રને માર્યો હોત તો કેટલું પાપ લાગત? અને પશ્ચાત્તાપ કરવો પડત, પરંતુ મેં લીધેલો નિયમ આડો આવ્યો અને કોઇનો ઘાત પણ થયો નહિ. આ ઉપરથી એમ સમજવાનું કે દરેકે સ્વલ્પ પણ નિયમ ગ્રહણ કરવો. ૧૦.

येन यश्चापि हि स्तोकः कालस्य नियमः कृतः ।
तस्यापि निष्फलो न स्यात् सप्तपृष्ठकचोरवत् ॥ १ ॥

નાનામાં નાનું ને સહેલામાં સહેલું કાંઇ પણ પચ્ચખાણ (નિયમ) જો લેવામાં આવ્યું હોય તો અમૂલ્ય લાભદાયી છે એમ દર્શાવી આ નિયમફળ અધિકાર પૂર્ણ કરવામાં આવેછે.

पर्वणिकर्त्तव्याकर्त्तव्य-अधिकार.

નિયમને પાળવામાં પર્વની જરૂર હોવાથી દરેક ધર્મશાસ્ત્રોમાં જે જે પર્વના દિવસો કહેલ છે, તેમાં પુણ્યદાન વગેરેનું વિધાન જણાવ્યું છે, તેમાં વળી ચતુર્માસ (ચોમાસા) માં આઠ માસકરતાં વિશેષ ધર્મપાલન કરવાનું બ્રાહ્મણધર્મ તથા જૈનધર્મના પુસ્તકોમાં જણાવ્યું છે. કારણકે ચતુર્માસમાં સૂર્યનાં કિરણો પૃથ્વીઉપર સ્પષ્ટ ન પડી શકવાથી અનેક રોગોનો તથા તે રોગોને ઉત્પન્ન કરનાર જન્તુઓનો ઉદ્ભવ થાયછે. તો તે રોગોથી બચવા ખાતર અને પરિણામે મોક્ષ સુખ પ્રાપ્ત કરવા-

સારૂ પર્વકાર્યોમાં સુજ્ઞ પુરૂષે બરાબર નિયમોનું પાલન કરવું જોઇએ. ઇત્યાદિ બાબત જણાવવાસારૂ આ અધિકારનો આરંભ કરવામાં આવેછે.

સંસારી કામમાં નિષેધવાળા દિવસો.

अनुष्टुप् (१ थी ३).

कुहुपूर्णेन्दुसंक्रान्तिचतुर्दश्यष्टमीषु च ।
नरश्चाण्डालयोनिः स्यात्तैलस्त्रीस्नानसेवनात् ॥ १ ॥

અમાવાસ્યા, પૂર્ણિમા, સંક્રાન્તિ, ચૌદશ અને આઠમ આદિ પર્વમાં જે મનુષ્ય તૈલ, સ્ત્રી અને સ્નાન (તેલ ચોળીને ન્હાવા) નું સેવન કરે તો તે મનુષ્ય (પુનર્જન્મ) માં ચાંડાળની યોનિમાં જન્મ લેનારો થાયછે. (એમ પુરાણોમાં કહેલ છે). ૧.

તે પ્રમાણે અન્ય શાસ્ત્રનો આશય.

चतुर्दश्यान्तथाष्टम्याम्पञ्चदश्यान्तथैव च ।
तैलाभ्यङ्गं तथा भोगं, योषितश्च विवर्जयेत् ॥ २ ॥

पुराण.

માસની બે ચૌદશ, તેમ બે આઠમ અને પૂનેમ, અમાવાસ્યા એમ છ દિવસોમાં (ધર્મયુક્ત) પુરૂષે તૈલાભ્યંગ (તેલ ચોળીને ન્હાવું તે) નો અને સ્ત્રીની સાથેના વિષયભોગનો ત્યાગ કરવો. ૨.

અષ્ટમી, ચતુર્દશી તથા પંચમીનો પ્રભાવ કહેછે.

अष्टमी चाष्टकर्मान्ता, सिद्धिलाभा चतुर्दशी ।
पञ्चमी केवलज्ञानं, तस्मात्त्रितयमाचरेत् ॥ ३ ॥

અષ્ટમી (આઠમ) તે આઠ પ્રકારનાં (જ્ઞાનાવરણી, દર્શનાવરણી, વેદનીય, મોહનીય, આયુષ્ય, નામ, ગોત્ર અને અન્તરાય) કર્મનો નાશ કરવાવાળી છે અને ચૌદશ સિદ્ધિના લાભને આપવાવાળી છે અને પંચમી કેવળ જ્ઞાનને ઉત્પન્ન કરેછે, તેથી આ ત્રણ તિથિઓનું (વ્રત) આચરણ કરવું. ૩.

પાંચ પર્વતિથિઓ.

आर्या (४ थी ६).

*बीआ पंचमी अट्ठमि, एगादसि चउदिसि पण तिहिउ ।
एआउ सुअतिहीउ, गोअमगणहारिणा भणिआ ॥ ४ ॥

सूक्तिमुक्तावली.

ગૌતમ ગણધર દ્વિતીયા, પંચમી, અષ્ટમી, એકાદશી, ચતુર્દશી એ પાંચ તિથિને પર્વતિથિ કહેછે, માટે તેમાં શુભ કાર્યો કરવાં અને સંસારી કામને ત્યાગ કરવો. ૪.

ધર્મ સ્થાપનારને ધન્યવાદ.

सो जयउ जेण विहिआ, संवच्छर चाउमासिअ सुपव्वा ।
णिद्दंधयाण जायइ, जस्सपहाओ धम्ममइ ॥ ५ ॥

उपदेशसिद्धान्तरत्नमाला.

સંવત્સરી, ચાતુર્માસિક, તથા પર્યુષણપર્વમાં ધર્મક્રિયા કરવી ; કારણકે તે દિવસે પાપી મનુષ્ય પણ સર્વની સાથે દેવદર્શન તથા ધર્મક્રિયા કરેછે તેથી તે પણ શુદ્ધ થાયછે. ૫.

પર્વ તિથિઓનો ઉપયોગ.

+बीआ दुविहे धम्मे, पञ्चमि नाणे अ अट्ठमी कम्मे ।
एगारसि अगाणं, चउद्दसी चउदपुव्वीणं ॥ ६ ॥

सूक्तिमुक्तावली.

બે પ્રકારના ધર્મમાં દ્વિતીયા, જ્ઞાનમાં પંચમી, કર્મમાં અષ્ટમી, અગીઆર અંગમાં એકાદશી, ચૌદ પૂર્વમાં ચતુર્દશી એમ એ પાંચ પર્વતિથિનો ઉપયોગ કરવામાં આવેછે. ૬.

आर्या.

* द्वितीया पञ्चमी अष्टमी, एकादशी चतुर्दशी पञ्च तिथयः ।
एताः श्रुततिथयः, गौतमगणधरेण भणिताः ॥

+ द्वितीया द्विविधे धर्मे, पञ्चमी ज्ञाने च अष्टमी कर्मणि ।
एकादशी अङ्गानां, चतुर्दशी चतुर्दशपूर्वाणाम् ॥

ચાતુર્માસનાં આભૂષણો.

इन्द्रवज्रा.

सामायिकावश्यकपौषधानि, देवार्चनस्नानविलेपनानि ।
ब्रह्मक्रियादानतपोमुखानि, भव्याश्चतुर्मासिकमण्डनानि ॥ ७ ॥

चातुर्मासिक व्याख्यान.

હે ભવ્ય પુરૂષો! સામાયિક, આવશ્યક એવું પ્રતિક્રમણ, પૌષો, દેવભગવાનનું અર્ચન (પૂજન) તેઓને કરાવાતું સ્નાન તથા ચન્દનનો આલેપ (લગાવવું), બ્રહ્મચર્યનું પાલન, દાન આપવું અને તપ કરવું જેમાં મુખ્ય છે એવાં આ ચતુર્માસ (ચોમાસારૂપી પર્વ) ના અલંકારો (ઘરેણાં) છે. ૭.

પર્વોને શોભાવનારાં સાધનો.

वसन्ततिलका.

देवार्चनादिविधिना गुरुवन्दनेन,
सम्यक्तपोभिरसमैः समयामृतेन ।
आलोचनाप्रभृतिभिश्च शुभक्रियाभिः,
संवत्सरप्रभृति पर्व कृतार्थयन्ति ॥ ८ ॥

દેવભગવાનનું પૂજન વિગેરે વિધિથી, ગુરૂદેવની વન્દનાથી, સર્વ કાર્યથી ચઢીયાતાં એવાં ઉત્તમ તપોથી, સમયાનુસાર કથા (વખાણ) રૂપી અમૃતના સેવનથી, આલોચના તથા વિચાર વિગેરે કાર્યોથી અને શુભ ક્રિયાઓથી, ઉત્તમ લોકો સંવત્સરી વિગેરે પર્વોને કૃતકૃત્ય (સફળ) કરેછે. ૮.

પર્વમાં ઉત્તમ શ્રાવકોનું કર્ત્તવ્ય જણાવેછે.

शार्दूलविक्रीडित (९-१०).

व्याख्यानश्रवणं जिनालयगतिर्नित्यं गुरोर्वन्दनं,
प्रत्याख्यानविधानमागमगिरां चित्ते चिरं स्थापनम् ।
कल्पाकर्णनमात्मशक्तितपसा संवत्सराराधनं,
श्राद्धैः श्लाघ्यतपोधनादिति फलं लभ्यं चतुर्मासिकम् ॥ ९ ॥

હમેશાં વ્યાખ્યાનનું શ્રવણ, શ્રીજિનેશ્વરભગવાનના મંદિરમાં જવું, ગુરૂદેવનું વન્દન, પચ્ચકખાણુ વિધિપૂર્વક કરવું, સતશાસ્ત્રની વાણીને ચિત્તમાં સ્થિરરીતે સ્થાપન કરવી, કલ્પસૂત્રનું શ્રવણ, પોતાની શક્તિ પ્રમાણે તપથી સંવત્સર પર્વની આરાધના કરવી, એમ શ્રદ્ધાળુ શ્રાવકોએ ઉત્તમ તપરૂપી ધન વિગેરેથી ફળ ચાતુર્માસિક પર્વોમાં અવશ્ય મેળવવું. ૯.

પાલન યોગ્ય એવા ઉત્તમ પદાર્થો જણાવેછે.

मन्त्राणां परमेष्ठिमन्त्रमहिमा तीर्थेषु शत्रुञ्जयो,
दाने प्राणिदया गुणेषु विनयो ब्रह्म व्रतेषु व्रतम् ।
सन्तोषो नियमे तपस्सु च समस्तत्त्वेषु सद्दर्शनं,
सर्वज्ञोदितसर्वपर्वसु परं स्याद्वार्षिकं पर्व च ॥ १० ॥

सूक्तिमुक्तावली.

મંત્રોમાં પરમેષ્ઠિ ભગવન્તોના મંત્ર (નવકારમંત્ર) નો મહિમા મ્હોટો છે અને તીર્થોમાં શત્રુંજય (શ્રીશેત્રુંજો) પર્વત ઉત્તમ છે, દાનમાં પ્રાણીઉપર દયા રાખવી શ્રેષ્ઠ છે, ગુણોમાં નમ્રતા ઉત્તમ છે, વ્રતોમાં બ્રહ્મચર્યવ્રત શ્રેષ્ઠ છે, નિયમમાં સંતોષ શ્રેષ્ઠ છે, તપોમાં ઇન્દ્રિયોને નિયમમાં રાખવી તે ઉત્તમ છે, તત્ત્વજ્ઞાનોમાં સતદર્શન (સમ્યકત્વ) સર્વોત્તમ છે અને તમામ પર્વોમાં સર્વજ્ઞ એવા શ્રીજિનેશ્વરભગવાને કહેલ એવું વાર્ષિક (સાંવત્સરી) પર્વ શ્રેષ્ઠ છે. ૧૦.

પર્વદિવસોમાં જેઓનો ત્યાગ કરવો જોઇએ તથા જેમાં તત્પર થવું જોઇએ તે ટૂંકામાં સમજાવી અધિકાર પૂર્ણ કરવામાં આવેછે.

दया-अधिकार.

પૂર્વમાં શ્રદ્ધા, દયાવિના રહી શકતી નથી તેથી "દયા" આ શબ્દનું યથાર્થ સ્વરૂપ સમજવાની પ્રાણીમાત્રની ફરજ છે અને તેમાં પણ જૈનધર્મ તો દયા (જીવદયા) આ શબ્દઉપર વધારે પોતાનો આધાર રાખી, ચાલી રહ્યો છે. તે દયા શબ્દના ઉપર વિવેચન કરતાં મહાભારતાદિ બ્રાહ્મણધર્મનાં પુસ્તકોઉપર નજર કરતાં તેમાંથી પણ આ બાબતને પોષણ કરનારાં અનેક પ્રમાણો મળી શકેછે તેમાંથી થોડાં અત્ર પણ આપવામાં

આવ્યાં છે તે ખરેખર ધ્યાનમાં રાખવા યોગ્ય છે. એટલે આ અધિકારમાં દયાસંબંધી વિવેચન કરવા યથાશક્તિ-ગનતું પ્રયત્ન કરવામાં આવ્યું છે તે સજ્જન-ગુણગ્રાહી જીવો પોતાના લક્ષ્ય બિન્દુમાં લેશે એટલું નિવેદન કરી તે અધિકારનો આરંભ કરવામાં આવેછે.

ખરીરીતે દેખતો કોણ ?

अनुष्टुप् (१ थी १९).

मातृवत्परदारेषु, परद्रव्येषु लोष्ठवत् ।
आत्मवत्सर्वभूतेषु, यः पश्यति स पश्यति ॥ १ ॥

અન્યની સ્ત્રીઓમાં માતાની માફક, બીજાના ધનમાં ઢેફાની માફક, સર્વ ભૂતપ્રાણીમાત્રમાં પોતાના આત્માની માફક જે પુરૂષ જુવેછે તેજ સત્ય દૃષ્ટા છે અર્થાત્ નેત્રવાળો છે અને આમાં બીજી રીતે નજર કરનાર અન્ધજ છે. ૧.

અહિંસા (ભૂતપ્રાણીઉપર દયા) તે સમગ્રધર્મનું મૂળ છે.

अहिंसा सर्वजीवेषु, तत्त्वज्ञैः परिभाषितम् ।
इदं हि मूलं धर्मस्य, शेषस्तस्यैव विस्तरः ॥ २ ॥

"સર્વ ભૂતપ્રાણીમાત્રમાં કોઇની પણ હિંસા ન કરવી." આજ સર્વ ધર્મનું મૂળ તત્ત્વજ્ઞ પુરૂષોએ કહેલું છે. બાકીનાં પુણ્યકર્મો તો તેનોજ (અહિંસારૂપી ધર્મવૃક્ષનો) વિસ્તાર છે. ૨.

જીવદયા પાળવામાં પુરૂષે પોતાના પ્રાણોનુંજ દૃષ્ટાન્ત લેવું.

यथा मम प्रियाः प्राणास्तथान्यस्यापि देहिनः ।
इति मत्वा न कर्तव्यो, घोरः प्राणिवधो बुधैः ॥ ३ ॥

પુરૂષે પોતાના મનમાં વિચાર કરવો જોઇએ કે—જેમ મને મારાં પ્રાણ વ્હાલાં છે, તેમ અન્ય પ્રાણીને પણ પોતાનાં પ્રાણો પ્રિય હોયછે. એમ માનીને સુજ્ઞ પુરૂષોએ ઘોર એવો પ્રાણીમાત્રનો વધ ન કરવો. આવો ભાવ છે. ૩.

મૃત્યુ એ ત્રાસદાયક મહા ભય છે.

उद्यतं शस्त्रमालोक्य, विषादं यान्ति विह्वलाः ।
जीवाः कम्पन्ति सन्त्रस्ता, नास्ति मृत्युसमं भयम् ॥ ४ ॥

ઉગામેલા હથિયારને જોઇને અત્યન્ત ત્રાસને પામેલા જીવો ખેદને પામેછે અને કંપવા માંડેછે. કારણકે જગત્માં મરણસમાન બીજી કોઇ બીક નથી. ૪.

કોઇ પ્રકારથી પ્રાણીને પીડા ન કરવી.

कण्टकेनापि विद्धस्य, महती वेदना भवेत् ।
चक्रकुन्तासियष्टयाद्यैर्मार्यमाणस्य किं पुनः ॥ ५ ॥

એક પ્રાણી કાંટેથી માત્ર વીંધાણો હોય ત્યાં તેને મહા પીડા થાયછે. ત્યારે ચક્ર, ભાલું, તરવાર, લાકડી વિગેરે હથિયારોથી મરણશરણ કરાતા પ્રાણીની વેદનાની તો શું વાતો કહેવી? ૫.

પ્રાણીને સર્વ સમૃદ્ધિકરતાં જીવતર વહાલું છે.

दीयेत मार्यमाणस्य, कोटिर्जीवितमेव च ।
धनकोटिं परित्यज्य, जीवो जीवितुमिच्छति ॥ ६ ॥

એક મનુષ્યનો વધ કરતાં તેને કોઇ એમ કહે કે—"તને ક્રોડ મ્હોરો આપું કે જીવતર આપું?" આ વાક્ય સાંભળી તે જીવ ક્રોડ મ્હોરોને તજી, જીવવાને ઇચ્છેછે. ૬.

વિષ્ટાના મધ્યમાં રહેલ કીડાનું જીવન તથા મરણ ઇન્દ્રતુલ્ય પ્રિયાપ્રિય છે.

अमेध्यमध्ये कीटस्य, सुरेन्द्रस्य सुरालये ।
समाना जीविताकाङ्क्षा, तुल्यं मृत्युभयं द्वयोः ॥ ७ ॥

વિષ્ટાના મધ્યમાં રહેલા કીડાની અને સ્વર્ગમાં રહેલા ઇન્દ્રની જીવવાસંબન્ધી ઇચ્છા સમાન હોયછે, તેમ તે બન્નેને મરણનું ભય પણ તુલ્ય હોયછે. ૭.

જૈન ધર્મ તો જીવદયાના ઉત્તમ સિદ્ધાન્તના શિખરઉપર છે એમ સર્વ ધર્માનુયાયીઓ એકમતે સ્વીકારેછે પણ બ્રાહ્મણધર્મનાં પુસ્તકોમાં "જીવદયા" મનુષ્ય પાળે તેમાટે ખુદ વિષ્ણુ ભગવાને કેટલુંક કહ્યું છે કે—

जले विष्णुः स्थले विष्णुर्विष्णुः पर्वतमस्तके ।
ज्वालामालाकुले विष्णुः, सर्वं विष्णुमयं जगत् ॥ ८ ॥

यो मां सर्वगतं ज्ञात्वा, न च हिंसेत्कदाचन ।
तस्याहं न प्रणश्यामि, स च मे न प्रणश्यति ॥ ९ ॥

પાણીમાં વિષ્ણુ (ભગવાન્) છે, સ્થળમાં વિષ્ણુ છે, પર્વતોના મસ્તક-ઉપર વિષ્ણુ છે, અગ્નિની જ્વાળાઓથી આકુળ એવા પ્રદેશમાં વિષ્ણુ છે અને આખું જગત્ વિષ્ણુમય છે. એમ સર્વ સ્થાનોમાં રહેલો મને જાણીને જે પુરૂષ કોઇ પણ દિવસ કોઇ પણ પ્રાણીની હિંસા કરતો નથી, તે જીવ પાસેથી હું ખસતો નથી અને તે મારા પાસેથી ખસતો નથી, અર્થાત્ તે જીવ મને અત્યન્ત પ્રિય થાયછે. એમ વિષ્ણુ કહેછે. ૮, ૯.

એકને જોઇ બીજીતરફ પોતાની હાંસી વિરોધાભાસ અલંકારથી જણાવેછે.

समस्तावयववान् दृष्ट्वा, नरान् प्राणिवधोद्यतान् ।
पङ्गुभ्यच्छिन्नहस्तेभ्यः, कुष्ठिभ्यश्च हसाम्यहम् ॥ १० ॥

જેને હસ્તચરણ વિગેરે સમગ્ર અંગો આબાદ છે છતાં પ્રાણીઓના વધમાં તૈયાર થઇ રહ્યા છે. આવા મનુષ્યોને જોઇને મને લંગડા, કપાઇ ગયેલ હાથવાળા તથા કોઢના રોગવાળા મનુષ્યોઉપર હાંસી ઉત્પન્ન થાયછે. અર્થાત્ આ લંગડા વિગેરે મનુષ્યોએ પૂર્વજન્મમાં હિંસા કરેલ છે તેનું ફળરૂપ આ અંગભંગાદિ ચિન્હો થયાં છે. તેમ હિંસક મનુષ્યોને બીજા જન્મમાં તેવાં ફળ મળશે. ૧૦.

યુધિષ્ઠિરપ્રતિ એક યોગીનો ઉપદેશ.

कपिलानां सहस्राणि, यो द्विजेभ्यः प्रयच्छति ।
एकस्य जीवितं दद्यान्न च तुल्यं युधिष्ठिर ॥ ११ ॥

હે રાજા ધર્મ ! જે મનુષ્ય બ્રાહ્મણોને માટે હજારો કપિલા ગાયોનું દાન આપેછે અને. એક પુરૂષ એક જીવને જીવિતદાન આપેછે (બચાવેછે) તે બન્નેને સરખું ફળ નથી અર્થાત્ જીવિતદાન આપવાવાળાને ઘણું ફળ મળેછે. ૧૧.

દાન વિગેરે પુણ્યકર્મો જીવદયાના સોળમા ભાગને પણ યોગ્ય નથી.

दत्तमिष्टं तपस्तप्तं, तीर्थसेवा तथा श्रुतम् ।
सर्वेऽप्यभयदानस्य, कलां नार्हन्ति षोडशीम् ॥ १२ ॥

દાન આપ્યાં હોય, દેવતાઓનું પૂજન કર્યું હોય, તપ કર્યું હોય, તીર્થોની સેવા કરી હોય, તેમ શાસ્ત્રોનો અભ્યાસ કર્યો હોય એ બધાં પુણ્યકર્મો પણ જીવને અભયદાન (જીવદયા) ના સોળમા ભાગને પણ યોગ્ય નથી અર્થાત્ જીવાભયદાન સર્વથી મ્હોટું દાન છે. ૧૨.

જુ, માંકડ વિગેરે ક્ષુદ્ર જન્તુઓને પણ ન મારવા.

यूकामत्कुणदंशादीन्, ये जन्तूंस्तुदतस्तनुम् ।
सततं परिरक्षन्ति, ते नराः स्वर्गगामिनः ॥ १३ ॥

જુ, માંકડ, દંશ વિગેરે જે પ્રાણીઓ શરીરને પીડા આપી રહ્યાં છે તેની પણ જે લોકો સદા રક્ષા કરેછે તે પુરૂષો મરણાન્તે સ્વર્ગલોકને પ્રાપ્ત થાયછે. ૧૩.

દયાહીનનું સર્વ પ્રકારનું દાન વ્યર્થ છે.

सप्तद्वीपं सरत्नं च, दद्यान्मेरुं च कांचनम् ।
यस्य जीवदया नास्ति, सर्वमेतन्निरर्थकम् ॥ १४ ॥

જે પુરૂષ રત્નોસહિત સાત દ્વીપોનું તથા સુવર્ણગિરિ એવા મેરૂ પર્વતનું દાન આપે પણ જો તે પુરૂષને દયા ન હોય તો આ સર્વ નિષ્ફળ સમજવું. ૧૪.

દયાહીન મનુષ્યને પુનર્જન્મમાં મળતું તે પાપનું ફળ.

स्वल्पायुर्विकलो रोगी, विचक्षुर्बधिरः खलः ।
वामनः पामनः षण्ढो, जायते स भवे भवे ॥ १५ ॥

જે મનુષ્યમાં જીવદયા નથી તે ભવોભવ સ્વલ્પ આયુષવાળો, ખંડિત અંગવાળો, રોગી, અંધ, બ્હેરો, મૂર્ખ, વામન (ટુંકા અંગવાળો), ખસના રોગવાળો, નપુંસક વગેરે થયા કરેછે. ૧૫.

પોતાને થતી પીડાથી અન્યની પીડા જાણી લેવી.

यादृशी वेदना तीव्रा, स्वशरीरे युधिष्ठिर ।
तादृशी सर्वभूतानामात्मनः सुखमिच्छताम् ॥ १६ ॥

મહાભારતમાં એક મુનિ, રાજા ધર્મને કહેછે કે હે રાજા યુધિષ્ઠિર! મનુષ્યને પોતાના શરીરમાં જેવી તીવ્ર પીડા થાયછે તેવીજ પીડા પોતાના સુખને ઇચ્છતાં એવાં સર્વ ભૂતપ્રાણીમાત્રને થાયછે. ૧૬.

"અહિંસા" ધર્મનું સર્વોપરિપણું દર્શાવેછે.

अहिंसा परमो धर्मस्तथाऽहिंसा परं तपः ।
अहिंसा परमं ज्ञानमहिंसा परमं पदम् ॥ १७ ॥

महाभारत—विष्णुपुराण—मार्कण्डेयपुराण.

અહિંસા તેજ પરમધર્મ છે, તેમ અહિંસા ઉત્તમ તપ છે, અહિંસા શ્રેષ્ઠ જ્ઞાન છે અને અહિંસા એજ સુંદર મોક્ષપદ છે. ૧૭.

જીવદયા એ એક જાતની નદી છે અને અન્ય ધર્મો તે તેના કાંઠાઉપરનાં તૃણો છે.

कृपानदीमहातीरे, सर्वे धर्मास्तृणाङ्कुराः ।
तस्यां शोषमुपेतायां, कियन्नन्दन्ति ते पुनः ॥ १८ ॥

જીવદયારૂપી નદીના મહાતીરમાં બીજા સર્વ ધર્મોરૂપી તૃણના અંકુરો રૂઢ થયા છે. તેથી જો તે દયારૂપી નદી સૂકાઈ જશે તો તે તૃણસમાન ધર્મો ક્યાં-સુધી નવપલ્લવ રહેશે? અર્થાત્ તેની પછવાડે તરતજ સૂકાઇ જશે. ૧૮.

નિર્દય હૃદયમાં ધર્મ રહેતો નથી.

दयादयितया शून्ये, मनोवासगृहे नृणाम् ।
दानादिदूताहूतोऽपि, धर्मोऽयं नावतिष्ठते ॥ १९ ॥

सूक्तिमुक्तावली.

દયારૂપી પોતાની વ્હાલી સ્રીથી શૂન્ય એવા મનુષ્યોના મનરૂપી નિવાસ-ગૃહમાં દાન વિગેરે દૂતો બોલાવી લાવે તોપણ આ ધર્મ ત્યાં રહી શકતો નથી એટલે દયા તે ધર્મની દયિતા સ્રી છે. (માટે દયારહિત ધર્મ નિષ્ફળ છે). ૧૯.

હરણોનો પોકાર.

आर्या.

निज्झरणनीरपाणं, अरणतणभकणं च वणवासो ।
अम्हाण निरववाहाण, जीवीअं रक्खरक्खपहो ॥ २० ॥

कल्पसुबोधिका.

શ્રીનેમનાથભગવાનને હરણોએ વિનતિ કરી છે કે—હે પ્રભો! પર્વતોના ઝરણાનાં અમો પાણી પીએ છીએ અને અરણ્યનાં તૃણ વિગેરેનું ભક્ષણ કરીએ છીએ અને સદાકાળ વનવાસ ભોગવીએ છીએ, તેવા અમો નિરપરાધીનું રક્ષણ કરો, રક્ષણ કરો. ૨૦.

જેવું કરવું તેવું ભોગવવું.

वंशस्थ.

न हन्ति योऽन्यान्स परै र्न हन्यते,
दुनोति नान्यान् स परैर्न दूयते ।
अतः स्वतन्त्रं सुखभावमिच्छता,
कार्या न हिंसा मनसापि धीमता ॥ २१ ॥

જે પ્રાણી બીજાઓને હણતો નથી તે બીજાઓથી હણાતો નથી. જે મનુષ્ય બીજા પ્રાણીને પીડતો નથી તે બીજાથી પીડાતો નથી માટે સ્વતંત્ર સુખભાવને ઇચ્છતા બુદ્ધિમાન્ મનુષ્યે મનથી પણ કોઇ પ્રાણીની હિંસા ન કરવી. ૨૧.

તથા—

उपजाति (२२–२३).

सर्वाणि भूतानि सुखे रतानि,
सर्वाणि दुःखस्य समुद्विजन्ति ।
तस्मात्सुखार्थी सुखमेव दत्ते,
सुखप्रदाता लभते सुखानि ॥ २२ ॥

જગતના સમગ્ર જીવો સુખમાં પ્રીતિવાળા છે અને દુઃખના કારણથી બધા ઉદ્વેગને પ્રાપ્ત થાયછે. તેથી સુખનો અર્થી હોય તે પુરૂષ બીજાને સુખ આપેછે અને તેથી સુખનું દાન કરનાર તે પુણ્યશાળી જીવ સુખો મેળવેછે. ૨૨.

દયા સર્વ વ્રતોનો રાજા છે.

स्थूलेषु जीवेषु विनाशभावः, सङ्कल्पमुख्यस्त्रिविधोऽपि हेयः ।
संसारनिस्तारकरस्वरूपो, व्रतेषु भूपोपम एष धर्मः ॥ २३ ॥

સ્થૂલ મનુષ્યાદિ પ્રાણીઓમાં સંકલ્પ જેમાં મુખ્ય છે એવો ત્રણ પ્રકારનો એટલે મન, વચન, કાયાથી કરવું, કરાવવું, અનુમોદન કરવું, ત્રિવિધ વિનાશ ભાવ તેનો પણ ત્યાગ કરવો. સંસારનો નિસ્તાર કરનાર આ ધર્મ સર્વ વ્રતોમાં રાજાતુલ્ય છે, અર્થાત્ જીવને મુક્તિદાન આપેછે. ૨૩.

જીવહિંસાનાં (પાપનાં) પરિણામો.

इन्द्रवज्रा.

दारिद्र्यदौर्भाग्यकुणित्वकुष्ठिपङ्गुत्वतिर्यङ्नरकादिभेदैः ।
दुःखान्यनेकानि भवन्ति हिंसासम्भूतपापप्रचयेन पुंसाम् ॥ २४ ॥

દરિદ્રતા, દુર્ભાગ્યપણું, ઠુંઠાપણું, કોઢીઆપણું, પાંગળાપણું, પશુયોનિ અને નરકાદિના ભેદોથી અનેક પ્રકારનાં દુઃખો જીવહિંસાથી ઉત્પન્ન થયેલ પાપના સમૂહથી મનુષ્યોને પ્રાપ્ત થાયછે. ૨૪.

જીવદયા રાખવાથી કોનું શ્રેય થયું ?

उपजाति.

पारापते मेघरथो नरेशो, दयापरः कीर्त्तिमवाप विश्वे ।
क्रमेण तीर्थङ्करशान्तिनाथभावेन भूत्वा प्रययौ शुभं सः ॥ २५ ॥

नरवर्मचरित्र.

પૂર્વજન્મમાં પારેવાની જીવદયામાં તત્પર એવો મેઘરથ નામનો રાજા હતો તે દયામાં તત્પર થઇને જગત્માં કીર્ત્તિને પ્રાપ્ત થયો તેમ ક્રમેથી તીર્થંકર એવા શ્રીશાન્તિનાથભગવાનના સ્વરૂપે કરીને કલ્યાણને પ્રાપ્ત થયો, અર્થાત્ તીર્થંકર પદ ભોગવી મોક્ષે ગયો. ૨૫.

હિંસા એ મોહોટામાં મોહોટો જુલમ છે.

वंशस्थ.

रसातलं यातु यदत्र पौरुषं, कुनीतिरेषाऽशरणो ह्यदोषवान् ।
विहन्यते यद्बलिनापि दुर्बलो, हा हा महाकष्टमराजकं जगत् ॥ २६ ॥

सूक्तिमुक्तावली.

આ લોકમાં જો કોઇ પુરૂષમાં પુરૂષત્વ હોય તો તે રસાતલને પ્રાપ્ત થાઓ. કારણકે આ ચોખી અનીતિ છે કે—દુર્બળ અનાથ નિર્દોષ એવો આ પ્રાણિઓનો સમૂહ બળવાન્ એવા પાપી જનસમાજથી હણાયછે, હા હા મહા કષ્ટ છે! ખરેખર જગત્ રાજાવગરનું છે, નહિતર આ જુલમઉપર ધ્યાન કેમ ન અપાય? ૨૬.

દયાથી થતા લાભ.

शार्दूलविक्रीडित (२७–२८).

क्रीडाभूः सुकृतस्य दुःकृतरजःसंहारवात्या भवो-
दन्वन्नौर्व्यसनाग्निमेघपटली सङ्केतदूती श्रियाम् ।
निःश्रेणिस्त्रिदिवौकसः प्रियसखी मुक्तेः कुगत्यर्गला,
सत्त्वेषु क्रियतां कृपैव भवतु क्लेशैरशेषैः परैः ॥ २७ ॥

હે ભવ્યપ્રાણીઓ! જીવોનેવિષે દયા કરો, એટલે પોતાના દેહને કષ્ટ આપીને પણ જીવદયા પાળો. કારણકે તે દયા સુકૃતનું ક્રીડાનું સ્થાનક છે, પાપરૂપી ધૂળને ઉડાવી દેવામાં વાયુના વિંટોલીયા સમાન છે (અર્થાત્ કર્મ-રજને ઉડાડવામાં જીવદયા વિંટોલીયા જેવી છે), "પાપને ધૂળની ઉપમા આપવાનું કારણ એ છે કે પાપજ કર્મમલનું કારણ છે." વળી દયા સંસારરૂપ સમુદ્રને તરવામાં નાવરૂપ છે, દુઃખરૂપી અગ્નિને શાંત કરવામાં મેઘની ઘટા-તુલ્ય છે, સંપત્તિઓને સંકેત સ્થાનમાં પહોંચાડનારી દૂતી છે, સ્વર્ગમાં જવા-માટે નિસરણીરૂપ છે, મુક્તિરૂપ સ્ત્રીની વહાલી સખી છે, દુર્ગતિના દ્વારને આડી દેવાની ભોગલસમાન છે, એમ જાણી જીવોને વિષે દયા કરવી એજ ઉત્તમ છે. ૨૭,

અહિંસાથી લાભ.

आयुर्दीर्घतरं वपुर्वरतरं गोत्रं गरीयस्तरं,
वित्तं भूरितरं बलं बहुतरं स्वामित्वमुच्चैस्तरम् ।
आरोग्यं विगतान्तरं त्रिजगतः श्लाघ्यत्वमल्पेतरं,
संसाराम्बुनिधिं करोति सुतरं चेतः कृपार्द्रान्तरम् ॥ २८ ॥

सिन्दूरप्रकर.

મનુષ્યનું કૃપાવાળું ચિત્ત આયુષ્યની અભિવૃદ્ધિ કરેછે, શરીરની શોભામાં વધારો કરેછે, નામ અને કુળને ગરિષ્ઠ (ઉજ્વળ) કરેછે, ધનની વૃદ્ધિ કરેછે, બળમાં વધારો કરેછે, પ્રભુત્વમાં (હોદ્દાની) વૃદ્ધિ કરેછે, આરોગ્યને વિઘ્નરહિત બનાવેછે, ત્રણ જગત્માં પ્રશંસા ઉત્પન્ન કરેછે અને સંસારસમુદ્રને સુખે તરી શકાય એવો કરેછે, (અર્થાત્ જે પુરૂષનું ચિત્ત હિંસાથી રહિત છે તે પુરૂષને સર્વ પદાર્થ પ્રાપ્ત થાયછે). ૨૮.

પશુ પંખીઉપર દયા કરો.

રાગ—મરશીયો.

હાય! હાયરે મારે પશુને હત્યારા, માંસ માટે લે પ્રાણ એના પ્યારારે;
હાય! હાયરે મારે પશુને હત્યારા—ટેક૦

પશુ રાજા પ્રજાનો ખજાનો, આલમનો એ આંબો મજાનો;
ફળ દહીં દૂધ ઘીનાં દે દાનોરે. હાય૦ ૨૯

પાપી ફળદ્રુપ પશુઓને કાપે, પશુ વિના પીડાય દેશ પાપે;
દક્ષ વૃક્ષ રાખીને ફળ આપેરે. „ ૩૦

ભ્રમર માલતી મકરંદ ચૂસે, પુષ્પ પીડે ન પંડ નિજ તોષે;
પશુ પાળી સુજાણ દેહ પોષેરે. „ ૩૧

દુનિયાંની દોલત ગાય માતા, એના પુત્રો ખરા અન્નદાતા;
કરી ખેતી આપે સુખ શાતારે. „ ૩૨

કરે ખાતર ખેડ જળ ઝીલી, કણ કાઢે કણસલાં પીલી;
ભરે કોઠીઓ ભાર વહી લીલીરે. „ ૩૩

એવા જગ પ્રતિપાલક ધોરી, એની જન્મદાતા ગાય ગોરી;
એને મૂકે કસાય ન કોરીરે. „ ૩૪

પશુ માત્ર તરશ ભૂખ સહેતા, સાત્વિક મલાઇ ઘી દેતા;
ટાઢ વેઠીને દે ઊન ઘેટાંરે. „ ૩૫

એને મારે તો માથું ધરે છે, હાથ ઝાલે ન [illegible] કરે છે;
હાય! નાંખી નિશ્વાસે ઝુરે છેરે. „ ૩૬

ભાજીપાલો ને અન્નફળ [illegible]ણો, દહીં દૂધ મલાઇ ઘી માનો;
સાદો સ્વચ્છ ખોરાક મજાનોરે. „ ૩૭

એમાં પોષણ સત્વ છે સારૂં, માંસ દુર્ગંધમય છે નઠારૂં;
રોગ રક્તપિત્તાદિ કરનારૂંરે. „ ૩૮

તન્દુરસ્તીનાં તત્ત્વ માંસે, નથી ડાક્ટર કહે છે ઉલ્લાસે;
અન્ન ખોરાક કુદરતી ભાસેરે. „ ૩૯

બળે મુડદું આવે ગંધ જેવી, માંસ ભુંજતાં બદબો તેવી;
ઓકાવે ખાધું ધાન એવીરે. „ ૪૦

જાય સંડાસમાં માંસાહારી, બદબોથી કરેછે ઓકારી;
નાક આડું ધરે વસ્ત્ર ભારીરે. „ ૪૧

મળમૂત્ર વિષ્ટા ધરનારૂં, ગુરદામાં થઇને વહેનારૂં;
એવું માંસ ભખો ન નઠારૂંરે. „ ૪૨

અન્ન ફળો મેવાને મીઠાઇ, મળે માંસથી સોંઘાં ભાઇ;
સ્વચ્છ સ્વાદિષ્ટ ને સુગંધાઇરે. „ ૪૩

ગીધ શ્વાન વાયસને પ્યારો, મલિન માંસનો દુર્ગંધી ચારો,
નથી આહાર માણસનો એ સારોરે. „ ૪૪

વિવેકી વીરા પશુ પાળો, તજી માંસ ભખો ભાજીપાલો;
નેક ટેકે સાકળચંદ ચાલોરે. „ ૪૫

સાકળચંદ.

સાખી.

મારે દીવાળી થઇ આજ જિનમુખ જોવાને—એ રાગ.

મળે અધુરો ન્યાય મનુષ્યને, પશુને નહિ તલભાર;
એજ અનીતિ આજ કાલમાં, વર્તે અપરંપાર.
હિંસા નવિ કરીએ. ૪૬

તૃણ ખાઇ જીવન કરનારી, મુંગી જાત મરાયરે;
જો જીવે તો ઉપયોગી છે, છતાં મળે અન્યાય.
હિંસા નવિ કરીએ. ૪૭

ઉજમશી.

દયાપ્રતિ સર્વનું વલણ.

*અનાદિકાળથી આ સૃષ્ટિમાં પ્રાણીમાત્ર નવા નવા જન્મોને ગ્રહણ કરીને જન્મ, જરા, મરણાદિક અસહ્ય દુઃખોથી પીડિત થયા કરેછે. જો તેનું મૂળ કારણ તપાસીએ તો કર્મથી અતિરિક્ત કોઇ બીજો પદાર્થ કારણરૂપ નથી, એટલામાટે તમામ દર્શન (શાસ્ત્ર) કારોએ તે કર્મોનો નાશ કરવામાટે શાસ્ત્રોદ્વારા જેટલા ઉપાયો દર્શાવ્યા છે, તેટલા ઉપાયોપૈકી સામાન્ય ધર્મરૂપ અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય, નિઃસ્પૃહત્વ, પરોપકાર, દાનશાળા, કન્યાશાળા, પશુશાળા, વિધવાશ્રમ, અનાથશ્રમાદિ તમામ દર્શનવાળાઓને સંમત છે. પરંતુ વિશેષ ધર્મરૂપ સ્નાન સંધ્યાદિ કાર્યોમાં જુદા જુદા મત પ્રવર્તે છે. એટલામાટેજ આ સ્થળે વિશેષ ધર્મની ચર્ચાને અવકાશ આપ્યાવિના માત્ર સામાન્ય ધર્મના સંબંધમાંજ વિવેચન કરવાનો લેખકનો ઉદ્દેશ છે અને તેઓમાં પણ તમામ દર્શનવાળાઓને અત્યંત પ્રિય દયાદેવીનુંજ પોતાની બુદ્ધિઅનુસાર વર્ણન કરવાની ઇચ્છા છે તેને આક્ષેપ-વિક્ષેપવિના પૂર્ણ કરવાને માટે લેખકની પ્રવૃત્તિ છે. દયાનું સ્વરૂપ લોકવ્યવહારદ્વારા, અનુભવદ્વારા અને શાસ્ત્રદ્વારા લખવામાં આવશે. તેમાં પ્રથમ લોકવ્યવહારથી જો વિચાર કરવામાં આવે તો એવું જણાયછે કે જગત્‌ના સર્વ પ્રાણીઓનાં અંતઃકરણમાં દયાનો અવશ્ય સંચાર છે. દષ્ટાંત તરીકે માર્ગમાં ચાલતા કોઇ દુર્બળ જીવઉપર કોઈ બળવાન્ જીવ દુઃખ દેવા પ્રયાસ કરે તો અન્ય માણસ બળવાન્‌થી દુર્બળને બચાવવામાટે જરૂર પ્રયત્ન કરશે જેવી રીતે કોઇ ચોર રસ્તામાં લુંટફાટ કરતો હોય અને દરેકને કનડતો હોય તો તેનો કોલાહલ સાંભળતાં તુરતજ લોકો એકઠા થઇને ચોરને પકડવાને કોશીષ જરૂર કરશે. એવીજ રીતે કોઇ સૂક્ષ્મ જીવને સ્થૂળ જીવ મારતો હોય તો તેને છોડાવવાને લોકો જરૂર પ્રવૃત્તિ કરશે. અર્થાત્ નાના પક્ષીને મોટું પક્ષી, મોટા પક્ષીને બાજ, બાજને બીલાડી, બીલાડીને કૂતરો, કૂતરાને શિકારી માણસો મારતા હોય તો તેને છોડાવવા માણસો જરૂર પ્રયત્ન કરશે. એજ હેતુથી કૃષ્ણજીનો (જેને હિંદુ લોક ભગવાન્ માનેછે) પણ કપટને વખતે અન્યાય જોઇને એકવાર તેનાં પણ કૃત્યોની લોકો નિંદા કરવા તત્પર થયા હતા, અર્થાત્ ભારતયુદ્ધના સમયમાં ચક્રવ્યૂહ (ચક્રાવા) ની વચમાં જે અભિમન્યુથી કૃષ્ણે કપટ કર્યું હતું તે સાંભળી આજે પણ ભક્ત માણસો તેની નિંદા કરવા તૈયાર થાયછે. એથી એવું સિદ્ધ થાયછે કે લોકોના મનમાં સ્વાભાવિક રીતેજ દયાએ નિવાસ કરેલ છે, પરંતુ ખેદની વાત એ છે કે, જિહ્વા ઇંદ્રિયની લાલસાથી ફરી ફરીને પણ અકૃત્ય કરેછે અર્થાત્ માંસાહારમાં આસક્ત બની જઇને ધર્મવિનાનો થઇ જાયછે. એજ

* જૈનધર્મ પ્રકાશ પુસ્તક ૨૯-અંક ૫ મો.

હેતુથી વરાહપુરાણમાં વરાહજીએ વસુંધરાથી પોતાના બત્રીશ અપરાધીઓમાંથી માંસાહારીને અઢારમો અપરાધી કહેલો છે. ત્યાં એ પ્રકરણમાં એમ કહ્યું છે કે જે માંસાહાર કરીને મારી પૂજા કરેછે તે મારો અઢારમો અપરાધી છે જેમ કે—

" यस्तु मत्स्यानि मांसानि, भक्षयित्वा प्रपद्यते ।
अष्टादशापराधं च, कल्पयामि वसुन्धरे ? "

કલકત્તા ગિરીશ વિદ્યારત્ન પ્રેસમાં છાપેલ પત્ર ૫૦૮–અ. ૧૧૭–શ્લોક ૨૧.

" सुरां पीत्वा तु यो मर्त्यः, कदाचिदुपसर्पति ।
अपराधं चतुर्विंशं, कल्पयामि वसुन्धरे ॥ "

શ્લોક ૨૭.

કોઇ માંસાહારી જે એ પ્રમાણે કહેછે કે માંસ ખાવાથી શરીરમાં બળ વધેછે અને શૂરતા આવેછે એ તેઓની ભૂલ છે. કેમકે જો માંસાહાર કરવાથી કદી બળ વધતું હોય તો હાથીથી સિંહ ઘણો બળવાન્ થાય; પણ જે બોજો હાથી વહન કરેછે તે સિંહ ક્યારેય પણ વહન કરી શકતો નથી અથવા કોઇ એ પ્રમાણે કહે કે હાથીકરતાં સિંહ જો બળવાન ન હોય તો હાથીને કેવી રીતે મારી નાખે? એનો ઉત્તર એ છે કે હાથી ફલાહારી હોવાથી શાંત પ્રકૃતિનું જાનવર છે અને સિંહ માંસાહારી હોવાથી ક્રૂર સ્વભાવનું જાનવર છે. તેથી કરીને હાથીને તે દબાવી દેછે. બીજી રીતે શુંઢવડે કદી હાથી સિંહને પકડી લે તો તેની રગેરગના ચૂરેચૂરા કરી શકેછે. એથી એમ સ્પષ્ટ થાયછે કે માંસાહારથી ક્રૂરતા વધેછે એ વાત દરેકે કબુલ કરવી પડશે અને ક્રૂરતા કોઇ પુણ્ય કાર્યને પોતાની સન્મુખ રહેવા દેતી નથી અને એ પણ તમામ લોકો સરલતાથી સમજી શકેછે કે માંસાહારી લોક પોતાના ઘરમાં કંકાસને વખતે સહજમાં મારામારી કરેછે, શાંતિ નથી પકડી શકતા, તે શું નિર્દયતાનું પરિણામ નથી? એથી કરીને માંસાહારનુંજ ફળ સ્પષ્ટ નિર્દયપણું જણાઇ આવેછે. હવે રહી શૂરતા—એ પણ માંસનો ગુણ નથી, પણ પુરૂષનોજ સ્વાભાવિક ધર્મ છે. કેમકે નપુંસક માણસને શક્તિ વધારવાવાળા હજારો પદાર્થો ખવરાવવામાં આવે તોપણ તે રણસંગ્રામવખતે પલાયન કરી જશે. એમાં પ્રત્યક્ષ દાખલો એ છે કે કેટલાક દેશના લોકો ઘણું કરીને માંસાહારી હોવા છતાં પણ એવા તો કાયર હોયછે કે ચાર–છ માણસો બળવાન્ હોય તો તેનાથી માંસાહારી પચ્ચાસ માણસો પલાયન થઇ જાય. પરંતુ તે બળવાન્ બિચારા પોતાનું ગુજરાન માત્ર સાથવાભર રહીને ચલાવેછે.

ગુરૂ ગોવિંદસિંહના શિષ્ય શીખ લોકો, જે કે કિલ્લાની ફત્તેહ કરવામાં શ્રેષ્ઠ નંબરે ગણવામાં આવેછે, તે પણ ઘણું કરીને ફલાહારી જોવામાં આવેછે,

એનું કારણ એ છે કે જેવી લડાઇ સ્થિર મનથી ફલાહારી લોકો લડેછે, તેવી માંસાહારી લોકો ક્યારે પણ લડી શકતા નથી. બીજું એ પણ કારણ છે કે માંસાહારીને ઘણી ગરમી લાગેછે અને શ્વાસ પણ વધારે લેવાયછે. પરંતુ ફલાહારીને તેવી ગરમી પણ લાગતી નથી, તેમ શ્વાસ પણ વધારે લેવાતો નથી.

વાંચકો! આપના સાંભળવામાં આવ્યું હશે કે જ્યારે રૂશિયા અને જાપાનની લડાઇ થઇ હતી ત્યારે ઘણું કરીને કાચા માંસનેજ ખાનારા ને મોટા કદવાળા ભયંકર રૂશિયનોનો પણ, મિતાહારી અને વિચારશીલ જાપાની વીરોએ પરાજય કરીને સંસારમાં કેવી ચમત્કારી જયપતાકા ફરકાવી હતી? કદી માંસાહારથી શૂરતા વધતી હોય તો રૂશિયાની સેનામાં માણસો ઘણાએ હતાં, એટલુંજ નહિ પરંતુ માંસાહાર કરવામાં પણ કંઇ ઓછા નહોતા, છતાં પણ તે લોકોની હાર કેમ થઇ? એથી ખુલ્લીરીતે નિશ્ચિત થઇ શકેછે કે હાર થવાનું મૂળ કારણ અસ્થિર મનજ છે.

આ ઉપરથી માંસાહાર કરનારા હિંદુઓ આર્ય ગણવા યોગ્ય જણાતા નથી. કારણકે આર્ય શબ્દવડે તે લોકોજ વ્યવહાર કરવાને યોગ્ય છે કે જેના અંતઃકરણમાં દયાભાવ, પ્રેમભાવ વિગેરે ધર્મ દેખાતા હોય, પરંતુ માંસાહારીના હૃદયમાં દયાભાવ હોતો નથી, તેમ પ્રેમભાવ પણ હોતો નથી. એક માંસાહારી (જેણે દયાનો ઉપદેશ સાંભળી માંસાહારનો ત્યાગ કર્યો હતો તે) મને મળ્યો હતો. તે જ્યારે પોતાના હાલહવાલ કહેવા લાગ્યો ત્યારે તેની આંખમાંથી અશ્રુપાત થવા લાગ્યો. અશ્રુપાત થવાનું કારણ જ્યારે મેં તેને પૂછ્યું ત્યારે તે કહેવા લાગ્યો કે, મારા જેવા નિર્દય કઠોર હૃદયવાળા આ દુનિયામાં ઘણા થોડા હશે, કેમકે કેટલાએક દિવસ પહેલાં મેં એક સુંદર બકરાને પાળ્યો હતો, તે પુત્રથી પણ વધારે પ્રેમ મારીતરફ બતાવતો હતો અને હું પણ તેની સાથે ઘણો પ્રેમ બતાવતો હતો, એથી કરીને તે ચારો પણ મારા હાથથી દીધા વિના ખાતો નહોતો. હું જ્યારે ક્યાંક બહાર ચાલ્યો જતો હતો અને પાછા આવતાં બેચાર કલાકનો વિલંબ થતો હતો તો તે રસ્તાતરફ જોઇ જોઇને બેં બેં કર્યા કરતો હતો, એજ બકરાને મેં મારા હાથથી માંસને માટે મારી નાખ્યો અને તે માંસ મારે ત્યાં આવેલા પરોણાઓસાથે મેં પણ ખાધું. જો તે બકરાની મરતા વખતની હાલત હું આપની સામે કહું તો મને આપ પૂરેપૂરો ચંડાળજ કહેશો. અરે! જ્યારે જ્યારે એ બકરો મને સાંભરી આવે છે ત્યારે ત્યારે મારૂં કાળજું ફાટી જાયછે. એટલામાટે હું નિશ્ચય અને મજબૂતીથી કહુંછું કે જે માંસાહાર કરેછે, તે દરેક કરતાં મહાન્ પાપી છે. કારણકે બીજાં બધાં અકાર્યો કરતાં જીવહિંસા એ ઘણુંજ મોટું અકાર્ય છે. *જો કોઇ એમ

* જૈનધર્મ પ્રકાશક—પુસ્તક ૨૯ મું—અંક ૬ ઠ્ઠો.

કહે કે અમે જીવ મારતા નથી અને અમારેમાટે હિંસા પણ થતી નથી તો એ પ્રમાણે કહેવું તે પણ ફોકટ છે. કારણકે જો કોઇ માંસ ખાનાર ન હોય તો કસાઇ લોકો બકરા વિગેરેનો વધ શામાટે કરે? એ કારણથીજ ધર્મશાસ્ત્રોમાં પણ એક જીવની પછવાડે આઠ માણસોને પાપના ભાગીદાર ગણવામાં આવેલા છે. જેમકે—

अनुमन्ता विशसिता, निहन्ता क्रयविक्रयी ।
संस्कर्ता चोपहर्ता च, खादकश्चेति घातकाः ॥

અર્થ—મારવામાં સલાહકાર, શસ્ત્રવડે મરેલા જીવોના અવયવોને અલગ પાડનાર, મારનાર, પૈસા આપી લેનાર તથા વેચનાર, સમારનાર, પકાવનાર, તેમજ ખાનાર—એ બધા ઘાતકીજ કહેવાયછે. આ સ્થળે કેટલાએક માંસાહારી લોકો એ પ્રશ્ન કરેછે કે જો એમ છે તો ફલાહારી પણ ઘાતકીજ કહી શકાય, કેમકે શાસ્ત્રકારોએ વનસ્પતિ વિગેરેમાં પણ જીવ માનેલ છે, છતાં ફલાહારી અને ધર્માંધ માણસો માત્ર માંસાહારી ઉપરજ શામાટે આક્ષેપો કરેછે? એનો ઉત્તર એ છે કે સર્વ જીવ પોતપોતાના પુણ્યાનુસાર જેમ જેમ ઉચ્ચ ઉચ્ચ પદવીને પ્રાપ્ત કરતા જાયછે, તેમ તેમ તેને વધારે પુણ્યવાન્ ગણવામાં આવેછે. એ કારણથીજ એકેંદ્રિય, બેઇંદ્રિય, તેઇંદ્રિય ચઉરિંદ્રિય અને પંચેદ્રિય એવા સૃષ્ટિમાં રહેલા સર્વ જીવોના મૂળ પાંચ ભેદો માનવામાં આવેલા છે. એમાં એકેંદ્રિય જીવકરતાં બેઇંદ્રિય જીવ વધારે પુણ્યવાન્ હોયછે, તેમજ બેઇંદ્રિયથી તેઇંદ્રિય, તેઇંદ્રિયથી ચઉરિંદ્રિય અને ચઉરિંદ્રિયથી પંચેંદ્રિય એવી રીતે સર્વોત્કૃષ્ટ જીવ પંચેંદ્રિયને ગણવામાં આવેલા છે. પંચેંદ્રિયમાં પણ ઓછાવત્તા પ્રમાણના પુણ્યવાળા જીવો હોયછે, અર્થાત્ તિર્યંચ પંચેંદ્રિય (બકરા-ગાય-ભેંસ વગેરે) માં હાથી વધારે પુણ્યવાળો છે, તેમજ મનુષ્ય વર્ગમાં રાજા, મંડલાધીશ, ચક્રવર્ત્તી અને યોગી વધારે પુણ્યશાળી હોવાને લીધે તેઓને મારવાને શાસ્ત્રમાં સખ્ત મનાઇ કરવામાં આવેલ છે. કારણકે યુદ્ધ કરતાં કદાચ રાજા પકડાઇ જાય તોપણ તેને મારવામાં નથી આવતો. એથી એવું સાબીત થાયછે કે, એકેંદ્રિયકરતાં બેઇંદ્રિયને મારવામાં અધિક પાપ છે, બેઇંદ્રિયકરતાં તેઇંદ્રિયને મારવામાં અધિક પાપ છે, એમ વધારે વધારે પુણ્યશાળીને મારવામાં વધારે વધારે પાપ થાયછે. એથી કરીને જ્યાંસુધી એકેંદ્રિય જીવવડે નિર્વાહ થઇ શકે ત્યાંસુધી પંચેંદ્રિય જીવને મારવો એ તદ્દન અયોગ્યજ છે. જો કે એકેંદ્રિયને મારવો તે પણ પાપ થવાનુંજ કારણ છે; પરંતુ ખોરાકીમાટે કોઇ બીજો ઉપાય ન હોવાથી (અણછુટકે) તે કાર્ય લાચારીથી કરવું પડેછે, એથી કરીનેજ કેટલાએક ભવ્યજીવ આવા પાપના ભયથી ધનધાન્ય, રાજપાટ વિગેરેનો ત્યાગ કરી સાધુ થઇ જાયછે અને (યાવજ્જીવ) જીવે ત્યાંસુધી પાણી, અગ્નિ, વનસ્પતિ વિગેરેને

અડકતા પણ નથી અને ભિક્ષામાત્રથી પોતાનું ઉદરપોષણ કરી લેછે. મનુષ્યો પણ લાચારીથી એકેંદ્રિયનો નાશ કરેછે અને તે પાપનો પરિહાર કરવામાટે સાધુમુનિરાજોની સેવા, દાન, ધર્મ, આવશ્યક ક્રિયા વિગેરે જીવતાંસુધી કર્યા કરેછે. ભિક્ષામાત્રથી ચલાવનાર સાધુઓને આરંભનો દોષ લગાર પણ લાગતો નથી. કારણકે ગૃહસ્થ માણસો જે પોતાને માટે રાંધેછે, તેમાંથી એ લોકો જરૂર હોય તેટલુંજ તથા દોષ વિનાનું માત્ર ગ્રહણ કરેછે. એ હેતુથી ગૃહસ્થને એવી પણ ખબર પડવા દેતા નથી કે આજ મારે ત્યાં સાધુ-મહારાજ ભિક્ષા લેવા આવનાર છે. અજાણતાંજ ભોજન વખતે ગૃહસ્થના ઘરતરફ જઇને સમયાનુસાર જે મળે તે આહાર ગ્રહણ કરી લેછે. જેથી કરીને કોઇ પણ દોષ પહેલાં અથવા પછવાડે લાગવાનો સંભવ નથી. જુઓ, ઇંદ્રિયોના સ્વાદમાં લાલચુ ઉત્તમ જ્ઞાતિઓએ પોતાની ખોટી કીર્ત્તિને માટે કેવો અનર્થ ફેલાવી દીધો? વિચાર કરવા જેવી વાત છે કે હિંસા વિગેરેથી જો ધર્મ થતો હોય તો અધર્મ કેવી રીતે થશે? કારણકે માંસાહાર કરનારાઓનું મન ઘણું કરીને દૂષિત અને મલિનજ હોયછે. કોઇ પણ તિર્યંચ જીવને દેખતાં તેને એવો ખ્યાલ ઉભો થાયછે કે, આ જીવ કેવો સુંદર છે? આનું માંસ કેવું સ્વાદિષ્ટ તથા પુષ્ટિ કરનારૂં હશે? તથા આના શરીરમાંથી કેટલું માંસ નીકળશે? એટલામાટેજ માંસાહારીઓને વનમાં હરણ વિગેરે જાનવરોને જોતાંવેંત તેને પકડી પાડવાની મરજી થઇ જાયછે અથવા તળાવ કે નદીને કાંઠે માછલાંઓને જોતાંવેંત મારવાની ઇચ્છા ઉત્પન્ન થઇ જાયછે. એવી રીતે આઠે પહોર— હિંસક જીવ રૌદ્ર પરિણામવાળો રહ્યા કરેછે. જેવીરીતે વાઘ, સિંહ, બિલાડી વિગેરે હિંસક જીવોને ખાવામાટે કોઇ જીવ ન મળે તોપણ માઠાં કર્મબંધન કરવાથી નરકાદિ ગતિ મળેછે. તેવીજ રીતે માંસાહારી જીવોની પણ દશા જાણવી. અફસોસ! માંસાહારી જીવ સુંદર પક્ષીઓનો નાશ કરીને જંગલોને ખાલી કરી નાખેછે અને સુંદર બગીચામાં પોતાના કુટુંબની સાથે આનંદયુક્ત મનથી બેઠેલાં પક્ષીઓને બંદુક વિગેરેવડે મારીને નીચે પૃથ્વીપર પાડી દેછે. ખરૂં કહેવા દો તો તે વખતનો કમકમાટભર્યો દેખાવ દયાળુ પુરૂષોથી તો દેખી પણ શકાય નહિ. પરંતુ માંસાહારી તો તેને જોઇને ઘણી પ્રસન્નતાથી મારનારને ઉત્તેજન આપેછે કે વાહ! શાબાશ! એકજ ગોળીએ કેવું નિશાન તાકયું? આ સ્થળે એક એ પણ વિચારવા યોગ્ય વાત છે કે, એક પક્ષીને મારનાર એકજ જીવનો હિંસક નથી; પરંતુ અનેક જીવોનો હિંસક છે. કેમકે જે પક્ષીને મરણ પમાડયું હોય તે કદી જો સ્ત્રીજાતિ હોય અને તેનાં નાનાં નાનાં બચ્ચાં હોય તો માતા મરી જવાથી તે જીવી શકતાં નથી. વળી તે બધાના મરી જવાથી મારનારને ભયંકર પાપનો બંધ થાયછે. એટલામાટે તે કર્મબંધનનું અત્યંત દૃઢ કારણ હોવાથી પહેલેથીજ બુદ્ધિમાન પુરૂષોએ વિચારવું જોઇએ. જેમ કીડીઓનાં દરની પાસે લોકો તેના ખાવામાટે સાકર અને

લોટ નાંખેછે તેથી વધારે કીડીઓ ત્યાં આવેછે અને એ ઉપાય પુત્રોત્પત્તિનો માનેછે. કારણકે બિચારા ભોળા લોકો ધર્મતત્ત્વના અજાણ અને કર્મપ્રકૃતિનો વિશ્વાસ નહિ ધરાવનારા હોવાથી તેઓ લાભાલાભનો વિચાર નહિ કરીને કેટલાએક દેશોમાં એવી ક્રિયા કરનારા જોવામાં આવેછે. પરંતુ આ સ્થળે વિશેષ વિચાર કરવાનો અવસર છે કે લોટ અને સાકર નાંખવાથી કીડીઓ ઘણી એકઠી થાયછે. પરંતુ કોઇ બીજો જીવ તે લોટ તથા સાકર ખાઇ જાયછે તો તેની સાથે ઘણી કીડીઓનો સંહાર થઇ જાયછે. ઘણે ઠેકાણે જોવામાં પણ આવ્યું છે કે તે જીવ લોટ ચાટી જઇને ઘણી કીડીઓનો સંહાર કરી નાંખેછે. આ એક વાત થઇ. બીજી વાત એ છે કે કીડી સંમુર્છિમ જીવ હોવાથી માતાપિતાના સંયોગ વિના ઉત્પન્ન થાયછે, તો લોટ અને સાકરના મળવાથી હવાનો સંયોગ થતાં નવી કીડીઓ પારાવાર ઉત્પન્ન થાયછે અને તેની હિંસા થાયછે. આથી સ્પષ્ટ થાયછે કે કેટલાંએક ધર્મનાં કાર્યો કરવા જતાં ઉલટો અધર્મ થઇ જવાનો સંભવ રહેછે.

अष्टादशपुराणेषु, व्यासस्य वचनद्वयम् ।
परोपकारः पुण्याय, पापाय परपीडनम् ॥

અંક ૭–પૃષ્ઠ ૨૧૬.

સકલ દર્શનકારોએ હિંસાની અધર્મમાં ગણત્રી કરેલ છે અને સર્વથી શ્રેષ્ઠ દયાધર્મનેજ માન્યો છે. એમાં કોઇ આસ્તિકને વિવાદ નથી. તોપણ દરેક ધર્મવાળાઓને આ સ્થળે શાસ્ત્રીય પ્રમાણ દેવાથી વધારે દઢતા થશે. એટલામાટે હિંદુમાત્રને માનનીય મનુસ્મૃતિ તથા મહાભારત અને કૂર્મ વગેરે પુરાણોની સાક્ષી આપવામાં આવેછે. એમાં પહેલાં મનુસ્મૃતિને જુઓ.

योऽहिंसकानि भूतानि, हिनस्त्यात्मसुखेच्छया ।
सजीवँश्च मृतश्चैव, न क्वचित् सुखमेधते ॥

નિર્ણયસાગરમાં છપાયલી મનુસ્મૃતિ–અ. ૫–શ્લોક ૪૫–પૃષ્ઠ ૧૮૭.

તેમજ—

" यो बन्धनवधक्लेशान्, प्राणिनां न चिकीर्षति ।
स सर्वस्य हितप्रेप्सुः, सुखमत्यन्तमश्नुते ॥ "

यो हिंसकानि નો અર્થ—નિરપરાધી જીવોને જે પોતાના સુખની ઇચ્છાથી મારેછે, તે જીવતો છતો પણ મરી ગયા તુલ્યજ છે. કારણકે તેને ક્યાંઇ પણ સુખ મળતું નથી.

यो बंधन નો અર્થ—પ્રાણીઓને વધ-બંધન વિગેરે ક્લેશો પમાડવાને જે નથી ઇચ્છતો તે તમામનો શુભેચ્છક અત્યંત સુખરૂપ સ્વર્ગ અથવા મોક્ષને મેળવેછે. બીજું પણ જુઓ—

" यद् ध्यायति यत् कुरुते, धृतिं बध्नाति यत्र च ।
तदवाप्नोत्ययत्नेन, यो हिनस्ति न किंचन ॥ "

તાત્પર્ય—જે પુરૂષ ડાંસ, મચ્છર, વિગેરે નાના અથવા મોટા જીવોને મારતો નથી તે ધારેલી વસ્તુ મેળવવા ભાગ્યશાળી નિવડેછે અને જે કરવા ઇચ્છેછે તે કરી શકેછે અથવા જ્યાં પુરૂષાર્થ ધ્યાન વિગેરેમાં લક્ષ્ય બાંધે તે પ્રયાસવગરજ (અલ્પ પ્રયાસે) સિદ્ધ કરી શકેછે. અર્થાત્ અહિંસા કરનાર પ્રતાપી પુરૂષ મનમાં જે વિચારે તે તુરતજ પામી શકેછે. બીજું એ પણ લખ્યું છે કે—

नाकृत्वा प्राणिनां हिंसां, मांसमुत्पद्यते क्वचित् ।
न च प्राणिवधः स्वर्ग्यस्तस्मान् मांसं विवर्जयेत् ॥

ભાવાર્થ—પ્રાણીઓની હિંસા કર્યાવગર માંસ ક્યારે પણ ઉત્પન્ન થઇ શકતું નથી અને પ્રાણીઓનો વધ સ્વર્ગનું સુખ હેતો નથી. એટલામાટે માંસનો સર્વ પ્રકારે ત્યાગ કરવો ઉચિત છે. બીજું પણ એમ કહ્યું છે કે—

समुत्पत्तिं च मांसस्य, वधबन्धौ च देहिनाम् ।
प्रसमीक्ष्य निवर्तेत, सर्वमांसस्य भक्षणात् ॥

તાત્પર્ય—માંસની ઉત્પત્તિ અને પ્રાણીઓની હિંસા, તેમજ બંધનને જોઇને સર્વ પ્રકારના માંસભક્ષણથી મનુષ્યોએ દૂર રહેવું જોઇએ.

વિવેચન—પૂર્વોક્ત મનુસ્મૃતિના પાંચમા અધ્યાયના ૪૪ થી ૪૯ સુધીના શ્લોકોનું રહસ્ય જાણનાર કદાપિ માંસભક્ષણ નહિ કરશે. કેમકે સીધો માર્ગ છોડીને આડા માર્ગે ચાલવાનું કોઇને પણ મન થશે નહિ. ૪૯ મા શ્લોકમાં તમામ પ્રકારના માંસભક્ષણથી નિવૃત્ત થવાનું મનુજીએ ફરમાવ્યું છે. એથી વિધિપૂર્વક માંસ ખાવાથી દોષ નહિ માનનારાઓનો પક્ષ સર્વથા નિર્બલજ થઇ ગયો. કેમકે દેવતાઓની માંસાહાર કરવાની પ્રકૃતિજ હોતી નથી. કદાચ સો મણ માંસ દેવતાઓની સામે રાખવામાં આવે તોપણ એક નવટાંક પણ ઓછું નહિ થાય અથવા દશ બકરાઓને દેવતાના મંદિરમાં રાત્રિએ રાખીને ચોમેર એ મંદિરનું રક્ષણ કરવામાં આવે અને પ્રભાતે એ મંદિર ખુલ્લું કરવામાં આવે તો દશ બકરાઓમાંથી એક પણ ઓછો થશે નહિ. એથી એમ સાબીત થાયછે કે માંસમાત્રના લોભી લોકો બિચારા ભોળા લો-

કને ભરમાવીને ખાલી બીજાના પ્રાણોનો નાશ કરાવેછે. પોતાની જીભની ક્ષણિક તૃપ્તિને માટે બિચારા અનાથ જીવોનાં જીવનોને નષ્ટ કરાવેછે. કેટલાએક ભક્ત લોકો દેવીની સામે માનતા કરેછે કે—"હે માતાજી! મારો પુત્ર જો અમુક રોગથી બચશે તો હું આપને એક બકરો ચઢાવીશ" કદાચ કર્મના યોગે બાળકને આયુષ્યના બળથી આરામ થાય તો માનતા કરનાર લોકો એમ સમજેછે કે માતાજીએ કૃપા કરીને મારા પુત્રને જીવિતદાન દીધું. ત્યારે ખુશી થઇને નિરપરાધી બકરાને ગાજતાં વાજતાં આભૂષણાદિક પહેરાવી માતાજીની પાસે લઇ જાયછે અને ત્યાં તેને નવરાવીને તેમજ ફુલ ચડાવીને તથા સ્વર્ગ પ્રાપ્ત કરાવનાર મંત્રોને તેને મારતી વખતે બ્રાહ્મણો પાસે ભણાવીને બકરાના પ્રાણ નિર્દય રીતે અલગ કરાવેછે. આ સ્થળે એક કવિનું વાક્ય યાદ આવેછે કે—

"માતા પાસે બેટા માંગે, કર બકરેકા સાટા;
આપના પૂત ખિલાવણ ચાહે, પૂત દુજેકા કાટા,
હો દિવાની દુનિયા?"

જુઓ—બીજાના પુત્રોને મારીને પોતાના પુત્રની શાંતિ ચાહનારી દુનીઆ છે. આ સ્થળે ધ્યાન દેવું યોગ્ય છે કે પહેલાં માનતારૂપ કલ્પનાજ ખોટી છે. કદાચ માનતાથી દેવી આયુષ્યને વધારી દે, એમ હોત તો દુનિયામાં કોઇ મરતજ નહિ, જે લોકો માનતા માનેછે, તેઓને કદાચ સોગનપૂર્વક પૂછવામાં આવે તો તેઓ પણ અવશ્ય એમ કબુલ કરશે કે તમામ માનતા અમારી સફળ થતી નથી. કેટલીક વાર તો હજારો માનતા કરતાં છતાં એ પુત્ર વગેરે મરણનેજ પ્રાપ્ત થાયછે. એથી માનતા બંને રીતે ફોકટ છે. કેમકે રોગીનું આયુષ્ય હોય તો તે ક્યારે પણ મરનાર નથી. ત્યારે પછી તેમાં માનતાનું કશું પ્રયોજન નથી અને કદાચ આયુષ્ય ન હોય તો બચનાર નથી તોપણ માનતા નિષ્ફળ છે. બીજું પણ વિચારો કે કદાચ બકરાની લાલચથી દેવી તમારા રોગોનો નાશ કરશે તો તે તમારી નોકર ઠરી. રૂશવત્—લાંચ લેનારી થઇ. કેમકે જેનાથી માલ મળે તેનું તો ભલું કરે અને જેના તરફથી ન મળે તેનું ભલું ન કરે. લાંચ ખાનારાઓની દુનિયામાં કેવી માન—મર્યાદા હોયછે તેનો વાંચકો સ્વયં ખ્યાલ કરશે.

મહાશય! માતા શબ્દનો અર્થ પહેલાં વિચારો કે જે પાલણ—પોષણ સર્વ પ્રકારે કરે તેજ માતા કહેવાયછે, ત્યારે જેની પાસે બકરાનું બલિદાન કરવામાં આવે તે જગદંબાના નામથી જગત્‌માં કેમ પ્રસિદ્ધ થઇ શકે? કેમકે જે સમસ્ત જીવોની માતા છે તેજ જગદંબા કહી શકાયછે. તો સમસ્ત જીવોની અંદર બકરાં વગેરે પણ (જેનો બળી દેવામાં આવેછે તે) આવ્યાં, તેની પણ માતા તો ઠરીને? હવે વિચાર કરો કે એક પુત્રને ખાઇને માતા બીજાને બચાવે? શું એવું ક્યારેએ થઇ શકેછે? કેમકે માતાને તમામ પુત્ર સરખાજ

વ્હાલા હોયછે. અજ્ઞાની લોકો સ્વાર્થાંધ થઇને માતાની ઇચ્છાથી વિરૂદ્ધ આચરણ કરીને જીવહિંસાને માટે સાહસ કરેછે. એ કારણથીજ આ જમાનામાં મરકી, કોલેરા વિગેરે મહા કષ્ટોને લોકો ભોગવેછે. કેમકે માતા હાથમાં લાકડી લઇને મારતી નથી, માત્ર પરોક્ષપણે મનુષ્યોને અનીતિનો દંડ દેછે. મેં પોતે જોયું છે કે વિંધ્યાચળમાં દેવીનું મંદિર છે. ત્યાં હજારો સંસ્કૃતના પંડિતો વિશેષે કરીને નવરાત્રિમાં ભેળા થાયછે અને પ્રભાતથી માંડીને સાયંકાળસુધી તે સઘળા લોકો સપ્તશતી (દુર્ગાપાઠ) નો પાઠ કરેછે. જેમાં દુર્ગાની ભક્તિની પ્રશંસાજ છે. પરંતુ ત્યાં અનાથ નિર્નાથ અને સૌથી ગરીબ બકરાં અને પાડાનું બલિદાન જે દેવામાં આવેછે તે જોઇને તેના ભકતોના મનમાં પણ એક વાર શંકા થાયછે કે આવી હિંસા કરીને પૂજા કરવી ક્યાંથી ચાલી આવતી હશે? માતા પણ પોતાના પુત્રને મારવાથી નારાજ થઇને ત્યાંજ કોલેરા વિગેરે રૂપે ઉપદ્રવ કરેછે. ત્યારે બ્રાહ્મણ વિગેરે ભાગેછે અને કેટલાએક લોક બકરંના માર્ગતરફ જનારા થાયછે. આ વાત ઘણી વાર લોકોમાં પ્રત્યક્ષ જોવામાં આવેછે અને સ્વયં અનુભવવામાં પણ આવેછે. તોપણ પકડેલા ગધેડાંના પૂછડાંને છોડતાજ નથી. માતાની ભક્તિ બકરાં મારવાથીજ થતી નથી. પોતપોતાનાં મતમાં માનેલી કાળી, મહાકાળી, ગૌરી, ગાંધારી, અંબા, દુર્ગા વિગેરેની સેવા ઉત્તમોત્તમ પદાર્થો ચડાવીને કરવી જોઇએ. કેટલાએક લોકો દુર્ગાપાઠની સાક્ષી આપીને પશુપૂજાને માટે આગ્રહ કરેછે. તેઓએ સમજવું જોઇએ કે, " पशुपुष्पैश्च धूपैश्च " એ જે પાઠ છે એમાં વિચાર કરો કે પુષ્પને જેમ સાબીત (ભાંગ્યાતોડયા સિવાય) ચડાવવામાં આવેછે એમ પશુને પણ ચડાવી દેવું જોઇએ, અર્થાત્ ચડાવતી વખતે એવી પ્રાર્થના કરવી જોઇએ કે, હે જગદંબે આપના દર્શનથી અમે જેમ નિર્ભય અને આનંદથી રહીએ છીએ તેમજ તમારા દર્શનથી પવિત્ર થયેલ બકરો પણ જગત્માં નિર્ભય થઇને હરેફરે અર્થાત્ કોઇ માંસાહારીની છરી તેના ગળાપર ન ફરે. એવો સંકલ્પ કરીને બકરાને છોડવો જોઇએ. જેથી કરીને પુણ્ય થાય અને માતા પણ પ્રસન્ન થાય. વળી જગદંબાનો સાચો અર્થ પણ કહેવાય. અન્યથા જગદંબાનું નામ, રહેતાં રહેતાં જગદ્ભક્ષિણી થઇ જશે.

મહાનુભાવ! મનુજીએ ૪૮ અને ૪૯ માં શ્લોકમાં પ્રાણીઓની હિંસાથી સ્વર્ગનો નિષેધ સ્પષ્ટ બતાવી આપ્યો છે. કદાચ તે શ્લોકને કલ્પિત માનશો તો માંસાહારથી સ્વર્ગ થાયછે. એને કલ્પિત કાં ન માનવો? જ્યારે બન્ને કલ્પિત નથી તો બન્ને શ્લોક બળવાન્ છે અને બળવાન્થી દુર્બળ બાધિત થાયછે. જુઓ એજ અધ્યાયના ૫૩–૫૪–૫૫ શ્લોકમાં—

" वर्षे वर्षेऽश्वमेधेन, यो यजेत शतं समाः ।
मांसानि च न खादेद्यस्तयोः पुण्यफलं समम् " ॥ ५३ ॥

ભાવાર્થ—વર્ષે વર્ષે, એક પુરૂષ અશ્વમેધ કરે અને સો વર્ષસુધી યજ્ઞ કરે અને એક પુરૂષ બિલકુલ માંસ ખાયજ નહિ તો એ બન્નેનું ફળ સરખુંજ છે.

" फलमूलाशनैर्मेध्यैर्मुन्यन्नानां च भोजनैः ।
न तत्फलमवाप्नोति, यन्मांसपरिवर्जनात् " ॥ ५४ ॥

અર્થાત્—પવિત્ર ફળ, મૂળ વિગેરે તથા નીવારાદિનું ભોજન કરવાથી પણ જે ફળ મળતું નથી તે માત્ર માંસાહારનાજ ત્યાગથી ફળ મળેછે.

" मां स भक्षयिताऽमुत्र, यस्य मांसमिहाद्म्यहं ।
एतन्मांसस्य मांसत्वं, प्रवदन्ति मनीषिणः " ॥ ५५ ॥

અર્થાત્—જેનું માંસ હું અહિં ખાઉછું, તે જન્માંતરમાં પણ અવશ્ય મને ખાશેજ. એવો "માંસ" શબ્દનો અર્થ વિદ્વાનોએ કરેલો છે.

*પોતાના પ્રાણ બચાવ્યા પછી પારકાને બચાવવાનો પ્યાર.

એક સમય બાદશાહ પોતાના આનંદભુવનમાં બિરાજમાન થયા હતા તે વખતે બિરબલ પાસેજ બેઠેલ હતો. શાહ અને બિરબલ વચ્ચે કેટલીક રાજ્યરંગની આડીઅવળી વાર્ત્તાઓ થયા પછી પૂછયું કે "બિરબલ માણસને સર્વથી વધારે વ્હાલી કઇ વસ્તુ છે?" બિરબલે કહ્યું કે "નેકનામદાર! હું તો એમ માનુંછું કે આ દુનિયામાં સર્વથી વધારે વ્હાલી વસ્તુ પોતાની જાન (પ્રાણ) છે, એથી અધિક વ્હાલી કોઇ અન્ય વસ્તુ નથી. ચાહે તો અમીર, ફકીર, દુઃખી સુખી મનુષ્ય હશે કિંવા જાનવર હશે તોપણ પોતાના પ્રાણને બચાવવામાં વધારે ખંત ધરાવશે; પણ પ્રાણની દરકાર ન રાખતાં પૈસો-કે સગાંસંબંધી બચાવવા કદી પણ ધ્યાન આપશે નહિ. એથી ખાત્રી થાયછે કે સર્વથી પ્રાણ વધારે વ્હાલો છે. આ પ્રમાણે વાર્ત્તાલાપ થઇ રહ્યો છે તેટલામાં શાહની, એક સ્ત્રી પોતાના બાળકને રમાડતી પ્યારસાથે ચુંબન લેતી હતી, તેઉપર નજર પડી એટલે શાહને મોટો આનંદ ઉપજ્યો અને બિરબલ પ્રત્યે જણાવ્યું કે "મને તો એમ જણાયછે કે સર્વ વસ્તુ કરતાં બાળક વધારે વ્હાલું લાગેછે?" તે સાંભળી બિરબલે અરજ કરી કે "સરકાર આપનું કહેવું ખરૂં છે, પરંતુ જ્યારે પોતાના પ્રાણઉપર મહા આફત આવી પડેછે તે વખતે ધન, દોલત, પુત્ર, સ્ત્રી, પરિવાર અને વ્હાલાં-સંબંધી વિગેરે એક પણ વ્હાલાં નથી, માત્ર પોતાનો જીવ કેમ બચે? તેજ યુક્તિમાં ગુંથાવું

* બીરબલ બાદશાહ.

પ્રિય થઇ પડેછે.” શાહે કહ્યું કે “બીરબલ! તમે કહોછો તે ખરૂં હશે; પરંતુ અનુભવવગર તેની મનમાં અસર થતી નથી; માટે પ્રત્યક્ષ પ્રમાણથી સિદ્ધ થયેલું જોવાને આતુર છું.” તે સાંભળી બીરબલે કહ્યું કે “નામદાર થોડા દિવસમાં એનો પ્રત્યક્ષ દાખલો આપને બતાવીશ.” એ પ્રમાણે બન્નેવચ્ચે વાર્ત્તા થયા પછી કેટલાક દિવસો ગયા પછી સીપાઇને હુકમ કરી એક બે માસના બચ્ચાસહિત વાંદરીને પકડી બગીચાની અંદર રખાવી. તદનંતર એક વીશ હાથનો ઉંડો ખાડો ખોદી તૈયાર કરી રાખ્યો. બાદ બાદશાહ પાસે જઇ વિનવ્યું કે “ગરીબપરવર! સર્વથી પ્રાણ વહાલો કે બાળક વહાલું છે તેની આપને ખાત્રી કરી આપવાનો આજે સમય છે; માટે આપ બગીચાની અંદર પધારો.” બાદશાહ આનંદયુક્ત થઇ બીરબલસાથે ચાલ્યો. બગીચામાં પહોંચ્યા પછી સીપાઇને સંકેત મુજબ સાન બતાવી સમજાવ્યો કે તેણે બચ્ચાંસહિત વાનરીને ખાડાની અંદર નાખી. ઉપરથી પાણીનો પ્રવાહ ધોધબંધ ચલાવ્યો; જ્યારે ખાડામાં પાણી ભરાવા લાગ્યું કે વાંદરી પોતાના બચ્ચાને છાતીસરખું વળગાડી પોતાનો બચાવ ખોળવા લાગી. તે જોઇ બીરબલે શાહને કહ્યું કે “નામદાર! હવે મજાહ જોવાની છે” જોત જોતામાં થોડી વારે પાણી ખાડામાં વધવા લાગ્યું તેથી વાનરી ચારેતરફ બહુજ ઠેકડા મારી બચાવમાટે તરફડીયાં માર્યાં પણ કશો દહાડો વળ્યો નહિ. વાનરીના પેટસુધી પાણી આવ્યું કે બચ્ચાને ખભાઉપર રાખી રક્ષણ કરવા લાગી. જેમ જેમ પાણી ઉપર ચઢતું ગયું તેમ તેમ માથાઉપર બચ્ચાને ચઢાવી બચવા ઉપાય શોધ્યા. તે જોઇ શાહે કહ્યું કે “કેમ બીરબલ! પ્રાણ વહાલો કે બચ્ચાં વહાલાં? જુઓ બીચારી વાનરી બચ્ચાનો જીવ બચાવવા કેટલા પ્રયત્ન કરેછે?” બીરબલે કહ્યું કે “નેકનામદાર! જરા થોડી વાર જોયા કરો, હમણાંજ તેનો દાખલો જણાઇ આવશે.” હવે વાનરીને ગળાસુધી પાણી આવી પહોંચ્યું કે પછી તેણીએ બચ્ચાને બચાવવાની આશા ફોકટ છે એમ લાગવાથી તથા હું પણ તેનો બચાવ કરવામાં નાહક જીવ ખોઇ બેસીશ એમ વિચારી છેવટે નિરૂપાય થઇ બિચારીએ બચ્ચાને પગતળે ઘાલી તેઉપર પોતે ઉભી રહી. પોતાનો પ્રાણ બચાવવા વળખાં મારવા લાગી. તે જોઇ બીરબલે પાણીનો પ્રવાહ બંધ કરાવ્યો અને તેને બહાર કઢાવી લીધી. પછી શાહને વિનવ્યું કે “કેમ શિરતાજ! અત્યારસુધી આ વાનરીને બચ્ચું કેવું પ્યારૂં હતું; પરંતુ જ્યારે પોતાનો જીવ જવાનો વખત નજીક દેખાયો ત્યારે બચ્ચાને જીવાડવાની આશા છોડી દઇ પોતાનો પ્રાણ બચાવવા ઉપાય આદર્યો. એવીજ રીતે મનુષ્યને પોતાનાં બાળકો વ્હાલાં છે પણ જીવઉપર જોખમ આવી પડવાથી ઘર, બાર, છોકરાં, સ્ત્રી, ધન, દોલત કે માબાપ વિગેરે કોઇ કોઇનું નથી. પોતાના પ્રાણ અગાડી બધાંએ કશી વિશાદમાં નથી. માટેજ સર્વ વસ્તુકરતાં જીવ વધારે વ્હાલો છે.” આ પ્રત્યક્ષ પ્રમાણ જોઇ બાદશાહ બડી તાજુબી પામ્યો અને બીરબલની અક્કલ-

માટે તારીફ કરવા લાગ્યો. તેથી સર્વને પોતાનો જીવ વહાલો હોવાથી કોઇ જીવને પજવવો નહિ.

જીવદયાથી અમૂલ્ય લાભ.

*આ ભરતક્ષેત્રમાં ગજપુરનગરે સુનંદ એવે નામેં કુલપુત્ર રહેછે. ત્યાં ધર્મવંત પ્રાણી જિનદાસની સાથે તેને મહા પ્રીતિ છે. એકદા તે બન્ને મિત્ર વનમાં ગયા. ત્યાં સુરાચાર્યસમાન ધર્માચાર્યને દેખી નમસ્કાર કર્યો. તેણે દયામૂલ ધર્મનો ઉપદેશ દીધો, તે ઉપદેશ સાંભળી ગુરૂને કહ્યું કે હું માંસભક્ષણનું પચ્ચખ્ખાણ તો કરૂં પણ મારાથી મારો કુલાચાર કેમ મૂકાશે? ગુરૂએ કહ્યું કે ધર્માચાર ખરો સમજવો. ધર્મની વેળાએ કાંઇ આલંબન ન કરવું. તે સાંભળી સુનંદે તરત જીવદયાવ્રત આદર્યું. માંસભક્ષણનો નિયમ લીધો. સર્વ જીવ પોતાના આત્માસરખા જાણીને સુખે વ્રત પાળેછે. એમ કરતાં ઘણો કાળ થયો. એકદા દુષ્કાળ પડયો, સર્વત્ર ધાન્ય મોંઘું થયું. તે અવસરે સુનંદની સ્ત્રી કહેવા લાગી કે હે સ્વામી! સ્વકુટુંબ પાળવામાટે માછલાં પકડી લઇ આવો. તેને સુનંદે કહ્યું કે હે ભૂંડી! મારી આગળ એવી વાતજ કરવી નહિ. ગમે તેવું કષ્ટ પ્રાપ્ત થશે, તોપણ હું હિંસા આદરીશ નહિ. તેની સ્ત્રીએ કહ્યું કે તું મહા નિર્દય છો. કુટુંબને કષ્ટ કરવાથી લોકમાં અપયશ થશે. એમ કહી તેનો સાળો બળાત્કારથી તેને માછલાં પકડવામાટે લઇ ગયો, ત્યાં જાળ નાખી તેમાં માછલાં આવ્યાં, પણ વ્રત સાચવવામાટે તે પાછાં પાણીમાં નાખી દીધાં. ઘરે ખાલી હાથે આવ્યો. વળી બીજે દિવસે સ્ત્રીની પ્રેરણાથી ગયો, તે દિવસે પણ તેમજ માછલાં મેલી ઘેર આવ્યો. ત્રીજે દિવસે સ્ત્રીની પ્રેરણાથી ગયો પણ ત્યાં માછલાં પકડતાં માછલાંની પાંખ ભાંગી, તેથી ત્રાસ પામ્યો. પછી સગાંને કહી અનશન કરી મરણ પામી રાજગૃહી નગરીમાં નરવર્મરાજા રાજ્ય કરેછે, ત્યાં મણીયાર નામે શેઠની સુયશા નામે ભાર્યા તેની કૂખેં આવી સુનંદનો જીવ પુત્રપણે ઉત્પન્ન થયો. તેનું દામન્નક એવું નામ પાડયું, તે આઠ વર્ષનો થયો, ત્યારે શેઠને ઘેર મહામારીનો ઉપદ્રવ થયો, તેથી ઘરના માણુસ સર્વ મરણ પામ્યાં. આયુષ્યને યોગે એક દામન્નક જીવતો રહ્યો. રાજાએ તેને ઘેર ચોકી રાખી, દામન્નક ક્ષુધાતુર થઇ ઘેર ઘેર ભીખ માગવા લાગ્યો. એકદા સાગરપોત નામે વ્યવહારીયાને ત્યાં ભીખ માગવામાટે આવ્યો, એવામાં તે વ્યવહારીયાને ઘેર સાધુ વહોરવા આવ્યા, તેમાં એક વડેરાયેં સામુદ્રિક લક્ષણ જોઇને કહ્યું કે આ ભીખારી આ શેઠના ઘરનો માલીક થશે. એવી રીતની વાણી સાગરશેઠે ભીંતને અંતરે સાંભળી દુઃખાક્રાંત થઇને વિચાર્યું જે શું મારા ઘરનો એ ધણી થશે? તો હવે હું કોઇક ઉપાય કરીને એને મારી નખાવું.

---

* સિન્દૂર પ્રકરની ટીકા.

એટલે મારી લક્ષ્મી મારા પુત્રપૌત્રાદિક ભોગવે. એમ વિચારી કોઇક ચાંડાલને ઘણું દ્રવ્ય આપવું કબુલ કરીને કહ્યું કે દામન્નકને મારી નાખજે. તે ચાંડાલ પણ મોદકની લાલચ દેખાડી ઠગીને દામન્નકને બાહેર જંગલમાં લઇ ગયો, પણ ત્યાં તે મુગ્ધબાલને દેખીને ચંડાલ મનમાં ચિંતવવા લાગ્યો કે અરે! આ બાળકે કેવો શેઠનો અપરાધ કર્યો છે કે જેથકી શેઠે મને આને મારવાનો આદેશ દીધો અથવા મારા જેવો બીજો મહાપાપી પણ કોણ હશે જે દ્રવ્યની લાલચે આવા બચ્ચાને મારવાની કબુલાત આપે. તો હવે એ કામ કરવું મારે યુક્ત નથી. એવો નિશ્ચય કરી બાળકને કહ્યું કે હે મૂર્ખ! તું અહીંઆંથી નાશી જા. જો અહીંઆં રહીશ તો તુને સાગરપોત મારી નાખશે? એવો ભય દેખાડયો, તેથી દામન્નક નાશી ગયો, કેમકે સંસારમાં જીવિતવ્ય સર્વને વલ્લભ છે.

॥ यतः ॥ मरणसमं नत्थिभयं, दारिद्दसमो परिभवो नत्थि ।
पंथसमा नत्थि जरा, खुहा समा वेयणा नत्थि ॥ १ ॥

ચંડાલે દામન્નકની આંગળી કાપી નીશાની લઇ શેઠને આપી દીધી. દામન્નક પણ લોહીએ જરતી આંગળી લઇ ત્યાંથી નાઠો, તે સાગરપોતના ગોકુળમાંહે ગયો. કર્મયોગે ત્યાં નંદગોકુળપતિ અપુત્રીઓ હતો, તેણે તેને પોતાને ઘેર પુત્ર કરી રાખ્યો. દામન્નક અનુક્રમે યૌવનાવસ્થા પામ્યો, શૂરવીર થયો.

એકદા પ્રસ્તાવે તે સાગરશ્રેષ્ઠી સ્વગોકુળમાંહે આવ્યો, ત્યાં દામન્નકને દીઠો, નંદગોકુલીઆને પૂછયું કે એ કોણ છે? તે જેટલું વૃત્તાંત દામન્નકનું જાણતો હતો તેટલું તેણે સર્વ કહ્યું; તે સાંભળી શેઠ વિચારવા લાગ્યો કે રખેને સાધુવચન અન્યથા ન થાય! એમ ચિંતવી જેવો આવ્યો તેવોજ પાછો ઘેરભણી જવા લાગ્યો, તે વારે નંદ બોલ્યો કે તમે શીઘ્રપણે કેમ જાઓછો? શેઠે કહ્યું ઘરે કામ છે, નંદગોવાલીઆએ કહ્યું કે મારા પુત્રને ઘેર મોકલો, તે તમારૂં કાર્ય કરી આવશે, તે સાંભળી શેઠે કાગળ લખી આપ્યો ને કહ્યું કે એ કાગળ મારા પુત્રને આપજે. દામન્નક પણ કાગળ લઇ ચાલ્યો. વાટે આવતાં થાકી ગયો, તે વારે ગામ નજીક કામદેવના દેહેરામાં જઇ સુતો. એવામાં તેજ શેઠની વિષા એવે નામે પુત્રી છે, તે પણ ત્યાંજ કામદેવની પૂજા કરવા આવી છે. તેણે દામન્નક સુતેલો દીઠો અને તેના અંગરખાની કસે કાગળ બાંધેલો દીઠો, તે લઇને વાંચવા માંડયો. તેમાં સ્વસ્તિશ્રી ગોકુલાત્ સમુદ્રદત્તયોગ્યં સાનંદં લિખ્યતે. એ દામન્નકને અપીત પાણીએ શીઘ્ર વિષ દેજો એમાં કાંઇ વિમાસણ કરશો નહિ. એવો કાગળ વાંચી કન્યાએ વિચાર્યું જે મારો પિતા કાગળ લખતાં નિશ્ચે એક કાનો ચૂકી ગયો છે, કેમકે વિષા મારૂં નામ છે તે સ્થાનકે વિષ દેજો, એવું ભૂલથી લખાઇ ગયું છે. પછી આં-

ખનું કાજલ કાઢી સળીએ કરી કાનો દઇ વિષને સ્થાનકે વિષા કરી પાછો કાગળ તેની કસમાં બાંધીને કન્યા પોતાને ઘરે આવી. પાછળથી દામન્નક પણ જાગ્યો, તે ચાલતો ચાલતો અનુક્રમે શેઠને ઘરે આવ્યો, પુત્રને કાગળ દીધો, તેણે કાગળ વાંચી તત્કાળ મહોત્સવપૂર્વક પોતાની બહેન વિષા તેને પરણાવી દીધી. કેટલેક દિવસે સાગરદત્ત પણ ગોકુળથી ઘેર આવ્યો. વાત સાંભળી મનમાં વિષાદ ઉપજ્યો અને ચિંતવવા લાગ્યો જે મેં શું વિચાર્યું અને અહીંઆ શું નીપજ્યું !

॥ यतः ॥ अन्नं चिंतिज्झाइ अन्नं हुइ, अन्न विढवइ अन्नं खाइ ।
ऊचालु ते थिर थया, थिरवासो ते जाइ ॥ १ ॥

તથાપિ હજી કાંઇ ઉપાય તો કરૂં કે જેમ એ વિપત્તિ પામે. એમ ચિંતવી શેઠ વળી ચાંડાલને ઘેર ગયો અને કહ્યું કે અરે પાપી ચાંડાલ! આતે તેં શું કર્યું? જે તેં દામન્નકને જીવતો મૂક્યો? પણ અદ્યાપિ જો આટલું કામ કરે તો જેટલું દ્રવ્ય તું માગ તેટલું હું આપું. તે વારે ચાંડાલ બોલ્યો કે હે સ્વામી! તમે દેખાડો, તેને હણું. તમારી ઇચ્છા સફળ કરૂં? શેઠે સંકેત કીધો કે સંધ્યાની વેળાએ હું જેને માતાને દેહેરે મોકલું, તેને હણજે. એમ કહી ઘેર આવી શેઠ કહેવા લાગ્યો કે અરે મૂર્ખો! હજીસુધી તમે માતાની પૂજા નથી કીધી? કામ તો પૂજાથી સરાડે ચડે. તે સાંભળી પુષ્પાદિકથી છાબ ભરી માતા પૂજવામાટે સંધ્યા સમયે જમાઇને મોકલ્યો. તેને માર્ગે જાતાં રસ્તામાં સાળો મળ્યો, તેણે પોતાના બનેવીને ત્યાંજ ઉભો રાખ્યો અને પોતે માતા પૂજવા તેની પાસેથી છાબ લઇને ગયો. તે જેટલે દેહેરામાંહે પ્રવેશ કરેછે તેટલેજ ખંગિલે તેને ખડ્ગે કરી મારી નાખ્યો, તે વખતે મહોટો કોલાહલ થયો. લોકે ઓળખ્યો જે આ શેઠનો પુત્ર છે. તે વાત શેઠે સાંભળી. શેઠને હૃદયફાટ દુઃખ થયું. તેથી મરણ પામ્યો. પછી રાજાના આદેશથી દામન્નક ઘરનો ધણી થયો. પુણ્યાનુસારે લક્ષ્મીવાન્ થયો. સાતે ક્ષેત્રે ધન વાવરવા લાગ્યો અને ત્રિવર્ગસાધન કરતો સુખમાં રહેછે.

એકદા કોઇ એક ભાટે આવીને દામન્નક આગળ ગાથા કહી તે આ પ્રમાણે :—

तस्स न हवई दुक्खं कयावि जस्सत्थि निम्मलं पुण्णं ।
अण्णत्थरत्थं दव्वं, भुंजइ अण्णो जणो जेण ॥ १ ॥ इति ॥

એ ગાથા સાંભળી દામન્નકે તે ભાટને ત્રણ લક્ષ્ય દ્રવ્ય આપ્યું, તે દેખી લોકોને મહોટો દ્વેષ ઉપજ્યો. ત્યારે રાજાએ તેડી પૂછયું કે એટલું મોટું દાન

તેં કેમ દીધું? તે વારે રાજા આગળ સર્વ પોતાની વાતની ઉત્પત્તિ કહી. તે સાંભળી રાજાએ દામન્નકને નગરશેઠ કર્યો. અનુક્રમે દામન્નક દયાધર્મ આરાધી દેવલોકે ગયો, માટે હે ભવ્યજીવો! તમે દામન્નકની પેઠે દયાદાન દો. જેથી સુખશ્રેય પામો.

જીવદયા વિના બીજાં શુભ કાર્યની નિષ્ફળતા.

*એક વખત એક ફકીર બાદશાહની હજુર આવી કહેવા લાગ્યો કે કોઇ મનુષ્ય સદા સહનશીલતા રાખે, અથવા પુષ્કળ દાન કે ઇનામ આપે અથવા સહસ્ર વાર સિજદા કે નીમાજ પઢે, પણ જો તે કોઇ જીવને પજવે કે હણે તો તેનું કરેલું સર્વ શુભ કાર્ય નાશ પામેછે, એટલુંજ નહિ પણ સાહેબ તેનાપર નાખુશીથી જુએછે.

આ હકીકતઉપરથી બાદશાહે મુસલમાન તથા હિંદુઓને એકસરખી રીતે ન્યાય આપવા રાજમહેલ પાસે એક થાંભલો રોપાવી ત્યાં મોટો ઘંટ બંધાવ્યો. એટલે જેને ફરિયાદ કરવી હોય તે આ થાંભલાએ લટકાવેલા ઘંટનો અવાજ કરે, તેથી એ અવાજથી શાહના જાણવામાં આવે કે કોઇ ફરિયાદી આવલો છે. આમ કરવાનું કારણ એ હતું કે કોઇ બિચારો બીનવસિલદાર ગરીબ નાહક કોઇ અન્યાયથી અમલદારના ત્રાસથી પીડાતો હોય તો તે ખુદ શાહના કાને પોતાના દુખની ફરિયાદ પહોંચાડે તેમાટે આ અદલ ઘંટ બાંધેલો હતો. ત્યાં ગાય અરજ કરવાના કારણને લીધે પોતાનું શરીર તે સ્થંભની સાથે ઘસવા લાગી જેથી સ્થંભ હલ્યો અને ઘંટ વાગ્યો એટલે શાહે જાણ્યું કે, કોઇ ફરિયાદી દાદ મેળવવા આવ્યો છે, એમ જાણી બીરબલને કહ્યું કે ઘંટ બજાવનાર ફરિયાદીને ઉપર બોલાવો. આ પ્રમાણે શાહનો હુકમ સાંભળી બીરબલે ઉઠી ઝરૂખાથી નીચે જોયું તો કોઇ ફરિયાદી નહોતો પણ ગાયમાતા ઉભેલી હતી, તેથી બીરબલે શાહને વિનવ્યું કે હજુર! કોઇ ફરિયાદી નથી, પણ હવાના જોરથી ઘંટનો અવાજ થયો છે. આટલું બીરબલ બોલી રહ્યો એટલામાં ફરી બીજો અવાજ થયો, તેથી શાહે બીરબલને હુકમ કર્યો કે—ઘંટ કોણ બજાવેછે? ફરી બીરબલે જઇ જોયું તો ગાય થાંભલાની સાથે પોતાનું શરીર ઘસતી હતી તેથી શાહને કહ્યું કે, ગરીબપરવર! ફરિયાદી કોઇ મનુષ્ય નથી, આટલો શબ્દ બોલવા જતાં ફરી જોરથી ત્રીજો અવાજ થયો ત્યારે શાહે મનમાં વિચાર્યું કે 'આજ દિવસસુધી કોઇ વખત હવાથી ઘંટ વાગ્યો જાણ્યો કે જોયો નથી; છતાં બીરબલ કહેછે કે, પવનના જોરથી ઘંટ વાગેછે, એ કેવળ અસંભવિત છે; કેમકે કોઇ ફરિયાદી તો હશે પણ શા કારણમાટે તેની દાદ મારે કાને ન પહોંચાડવા આ પ્રમાણે બીરબલ

* બીરબલ બાદશાહમાંથી સાર.

પ્રયત્ન કરતો હશે? હું ધારૂંછું કે, વખતે કોઇ બીરબલનો સતાવેલો ફરિયાદી આવ્યો હશે જેથી બીરબલ પોતાનો શત્રુ સમજીને મને આમ સમજાવેછે; પરંતુ તેસંબંધી પછીથી બીરબલને પૂછવું યોગ્ય છે, આમ વિચાર કરેછે એટલામાં તો ફરી ચોથીવાર ઘંટ વાગ્યો તેથી જરા કોપ કટાક્ષ કરી કહ્યું કે તમે બરાબર ધ્યાન આપી જોતાં નથી, પણ આ ઘડી ઘડી કોણ ઘંટ વગાડેછે, તે જાણવા માગુંછું; કેમકે મનુષ્યોના વગાડ્યા વગર પવનથી કોઇ વખત હાલેજ નહિ; કદાચ હાલતો હોય તો, અગાડી કોઇ વખતે પણ કેમ હાલ્યો નથી? માટે બરોબર તપાસ કરી કહો કે કોણ ફરિયાદી છે? જ્યારે ફરી શાહના હુકમથી ઝરોખામાં જઇ નિગાહ કરી તો તેજ ગાય ઘંટના પાસે ઉભી હતી તેથી બીરબલે વિચાર્યું કે—હાલમાં ગાયોનો વધ થાયછે, માટે તે ગાયમાતાનો વધ થતો અટકાવવા આ વખતે ઠીક પ્રસંગ મળ્યો છે, જેથી યુક્તિ લડાવી હિંદુઓનાં અંતઃકરણ દુભાતાં અને પવિત્ર પૂજ્ય ગૌમાતાનું અસહ્ય સંકટ બંધ પાડું. આ પ્રમાણે વિચાર કરી શાહને કહ્યું કે ઘંટ વગાડનાર ફરિયાદણ એક માતા છે તેના ઉપર ઘણોજ જુલમ ગુજર્યો છે, જેથી આંખમાંથી આંસુ વહેવરાવતી આપ હજુર આવી છે માટે જો હુકમ હોય તો નીચે જઇ તેની ફરિયાદનો સાર સમજી આવું. શાહે કહ્યું કે તમે નીચે જઇ તે માતાને ઉપર લઇ આવો. હું જાતેજ તેની ફરિયાદ સાંભળવા ચાહુંછું કે તેના ઉપર શું જુલમ ગુજર્યો છે. બીરબલ બોલ્યો કે આલમપનાહ! આપ આ ઝરોખાથી નેકનજરથી એ માતાને જોઇ લ્યો કેમકે તે પોતાની વૃદ્ધાવસ્થાના સબબથી ઉપર આવી શકે તેમ નથી, શાહ બોલ્યો ખેર જો તે અહિયાં ન આવી શકે તો હું તેને ઝરોખામાંથીજ જોઇ લઇશ અને તમે નીચે જઇ તેનો વૃત્તાંત પૂરેપૂરી રીતે જાણી આવો. પછી શાહે વિચાર્યું કે બીરબલ પ્રથમ તો કેટલા વખતસુધી ઘંટ વાગવાનું કારણજ બતાવતો ન હતો, જ્યારે જરા હું ગુસ્સે થયો ત્યારે બતાવ્યું કે એક માતા ફરિયાદ કરેછે, જેથી કાંઇક આ વાતમાં વખતે ભેદ હોય એવી શંકા રહેછે માટે બીરબલના જાણવામાં ન આવે તેમ ઝરોખામાંથી બીરબલ નીચે જઈ શું કરેછે તે જાણવું જોઇએ. એમ વિચારી ગુપ્તરીતે ઝરોખામાં જઇ શાહ જોવા લાગ્યો તો એક ગાય ઝરોખા સામું મોઢું કરી આંસુ વહેવરાવતી જોઇ રહી હતી અને તેના શરીરઉપર કોઇએ માર માર્યો હતો તેવાં નીશાનો પણ જણાયાં. આ પ્રમાણે ગાયમાતાની હાલત જોઇ શાહ પોતાના મનસાથે કહેવા લાગ્યો કે અહા! શું ખુદાની કુદરત છે કે એક જાનવરને પણ આટલી બધી સમજશક્તિ આપી છે કે જ્યાંસુધી મેં એના તરફ જોયું નહોતું ત્યાંસુધી ઘંટ હલાવતી હતી પણ જ્યારે મેં આવી તપાસ કર્યો ત્યારે સામું જોઇ આંસુ પાડેછે. વાહ! ખુદાની કુદરત ખુદાજ જાણેછે. પરંતુ હવે જોઇએ કે બીરબલ એની પાસે જઇ શું કરેછે? એમ વિચારી શાહ ગુપ્ત રીતે ચારિત્ર

જુવેછે કે બીરબલ ગાયની પાસે જઇ ગાયના મુખ પાસે પોતાનું મ્હોડું રાખી જેમ કાંઇ વાત સાંભળતો હોય તેમ ઉભો અને ગાય સ્વાભાવિકપણે પોતાનું મુખ હલાવતી હતી તેથી જણાતું હતું કે કાંઇ સંભળાવેછે એમ ઉભી રહેલી છે. ફરી બીરબલે પોતાનો કાન ગાયના મુખ આગળ રાખી પોતે માથું હલાવ્યા કરતો જાણે હા હા કરતો હતો, તે પછી બીરબલ ફરી ગાયના કાનપાસે મુખ રાખી જાણે કાનમાં વાત કહી હોય તેવો ભાવ બતાવી શાહની પાસે ગયો એટલે શાહ અજાણ્યો થઇ પૂછવા લાગ્યો કે બીરબલ માતાજીએ શું કહ્યું? બીરબલ બોલ્યો કે—જહાંપનાહ! માતાજી એમ કહેછે કે—

'હું આપને દ્વારે આવી છું માટે ઇન્સાફ આપવો જોઇએ. અમે ગરીબ પશુ છીએ તેની અરજ સાંભળવી યોગ્ય છે, વળી મેં સાંભળ્યું છે કે, આપ સર્વની ફરિયાદ સાંભળો છો. જેથી મને ન્યાય મળવો જોઇએ કે, અમને હિંદુઓના રાજ્યમાં કોઇ મારતું નહોતું અને માતાસમાન પૂજ્ય ગણતા હતા, જો કે પહેલાં યવન લોકો પણ મારતા નહોતા; પણ હિંદુસ્તાનમાં આવ્યા પછી શા કારણથી બીજવાઇ મારવા લાગ્યા છે એ સમજાતું નથી. અત્યારસુધી અમે યવનોનું કશું બગાડયું નથી છતાં એ શામાટે અમારો વધ કરેછે એ જાણવાનું છે. અમો વનમાં ફરી ઘાસ ચરી પોતાનું પેટ ભરીએ છીએ. વળી અમો કોઇની પાસે ખાવાનું માગતાં નથી અને માતાની સમાન ઘેર બેઠે મીઠું દૂધ પાઇએ છીએ, જેથી શું નેકીને બદલે ગરદન કાપવી એજ યોગ્ય છે? વિના ગુન્હે મરીએ છીએ; છતાં કોઇ પણ અમોને અસહ્ય દુઃખથી છોડાવતું નથી, તેમ ન્યાય પણ કોઇ કરતું નથી ત્યારે અમારે શું કરવું? માત્ર જો અમારી વ્હારે ચઢનાર જોઇએ તો એક તમો શાહ છો માટે દાદ સાંભળી રક્ષણ કરો.

આ પ્રમાણે ગોમાતાની ફરિયાદ છે, હવે જેમ જહાંપનાહની મરજી હોય તેમ કરવા સરકાર ધણી છો.

આવા પ્રકારનું બીરબલનું બોલવું સાંભળી શાહ ઘણોજ ખુશી થયો અને હુકમ કર્યો કે હાલ તો ગોમાતાને આપણી ગોશાળામાં મોકલો અને કચેરીના સમયે કચેરીમાં લાવી તેના દુઃખનિવારણમાટે યોગ્ય રચના કરીશું.

ત્યાર પછી બીરબલે તે ગાયને ગોશાળામાં સીપાઇસાથે મોકલાવી દીધી અને જ્યારે કચેરી ભરાઇ ત્યારે પુનઃ ગોમાતાને ત્યાં મગાવી ઉભી રખાવી, તે જોઇ શાહ બોલ્યો કે આ ગાયે કાન ઉભા કરીને શામાટે જોડ્યા છે.

ગાયના બારીસ્ટરતરીકે બીરબલે ખુલાસો કર્યો કે જેમ સંત લોકો સદા જગતના જીવોનું કલ્યાણ કરેછે તેમ ગાઇ માતા પણ હિંદુ, મુસલમાન,

પારસી કે કસાઇ ગમે તે હો; પરંતુ શત્રુ કિંવા મિત્રને સમાન રીતે મીઠું દૂધ, દહીં, ઘી, માખણ અને છાશ વિગેરે ઉત્તમ પદાર્થો આપી અમૂલ્ય જીવના આધારભૂત બનેછે. વળી તેનાં સંતાનો–બળદ ખેતીના કામમાં પૂર્ણ મદદ આપી અનાજ ફળફુલને ઉત્પન્ન કરેછે, ગાડીગાડાનો ભાર સહન કરી વિકટ પંથને કાપી પોતાના બાંધવોની ધારણા પાર પાડેછે અને આખી જીંદગી-પર્યન્ત સેવા બજાવેછે; એટલુંજ નહિ પણ મુવા પછી પોતાના ચામડાપર્યન્તથી તમામના પગનું રક્ષણ કરી અમૂલ્ય સેવા બજાવેછે; છતાં તેવી હિતકારી ગોમાતાની કુરબાની કરવામાં આવેછે. એ ખરેખર મહા શોકજનક પ્રકાર છે. જો એ ગાયનો વધ થવો બંધ થાય તો હિંદમાં હિંદુ–મુસલમાનોવચ્ચે જે વખતોવખત તકરાર અને ઘોર યુદ્ધ થાયછે તે થતાં બંધ પડે અને હિંદુ–મુસલમાનો વચ્ચે અત્યંત પ્યાર વધે એમાં જરા પણ શક નથી.

આ પ્રમાણે હાથને બદલે કાન જોડીને આપને અરજ નિવેદન કરેછે.

આવી મતલબને મળતી પુષ્ટિ ત્યાં બેઠેલા પંડિત જગન્નાથ, દીવાન ટોડરમલ, અબુલફજલ વિગેરે નવ રત્નોએ આપવાથી શાહે ગોવધ રાજ્યમાં બંધ કરાવ્યો, જેથી હિંદુ તથા મુસલમોવચ્ચે એકસંપી વધવા લાગી તથા ખેતીવાડીનું બળદ સાધન હોવાથી બળદનું પણ રક્ષણ થવાથી ઉત્તમ પ્રકારનાં ફળફુલ પૃથ્વી આપવા લાગી અને ગોવધ અટકવાથી રાજ્યની સ્થિરતાનો પાયો સારો નખાયો અને ઢંઢેરો પીટાવી જાહેર કર્યું કે આજથી જે કોઇ ગાય કે બળદનો વધ કરશે તેના હાથ અને મદદ કરનારની આંગળીઓ કપાવી નાખવામાં આવશે.

ઉપરની મતલબ જ્યારે દેશમાં બહાર પડી ત્યારે અકબરશાહ હિંદુઓને વધારે પ્રિય થઇ પડયો.

* પ્રયત્નની વિકટતાથી હારી જતા હૃદયને ધૈર્ય તથા શૌર્ય આપવું, એ વગેરે કાર્ય શ્રીસદ્‌ગુરૂનું છે. એજ એમની કૃપા છે અને આપેલા ઉપદેશાનુસાર વર્તન કરવું, એ કાર્ય શિષ્યનું છે. તેથી ચિતિશક્તિના સર્વ પ્રાણીઉપર પ્રેમ કરવાના ધર્મને પ્રયત્નપૂર્વક હૃદયમાં સેવો. દુષ્ટોઉપર પણ અપ્રીતિ ન કરો, સર્વમાં સર્વાત્મભાવ કરો. ચિતિશકિતઉપર તમારો અત્યંત પ્રેમ, ચિતિશકિતઉપર તમારી અનન્ય ભકિત ત્યારેજ યથાર્થ ગણાયછે કે જ્યારે તમે જ્યાં જ્યાં ચિતિશક્તિની સત્તા છે, ત્યાં ત્યાં અપૂર્વ પ્રેમ દર્શાવોછો. બીજા પ્રાણીઓના હૃદયમાં રહેલી ચિતિશક્તિની અવગણના કરી તમે તેમનો દ્વેષ કરોછો, તેમના ઉપર ક્રોધ કરોછો, તેમનું અકલ્યાણ ઇચ્છોછો અને કરોછો, તો તમારો ચિતિશકિતઉપર પ્રેમ થયોજ નથી. તમારામાં ભક્તિ પ્રકટી નથી.

* અધ્યાત્મ બલપોષક ગ્રંથમાળા પ્રથમ અક્ષ.

તમે ચિતિશક્તિને ઓળખતાજ નથી. ચિતિશક્તિને જેવા તમે પ્રિય છો, તેવું આખું જગત્-તુચ્છમાં તુચ્છ કીટથી તે બ્રહ્મપર્યંતના સર્વ-પ્રિય છે અને તેથી જેમ ચિતિશક્તિ કોઇનું પણ અહિત ઇચ્છતી નથી તથા કરતી નથી, તેમ તમે પણ જ્યારે કોઇનું પણ અહિત ઇચ્છતા નથી તથા કરતા નથી, ત્યારેજ તમે ચિતિશક્તિમય થવાને, ચિતિશક્તિનું સર્વ સામર્થ્ય તમારામાં અનુભવવાને યોગ્ય થાઓછો. ચિતિશક્તિ જે નિયમે વર્તેછે, તે નિયમોને અનુકૂળ વર્ત્યા વિના, ચિતિશક્તિનું સામર્થ્ય જે સર્વજ્ઞત્વ તથા સર્વશક્તિમત્ત્વ, તે તમારામાં પ્રકટવાનાં નથી. નદીનો પ્રબળ પ્રવાહ જે દિશામાં વહેતો હોય તે દિશામાં નૌકાને હાંકનારનેજ નદીના પ્રવાહનું બળ સાહાય્ય કરેછે; તેથી વિરૂદ્ધ દિશામાં હાંકનારને તે પ્રબળ પ્રવાહ પ્રતિક્ષણે અડચણ કરેછે, તેજ પ્રમાણે ચિતિશક્તિનો પ્રેમનો પ્રવાહ જે દિશામાં વહેછે, તે દિશામાં પોતાના પ્રેમના પ્રવાહને વહેવડાવનાર મનુષ્યનેજ ચિતિશક્તિનું અગાધ સામર્થ્ય પ્રતિક્ષણે સાહાય્ય કરેછે. તેથી વિરૂદ્ધ વર્તનારને તે સર્વદા અડચણજ કરેછે. આથી કરીને પ્રત્યેક પ્રાણીનું ખરા અંતઃકરણથી નિરંતર હિત ઇચ્છવું તથા યથાશક્તિ કરવું, એજ ચિતિશક્તિની યથાર્થ ભક્તિને સૂચવનાર ચિહ્ન છે. અપકાર કરનાર પ્રતિ પણ જેઓ પરમ પ્રેમ દર્શાવતા નથી, પરંતુ તેનું અહિત કરવા તત્પર થાયછે, તેઓ ચિતિશક્તિના અલૌકિક સામર્થ્યને કદી પણ પ્રાપ્ત કરતા નથી અને જે લૌકિક સામર્થ્ય તેમને પ્રાપ્ત હોયછે તે પણ તેઓ ક્રમે ક્રમે ખુએછે.

કોઇ પણ આપણું અહિત કરે, કોઇ આપણાપ્રતિ શઠતા વાપરે તો તેનું આપણે અહિત ન કરવું? शठंप्रति शाठ्यं એ વચનાનુસાર તેના પ્રતિ શઠતા ન વાપરવી? કોઇ ધોલ મારી જાય, કોઇ તમાચો મારી જાય, કોઇ આપણાપ્રતિ પ્રપંચ રચી જાય, આ સઘળું શું સહન કરવું? આવા શઠોપ્રતિ, આવા દુષ્ટોપ્રતિ શું પ્રેમ કરવો? તેમને શું શિક્ષા ન કરવી? ઉત્તરમાં સ્પષ્ટપણે કહેવાનું કે શઠના પ્રતિ શઠતા નહિજ કરવી; દુષ્ટના પ્રતિ દુષ્ટતા નહિજ યોજવી; અહિત કરનારનું અહિત કરવા નહિજ પ્રવૃત્ત થવું. ચિતિશક્તિનો વિશુદ્ધ પ્રેમ દુષ્ટો તથા શઠો સર્વના પ્રતિ ઉદારપણે યોજવો. તમે ઉત્તમ પ્રકારના અધ્યાત્મ બળની ઇચ્છાવાળા સાધક છો, ચિતિશક્તિમય થવાની અભિલાષાવાળા છો, તો તે દુષ્ટોપ્રતિ પણ પ્રેમ યોજતાં જરા પણ સંકોચાઓ નહિ. 'પણ એથી વ્યવહારમાં હાનિ થશે, દુષ્ટો આપણાઉપર ફાવી જઇ આપણા માથાના બાળ પણ રહેવા નહિ દે તેનું કેમ?' આ શંકા જો તમને ઉઠતી હોય તો જણાવવાનું કે તમે ચિતિશક્તિના સામર્થ્યને જાણતા નથી. ચિતિશક્તિનાં લક્ષણોને હૃદયમાં પ્રકટાવનારનો વ્યવહાર કોઇ પણ કાળે બગડ્યો નથી, બગડતો નથી અને બગડવાનો સંભવ નથી. જેમ ઉધેઇ અગ્નિને ખાઇ જવા સમર્થ નથી, તેમ ચિતિશક્તિનાં સ્વરૂપ લક્ષણોને હૃદયમાં

પ્રકટાવનાર વ્યવહારને હાનિ કરવા ત્રિભુવનમાં કોઇ સમર્થ નથી. આ વિશુદ્ધ પ્રેમને સેવનાર પુરૂષને ત્રિભુવન અધીન છે, તો એક ક્ષુદ્રવ્યવહાર સુખઉપર તેનું સ્વામિત્વ હોય એમાં તો કહેવુંજ શું હતું? આવા વિશુદ્ધ પ્રેમવાળા પુરૂષના સંમુખ થતા દુષ્ટોની દુષ્ટતા અને શઠોનું શાઠ્ય તત્કાળ છૂટી જાયછે. સિંહ તથા વ્યાઘ્રાદિ હિંસ્ર પશુઓ પણ મહા પુરૂષોના નિવાસ પ્રદેશમાં પોતાનો હિંસ્ર સ્વભાવ પરિત્યજેછે, એ તમે શ્રવણ નથી કર્યું? અહિંસા સેવનારપ્રતિ અર્થાત્ મન, વાણી તથા કાયાથી ભૂતમાત્રનું હિત ઇચ્છનારપ્રતિ અને કોઇનું પણ અહિત ન સાધનારપ્રતિ ભૂતમાત્રની વૈરબુદ્ધિ છૂટી જાયછે. એ શું યોગશાસ્ત્ર ડિંડિમ વગાડીને નથી કહેતું? તો પછી આવી મિથ્યા શંકા શામાટે કરોછો? શઠની પ્રતિ શઠતા વાપરવાથી તમારો વ્યવહાર સુધરેછે તથા તેનું રક્ષણ થાયછે, એમ જો તમે માનતા હો તો તે તમારૂં માનવું અજ્ઞાનમૂલક છે. વ્યવહારસુખ કે પરમાર્થસુખ—ગમે તે પ્રકારનું સુખ—ચિતિશક્તિમાંથીજ પ્રકટેછે. તેથી કરીને ચિતિશક્તિના નિયમોને અનુકૂળ વર્તનાર સર્વદા સુખનેજ અનુભવેછે, એમાં લેશ પણ સંશય નથી.

વ્યવહારમાં જેના તેના ધપ્પા ખાવા, કીડાની પેઠે જેના તેના પગતળે વગર બોલ્યે છૂંદાવું, એવો આ ઉપરથી ભાવ ગ્રહણ કરવાનો નથી. તમે શુદ્ધ ચિતિશક્તિ છો, ઉત્કૃષ્ટથી પણ ઉત્કૃષ્ટ છો; તમને છૂંદાવાનું કે ધપ્પા ખાવાનું કોઇ કહેતું નથી. માંકડ કરડે તો તેને પથારીમાંથી પકડીને ફેંકી ન દેવાનું કે મચ્છર કરડે તો તેને કરડવા દેવાનું આમાં કહ્યું નથી. જે કહ્યું છે તે એજ કે માંકડ કરડે તો તેના ઉપર ક્રોધ કરી ઘણા જેમ તેને ભોંયસાથે ઘસી નાખેછે કે ગ્યાસલેટમાં નાંખી મારી નાખેછે અથવા મચ્છર કરડે તો તેને ટપલી મારી જેમ ઘણા તેના જીવનનો લય કરેછે, તેવી ક્રોધવૃત્તિ કોઇ તમારૂં ગમે તેટલું અહિત કરે તોપણ ન કરો. તમારૂં સ્વરક્ષણ ઉત્તમ પ્રકારે કરો, પરંતુ તેમ કરતાં અન્યના ઉપર દ્વેષ કરી તેને હાનિ કરવા પ્રયત્ન ન કરો. શત્રુપ્રતિ પણ પ્રેમનોજ પ્રવાહ ચલાવો, તેનું શુભ ઇચ્છો અને તેનું કલ્યાણ કરવું તમારા સ્વાધીનમાં હોય તો જેમ દુરાચારી કુપુત્રનું પણ માતા પ્રેમથી હિત કરેછે અને તેના સર્વ દોષ વિસરી જાયછે, તેમ વિશુદ્ધ પ્રેમથી દુષ્ટોનું પણ હિત ઇચ્છો તથા કરો.

ઉપલી ભલામણથી સિદ્ધ થાયછે કે કોઇ મનુષ્યને પીડવું નહિ એ વાત તો એક બાજુઉપર રહી પણ કોઇ પશુને પણ પીડવું નહિ. કારણકે ઘણાં મનુષ્યનું નિર્વાહનું સાધન પશુના દૂધ-દહીંમાં છે

*પૂર્વના મહર્ષિઓએ એમ નક્કી જાણેલ હોવું જોઇએ કે ખેતીવાડીની અને દેશની તેમજ શરીરસંપત્તિની આબાદીનું કારણ ગાય છે. લોકો ગાયનું

* જૈન પત્ર પુસ્તક ૧૨ મું—અંક ૮ મો.

સંરક્ષણ કરતાં શીખે તેને માટે ગાયનું માહાત્મ્ય અનેક રીતે વર્ણવી એટલી બધી પરાકાષ્ઠાએ પહોંચાડી દીધું કે તેના રક્ષણમાં ધર્મ અને વિનાશમાં પાપ સુદઢપણે મનાઇ ગયું ત્યારે બીજીતરફથી ધર્મદ્વેષ યવનો વિગેરેમાં ઉત્પન્ન થયો જેથી તેઓ આર્યોની લાગણી કેમ દુખાય તેને માટે નિરર્થક–બીન જરૂરીઆત છતાં ગાયનો વધ કરવા લાગ્યા. સૂવર ક્ષત્રીઓને વધ્ય સ્વીકારાયો. કારણકે ખેતીવાડીને નુકશાનકર્ત્તા સૂવર અને મૃગ હોવાથી તેઓનો શિકાર એ રજપૂતોનો ધર્મ મનાયો. બકરાંઓ અને ઘેંટાઓની કુદરતી ઉત્પત્તિ વિશેષ હોવાથી તેમજ બકરી કિંચિત્ ઉપયોગી સમજાણી. બકરાંઓ કાંઇ પણ ઉપયોગનાં ન હોવાથી નિરૂપયોગી મનાણાં જેથી યજ્ઞાદિમાં તેને હોમવાં એ કર્ત્તવ્ય મનાણું. આપણે જોઇશું તો સમજાશે કે જે જાતની વિશેષ ઉત્પત્તિ હોયછે તે જાત હિંદુ–મુસલમાન દરેકને ભક્ષ્ય સર્વ સાધારણ મનાયછે, તેવી સ્થિતિ બકરાંઓ, કુકડાંઓ, માછલાંઓ વિગેરેને માટે જોવામાં આવેછે. આ બધા વિધિ પ્રતિષેધના નિયમો જુદા જુદા ધર્મવાળાઓ તરફથી ધર્મ-અધર્મના નામે સ્વીકારવામાં આવ્યા છે તેના બદલામાં જો તેવાં જાનવરોથી ઐહિક ફાયદા–ગેરફાયદા માત્ર સમજાવવામાં આવ્યા હોત તો તેજ વાત સર્વ માન્ય થઇ પડત. કલહ અને વિરોધના પ્રત્યાઘાત જો થયા હોય તો તે એકબીજાના ધર્મદ્વેષને લઇને થયેલા છે. એટલે કે પોતાના હિતતરફ પણ ત્યાં કેટલાએકની દૃષ્ટિ ખેંચાણી નથી. દાખલાતરીકે ખેતીવાડીની આબાદીઉપર દેશની આબાદીનો આધાર છે અને દેશની આબાદીથી રાજા તથા પ્રજાની આબાદીનો આધાર છે. હિંદુ અને મુસલમાનો બન્ને એમ તો સ્વીકારતા હોવાજ જોઇએ કે ગાયથી ઉત્પન્ન થયેલા વાછડાથીજ ખેતીની આબાદી છે એમાં બે મત કોઇના પણ નજ હોઇ શકે છતાં એકબીજાથી વિરોધી વર્તન દેખાયછે તે માત્ર ધર્મના નામથીજ છે.

આજ રીતે જૈન થીયરી તપાસીએ તો ઉંડો હેતુ તેમાં પણ તેવોજ માલુમ પડેછે.

પણ એકબીજાના ધર્મની લાગણી દુખાવવી, એકે જેનો પ્રતિષેધ કર્યો, બીજાએ તે સ્વીકાર્યો એજ ધર્મીપણું છે. એવા અજ્ઞાને ઘણા અણુસમજુ વર્ગમાં ઉંડી જડ ઘાલી દીધી છે. દાખલાતરીકે હિંદુ અને ઇસ્માલી ધર્મવાળાના ઘણા નિયમો જોઇશું તો એકબીજાથી વિરોધીજ માલુમ પડશે. હિંદુ-ધર્મમાં પણ તેવીજ મૂર્ખાઇ ક્વચિત્ ક્વચિત્ જોવામાં આવેછે. જૈનોએ જ્યારે કંદમૂળભક્ષણ અને રાત્રિભોજનનો ત્યાગ સ્વીકાર્યો, ત્યારે બીજા ધર્મબંધુઓએ ખાસ ઉપવાસમાં કંદમૂળજ ફલાહારતરીકે સ્વીકાર્યા. રાત્રિભોજનમાટે પણ ખાસ રાત્રેજ જમવાનો નિયમ રાખ્યો. જેઓમાંના ઘણી વાર તે વાતને નિંદ્ય માનેછે છતાં પોતાની રૂઢી મૂકી શકતા નથી અને જેઓ કેટલાએક રાત્રિભોજનના અને કંદમૂળભક્ષણના ત્યાગી નીકળેછે, તેઓની તેજ ધર્મવાળા મશ્કરી કરેછે.

આ મૂર્ખાઇ નહિ તો બીજું શું? દેવી પંથીઓએ જીવહિંસા દેવીને નિમિત્તે કરવામાં પાપ માન્યું નથી, તેઓ માંસભક્ષણ કરેછે, મદિરાપાન કરેછે છતાં પોતાને ધર્મી કહેવરાવેછે. કેટલાએક ભૂદેવો વિજયાદશમીને દિવસે અજ્ઞાની રાજાઓતરફથી પાડા મારવામાં આવેછે ત્યારે તે મરનાર પાડાની તે વખતે પૂજા કરાવેછે અને જે તરવાર પાડાની ગરદનઉપર ફરવાની હોયછે તે તરવારની પૂજા પણ બ્રાહ્મણોજ કરાવેછે. દુનિયામાં હિંસાનો મોટામાં મોટો ફેલાવો જો કર્યો હોય તો બ્રાહ્મણોથીજ થયેલો છે એમ કહેવામાં કાંઇ પણ આંચકો ખાવા જેવું નથી. યજ્ઞના નામે, દેવીપૂજનના નામે અને એવા બીજા કેટલાક ધર્મના બહાનાહેઠળ જીવોને હણવાની કપોળ કલ્પિત વાર્તાઓથી ભરેલાં પુરાણો રચવામાં આવ્યાં અને તેનું શ્રવણ ભકતોની આગળ ભૂદેવોજ કરાવવા લાગ્યા.

બાહ્યક્રિયા શારીરાદિકની ગમે તેટલી શુદ્ધ દયામય હોય પણ પરિણામની વિશુદ્ધિનો અભાવ હોય તો તે હિંસા વિનાનો કહી શકાય નહિ. માનસિક વૃત્તિઉપર હિંસા–અહિંસાનો આધાર લટકી રહેછે, તો જેઓ હાલમાં "અહિંસા પરમો ધર્મઃ" ના પોકાર કરનારાઓ અને તદનુકૂળ બીજા જીવોને બચાવતાં તન, મન અને ધનનો એક દેશીય ઉપયોગ કરનારા હોયછે, તેઓ બીજી રીતે કેટલી મોટી ભૂલો કરેછે અને પોતે હિંસાના ભાગી બનેછે, તે તેવા પ્રકારના જ્ઞાનની ગેરહાજરીને લઇને સમજી શકતા નથી. પ્રત્યક્ષ ઘણી વખતે આપણે જોઇએ છીએ તો તેવા જીવદયાપ્રતિપાળકો ભાષા અસત્ય બોલેછે, વિશ્વાસઘાત કરેછે અને પ્રપંચ, છળ, કપટને તો પોતાની કુશલતા માનેછે, વેપારમાં અનેક રીતે દેખીતા સાહુકારો બની પરધન હરણ કરેછે. પોતાના ફાયદામાં બીજાને ગમે તેટલી નુકશાનીનો ભોગ આપવા તેમાં તેઓ નિઃશંક નિડરપણે વર્તેછે. આ શું કહેવાય? બીજા સામાન્ય જીવોને બચાવી મનુષ્ય જાતપ્રત્યે તેઓ કેવા નિર્દય બનેછે એ આ ઉપરના લખાણથી સમજી શકાશે. તો એવાઓ અહિંસા પરમો ધર્મઃ એ શબ્દની વ્યાખ્યાને લાયક બિલકુલ ગણી શકાય નહિ.

મનુષ્યદયાના સંબંધમાં બહુ મંદતા રહેછે અને કાંઇપણ તેતરફ લક્ષ ખેંચાતું હોય તો તે વિવેકપૂર્વક તો નહિજ ગણી શકાય. એક દુઃખી માણસને દશ રૂપીઆ આપી દઇએ તેના કરતાં તે પોતે દશ રૂપીઆ કમાઇ શકે તેવો બનાવીએ તો વધારે ઉત્તમ ગણાય. દાનશાળાઓ, છાત્રશાળાઓ અને પાણીનાં પરબોની જેટલી જરૂર છે તેના કરતાં સહસ્રગણી ઉદ્યોગશાળા, હુન્નરશાળા અને વિજ્ઞાનશાળાઓની જરૂર છે. પાશ્ચાત્ય દેશના લોકો મનુષ્યદયાને વધારે માન આપેછે એમ આપણે પ્રશંસીએ છીએ, પણ તેના કરતાં ભારતવર્ષના મનુષ્યોના પ્રાચીન રીતરીવાજો વધારે ઉત્તમ છે એમ માન્યા વિના નહિ ચાલે. કેમકે મનુષ્યપ્રેમ, કુટુંબપ્રેમ, જ્ઞાતિપ્રેમ અને વાત્સલ્ય

આર્યાવર્તના મનુષ્યોને વારસામાં મળેલ છે તે કરતાં વિપરીત પાશ્ચાત્ય દેશીઓની સ્થિતિ છે અને તેને લઇનેજ ઘણા નિરાધાર દુઃખી મનુષ્યો તે દેશમાં દેખાયછે જેને લઇને મનુષ્યોને સુખી કરવા તેમનું વલણ અને તેવી સંસ્થાઓ ત્યાં વધારે નજરે પડેછે. હવે દયાના પ્રકાર સમજીએ.

એક દુઃખી માણસને આજીવિકાને રસ્તે ચઢાવીએ એ શું દયા નથી? માંદા માણસને માટે આરોગ્યભવનો બાંધવામાં આવે એ શું દયા નથી? દુર્વ્યસનમાં સપડાતા મનુષ્યોને સુધારવા અને તેઓને સારે રસ્તે લગાડવા એ શું દયા નથી? એક માણસની કોઇ જાતની ભૂલ થઇ હોય તો જે કારણથી ભૂલ થઇ હોય તે કારણ સુધારી આપી તેને ભૂલ વિનાનો બનાવીએ એ શું દયા નથી? એક માણસ બીજા માણસસાથે વેર બાંધીને બેઠો હોય તેઓનું સમાધાન કરી આપી મિત્રો બનાવીએ એ શું દયા નથી? દુનિયામાં નિંદકોની બીકથી જેઓ લજ્જાને વશ થઇ પોતાના પ્રાણનો અકાળ ત્યાગ કરેછે તેવી નિંદાથી રહિત થવું એ શું દયા નથી? ખરી રીતે જો દયા મનુષ્યોમાં ઉદ્ભવી હોય અને દયાનું સ્વરૂપ સમજાવ્યું હોય તો દુનિયામાં થતા કલેશ, કંકાસ, કુસંપ, ખુન, લડાઇઓ અને બીજાં એવાં દુષ્કૃત્યો હયાતી ધરાવેજ નહિ; માટે અહિંસા પરમો ધર્મઃ એ સર્વોત્તમ સૂત્રનું રહસ્ય સમજાયુંજ નથી તેને લઇને આપણે જગત્‌માં અવ્યવસ્થા જોઇએ છીએ.

અહિંસાને પરમ ધર્મનું એટલે સર્વોત્કૃષ્ટ ધર્મનું જે બીરૂદ આપવામાં આવ્યું છે તે સહેતુ, સત્ અને તે પણ પૂર્ણ સત્ છે એમ દરેકને સ્વીકારવું પડશે. કેમકે વિચારતાં સમજાયછે કે બીજા જુદા જુદા ધર્મોમાં ધર્મનાં જે જે અનુષ્ઠાન બતાવવામાં આવ્યાં છે તે દરેક અહિંસા ધર્મને પ્રાપ્ત કરવાને માટે અને પ્રાપ્ત થયેલને સુરક્ષિતપણે રાખવાને માટેજ કર્ત્તવ્યરૂપે ફરમાવવામાં આવેલ છે. એના આપણે કેટલાએક સર્વમાન્ય દાખલાઓ લઇએ. જેમકે દાન આપવું એ ધર્મ સર્વમાન્ય છે અને તે દાનશબ્દ દયાનુંજ પ્રતિપાદન કરેછે. પરોપકાર કરવો એ કાર્ય પણ દયાનેજ પુષ્ટિ આપેછે. સત્ય બોલવું, ચોરી ન કરવી, બ્રહ્મચર્ય, પરિગ્રહઉપરથી મમત્વ અથવા લોલુપતા ત્યાગવી એ દરેક વ્રત–નિયમો દયાનેજ ખાતર નિર્માયેલા છે, અહિંસા પરમો ધર્મઃ એ વાક્યનો વધારે ઉચ્ચ કોટીએ અર્થ કરીએ તો એમ પણ થઇ શકેછે કે પરમ ધર્મ એટલે (ઉત્કૃષ્ટમાં ઉત્કૃષ્ટ ધર્મ) આત્મધર્મને પ્રાપ્ત કરવો હોય તો તે અહિંસાથીજ થાયછે. અત્યારસુધીમા આપણે પરહિંસાના ત્યાગનુંજ સમર્થન કરેલું છે. જો કે અવાંતરે પરહિંસાના ત્યાગમાં સ્વદયા ઉપર ઉપરથી આવી જાયછે પણ વધારે સ્પષ્ટીકરણ કરવામાટે લખવું પડેછે કે આત્મદયા એટલે કે આત્માની અહિંસાને મેળવવી એજ ઉત્કૃષ્ટ ધર્મ છે. જ્યાંસુધી જીવને જન્મવું મરવું રહેલ છે ત્યાંસુધી જીવની દરેક ગતિમાં મરણાંતે હિંસા થાયછે, તો જીવે એવા શુદ્ધ સ્વરૂપમાં ઉપસ્થિત થવું જોઇએ કે કર્મ અથવા

તો સંસ્કાર નજ લાગી શકે. સંસારમાં પરિભ્રમણ જે કર્મઉપાધિથી જીવનું થાયછે તે કર્મબંધથી જીવને તદન દૂર રાખવો એ સ્વ અહિંસા છે અને તેથીજ અંતે અજરામરપદને મોક્ષપદ જ્યાં મરવું નથી અને જ્યાં જરા નથી, જન્મ નથી એવું અક્ષય સુખ તે આત્મા મેળવે તો અહિંસાથી પરમ ધર્મ એટલે મોક્ષધર્મ અથવા તો કૈવલ્ય જ્ઞાનપૂર્વક શુદ્ધ આત્મધર્મ પ્રાપ્ત કરવો તે પરમ ધર્મ કહેવાય અને તે ધર્મ સ્વપર હિંસાના ત્યાગથીજ મેળવી શકાયછે.

અહીં સ્વહિંસા ત્યાગ એ દ્રવ્યહિંસા–બાહ્યહિંસા ન સમજવી પણ ભાવહિંસા જે ક્રોધ, માન, માયા, લોભ, રાગ, દ્વેષ એ અંતરંગ રિપુથી આત્મામાં મલિનતાનું થવું તે સ્વહિંસા છે અને તેવી હિંસા પૂર્વોક્ત ષટ્રિપુનો ત્યાગ કરવાથીજ દૂર થાયછે અને તે દૂર થયેથી અનુક્રમે આત્મસ્વરૂપ પ્રાપ્ત થાયછે અને તેથીજ અહિંસા પરમો ધર્મ એ વાક્યની સર્વોત્કૃષ્ટ સાર્થકતા ઉપસ્થિત થાયછે. તો તેવી અહિંસાથી આત્મધર્મ પ્રાપ્ત થાઓ અને એવા કર્ત્તવ્ય પરાયણ આપણે બનીએ. એ આ લેખનો ઉદ્દેશ છે.

*અમેરિકાના યુનાઇટેડ સ્ટેટના પ્રેસીડેન્ટ અબ્રાહામ લિંકન પોતાની ઓફીસમાં જતાં રસ્તામાં એક ડુક્કર કાદવમાં ખુંચી ગયેલ ને નીકળી શકે નહિ તેને જોઇ તેની પાસે જઇ પોતાનાં ગારાવાળાં લુગડાં થાય તેની દરકાર નહિ કરતાં ડુક્કરને બચાવ્યું. ઓફીસના માણસો ગારાવાળાં લુગડાંનું કારણ જાણી સ્તુતિ કરવા લાગ્યાં કે આપ દયાળુ છો, તેના જવાબમાં કીધું કે વ્યર્થ સ્તુતિ કરશો નહિ. તે ડુક્કરના દુઃખથી મારા હૃદયપર દુઃખની અસર થઇ અને તે દૂર કરવાને માટે મેં તે ડુક્કરને બહાર કાઢયું.

જો આ પ્રમાણે અનાર્ય છતાં પ્રાણીઉપર દયા બતાવેછે તો આર્ય પ્રજાએ આત્મહિત સાધવામાટે દયાસંબંધી ખાસ ધ્યાન રાખવાનું છે. વળી તે પ્રમાણે મનની લાગણીમાં અપવિત્ર વિચારો ક્યારે લાવવા નહિ. કારણકે તેથી દુઃખનો અનુભવ કરવો પડેછે.

મનની શુભાશુભ લાગણીનું ફળ.

×એકવાર એક રાજા મૃગયા રમવા ગયો અને એક સિંહની પાછળ પડવાથી તેનાં માણસોથી જૂદો પડી ગયો. સૂર્યના સખત તડકાથી તે તૃષાતુર થયો. તે અરણ્યમાં એક ન્હાનોસરખો બગીચો તેને જણાયો અને તેમાં તે પેઠો. રાજા શિકારી પોષાકમાં હોવાથી અને બગીચાના માળીએ રાજાને પહેલાં

* સ્વામી રામતીર્થ—ભાગ પહેલો.
× સ્વામી રામતીર્થ—ભાગ બીજો.

કદી જોયો ન હોવાથી તે રાજાને ઓળખી શકયો નહિ. અને તરસ લાગી છે, કંઇક પીવાનું આપ એમ રાજાએ તેને કહ્યું. માળી એકદમ બગીચામાં ગયો અને એક દાડમ લઇ તેના દાણા નીચોવી રસનું એક પવાલું ભરી રાજાપાસે લઇ આવ્યો. રાજા તે તરત પી ગયો પરંતુ તેની તરસ મટી નહિ તેથી તેણે પેલા માળીને બીજો થોડો રસ લાવવા કહ્યું. માળી તે લેવા ફરીથી બાગમાં ગયો. રાજા વિચાર કરવા લાગ્યો કે "આ બાગની જમીન અત્યંત રસાળ જણાયછે. એક ઘડીમાં પ્યાલો ભરીને આ માળી દાડમને રસ લઇ આવ્યો. આ બાગના માલેકની તપાસ કરી તેના ઉપરનો કર ખૂબ વધારવો જોઇએ." આતરફ પેલા માળીને બહુજ વાર લાગી કલાક થયો તોપણ તે રસ લઇને આવ્યો નહિ, ત્યારે રાજાને ચિંતા થઇ કે પ્રથમ મેં પીવાનું માગ્યું ત્યારે એક ક્ષણમાં તે પ્યાલો ભરી રસ લાવ્યો અને અત્યારે લગભગ કલાક થવા આવ્યો છતાં તેનાં પ્યાલામાં રસજ કેમ એકઠો થતો નથી? એક કલાકે માળી પ્યાલો લાવ્યો પરંતુ તે અધૂરો હતો. "પહેલી વખત તરત ભરાયો અને આ વખતે આખો કલાક તેમાં ગાળ્યો તોપણ અધૂરો રહ્યો એનું કારણ શું?" એમ પૂછતાં વૃદ્ધ અને જ્ઞાની માળીએ જવાબ આપ્યો કે "પ્રથમ જ્યારે હું આપને માટે રસ કહાડવા ગયો ત્યારે રાજાની બુદ્ધિ સારી હતી પરંતુ બીજી વખત હું ગયો ત્યારે રાજાનો કૃપાળુ અને પ્રજાવત્સલ સ્વભાવ બદલાઇ જઇ તેની બુદ્ધિ ફરી ગઇ હોવી જોઇએ. તે કારણથી પૃથ્વી રસ ચોરી ગઇ અને તેથી પ્યાલો ભરાયોજ નહિ. મારાં રસથી ભરેલાં દાડમ એકાએક નિરસ થઇ ગયાં એનું કારણ મને બીજું કંઇજ સૂઝતું નથી."

રાજાએ પોતાનાં મનમાં વિચાર કર્યો કે માળીનું કહેવું અક્ષરે અક્ષર સત્ય છે. બાગમાં પેસતી વખતે ત્યાનાં લોકો ગરીબ છે અને તેમને મદદ કરવાની જરૂર છે એવા દયા અને પ્રેમના વિચારો રાજાના મનમાં હતા; પરંતુ જ્યારે તે માળીએ એક ક્ષણવારમાં પ્યાલો ભરીને રસ કહાડી આપ્યો ત્યારે તેનું મન બદલાયું અને બુદ્ધિ પણ ફરી ગઇ. રાજાનું વિશ્વસાથેનું ઐકય તૂટતાંજ બગીચાનાં દાડમપર તેની અસર થઇ. રાજાતરફથી પ્રેમતત્ત્વનો ભંગ થતાંજ દાડમનાં વૃક્ષોએ પોતાનો રસ શોષી લીધો.

આ કથા ખરી હોય કે ખોટી તેની સાથે આપણે કાંઇ કામ નથી. પરંતુ એટલું નિર્વિવાદ છે કે જ્યાંસુધી કુદરતની સાથે તમારી પૂર્ણ એકવાકયતા છે, જ્યાંસુધી વિશ્વસાથે તમારૂં ઐકય છે, જ્યાંસુધી તમે પોતાનું દરેક-સાથે અને સર્વસાથે અભિન્નત્વ માનોછો ત્યાંસુધી સર્વ ઉપાધિ, પરિસ્થિતિ અને વાયુ પણ તમને અનુકૂળજ થશે અને જે ક્ષણે તમે સંબંધ તો-ડશો તેજ ક્ષણે સર્વ તમારી વિરૂદ્ધ થશે અને તેજ ક્ષણે સર્વ જગત્ તમારાપર શસ્ત્ર ઉગામશે. પ્રેમનું આ દિવ્ય તત્વ પૂર્ણ સમજો અને તે પ્રમાણે

આચરણ કરો. પ્રેમ એ ઉત્કર્ષની જીવનકલા છે. તે હોય તોજ દયાધર્મ જાળવી શકાયછે.

આ પ્રમાણે દયાધર્મ જે મહાગહન છે, જેનું સ્મરણ હમેશાં તાજુંજ રાખવું જોઇએ, જેનો ત્યાગ કરવાથી મનુષ્યત્વ કલંકિત થઇ પડેછે અને જેને લીધે મોક્ષપદ પ્રાપ્ત થાયછે તેનું આવશ્યક વર્ણન આપી આ દયા અધિકાર પૂર્ણ કરવામાં આવેછે.

यज्ञनुं सत्यस्वरूप-अधिकार.

આ ખીમાત્રતરફ દયાની લાગણી રાખવી અને તેને દુઃખ ન દેવું એ ધર્મનું અને મનુષ્યત્વનું મુખ્ય લક્ષ્ય છે. પ્રમાદથી અથવા મિથ્યા શાસ્ત્રોથી તે લક્ષ્ય ચુકી જઇને તેનાથી ઉલટી રીતે હિંસાવાળા કર્મને કર્ત્તવ્ય સમજનારાઓને ખરી વાત સમજાવવી એ આ અધિકારની મતલબ છે. જેમાં પ્રાણીઓની હિંસા થાય એવાં કર્મને યજ્ઞ કહી તેમાં પ્રવૃત્તિ કરવામાટે ઘણાઓ લલચાયછે. કારણકે તેનાં ફળરૂપ સ્વર્ગાદિક સુખો કહેવામાં આવેછે. તેથી સ્વર્ગાદિક સુખોના સાધનરૂપ યજ્ઞનું ખરૂં સ્વરૂપ શું છે તે સમજાવવાની જરૂર છે. દરેક ધર્મમાં ઉચ્ચ કક્ષાના વિચારો તેના સંબંધમાં નીચે આપેલા વર્ણનને અનુસરતાજ છે.

ઉત્તમ યજ્ઞ કરનાર કોણ છે?

अनुष्टुप् (१ थी १४).

यः कर्म हुतवान् दीप्ते, ब्रह्माग्नौ ध्यानध्यायया ।
सा निश्चितेन योगेन, नियागप्रतिपत्तिमान् ॥ १ ॥

શબ્દાર્થ—તીવ્ર બ્રહ્માગ્નિને વિષે ધ્યાનરૂપી ધ્યાયાએ કરીને કર્મનો હોમ જેણે કર્યો છે, તે નિશ્ચિત યોગે કરીને નિયાગને વિષે ગૌરવવાન છે. ૧.

વિવેચન—ધ્યાયા એટલે યજ્ઞની અગ્નિમાં સમિધનો પ્રક્ષેપ કરવાનું સાધન, ઉપકરણ ધ્યાનરૂપી સાધનથી, જાજ્વલ્યમાન બ્રહ્માગ્નિ-નિર્વિકાર ચૈતન્યસ્વરૂપી

અગ્નિ-ને વિષે આઠ પ્રકારના કર્મનો જેણે હોમ કર્યો છે, ધર્મધ્યાનાદિ પરિણામયુક્ત, શુદ્ધ આચાર પ્રવૃત્તિરૂપ બ્રહ્મને વિષે સ્થિત થઇને કર્મસમૂહનો જેણે ક્ષય કર્યો છે; એવા મુનિ સુવિચારરૂપ મહામંત્રે કરીને યુક્ત છે અને નિયાગ એટલે અતિશયે કરીને પરમેશ્વરની પૂજામાં ગૌરવવાન્ છે. ૧.

જ્ઞાનયજ્ઞમાં આસક્તિ રાખવાની ભલામણ.

पापध्वंसिनि निष्कामे, ज्ञानयज्ञे रतो भव ।
सावद्यैः कर्मयज्ञैः किं, भूतिकामनयाविलैः ॥ २ ॥

શબ્દાર્થ—પાપનો નાશ કરનાર અને અભિલાષારહિત એવા જ્ઞાનમય યજ્ઞને વિષે પ્રીતિવાળા થાઓ. વિભૂતિમાં અભિલાષાએ કરીને મલિન એવા સાવદ્ય યજ્ઞોએ કરીને શું લાભ?

વિવેચન—અશુભ કર્મનો જે નાશ કરેછે અને નિખિલ અભિલાષ જેમાંથી ચાલ્યો ગયો છે, એવા સ્વપર સ્વરૂપ અવભાસી અને વિશુદ્ધકારી બોધરૂપી યજ્ઞમાં પ્રીતિવાળા થાઓ. ભૂતિ એટલે સુખસંપત્તિ, તેની અભિલાષાએ કરીને મલિન અને પશુવધાદિ પાપમય અગ્નિષ્ટોમાદિથી કયું કાર્ય સિદ્ધ થાયછે? અર્થાત્ કંઇ સિદ્ધ થતું નથી. ૨.

હિંસાયુક્ત યજ્ઞ એ બંધનરૂપ છે.

वेदोक्तत्वान्मनःशुद्ध्या, कर्मयज्ञोपि योगिनः ।
ब्रह्मयज्ञ इतीच्छन्तः, श्येनयागं त्यजन्ति किम् ॥ ३ ॥

શબ્દાર્થ—કોઇ કહેછે કે વેદોક્ત હોવાથી કર્મયજ્ઞ પણ મનશુદ્ધિએ કરીને બ્રહ્મયજ્ઞ છે, એવી ઇચ્છાવાળા યોગીઓ શ્યેનયાગને શામાટે તજેછે?

વિવેચન—પૂર્વોક્ત પશુવધાદિ ક્રિયારૂપ યજ્ઞ જો કે હિંસામય છે તોપણ તે કરવાનું વેદશાસ્ત્રમાં કહ્યું છે, તેથી વેદમાં જે કહ્યું છે તે કરવામાં દોષ નથી, તેથી મનશુદ્ધિના હેતુએ કરીને-કર્મયજ્ઞથી ચિત્તની વિમલતા થાયછે એવા હેતુએ કરીને પૂર્વોક્ત યજ્ઞ જ્ઞાનમય થાયછે, એવું ઇચ્છવાવાળા કર્મયજ્ઞની અભિલાષાવાળા યોગીઓ શ્યેનયાગનો કેમ ત્યાગ કરેછે? વેદમાં કહ્યું છે કે 'श्येनेनाभिचरन् यजेत्' માટે શ્યેનયાગ પણ વેદોક્ત છે તેથી મનશુદ્ધિ કરશે. માટે તેનો ત્યાગ કેમ કરોછો? તેથી સર્વ પ્રકારના હિંસક યજ્ઞો મુમુક્ષુએ તજવા યોગ્ય છે. ૩.

ગૃહસ્થ અને યોગીમાટે ઉચિત યજ્ઞ.

ब्रह्मयज्ञः परं कर्म, गृहस्थस्याधिकारिणः ।
पूजादि वीतरागस्य, ज्ञानमेव तु योगिनः ॥ ४ ॥

શબ્દાર્થ—વીતરાગની પૂજાદિરૂપ ગૃહસ્થ અધિકારીનું ઉત્કૃષ્ટકર્મ બ્રહ્મયજ્ઞરૂપ છે અને યોગીઓને જ્ઞાન એજ ઉચિતકર્મ છે.

વિવેચન—હમેશાં કુટુંબપાલનાદિએ કરીને ગૃહારંભમાં પ્રવર્તન કરનાર ન્યાયોપાત્ત દ્રવ્યાદિપણાએ કરીને કર્મયજ્ઞ વિધિને વિષે યોગ્ય, એવાની સાવદ્ય પ્રવૃત્તિ છે, તેથી વીતરાગ એટલે સકલકર્મના જવાથી જે નિરંજન છે એવા પરમેશ્વરની જળ, ચંદન, પુષ્પ, ધૂપ, દીપ, અલંકારોએ કરીને પૂજા કરવી, જિનબિંબથી પ્રતિષ્ઠા કરવી, મુનિને દાન આપવું વિગેરે તદ્રૂપ ઉત્કૃષ્ટકર્મ–પૂર્વોક્ત પૂજારૂપ કર્મયજ્ઞ–પૂર્વોક્ત જ્ઞાન યજ્ઞનો હેતુ છે, માટે જ્ઞાનયજ્ઞ છે, એમ જાણવું. સર્વ આરંભરહિત મુનિને તો સ્તુતિ, સ્તોત્રાદિએ કરીને જ્ઞાનયજ્ઞજ ઉચિત છે. ૪.

અધિકારને અનુસરીને વર્ત્તવાની ભલામણ.

भिन्नोद्देशेन विहितं, कर्म कर्मक्षयाक्षमम् ।
क्लृप्तभिन्नाधिकारं च, पुत्रेष्ट्यादिवदिष्यताम् ॥ ५ ॥

શબ્દાર્થ—ભિન્ન ઉદ્દેશથી કરેલી ક્રિયા કર્મક્ષય કરવાને અશક્ત છે. રચનાએ કરીને જેનો અધિકાર ભિન્ન છે તે પણ પુત્રેષ્ટયાદિવત્ અનર્થકારી છે એમ સમજવું.

વિવેચન—આત્માની મોક્ષપ્રાપ્તિ સિવાય અન્ય ઉદ્દેશથી કરેલું પૂજાદિકર્મ અને ભોગપ્રાપ્તિ આદિરૂપ પ્રવૃત્તિના પ્રયોજને કરેલું કર્મ જ્ઞાનાવરણાદિ કિલષ્ટકર્મનો વિનાશ કરવાને સમર્થ નથી, રચનાએ કરીને યોગ્યતા જ્યાં ભિન્ન છે તે પણ પુત્રેષ્ટયાદિવત્ અનર્થકારી છે. જેમકે ગૃહસ્થને ઉચિતકર્મ સાધુ કરે તો તે સાધુને અનર્થકારી છે. પુત્રને માટે યજ્ઞ કરવો તે પુત્રેષ્ટિ કહેવાયછે કે—

"गृहीत्वा पञ्चवर्षीयं पुत्रेष्टिं प्रथमं चरेत् ।"

તેની જેમ આ પણ અનર્થકારી છે એમ સમજવું. ભાવાર્થ એવો છે કે, જમદગ્નિએ રેણુકાની પ્રાર્થનાથી પુત્રેષ્ટિએ કરીને વિપ્રપુત્રત્વ અને ક્ષત્રિયપુત્રત્વ નિમિત્તે વિપ્રચરૂ અને ક્ષત્રિયચરૂ સાધ્યા. લોભને વશ થઇ રેણુકાએ ક્ષત્રિય-

ચરૂનું ભક્ષણ કર્યું અને વિપ્રચરૂ કૃતવીર્યની પત્નીને આપ્યો. યોગ્યતા ભેદ થવાથી મહા અનર્થ થયો. તેજ પ્રમાણે ગૃહસ્થ યોગ્ય સ્નાનપૂજાદિ કરનાર ત્યાગી અને ત્યાગી યોગ્ય ભિક્ષા દેશનાદિ કરનાર ગૃહસ્થ અનધિકારી હોવાથી, અનર્થ પ્રાપ્ત કરેછે. ૫.

બ્રહ્માર્પણકર્મની વ્યાખ્યા.

ब्रह्मार्पणमपि ब्रह्मयज्ञान्तर्भावसाधनम् ।
ब्रह्माग्नौ कर्मणो युक्तं, स्वकृतत्वस्मये हुते ॥ ६ ॥

શબ્દાર્થ—બ્રહ્માર્પણ પણ બ્રહ્મયજ્ઞના અંતર્ભાવનું સાધન છે, એમ માનો તો સ્વકૃત અહંકારનો હોમ કર્યે સતે બ્રહ્માગ્નિને વિષે કર્મનો હોમ યુક્ત છે.

વિવેચન—"હું જે કાંઇ કરૂંછું તે કાંઇ મારૂં નથી, સર્વ બ્રહ્માર્પણ છે." આવી બુદ્ધિને જ્ઞાનયજ્ઞના અંતર્ભાવનું કારણ જો માનો તો સ્વકૃતપણાના—'આ મેં કર્યું' એવા—અહંકારનો હોમ કર્યે સતે બ્રહ્માગ્નિને વિષે જ્ઞાનાવરણાદિ કર્મનો હોમ કરવો યુક્ત છે. પોતે જે કાંઇ કરે તે સર્વનું બ્રહ્મને અર્પણ કરો અને તેથી કરીને સ્વત્વ અહંકારનો હોમ કરો એટલે જ્ઞાનાવરણાદિ કર્મનો બ્રહ્માગ્નિને વિષે હોમ કરો તે યુક્ત છે. ૬.

ब्रह्मण्यर्पितसर्वस्वो, ब्रह्मदृग् ब्रह्मसाधनः ।
ब्रह्मणा जुह्वदब्रह्म, ब्रह्मणि ब्रह्मगुप्तिमान् ॥ ७ ॥

ब्रह्माध्ययननिष्ठावान्, परब्रह्मसमाहितः ।
ब्राह्मणो लिप्यते नाघैर्नियागप्रतिपत्तिमान् ॥ ८ ॥

ज्ञानसार.

શબ્દાર્થ—બ્રહ્મને વિષે જેણે સર્વસ્વ અર્પણ કર્યું છે, જેની બ્રહ્મદૃષ્ટિ છે, બ્રહ્મ જેનું સાધન છે, બ્રહ્મે કરીને અબ્રહ્મનો જેણે હોમ કર્યો છે, જે બ્રહ્મચર્યને વિષે નવ પ્રકારના શીલનું રક્ષણ કરનાર છે, જે બ્રહ્માધ્યયનની નિષ્ઠાવાળા છે, પરબ્રહ્મને વિષે સમાહિત છે, એવા નિયાગ પ્રતિપત્તિવાળા બ્રહ્મવેદી પાપોએ કરીને લેપાતા નથી.

વિવેચન—નિર્વિકાર ચૈતન્ય સ્વભાવને વિષે સર્વ આત્મભાવ જેણે કર્યો છે. બ્રહ્મ એટલે શ્રુતજ્ઞાનરૂપ જેનું નેત્ર છે, બ્રહ્મ એટલે શુદ્ધ સ્વભાવમય મોક્ષ તેજ જેનું નિષ્પાદન છે, શુદ્ધ તપે કરીને મદનવિકારનો જેણે હોમ કર્યો છે અને બ્રહ્મચર્યને વિષે નવ પ્રકારના શીલનું જે રક્ષણ કરેછે અને વળી બ્રહ્મ એટલે સાધુનો શુદ્ધ આચાર તેનું પ્રતિપાદન કરનાર આચારાંગજીના નવ અ-

ધ્યયનો તેમાં કહેલા આચારની પૂર્ણતા જેને છે અને પરબ્રહ્મ એટલે પરિપૂર્ણ શુદ્ધ સ્વરૂપને વિષે એકત્વભાવ જેણે પ્રાપ્ત કર્યો છે એવા અને પરમેશ્વરપૂજાને વિષે કર્ત્તવ્યતાજ્ઞાનવાળા બ્રહ્મવેદી પાપકર્મોએ કરીને લેપાતા નથી. ૭, ૮.

કેવો યજ્ઞ કરવો જોઇએ.

कर्माणि समिधः क्रोधाद्यस्तु पशवो मताः ।
सत्यं यूपःपरप्राणरक्षणं दक्षिणा पुनः ॥ ९ ॥

બ્રહ્મયજ્ઞની અંદર કર્મો સમિધરૂપ છે, ક્રોધાદિ કષાયો પશુઓસમાન છે, સત્ય યજ્ઞના સ્તંભસમાન છે અને અન્ય પ્રાણીઓનાં પ્રાણની રક્ષા કરવી તે દક્ષિણાતુલ્ય છે. ૯.

इन्द्रियाणि पशून् कृत्वा, वेदीं कृत्वा तपोमयीम् ।
अहिंसामाहुतिं कृत्वा, आत्मयज्ञं यजाम्यहम् ॥ १० ॥

ઇંદ્રિયોને પશુઓ કરીને, તપસ્યારૂપ વેદી બનાવીને અને તેમાં અહિંસારૂપ આહુતિ આપીને હું આત્મયજ્ઞ કરૂંછું. ૧૦.

પશુઓથી યજ્ઞ કરવાનું પરિણામ.

अंधे तमसि मज्जामः, पशुभिर्ये यजामहे ।
हिंसानाम भवेद्धर्मो, न भूतो न भविष्यति ॥ ११ ॥

અમો જે પશુઓથી યજ્ઞ કરીએ છીએ, તે અમો અજ્ઞાનરૂપ અંધકારમાં ડૂબીએ છીએ. હિંસા એ શું ધર્મ ગણાય? તેવો ધર્મ ભૂતકાળમાં થયો નથી તેમ ભવિષ્યકાળમાં થશે પણ નહિ અર્થાત્ તે હિંસાધર્મ આધુનિક અધર્મજ છે. ૧૧.

હિંસાથી સ્વર્ગ કેમ મળી શકે?

यूपं कृत्वा पशून्हत्वा, कृत्वा रुधिरकर्दमम् ।
यद्येवं गम्यते स्वर्गो, नरके केन गम्यते ॥ १२ ॥

યજ્ઞસ્તંભ કરીને, પશુઓને હણીને અને રૂધિરનો કાદવ કરીને જો સ્વર્ગે જવાતું હોય તોપછી નરકે કોણ જશે? ૧૨.

સનાતન યજ્ઞ.

सत्यं यूपं तपो ह्यग्निः, प्राणाः समिधयो मताः ।
अहिंसामाहुतिं दद्यादेष यज्ञः सनातनः ॥ १३ ॥

જેમાં સત્યરૂપી યજ્ઞસ્તંભ છે, તપરૂપી અગ્નિ છે, પ્રાણરૂપી સમિધ્ છે અને અહિંસારૂપી આહુતિ અપાયછે, તે સનાતન યજ્ઞ છે. ૧૩.

કેવા અગ્નિહોત્રની જરૂર છે?

तपोग्नौ जीवकुण्डस्थे, दममारुतदीपिते ।
असत्कर्मसमित्क्षेपैरग्निहोत्रं कुरूत्तम ॥ १४ ॥

હે ઉત્તમ પુરૂષ! જીવરૂપી કુંડમાં તપરૂપી અગ્નિને દમ–ઇંદ્રિય દમનરૂપ પવનવડે પ્રજવલિત કરી તેમાં નઠારા કર્મરૂપી સમિધ્ (કાષ્ઠ) નાંખી અગ્નિહોમકર્મ એટલે કર્મોને તપથી ભસ્મ કરી શુદ્ધ થા. ૧૪.

યજ્ઞપશુની એક વ્યાજબી દલીલ.

शार्दूलविक्रीडित.

नाहं स्वर्गफलोपभोगतृषितो नाभ्यर्थितस्त्वं मया,
सन्तुष्टस्तृणभक्षणेन सततं साधो न युक्तं तव ।
स्वर्गं यान्ति यदा त्वया विनिहता यज्ञे ध्रुवं प्राणिनो,
यज्ञं किं न करोषि मातृपितृभिः पुत्रैस्तथा बान्धवैः ॥ १५ ॥

सूक्तिमुक्तावली.

યજ્ઞમાં હોમવાને તૈયાર કરેલો પશુ યજમાનને કહેછે કે, હે યજ્ઞ કરનાર સાધુપુરૂષ! હું સ્વર્ગના ફળનો ઉપભોગ કરવાની તૃષ્ણાવાળો નથી, તેમ મેં તેને માટે તારી પ્રાર્થના પણ કરી નથી. હું તો ઘાસભક્ષણ કરી સદા સંતોષ પામી રહુંછું, તેથી મારો હોમ કરવો, એ તને ઘટિત નથી. તેં યજ્ઞમાં હણેલાં પ્રાણીઓ જો નક્કી સ્વર્ગે જતાં હોય તો તારાં માતાપિતા, પુત્રો અને બાંધવોનો હોમ કરી યજ્ઞ કેમ કરતો નથી? ૧૪.

ગરીબોમાટે સાધન તે યજ્ઞ.

*આ વાત લક્ષમાં રાખવી જોઇએ કે હવન કરવા અને લોકોને જમાડવા એ બન્ને બાબતોની હવામાં જે રસાયનિક ક્રિયા થાયછે તે સરખીજ છે. ત્યારે કૃત્રિમ અગ્નિના મુખમાં અમૂલ્ય ઘીનો અપવ્યય કરવાને બદલે ભૂખે મરતાં

* સ્વામી રામતીર્થ—ભાગ બીજો.

પરંતુ નારાયણસ્વરૂપ લાખો ગરીબ લોકોનાં અસ્થિ તથા માંસનો ભક્ષ કરી જતા જઠરાગ્નિના મુખમાં સૂકા રોટલાના સાત દિવસના વાસી ટુકડા શામાટે નાંખતા નથી? આવા હવનની આજે હિંદુસ્તાનને વધારે આવશ્યકતા છે.

વળી હજારો માણસને એક દિવસમાં જમાડ્યાં તેમાં શું દહાડો વળ્યો? આવા વિવેકરહિત પરોપકારથી માત્ર સંભાવિત ભિખારીઓની સંખ્યા વધે છે. હિંદુસ્તાનમાં આ સર્વ દૈન્ય અને દારિદ્ર શાથી વધ્યાં છે? દેશ, કાળ અને સત્પાત્રનો વિચાર ન કરીને આપેલા દાનથી.

પંચમહાભૂતને દેવતા કલ્પીને તેમની સાથે માત્ર એક પ્રકારની દુકાન-દારીનોજ વ્યવહાર રાખવામાં આવ્યો હતો એમ કહેવામાં કાંઇ હરકત નથી. આ વ્યાપારમાં કાંઈ આધુનિક મારવાડીપણું દાખલ થયું નહોતું પરંતુ તેમાં લેણદેણ અને અરસપરસના કાયદાની વણિગ્વૃત્તિ તો અવશ્ય હતીજ.

આ સર્વે યજ્ઞો માત્ર 'જો' પર અવલંબી રહ્યા હતા. જો વરસાદ જો-ઇતો હોય તો આ યજ્ઞ કરો; જો પ્રજોત્પત્તિની ઇચ્છા હોય તો પેલો યજ્ઞ કરો; જો વિજયની લાલસા હોય તો અમુક યજ્ઞ કરો, જો દ્રવ્યની આવશ્ય-કતા હોય તો કોઇ ઇતર યજ્ઞ કરો ઇત્યાદિ.

આ પ્રમાણે આ સર્વે યજ્ઞો માણસની પોતાના કામનાપર અવલંબી રહેલા હોવાથી તેઓ પ્રથમ ફરજીઆત નહોતા, પણ ઐચ્છિક હતા; પરંતુ ધીમે ધીમે તે શિષ્ટાચાર અને રીવાજતરીકે રૂપાંતર પામ્યા અને આખરે મનુષ્ય પોતેજ પોતાની જાતપર લાદેલા નિત્યકર્મતરીકે તેને ઉપાડવા લાગ્યા.

આગળ 'રામ' જણાવેછે કે સ્મૃતિ (કાયદા), રૂઢિ, આચાર, વિધિ, સંસ્કાર-કર્મકાંડ-બદલાતાં ગયાં છે એટલુંજ નહિ પણ એકજ દેશના જૂદા જૂદા ભાગમાં તે ભિન્ન ભિન્ન છે. કોઇ પણ સમાજની જીવિત દશાનો આધાર તે સમાજના ચલિતપણું, વૃદ્ધિ અને ઉચિત ફેરફાર કરવાપર રહેલો છે "પ-રિવર્તન (ફેરફાર) કરો, નહિ તો મરો." એ સૃષ્ટિનો ઉગ્ર મંત્ર છે.

આટલામાટે આપણે આપણાં કર્મકાંડ બદલી પરિસ્થિતિને અનુકૂળ કરવાં જોઇએ—આપણી આવશ્યકતાઓ વેદકાલીન ઋષિઓની આવશ્યકતાથી ભિન્ન છે, જે 'જો' ના ઉપર સર્વ કર્મકાંડ અવલંબી રહ્યા હતા તે 'જો' (કામના) હવે બદલાઇ ગયા છે. જો તમારે ઢોર જોઇએ તો ઇંદ્રદેવને બલિ-દાન આપો, જો તમારે સંતતિ જોઇએ તો પ્રજાપતિને સંતુષ્ટ કરો, ઇત્યાદિ પ્રશ્નો આજે આપણી સમક્ષ નથી. આજના કર્મકાંડ નીચે પ્રમાણે પરિવર્તન પામેલા સ્વરૂપમાં હોવા જોઇએ. દિવસે દિવસે વધતા જતા અને સુધરતા ઉદ્યોગ ધંધાના આ જમાનામાં જો તમારે જીવતા રહેવું હોય અને રાષ્ટ્રીય ક્ષયથી ધીમે ધીમે ક્ષીણ થઇને મરવું ન હોય તો વિદ્યુતરૂપી માતરિશ્વાને

કબજે કરો, બાષ્પ (વરાળ) રૂપી વરૂણને તાબે કરો અને કૃષિશાસ્ત્રરૂપી કુબેરની સાથે મૈત્રી બાંધો, તમને આ જ્ઞાન આપનારો શિલ્પજ્ઞ અથવા શાસ્ત્રજ્ઞ ગુરૂ આ નૂતન દેવની સાથે તમારો પરિચય કરાવનાર પુરોહિત છે.

'રામ'ની ઉપર પાખંડી ભાષા વાપરવાનો આરોપ મૂકવાનો પ્રયત્ન કરશો નહિ. આ લોકમાં સર્વે વસ્તુ રૂપાંતર પામેછે. આપણા દેશનું સ્વરૂપ પ્રાયઃ સર્વથા બદલાઇ ગયું છે. સરકાર બદલાઇ ગઇ, ભાષા બદલાઈ ગઈ. લોકોના વર્ણ બદલાઇ ગયા, ત્યારે વૈદિકકાળના દેવો હજી શામાટે પારણામાં હીંચકા ખાધા કરેછે? જેમ જેમ વર્ષ વધતાં જાયછે તેમ તેઓ પારણામાંથી ઉતરીને આપણીસાથે છૂટથી રમતા કેમ નથી? તેમજ મનુષ્યોની સાથે ઓળખાણ કેમ વધારતા નથી?

હવે મારે યજ્ઞની અગ્નિ સળગાવવાની જરૂર ન હોવાથી લુહારની ભઠ્ઠીમાંની અગ્નિ મારે મનથી તેટલીજ પવિત્ર છે. પ્રિય બંધુ! ખેડૂતના ખટારાને ઇંદ્રનો રથ બનાવી દેવામાં માત્ર 'રામ'ની દષ્ટિનીજ જરૂર છે. આ ઇશ્વરીદૃષ્ટિ પ્રાપ્ત કરવામાંજ યજ્ઞનું ખરૂં રહસ્ય સમાઇ જાયછે.

આદિત્યનું બલિદાન આપવું એટલે એવો નિશ્ચય કરવો કે કોઇની દૃષ્ટિને ક્ષોભ થાય એવી ખરાબ વર્તણુક કદી પણ ચલાવવી નહિ તથા આપણા તરફ દૃષ્ટિપાત કરનાર સઘળા લોકોને પ્રેમ, સ્મિત અને સુભાષિતનોજ અનુભવ કરાવવો. સર્વ નેત્રોમાં ઇશ્વરને જોવો એનું નામજ 'આદિત્યનું બલિદાન' છે.

ઇંદ્રને બલિદાન આપવું એટલે દેશના સર્વે હાથોના હિતને માટે શ્રમ કરવો. યોગ્ય ખોરાક યોગ્ય પ્રકારે આપવામાં આવતાં તે સર્વે જણને પોષણ આપેછે. હાથના સ્નાયુઓને તેનો ખોરાક–શ્રમ અને વ્યાયામ–આપવામાં આવતાં તે તે હૃષ્ટપુષ્ટ થાયછે. આ પ્રમાણે ઇંદ્રને બલિ આપવાનો અર્થ એ થાયછે કે રોજગારની શોધમાં ફરતા લાખો રંક હાથોને ધંધોરોજગાર શોધી આપવો. ઇંદ્રને યોગ્ય બલિ આપવામાં આવશે તો દેશમાં સમૃદ્ધિ અવશ્ય વધશેજ. સર્વે હાથોને રોજગાર મળશે એટલે દારિદ્ર ક્યાં રહેનાર છે? ઇંગ્લાંડમાં ખેતી બિલકુલ કરવામાં આવતી નથી. એમ કહીએ તોપણ ચાલે, તે છતાં પણ તે દેશ સમૃદ્ધ છે એનું કારણ શું? કારણ એ છે કે ત્યાં હસ્ત દેવતા ઇંદ્રને અજીર્ણ થાય ત્યાંસુધી કળા–કૌશલ્ય તથા ઉદ્યોગધંધાનો ખોરાક આપવામાં આવેછે. સર્વેનું હિત સાધવામાટે સર્વે હાથોએ સાથે મળી કામ કરવું એ ઇંદ્રને માટે કરેલો યજ્ઞ છે. વિશ્વહિત સાધવામાટે સર્વે મસ્તકે સાથે મળી કામ કરવું એ બૃહસ્પતિનો યજ્ઞ છે. સર્વેના હિતમાટે સર્વે અંતઃકરણોની એકતા થવી એ હૃદયદેવતા ચંદ્રનો યજ્ઞ છે. આજ પ્રમાણે ઇતર દેવતાઓના સંબંધમાં સમજવું.

સંક્ષિપ્તમાં દેવતાયજ્ઞનો અર્થ એ છે કે આપણો હાથ સર્વ હાથોને-સમસ્ત દેશને-અર્પણ કરવો, આપણું મન સર્વ મનોને અર્પણ કરવું અને આપણું હિત દેશના હિતને અર્પણ કરવું. બીજા શબ્દોમાં બોલીએ તો तत्त्वमसि (તે તું છે) એ મંત્રને વ્યવહારમાં આણવો એજ ખરો યજ્ઞ છે.

અફસોસ! જ્યાં માત્ર સીક્કા (છાપ) તુંજ અસ્તિત્વ હોયછે, અંતઃકરણનો બિલકુલ ભાવ અથવા નિશ્ચય હોતો નથી ત્યાં આવા ઢોંગમાંથી શું ફળની આશા રાખી શકાય? અને જ્યાં કોઇ પણ ભાવના કિંવા કલ્પનાનો સંપર્ક-સુદ્ધાં હોતો નથી, માત્ર બાહ્ય અર્થશૂન્ય વિધિ કિંવા ચિન્હોનો બોજોજ આપણાપર લાદવામાં આવતો હોય ત્યાં ગતપ્રાણ (પ્રાણવગરનું) થયેલું શરીરજ માત્ર શેષ રહેછે. આવા શબ્દને તત્કાળ દહન દઇ દ્યો. તેની સુશ્રૂષા કર્યા કરશો નહિ. હવે એ કાર્ય ભયંકર અને વિઘાતક નિવડશે. હવે તો સજીવ હોય તેવાં ચિન્હો કિંવા વિધિઓનો સ્વીકાર કરો.

કેટલાક લોકો એવા છે કે તેઓ પ્રાચીનગત વૈભવનું સતત સ્મરણ કરી બેસી રહેવું એને મૂર્ત્તિમંત સ્વદેશાભિમાન સમજેછે! આ લોકોને નવીન પરિસ્થિતિમાં પોતાના જૂના ઘરનો બોજો પોતાની પીઠપર લઇને ફરનારી ગોકળ-ગાયનીજ ઉપમા આપવી જોઇએ અથવા આ લોકોને જૂની અને નિરૂપયોગી થઇ ગયેલી ખાતાવહીના પોથાનાં પાનાં ઉથલાવતા બેસી રહેનારા દીવાળીઆ પેઢીદારજ કહેવા જોઇએ. હવે વિચાર કરવામાં વખત ગુમાવશો નહિ. હિંદ દેશ એક વાર મહાન્ ગણાઇ ગયો છે. સર્વને એકત્ર કરો. તમારૂં બળ અમર્યાદ છે. ખરી લાગણી ઉત્પન્ન કરો એટલે હિંદુસ્તાન પુનઃ મહાન્ થશે.

"યજ્ઞથી દુઃખનિવૃત્તિ થાયછે" એ સૂત્ર પ્રાચીનકાળમાં જેટલું સત્ય હતું તેટલું આજે પણ સત્ય છે; પરંતુ નિરપરાધી પશુઓનું બળિદાન આપવાથી નહિ, પણ પ્રેમ દેવીની આગળ પક્ષાભિમાન, જાતિઅભિમાન, મત્સર, ઇર્ષ્યા વિગેરેનો ભોગ આપવાથીજ આ ભૂમિમાં સ્વર્ગ આવી રહેશે.

આ પ્રમાણે સત્ય વાત સમજાવીને આ અધિકારની સમાપ્તિ કરવામાં આવેછે.

जलगालन–अधिकार.

યુક્તસ્વરૂપમાં જોડાવામાટે શુદ્ધ વસ્તુનો ઉપયોગ કરવો જોઇએ તેમાં પાણીની મુખ્ય અગત્ય હોવાથી તે અધિકાર લેવામાં આવ્યો છે તેથી મોહોટા જીવની રક્ષા કરવાની સાથે અતિ સૂક્ષ્મજીવોની હિંસાના હેતુભૂત પણ આપણે ન થવું તેમાટે પાણીને ગાળીનેજ ઉપયોગ કરવો. આ બાબત બ્રાહ્મણધર્મ તથા જૈનધર્મ આમ બન્ને ધર્મના પુસ્તકોમાંથી નીકળી આવેછે. તેથી પાણી ગાળ્યા સિવાય તેનું પાન કરનાર મનુષ્યને પાપની પ્રાપ્તિ થાયછે ઇત્યાદિ બાબત સમજાવવાસારૂ આ અધિકારનો આરંભ કરવામાં આવેછે.

વસ્ત્રથી ગાળીને પાણી પીવું.

अनुष्टुप् (१ थी ८).

दृष्टिपूतं न्यसेत्पादं, वस्त्रपूतं पिबेज्जलम् ।
सत्यपूतां वदेद्वाचं, मनःपूतं समाचरेत् ॥ १ ॥

श्रीमद्भागवत.

નજરથી પવિત્ર કરીને પગ મૂકવો એટલે જન્તુ વિગેરેનું નિરીક્ષણ કરી જે સ્થાનમાં જંતુઓ ન હોય તેવી જમીનમાં પગ મૂકી ચાલવું અને વસ્ત્રથી ગાળી પાણી પીવું ને સત્યથી પવિત્ર એવું વાક્ય બોલવું. તેમજ મનથી પવિત્ર એવા સદાચારનું આચરણ કરવું. ૧.

મચ્છીમારકરતાં પણ વધારે પાપી.

सम्वत्सरेण यत्पापं, कुरुते मत्स्यबन्धकः ।
एकाहेन तदाप्नोति, अपूतजलसङ्ग्रही ॥ २ ॥

જે પાપ મચ્છીમાર એક વર્ષમાં કરેછે તે પાપને અપવિત્ર જળનું ગ્રહણ કરનાર પુરૂષ એક દિવસમાં પ્રાપ્ત કરેછે. ૨.

કેવું પાણી ગળીને પણ શુદ્ધ કરી શકાતું નથી?

कुसुम्भकुङ्कुमाम्भोवन्निचितं सूक्ष्मजन्तुभिः ।
सुदृष्टेनापि वस्त्रेण, शक्यं शोधयितुं जलम् ॥ ३ ॥

महाभारत.

જે પાણી કુંભાનાડા (નાડાછડી) તથા કુંકુમની માફક લાલભાવને પ્રાપ્ત થયું છે અથવા ડોળું છે અને સૂક્ષ્મ જન્તુઓથી વ્યાપ્ત છે તે પાણી સુંદર નજરવાળા પુરૂષવડે ઉત્તમ ગરણાથી પણ શોધી (ગાળી) શુદ્ધ કરી શકાતું નથી. ૩.

જળને ગાળી શુદ્ધ કરી ગ્રહણ કરનારનું માહાત્મ્ય.

यः कुर्यात्सर्वकर्माणि, वस्त्रपूतेन वारिणा ।
स मुनिः स महासाधुः, स योगी स महाव्रती ॥ ४ ॥

જે મનુષ્ય વસ્ત્રથી (ગાળી) પવિત્ર કરેલા પાણીથી સર્વ કર્મો કરેછે તે મુનિ, તે મહાસાધુ, તે યોગી અને તે મહાવ્રત કરનાર (કહેવાય છે). ૪.

વસ્તુશુદ્ધિના જુદા જુદા પ્રકાર.

जलं गलनवस्त्रेण, विवेकेन गुणव्रजः ।
सद्दानेन गृहारम्भो, वचः सत्येन शुध्यति ॥ ५ ॥

पुराण.

વસ્ત્રવડે ગાળવાથી પાણી પવિત્ર થાયછે, વિવેકથી ગુણનો સમૂહ શુદ્ધ થાયછે, ઉત્તમ દાનથી ગૃહસ્થાશ્રમ પવિત્ર થાયછે અને સત્યથી વચન શુદ્ધ થાયછે. ૫.

પવિત્ર જળની શ્રેષ્ઠતા.

जलेन वस्त्रपूतेन, यः स्नापयति माधवम् ।
सर्वपापविनिर्मुक्तो, विष्णुना सह मोदते ॥ ६ ॥

नारदीयपुराण पूर्वभाग प्रथमपाद.

વસ્ત્રથી પવિત્ર એવા પાણીથી જે મનુષ્ય શ્રીમાધવભગવાનને સ્નાન કરાવેછે તે મનુષ્ય સર્વ પાપોથી મુક્ત થયેલો શ્રીવિષ્ણુભગવાનસાથે (વૈકુંઠમાં) આનન્દને પ્રાપ્ત થાયછે. ૬.

પાણી કેવા વસ્ત્રથી ગાળવું.

षट्त्रिंशदङ्गुलं वस्त्रं, चतुर्विंशतिविस्तृतम् ।
तद्वस्त्रं द्विगुणीकृत्य, तोये तेन च गालयेत् ॥ ७ ॥

पुराण.

છત્રીશ આંગળ લાંબું ને ચોવીશ આંગળના વિસ્તારવાળું જે વસ્ત્ર છે તેને બેવડું કરીને તેનાથી પાણી ગાળવું. ૭.

ગળણામાં રહેલા જન્તુઓને મૂકવાનો નિર્ણય.

तत्र स्थाने स्थिताञ्जीवान्स्थापयेज्जलमध्यतः ।
जीवरक्षणहेतुश्च, इत्येवं मनुरब्रवीत् ॥ ८ ॥

मनुः

તે ગળણામાં રહેલા જીવોને પાણીના મધ્યમાં રાખવા. કારણકે આ જીવના રક્ષણનું કારણ છે એમ શ્રીમનુરાજાએ કહ્યું છે. ૮.

પાણીમાં જન્તુઓ દેખાતા ન હોય છતાં શાવાસ્તે ગાળવું ?

उपजाति.

सूक्ष्माणि जन्तूनि जलाश्रयाणि, जलस्य वर्णाकृतिसंस्थितानि ।
तस्माज्जलं जीवदयानिमित्तं, निर्ग्रन्थशूराः परिवर्जयन्ति ॥ ९ ॥

मनुस्मृति.

પાણીના સમાન રંગ તથા આકારને પ્રાપ્ત થયેલાં સૂક્ષ્મ જંતુઓ પાણીનો આશ્રય કરી રહ્યાં છે તેથી દયા નિમિત્ત નિર્ગ્રન્થ (જેઓની હૃદયની અજ્ઞાનરૂપી ગાંઠ છૂટી ગઇ છે) એવા શૂર પુરૂષો (મહામુનિઓ) સચેત પાણીનો ત્યાગ કરેછે. ૯.

જૈનેતર શાસ્ત્રમાં પણ જળશુદ્ધિનું વર્ણન છે એ બતાવી આ જલગાલન અધિકાર પૂર્ણ કરવામાં આવેછે.

उच्छिष्ट जलपाननिषेध–अधिकार.

જેમ જળ ગાળ્યા સિવાય પીવું તેમ ઉચ્છિષ્ટ જળ પીવું એ પણ હાનિકારક હોવાથી તેમી ચેતવણીરૂપે આ અધિકાર લેવામાં આવેછે.

*ઉન્નતિનાં પ્રતિબંધક કારણોમાં સર્વથી પ્રથમ કારણ, એક મનુષ્યે પીધેલું પાણી બીજા મનુષ્યે પીવું એ છે. એક પાત્રથી જે પાણી પીધું તેના

* ભાગ્યોદય.

તેજ પાત્રથી બીજાએ, ત્રીજાએ, ચોથાએ એમ પરંપરાથી ઘણા મનુષ્યો પીતા જોવામાં આવેછે, ઉપરથી જોતાં આમાં કાંઇ દોષ જેવું જણાશે નહિ, પણ તેના કારણોની તપાસ કરતાં આવી રીતે પાણી પીવું તે એઠું પાણી પીવા બરાબર છે. એકનું વધેલું અન્ન આપણે ખાતા નથી, તો પાણી પણ જે પાત્રથી પીધું હોય તે પાત્ર સાફ કર્યા સિવાય પીવું એ એઠું થાયછે. એ પવિત્રતાને જાણનાર મનુષ્યથી સહજ સમજાય તેમ છે. ધાર્મિક દૃષ્ટિથી એ વાત બાજુએ મૂકીએ તોપણ આરોગ્યની દૃષ્ટિથી વિચાર કરતાં એકનું મોં દુર્ગંધ મારતું હોય અથવા બીજો કંઈ ચેપી રોગ થયેલો હોય તો તેના ચેપને લીધે બીજા પીનારને પણ નુકસાન થાય એ સ્વાભાવિક છે. જેવી રીતે કપડાંને પરસેવાથી અસર થાયછે, તેવીજ રીતે પાત્રને પણ મોંમાંથી નીકળતા શ્વાસની ગંધને લીધે તેના સંસ્કારો પડેછે, તે બીજાનામાં આવેછે. ધારો કે કોઇ માણસ વ્યસની છે, તે દારૂનું સેવન કરેછે, તેના પીધેલા પાત્રથી બીજો માણસ પીશે તો તેની વાસ આવ્યા સિવાય રહેશે નહિ અર્થાત્ સૂક્ષ્મ દૃષ્ટિથી વિચાર કરીશું તો આવી રીતે પાણી વિગેરે પીવાથી એકના દોષ બીજાનામાં આવેછે, અથવા તેને જે રોગ થયો હોય તેનો ચેપ તેના શરીરમાં તે દ્વારા દાખલ થાયછે. વૈષ્ણવસંપ્રદાયમાં ઘણે ઠેકાણે પાણી ઉંચેથી પીએછે, અર્થાત્ પીવાનું પાત્ર મોઢે અડકાડતા નથી. આ અતિશય શુદ્ધિની વાત છે, તે બનવી કઠણ પડે પણ દરેક પોતપોતાનાજ પાત્રથી પાણી પીએ એ વાત બનવી અસંભવિત છે એમ નથી. ન્યાતમાં અથવા બીજે ઠેકાણે જમવા જાયછે, ત્યાં જળપાત્ર લેઇ જવાયછે, તેથી પણ બનતાંસુધી એકબીજાના પાત્રથી પાણી ન પીવાનું બની શકેછે, પણ આ બાબતનો મોટો દોષ જ્યાં ઘણી મંડળી એકત્ર થઇ હોયછે, ત્યાં એક માણસ પાણી પીનાર હોયછે ત્યારે એકજ પાત્રથી ઘણા માણસો પાણી પીએ છે ને કોઇને તેની લેશમાત્ર શંકા સરખી પણ થતી નથી. જ્યારે કોલેરા કે એવો ચેપી રોગ થાયછે, ત્યારે મનુષ્ય સ્વચ્છ પાણીની, તેના પાત્રની અને બીજાનું પીધેલું પાણી નહિ પીવાની એવી ઘણી સંભાળ રાખેછે. શું આવી સંભાળ જ્યારે આવો રોગ ફાટી નીકળે ત્યારેજ રાખવાની છે કે હમેશના માટે રાખવાની છે? મારા એક વિદ્વાનમિત્ર હમેશ પોતાના નોકર પાસેથી પાણી મંગાવી પીતા હતા. પાણી જે પાત્રમાં રહેતું હતું તે સારૂં થાયછે કે કેમ તથા તે પાણી ગાળવામાં આવેછે કે કેમ તેની તે ભાગ્યેજ દરકાર રાખતા અને તેમના બેચાર મિત્રો આવે તે પણ એજ પાત્રથી પાણી પીતા હતા. એક વખત કોલેરા જોરથી શરૂ થયો ત્યારે દૂષિત પાણી પીવાથી કોલેરા થાયછે, એવી વાર્ત્તાઓ છાપાદ્વારા જાહેર થઇ તેનું વાતાવરણ થવા માંડયું એટલે સ્વચ્છ પાણી પીવાની કાળજી થઇ. જો કે ગાળ્યા વગરનું તથા વાસી પાણી જેમાં જંતુઓ પડેછે, તેવું દૂષિત પાણી પીવાથી રોગ થાયછે એમ સર્વ જાણેછે,

પણ કોણુ જાણે હાલની સુધરેલી પદ્ધતિનો એ સ્વભાવ છે કે જ્યાંસુધી કાર્યનું દર્શન પ્રત્યક્ષ થાય નહિ, ત્યાંસુધી તેના કારણના શોધની દરકાર કરવી નહિ, તે પ્રમાણે કોલેરાના ચાલતા સપાટાથી મનની ભભરામણ વધી કે તેની સાથે પાણી ગાળેલું છે કે, તેનું રાખવાનું પાત્ર સાફ કર્યું છે કે એવી તપાસ થવા માંડી. આવી કાળજી આરોગ્યઅર્થે પણ હમેશ રાખવી આવશ્યક છે, છતાં આપણી બેદરકારીથી તેનું પરિણામ કોઇક વખત ભયંકર આવેછે. ઘણાઓ કહેછે કે પાણી ગાળીને ન પીધું તેથી શું? એકનું પીધેલું પાણી બીજાએ પીધું તેથી શું? વિગેરે ઉતાવળના પ્રશ્ન કરેછે પણ જરાક ઉંડા ઉતરીને તે જો વિચાર કરે કે ગાળેલું પાણી ન પીવાથી કેટલાકને ગડ, ગુમડ ને વાળા વિગેરે થાયછે, તે તમો જાણોછો? એકનું પીધેલું પાણી બીજાએ પીવાથી કોલેરાજેવા ચેપી રોગો થાયછે તે તમે જાણોછો? આવી રીતે ઉંડા ઉતરી વિચાર કરવાથી એવા પ્રશ્ન પૂછનારને પણ તત્કાળ સમાધાન થઇ શકે તેમ છે, પણ ઉંડા ઉતરી સારાસારનો વિચાર કરવાની કોને જરૂર છે? મુદ્દાની આજકાલ એજ વાત છે કે, શરીરનું, આબરૂનું, સગાંસંબંધીનું અને દેશનું ગમે તે થાઓ પણ આપણે તો કલદારનું ભજન કરીએ છીએ. કેવી વિપરીત સ્થિતિ આપણી થઇ ગઇ છે? અને આવી સ્થિતિ આપણી ઉન્નતિને કરનારી છે કે અધોગતિને? તે વાતનો બહુ સૂક્ષ્મ રીતે શાંતિથી વિચાર કરવાની જરૂર છે.

પીધેલું પાણી પીવાના સંબંધમાં બીજી વાત એ જોવામાં આવેછે કે કેટલેક ઠેકાણે પાણીઆરાઉપર માટલી મૂકેલી હોયછે અને તેના ઉપર ટીનનું પ્યાલું ખાસું રંગ ચઢાવેલું હોયછે, કે જે ઉટકવાની પણ મહેનત પડે નહિ, તેવું ગોઠવેલું હોયછે. જેને પાણી પીવું હોય તે એ પ્યાલાને માટલીમાં બોળે ને ત્યાંજ ઉભા ઉભા પીએ. વળી તે પીતાં પીતાં પાણી નીચે માટલીમાં પડે તોપણ ચિંતા નહિ.

એમ દિવસમાં જેટલા મનુષ્યો આવે તે પાણી પીએ. જાણે કૂતરાની ચાટજ જોઇ લ્યો. ચાટમાં ખાવાનું અને પાણી પડેલું હોયછે, તે જે કૂતરૂં આવે તે પીએ તેવી સ્થિતિ છે, છતાં તેનો વિચાર સરખો કરવામાં આવતો નથી કે આવી રીતે પાણી પીવાથી આપણને લાભ છે કે હાનિ. વળી લગ્ન અને મરણના પ્રસંગમાં પાણીની કોઠીઓ તથા પવાલાં ભરવામાં આવેછે તેમાંથી તો જેને જોઇએ તે પાણી લે. આ ભ્રષ્ટતાની કંઇ હદ છે? નાતના શુભેચ્છકો શું આવી બાબતનો બંદોબસ્ત ન કરે? જમવામાં અનેક સ્વાદિષ્ટ ભોજન હોય, પણ પાણીનો આવો ગંદવાડ હોય તે કેટલા અનર્થને કરેછે તે વાત પણ સુજ્ઞ જનોએ વિચારવા જેવી છે. એકંદરે આરોગ્યને ઇચ્છનાર પ્રત્યેકે આ પાણી પીવાની બાબતમાં પણ બહુ વિવેકથી વર્તવાની જરૂર

છે અને તેઉપરના વિવેચનથી સુજ્ઞ વાંચકોના લક્ષમાં આવ્યા સિવાય રહ્યું નહિ, હોય.

રોગ તથા ભ્રષ્ટતાને મટાડવાને ઉપર પ્રમાણે વર્ણન કરી આ ઉચ્છિષ્ટ જલપાનનિષેધ અધિકાર પૂર્ણ કરવામાં આવેછે.

सत्यव्रत-अधिकार.

શુદ્ધ અન્ન-જળનો ઉપયોગ કર્યા વિના સત્યવ્રત પાળવું કઠિન છે. કારણકે જેવો આહાર તેવો ઓડકાર એટલે એલચી ખાવામાં આવી હોય તો તેવો ઓડકાર આવેછે અને ડુંગળી ખાધી હોય તો તેવો ઓડકાર આવેછે તેથી પવિત્ર અન્ન-જળ વાપરવાની ટેવ પડયા પછીજ સત્યવ્રત પાળવાની ઉત્કંઠા વધેછે માટે "સત્ય" એ ધર્મનું ઉત્તમ કેન્દ્રસ્થાન છે. સત્યહીન પુરૂષનાં ઐહિક તથા પારલૌકિક એ બન્ને કાર્યો વિનાશને પામેછે. તેથી સત્ય એ સર્વ ધર્માનુયાયી પુરૂષોનો સર્વમાં સરખો મનાતો ઉત્તમ આશ્રય છે ઇત્યાદિ સત્યસંબંધી બાબત જણાવવાસારૂ આ અધિકારનો આરંભ કરવામાં આવેછે.

હજાર અશ્વમેધ યજ્ઞોકરતાં સત્ય વધારે ઉત્તમ છે.

अनुष्टुप् (१-२).

अश्वमेधसहस्रं च, सत्यं च तुलनाधृतम् ।
अश्वमेधसहस्राद्धि, सत्यमेव विवर्धते ॥ १ ॥

पुराण.

કાંટાના એક પલ્લામાં એક હજાર અશ્વમેધ યજ્ઞોનું ફળ મૂકયું હોય અને બીજા પલ્લામાં સત્ય મૂકી તોળવામાં આવે તો હજાર અશ્વમેધકરતાં સત્યજ વધી જાયછે. ૧.

જો કે અનાપૃષ્ટ એટલે ન પૂછેલું ન કહેવું જોઇએ પરંતુ નીચે દર્શાવેલ પ્રસંગોમાં સત્ય હોય તે જરૂર કહેવું.

धर्मध्वंसे क्रियालोपे, स्वसिद्धान्तार्थविप्लवे ।
अपृष्टेनापि शक्तेन, वक्तव्यं तन्निषेधकम् ॥ २ ॥

सूक्तिमुक्तावली.

ધર્મનો નાશ થતો હોય, નિત્યનૈમિત્તિકાદિ ક્રિયાનો લોપ થતો હોય અને સ્વધર્મના સિદ્ધાન્તના અર્થનો નાશ થતો હોય આવા કાર્યોમાં કોઇ કાંઇ ન પૂછે તેમ છતાં પોતે શક્ત હોય તો તે બધાં કુકાર્યોનો નિષેધ કરનારૂં વાક્ય બોલવું. ૨.

સત્યથી ઇષ્ટની પ્રાપ્તિ અને અનિષ્ટનો નાશ થાયછે.

उपजाति.

पूजायशःश्रीमुखसङ्गतानि, पुण्यप्रतिष्ठाविभुताहितानि ।
भवन्ति सत्येन तथाप्रियान्ता, रिपूरगव्याघ्रजलानलाः स्युः ॥ ३ ॥

જગતમાં સત્કાર, કીર્ત્તિ, શ્રીભગવાનના મુખરૂપ એવા મહાત્માઓનો સંગ, પવિત્ર ધર્મની સ્થિરતા, મહત્તા અને કલ્યાણ આ સમગ્ર ફળો સત્યથી થાયછે તેમ શત્રુ, સર્પ, વાઘ, પાણી, અગ્નિ આદિ અપ્રિય કરનારા ભૂતો નાશ પામેછે અર્થાત્ સત્યવાદી પુરૂષને કાંઇ પરાભવ કરી શકતા નથી. ૩.

રાજાપ્રતિ ઉપદેશ.

इन्द्रवज्रा.

गोभूमिकन्यापरकूटसाक्ष्यन्यासापहारप्रमुखानि राजन् ।
स्थूलान्यलीकानि कथञ्चनापि, द्वेषेण रागेण वदेन्न विद्वान् ॥ ४ ॥

नरवर्मचरित्र.

હે રાજન્! ગાય, ભૂમિ તથા કન્યાની બાબતમાં અસત્ય વચન બોલવું નહિ તેમ સાક્ષી તથા થાપણ વિગેરે બાબતમાં પણ જૂઠું બોલવું નહિ તેમ બીજે કોઇ સ્થળે વિદ્વાન્ મનુષ્યે ક્યારે પણ મોહથી કે દ્વેષથી જૂઠું બોલવું નહિ. ૪.

સત્ય વચનોનું ફળ.

उपजाति.

कुर्वन्ति देवा अपि पक्षपातं, नरेश्वराः शासनमुद्वहन्ति ।
शान्ता भवन्ति ज्वलनादयो यत्, तत्सत्यवाचां फलमामनन्ति ॥ ५ ॥

सूक्तिमुक्तावली.

જે સત્યવાદી પુરૂષોની દેવતાઓ પણ પક્ષપાત કરેછે, રાજાઓ આજ્ઞા ઉઠાવેછે અને અગ્નિ જેવા ઉગ્રપદાર્થો શાન્ત થઇ જાયછે તે સત્ય વચનોનું ફળ કહેલું છે. ૫.

તથા—

शार्दूलविक्रीडित (६–७).

विश्वासायतनं विपत्तिदलनं देवैः कृताराधनम्,
मुक्तेः पथ्यदनं जलाग्निशमनं व्याघ्रोरगस्तम्भनम् ।
श्रेयःसंवननं समृद्धिजननं सौजन्यसंजीवनम्,
कीर्तेः केलिवनं प्रभावभवनं सत्यं वचः पावनम् ॥ ६ ॥

(હે ભવ્યો ! હિતકારક, પ્રિય એવું સત્ય વચન બોલો. કારણકે) સત્ય વચન વિશ્વાસનું સ્થાનક છે, દુઃખોનું નાશક છે, દેવલોકોથી સેવાયેલ છે, મુક્તિનું ભાતું છે, જળ તથા અગ્નિને શમન કરનારૂં છે, વ્યાઘ્ર તથા સર્પનું સ્તંભન કરનારૂં છે, મોક્ષને વશ કરનારૂં છે, સંપદને આપનારૂં છે, સુજનતાને ઉત્પન્ન કરનારૂં છે, યશને રમવાનું આરામવન છે, મહિમાનું ઘરરૂપ છે અને (સર્વદા) પવિત્ર કરનારૂં છે. ૬.

વળી—

तस्याग्निर्जलमर्णवः स्थलमरिर्मित्रं सुराः किङ्कराः,
कान्तारं नगरं गिरिर्गृहमहिर्माल्यं मृगारिर्मृगः ।
पातालं बिलमस्त्रमुत्पलदलं व्यालः शृगालो विषम्,
पीयूषं विषमं समं च वचनं सत्याञ्चितं वक्ति यः ॥ ७ ॥

सिन्दूरप्रकर.

જે મનુષ્ય સત્યમય વચન બોલેછે, તે મનુષ્યને અગ્નિ સત્યના પ્રભાવથી જળ થાયછે, સમુદ્ર પૃથ્વી બનેછે, શત્રુ મિત્ર થાયછે, દેવો નોકર બનેછે, જંગલ નગર થાયછે, પર્વત ઘર બનેછે, સર્પ પુષ્પની માળા થાયછે, સિંહ હરણ બનેછે, પાતાળ ખાડો થાયછે, શસ્ત્ર કમળજેવું કોમળ બનેછે, દુષ્ટ હાથી શિયાળ થાયછે, મહા કાળકૂટ ઝેર અમૃત બનેછે અને સંકટવાળું સ્થાન સંપદમય થાયછે, (અર્થાત્ આ સર્વ સત્ય બોલવાના ગુણો છે, માટે સાચુંજ બોલવું). ૭.

સત્યવિના વાણી શોભતી નથી.

शार्दूलविक्रीडित.

*काया हंस विना नदी जल विना दाता विना याचका,
भ्राता स्नेह विना कुलं सुत विना धेनुश्च दुग्धं विना ।
दानं पात्र विना निशा शशि विना पुण्यं विना मानवा,
एते सर्व न शोभते इह तथा वाणी च सत्यं विना ॥ ८ ॥

कस्यापि.

જીવ વિનાનું શરીર, પાણી વિના નદી, દાતા વિનાના ભિક્ષુકો, સ્નેહરહિત ભાઇ, પુત્રહીન કુટુંબ, દૂધહીન ગાય, સત્પાત્ર વગરનું દાન, ચંદ્ર વિનાની રાત્રિ, પુણ્ય વિનાના મનુષ્યો; આ બધાં જેમ શોભતાં નથી તેમ અહીં વાણી તે સત્યવિના શોભતી નથી. ૮.

દરેક વસ્તુમાંથી સાર શોધવાની રીત.

મનહર.

જૈસે હંસ નીરકો તજત હૈ અસાર જાણી,
સાર જાણી ખીરકો નિરાળો કરી પીજીએ;
જૈસે દધિ મથત હી કાઢી લેત ઘૃત ઘૃત,
ઔર રહી વહી સબ છાછ છાંડી દીજીએ;
જૈસે મધુ મક્ષિકા સુવાસકું ભ્રમર લેત,
તૈસે હી વિચાર કરી ભિન્ન ભિન્ન કીજીએ;

* આ શ્લોક ગુજરાતી ભાષાથી મિશ્રિત છે.

સુંદર કહત તાતેં વચન અનેક ભાંતી,
વચનમેં વચન વિવેક કરી લીજીએ; ૯

સુંદરવિલાસ.

દોહા.

જૂઠી વાતે જો કદી, મૂઠી મળે અનાજ;
ઉઠી એમાં આગ્ય તો, રૂઠી ઉઠે રાજ. ૧૦

ઇંદ્રવિજય.

સત્ય બધાં સુખનું શુભ સાધન,
સત્યવિના કહેવાય કુધારો;
સત્ય થકી દલપત કહે,
થિરધારપણું વ્યવહારનું ધારો;
સત્ય ગયા પછી સૃષ્ટિ વિષે,
અતિ સંકટનો નહિ અલ્પ ઉધારો;
સત્ય સમસ્ત સુધારણ મૂળ,
અસત્યથી અસ્ત સમસ્ત સુધારો. ૧૧

દલપત.

ગરબી.

અરે આરશી મેં તને ઓળખીરે, તું તો શુભ ગુણવંતી ગણાય;
સત્યવાદી તું સાચી આરશીરે—ટેક૦
તારા આગળ આવી જે ઉભું રહેરે, જેવું હોય તેવું જણાય. સત્ય૦ ૧૨
તું તો ગુણદોષ હોય તે દેખાડતીરે, જેવી સાચે સાચી કહે વાત. „
ભલે હોય તે પોતાનું કે પારકુંરે, તારે પંડે નહિ પક્ષપાત. „ ૧૩
હોય રાંક કે રાજા ભલે રહ્યારે, કોઇની શરમાવી ન શરમાય. „
બીક દેખાડતાં તું બીહે નહિરે, લાંચ આપવાથી ન લલચાય. „ ૧૪

રાગ દ્વેષ તું લેશ નથી રાખતીરે, માટે રાખે હૃદ કોણ રોષ. સત્ય૦
તું તો નકટાને નકટું કહેરે, જાણે તે પણ પોતાનો દોષ. „ ૧૫
પુઠ પાછળ તું બડબડતી નથીરે, સાચેસાચું કહે મુખોમુખ. „
તારૂં દિલ સ્વચ્છ દેખતાં દેખાયછે, તેથી દિલમાં ન ધરે કોઇ દુઃખ. „ ૧૬
તારી આગળ આવીને જે ઉભું રહેરે, સાચું તેજ તું કહેનાર. „
નથી બીજા વિષે તું કંઇ બોલતીરે, એવો નિયમ ધર્યો તેં નિરધાર. „ ૧૭
તારી સત્યતાને સો ચહાય છેરે, હોંસે હોંસે ઝાલે તને હાથ. „
નાના મોટા અને રાય રંકનેરે, સૌને ગમેછે તારો સાથ. „ ૧૮
તારા સત્ય ઉપર કોપ જે કરેરે, તેને લોક કરે ધિક્કાર. „
તેને મોટો મૂરખ ગણે માનવીરે, પક્ષ તારો તાણે નરનાર. „ ૧૯

દલપત.

સત્યવિના અનેક રીતે હાનિ છે, એમ બતાવી આ સત્યવ્રત અધિકારની સમાપ્તિ કરી છે.

શુભાશુભ વચન–અધિકાર.

મનુષ્યે જેમ સત્યપાલનરૂપ વ્રત ન ચૂકવું જોઇએ તેમ તેણે શુભ વચનનું પણ પાલન કરવું જોઇએ. કારણકે અશુભ વચનથી સામા માણસનું દિલ દુખાયછે. એ સમજવામાટે આ શુભાશુભ વચન અધિકાર અહિં દાખલ કરવામાં આવેછે.

મનહર.

વચનતેં ગુરૂ શિષ્ય બાપ પૂત પ્યારો હોઇ,
વચનતેં બહુ વિધિ હોત ઉતપાત હૈ;
વચનતેં નારી અરૂ પુરૂષ સનેહી હોત,
વચનતેં દોઉ આપ આપમેં રીસાત હૈ;
વચનતેં સર્વ આઇ રાજા કે હજુર હોઇ,
વચનતેં ચાકર હુ છોડી કે ચલાત હૈ;

સુંદર સુવચન સુનત અતિ સુખ હોઇ,
કુવચન સુનતહી પ્રીતિ ઘટી જાત હૈ. ૧

વચનતેં યોગ કરે વચનતેં યજ્ઞ કરે,
વચનતેં તપ કરી દેહકું દહતુ હે;
વચનતેં બંધન કરત હે અનેક વિધિ,
વચનતેં ત્યાગ કરી વચન રહતુ હૈ;
વચનતેં ઉરજેરૂ સુરજે વચનહુતેં,
વચનતેં ભાંતી ભાંતી સંકટ સહતુ હે;
વચનતેં જીવ ભયો વચનતેં શિવ હોઈ,
સુંદર વચન ભેદ સિધાંત કહંતુ હૈ. ૨

એકનકે બચન સુનત અતિ સુખ હોઇ,
ફુલસે ઉત્તર હે અધિક મન ભાવને;
એકનીકે વચન તો અસિ માનો વરસાત,
શ્રવનકે સુનત લગત અલખાવને;
એકનીકે વચન કટુક હૂઈ વિષરૂપ,
કરત મરમ છેદ દુઃખ ઉપજાવને;
સુંદર કહત ઘટ ઘટમેં વચન ભેદ,
ઉત્તમ મધ્યમ અરૂ અધમ સુહાવને. ૩

સુંદરદાસ.

આ પ્રમાણે ટૂંકામાં શુભાશુભ વચનનો પ્રભાવ દેખાડી આ શુભાશુભ વચન અધિકાર પૂર્ણ કરવામાં આવેછે.

प्रमाणिकता–अधिकार.

ધર્મ તેમજ વ્યવહારનો મુખ્યમાં મુખ્ય આધાર શુભ વચનથી શોભિત પ્રમાણિકપણાઉપર છે તેથી પ્રમાણિકતા અધિકાર લખવો એ આવશ્યક છે.

ઉપદેશકોએ અવશ્ય સુધરવું.

*મનુષ્ય માત્રે પોતે કેવા થવું છે તેનો વિચાર કરવો જોઇએ. બીજાઓને શીખામણ દેતાં પહેલાં પોતાનામાં તે ગુણ છે કે કેમ? તેતરફ લક્ષ આપવું જોઇએ. પોતાના તરફ અલક્ષ આપી બીજાઓને લાંબી લાંબી શીખામણો દેનારા આ જગતમાં ઘણા માણસો દૃષ્ટિએ આવેછે. બીજાઓના દોષો કાઢનારા એમ સમજેછે કે આપણે તો દોષમુક્ત છીએ અને આ પ્રમાણે પોતાના તરફ લક્ષ ન આપવાથી પોતાનામાં ભરાઇ ગયેલા દુર્ગુણો દિવસે દિવસે વૃદ્ધિંગત થતા જાયછે અને બીજાઓને શીખામણ આપવા જતાં તેનામાંજ તે દોષો વિદ્યમાન હોવાથી બીજાઓ તેની શીખામણઉપર લક્ષ આપતા નથી.

તમારે જેવા થવું હોય તેવા થવાને માટે તેવા પ્રકારનું એક ચિત્ર મનમાં રચી, પછી તે ચિત્રને અનુકૂળ થવાને માટે તેના ગુણોને પોતાનામાં ધારણ કરવા. જેવા થવું હોય તેવા થવાને માટે જે એક લક્ષ્યસ્થાન પોતે કલ્પ્યું હોય તે લક્ષ્યસ્થાનનું ભાન હમેશાં કાયમ રાખવું અને તેનું કદાપિ વિસ્મરણ કરવું નહિ અને પોતે આ લક્ષ્યસ્થાનરૂપ જ્યાંસુધી ન થાય ત્યાંસુધી તે લક્ષ્યસ્થાન-રૂપ થવાને માટે તેના ગુણલક્ષણો પોતાનામાં આવે તેને માટે હમેશાં પ્રયત્ન કરવો. જેમકે આપણે આપણા ગામથી બીજે ગામ જવું હોયછે ત્યારે ઘર-માંથી નીકળતાં પહેલાં તે ગામનું ચિત્ર પ્રથમ આપણા લક્ષમાં આવેછે અને ત્યાં જવાને માટે તે રસ્તે થઇને તે ગામ પહોંચી શકાય તે રસ્તાનું ચિત્ર પણ આપણા લક્ષમાં લાવવું પડેછે અને આ પ્રમાણે આપણે કલ્પેલા ચિત્રરૂપ ગામમાં પહોંચવાને માટે જે રસ્તે થઇને જઇ શકાય તેમ હોય તે રસ્તેજ પ્રયાણ કરીએ છીએ અને જ્યાંસુધી તે ગામ ન પહોંચીએ ત્યાંસુધી તે ગા-મનું લક્ષ્યબિંદુ આપણે ભૂલતા નથી અને તે આવતાસુધી અગાડી અને અ-ગાડી રસ્તો કાપ્યા કરીએ છીએ અને જ્યારે તે ગામ પહોંચીએ છીએ ત્યારેજ આપણે આપણા મનમાંથી રસ્તાનું અને ગામનું કલ્પેલું ચિત્ર ભૂલી જઇએ છીએ તેવીજ રીતે આપણે જેવા થવું હોય તેવા આપણે જ્યાંસુધી ન થઇએ ત્યાંસુધી તેવા થવાને માટે આપણે જે પ્રયત્નરૂપી રસ્તાને કાપવો જો-ઇએ તે પ્રયત્નને ખંત રાખી કર્યા કરવો અને ધારેલા ચિત્ર પ્રમાણે આપણે થઇએ ત્યાંસુધી તે પ્રયત્નને અટકાવવો નહિ અને આપણે જેવા થવા ઇચ્છા રાખી હોય તેવા થવું. મનમાં ધાર્યું કે હું ફલાણા જેવો થવા ઇચ્છુંછું અને એવું ઇચ્છીનેજ બેસી રહેવાથી ધારેલા ચિત્ર પ્રમાણે થવાને માટે તેવા થતાં સુધી પ્રયત્નની જરૂર છે અને તે પ્રયત્ન જે માણસ ધારેલા ચિત્ર પ્રમાણે પોતે

---

* ભાગ્યોદય–અંક ૧૧ મો–વર્ષ પહેલું.

થાય ત્યાંસુધી કરે તે માણસ અવશ્ય કલ્પેલા ચિત્ર પ્રમાણે પોતાને કરી શકેછે.

આ પ્રમાણે પ્રયત્ન કરતાં વચ્ચે આડ, ઝાંખરાં કે કાંટારૂપી દુર્ગુણો કે બીજા આડે આવનારા દોષોથી ન કંટાળતાં તેના ઉપર વિજય મેળવી તેમનાથી દૂર રહી સંભાળથી પ્રયત્ન કરવો.

બીજાઓના દોષ કાઢનારાઓએ બીજાના દોષ કાઢતાં પહેલાં પોતાનામાં તે દોષ છે કે કેમ તેનો પ્રથમ વિચાર કરવો અને જો તે દોષ પોતાનામાં હોય તો તેનું પ્રથમથી નિકંદન કરી પછી બીજાને શીખામણ આપવી. ઘણું કરીને બીજાને શીખામણ આપનારામાંના ઘણામાં આવા દુર્ગુણો હોયછે કે તે પોતે એમ સમજેછે કે પોતેજ સર્વ ગુણાલંકૃત છે, પોતેજ સર્વ દોષથી મુક્ત છે અને તેવું માનીનેજ પોતાના વિચારથીજ વિરૂદ્ધ વર્તન કરનારના દોષો કાઢેછે અને તેને શીખામણ દેવા મચી પડેછે. ઘણા રૂબરૂમાં શીખામણ આપેછે ત્યારે કેટલાક પરોક્ષપણે બીજાના દ્વારા શીખામણ આપેછે અને તેમનો એક જાતનો આવો સ્વભાવજ પડી ગયો હોયછે કે જેને અને તેને શીખામણજ દેવી. આ પ્રમાણે શીખામણ દેનારામાંના ઘણા બીજાને સુધારવાને માટે શીખામણ દેછે એવું સમજીને શીખામણ દેતા નથી પણ પોતે તેના કરતાં કાંઇક વધારે જાણેછે, તેના કરતાં પોતે ડાહ્યા અને વિદ્વાન છે તેવું તે બીજા માણસ માને, બીજાના કરતાં પોતાને શ્રેષ્ઠ અને મોટો માને, આટલા પુરતા તેઓ બીજાને શીખામણ આપવા પ્રયત્ન કર્યા કરેછે. પણ આ ભાવ તેની શીખામણ સાંભળનારા માણસો સમજી જાયછે તે વખતે તેનું વજન રહેતું નથી અને આખરે તે હલકો પડી જાયછે અને તેની શીખામણોઉપર કોઇ લક્ષ આપતું નથી. માટે દરેક માણસે પોતે બીજાને શીખામણ દેતા પહેલાં જે બાબતની બીજાને શીખામણ આપવા બેસેછે તેવા કોઇ દોષ કે દુર્ગુણ પોતાનામાં છે કે કેમ તેનો તેણે પોતે પ્રથમ વિચાર કરવો જોઇએ અને જો કદાપિ પોતાનામાં તેવો દોષ કે દુર્ગુણ હોય તો તેનો ત્યાગ કર્યા પછીજ બીજાને શીખામણ દેવી કે જે સાંભળી સાંભળનાર માણસ તેનામાં તે દોષ ન હોવાને લીધે તેની શીખામણઉપર વજન રાખી કાંઇક ગ્રહણ કરે.

વાણીથી શીખામણ દેવાથી બીજાના મનઉપર જે અસર કરી શકાયછે તેના કરતાં વર્તનથી શીખામણ દેવાથી બીજાના મનમાં સજ્જડ અસર કરી શકાયછે. માટે બીજાને શીખામણ દેવાની જેને ટેવ પડી હોયછે તેણે પ્રથમ પોતાના વર્તનથીજ બીજાને શીખામણ દેવાનો પ્રયત્ન કરવો કે જેથી તેના વર્તનનું ઘણા માણસો ગ્રહણ કરી શકશે. બીજાને સુધારવા ઈચ્છનારે પ્રથમ પોતેજ સુધરવું કે તેના સુધરેલા વર્તનનું ઘણા માણસો અનુકરણ કરી શકશે. પોતાનામાં દોષ હોવા છતાં બીજાને તે દોષથી સુધારવા પ્રયત્ન કરવા એ મિથ્યા હાસ્યાસ્પદ છે.

બીજાને સુધારવા ઇચ્છનારાએ પ્રથમ પોતેજ સુધરવું તો બીજાઓ સુધરી શકશે. માટે પ્રથમ પોતે જેવા થવા ઇચ્છતા હોય તેવા થવું અને તે પછીજ બીજાને સુધારવા પ્રયત્ન કરવો. પોતે સુધરવાથી પોતાને અને બીજાને બન્નેને ફાયદો થાયછે માટે પ્રથમ પોતે સુધરવાને માટે પ્રયત્ન કરવો. પોતાને જેવા થવા ઇચ્છા હોય તેવા જ્યાંસુધી ન થવાય ત્યાંસુધી તેવા થવાને માટે નિશદિન પ્રયત્ન કરવો અને ધારેલી સ્થિતિ પ્રાપ્ત થાય ત્યારેજ તે પ્રયત્નથી વિરમવું. આમ કરવાથી પછી બીજાને સુધારવામાટે વાણીથી શીખામણ દેવાની જરૂર રહેશે નહિ પણ પોતે સુધર્યા પછી પોતાના વર્તનથીજ બીજાઓ અનુકરણ કરી અને આપોઆપ સુધરી શકશે. માટે દરેક મનુષ્યે બીજાને શીખામણ દેવાનો પ્રયત્ન વાણીથી ન કરતાં વર્તનથી કરવો અને પ્રથમ પોતે જાતે સુધરવું એજ બીજાને સુધરવાનો સર્વોત્તમ માર્ગ છે કે જેને પ્રમાણિકપણું કહેવામાં આવેછે.

આ પ્રમાણે પ્રમાણિકપણાસંબંધે ટૂંકમાં જરૂર જેટલું લખી આ અધિકાર પૂર્ણ કરવામાં આવેછે.

मिष्टभाषण-अधिकार.

પ્રમાણિકતાથી યુક્ત મિષ્ટભાષણ (મધુરવાણી) એ સુજનનું સર્વ જગત્‌ના મનને હરણ કરનાર વશીકરણ સાધન છે. મધુરવાણીથી શત્રુ પણ શાન્ત થઇ જાયછે, તેમ તેથી કોઇને દુઃખ થતું નથી જેથી ધર્મનો મુખ્ય સિદ્ધાંત કોઇને દુઃખ ન ઉપજાવવું એ પણ જળવાયછે. તેથી આ અધિકાર આવશ્યક છે.

મીઠાં વચનથી સર્વ પ્રાણીઓ પ્રસન્ન થાયછે.

अनुष्टुप् (१ थी ४).

प्रियवाक्यप्रदानेन, सर्वे तुष्यन्ति जन्तवः ।
तस्मात्तदेव वक्तव्यं, वचने का दरिद्रता ॥ १ ॥

रूपसेनचरित्र.

મીઠાં વાક્યના દાનથી એટલે પ્રિય વાક્ય કહેવાથી સર્વ જીવો પ્રસન્ન થાયછે. તેથી તેજ વાક્યનો ઉચ્ચાર કરવો. વચનમાં શી દરિદ્રતા છે? એટલે તેમાં શું ધનવ્યય થાયછે? ૧.

મિષ્ટવાદીઉપર સરસ્વતીની કૃપા.

ललितं सत्यसंयुक्तं, सुव्यक्तं सततं मितम् ।
ये वदन्ति सदा तेषां, स्वयं सिद्धैव भारती ॥ २ ॥

काव्यमाला सप्तम गुच्छक.

જે પુરૂષો સુંદર સત્યયુક્ત સુપ્રસિદ્ધ હુમેશાં નિયમવાળું વચન બોલે છે તેઓને હુમેશાં સરસ્વતી સ્વયં સિદ્ધજ રહેછે. ૨.

સુભોજન અને સુવચનની શ્લેષ અલંકારથી પ્રશંસા કરેછે.

हितं मितं प्रियं स्निग्धं, मिष्टं परिणतिप्रियम् ।
भोजनं वचनं चापि, भुक्तमुक्तं प्रशस्यते ॥ ३ ॥

ફાયદાકારક, માપસર, પ્રિય, સુકોમળ, મીઠું, પરિણામમાં હિતરૂપ એવું ભોજન તથા વચન જેઓએ જમેલું છે અને બોલેલું છે અર્થાત્ ભોજન જમેલું છે અને વચન બોલેલું છે તેમાં તે બન્ને પ્રશંસાને પાત્ર થાયછે. ૩.

પ્રિયવાદી પુરૂષોનો કોણ શત્રુ છે?

कोऽतिभारः समर्थानां, किं दूरं व्यवसायिनाम् ।
को विदेशः सविद्यानां, कोऽप्रियः प्रियवादिनाम् ॥ ४ ॥

सूक्तिमुक्तावली.

સમર્થ માનવોને કયો અતિભાર છે? ઉદ્યમીને શું દૂરછે? વિદ્વાનોને કયો વિદેશ છે? અને પ્રિયવાદી પુરૂષોનો કોણ શત્રુ છે? કોઇ નથી. ૪.

મધુર વાણીથીજ શાંતિ થાયછે.

आर्या.

न तथा शशी न सलिलं, न चन्दनं नापि शीतलच्छाया ।
आह्लादयति मनुष्यं, यथा हि मधुराक्षरा वाणी ॥ ५ ॥

रूपसेनचरित्र.

જેવી રીતે મધુર અક્ષરોવાળી વાણી મનુષ્યને ખુશ કરેછે તેવી રીતે પૂર્ણચંદ્ર, ઠંડું પાણી, ચંદન અને શીતલ છાયા આનંદ ઉત્પન્ન કરી શક્તી નથી. ૫

પરગુણપ્રશંસા.

उपजाति.

यथा तवेष्टा स्वगुणप्रशंसा, तथा परेषामिति मत्सरोज्झी ।
तेषामिमां सन्तनु यल्लभेथास्तां नेष्टदानाद्धि विनेष्टलाभः ॥ ६ ॥

अध्यात्मकल्पद्रुम.

જેવી રીતે તને તારા પોતાના ગુણોની પ્રશંસા વહાલી છે તેવીજ રીતે બીજાઓને પણ પોતાના ગુણની પ્રશંસા વહાલી હોયછે; તેથી મત્સર તજી દઇને તેઓના ગુણની પ્રશંસા સારી રીતે કરવા માંડ જેથી તને પણ તે મળે (એટલે તારા ગુણોની પણ પ્રશંસા થાય) કારણકે વહાલી વસ્તુ આપ્યાવગર વહાલી વસ્તુ મળતી નથી.

ભાવાર્થ—આપણામાં કાવ્યચાતુર્ય, પ્રામાણિક વ્યવહાર, તપ, દાન, ઉપદેશ દેવાની અદ્ભુત શક્તિ કે એવો કોઇ પણ સદ્ગુણ કે સદ્વર્તન હોય તેની આપણાં સ્નેહી, સગાં કે અન્ય કોઇ પ્રશંસા કરે, તે સાંભળી આપણને આનંદ થાય કે તુરત મદ ચઢેછે, કેટલીકવાર આ બનાવ આડકતરી રીતે બનેછે. માયાથી દેખાવ કરવાના ટેવથી આ જીવ તે વખતે બોલેછે કે 'એમાં કાંઇ નહિ, એતો મારી ફરજ હતી વિગેરે,' પણ એમાં ઘણી વખત માયા હોયછે. બીજા માણસો ગુણસ્તુતિ કરે એ સાંભળવાની ઇચ્છા થાય, પોતાનું વર્તન બીજાને જણાવવાની ઇચ્છા થાય અને બીજા તેનાં વખાણ કરે તે સાંભળી આનંદ થાય ત્યાં ગુણપ્રાપ્તિનો છેડો આવેછે. જેને ગુણઉપર ગુણખાતરજ પ્રેમ હોયછે તે, લોકો શું બોલેછે, શું ધારેછે એની દરકારજ કરતા નથી–એનો વિચાર પણ કરતા નથી.

એજ નિયમ પ્રમાણે જ્યારે પોતાના દોષ સાંભળીને ખેદ થાયછે ત્યારે પછી દોષ દૂર કરવાની વિચારણા કે કર્ત્તવ્યનું ભાન રહેતું નથી. એને બીજા માણસો શું કહેછે તેતરફ ધ્યાન રહેછે, તેથી ખેલ બગડેછે અને તેને લીધે દોષો જામી જાયછે, દોષપર સીલ થાયછે અને એને દોષ છોડવા એ પોતાની પ્રિય વસ્તુ છોડવા જેવું થઇ પડેછે અથવા ઘણીવાર દોષને દોષતરીકે ઓળખી શકાતોજ નથી અને દોષ છૂપાવવાનો પ્રયત્ન થાયછે; કારણકે અમુક વિચાર, ઉચ્ચાર કે આચારતરફ એનું ધ્યાન રહેતું નથી, પણ લોકો તેને માટે શું ધા-

રેછે, બોલેછે તેતરફ ધ્યાન રહેછે. લોકોનું ધારવું બરાબર ન હોય તો આ જીવ છેતરાયછે. લોકોમાં આંતર હેતુના વિચાર કરી મત બાંધનારા અલ્પ હોવાથી ધારણામાં ભૂલ કરનારા વિશેષ હોયછે અને તેથી લોક પ્રશંસા કે જનરૂચિપર આધાર રાખનારા બહુધા છેતરાયછે. ૬.

મનોહર વાણી દુર્લભ.

उपेन्द्रवज्रा.

स्तुवन्ति गुर्वीमभिधेयसम्पदं, विशुद्धिमुक्तेरपरे विपश्चितः ।
इति स्थितायां प्रतिपूरुषं रुचौ, सुदुर्लभाः सर्वमनोरमा गिरः ॥ ७ ॥

કેટલાક વિદ્વાન્ પુરૂષો વાણીની ગૌરવવાળી અર્થ સંપત્તિ (અર્થ રચના) ને વખાણેછે અને કેટલાક શબ્દશુદ્ધિને વખાણેછે, આવી રીતે દરેક પુરૂષમાં ભિન્ન ભિન્ન રૂચિ છે. તેથી સર્વ પ્રકારે મનને હર્ષ ઉપજાવનારી જે વાણી, તે બહુ મુશ્કેલ છે.

સારાંશ—ઉંડા અર્થવાળી, ઝાઝમક કે અલંકારવાળી વાણીકરતાં, નીતિમય મનોહર (મનને અતિરમણીય) વાણી જગત્માં મળવી અતિશય દુર્લભ છે. ૭.

મધુર વાણી એજ ખરો શણગાર છે.

शार्दूलविक्रीडित.

किं हारैः किमु कङ्कणैः किमसमैः कर्णावतंसैरलं,
केयूरैर्मणिकुण्डलैरलमलं साडम्बरैरम्बरैः ।
पुंसामेकमखण्डितं पुनरिदं मन्यामहे मण्डनं,
यन्निष्पीडितपार्वणामृतकरस्यन्दोपमाः सूक्तयः ॥ ८ ॥

सुभाषितरत्नभाण्डागार.

હારો, કંકણો, કાનનાં અસાધારણ આભૂષણો, બાજુબંધ, મણિમય કુંડળ અને ભભકાદાર વસ્ત્રોથી પુરૂષોની શોભા ગણાતી નથી; પણ નીચોવેલ પૂર્ણચંદ્રના અમૃતમય ઝરાજેવું સુભાષિત (મધુરવાણી) છે તેજ પુરૂષોનું અખંડિત ભૂષણ છે એમ અમે માનીએ છીએ. ૮.

ઇન્દ્રવિજય.

કામ શુણી અરધે કથને જઇ, કાશદ લુલ્ય કરે કદી કૂદી,
શીત વૃષા ન વિચાર કરે, ન વિચાર કરે રજની વહિ સૂદી;
લાડુ જલેબી જમાડી જુઓ, અછતે પીરસો કદળી ફળ છુંદી,
કોડ કરે દલપત કહે પણ, ઉંટ મીઠાશની વાતજ જૂદી. ૯

દલપત.

મધુર વાણીથી કોયલ કે મયૂર પ્યારા લાગેછે, પુત્ર કે પુત્રી અથવા પત્ની-ઉપર સ્નેહ વધેછે, શત્રુ કે રાજા, માતા કે પિતા અથવા ગુરૂ વશ થાયછે, એ સર્વ પ્રતાપ મધુરવાણીનો છે એમ સમજાવી આ મિષ્ટભાષણ અધિકાર પૂર્ણ કરવામાં આવેછે.

सुभाषितप्रशंसा—अधिकार.

અન્ય વ્યવહારોના ઉપદેશ કરતાં દુનિયાને ધર્મનો ઉપદેશ કરવાની પહેલી જરૂર છે. કારણકે ધર્મને અનુસારે મનુષ્યનો વ્યવહાર સરલ અને તેને પોતાને તેમજ આખી દુનિયાને સુખદાયક થાયછે. તેથી ધર્મનો ઉપદેશ કરવો એ મોહોટામાં મોહોટુ પુણ્યનું કામ છે. ધર્મનો ઉપદેશ કરવામાં તેમજ અન્ય વ્યવહારોનો યોગ્ય ઉપદેશ કરવામાં જેની પાસે સુભાષિત સંપત્તિ હોય તે બીજાઓને ધારેલી અસર કરી શકેછે માટે સુભાષિત એ સૌને માટે જરૂરનું છે અને તેમાં પણ ધર્મનો ઉપદેશ કરનારમાટે તો વધારે જરૂરનું છે. મિષ્ટતાની સાથે "સુભાષિત" એ સત્શિક્ષણનું પરિણામ છે. એટલે સુશિક્ષિત થયેલો મનુષ્ય તેના સ્વાદના રહસ્યને જાણી શકેછે. અન્યને તેનું ભાન થવું અશક્ય છે. ઇત્યાદિ બાબતોનું દિગ્દર્શન કરાવવાસારૂ આ અધિકારનો આરંભ કરવામાં આવેછે.

સભામાં સુભાષિત રત્નની જરૂર.

अनुष्टुप् (१ थी ६).

सुभाषितमयैर्द्रव्यैः, संग्रहं न करोति यः ।
सोऽपि प्रस्तावयज्ञेषु, कां प्रदास्यति दक्षिणाम् ॥ १ ॥

शार्ङ्गधरपद्धति.

જે પુરૂષ સુભાષિતરૂપી ધનોનો સંગ્રહ કરતો નથી તે પુરૂષ પ્રસ્તાવ યજ્ઞો (વિદ્વાનોની સભા) માં શું દક્ષિણા આપી શકશે? ૧.

સુભાષિતહીન નરનું જીવનકરતાં મરણ ઉત્તમ છે.

नैव भाग्यं विना विद्या, विना विद्यां न भाषितम् ।
सुभाषितविहीनस्य, जीवितान्मरणं वरम् ॥ २ ॥

સદ્‌ભાગ્યવિના વિદ્યા પ્રાપ્ત થતી નથી અને વિદ્યાવિના સુભાષિતની પ્રાપ્તિ થતી નથી અને સુભાષિતથી હીન પુરૂષનું જીવનકરતાં મરણ ઉત્તમ છે. ૨.

મોઢામાં રહેલ જે જીભ તેને જીભ કહેવી કે માંસનો કકડો કહેવો?

मांसखण्डं न सा जिह्वा, या न वेत्ति सुभाषितम् ।
नूनं काकभयादेषा, दन्तान्तर्विनिवेशिता ॥ ३ ॥

જે જીભ સુભાષિતથી વર્જિત છે તે જીભ નથી, પરંતુ માંસનો એક કટકો છે. ત્યારે ત્યાં શંકા થાયછે કે તેવા માંસના અપવિત્ર કટકાને મુખરૂપી ઉત્તમ સ્થાનમાં શાવાસ્તે રાખવામાં આવ્યો હશે? જવાબમાં જણાવેછે કે નક્કી કાગડાની બીકથી દાંતોના મધ્યમાં તે રાખવામાં આવી છે. એટલે બહાર હોત તો કાગડા ખાઇ જાત એવી સંભાવના છે. ૩.

સુભાષિત ખરૂં રત્ન છે.

पृथिव्यां त्रीणि रत्नानि, जलमन्नं सुभाषितम् ।
मूढैः पाषाणखण्डेषु, रत्नसंज्ञा निवेशिता ॥ ४ ॥

પાણી, અન્ન અને સારૂં ભાષણ પૃથ્વીમાં આ ત્રણજ સત્ય રત્નો છે; પરંતુ મૂઢ લોકોએ પાષાણના કટકામાં (ભૂલથી) રત્ન એવું નામ ધરાવેલું છે. ૪.

સુભાષિતની ઉત્તમ રત્નમાં ગણના.

धर्मो यशो नयो दाक्ष्यं, मनोहारि सुभाषितम् ।
इत्यादिगुणरत्नानां, संग्रही नावसीदति ॥ ५ ॥

सूक्तिमुक्तावली.

ધર્મ, કીર્ત્તિ, ન્યાય, ચતુરતા અને સુંદર ભાષિત ઇત્યાદિ ગુણરૂપ રત્નોનો સંગ્રહ કરનાર મનુષ્ય દુઃખને પામતો નથી. ૫.

સુભાષિત રસ આગળ બીજા રસો તુચ્છ છે.

द्राक्षा म्लानमुखी जाता, शर्करा चाश्मतां गता ।
सुभाषितरसस्याग्रे, सुधा भीता दिवं गता ॥ ६ ॥

सुभाषितरत्नभाण्डागार.

સુભાષિતરૂપી રસની આગળ દ્રાક્ષા કરમાયેલ મોઢાવાળી થઇ ગઇ અને સાકર પથ્થર (કઠોરપણાના) સ્વરૂપને પામી અને અમૃત ભય પામીને સ્વર્ગમાં પલાયન કરી ગયું. ૬.

સુભાષિતહીન પુરૂષની પંડિતોમાં સભામાં સ્થિતિ.

रथोद्धता.

यस्य वक्त्रकुहरे सुभाषितं, नास्ति नाप्यवसरे प्रजल्पति ।
आगतः सदसि धीमतामसौ, लेख्यनिर्मित इवावभासते ॥ ७ ॥

सूक्तिमुक्तावली.

જે પુરૂષના મુખકુહરમાં સુભાષિત નથી, તે પુરૂષ સમય આવતાં કાંઇ બોલી શકતો નથી અને વિદ્વાનોની સભામાં વખતે એવો મૂર્ખ પુરૂષ આવ્યો હોય તો ચિત્રમાં લખેલી પુરૂષની છબી (ફોટા) માફક ભાસમાન થાયછે એટલે માત્ર દેખાયછે એટલુંજ છે. ૭.

સુભાષિત એ સર્વોત્તમ કળા છે.

आर्या.

एकापि कला सुकला, वचनकला किं कलाभिरपराभिः ।
वरमेका कामगवी, जरद्गवीनां न लक्षमपि ॥ ८ ॥

વાક્ ચાતુરી તે એકજ સુંદર કળા છે, બીજી કળાઓથી શું? કારણકે જેવી રીતે કામદુધા ગાય શ્રેષ્ઠ છે, તેની આગળ વૃદ્ધ ગાયોનું લાખ જેટલું ટોળું પણ નિરર્થક છે. ૮.

અસરકારક વાણીવિના કોઇ મનુષ્ય વશ કે પ્રસન્ન થતું નથી માટે સુભાષિતની બહુ જરૂર છે એમ બતાવી આ સુભાષિત અધિકાર પૂર્ણ કરવામાં આવેછે.

समयजल्पन–अधिकार.

સુભાષિત છતાં પણ સમયની યોગ્યતા વગરનું બોલવું હોય તો તે બીજાઓને કંટાળા ભરેલું થઇ પડેછે માટે "સમયજલ્પન" ટાણું જોઇ બોલવું તે જાણવાની ઘણી જરૂર છે. દુનિયામાં કેટલાક એવા મનુષ્યો હોયછે કે સમયને જાણતા નથી તેઓને પરિશ્રમ થતાં છતાં પણ કશો લાભ થતો નથી ઇત્યાદિ જણાવવા આ અધિકારનો આરંભ કરવામાં આવેછે.

અવસરવિના બોલવું નિરર્થક છે.

अनुष्टुप् (१–२).

कलाकलापसम्पन्ना, जल्पन्ति समये परम् ।
घनागमविपर्यासे, केकायन्ते न केकिनः ॥ १ ॥

કળાના સમૂહોથી સંપન્ન (કલાજ્ઞ) પુરૂષો કેવળ સમય આવતાંજ બોલે છે. કારણકે વર્ષાઋતુ ગયા બાદ મયૂરો તીવ્રધ્વનિ કરતા નથી. ૧.

ભાષાથી પરીક્ષા.

तुल्यवर्णच्छदैः कृष्णकोकिलैः किल सङ्गतः ।
केन सञ्ज्ञायते काकः, स्वयं न यदि भाषते ॥ २ ॥

सूक्तिमुक्तावली.

સમાન છે રંગ પીંછાં જેના એવા શ્યામ કોકિલાઓની સાથે મળી ગયેલો કાગડો જો તે પોતે ન બોલે તો કોનાથી જાણી શકાયછે? (અર્થાત્ ભાષા બોલવાની ઢબઉપરથી કાગડો વરતાઇ જાયછે). ૨.

એક ઘણા મૂર્ખવાળા સમાજમાં એક પંડિત પુરૂષ ગયો; પરંતુ તે ત્યાં મુંગો બેસી રહ્યો એટલે એક સુજ્ઞ પુરૂષને વિચાર થયો કે આ જનસમાજ મૂર્ખપ્રાય છે; પરંતુ આમાં વિદ્વાનોની પરીક્ષા કરી શકે તેવા સુજ્ઞ પુરૂષો પણ છે, તે જો આ વિદ્વાન્ કાંઇ બોલ્યા સિવાય અત્રેથી ચાલ્યો જશે તો તે પણ મૂર્ખમાં ગણાઇ જશે. તેમ જાણી તેને ઉદ્દેશીને-કોકિલતરફ અન્યોક્તિ કરી કહેછે કે—

વિદ્વાનને સમજાવવા કોકિલપ્રતિ અન્યોક્તિ.

*पादाकुलक.

रे रे कोकिल मा कुरु मौनं, कश्चिदुदञ्चय पञ्चमरागम् ।
नो चेत्त्वामिह को जानीते, काककदम्बकपिहिते चूते ॥ ३ ॥

प्रमाणसहस्री.

રે રે કોકિલ! તું મૌનવ્રતને ધારણ કરમાં કોઇક પ્રકારના પંચમ રાગનો આલાપ કર. નહિતર કાગડાના સમૂહથી ઢંકાયેલા આ આંબાના વૃક્ષમાં તને કોણ ઓળખી શકશે? ૩.

---

* **पादाकुलक** છંદ સોળ માત્રાનો છે ને તે ઉપજાતિની માફક **मात्रासमक, विश्लोक, वानवासिका, चित्रा, उपचित्रा** એમ પાંચ છંદનો બનેછે તેમાં પ્રથમ ચરણ **मात्रासमक**નું અથવા **चित्रा**નું ગોઠવવું ને દ્વિતીય ચરણ **विश्लोक**નું ત્રીજું ચરણ **वानवासिका**નું ને ચોથું ચરણ **विश्लोक**નું આવવું જોઇએ.

ઉપરના પાંચ છંદમાં દરેક ચરણની સોળ સોળ માત્રા હોયછે પણ **मात्रासमक**માં નવમી માત્રા લઘુને અંતની દીર્ઘ હોવી જોઇએ.

विश्लोकમાં ચાર માત્રા પછી **ज** ગણ અથવા **न** ગણ અને લઘુ આવે ને અંત્યે તો દીર્ઘ માત્રા હોવીજ જોઇએ

वानवासिकाમાં આઠ માત્રા પછી **ज** ગણ અને અંતે દીર્ઘ માત્રા આવવી જોઇએ અથવા આઠ માત્રા પછી **न** ગણ લઘુ અને અંતે દીર્ઘ માત્રા લાવવી.

चित्राમાં પાંચમી, આઠમી ને નવમી માત્રા હ્રસ્વ હોવી જોઇએ.

उपचित्राમાં આઠ માત્રા પછી **म** ગણ આવે ને અંતે દીર્ઘ માત્રા લાવવી.

અવસર જાણી બોલેલી અશુભ વાણી પણ મંગળ આપેછે.

गीति.

अवसरपठिता वाणी, गुणगणरहितापि शोभते पुंसाम् ।
वामे प्रयाणसमये, गर्दभशब्दोऽपि मङ्गलं तनुते ॥ ४ ॥

कस्यापि.

અવસર જાણીને બોલેલી મનુષ્યોની વાણી ગુણગણોથી રહિત હોય તો પણ તે શોભેછે. કારણકે પ્રયાણ વખતે વામભાગતરફ થયેલ ગર્દભ (ગધેડા) નો શબ્દ પણ મંગલકારક છે. ૪.

સુખકર બોલવાની જરૂર.

મનહર.

બોલીએ તો તબ જબ બોલવીકી શુદ્ધિ હોય,
ન તો મુખ મૌન કરી ચુપ હોઇ રહીયે;
જોરીયેં તો તબ જબ જોરવો ઉં જાની પરે,
તુક છંદ અરથ અનુપ જામે લહીએ;
ગાઇએ તો તબ જબ ગાયવેકો કંઠ હોઇ,
શ્રવનકે સુનતહી મન જાય ગહિયે;
તુક ભંગ છંદ ભંગ અરથ મીલે ન કછુ,
સુંદર કહત એસી બાની નહિ કહીયે; ૫
પ્રથમ હીયે વિચાર ઢીમસો ન દીજે ડાર,
તાહી તે સુવચન સંભારી કરી બોલીયે;
જાને કહું હેત હેત ભાવ તેસી કહી દેત,
કહીએ સુતબ જબ મનમાંહી તોલિયે;
સબહીકું લાગે દુઃખ કોઉ નહિ પાવે સુખ,
બોલી કે વૃથાહી તાતેં છાતી નહિ છોલીએ;
સુંદર સમજ કરી કહીએ સરસવાત,
તબહી તો વચન કપાટ ગહી ખોલીએ. ૬

સુંદરદાસ.

આ પ્રમાણે સમય જોઇને બોલવાની જરૂર ટૂંકામાં જણાવી આ અધિકાર પૂર્ણ કરવામાં આવેછે.

वाणी–अधिकार.

શુભાશુભ વચન, મિષ્ટ ભાષણ, સુભાષિત, સમયજ્લ્પન એ બધા સામાન્ય રીતે વાણીને લગતા વિષયોનું વર્ણન કરીને તે પછી તીર્થંકરો જેવાઓની અસાધારણ વાણી જેનાપર લોકકલ્યાણનો મોહોટો આધાર છે તેના સંબંધમાં યથાવકાશ કાંઇ કહેવું જોઇએ. જે વાણી આલોક તથા પરલોકમાં યશ, કીર્તિ અને ઇચ્છિત વસ્તુ આપેછે તે વિના બીજી મિથ્યા વાણી અથવા કાક વાણી કહેવાય કે જેથી કાંઇ પણ પ્રયોજન ન સરે. માટે મહાત્માઓ તથા આદિ પુરૂષો–તીર્થંકરોએ અનુભવી લોકહિતાર્થે સિદ્ધાન્તરૂપે પ્રગટ કરેલી વાણી કે જે વાણીના પ્રસાદથી (યુક્તિપ્રયુક્તિવાળા દૃષ્ટાન્તથી) અનેક કાર્યો સધાયછે તે આગળ પ્રસ્તાવરૂપે દર્શાવવામાટે આ અધિકારનો આરંભ કરવામાં આવેછે.

ત્રિપદીના પ્રસાદથી જે સિદ્ધાન્ત પ્રથમ થયો છે તે બતાવેછે.

इन्द्रवज्रा.

तीर्थङ्करेभ्यो गतरागमोहद्वेषोदयेभ्यः सदयाशयेभ्यः ।
एकान्तनित्योपकृतौ स्थितेभ्यो, यो जात आदौ त्रिपदीप्रसादात् ॥ १ ॥

રાગ, મોહ, દ્વેષાદિના ઉદયથી રહિત, સદય હૃદયવાળા, સદૈવ ઉપકાર કરવામાં સ્થિતિવાળા તીર્થંકરો પાસેથી મળેલી ઉત્પાદ, વ્યય અને ધ્રુવરૂપ ત્રિપદીના પ્રસાદથી જે સિદ્ધાંત પ્રથમ થયેલો છે. ૧.

તથા—

उपेन्द्रवज्रा.

गणन्धरैर्लब्धिधरैः सुधीरैः, संसूत्रितो यः सुविचित्रसूत्रः ।
अनेकधार्थप्रचयेन पूर्णो, मुक्ताकरण्डाश्रियमाततान ॥ २ ॥

સુધીર ગણધરો અને લબ્ધિધરોએ સંસત્રિત, અનેક પ્રકારે અર્થનિચય (સમુદાય) થી પૂર્ણ, સુંદર વિચિત્ર સૂત્રવાળા જે સિદ્ધાંતે મોતીના કરંડીયાની શોભાનો વિસ્તાર ફેલાવ્યો છે. જેમ મોતીનો કરંડીયો ખુલતાં શુદ્ધ શુભ

કાન્તિ પ્રસરે તેમ આ સિદ્ધાંતનાં દર્શનથી સમગ્ર અર્થસમૂહો વિકસિત થાયછે. ૨.

જે આ સિદ્ધાંત જાણે તે ધન્ય.

उपजाति (३–४).

दृष्टान्तयुक्तिस्थितिहेतुयुक्त, आद्यन्तमध्ये व्यभिचारमुक्तः ।
अनेकधा नूतनयः प्रपञ्चाचारी विचारीकृतविश्वविश्वः ॥ ३ ॥
सिद्धान्त एष क्षितिकर्मजालो, वसत्यवश्यं हृदयान्तराले ।
यस्य प्रसन्नीकृतमानसस्य, स एव धन्यः सुकृती कृती च ॥ ४ ॥

દૃષ્ટાન્ત, યુક્તિ, સ્થિતિ અને હેતુથી યુક્ત, આદિમાં મધ્યમાં અને અંતમાં નિર્દોષ, અનેક રીતે ન્યાયવાળો, નિષ્પ્રપંચ સકલવિશ્વનો વિચારવંત. જે પ્રસન્નાત્માના હૃદયની અંદર આ (કર્મસમૂહનાશક) સિદ્ધાન્તે વાસ કરેલો છે તેને ધન્ય, સુકૃતી અને કૃતાર્થ સમજવો. ૩, ૪.

સિદ્ધાન્ત જ્ઞાનવગર કાંઇ પણ વસ્તુ જાણી શકાતી નથી.

उपेन्द्रवज्रा.

अदेवदेवौ कुगुरुं गुरुं वा, कुधर्मधर्मावहितं हितं वा ।
गुणागुणौ वा बहुपापपुण्ये, न वेत्ति जन्तुः समयेन हीनः ॥ ५ ॥

સિદ્ધાન્તરહિત મનુષ્ય, અદેવ અથવા દેવને, કુગુરૂ અને સદ્ગુરૂને, ધર્મ તથા અધર્મને, હિત–અહિતને, ગુણ–નિર્ગુણને, બહુપાપ અથવા પુણ્યને જાણતો નથી. ૫.

તે સિદ્ધાન્ત લોકોને બહુ રીતે ઉપકારી છે.

उपजाति (६–७).

रत्नप्रदीपः शिवमार्गगाणां, दिवाकराभो भविकाम्बुजानाम् ।
सुधोपमानो विबुधव्रजानां, पोतो भवाब्धौ पततां जनानाम् ॥ ६ ॥

શિવમાર્ગમાં (મોક્ષમાર્ગમાં) જનારાઓને રત્નના દીવારૂપ, ભવ્યપ્રાણીરૂપ કમલને ખીલવનાર સૂર્યસમાન, જ્ઞાનીના અથવા દેવોના સમુદાયને અમૃતરૂપ અને સંસારસાગરમાં પડતાં મનુષ્યોને તારવામાં વહાણરૂપ છે. ૬.

તે સિદ્ધાંતમાં ખરી શ્રદ્ધા કોને થાય?

जिनप्रणीते शुभधर्ममार्गे, त्रिभुवनत्रयीव्यापिपदार्थसार्थे ।
जीवादितत्वे च तथेतिबुद्धिः, सञ्जायते भव्यजनस्य भाग्यात् ॥ ७ ॥

नरवर्मचरित्र.

ત્રણે લોકમાં વ્યાપ્ત પદાર્થના સાર્થ (સમૂહ) વાળા શ્રીજિનેશ્વર પ્રણીત શુભ ધર્મ માર્ગમાં અને જીવ આદિ તત્ત્વમાં ભવ્ય પ્રાણીને ભાગ્ય યોગથી યથાર્થ (સત્ય) બુદ્ધિ થાયછે. ૭.

જિનવચનથી રહિત મનુષ્યો અંધતુલ્ય છે.

शिखरिणी.

न देवं नादेवं न शुभगुरुमेवं न कुगुरुं,
न धर्मं नाधर्मं न गुणपरिणद्धं न विगुणम् ।
न कृत्यं नाकृत्यं न हितमहितं नापि निपुणं,
विलोकन्ते लोका जिनवचनचक्षुर्विरहिताः ॥ ८ ॥

सिंदूरप्रकर.

જિનવચનરૂપી ચક્ષુ (નેત્ર) થી રહિત મનુષ્યો (જિનવચનઉપર શ્રદ્ધા નહિ રાખનાર પુરૂષો) રાગાદિ જીતનારા સુદેવને કે સ્ત્રી–શસ્ત્ર વિગેરેને ધારણ કરનાર કુદેવને જોઈ શકતા નથી, શુદ્ધ માર્ગદર્શક સુગુરૂ કે પંચાચારથી રહિત અથવા ઉત્સૂત્રદર્શક કુગુરૂને જોતા નથી, ધર્મ શું છે? કે અધર્મ શું છે? તે બેઉનો તફાવત જાણતા નથી, ગુણોથી પરિપૂર્ણ ગુણવંતને કે ગુણથી રહિત નિર્ગુણને જોઇ શકતા નથી, કરવા યોગ્ય એવું જે કૃત્ય કે નહિ કરવા યોગ્ય અકૃત્ય તેને જાણતા નથી, તેમજ સુખકારક હિત કે દુઃખકારક અહિતને બરાબર જાણી શકતા નથી (અર્થાત્ જિનવચનના શ્રવણની શ્રદ્ધાવિના શુભાશુભના તફાવતને મનુષ્યો જાણી શકતા નથી). ૮.

મિષ્ટ વાણી એજ અમૂલ્ય આભૂષણ છે.

शार्दूलविक्रीडित (९ थी १३).

केयूरा न विभूषयन्ति पुरुषं हारा न चन्द्रोज्ज्वला,
न स्नानं न विलेपनं न कुसुमं नालङ्कृता मूर्धजाः ।

वाण्येका समलङ्करोति पुरुषं या संस्कृता धार्यते,
क्षीयन्ते खलु भूषणानि सततं वाग्भूषणं भूषणम् ॥ ९ ॥
भर्तृहरिवैराग्यशतक.

બાજુબંધ મનુષ્યને શણગારતા નથી. ચંદ્રજેવા પ્રકાશિત હારો શોભા આપતા નથી, સ્નાન શોભાવતું નથી, (કેવડા વિગેરેનું) અત્તર શોભા આપતું નથી, પુષ્પની માળા શણગારતી નથી, ફુલેલ તેલથી શોભિત વાળો શોભા આપતા નથી, પરંતુ ફક્ત સંસ્કાર પામેલી (શુદ્ધ) વાણીજ પુરૂષને શોભા આપેછે. (ઘરેણાંરૂપે શોભેછે); કારણકે બીજાં અમૂલ્ય ઘરેણાં કાળે કરીને ઘસાઇ જાયછે પણ મધુરવાણીરૂપી જે ઘરેણાં છે તેજ અક્ષય ઘરેણું છે. ૯.

જિનવાણી સેવ્યાથી થતા લાભો.

धर्मं जागरयत्यघं विघटयत्युत्थापयत्युत्पथं,
भित्ते मत्सरमुच्छिनत्ति कुनयं मथ्नाति मिथ्यामतिम् ।
वैराग्यं वितनोति पुष्यति कृपां मुष्णाति तृष्णां च य-
त्तज्जैनं मतमर्चति प्रथयति ध्यायत्यधीते कृती ॥ १० ॥
सिन्दूरप्रकर.

પંડિત જે જિન પ્રવચનને પૂજેછે, વિસ્તારેછે, ધ્યાન ધરેછે અને તેનો અભ્યાસ કરેછે તે જિન પ્રવચન ધર્મને પ્રકાશેછે, પાપને દૂર કરેછે, અનાચારનો ઉચ્છેદ કરેછે, મત્સર (ગુણિ પુરૂષમાં દ્વેષભાવ) ને નષ્ટ કરેછે, અન્યાયને છેદેછે, કપટમય બુદ્ધિને દૂર કરેછે, વૈરાગ્યને વિસ્તારેછે, દયાનું પોષણ કરેછે, લોભને દૂર ખસડેછે. (અર્થાત્ જેણે જિનમત સેવ્યો તેણે ઉપર દર્શાવેલી સર્વ વસ્તુ કરી લીધી એમ માનવું. તેથી જિનપ્રણીત સિદ્ધાંતનું સેવન કરવું.) ૧૦.

સિદ્ધાંતશ્રવણનું ફળ.

अंहःसंहतिभूधरे कुलिशति क्रोधानले नीरति,
स्फुर्ज्जन्नाघतमोभरे मिहिरति श्रेयोद्रुमे मेघति ।
माद्यन्मोहसमुद्रशोषणविधौ कुम्भोद्भवत्यन्वहं,
सम्यग्धर्मविचारसारवचनस्याकर्णनं देहिनाम् ॥ ११ ॥

સમ્યક્ધર્મના વિચારના સારભૂત વચનોનું સારી રીતે કરેલું શ્રવણ મનુષ્યોના પાપના પુંજરૂપી પર્વતોને વજ્રરૂપ થાયછે, ક્રોધરૂપ અગ્નિને જલરૂપ

થાયછે, ચોતરફ પ્રસરેલ પાપરૂપ અન્ધકારના સમૂહને સૂર્યરૂપ થાયછે, કલ્યાણરૂપ વૃક્ષોને મેઘના સમાન બનેછે, નિરન્તર ઉછળતા મોહરૂપી સમુદ્રને શોષવામાં અગસ્ત્ય મુનિસદશ થાયછે ૧૧.

જિનવાણી સુખનું સાધન છે.

नौरेषा भववारिधौ शिवपुरमासादनिःश्रेणिका,
मार्गः स्वर्गपुरस्य दुर्गतिपुरद्वारप्रवेशार्गला ।
कर्मग्रन्थिशिलोच्चयस्य दलने दम्भोलिधारोपमा,
कल्याणैकनिकेतनमभिगदिता वाणी जिनानामियम् ॥ १२ ॥

एतौ कस्यापि.

તીર્થંકરોની આ વાણી સંસારસમુદ્ર તરવામાં વહાણરૂપ, શિવપુર (મોક્ષનગર) ના મહેલની નિશરણીરૂપ, સ્વર્ગનગરના માર્ગરૂપ, દુર્ગતિપુરના દ્વારના પ્રવેશને ભોગળરૂપ, કર્મગ્રન્થિના પર્વતોને નાશ કરવામાં ઇન્દ્રના વજ્રની ધારજેવી અને કલ્યાણના એકસ્થાનરૂપ કહેલી છે. ૧૨.

મનુષ્યદેહની નિષ્ફળતા.

शार्दूलविक्रीडित.

मानुष्यं विफलं वदन्ति हृदयं व्यर्थं वृथा श्रोतयो–
र्निर्माणं गुणदोषभेदकलनां तेषामसम्भाविनीम् ।
दुर्वारं नरकान्धकूपपतनं-मुक्तिं बुधा दुर्लभां,
सार्वज्ञः समयो दयारसमयो येषां न कर्णातिथिः ॥ १३ ॥

सिन्दूरप्रकर.

હે ભવ્ય પ્રાણિઓ ! શ્રીવીતરાગદેવે પ્રણીત દયારસથી ભરપૂર આગમ જે પુરૂષોના કાનદ્વારા સંભળાયેલ નથી તે પુરૂષોનાં જન્મ, ચિત્ત, શ્રોત્ર (કાન) ની ઉત્પત્તિ, ગુણ તથા દોષ જાણવાની કળા એ સર્વ નિષ્ફળ જાણવાં ? (એટલુંજ નહિ પણ) તેઓનું નરકરૂપી અંધકૂવામાં પડવું અટકતું નથી તથા તેઓને મુક્તિ પણ દુર્લભ છે. ૧૩.

વાણીનો પ્રભાવ.

મનહર.

વાણી વિના કોઇ વ્યવહાર સિદ્ધ થાય નહિ,
વાણી વિના અંતરના ભાવપર પાણી છે;

વાણી વિના વાત કે વિનોદ ન કરાય કશો,
વાણી વિના શરીરની શોભા ધૂળધાણી છે;
વાણી વિના નામ ઠામ આજ બધાં ક્યાંથી હોય,
વાણી વશ હોય તેને કરોડયો કમાણી છે;
કેશવ કહોને વાણી વિના કેમ ચાલે ભાઇ,
વાટે ઘાટે વાહ વાહ વાણી ઉભરાણી છે. ૧૪

કેશવ.

*વાણીયેં વેપાર થાય વાણીયે ઉગાર થાય,
રાજ કારભાર સાર વાણીયે પ્રમાણીયે;
વાણીયેજ જ્ઞાનને વિજ્ઞાન અનુમાન થાય,
જે વિના યથાર્થ જગદીશ નહિ જાણીયે;
વાણીયો ન હોત તો ન હોત માણુસાઇ મૂલ,
એ થકી અધિક કહો ખૂબ શું વખાણીયે;
કહે દલપતરામ જે કહું હરેક કામ,
વિશ્વમાં વિશેષ તો વિખ્યાત કર્યું વાણીએ; ૧૫
બોલે એક બોલ તેના તોલથી તપાસીએ તો,
વરતી શકાય તેની વાત નીત વાણીએ;
કેવી ચાલ કેવો માલ કેવો તેનો બધો તાલ,
પૂછ્યા પાખી પણ પરિપૂરણ પ્રમાણીએ;
લકડના લાડુ તણા નામથી તમામ ગુણ,
દાખે દલપત આપ અંતરમાં આણીએ:
પંડયાણીનું પૂરૂં કુળ પૂછ્યા પાખી પ્રીછી લૈએ,
દીકરાનું નામ જ્યારે દાઉદીઓ જાણીએ. ૧૬

દલપત.

વાણીની પ્રબળ શક્તિ.

+ ભયંકર શબ્દનો ધ્વનિ કર્ણે આવતાં મનુષ્યો, શાથી થથરી જાયછે? શબ્દમાં એવું શું રહ્યું હોયછે કે મનુષ્યો ભયથી કંપેછે? કરૂણાજનક શબ્દનો ધ્વનિ કર્ણે પડતાં મનુષ્યોનાં નેત્રમાંથી શાથી અશ્રુ ખરેછે? અશ્રુ આવવા જેવી સ્થૂલ ક્રિયા શબ્દથી પ્રકટેલી શું તમે નથી અનુભવી? ચાકુથી શેરડી કાપતાં ઘણી વખત જે કચડકું અવાજ થાયછે તેથી ઘણા નબળા

* આ કવિતા વાણી તથા વાણીઆઉપર દ્વિઅર્થે યોજેલી છે.

+ અધ્યાત્મ બળપોષક ગ્રંથમાળા—પ્રથમ અક્ષ.

મનનાં મનુષ્યોને કંપારી આવી તેમનાં રૂવાં ઉભાં થઇ ગયેલાં તમે નથી જોયાં? મધ્યાહ્ને કાગડાનો કે હોલાનો કર્કશ અવાજ સાંભળી ઘણા માણસોને ત્રાસ થતો શું તમે નથી અનુભવ્યો? ઘુડ કે ચીબડીના શબ્દોથી પુષ્કળ મનુષ્યોનાં હૃદયમાં વ્યથા થયેલી તમે નથી અનુભવી? મધ્ય રાત્રિએ કુતરાંનો રડવાનો સ્વર સાંભળવાથી ઘણાં રોગી મનુષ્યોને ભારે અસુખ થયેલું તમે નથી સાંભળ્યું? રણવાદ્યના સ્વરના શ્રવણથી રોમે રોમે આવેશ પ્રકટવાનાં ઉદાહરણ તમે નથી જોયાં? મધુર કોમળ સ્વરયુક્ત ગાનના શ્રવણથી શ્રવણ કરનારને અત્યંત શાંતિનું ભાન થતું તથા ઘણાને નિદ્રા આવી જતી તમારા જાણવામાં નથી આવી? અને આવા આવા અસંખ્ય દૃષ્ટાંતો વ્યવહારમાં નિત્ય તમારા અનુભવમાં આવતાં છતાં, શબ્દોચ્ચારની આવી સ્થૂલ અસરો સર્વત્ર પ્રકટ હોવા છતાં, તમને શંકા થાયછે કે મંત્રના જપથી સ્થૂલ ફળ શીરીતે પ્રકટવું સંભવે? શબ્દ સર્વદા આંદોલનોને પ્રકટાવેછે અને આંદોલનો સર્વત્ર કાર્યને સાધનારાં હોયછે. આ હિમાલય પર્વત જેવો અત્યંત સ્થૂલ જણાતો પદાર્થ પણ આંદોલનનોજ પરિણામ છે. હિમાલયમાં જે આંદલનો પ્રવર્તેછે, તેથી બળવાન્ વેગવાળાં આંદોલનો તેમાં પ્રવર્તાવતાં એક ક્ષણમાં તે પ્રવાહી પદાર્થ થઇ જવા સંભવ છે અને આટ્લાંટિક મહાસાગર જેવો પ્રવાહી પદાર્થોનાં આંદલોનોમાં ઉષ્ણતાના આંદોલનો પ્રવર્તતાં આખો મહાસાગર વરાળરૂપે થઇ જવા સંભવ છે, અર્થાત્ આંદોલનોનું સર્વત્ર સામ્રાજ્ય છે. શબ્દનાં આંદોલનો આ વિશ્વમાં સર્વત્ર વિજયી છે અને તેથી કરીને શબ્દની કેવી યોજનાથી કેવા પ્રકારનાં આંદોલનો પ્રકટેછે, એ જ્ઞાન જે તત્ત્વવિત્ પુરૂષોને હોયછે તેઓ શબ્દની તે પ્રકારની યોજના કરી, સામાન્ય જીવોની કલ્પનામાં પણ ન આવે, એવાં મહદ્ આશ્ચર્યકારક કાર્યો આ વિશ્વમાં સાધી શકેછે.

આ પ્રમાણે કલ્યાણ–અકલ્યાણ વિગેરેનો સારી–માઠી વાણીઉપરજ આધાર હોવાથી તેના સંબંધમાં આવશ્યક વર્ણન કરી આ અધિકાર પૂર્ણ કરવામાં આવેછે.

सभ्यगीत–अधिकार.

ઘણી સ્ત્રીઓ ધર્મકર્મો કરવામાં પ્રવૃત્તિવાળી જોવામાં આવેછે પણ જ્યારે તે પ્રવૃત્તિમાંથી છૂટી સાંસારિક કૃત્યોમાં પડેછે ત્યારે પોતાની ઉત્તમતા ભૂલી જઇ હલકી વાતો અને હલકાં ગીતો ગાવાની પ્રવૃત્તિ કરતી

જોવામાં આવેછે. તે બહુ ખેદકારક છે. કારણકે એથી ધર્મના ઉચ્ચ સંસ્કારો ધોવાઇ જાયછે. એટલામાટે તેવી સ્ત્રીઓ અસભ્ય ગીતો અને અસભ્ય વાતચિતોથી દૂર રહે તેમાટે આ સભ્યગીત અધિકાર લેવામાં આવ્યો છે.

સારાંગીત કેવાં હોવાં જોઇએ ? તેનો નમુનો.

આજ એની આજ મેં જ્ઞાનાદિક નોતર્યા,
જ્ઞાનાદિક છે સમ દેવાને યોગ, માહરે આતમરાયને માંડવે;
આજ એની આજ મેં મહેલ સુણ્યો મુક્તિતણો,
ચૌદ પગથીયાં તેને છે નિરધાર. મહારે૦
આજ એની આજ મેં વૈરાગ્ય ચંદણી ચોકમાં,
હાજર રાખ્યા વિનય અને વિવેક મહારે૦
આજ એની આજ મેં સરલ લઘુ નિરલોભતા ;
એવી સખીયો તેડાવી છ ચોક. મહારે૦
આજ એની આજ મેં, દ્વાદશ વ્રતમય દેથરાં ;
જમવા મુક્યાં શમતા ભરી ભરી થાળ. મહારે૦
આજ એની આજ તીહાં ચારિત્ર ભૂપતિ આવશે ;
જમશે જમશે સેનાસહિત તે થાળ, મહારે૦
આજ એની આજ મેં કીર્ત્તિ કંકણુ કાંઠલી ;
મર્યાદામય પેહેરી મોહનમાળ. મહારે૦
આજ એની આજ મેં ચતુરાઇ ચિતહર ચીરને ;
બુદ્ધિ બળનાં બાંધ્યા બાજુબંધ. મહારે૦
આજ એની આજ મેં સંપની ઉંચી સાંકળી ;
મૌન વ્રતનો પેર્યો મુક્તાહાર. મહારે૦
આજ એની આજ મેં સદાચરણનો ચોરસો ;
ઓઢી લીધો અંગપરે નિરધાર, મહારે૦
આજ એની આજ મેં યોગાચાર એકદાણીયું ;
પેર્યા આર્જવ જવ માદળીયાં સાર. મહારે૦
આજ એની આજ એ ધન ધન સતી સંસારમાં ;
ઉજમ જશ ઘટ ઉત્તમ તત્ત્વ વિચાર. મહારે૦

ઉજમશી.

નઠારાં ગીત નહિ ગાવાની ભલામણ.

"મારૂં સોનાનું છે બેડું રે, છેલછબીલા છોગાળા"—એ રાગ.

જેની અંદર અર્થ નઠારો, ગીત નઠારાં નવ ગાઇએ;
સુણી સુણીને સત્ય વિચારો, ,,
જેમાં નહિ નીતિનો સ્વાદરે, ,,
ખાઇએ તે તો બકવાદરે, ,,
શિદ સુખ દુખવીએ ઠાલુંરે, ,,
વિપરીત મતિને તે વહાલુંરે, ,,
એવાં શીખવે ગીત સુતાનેરે, ,,
ધિક! તેવાં માતપિતાનેરે, ,,
સારા જન તો શરમાયરે, ,,
એ તો સુણતાં ઉઠી જાયરે, ,,
એ તો માતા પિતાનો વાંકરે, ,,
એ તો જાણો આડો આંકરે, ,,
જો સૌનું સારૂં ધારોરે, ,,
નવ રાખો ચાલ નઠારોરે, ,,
જેમાં હોય ઇશ્વરનું નામરે, ,,
પણ અનીતિ ઠામો ઠામરે, ,,

દલપત.

સારાં ગીત ગાવાનો નમુનો બતાવી, નઠારાં ગીત ન ગાવાં તેની ભલામણ કરી આ સભ્યગીત અધિકાર પૂર્ણ કરવામાં આવેછે.

अदत्तत्यागगुण–अधिकार.

બીજું વ્રત પૂર્ણ થતાં ત્રીજું વ્રત અદત્તત્યાગગુણનું વિવરણ કરવાની જરૂર છે. કારણકે મનુષ્ય યોગ્ય વાણીવાળો છતાં તેના આચરણમાં અયોગ્યપણું હોય તો તેની વાણીની યોગ્યતા માત્ર ફારસજેવીજ ગણાયછે. માટે આચરણની યોગ્યતા અતિ આવશ્યક છે. ચોરી, વ્યભિચાર વગેરે દુરાચરણો મનુષ્યજીવનને હલકામાં હલકી સ્થિતિપર લાવી મૂકેછે અને દુર્ગતિનાં દ્વારોને ખુલ્લાં કરી આપેછે. તેથી તેવા દુરાચારોથી દૂરજ રહેવું જોઇએ એટલુંજ નહિ

પણ જેના ઉપર પોતાનું સ્વામિત્વ નથી તેના ઉપર પોતાની ખરાબ નિષ્ઠાને વશ્ય થઇ પોતાનું સ્વામિત્વ સ્થાપવાનો વિચાર કરવો એ પણ મહા પાપ છે. બીજાઓનું ધન વિગેરે તેને છેતરીને અથવા બળાત્કારથી લેવું એ મોહોટામાં મોહોટો અધર્મ છે અને તેનાથી દૂર રહેવું એ ધર્મનો ખરો માર્ગ છે અને તેથી જે વસ્તુમાં અન્યનું સ્વામિત્વ છે તેવી વસ્તુ-દ્રવ્ય ન લેવામાં કેવા કેવા ફાયદા (યશ, કીર્ત્તિ, ગુણ, આનંદ) છે તે બતાવવામાટે આ અધિકારનો આરંભ કરવામાં આવ્યો છે.

પરદ્રવ્યનો ત્યાગ કરવાથી થતા ફાયદા.

अनुष्टुप्.

यदा सर्वम्परद्रव्यम्बहिर्वा यदि वा गृहे ।
अदत्तं नैव गृह्णाति, ब्रह्म सम्पद्यते तदा ॥ १ ॥

જ્યારે સઘળું પરાયું ધન બહાર હોય અથવા ઘરમાં હોય તે આપ્યા સિવાય લેજ નહિ ત્યારે તે મનુષ્ય બ્રહ્મને પ્રાપ્ત થાયછે. અર્થાત્ બહાર પડેલું હોય કે ઘરમાં હોય તોપણ પોતાની મેળે લેવું અયોગ્ય છે. ૧.

વળી—

उपजाति (२ थी ४).

पीडा न दुःखं न परापवादो, न चापकीर्त्तिर्न दरिद्रता च ।
नैवावहेला न कलङ्कपङ्को, भवेन्नरस्य त्यजतोऽन्यवस्तु ॥ २ ॥

બીજાની વસ્તુનો ત્યાગ કરનાર પુરૂષને પીડા, દુ:ખ, પરાપવાદ, અપકીર્ત્તિ, દરિદ્રતા, તિરસ્કાર અને કલંકનો લેપ આવતો નથી. ૨.

તથા—

विशुद्धिसिद्धिस्थिरबुद्धिलक्ष्म्यः, कीर्त्तिर्द्युतिः प्रोन्नतिशर्मसङ्गः ।
स्वर्गापवर्गादिसुखानि पुंसां, भवन्त्यदत्तस्य पराङ्मुखानाम् ॥ ३ ॥

અદત્તત્યાગી પુરૂષોને વિશુદ્ધિ, સિદ્ધિ બુદ્ધિની સ્થિરતા, લક્ષ્મી, કીર્ત્તિ, કાન્તિ, ઉન્નતિ, કલ્યાણકારક પદાર્થોનો સમાગમ અને સ્વર્ગમોક્ષાદિ સુખો થાયછે (પોતાની મેળે પ્રાપ્ત થાયછે). ૩.

પરદ્રવ્યનું સ્પષ્ટીકરણ તથા તે ન લેવાની ભલામણ.

न विस्मृतं नो पतितं न नष्टं, न स्थापितं न स्थितमाहृतं न ।
लोकोत्थनिन्दानृपदण्डयोग्यं, व्रते तृतीयेऽन्यधनं न लेयम् ॥ ४ ॥

તૃતીયવ્રતમાં (અદત્તત્યાગમાં) કોઇનું ભૂલાઇ ગયેલું, પડી ગયેલું, ખોવાઇ ગયેલું, મૂકેલું, રહેલું, લઇ લીધેલું અથવા કોઇના નામથી ગણાયેલું જે લેવાથી લોકમાં નિન્દા થાય અને રાજાના ગુન્હેગાર થવાય તેવું બીજાનું દ્રવ્ય લેવું નહિ. ૪.

અદત્તાદાનત્યાગવ્રત.

मालिनी.

समभिलषति सिद्धिस्तं वृणीते समृद्धि-
स्तमभिसरति कीर्त्तिर्मुच्यते तं भवार्त्तिः ।
स्पृहयति सुगतिस्तं नेक्षते दुर्गतिस्तं,
परिहरति विपत्तं यो न गृह्णात्यदत्तम् ॥ ५ ॥

જે પુરૂષ બીજાની કાંઇ પણ વસ્તુ તેના દીધા સિવાય લેતો નથી, તે પુરૂષને મુક્તિ ઇચ્છેછે, ઋદ્ધિત્વાદિસંપદ્ વરેછે, કીર્ત્તિ તેની પાછળ દોડેછે, સંસારની પીડા તેનો ત્યાગ કરેછે, દેવગતિ તેને ઇચ્છેછે, નરકગતિ તેને તજેછે અને વિપત્તિ તેનો ત્યાગ કરેછે. ૫.

તથા—

शिखरिणी.

अदत्तं नादत्ते कृतसुकृतकामः किमपि यः,
शुभश्रेणिस्तस्मिन्वसति कलहंसीव कमले ।
विपत्तस्माद्दूरं व्रजति रजनीवाम्बरमणे-
र्विनीतं विद्येव त्रिदिवशिवलक्ष्मीर्भजति तम् ॥ ६ ॥

કરેલાં પુણ્યોનો નાશ ન થાય એવી અભિલાષાવાળો જે પુરૂષ કોઇની પણ કાંઈ વસ્તુ તેની પરવાનગી વિના લેતો નથી, તેને લીધે જેમ કમલને વિષે

રાજહંસી વસેછે તેમ તે પુરૂષને વિષે કલ્યાણની પંક્તિ રહેછે, સૂર્યથી જેમ રાત્રિ દૂર જાયછે તેમ આ મનુષ્યથી વિપદ્ દૂર ખસેછે અને જેમ વિદ્યા વિનયી પુરૂષને વરેછે તેમ સ્વર્ગ તથા મોક્ષની લક્ષ્મી તેને વરેછે (અર્થાત્ તે સ્વર્ગ તથા મોક્ષનાં સુખનો અનુભવ કરેછે). ૯.

કાંઇ પણ પારકી ચીજ ન લેવી તેથી થતા ફાયદા બતાવી આ અદત્ત-ત્યાગગુણ-અધિકાર પૂર્ણ કરવામાં આવેછે.

मोक्षसुख-अधिकार.

મોક્ષસમાન એક પણ સુખ નથી, બીજાં સુખો તેમની આગળ અલ્પમાત્ર તેમજ નાશવંત છે તેમજ તે સુખો ભોગવતાં અંતઃકરણની શાન્તિ પણ થતી નથી. કોઇ એક મનુષ્ય દરિદ્ર હોય તે પુણ્યના પ્રભાવથી ગૃહસ્થ બને તેમાં ખાનપાનાદિ વૈભવોનાં સારાં સુખો મળે પછી તેમને કોઇ પણ અધિકારની અપેક્ષા થાય, તે પણ પુણ્યનાં પ્રભાવથી મળે પછી રાજ્યાદિની ઇચ્છા થાયછે, તેથી પણ સંતોષ ન મનાતાં દેવલોકના ભોગોની ઇચ્છા થાયછે, તેમની પણ પ્રાપ્તિ થાય તો સ્વર્ગાધિપત્ય (ઇંદ્રપદ) ની વાંછા થાયછે તે પણ મળે. છતાં આવા અધિકારી જીવને ત્યાંથી પણ પતનભય રહેછે. ઉપર્યુક્ત દરેક સ્થાનો ભયવાળાં, નાશવંત, તૃષ્ણાવર્દ્ધક અને મોહ ઉપજાવનારાં છે પણ જે નિર્ભય, આસક્તિવગરનું, સદૈવ સુખરૂપ, પતનભયરહિત તે તો કેવળ મોક્ષસુખ છે માટે તેમાં યત્ન કરવો તેજ કૃતાર્થતા છે. માટે મોક્ષના અધિકારી થવાને જોઇતાં સાધનોનું વર્ણન કરી આ મોક્ષસુખ-અધિકારનો આરંભ કરવામાં આવેછે કે જે મોક્ષસુખ ધર્મપાલનનું ઉંચામાં ઉંચું અને છેવટનું અવિનાશી ફળ ગણાયછે.

પતનરહિત સ્થાન કયું? તે જૈનશાસ્ત્રોમાં અનેક પ્રકારે કહેલ છે તેજ પ્રમાણે પુરાણાદિ ધર્મશાસ્ત્રોમાં પણ કહેલ છે તે દર્શાવાયછે તથા મોક્ષનું સ્વરૂપ કેવું હોયછે તે બતાવવામાં આવેછે.

अनुष्टुप् (१ थी ५).

गत्वा गत्वा निवर्तन्ते, चन्द्रसूर्यादयो ग्रहाः ।
अद्यापि न निवर्तन्ते, द्वादशाक्षरचिन्तकाः ॥ १ ॥

ચન્દ્ર, સૂર્યાદિ ગ્રહો જઇ જઇને પણ નિવૃત્ત થાયછે (પાછા આવેછે પણ તે સ્થળને પહોંચતા નથી.) પણ જે દ્વાદશાક્ષરનું ચિન્તન કરનારાઓ ગયાછે તે હજી સુધી પણ પાછા ફર્યા નથી. ૧.

તથા—

यत्र स्तिमितगम्भीरं, न तेजो न तमिस्रकम् ।
अनाख्यमनभिव्यक्तं, तद्रूपं पारमात्मिकम् ॥ २ ॥

જે નિશ્ચલ, ગંભીર, *તેજ નહિ કે અંધારૂં નહિ, નામભેદથી રહિત, અસ્ફુટ (યથાર્થ રીતે જોઇ, જાણી ન શકાય તેવું) સ્વરૂપ તેજ પરમાત્મસ્વરૂપ (મોક્ષ) છે. ૨.

વળી—

नेन्द्रियाणि न वा रूपं, न मनःपरिकल्पना ।
यत्सर्वं न च यत्सर्वं, तद्रूपं पारमात्मिकम् ॥ ३ ॥

જે ઇંદ્રિય, રૂપ અને મનની કલ્પનાથી વ્યતિરિક્ત છે (બહાર છે), ચૈતન્યસત્તાધીશત્વે જે સર્વરૂપ છે, સર્વ તન્મય હોવાથી જે સર્વ નથી (કેવળ એકજ છે) તે પારમાત્મિક (મોક્ષ) સ્વરૂપ છે. ૩.

તેમજ—

परमाणोरपि परं, तदणीयो ह्यणीयसः ।
शुद्धं सूक्ष्मं परं शान्तं, तदाकाशोदरादपि ॥ ४ ॥

જે પરમાણુથી પણ પર (ન્હાનું), ન્હાનામાં ન્હાનું, શુદ્ધ સૂક્ષ્મ અને આકાશોદરથી (મેઘથી) પણ પરમ ગંભીર છે. ૪.

* તેજ નહિ તેવો પુરાણોનો મત છે.

તે પ્રમાણે—

एतद्रहस्यं परममेतच्च परमं पदम् ।
एषा गतिर्विरक्तानामेषोऽसौ परमः शिवः ॥ ५ ॥

આજ સર્વોત્કૃષ્ટ જાણવાયોગ્ય વસ્તુ, આજ સર્વોત્તમ પદ (સ્થાન), વિરક્ત પુરૂષોની આજ ગતિ અને ઉત્તમમાં ઉત્તમ મોક્ષમાર્ગ પણ આ છે. ૫.

પાર્વતીપ્રતિ શંકરનો ઉપદેશ.

वंशस्थ.

ये तत्र लीनाः परमे पदे शिवे, मुक्तिं गता देवि त एव नापरे ।
शक्तिप्रणाशे प्रलये महत्यहो, तेषां कदाचित्पतनं न विद्यते ॥ ६ ॥

હે દેવી! જે પુરૂષો પરમપદરૂપ તે મોક્ષમાર્ગમાં લીન થયા છે તેજ મુક્તિ પામ્યા છે, બીજા નહિ. અહો! માયાના કાર્યરૂપ આ જગતનો નાશ થતાં એટલે મહા પ્રલયને અંતે પણ તેઓને પતન (પડવાપણું) રહેતું નથી, માટે જ્ઞાની પુરૂષોએ અન્યાસક્તિઓ છોડી મોક્ષમાર્ગમાં જોડાવું. જેથી પુનઃ પુનઃ જનનમરણ રહે નહિ. ૬.

ઉપર જણાવેલું મોક્ષસુખ જીવને કેમ પ્રાપ્ત થાય? એમ એક શ્રદ્ધાળુ શ્રોતાને પ્રશ્ન ઉદ્ભવતાં તે પૂછેછે.

પ્રશ્ન—*હે મહારાજ! સૂક્ષ્મદ્રષ્ટિથી વિચારતાં આપના કહ્યા મુજબ આત્મા અનાદિ છે એમ સત્ય ભાસેછે, તે અનાદિ આત્મા જન્મ જરા મરણાદિ અપાર દુઃખ પામ્યો છે તેમાં પણ શંકા રહેતી નથી, કેમકે કાળ પણ અનાદિ છે તો હવે કૃપા કરીને કહો કે તે આત્મા દુઃખનો પાર (મોક્ષસુખ) કેમ કરીને પામે? તેને માટે અરિહંતોએ શું ઉપાય કહ્યો છે?

ઉત્તર—હે ભવ્ય! આવી બુદ્ધિ, યોગ્ય જીવોનેજ પ્રગટેછે તેથી તમે યોગ્ય છો એમ ખાત્રી થાયછે તેથી કહેવામાં આવેછે કે—જો જીવ શુદ્ધ ધર્મ પામે તો તેના સર્વ દુઃખનો અંત થાય એમ જિનેશ્વરોએ કહ્યું છે. માટે તમે શુદ્ધ ધર્મ પ્રાપ્ત કરો કે જેથી તમારા સર્વ દુઃખનો અંત થાય એટલે મોક્ષસુખની પ્રાપ્તિ થાય.

જેનાથી સર્વ દુઃખની નિવૃત્તિ છે, એવો જે મોક્ષ, તેની શ્રેષ્ઠતા બતાવી આ મોક્ષસુખ અધિકાર પૂર્ણ કરવામાં આવેછે.

---

* તત્ત્વ વાર્ત્તા.

ગ્રંથ સંગ્રહિતા.

गीति.

विनयविजयमुनिनायं, विविधार्थः सप्तमः परिच्छेदः ।
सङ्ग्रथितः सुगमार्थं, व्याख्यातॄणां सदा भूयात् ॥

વિનયવિજય મુનિએ આ (વ્યાખ્યાન સાહિત્યસંગ્રહ નામના) ગ્રંથનો વિવિધ વિષયોવાળો સાતમો પરિચ્છેદ વ્યાખ્યાન કરનારાઓ (અને શ્રોતાઓ) ની સુગતામાટે સંગ્રથિત કર્યો છે તે સદા વ્યાખ્યાન કરનાર સાધુ તથા સાધ્વીઓ (અને શ્રોતાવર્ગ) ના આનંદને માટે થાઓ.

सप्तमपरिच्छेद परिपूर्ण.

॥ अष्टम परिच्छेद ॥

સાતમા પરિચ્છેદની અંદર જે જે અધિકારો લેવામાં આવ્યા છે તેઓમાં પ્રથમ સમ્યકત્વ અધિકારને સ્થાન આપીને તે પછી બીજા અધિકારોને સ્થાન આપવામાં આવ્યું છે. કોઇ પણ ગ્રંથ રચવાના અને તે દ્વારા ઉપદેશ આપવાના મુખ્યત્વે ત્રણ હેતુઓ હોયછે. એક તો અધર્મમાર્ગે ચડી ગયેલાં મનુષ્યોને તે માર્ગથી પાછાં વાળી લેવાં, બીજો હેતુ એ છે કે નિરૂદ્યમી અને નિરૂત્સાહુ બની બેસી રહેલાં મનુષ્યોને શ્રેષ્ઠ–કલ્યાણના માર્ગ તરફ આગળ વધારવાં અને ત્રીજો હેતુ એ છે કે કલ્યાણના માર્ગમાં આગળ વધેલાં મનુષ્યો કંઇપણ કારણથી બુદ્ધિની વિકળતામાં ફસાઇ તે માર્ગમાંથી પાછાં વળી અકલ્યાણના અધમ માર્ગ તરફ ગતિ કરે નહિ. ખરી રીતે જોતાં આ ત્રણે હેતુઓ પરસ્પર એવા સંબદ્ધ છે કે તેઓની સંખ્યા ત્રણની ગણવાને બદલે તે એકજ હેતુ છે એમ પણ કહી શકાય અને તેને એવું નામ આપી શકાય કે મનુષ્યોને કલ્યાણના માર્ગ ઉપર સ્થાપવાં. આ હેતુની સ્થિતિને માટે સર્વ શાસ્ત્રકારો અને સર્વ ઉપદેશકોની પ્રવૃત્તિ હોવી જોઇએ, એ પ્રમાણે સમ્યકત્વની સિદ્ધિમાટે સીધી રીતે તેના તરફ રૂચિ કરાવનારા ભિન્ન ભિન્ન અધિકારો લઇ એ પરિચ્છેદની સમાપ્તિ કરવામાં આવી છે. એમાંના મુખ્ય વિષયરૂપ સમ્યકત્વની સિદ્ધિ થાય તો છેવટ મોક્ષસુખની પ્રાપ્તિ થાયછે એમ બતાવવા છેવટ મોક્ષસુખ અધિકાર લેવામાં આવ્યો. પરંતુ સંસારમાં મોક્ષસુખની આડે આવરણો એટલાં બધાં છે કે મોક્ષસુખનો અધિકારી થવા લાગેલો પુરૂષ પણ જો મિથ્યાત્વવશ થાય તો ત્યાંથી ગબડી પડી વળી ચોરાશીના ફેરામાં પડેછે એટલામાટે એવા અધિકારીએ અને એવા અધિકારી થવામાટે અન્ય સર્વ મનુષ્યોએ પણ ક્યાં ક્યાં સાવચેત રહેવા જેવું છે તથા કેવી રીતે પોતે આગળ વધવામાં અશક્ત ન બને તે માટે સંભાળ રાખવાની છે. કઇ બાબતો ધક્કો મારી સંસારસમુદ્રમાં ડૂબાવનારી છે અને કઇ કઇ બાબતો તારી લેનારી–બચાવી લેનારી છે, એ સઘળું ધ્યાનમાં રાખવાસારૂ આ અષ્ટમ પરિચ્છેદમાં જૂદા જૂદા અધિકારો લેવામાં આવ્યા છે.

मिथ्यात्व-अधिकार.

"મિથ્યાત્વ" મિથ્યા (અસત્ય) ત્વ (પણું) અર્થાત્ જે વસ્તુ જેવા રૂપમાં હોય તેને તે રૂપે નહિ કહેતાં બીજી રીતે કલ્પવી તે મિથ્યાત્વ કહેવાય. આ મિથ્યાત્વ શબ્દ અત્ર લૌકિક સત્યતાવિરૂદ્ધ (અસત્ય) ભાષણના કાર્યમાં જોડાયેલ નથી પરંતુ તત્ત્વ (આત્મજ્ઞાન) સંબંધીના વિરૂદ્ધ જ્ઞાનની બાબતના વિષયમાં જોડાયેલ છે, એટલે તત્ત્વ સંબન્ધે કેટલાક વાદીઓ વ્યાખ્યાન કરી રહ્યા છે તે બાબતમાં શ્રીજિનેશ્વર ભગવાને અભિગ્રહિક, અનાભિગ્રહિક, અભિનિવેશિત અનાભોગિક વિમૂઢતા, એકાન્ત, વિનીત, સંશય, પ્રતીપતા, આગ્રહ, નિસર્ગ વિગેરેનું સ્ફોટન કરીને જે જ્ઞાન દર્શાવ્યું છે તેજ સત્ય છે અને અન્યમાં ઉપરના દોષોનો આરોપ જણાવ્યો છે. આ બાબત સમજણમાં આવવી ઘણી કઠિન છે. તો પણ આ વિષય અત્યન્ત ઉપયોગી હોવાને લીધે યથામતિ અત્ર તેનું દિગ્દર્શન કરાવ્યું છે, તેને સુજ્ઞમહાશયો પોતાના દષ્ટિપથમાં લઇ આ પરિશ્રમને કૃતાર્થ કરશે; કારણકે મોક્ષસુખના માર્ગમાં મ્હોટામાં મ્હોટી અડચણ કરનાર અચળ અને અજીત કિલ્લાજેવી બાબત એ મિથ્યાત્વજ છે. એટલું દર્શાવી અધિકારની શરૂઆત કરવામાં આવેછે.

મિથ્યાપણું એજ રોગ, ઝેર, શત્રુ અને અંધારૂં છે.

अनुष्टुप्.

मिथ्यात्वं परमो रोगो, मिथ्यात्वं परमं विषम् ।
मिथ्यात्वं परमः शत्रुर्मिथ्यात्वं परमं तमः ॥ १ ॥

सूक्तिमुक्तावली.

*મિથ્યાત્વ મહાન્ રોગ છે, મિથ્યાત્વ પરમ ઝેર છે, મિથ્યાત્વ મ્હોટો શત્રુ છે અને મિથ્યાત્વ મ્હોટું અન્ધારૂં છે. ૧.

---

* મિથ્યાત્વ એટલે સુદેવ, સુગુરૂ અને સુશાસ્ત્રને વિષે શ્રદ્ધા ન કરવી અને કુદેવ, કુગુરૂ અને કુશાસ્ત્રને વિષે શ્રદ્ધા કરવી તે.

અવિનાશી સુખનું ઉત્તમ સાધન.

आर्या (२ थी ६)

देवेहिं दाणवेहिं ण सुउ मरणा उरुक्खिओ कोवि ।
दिढकयाजिणसम्मत्ता बहुविह अजरामरंपत्ता ॥ २ ॥

હરેક જીવને સર્વ ભય કરતાં મરણ ભય વધારે કઠિન જણાય છે, તેના નિવારણમાટે કુદેવોની પૂજા કરેછે પણ તે કુદેવો મૃત્યુને નાશ કરવાને સમર્થ નથી, માટે કુદેવોનું પૂજન કરવું તે નિષ્ફળ છે. તેથી રાગદ્વેષથી રહિત સર્વજ્ઞ અરિહંત દેવ ઉપર શુદ્ધ શ્રદ્ધા રાખવાથી (સેવા કરવાથી) મોક્ષની પ્રાપ્તિ થાયછે. એટલે ત્યાં જીવ અવિનાશી સુખ ભોગવેછે. એ ઉપરથી એમ સમજાયછે કે જિનેન્દ્ર ભગવાન્ મરણભયનું નિવારણ કરી શકે છે. ૨.

મિથ્યાત્વનો મહિમા.

जह कोविवेसारत्तो मुसिज्जमाणो विमण्णए हरसं ।
तह मिच्छवेसमुसिया गय पि ण मुण्णन्ति धम्मतिहिं ॥ ३ ॥

જેમ કોઇ વેશ્યાસક્ત પુરૂષ તીવ્રરાગના ઉદયથી પોતાના ધનને છેતરીને કોઇ વેશ્યા લઇ જાયછે તો પણ આનંદ માનેછે તેમ જીવ મિથ્યા વેષધારીઓવડે છેતરાવાથી પોતાના ધર્મરૂપી ધનનો નાશ થાયછે તે જાણતો નથી. ૩.

ધર્મની ખરી ઓળખાણ.

लोयपवाहे सकुलकम्मंमि जहो दू मूढ धम्मुत्ति ।
ता मिच्छाण वि धम्मो भकाइ अहम्मपरिवाडी ॥ ४ ॥

હે મૂઢ! જો લોકની ચાલતી રૂઢિ પ્રમાણે અથવા કુળની પરંપરા પ્રમાણે ધર્મ ગણાતો હોય તો મ્લેચ્છ કુળમાં હિંસા થાયછે ને તે હિંસા જો ધર્મ તરીકે સ્વીકારવામાં આવે તો પછી અધર્મ કોને કહેવો? માટે આવા કારણનેલીધે લોકરૂઢિથી કે કુળ પરંપરાથી ધર્મ માનવો નહિ પણ શુદ્ધ ધર્મ તો જિનભગવાને કહેલ હોય તેજ ગણાય છે. કદાચ પોતાના કુળમાં સત્યસ્વરૂપ જૈનધર્મ પાળવામાં આવતો હોય અને તે કુળની પરંપરાને લીધે તે જૈનધર્મનું સેવન કરવામાં આવે તો તે વિશેષ ફળદાતા નથી, માટે જિનાગમને અનુસરી પરીક્ષાપૂર્વક નિર્ણય કરી જૈનધર્મ ધારણ કરવો જોઇએ. ૪.

ગુરૂપણાનો આધાર વંશપરંપરાપર નહિ, પણ યોગ્યતાઉપર છે.

लोयम्मि रायणीईणायण कुलक्कम्मम्मि कयआवि ।
किं पुणति लोयपहुणो जिणंदधम्माहिगारम्मि ॥ ५ ॥

જગત્માં ચાલતો નિયમ એવો છે કે કોઇ ઉત્તમ કુળનો પુરૂષ ચોરી કે અન્યાય કરે તો રાજા તેને સારો માણસ (આબરૂદાર) જાણીને કાંઇ અપરાધથી મુક્ત કરતો નથી પણ કાયદાને અનુસરી તેને શિક્ષા કરેછે. ત્યારે તમો વિચાર કરો કે અલૌકિક જિનધર્મનો ન્યાય કુળને અનુસરીને કેવી રીતે હોય? જો કોઇ પૂજ્ય આચાર્યના કુળમાં શિષ્ય થઇ પાપ કરે તો તે પાપીજ છે છતાં તેને ગુરૂતરીકે માન આપવું એ મિથ્યાત્વનો પ્રભાવ છે. ૫.

પોતે ડૂબતો બીજાને કેવી રીતે તારે?

जिणवयणवियत्तुणविजीवाणं जंणहोइभवविरई ।
ताकहअवियत्तूणं विमिच्छत्तहपाणयासम्मि ॥ ६ ॥

उपदेशसिद्धान्तरत्नमाला.

કેટલાક અજ્ઞાની જીવો સંસારમાંથી છૂટવામાટે સ્વાર્થી કુગુરૂને સેવેછે તેને કહેવું પડેછે કે વીતરાગભાવને પોષક જિનવચન (જૈનશાસ્ત્ર)નું જ્ઞાન મેળવ્યા છતાં કર્મોદયના વશથી સંસારમાંથી છૂટવામાટે વૈરાગ્ય ઉત્પન્ન થતો નથી. તો પછી રાગદ્વેષ મિથ્યાત્વાદિકને પુષ્ટ કરનાર પરિગ્રહધારી ગુરૂની સેવાથી વૈરાગ્ય કેવી રીતે ઉત્પન્ન થાય? અર્થાત્ વૈરાગ્ય ઉત્પન્ન નહિ થાય. માટે એવા સ્વાર્થી કુગુરૂનો દૂરથીજ ત્યાગ કરવો. ૬

મિથ્યાત્વથી સત્યતત્ત્વનું જ્ઞાન થતું નથી.

वंशस्थ (૭ થી ૩૧).

दुरन्तमिथ्यात्वतमोदिवाकरा विलोकिताशेषपदार्थविस्तराः ।
उशन्ति मिथ्यात्वतमो जिनेश्वरा यथार्थतत्त्वाप्रतिपत्तिलक्षणम् ॥ ७ ॥

દુઃખે કરી જેનો અન્ત છે એવો મિથ્યાપણારૂપી અન્ધકારનો નાશ કરવામાં સૂર્યસમાન અને જેણે સમગ્ર પદાર્થોના વિસ્તારનું નિરીક્ષણ કરેલું છે. એવા શ્રીજિનેશ્વર ભગવન્તો મિથ્યાત્વરૂપી અન્ધકારને સત્ય તત્ત્વની અપ્રાપ્તિરૂપ લક્ષણવાળો એટલે જેનાથી યથાર્થ તત્ત્વનું જ્ઞાન ન થાય એવા લક્ષણવાળો કહેછે. ૭.

મિથ્યાત્વના ભેદ કહેછે.

विमूढतैकान्तविनीतसंशयप्रतीपताग्राहनिसर्गभेदतः ।
जिनैश्च मिथ्यात्वमनेकधोदितं, भवार्णवभ्रान्तिकरं शरीरिणाम् ॥ ८ ॥

વિમૂઢતા, એકાંત, વિનીત, સંશય, પ્રતીપતા (વિપરીતતા), આગ્રહ, અને નિસર્ગના ભેદથી શ્રીજિનેશ્વર ભગવન્તોએ મિથ્યાત્વનું અનેક રીતે પ્રતિપાદન કર્યું છે કે જે મિથ્યાત્વ મનુષ્યોને સંસારરૂપ સાગરમાં ભ્રમણ કરાવવાવાળું છે. ૮.

વિમૂઢતા મિથ્યાત્વનું સ્વરૂપ.

परिग्रहेणापि युतास्तपस्विनो, वधेऽपि धर्मं बहुधा शरीरिणाम् ।
अनेकदोषामपि देवतां जनस्त्रिमोहमिथ्यात्ववशेन भाषते ॥ ९ ॥

સમકિત મોહની, મિથ્યાત્વ મોહની અને મિશ્ર મોહની એ ત્રણ મોહનીના વશથી માણસ પરિગ્રહે કરીને યુક્ત એવાને પણ તપસ્વી એમ કહે છે, ઘણા પ્રકારે પ્રાણીઓના વધને વિષે પણ ધર્મ કહેછે અને અનેક દોષવાળાને પણ દેવ કહેછે. અર્થાત્ કુગુરૂ, કુધર્મ અને કુદેવને પણ સુગુરૂ, સુધર્મ અને સુદેવતરીકે માનેછે. એ વિમૂઢતા મિથ્યાત્વ સમજવું. ૯.

એકાંત નામના મિથ્યાત્વવાળાનો મતિવિપર્યાસ દેખાડેછે.

विबोधनित्यत्वसुखित्वकर्तृताविमुक्तितद्धेतुकृतज्ञतादयः ।
न सर्वथा जीवगुणा भवन्त्यमी, भवन्ति चैकान्तदृशेति बुध्यते ॥१०॥

જ્ઞાન, નિત્યપણું, સુખીપણું, કર્ત્તાપણું, મોક્ષ, તેનું કારણ અને કૃતજ્ઞપણું, એટલે કરેલા કાર્યનું જાણવાપણું, આ વિગેરે જીવના ગુણો સર્વથા નથી છતાં તે જીવના ગુણો છે, એમ એકાંતમિથ્યાત્વ દૃષ્ટિને લીધે સમજાયછે. ૧૦.

વિનીત નામના મિથ્યાત્વમાં પરાયણ એવા મનુષ્યની અસ્થિરતા.

न धूयमानो भजति ध्वजः स्थितिं, यथानिलैर्देवकुलोपरि स्थितः ।
समस्तधर्मानिलधूतचेतनो, विनीतमिथ्यात्वपरस्तथा नरः ॥ ११ ॥

દેવોના મંદિર ઉપર રહેલ એવો ધ્વજ (ધજા) જેમ પવનથી હુલાવ્યો છતો સ્થિર રહી શકતો નથી તેમ જગતના તમામ ધર્મોથી જેની બુદ્ધિ ચલાયમાન થઇ છે એવો વિનીત મિથ્યાત્વમાં તત્પર પુરૂષ શુદ્ધ જૈનધર્મમાં સ્થિર રહી શકતો નથી. અર્થાત્ જગત્માં કેટલાક મનુષ્યો આ ધર્મમાંથી

આમાં ને આમાંથી તેમાં આમ યાવજ્જીવનસુધી ભ્રમણ કાર્યમાં તત્પર રહેછે. તેઓના જ્ઞાનની સ્થિતિને "વિનીતમિથ્યાત્વ" એવું નામ આપવામાં આવ્યું છે. ૧૧.

સંશય નામના મિથ્યાત્વવાળાની સ્થિતિ.

समस्ततत्त्वानि न सन्ति सन्ति वा, विरागसर्वज्ञनिवेदितानि वै ।
विनिश्चयः कर्मवशेन सर्वथा, जनस्य संशीतिरुचेर्न जायते ॥ १२ ॥

સંશયની રૂચિવાળા માણસને કર્મના વશથી વીતરાગ સર્વજ્ઞ ભગવાને કહેલાં સર્વે તત્ત્વો છે કે નહિ? એટલે સત્ય છે કે નહિ? તેનો નિશ્ચય કોઇ પણ પ્રકારે થતો નથી. આવા મનુષ્યને સંશય નામનું મિથ્યાત્વ હોયછે. ૧૨.

પ્રતીપ નામના મિથ્યાત્વનું વર્ણન.

पयो युतं शर्करया कटूयते, यथैव पित्तज्वरभाविते जने ।
तथैव तत्त्वं विपरीतमङ्गिनः, प्रतीपमिथ्यात्वदृशो विभासते ॥ १३ ॥

કોઇ મનુષ્યને પિત્તજ્વર આવ્યો હોય તેને શાકરથી યુક્ત એવું દુધ કે જળ જેમ કડવું લાગેછે તેમ પ્રતીપ નામના મિથ્યાદષ્ટિવાળા મનુષ્યને વિપરીત (સત્યથી જુદા પ્રકારનું) તત્ત્વ ભાસે છે એટલે તત્ત્વને વિષે વિપરીત બુદ્ધિ થાયછે. ૧૩.

આગ્રહ નામના મિથ્યાત્વનું સ્વરૂપ.

प्रपूरितश्चर्मलवैर्यथाशनं, न मण्डलश्चर्मकृतः समिच्छति ।
कुहेतुदृष्टान्तवचःप्रपूरितो, जिनेन्द्रतत्त्वं वितथं प्रपद्यते॥ १४ ॥

જેમ ચર્મના ટુકડાથી પૂર્ણ થયેલો ચમારનો કૂતરો બીજા ભોજનની ઇચ્છા કરતો નથી તેમ કુત્સિત હેતુ અને દૃષ્ટાન્તવાળાં વચનોથી ભરેલો મનુષ્ય જિનેન્દ્ર ભગવાનના તત્ત્વને ખોટું માને છે, એટલે તેનો આદર કરતો નથી. ૧૪.

નિસર્ગ મિથ્યાત્વનું સ્વરૂપ.

यथान्धकारान्धपटावृतो जनो, विचित्रचित्रं न विलोकितुं क्षमः ।
यथोक्ततत्त्वं जिननाथभाषितं, निसर्गमिथ्यात्वतिरस्कृतस्तथा ॥ १५ ॥

જેમ અંધકારમાં અંધપટ (આંધળા પડેદા) થી વીંટાયેલો મનુષ્ય વિચિત્ર પ્રકારના ચિત્રને જોવાને સમર્થ થઇ શકતો નથી, તેમ નિસર્ગ (સ્વા-

આદિક) મિથ્યાત્વથી તિરસ્કાર કરાયેલો (એટલે જેની દૃષ્ટિ-વિચારશક્તિ આડે સ્વભાવથીજ મિથ્યાત્ત્વ ઉભું છે એવો) પુરૂષ શ્રીજિનનાથ ભગવાને કહેલા સત્યતત્ત્વને જોઇ શકતો નથી. ૧૫.

મિથ્યાત્વનું સ્પષ્ટીકરણ.

दयादमध्यानतपोव्रतादयो, गुणाः समस्ता न भवन्ति सर्वथा ।
दुरन्तमिथ्यात्वरजोहतात्मनो, रजोयुतालाबुगतं यथा पयः ॥ १६ ॥

જેમ રજ (કટુતાદિ) થી યુક્ત એવી તુંબડીમાં રહેલું પાણી મિષ્ટ થતું નથી તેમ દુરન્ત (જેનો દુઃખેથી અન્ત આવી શકે) એવા મિથ્યાત્વરૂપી રજથી જેનો આત્મા હણાયેલો છે એવા મનુષ્યને દયા, દમ, (ઇન્દ્રિયનિગ્રહ) ધ્યાન, તપ, વ્રત વિગેરે સમગ્રગુણો ગુણરૂપે થતા નથી. ૧૬.

સ્યાદ્વાદને વિપરીત જ્ઞાનવાળો સમજી શકતો નથી.

अवैति तत्त्वं सदसत्त्वलक्षणं, विना विशेषं विपरीतलोचनः ।
यदृच्छया मत्तवदस्तचेतनो, जनो जिनानां वचनात्पराङ्मुखः ॥१७॥

જિનભગવાનનાં વચનથી વિમુખ, મત્ત મનુષ્યની માફક જેની બુદ્ધિ નાશ પામી છે એવો મિથ્યાત્વદૃષ્ટિવાળો મનુષ્ય સ્યાદ્વાદના લક્ષણવાળા તત્ત્વને યદૃચ્છાએ (પોતાની ઇચ્છા પ્રમાણે) વિશેષ રહિત માનેછે એટલે કે જિનાગમને અન્ય આગમોની જેમ સામાન્યજ માને છે. ૧૭.

મિથ્યાત્વ દર્શનનું ફળ.

त्रिलोककालत्रयसम्भवासुखं, सुदुःसहं यत्त्रिविधं विलोक्यते ।
चराचराणां भवगर्तवर्तिनां, तदत्र मिथ्यात्ववशेन जायते ॥ १८ ॥

ત્રણ લોક (સ્વર્ગ, મૃત્યુ, પાતાલ,) અને ત્રણ કાળ (ભૂત, ભવિષ્ય, વર્તમાન) માં ઉત્પન્ન થયેલું દુઃસહ એવું જે મન, વચન અને કાયાસંબંધી ત્રણ પ્રકારનું દુઃખ સંસારરૂપી ખાડમાં વર્તતા ચર અચર પ્રાણીઓને થતું દેખાયછે, તે દુઃખ અહિં મિથ્યાત્વ (અજ્ઞાન) ના વશથીજ ઉત્પન્ન થાયછે અર્થાત્ તે સર્વ જાતના દુખોનું મૂળ મિથ્યાત્વજ છે. ૧૮.

મિથ્યાત્વયુક્ત જીવિત ઉત્તમ નથી.

वरं विषं भुक्तमसुक्षयक्षमं, वरं वनं श्वापदवन्निषेवितम् ।
वरं कृतं वह्निशिखाप्रवेशनं, नरस्य मिथ्यात्वयुतं न जीवितम् ॥१९॥

પ્રાણોનો નાશ કરવામાં સમર્થ એવા ઝેરનું ભક્ષણ કરવું સારૂં. સિંહાદિ હિંસક પ્રાણીઓ જેમાં વિદ્યમાન છે એવું વન સેવવું (એટલે એવા વનમાં જઇને રહેવું) તે પણ સારૂં. અગ્નિની જ્વાળાઓમાં પ્રવેશ કરવો તે પણ સારૂં. પરંતુ મિથ્યાત્વથી યુક્ત એવું મનુષ્યનું જીવતર સારૂં નહિ. ૧૯.

સિંહાદિ પ્રાણીકરતાં પણ મિથ્યાત્વરૂપી શત્રુને વધારે ક્રૂર જાણવો.

करोति दोषं न तमत्र केसरी, न दन्दशूको न करी न भूमिपः ।
अतीव रुष्टो न च शत्रुरुद्धतो यमुग्रमिथ्यात्वरिपुः शरीरिणाम् ॥२०॥

ઉગ્ર એવો મિથ્યાત્વરૂપી શત્રુ મનુષ્યોના જે દોષને (સંકટને) ઉત્પન્ન કરેછે તે દોષ (દુઃખ) ને સિંહ, ઝેરી સર્પ, મત્તહસ્તી, અત્યંત કોપાયમાન થયેલો રાજા, તથા ઉદ્ધત એવો શત્રુ પણ કરી શકતો નથી.

સારાંશ—સિંહાદિક તો એકજ ભવનું દુઃખ આપી શકેછે, પરંતુ મિથ્યાત્વ તો અનંતભવનું દુઃખ આપેછે, એટલે કે અનંતભવમાં જંતુને ભ્રમણ કરાવનાર મિથ્યાત્વજ છે. ૨૦.

મિથ્યાત્વયુક્ત પુરૂષ શુદ્ધ ચારિત્ર પાળે તોપણ તે સંસારમાંથી મુક્ત થતો નથી.

दधातु धर्मं दशधा तु पावनं, करोतु भिक्षाशनमस्तदूषणम् ।
तनोतु योगं धृतचित्तविस्तरं, तथापि मिथ्यात्वयुतो न मुच्यते ॥२१॥

મિથ્યાત્વથી યુક્ત એવો મનુષ્ય દશ પ્રકારે (એટલે જે ક્ષમા વિગેરે દશ પ્રકારનો શ્રમણ ધર્મ છે તે પ્રમાણે) પવિત્ર ધર્મનું પાલન કરે. દૂષણરહિત એટલે બેંતાલીશ પ્રકારના દોષરહિત ભિક્ષા માગી ભોજન કરે તથા ચિત્તના વિસ્તારને રૂંધનારા એવા યોગને ધારણ કરે તોપણ તે મનુષ્ય સંસારથી મુક્ત થતો નથી. ૨૧.

મિથ્યાત્વવાળાની સર્વ ક્રિયા નિષ્ફળ.

ददातु दानं बहुधा चतुर्विधं, करोतु पूजामतिभक्तितोऽर्हताम् ।
दधातु शीलं तनुतामभोजनं, तथापि मिथ्यात्ववशो न सिध्यति ॥२२॥

બહુ પ્રકારે ચાર પ્રકારનું દાન (અભયદાન, જ્ઞાનદાન, અન્નદાન, ઔષધદાન) કરે અને અતિ ભક્તિથી અર્હંત ભગવાનોની પૂજા કરે, સુંદર શીળને ધારણ કરે અને ઉપવાસ વિગેરે તપસ્યા કરે, તોપણ મિથ્યાત્વથી યુક્ત એવો મનુષ્ય સિદ્ધ થઇ શકતો નથી. ૨૨.

મિથ્યાત્વીને મોક્ષસુખનો ભોગ પ્રાપ્ત થતો નથી.

अवैतु शास्त्राणि नरो विशेषतः, करोतु चित्राणि तपांसि भावतः ।
अतत्त्वसंसक्तमनास्तथापि नो, विमुक्तिसौख्यं गतबाधमश्नुते ॥ २३ ॥

તત્ત્વમાં (યથાર્થ જ્ઞાનમાં) જેનું મન આસક્ત નથી એવો મનુષ્ય શાસ્ત્રોનું જ્ઞાન મેળવે અને વિશેષે કરીને વિચિત્ર પ્રકારનાં તપો ભાવથી કરે, તોપણ તે પીડારહિત મોક્ષના સુખને ભોગવી શકતો નથી. ૨૩.

મિથ્યાદૃષ્ટિ જીવને ઉપદેશ આપીએ તોપણ તે જિનશાસનને અંગીકાર કરતો નથી.

विचित्रवर्णाञ्चितचित्रमुत्तमं, यथा गताक्षो न जनो विलोकते ।
प्रदर्श्यमानं न तथा प्रपद्यते, कुदृष्टिर्जीवो जिननाथशासनम् ॥ २४ ॥

આંધળો મનુષ્ય જેમ વિચિત્ર વર્ણો (રંગો) થી શોભાયમાન એવા ઉત્તમ ચિત્રને જોઈ શકતો નથી તેમ કુદૃષ્ટિવાળો જીવ તત્ત્વને બતાવવામાં આવે તોપણ શ્રીજિનનાથ ભગવાનના શાસનને પામી શકતો નથી (જોઈ શકતો નથી). ૨૪.

અભવ્યપ્રાણી મિથ્યાત્વને છોડી શકતોજ નથી.

अभव्यजीवो वचनं पठन्नपि, जिनस्य मिथ्यात्वविषं न मुञ्चति ।
यथा विषं रौद्रविषोऽपि पन्नगः, सशर्करं चारुपयः पिबन्नपि ॥ २५ ॥

જેમ ભયંકર ઝેરવાળો સર્પ સાકરવાળું દૂધ પીતો હોય તોપણ ઝેર તજતો નથી તેમ અભવ્ય એવો જીવ જિનેશ્વર ભગવાનના વચન (શાસ્ત્ર) ને ભણતો હોય તોપણ મિથ્યાત્વરૂપી ઝેર છોડતો નથી.

સારાંશ—અભવ્ય પ્રાણીમાં મિથ્યાત્વ અનાદિ અનંત ભાગે રહેલું હોયછે તેથી તે (અભવ્ય પ્રાણી) શાસ્ત્ર ભણે તોપણ તેનું મિથ્યાત્વ જતું નથી. ૨૫.

કુતત્ત્વને કોણ રસાયન (સુમધુર) માનેછે?

अलब्धदुग्धादिरसो रसावहं, तदुद्भवो निम्बरसं कृमिर्यथा ।
अदृष्टजैनेन्द्रवचोरसायनस्तथा कुतत्त्वं मनुते रसायनम् ॥ २६ ॥

જેને દૂધ વગેરે રસોની પ્રાપ્તિ થયેલી નથી એવો કડુ પદાર્થમાંજ ઉત્પન્ન થયેલ જીવડો જેમ લીંબડાના રસને રસાવહ (અત્યન્ત મધુર) માને-

છે, તેમ જેને શ્રીજિનેંદ્ર ભગવાનના વચનરૂપી રસાયનનું દર્શન થયેલ નથી તે મનુષ્ય કુતત્ત્વને રસાયન માનેછે—અર્થાત્ અતિ મિષ્ટ માનેછે. ૨૬.

મિથ્યાત્વરૂપી ઝેર મનુષ્યોને શું કરતું નથી ?

ददाति दुःखं बहुधातिदुःसहं, तनोति पापोपचयोन्मुखं मतम् ।
यथार्थबुद्धिं विधुनोति पावनीं, करोति मिथ्यात्वविषं न किं नृणाम् ॥२७॥

અતિદુઃસહ એવા દુઃખનું બહુ પ્રકારે દાન કરેછે અને પાપોના ઉપચય (વૃદ્ધિ) માં ઉન્મુખ થયેલા મતને વિસ્તારેછે તથા પવિત્ર એવી સત્ય બુદ્ધિનો નાશ કરી નાખેછે. એમ મિથ્યાત્વરૂપી ઝેર મનુષ્યોને શું કરતું નથી? અર્થાત્ સંપૂર્ણ રીતે અમંગલોનો ઉદ્ભવ કરેછે. ૨૭.

ભવ્ય લોકો શું કરે છે?

अनेकधेति प्रगुणेन चेतसा, विविच्य मिथ्यात्वमलं सदूषणम् ।
विमुच्य जैनेन्द्रमतं सुखावहं, भजन्ति भव्या भवदुःखभीरवः ॥२८॥

सुभाषितरत्नसन्दोह.

આ પ્રમાણે અત્યંત દૂષણવાળા મિથ્યાત્વને સરલ (મધ્યસ્થ) ચિત્તવડે અનેક પ્રકારે વિવેચન કરીને સંસારના જન્મમરણાદિક દુઃખથી ભય પામેલા ભવ્યજીવો તે મિથ્યાત્વનો ત્યાગ કરીને સુખને વહન કરનારા (આપનારા) જિનેંદ્રના મતનેજ ભજેછે. ૨૮.

પ્રભુના ધામમાં જતી વખતે અટકાવનારા મજબૂત કિલ્લાઓ.

शैथिल्यमात्सर्यकदाग्रहक्रुधोऽनुतापदंभाविधिगौरवाणि च ।
प्रमादमानौ कुगुरुः कुसङ्गतिः, श्लाघार्थिता वा सुकृते मला इमे ॥२९॥

अध्यात्मकल्पद्रुम.

સુકૃત્યમાં આટલા પદાર્થો મેલરૂપ છે—શિથિલતા, મત્સર, કદાગ્રહ, ક્રોધ, અનુતાપ, દંભ, વિધિહીનતા, ગૌરવ, પ્રમાદ, માન, કુગુરૂ, કુસંગ અને આત્મપ્રશંસાશ્રવણની ઇચ્છા; આ સર્વ પુણ્યમાં મેલરૂપ છે.

ભાવાર્થ—નીચે સ્પષ્ટ કરેલા પદાર્થો પુણ્યકાંચનની પર મેલ જેવા છે, એ શુદ્ધ જળને ડોળી નાખનારા છે, ચંદ્રમાં કલંક જેવા છે, માટે તેમને ઓળખી કાઢવા. એ આખું લીસ્ટ નથી, પણ આગેવાન ડોળનારા એમાં આવી જાયછે, ધર્મકૃત્ય—આવશ્યક ક્રિયા ચૈત્યવંદનાદિમાં મંદપણું તે શૈથિલ્ય. પરના ગુણોને સહન ન કરવા, તે તરફ ઇર્ષ્યા કરવી એ માત્સર્ય. પોતાથી

થયેલાં અપકૃત્યને પણ વ્યાજબી ઠરાવવું અને તેવા અભિપ્રાય અથવા તકરારને જાણી જોઇને મજબૂતીથી વળગી રહેવું એ કદાગ્રહ. ગુસ્સે થવું એ ક્રોધ. કોઇને દાનમાન આપ્યા પછી અથવા ટીપ ભરાવ્યા પછી અથવા તો કોઇ પણ ધર્મકાર્ય કર્યા પછી તે કાર્યોને ભૂલરૂપ સમજવાં તે અનુતાપ. માયાકપટ એટલે વચન અને વર્તનમાં ભિન્નભાવ. શાસ્ત્રમાં બતાવેલી મર્યાદા પુરઃસર વર્તનને બદલે તેથી ઉલટું કરવું એ વિધિહીનતા. મેં આ મોટું કામ કર્યું તેથી હું મોટો એવી વિચારણા તે ગૌરવ. માન. પ્રમાદ. સમકિત અને વ્રતાદિરહિત ધર્માચાર્ય નામધારી તે કુગુરૂ. હલકા માણસસાથે સોબત કરવી એ કુસંગતિ અને બીજા માણસો પોતાની પ્રશંસા કરે એ સાંભળવાની ઇચ્છા એ શ્લાઘાર્થિતા.

આ સર્વ વસ્તુઓ સુકૃત્યમાં મળરૂપ છે, સંસારમાં રખડાવનારી છે જો કે આ લીસ્ટ પૂર્ણ નથી તોપણ તેમાં અગત્યની બાબત બધી આવી જાયછે. ૨૯.

મિથ્યાત્વથી થતી હાનિનું વર્ણન કરી તે હાનિથી દૂર રહેવામાટે જિનશાસનને પરાયણ થવાનું અને રહેવાનું સૂચવી આ મિથ્યાત્વ અધિકાર પૂર્ણ કરવામાં આવેછે.

कुशास्त्र-अधिकार.

મિથ્યાત્વનો ઉદય હોય ત્યારે કુશાસ્ત્રાદિમાં પ્રવૃત્તિ થાયછે એટલે તે અમૃત સદૃશ સુશાસ્ત્રને છોડીને કુશાસ્ત્રને સ્વીકારેછે. જગતમાં જેમ સુશાસ્ત્રો છે તેમ કુશાસ્ત્રો પણ છે તેથી સુશાસ્ત્રો કરતાં કુશાસ્ત્રોમાં કઇ જાતનો તફાવત છે તે જાણવાની અપેક્ષા રહેછે અને તે બાબત જાણવામાં આવે તોજ તે કુશાસ્ત્રોમાંથી લોકો અટકે આ બાબત જણાવવા સારૂ આ અધિકારનો આરંભ છે.

કુશાસ્ત્રતરફ ધિક્કાર.

अनुष्टुप् (१ थी ४).

वरमेकाक्षरं ग्राह्यं, सर्वसत्त्वानुकम्पकम् ।
न लक्षपोषकं पापं, कुशास्त्रं धूर्तचर्चितम् ॥ १ ॥

आचारोपदेश.

સર્વ ભૂતપ્રાણીઉપર જેમાં દયા બતાવવામાં આવેલ છે એવું એક અક્ષરનું. શાસ્ત્ર હોય તેને ગ્રહણ કરવું, પરંતુ ઇન્દ્રિયોને પોષણ (હૃષ્ટપુષ્ટ) કરનાર ધૂર્ત (ધૂતારા) લોકોએ રચેલ પાપરૂપ એવું કુશાસ્ત્ર ગ્રહણ કરવું નહિ. ૧.

દુષ્ટ શાસ્ત્ર ઝેરની ગરજ સારેછે.

क्षणं कर्णामृतं सूते, कार्यशून्यं सतामपि ।
कुशास्त्रं तनुते पश्चादविद्यागरविक्रियां ॥ २ ॥

ज्ञानार्णव.

કુશાસ્ત્ર ક્ષણમાત્રમાં તો સત્ પુરૂષોના પણ કાનને અમૃતતુલ્ય લાગે તેવા શુભ કાર્યનાશક વચનોને જન્મ આપેછે એટલે સત્પુરૂષને પણ મોહ પેદા કરનાર વચન કાઢેછે અને (પરિણામે) પછી અજ્ઞાનરૂપી ઝેરની વિક્રિયા (વિકાર) ને વિસ્તારેછે એટલે વિકાર પામેલું ઝેર જેમ મનુષ્યના શરીર-મંદિરનો ધ્વંસ કરી નાખેછે તેમ કુશાસ્ત્ર પણ મનુષ્યના આત્મસુખનો નાશ કરી જીવને નરકમાં નાખેછે. ૨.

જે સારૂં તે મારૂં.

परीक्षा सर्वशास्त्रेषु, विधातव्या विचक्षणैः ।
न कुशास्त्रप्रणीतं हि, कर्तव्यं विषभक्षणम् ॥ ३ ॥

વિદ્વાન્ પુરૂષોએ સર્વ શાસ્ત્રોમાં પરીક્ષા કરવી (અને પરીક્ષા કરીને) ખરેખર કુત્સિત શાસ્ત્રોમાં કહેલ ઝેરના ભક્ષણતુલ્ય (પાપ) કર્મ ન કરવું. ૩.

જે હિતકર વચન તેજ શાસ્ત્ર.

न नव्यं पुस्तकं श्रेष्ठं, न चैतल्लोकरञ्जकम् ।
न तस्य जल्पतो लोकैः, प्रमाणीक्रियते वचः ॥ ४ ॥

सूक्तिमुक्तावली.

કુશાસ્ત્રનું પુસ્તક નવીન હોય તોપણ તે શ્રેષ્ઠ નથી તેમ એ સજ્જનોને રંજન કરી શકતું નથી. કારણકે (તેવા કુશાસ્ત્રમાંથી) જલ્પના કરતા (બડબડતા) તે પાખંડી પુરૂષનું વચન લોકોથી પ્રમાણ કરાતું નથી એટલે જનસમાજ પણ તેવા કુશાસ્ત્રવાદી પુરૂષોના પુસ્તકને અપ્રમાણ માનેછે ૪.

કુશાસ્ત્ર—ખરાબ ઉપદેશથી મનુષ્ય મર્યાદા છોડી નીતિ વિરૂદ્ધ કાર્ય કરેછે તેને લીધે રાજાની શિક્ષા ભોગવવી પડેછે. કદાચ ચાલાકીથી તેમાંથી બચી

જાય તો પરલોકમાં કે આલોકમાં કુદરત તેને અવશ્ય શિક્ષા કરેછે માટે બાળક અવસ્થાથી બાળકોને એવાં દુષ્ટ શાસ્ત્રોથી અવશ્ય હિતેચ્છુઓએ દૂર રાખવાં કે જેથી બાળકોને કે આપણને માઠાં પરિણામ આવે નહિ. એમ સંક્ષિપ્ત રીતે બોધ આપી આ કુશાસ્ત્ર અધિકાર પૂર્ણ કરવામાં આવેછે.

कुश्रोता-अधिकार.

કુશાસ્ત્રને સાંભળવામાં આસક્ત હોય તે પણ કુશ્રોતાજ કહેવાય. દુષ્ટ-જનોને સમજાવવામાટે સત્પુરૂષો ઘણી મહેનત કરેછે પણ તેઓ તો "નવનેજા પાણી ચડે પણ પથ્થર ન ભીંજે કોર" એ કહેવત માફક તથા હસ્તિસ્નાનની જેમ તેવા ને તેવા રહેછે, ઉલટા બોધ વાક્યોના અનર્થ કરીને તેને પોતાના સ્વચ્છન્દાચારમાં પ્રમાણભૂત બનાવેછે. જ્ઞાનીઓ જેમના ગુણાનુવાદ ગાતા હોય તેનાં છિદ્રાન્વેષણમાં મૂર્ખાઓ તત્પર રહેછે. દરેક જગોએ એ-ટલે સભામાં, કાર્યતંત્રમાં, કથા-વાર્તામાં, પહેલે મોરચે ચાલીને ત્યાં થતી વાતમાં વચ્ચે ધમસાણ મચાવીને રગડી નાખેછે. બેસવામાં પણ પહેલો નંબર લેછે પણ જો કાંઇ દેવાલેવાની કે ધર્મધ્યાનની વાત આવે કે તુર્ત પલા-યન કરી જાયછે તેઓને સમજાવવા જોઇએ તેવી યુક્તિ પ્રયુક્તિથી મોટા ભાઇ બનાવીને પ્રયત્ન કરવામાં આવે પણ કાગડો તે કદી હંસ થાય? નહિજ. માટે તેઓને માટે જેટલો શ્રમ લેવો તે વ્યર્થ છે જેનાં વિશેષ રીતે ઘણાં ઉદાહરણો છે જે પૈકીનાં કેટલાંક અહિં પણ અનેક રીતે નીચેના અધિકારમાં બતાવવામાં આવેછે.

બહુરંગી કુશ્રોતા.

आर्या (१ थी ३).

वज्रमिवाभेद्यमनाः, परिकथने चालनीव यो रिक्तः ।
कलुषयति यथा महिषः, पूनकवद्दोषमादत्ते ॥ १ ॥

तत्त्वनिर्णयप्रासाद,

કુશ્રોતા વજ્રના જેવો અભેદ્ય (કઠોર) અન્તઃકરણવાળો, શ્રવણ કરવામાં ચારણીના જેવો ખાલી, પાડાની માફક સર્વ વસ્તુને ડોળનાર અને સુઘરીના માળાની પેઠે દોષને સ્વીકારનાર છે.

સારાંશ—જેનું અન્તઃકરણ સુશાસ્ત્રો અને સત્પુરૂષોના વાકયોથી પણ કોમલ ન થાય, પોતે વાર્ત્તાઓ ઘણી કરે પણ પોતામાં તે માંહેનું વર્તન કશુંએ ન હોય, કોઇની વાતોમાં આડો બોલીને તેને ડખોળી નાખે એટલે તેનું તાત્પર્ય જાણે નહિ અથવા બીજાઓને પણ જાણવા દીએ નહિ અને કેવળ સુઘરીના માળાની પેઠે દોષોનેજ ગ્રહણ કરે પણ તેમાં ગુણ શું છે તેતરફ લક્ષ પણ આપે નહિ.* ૧.

શ્રવણમાં શોખીન અને દેવામાં દાંડ.

आख्यायिकानुरागी, व्रजति सदा पुण्यपुस्तकं श्रोतुम् ।
दष्ट इव कृष्णसर्पैः, पलायते दानधर्मेभ्यः ॥ २ ॥

सुभाषितरत्नभाण्डागार.

હમેશાં આખ્યાયિકા (પુણ્ય કથા) સાંભળવાના શોખીન બનીને શાસ્ત્રોનું શ્રવણ કરવા જાય પણ જ્યાં દાન ધર્મ વગેરે કરવાનું આવે તેનાથી કાળા નાગથી જાણે કેમ ડંશાયો હોય નહિ તેમ પલાયન કરી જાયછે.

અર્થાત્ શ્રવણ કરવા તો ઘણી ખુશીથી ઝટ દોડે પણ જો દાન ધર્મ કરવાનો સમય આવે તો એકદમ જાણે કેમ સર્પ કરડી જાતો હોય ને ભાગે તેમ નાશી જાયછે. ૨.

બ્રહ્માજી પણ હાર્યા.

अज्ञः सुखमाराध्यः, सुखतरमाराध्यते विशेषज्ञः ।
ज्ञानलवदुर्विदग्धं, ब्रह्माऽपि तं नरन्न रञ्जयति ॥ ३ ॥

भर्तृहरिनीतिशतक.

જે કેવળ મૂર્ખ હોય (કાંઇ ન સમજતો હોય) તે સુખેથી સમજાવી શકાય અને વિદ્વાન તો વિના મહેનતે સમજાવી શકાય. પણ જે જ્ઞાનના લવ

* સુઘરી નામનું પક્ષી થાયછે, તે માળો બહુ ચાતુરીથી બનાવેછે તેનાથી ગામડાવગેરેમાં લોકો ઘી વીગેરે ગાળેછે એટલે શુદ્ધ પદાર્થ તેમાંથી નીકળી જાયછે અને દોષયુક્ત કદડો પકડી રાખે છે તેમજ કુશ્રોતા પણ બોધને પડતો મૂકી દોષનેજ ગ્રહણ કરેછે.

(છાંટા) થી દાઝેલ (અર્ધદગ્ધ) થયો હોય તે પુરૂષને તો બ્રહ્મા પણ ખુશી કરી શકે (મનાવી શકે) નહિ. ૩.*

મૂર્ખ શિરોમણિ.

इन्द्रवज्रा.

पूर्णे तटाके तृषितस्सदैव, भृतेऽपि गेहे क्षुधितस्स मूढः ।
कल्पद्रुमे सत्यपि हा दरिद्रो, गुर्वादियोगेऽपि हि यः प्रमादी ॥ ४ ॥

अध्यात्मकल्पद्रुम.

ગુરૂમહારાજ વિગેરેની બરાબર જોગવાઇ છતાં પણ જે પ્રાણી પ્રમાદ કરે તે તળાવ પાણીથી ભરેલું છે છતાં પણ તરસ્યો છે, (ધાન્યથી) ઘર ભરપૂર છે છતાં પણ તે મૂર્ખ તો ભૂખ્યો છે અને પોતાની પાસે કલ્પવૃક્ષ છે તોપણ તે તો દરિદ્રજ છે. કેવો અસાધારણ ખેદ!

ભાવાર્થ—સ્પષ્ટ છે. ગુરૂ મહારાજની જોગવાઇ થાય અને તેનાથી તત્ત્વ ધર્મ ઓળખાય ત્યારપછી તે ત્રણે મહાન તત્વનો લાભ લેવા ચૂકવું નહિ. શુદ્ધ દેવ, સુગુરૂ અને તેનો બતાવેલો શુદ્ધ ધર્મ એના ઉપર જરા પણ શંકાવગરની તરણતારણતરીકે શુદ્ધ શ્રદ્ધા થાય ત્યારેજ આ જીવનો એકડો નોંધાયછે. શ્રદ્ધાવગર જેટલી ક્રિયા કે તપ જપ ધ્યાનાદિ કરવામાં આવે તેનાં મીંડાં મૂકાયછે. મીંડાં પણ કિંમતી છે પણ તેની આગળ એકડો હોય તો લાખપર ચડેલું એક મીંડું નવ લાખ વધારેછે પણ સર્વ મીંડાં એકડાવગર નકામાં છે. એકડો પણ મીંડાં કરવાના અભ્યાસ પછીજ આવડેછે. આ વાત અભ્યાસ શરૂ કરનારાએ ભૂલી જવાની નથી.

અત્ર કહેવાનો હેતુ એજ છે કે ગુરૂમહારાજ વિગેરે યોગ્ય સામગ્રી પ્રાપ્ત થયા છતાં પણ જો આ જીવ શુદ્ધ વર્તન કરતો નથી અને આળસમાં રહેછે, તોપછી તેના જેવો નિર્ભાગી કોઇ સમજવો નહિ. જે જોઇએ તે પ્રાપ્ત કર્યા છતાં પણ તેનો લાભ ન લેવામાં આવે તો બહુ ખોટું કહેવાય. આ શ્લોકમાં કર્તવ્યસંબંધી બહુ ઉપયોગી ઉપદેશ આપ્યો છે.

ખાસ વિચારવા યોગ્ય વાત એજ છે કે આવો સુંદર મનુષ્યભવ, આર્યક્ષેત્ર, રાજ્યની અનુકૂળતા, સાધુઓનો યોગ, શરીરની અનુકૂળતા અને બીજી

---

* જે કેવળ મૂર્ખ નથી તેમ જ્ઞાની પણ નથી તેને સમજાવવામાં જોઇએ તેટલી મહેનત લેવાય પણ તે વ્યર્થ જાયછે. જે અહંમન્ય—હુંજ ડાહ્યો છું તેમ સમજનારને કોણ સમજાવી શકે અર્થાત્ જે અર્ધદગ્ધ છે તે માણસ કોઇથી પણ સમજાવી શકાતો નથી.

અનેક પ્રકારની સામગ્રીઓનો સદ્ભાવ આ જીવને પ્રાપ્ત થયો છે, છતાં પણ એ પ્રમાદમાં વખત કાઢી નાંખશે તોપછી એનો આરો આવવાનો નથી. અનંત-ભવ કર્યા પછી પણ આવી અનુકૂળતા પ્રાપ્ત થવી દુર્લભ છે, મુશ્કેલ છે, અશક્ય જેવી છે. ગ્રંથકર્તા કહેછે કે તળાવે જઇને તરસ્યા આવવા જેવું આ થાયછે અને તે હકીકત યથાસ્થિત વસ્તુસ્વરૂપ બતાવેછે. આવા પ્રસંગોનો તો એવો સારી રીતે લાભ લેવો જોઇએ કે પછી આ ભવના ફેરા અને પારકી નોકરી અથવા આશ્રાભાવ નિરંતરને માટે મટી જાય. ૪.

કુશ્રોતાના સંબંધમાં દૃષ્ટાંત.

उपेन्द्रवज्रा.

गुणी गुणं वेत्ति न वेत्ति निर्गुणो, बली बलं वेत्ति न वेत्ति निर्बलः ।
पिको वसन्तस्य गुणं न वायसः, करी च सिंहस्य बलं न मूषकः ॥५॥

सुभाषितरत्नभाण्डागार.

ગુણી મનુષ્ય બીજાના ગુણને જાણેછે, ગુણહીન મનુષ્ય જાણતો નથી. બળવાન્ અન્યના બળને જાણેછે, નિર્બળ મનુષ્ય જાણતો નથી; કોયલ વ-સંતઋતુના ગુણને સમજેછે પણ કાગડો સમજતો નથી, તે પ્રમાણે કેસરીનું પરાક્રમ હાથી જાણેછે પણ ઉંદર જાણતો નથી. આ ઉપરથી સિદ્ધ થાયછે કે કુશ્રોતા સુશાસ્ત્રના માહાત્મ્યને જાણી શકતો નથી. ૫.

શાસ્ત્રશ્રવણની આવશ્યકતા.

उपजाति.

यस्यागमाम्भोदरसैर्न धौतः, प्रमादपङ्कः स कथं शिवेच्छुः ।
रसायनैर्यस्य गदाः क्षता नो, सुदुर्लभं जीवितमस्य नूनम् ॥ ६ ॥

अध्यात्मकल्पद्रुम.

જે પ્રાણીનો પ્રમાદરૂપ કાદવ સિદ્ધાંતરૂપ વરસાદના જળ પ્રવાહથી પણ ધોવાતો નથી તે કેવી રીતે મુમુક્ષુ (મોક્ષ મેળવવાની ઇચ્છાવાળો) હોઇ શકે? ખરેખર, રસાયણથી પણ જો કોઇ પ્રાણીના વ્યાધિઓ નાશ પામે નહિ તો પછી તેનું જીવન રહેવાનુંજ નહિ એમ જાણવું.

ભાવાર્થ—જ્યારે શાસ્ત્ર શ્રવણથી પણ પ્રમાદનો નાશ થાય નહિ ત્યારે પછી આ જીવને અનંતકાળપર્યંત સંસારમાં પરિભ્રમણ કરવાનુંજ છે, એમ સ-

મજવું. પ્રમાદ આઠ પ્રકારના છે. ૧ સંશય, ૨ વિપર્યય (ઉલટો બોધ), ૩ રાગ, ૪ દ્વેષ, ૫ મતિભ્રંશ, ૬ મનવચન કાયાના યોગોનું દુઃપ્રણિધાન, ૭ ધર્મપર અનાદર, ૮ અજ્ઞાન અથવા પાંચ પ્રકારે પણ પ્રમાદ છે. મદ્ય, વિષય, કષાય, વિકથા અને નિદ્રા. અત્ર આઠ પ્રકારના પ્રમાદનો ત્યાગ સમજવો. શાસ્ત્રાભ્યાસ કે શ્રવણ પછી તે બન્યાજ રહે તો પછી થઇજ રહ્યું ! વૈદ્યશાસ્ત્રોક્ત વિધિપૂર્વક મારેલી તામ્ર કે પારદ પ્રમુખના પ્રયોગથી પણ જ્યારે વ્યાધિ મટે નહિ ત્યારે તે કેસની આશા છોડવી. તેમજ સંસારદુઃખરૂપ વ્યાધિ પણ તેને માટેના રસાયનરૂપ શાસ્ત્રથી પણ જો મટે નહિ તો જાણવું કે તેવા વ્યાધિવાળો પ્રાણી 'દુઃસાધ્ય' કે 'અસાધ્ય'ના વર્ગમાં છે. દરેક ભૂલને સુધારવાના ઉપાય હોયછે, દરેક વિમાર્ગગમનને સુમાર્ગે લાવવાનાં સાધન હોયછે, દરેક વ્યાધિનાં ઔષધ હોયછે.

પ્રમાદનો પારિભાષિક અર્થ ન કરીએ તો સામાન્ય ભાષામાં તેનો આળસ—પુરૂષાર્થનો અભાવ એ અર્થ થાયછે. દરેક વ્યક્તિ પછી તે ઉપાધિસહિત કે રહિત હોય તેને સ્વકર્તવ્યથી ભ્રષ્ટ કરનાર આ મહાદુર્ગુણ છે. એની હાજરી હોય ત્યારે કોઇ પણ કાર્ય થઇ શકતું નથી અને દરેક પગલે સ્ખલના પ્રાપ્ત થાયછે. સાધુ જીવનમાં પ્રમત્તઅવસ્થા અધઃપાત કરાવનારી થાયછે અને સાધ્યને રસ્તે વધારો કરાવવાને બદલે એક પગલું પાછી હઠાડેછે.

આ પ્રમત્તઅવસ્થા દૂર કરવામાટે શાસ્ત્રાભ્યાસ પરમ ઉપાય છે. શાસ્ત્રાભ્યાસથી પોતે કોણ છે, પોતાની ફરજ શી છે, પોતાનું સાધ્ય શું છે, તે સાધ્ય પ્રાપ્ત કરવાના ઉપાય શા છે તે જાણવાનું—સમજવાનું બની આવેછે અને તેથીજ પ્રમાદને દૂર કરવાની યોગ્યતા શાસ્ત્રાભ્યાસીને પ્રાપ્ત થાયછે. આ અભ્યાસ પણ મનનપૂર્વક અને વર્તનપર અસર કરનારો જોઇએ. વાગાડંબર કે ચપળતા કરાવનારો શાસ્ત્રાભ્યાસ બહુ લાભપ્રદ નથી. કારણકે એવી સ્થિતિમાં વ્યાધિના ઔષધતરીકે તેમાં જે ગુણ રહેલો છે તે નાશ પામેછે અને ધારેલ પરિણામ ન નીપજાવનાર ઔષધ નકામું થઇ પડેછે તેમ શાસ્ત્રાભ્યાસ પણ આવા સંયોગોમાં ઉપયોગ વગરનો થઇ પડેછે. રસાયનનું ઉક્તદૃષ્ટાંત તેથી બરાબર થાયછે. કહેવાની મતલબ એ છે કે શાસ્ત્રાભ્યાસ બહુ મનનપૂર્વક કરવો, તે પ્રમાણે વર્તન કરવું અને પ્રમાદ વિગેરે દુર્ગુણો હોય તેને દૂર કરવાનું સાધ્ય લક્ષમાં રાખવું. પરમ સાધ્ય તો 'શિવ' (મોક્ષ) છે એ ખાસ ધ્યાનમાં રાખવું અને બુદ્ધિ તથા શક્તિને આવિર્ભાવ આપવાના આવા અનુકૂળ પ્રસંગો પ્રાપ્ત થયા છતાં તેનો સદુપયોગ ન થાય અને દરેક શુભ કાર્યમાં પ્રમાદ થયાજ કરે એ સ્થિતિ દૂર કરવાની આવશ્યકતા સમજવી અને દૂર કરવા પરમ પુરૂષાર્થ પ્રગટ કરવો. ૬.

કાગડો તે કાંઇ હંસ બની શકે?

उपजाति (७–८).

काकस्य गात्रं यदि काञ्चनस्य, माणिक्यरत्नं यदि चञ्चुदेशे ।
एकैकपक्षे ग्रथितं मणीनां, तथापि काको न तु राजहंसः ॥ ७ ॥

કાગડાનું શરીર સોનાથી, ચાંચ માણિક્ય રત્નથી અને બેઉ પાંખો મણિથી, મઢવામાં આવે તોપણ કાગડો રાજહંસ થશે નહિ. એટલે કાગભાઇ તો કાગભાઇજ રહેવાના. તેમ દુરાગ્રહી કુશ્રોતા તે સુશ્રોતા થતો નથી. ૭.

શાસ્ત્ર પ્રસંગ મૂર્ખને ક્યાંથી પ્રિય થાય?

किमिष्टमन्नं खरसूकराणां, किं रत्नहारो मृगपक्षिणां च ।
अन्धस्य दीपो बधिरस्य गीतं, मूर्खस्य किं शास्त्रकथाप्रसङ्गः ॥ ८ ॥

ખરાબ વસ્તુ ખાઇને જીવનાર ગધેડાં, ભુંડ ઇત્યાદિઓને સારૂં અન્ન ખવરાવવું, પશુપક્ષીઓને રત્નનો હાર પહેરાવવો, આંધળાને દીવો ધરવો, બેહેરાને ગાયન સંભળાવવું એ જેમ નિષ્ફળ છે તેમ મૂર્ખને શાસ્ત્રની કથા સંભળાવવી એ પણ નિષ્ફળ છે. સારાંશ કે ઉપર ગણાવેલી બાબતો તેને કોઇને ઇષ્ટ નથી. ૮

વિદ્વાન્‌ની મહેનત નિષ્ફળ.

वसन्ततिलका (९ थी १३).

एकः खलोऽपि यदि नाम भवेत्सभायां, मोघीकरोति विदुषां निखिलप्रयासम् ।
एकापि पूर्णमुदरं मधुरैः पदार्थैरालोड्य रेचयति हन्त न मक्षिका किम् ॥ ९ ॥

सुभाषितरत्नभाण्डागार.

જો સભામાં એક પણ દુર્જન આવ્યો હોય તો વિદ્વાન્ પુરૂષોનો સઘળો શ્રમ નિષ્ફળ કરેછે ત્યાં દષ્ટાંત આપેછે કે સુંદર મધુર પદાર્થોથી પરિપૂર્ણ પેટ ભર્યું હોય પણ તેમાં જો એક દુષ્ટ મક્ષિકા (માંખી) પેટમાં ગઇ હોય તો ઘુમરડીને શું વમન નથી કરાવતી? (અર્થાત્ કરાવેછે). ૯.

અનધિકારીઓના મધ્યમાં ગુણીનું કથન વ્યર્થ છે.

रे बालकोकिल करीरमरुस्थलीषु, किं दुर्विदग्ध मधुरध्वनिमातनोषि ।
अन्यः स कोऽपि सहकारतरुप्रदेशो, राजन्ति यत्र तव विभ्रमभाषितानि ॥ १० ॥

शार्ङ्गधरपद्धति.

કોઇ વિદ્વાન્ પોતાનું વિદ્વત્તાભરેલું ભાષણ મૂર્ખોની સભામાં કરતો હશે ત્યારે તેની કદર જાણનારો કોઇ કોયલની અન્યોક્તિથી કહેછે કે હે બાલ-કોકિલ (કોયલ)! કેરડાવાળા મારવાડના રણમાં ગર્વથી મધુર શબ્દ શામાટે કરેછે? તે આંબાના ઝાડનો પ્રદેશ કોઇ બીજો છે કે જે સ્થાનમાં તારાં છટા-દાર ભાષણો શોભેછે. ૧૦.

અર્થાત્ જે જગ્યોમાં કેવળ કેરડા જેવા કાંટાવાળા કોરેકોરા ઠગ લોકો હોય ત્યાં વિદ્વાન્ જોઇએ તેટલો જોરથી સદુપદેશ આપે પણ તેને કોણ શ્રવણ કરે? પણ તેનો રસ જાણનારા આંબાના જેવા ફળ તથા છાયાવાળા ગુણીજનો બીજાજ હોયછે કે જે શ્રવણોત્સુક થઇ રહ્યા હોયછે. માટે વિદ્વાનો અધિકારહીન જનને ઉપદેશ ઘણી ચાતુરીથી આપે પણ તેઓનો શ્રમ વ્યર્થ છે.

મૂર્ખોના મધ્યમાં વિદ્વાન્‌ની કદર નથી.

हंसो न भाति बलिभोजनवृन्दमध्ये, गोमायुमण्डलगतो न विभाति सिंहः ।
जात्यो न भाति तुरगः खरयूथमध्ये, विद्वान्न भाति पुरुषेषु निरक्षरेषु ॥११॥

सुभाषितरत्नभाण्डागार.

જેમ કાગમંડળીમાં હંસ, શિયાળમંડળીમાં સિંહ અને ગર્દભમંડળીમાં ઉંચા પ્રકારનો ઘોડો શોભતો નથી, તેમ મૂર્ખ પુરૂષોમાં વિદ્વાન્ શોભતો નથી. ૧૧.

ચૌદ પ્રકારના શ્રોતાઓ.

मृ[1]च्चालिनी[2]महिष[3]हंस[4]शुका[5]श्वभावा[6],
मार्जार[7]काक[8]मशकौघ[9]जलौक[10]तुल्याः ।
सच्छिद्रकुम्भ[11]पशु[12]सर्प[13]शिलोपमाना[14]-
स्ते श्रावका भुवि चतुर्दशधा भवन्ति ॥ १२ ॥

कस्यापि.

મૃત્તિકા, ચારણી, પાડો, હંસ, પોપટ, ઘોડો, માંદડો, કાગડો, મસલાનો સમુદાય (મચ્છરીઆં), જળો, છિદ્રવાળો ઘડો, પશુ, સર્પ અને શિલાના જેવા એમ આ પૃથ્વીઉપર ચૌદ પ્રકારના શ્રાવકો એટલે શ્રોતાઓ થાયછે. જેમ મા-ટીમાં પાણી પડે કે તુર્ત તે મૃત્તિકા કોમલ (નરમ) થઇ જાય પણ થોડો વખત વિત્યા બાદ સૂકાય કે તરત તેવીને તેવી થાયછે તેમ ઉપદેશની અસરથી તરત નરમ થનારા પણ થોડા વખતમાં પાછા હોય તેવા શુષ્ક બની જનારા, ચારણી જેમ ધાન્ય ભર્યું હોય ત્યાંસુધી ભરપૂર જણાય પણ થોડે વખતે ચરાતાં

બાકી થોડો કચરો વધેલો હોય તેવી જોવામાં આવેછે, એટલે કચરાની ગ્રાહક રહેછે તેમ ઉપદેશને ગ્રહણ કરી થોડાજ વખતમાં માનસિક અસ્થિરતાને લીધે તેને ગુમાવનારા, જેમ પાડો પાણીમાં પડે તેટલી ઘડી શાન્તિ પણ બહાર નિકળે કે તેવીને તેવી પૂર્વની દશામાં હોયછે, અથવા તો શાન્તિ કરનાર પાણીને પણ રગદોળી મારેછે તેમ સાંભળે તેટલી વાર ઠીક દેખાય પણ પોતાના વ્યવહારમાં પડયા પછી પૂર્વના જેવાજ થનાર અને સાંભળેલા શ્રેષ્ઠ અર્થને પોતાની જાડી બુદ્ધિથી ડોળી નાખનારા, હંસ જેમ દૂધ ને પાણી જુદું કરેછે, તેમ સાચું ને ખોટું પૃથક્ કરીને વકતાના કહેવાઉપર તારતમ્ય રીતે જોઇએ તેવી શ્રદ્ધા રાખનારા, પોપટની પેઠે મુખથી નામોચ્ચારણ કરે પણ તેનું રહસ્ય ન સમજનાર, ઘોડો જયાંસુધી પોતાની માથે સ્વાર હોય ત્યાંસુધી લગામની સ્વાધીનતાને અનુસરી ચાલે પણ છુટો મૂકયો હોય એટલે સ્વછન્દ રીતે વર્તન ચલાવેછે તેમ ગુરૂના કબજામાં હોય ત્યાંસુધી સાંભળ્યા પ્રમાણે વર્ત્તનાર પણ તેનાથી છુટો થતાં અસલની પેઠે ઇચ્છાનુસાર અવળે રસ્તે ચડી જનારા, મીંદડો ગમે તેવો શાન્તિમાં બેઠેલો હોય પણ પોતાનો શિકાર ઉંદર વગેરે મળે તે વખતે હુશિયારીમાં આવી જાયછે તેમ ઉપદેશ સાંભળીને શાંત તથા એકાગ્રતાવાળા જણાતા છતાં સ્વાર્થવર્ત્તનને પ્રસંગે પોતાની ચાલુ ટેવ પ્રમાણે હુશિયાર થઇ જનારા, કાગડો જેમ એક ઉત્તમ પદાર્થ ખાઇને તરત નીચ વિષ્ટા જેવા પદાર્થઉપર બેસેછે તેમ ઉંચો ઉપદેશ ગ્રહણ કરીને થોડી વાર ન થાય તેટલામાં તો દુરાચારની વાતોમાં લુબ્ધ બની જનારા, મસલાંઓ (મચ્છર) જેમ પોતાની તૃપ્તિ ન થાય છતાં પણ બીજાઓના કાન આગળ અપ્રિય શબ્દ કરી તેમને પણ સ્વસ્થતાથી બેસવા દેતાં નથી તેમ પોતાનું હિત ન છતાં બીજાઓના શ્રવણની સારી અસરને પોતાના દુષ્ટ શબ્દોથી ત્રોડનારા, જેમ જળોને રૂધિરથી તૃપ્તિ તેમ સ્વાદ નથી તથાપિ પ્રાણીઓને ચોંટીને વ્યર્થ લોહી ચુસેછે તેમ પોતે તો અતૃપ્ત રહેનાર છતાં પણ બીજાઓના વિચારોને ચુસીને પાછા કહાડી નાખનારા, છિદ્રયુક્ત ઘડો હોય તેમાં પાણી ભર્યું હોય તો તે અમુક સમયમાં ટપકીને ખાલી થઇ જાયછે તેમ સાંભળેલા ઉપદેશને ક્રમે ક્રમે ભૂલી જનારા, પશુને જોઇએ તેટલું પઢાવેલું હોય પણ પ્રેકટીસ (નિત્ય અભ્યાસ) ન રહેવાથી પાછું ભૂલી જાયછે તેમ ગુરૂએ મહેનતથી આપેલા ઉપદેશને પોતાના ચાલુ કુસંસ્કારોથી તરત છોડી દેનારા, સર્પને જોઇએ તેટલું દૂધ પાઇયે તોપણ તેમાં તો તે વિષરૂપેજ વધેછે તેમ સારા ઉપદેશને ઉંધા અર્થમાં લઇ દુનિયાને હાનિ કરનારા અને કઠણ પથ્થરની શિલાઉપર જોઇએ તેટલું પાણી રેડો પણ તે તો કઠણને કઠણ રહેછે તેમ દુર્જનોને જોઇએ તેટલો બોધ કરવામાં આવે તોપણ તે પોતાની મૂળ પ્રકૃતિ કદાપિ છોડતા નથી. આમ ચૌદ પ્રકારના શ્રોતાઓ હોયછે તેમાં હંસની માફક થોડા હોયછે પણ ઘણા મૂર્ખાઓ તો અન્ય દૃષ્ટાંતોના પેટામાંજ રહેછે. ૧૨.

કુશ્રોતા સન્મુખ ગુણીના ગુણની નિષ્ફળતા.

अस्यां सखे बधिरलोकनिवासभूमौ,
किं कूजितेन खलु कोकिल कोमलेन ।
एते हि दैवहतकास्तदभिन्नवर्णं,
त्वां काकमेव कलयन्ति कलानभिज्ञाः ॥ १३ ॥

सुभाषितरत्नभाण्डागार.

હે કોકિલ મિત્ર! આ બહેરા લોકોને રહેવાની ભૂમિમાં તારા કોમલ શબ્દોવડે શું ફળ? આ બધા કળાને ન સમજનારા (મૂર્ખા)–પ્રારબ્ધહીન જનો, કાગડાના જેવાજ રંગવાળા તુંને કાગડોજ કહેશે. કારણકે તારા શબ્દોને સમજવાની તેઓમાં શક્તિ નથી. ૧૩.

જ્યાં અજ્ઞાનીઓ ઘોંઘાટ મચાવી રહ્યા હોય ત્યાં વિદ્વાન્ બોલે તેજ આશ્ચર્ય.

शिखरिणी.

क्वचिज्झिल्लीनादः क्वचिदतुलकाकोलकलहः,
क्वचित्कङ्कारावः क्वचिदपि कपीनां कलकलः ।
क्वचिद्घोरः फेरुध्वनिरयमहो दैवघटना,
कथङ्कारं तारं रसति चकितः कोकिलयुवा ॥ १४ ॥

शार्ङ्गधरपद्धति.

કોઇ ઠેકાણે ઝિલ્લી (તમરાં) નાં શબ્દો થઇ રહ્યા છે. કોઇ જગ્યોએ ઘણા કાળા કાગડાઓનો કોલાહલ મચી રહ્યો છે. ક્યાંક કંક નામના પક્ષી (જેમનાં પીંછાઓ બાણમાં જોડવામાં ઉપયોગી થાયછે તે) ઓની બૂમો પડી રહી છે. કોઇ સ્થળે વાનરાંઓનો કલકલાટ મચી રહ્યો હોયછે. ક્યાંક ભયંકર શિયાળના અવાજ મચી રહ્યા હોયછે છતાં ચકિત (ભ્રમિત) એવો યુવાન કોકિલ શામાટે ઉત્તમ સ્વરથી બોલેછે? આશ્ચર્ય છે કે દૈવની રચના વિચિત્ર છે. ૧૪.

પુરૂષ પ્રયત્ન, મૂર્ખો સિવાય સર્વત્ર સફળ થાય.

पृथ्वी (१५–१६).

प्रसह्य मणिमुद्धरेन्मकरवक्त्रदंष्ट्रान्तरात्,
समुद्रमपि सन्तरेत्प्रचलदूर्मिमालाकुलम् ।

भुजङ्गमपि कोपितं शिरसि पुष्पवद्धारयेत्,
न तु प्रतिनिविष्टमूर्खजनचित्तमाराधयेत् ॥ १५ ॥

મગરના મુખની ડાઢમાંથી બળાત્કારે ખેંચીને મણિ કાઢી શકાય, ઉછળતા મોજાઓની માળાઓથી ભરપૂર (ક્ષુભિત) સમુદ્ર પણ તરાય, કોપેલો સર્પ પણ માથાઉપર પુષ્પની માફક ધારણ કરી શકાય, પણ અવળી સમજવાળું મૂર્ખ માણસનું મન મનાવી શકાતું નથી. અર્થાત્ જે માણસ ઉપર કહેલાં બીજાં બધાં કાર્યો થવાં મુશ્કેલ છતાં કદાચ કરે પણ તે મૂર્ખને સમજાવી શકે નહિ. ૧૫.

અશક્ય શક્ય થાય પણ મૂર્ખ મૂર્ખાઇ ન છોડે.

लभेत सिकतासु तैलमपि यत्नतः पीडयन्,
पिबेच्च मृगतृष्णिकासु सलिलं पिपासार्दितः ।
कदाचिदपि पर्यटञ्शशविषाणमासादयेत्,
न तु प्रतिनिविष्टमूर्खजनचित्तमाराधयेत् ॥ १६ ॥

भर्तृहरिनीतिशतक.

(કોઇ મનુષ્ય) ઘણા મહેનતે પીલતાં રેતીમાંથી તેલ પણ મેળવે અને તૃષાથી પીડિત પ્રાણી ઝાંઝવાના જળમાંથી પાણી પણ પીએ, કોઇ વખતે ફરતો ફરતો સસલાનું શીંગડું પણ પ્રાપ્ત કરે પણ ઉલટું ઠસેલું (અવળી સમજવાળું) મૂર્ખજનનું ચિત્ત પ્રસન્ન કરી શકાય નહિ અર્થાત્ અન્ય અઘટિત બનાવો દૈવસંજોગે ઘટી શકે પણ મૂર્ખ કોઇ રીતે સમજાવી શકાતો નથી. ૧૬.

જ્ઞાનોપદેશ તુલ્ય હોવા છતાં દુષ્ટોને બોધ થતો નથી.

शार्दूलविक्रीडित (१७ थी २०).

स्वं दोषं समवाप्य नेष्यति यथा सूर्योदये कौशिको,
राद्धिकङ्कटुको न याति च यथा तुल्येऽपि पाके कृते ।
तद्वत्सर्वपदार्थभावनकरं सम्प्राप्य जैनं मतं,
बोधं पापधियो न यान्ति कुजनास्तुल्ये कथासम्भवे ॥ १७ ॥

तत्त्वनिर्णयप्रासाद.

પોતાના દોષને પામીને, સૂર્યનો ઉદય થાય ત્યારે જેમ ઘૂડ પક્ષી ગતિ કરી શકતો નથી. પાક સરખો કરેલ છે છતાં જેમ કરડુ અનાજ કાચુંને કાચું

રહેછે તેમ સર્વ પદાર્થ પ્રતિપાદક જૈનમતને પ્રાપ્ત કરીને (જૈનીઓમાં નામ ધરાવીને) કથા સમ્ભવ (શ્રવણ) સમાન હોવા છતાં પણ પાપબુદ્ધિયુક્ત દુષ્ટપ્રાણીઓ બોધ પામતા નથી ૧૭.

દુષ્ટ પોતેજ નાશ પામેછે તેમ નહિ પણ સાથે રહેનાર સર્વનો નાશ કરેછે.

लोकानन्दन चन्दनद्रुम सखे नास्मिन्वने स्थीयतां,
दुर्वंशैः परुषैरसारहृदयैराक्रान्तमेतद्वनम् ।
ते ह्यन्योन्यनिघर्षजातदहनज्वालावलीसंकुला,
न स्वान्येव कुलानि केवलमिदं सर्वं दहेयुर्वनम् ॥ १८ ॥

લોકને આનંદ આપનારા હે મિત્ર ચંદનવૃક્ષ! આ વનને વિષે તારે રહેવું ન જોઇએ. કારણકે પોલા, કઠોર, વાંસોથી આ આખું વન ઘેરાયેલું છે તેઓના અન્યોઅન્ય (વાંસેવાંસ) ઘસાવાથી અગ્નિની જ્વાળાઓ ઉત્પન્ન થશે ને તેઓ પોતે અગ્નિથી બળીને પોતાના કુળને બાળશે એટલુંજ નહિ પરંતુ આખું વન બાળીને ભસ્મ કરશે. ૧૮.

પડેલી ટેવ જતી નથી.

काकः पद्मवने रतिं न कुरुते हंसो न कूपोदके,
मूर्खः पण्डितसङ्गमे न रमते दासो न सिंहासने ।
कुस्त्री सज्जनसङ्गमे न रमते नीचं जनं सेवते,
या यस्य प्रकृतिः स्वभावजनिता केनापि न त्यज्यते ॥ १९ ॥

કાગડો કમળના વનમાં પ્રીતિ કરતો નથી, તેમ હંસ કુવાના પાણીમાં, મૂર્ખ પંડિતોના સમાગમમાં અને દાસત્વ કરનારો સિંહાસનઉપર પ્રસન્ન થતો નથી. કુલટા સ્ત્રી સજ્જનના સંગમાં ખુશી થતી નથી પણ નીચ જનને સેવેછે. જે જેના સ્વભાવથી ઉત્પન્ન થયેલી પ્રકૃતિ છે તે કોઇથી પણ છોડી શકાતી નથી. ૧૯.

મૂર્ખોને સમજાવવામાં વ્યર્થ મહેનત છે.

व्यालं बालमृणालतन्तुभिरसौ रोद्धुं समुज्जृम्भते,
भेत्तुं वज्रमणिं शिरीषकुसुमप्रान्तेन सन्नह्यते ।

माधुर्यं मधुबिन्दुना रचयितुं क्षाराम्बुधेरीहते,
मूर्खान्यः प्रतिनेतुमिच्छति बलात्सूक्तैस्सुधास्यन्दिभिः ॥२०॥

सुभाषितरत्नभाण्डागार.

જે મનુષ્ય મૂર્ખાઓને અમૃતને ઝરતા હોય તેવા મધુર શબ્દોવડે વશ કરવા ઇચ્છેછે તે કુમળા કમળતંતુથી મદોન્મત્ત હાથીને બાંધવા ઇચ્છેછે, કુમળા શિરીષ પુષ્પની કોરથી વજ્રમણિમાં છિદ્ર પાડવાને ઉત્સાહ ધરાવેછે અને મધના બિંદુવડે ક્ષાર સમુદ્રને મધુર કરવા ઇચ્છેછે.

સારાંશ—ઉપર બતાવેલી વસ્તુઓ અશક્ય છે છતાં કોઇ દૈવબળથી સાધ્ય થઇ શકે પણ મૂર્ખાઓ સરલ થાય એ અસંભવિત છે. ૨૦.

દુરાગ્રહીને ઉપદેશની અસર થાય નહિ.

ઈંદ્રવિજય.

સુંદર તોપણ શા ઉપયોગનો, અંધની આગળ આરશી લાવ્યો;
જો ગજરાજ દિસે અતિ ઉત્તમ, નિર્ધનને ઉપયોગ ન આવ્યો;
મર્કટ કંઠ ધર્યો મણિહાર, પ્રહાર ગણી અતિ દૂર ફગાવ્યો;
ધર્મકથા કહી મૂરખ પાસ, બધિરની આગળ શંખ બજાવ્યો. ૨૧

તથા—

મનહર.

એક ભોળો ભાભો મોટા ખેતરમાં માળે ચઢી,
હરણને હાંકે અને પક્ષીને ઉડાડેછે;
જંગલી જનાવરોને બહુ બીવરાવવાને,
થીર રહી પોતે એક થાળી લૈ બજાવેછે;
એવે સમે ઉંટ આવી ખેતરમાં ખાવા લાગ્યો,
ભોળો ભાભો થાળી ઠોકી તેને બીવરાવેછે;
ત્યારે બોલ્યો ઉંટ મારે માથે તો ત્રંબાળુ ગાજે,
ડાલો થાળી ઠોકે તે લેખામાં કોણ લાવેછે. ૨૨

દલપત.

તથા—

(અંતકાળે સગું નથી કોઇનું રે)—એ રાગ.

વિદ્વાનો વદે બહુ વર્ષથીરે, બુદ્ધિમાનો બતાવે બોધ ;
ઠુંબા ખાતાં છતાં ટેવ ના ટળીરે—ટેક૦
કૈક મેણાં મારે મુંઝાઇનેરે, તોય ટાળ્યો ન વે'મ વિરોધ—ઠુંબા૦
ગર્ભહત્યા કરે ગભરાઇનેરે, બાળ રંડા બની લાચાર ; ,,
થતાં ખુલ્લું ફજેતી થાયછેરે, તોય ગાંજે નહિજ ગમાર. ,, ૨૩
બાળલગ્ને બને બહુ હાનિયોરે, ઝટ આવે આયુષનો અંત ; ,,
અળસાવી બધી આરોગ્યતારે, તોય તંતી તજે નહિ તંત. ,, ૨૪
ઘર ટંટા ઘણા એ કારણેરે, નિત્ય જુએ થતું નુકસાન ; ,,
તોય વેઠે વિપત્તિ વે'મિયોરે, નહીં મૂકે મિથ્યા અભિમાન, ,, ૨૫
ઘરવખરી વેચી દાડા કરેરે, પછી ભૂખે મરે પસ્તાય ; ,,
રાંડી રાંડ રૂવે નિરાધાર થઇરે, તોય બંધી કરે ન કદાય. ,, ૨૬
રીત આવી સંસારી સુધારવારે, પાડી પાડી કાયા પોકાર ; ,,
તોય વિનંતી વલ્લભદાસનીરે, નથી લક્ષે લેવાઈ લગાર. ,, ૨૭

વળી—

(રાગ ઉપર મુજબ).

પાણી રેડયે પથ્થર નહિ પીગળેરે, મળ્યા કર્મે કઠણ કાળમીંઢ—ટેક૦
કૈક મીઠું મીઠું બોલી મુઆરે, જાણે કોણ કરે કુસંપ ; પાણી૦
પણ નાવ્યાં ફળો મનમાનતાંરે, વળી નાંખ્યો જાહેરમાં જંપ. ,, ૨૮
ગઢ ધીંગો વિદારવો વે'મનોરે, તોપ વિના તૂટે ન કદાય ; ,,
સામ દામ ભેદે તે ભેદાય નહિરે, દંડ પાખી પરાજય થાય. ,, ૨૯
જૂના સુધારકો એ સંપથીરે, કર્યા હલ્લા કરી યાહોમ ; ,,
મર્મસ્થાને ગોળા ગબડાવિયારે, વે'મ કિલ્લો ધ્રુજ્યો જઇ જોમ. ,, ૩૦
જીવ આપ્યો જંપલાવી જંગમાંરે, ગયા સોંપી આપણને યુદ્ધ ; ,,
હાર ખાઇ પરંતુ હાલમાંરે, ચૂપ બેઠા વિદ્વાન વિબુધ. ,, ૩૧
વષ્ટિ વચ્ચે ચલાવી ચતુરાઇથીરે, જાણે અમથો આ જંગ પતી જાય ; ,,
કહી, વાર્યા, યોદ્ધાને ઉછાછળારે, પણ શાને શઠો સમજાય ? ,, ૩૨
ઠોંટ મારી રાતો ગાલ રાખવારે, પછી શોધ્યાજ યુક્તિ ઉપાય ; ,,
"અમે સાથે રહી સમજાવશુંરે, ધીમે ધીમે સુધારો થાય," ,, ૩૩

આશ કાંઇ અને કાંઇ ત્રાસથીરે, પણ વિના ત્રાસે વણસાડ; પાણી૦
વેર તેથી ધાટું હાલ હાલતુંરે, મુંગે મોઢે ખમે રંજાડ. „ ૩૪

હાલ ફારસ બને એ બોલનુંરે, ચાલ એવી બની ગઇ છેક; „
ક્રમ થોડે સુધારો જે થશેરે, આવામાંયે વચન એ એક. „ ૩૫

ઘણી વાતે ચાહોમ કરવું ઘટેરે, તોજ સેજે સુધારા થાય; „
વાટ જોતાં નીકર સૌ જનનીરે, કામ એકે બને ન કહાય. „ ૩૬

પડે જૂદાં થવું જે કામથીરે, તેમાં જોઇએ હૈયે શૂર હામ; „
પણ એવું નથી બધી પે'લમાંરે, તોય બીએ નિંદાથી તમામ. „ ૩૭

હોય જેને હિંમત ચાહોમનીરે, વળી સાથે સંસારી સોઈ; „
તેણે ઠેકી પડવું ઠામ ઠામથીરે, વાટ જુઠી બાકી જે જોઇ. „ ૩૮

ઘણા સેહેલા સુધારા થઇ શકેરે, રાહ જોવી ઘટે શું આજ; „
વૈશ્ય જાતી વલ્લભદાસ વીનવેરે, હાલ બનતી કરો તે કાજ. „ ૩૯

તેમજ—

ગરબી.

નહિ ચડે નહિ ચડે નહિ ચડેરે, કદી પાવીને પાનો નહિ ચડે;
ઉંહુંનું ઓસડ નહિ જડેરે, કદી પાવીને પાનો નહિ ચડે—ટેક૦
ઉંટ આગળ જઇ થાળી વગાડે; જાણે બીયે રણકાવડેરે; કદી૦ ૪૦

પણ થડકે નહિ એક રૂંવાડું, માથે ત્રાંબાળુ ગડગડેરે. „
પાયે પડો પાઘડી ઉતારી, રૂવો ભલે મુખ રાંકડેરે. „ ૪૧

પાસે જઇ પોકાર કરો પણ, પુંઠ ફેરવે તે તાકડેરે; „
જીભા જોળી કરી વેંચો સોપારી, કે'રો "એવા બહુ આથડેરે." „ ૪૨

રિદ્ધિ સિદ્ધિ સમૃદ્ધિ ઘટીને, ભલે ભારે પીડા પડેરે; „
બાળ મરે તો ભલે મરે પણ, પંડે નવો ઘાટ નહિ ઘડેરે. „ ૪૩

કુડાં કલંકે નથી ડરવાના, શાસ્ત્રવિરૂદ્ધતા નહિ નડેરે; „
ધર્મ અધર્મ વિચારી જુએ શિદ! ડરે નહિ પાપમાં પડેરે. „ ૪૪

સાંભળી કાળજું કબુલ કરે પણ, હોઠે હુકાર ન આવડેરે; „
કળજુગ કારણ ગણી કહેછે, ટળે નહિ લખ્યું આંકડેરે? „ ૪૫

મેણાં મારો મર તોય ડગે નહિ, જોડો રૂપક મર રાગડેરે; „
દિલ દઇને વાત પુરી શુણે નહિ, ચડયા વંટોળીયે વાવડેરે. „ ૪૬

ઢાળા ઢળ્યા એવા ઢળ્યા પ્રથમથી, એકે નવું નહિ નીવડેરે; „
બેશી ગયાં મરીયાં સમશેરને, શત્રુ મરે નહિ એવડેરે. „ ૪૭

વીર્ય વિનાના નરો નપુંસક. રોતલ દુખ દેખી રડેરે ; કદી૦
ડાચું માણસ ઠકરાઇ કરેછે, લાયરી ઠોકીને લડેરે. ,, ૪૮
એની આંખે દેખે ડીંડવાણું, છોકરવેજા કહીને વઢેરે ; ,,
આપે ગડગડિયું ગાંડા ગણીને, બહુ બોલ્યાથી બીગડેરે. ,, ૪૯
"મોટું માથું શું તુંરે લાવ્યો છે," નાત સામો શું ચડભડેરે, ,,
વદે વલ્લભદાસ મુઆ મનુષ્યને, કયાંથી શરાતન સાંપડેરે. ,, ૫૦

તે પ્રમાણે—

(હરિ ભજન વિના—એ રાગ.)

શું કાન નથી ? કેમ નથી સાંભળતા સમજી સાનમાં ?
કંહિ કહિ થાકયા. તોપણ જાણયે પોક મુકી જઇ રાનમાં—ટેક૦
મુખ શંખ વગાડયો શબ્દ થયો, બ્હેરો કહે "તારો બાપ જુઓ,
હાડકાં કરડીને આમ મુઓ ?" શું કાન નથી ૫૧
ચાલે હઠથી અવળી રાહે, જાણિને સુધરવા ના ચાહે,
કહે "તમ બકતા હમ સુનતા હે ?" ,, ૫૨
સુધારાને કહે કુધારો, સામાં બાંધ્યાં છે હથિઆરો,
દે પંક્તિ બહાર તણો ડારો, ,, ૫૩
પોતે પોતાનું કરે ભુંડું, ભરિ રાખ્યું ક્રોધ તણું કુંડું,
કોઇ જોતું નથી ઉતરી ઉંડું, ,, ૫૪
પૂછીએ તો સંશય કાપે નહિ, પ્રતિ ઉત્તર સામે આપે નહિ,
સાચું ખોટું મન માપે નહિ, ,, ૫૫
જે બોલે તેની સમાધાની, પણ આતો જન રોંચાં રાની,
હાથે કરિને વેઠે હાનિ, ,, ૫૬
ઉંહુંનું ઓસડ કાંઇ નથી, જોયું મેં મનમાં ખૂબ મથી,
વૈદોની પણ મુંઝાય મતિ, ,, ૫૭
કહો ઉપમામાં કહેવા કેવા, ઉંઘણશી કુંભકરણ જેવા,
હઠિલાને એજ પડયા હેવા, ,, ૫૮
જાગો જાગો ઝટપટ જાગો, શિદ ભ્રમણાથી ભડકી ભાગો,
પછિ તો શું લટાશે નાગો, ,, ૫૯
નિત નિત બહુ નાણું નાસેછે, ધીમે ધનવાનો ધાસેછે,
પરિણામ ભયંકર ભાસેછે, ,, ૬૦

વાગેછે સુધારાના ડંકા, સેનાપતિયો બહાદુર બંકા,
શાણા તું શીદ કરે શંકા, શું કાન નથી. ૬૧

ધમ ધમ ધમ પડઘમ વાગે છે, જોધા શરીર શુર જાગે છે;
ભ્રમ સેના ભુરૂરૂ ભાગેછે, „ ૬૨

"નુકસાન હશે એને થાશે, બંદા તો ઘી ખીચડી ખાશે,
પણ સત્યાનાશ જરૂર જાશે, „ ૬૩

જો નહિ માનો મારી શિક્ષા, તો પછી લેવી પડશે દીક્ષા,
નહિ પેટ ભરી શકશે ભિક્ષા, „ ૬૪

સૌ સંપત સેજે નાશ થશે, ભર જોબનમાં મર્દો મરશે.
થોડાં વર્ષજ હવે બનશે, „ ૬૫

થઇ જશે વેંતીયાં જન બધા, સ્ત્રી સાતની જણશે બાળ જદા,
વિશ વર્ષની રહેશે આવરદા, „ ૬૬

ભુખ વડકાં થાતાં ભયભારી, થશે મહિ ને મહિં મારામારી,
પછી નૈજ ગયાં વળશે વારી, „ ૬૭

નામર્દ ઉપર નૃપ જુલમ કરે, કંકાસ કુસંપ દરેક ઘરે,
અજ્ઞાનથિ આંખે આંસુ ભરે, „ ૬૮

લાગે કંગાળો કેફ કર્યો ? કાં દુર્ભાગ્યે નિજ દિવસ ફર્યો,
નહિ તો આ આગ્રહ શીદ ધર્યો, „ ૬૯

છે બાળ ભણેલ છુપી સેના, ઘાલ્યો ઝઘડો ઘરમાં જેનાં,
પણ કાન ઉઘડતા નથી એના, „ ૭૦

બાપા હું પાય પડું ઉઠો, આગ્રહ છે આપ તણો જૂઠો,
સમજ્યા વણ ફોકટ શિદ રૂઠો, „ ૭૧

મારો ન કુહાડો નિજ પગમાં, સૌ પોતે પોતાની વગમાં,
સુધરી જશ લ્હાવો લ્યો જગમાં, „ ૭૨

બહુ શૂરા બાબૂ બંગાળી, દક્ષિણિયો પણ બુદ્ધિશાળી,
ત્યાં પડે સુધારાની તાળી, „ ૭૩

સૌની પાછળ છો ગુજરાતી, આળસુ ભોળી ભડકણ છાતી,
અબળા આગળ બહુ ઉઘમાતી, „ ૭૪

દુઃખ દેખી ફોકટ શીદ રૂવો ? કારણ શોધી સંદેહ ખુઓ,
વલ્લભની વાત વિચારી જુઓ, „ ૭૫

સુબોધ ચિંતામણિ—વલ્લભદાસ પોપટ.

ગાડું ગગડાવનાર માણભટ્ટ અને મૂર્ખ શ્રોતા.

સીતાનું [૧]હરણ થયું તે પાછું માણસ થયું કે નહિ?

[૨]એક ગામડામાં માણભટ્ટ રામકથા વાંચતો હતો તે સાંભળવાને ગામનાં લોકો મરદ અને ઓરતો આવતાં હતાં. માણભટ્ટ લાંબા રાગડા તાણી માણના ભણભણાટ અવાજ વચ્ચે ગાતો હતો, તે કોઇને સમજવામાં આવે ને કોઇના સમજવામાં પણ ન આવે. વળી તેનું વ્યાખ્યાન કરે તો માંહે સંસ્કૃત કઠિન શબ્દો એવા વાપરતો જાય કે તેનો અર્થ પોતે પણ વખતપર ભાગ્યેજ સમજતો હોય? તો પછી સાંભળનાર ગરીબ ગામડીઆનો શો આશરો રહે?

એક વખત કથામાં સીતાનું હરણ થયું એમ વાત આવી. એ સાંભળી સૌ અરર કરવા લાગ્યા. કોઇ સમજુ હતા તેઓ કહેતા કે અરે! દુષ્ટ રાવણે ખોટું કર્યું, જગતની માતા જે સીતા તેના તરફ કુદૃષ્ટિ કરી, એનું ભુંડુંજ થશે, પણ એક કણબી સાંભળીને તાજુબ થયો કે, માળું, આતો ભુંડું થયું, સીતા માતાને માથે બહુ દુઃખ પડયું તો આપણા શા ભાર? અરે! સીતાનું હરણ થયું તે પાછું માણસ ક્યારે થયું? માળો જાનવરનો અવતાર ભુંડો તો ખરો! એ રીતે સીતાનું હરણ થયું તે પાછું માણસ થયું કે નહિ એ સંબંધી મનમાં વિચાર થવા માંડયા તેથી તે પૂછવાની આતુરતા ઘણી વધી; એટલે ઉભો થઇ કહેવા લાગ્યો કે, "મહારાજ! તમે સીતાનું હરણ થયાનું કહ્યું તે તો ઠીક, પણ તે પાછું માણસ થયું કે નહિ?" આથી સાંભળવા ભેગા થયેલ સમજુઓ ખડખડ હસી પડયા. પછીથી માણભટ્ટે હરણના અર્થનો ખુલાસો બતાવ્યો તેથી કણબી સમજીને બેસી રહ્યો.

ઘણી કથા–વાર્ત્તાઓમાં તેના ખરા અર્થ અને હેતુ કહેનારતરફથી કહેવામાં અને સમજાવવામાં આવ્યાવગર લોકો કેવા અવળા અર્થ સમજેછે એ આ વાત બતાવી આપેછે. તે કહેનારાઓએ ધ્યાનમાં લેવા જેવું છે.

---

[૩]તેર કાઠીયાના નામ કહે છે.

૧ ગુરૂ પાસે જતાં આળસ આવે તે આળસ કાઠીયો.
૨ પુત્ર કલત્રે વીટયો રહે તેથી ગુરૂપાસે જવાય નહિ તે મોહ કાઠીયો.
૩ ગુરૂ કાંઇ ખાવા આપશે નહિ, જો ધંધો કરશું તો ખાશું એમ ચિંતવી ન જાય તે અવિનય કાઠીયો.

---

૧ હરણ્ જાતનું જાનવર થઇ ગયું એમ એક અર્થ થાય ને બીજો અર્થ લઇ જવું થાય.

૨ કૌતુકમાળા.

૩ શ્રીપાલરાસ.

૪ મ્હોટાઇ મનમાં રાખે, જે કોણ સર્વને પગે લાગે તે અભિમાન કાઠીયો.

૫ ગુરૂ આગતા સ્વાગતા ન કરે, બોલાવે નહિ, ધર્મલાભ ન આપે માટે જવું નહિ તે ક્રોધ કાઠીયો.

૬ પ્રમાદમાં ભર્યો રહે તે પ્રમાદ કાઠીયો.

૭ રખે ગુરૂપાસે જતાં કાંઇ પૈસા ખરચવા પડે એવી કૃપણતા રાખે તે કૃપણ કાઠીયો.

૮ ભય રાખે તે ભય કાઠીયો.

૯ શોકને યોગે ન જાય, તે શોક કાઠીયો.

૧૦ અજ્ઞાનતાને લીધે ગુરૂપાસે ન જાય તે અજ્ઞાન કાઠીયો.

૧૧ વિકથા કરવામાં તત્પર પણ ગુરૂપાસે ન જાય તે વિકથા કાઠીયો.

૧૨ ગુરૂપાસે જતાં માર્ગમાં કૌતુક જોવા ઉભો રહી જાય, તે કૌતુક કાઠીયો.

૧૩ વિષયમાં મચ્યો રહે તેથી ગુરૂપાસે જવાય નહિ. માટે તે વિષય કાઠીયો જાણવો.

ઉપર પ્રમાણે તેર કાઠીયાનાં નામ કહ્યાં. આવા કાઠિયાઓને શાસ્ત્રના ઉપદેશનો લાભ ક્યાંથી મળે ?

કુશ્રોતા એટલે શુભ શાસ્ત્ર સમજવાની જેને સમજુતી નથી અથવા સુશાસ્ત્ર કે ગુરૂઉપદેશ શ્રવણ કરી તેમનો અવળો ઉપયોગ કરવાનો આરંભ કરેછે અને શાસ્ત્ર તથા ગુરૂઉપર અઘટિત આળ ચડાવેછે માટે તેમ નહિ કરતાં ગુરૂ તથા શાસ્ત્રઉપર પૂર્ણ શ્રદ્ધા રાખવી અને તેમની સલાહ પ્રમાણે ચાલી કુશ્રોતામાં કથેલ અપલક્ષણ તજવાં એમ સમજાવી સુશ્રોતા કેવા હોય તેતરફ ધ્યાન ખેંચવા આ કુશ્રોતા અધિકાર પૂર્ણ કરવામાં આવેછે.

सुश्रोता–अधिकार.

સુશ્રોતાનાં લક્ષણુની સામી બાજુનાં ઉત્તમ લક્ષણોવાળો પુરૂષ સુશ્રોતા કહેવાયછે. ઉપદેશની અસર તેને તરત થાયછે અને તેથી તે પોતાના કલ્યાણના માર્ગને પણ તરત પકડેછે. તેથી તેના સંબંધમાં સંક્ષેપથી વર્ણન કરવામાં આવેછે.

સુશ્રોતા કેવા હોય તેની સમજુતી.

દોહા.

શીશ ધુણાવે ચમકિયો, રોમાંચિત કરે દેહ :
વિકસિત વચન વદન મુદા, રસ હિયે શ્રોતા તેય. ૧

જાણુજ શ્રોતા આગળે, વક્તા કળા પ્રમાણ :
તે આગે ધન શું કરે, જેમ ગશેલ પાષાણ. ૨

શ્રીપાલરાસ.

તથા—

મનહર.

ધન તણો ઘોર સુણી મોર બોલે જોર કરી,
　　સ્વાતિતણા બિંદુ શીપ જડપથી જિલેછે :
પ્રભાકર પ્રભાવડે પદ્મ પ્રફુલિત થાય,
　　ચંદ્ર ચંદ્રિકાથી ખુબ કુમુદિની ખીલેછે :
ચમકથી જેમ લોહુ ચંચલ તરત થાય,
　　સુગંધને સદ્ય જેમ સમીર હરિ લેછે :
કહે દલપત તેમ કવિતાના શોખી જન,
　　કવિતા સુણીને સાર સર્વ સમજિ લેછે. ૨૩

દલપત.

સારા ગ્રંથનું શ્રવણ કરવું અને શ્રવણ કર્યાબાદ મનન કરવું પછે તે બોધ મુજબ વર્તન કરી બતાવવું કે જેથી તેની અસર કુટુંબને તથા મિત્રમંડળને પણ થાય એ જેનું કર્ત્તવ્ય છે તે સુશ્રોતા અધિકારી કહેવાય.

अयोग्य-अधिकार.

ભવી જીવ સુશ્રોતા હોઇ શકેછે પણ જે મનુષ્યો અયોગ્ય છે તેને ઘણા પ્રકારે સમજાવવામાં આવે તોપણ તે સરલ થતા નથી જેમ પથ્થર પાણીથી ભીંજાતો નથી, લવણ સાકર બને નહિ, વિષ અમૃત

થાય નહિ, તેમ અયોગ્ય માણુસ યોગ્ય પાત્ર બની શકે નહિ તે સમજાવવા આ અધિકારની જરૂરીઆત માની છે.

અયોગ્ય માણસને બોધ ન આપવો.

अनुष्टुप् (१ थी ९).

उपदेशो न दातव्यो, यादृशे तादृशे नरे ।
यस्य वानरमूर्खेण, सुगृहं निर्गृहीकृतम् ॥ १ ॥

જેવા તેવા મનુષ્યને બોધ ન કરવો કારણકે વાનર નામના મૂર્ખ પ્રાણીને ઉપદેશ કરવાથી જે સુઘરી નામના પક્ષીનું સુન્દર ઘર નાશ પામ્યું. ૧.

વાનરપ્રતિ સુગૃહી (સુઘરી) નો ઉપદેશ.

द्वौ हस्तौ द्वौ च पादौ च, दृश्यते पुरुषाकृतिः ।
शीतेन कम्पसे मूर्ख, गृहं किं न करोषि हि ॥ २ ॥

એક દિવસ ચોમાસાના દિવસમાં સુઘરી પોતાના માળામાં બેઠી હતી ત્યાં એક વાનરો ટાઢથી કંપતો કંપતો તે ઝાડની નીચે આવ્યો તેને જોઇ સુઘરી બોલી કે હે મૂર્ખ વાનર! બે હાથ તથા બે પગ તને છે તેમ તારી પુરૂષના સમાન આકૃતિ (આકાર) દેખાયછે, તોપણ ટાઢથી તું કંપી રહ્યો છો એટલે તું સમર્થ છો છતાં ઘર શા વાસ્તે કરતો નથી? ૨.

સુગૃહીપ્રતિ વાનરનો જવાબ.

सूचीमुखि दुराचारे, रण्डे पण्डितवादिनि ।
असमर्थो गृहारम्भे, समर्थो गृहभञ्जने ॥ ३ ॥

एते कस्यापि.

હે રાંડ સુઘરિ! તું સોયના સમાન મુખવાળી દુરાચારી અને પંડિતાઇનું અભિમાન ધરાવનારી છે. (પણ હવે તું તારા વચનનું ફળ ચાખ) કારણકે હું ઘર બનાવવાને તો અસમર્થ છું પરંતુ ઘર ભાંગવાને સમર્થ છું (એમ કહી તે વાનર મૂર્ખે મૂર્ખને ઉપદેશ કરનારી સુઘરીનું માળારૂપી ઘર તોડી નાખ્યું). ૩.

ગુણહીનનો આદર કરવા છતાં પણ તેની હીનતા મટતી નથી.

अधः करोषि रत्नानि, मूर्ध्ना धारयसे तृणम् ।
दोषस्तवैव जलधे, रत्नं रत्नं तृणं तृणम् ॥ ४ ॥

હે સમુદ્ર! તું રત્નોને તળીયે રાખેછે, ને તૃણને તારા મસ્તકઉપર રાખે છે. એ તારોજ દોષ છે. કારણકે તેથી રત્નની કિંમત ઘટવાની નથી અને તૃણની કિંમત વધવાની નથી. એટલે રત્ન તે રત્નજ રહેવાનું ને તૃણ તે તૃણજ રહેવાનું છે.

અર્થાત્ દુષ્ટ જનને સારો અધિકાર આપવામાં આવ્યો હોય તોપણ તે પોતાની સ્વાભાવિક દુષ્ટતા તજતો નથી, તે પ્રમાણે સુજનને કઢંગી સ્થિતિમાં રાખ્યો હોય, તોપણ તે પોતાની સ્વાભાવિક સુજનતા તજતો નથી. ૪.

તથા—

मणिर्लुठति पादेषु, काचः शिरसि धार्यते ।
यथैवास्ते तथैवास्तां, काचः काचो मणिर्मणिः ॥ ५ ॥

પગના ઘરેણામાં જડેલ મણિ રજમાં આળોટે ને મસ્તકના ઘરેણામાં જડેલ કાચ પુષ્પના હારની સાથે મસ્તકઉપર વિહાર કરે, એ ભલે તેમ રહે પણ કાચ તે કાચ ને મણિ તે મણિજ છે. ૫.

ધૂળના સંસર્ગથી હીરો કિંમતમાં ઘટતો નથી.

मलोत्सर्गं गजेन्द्रस्य, मूर्ध्नि काकः करोति चेत् ।
कुलानुरूपं तत्तस्य, यो गजो गज एव सः ॥ ६ ॥

ગજેંદ્રના મસ્તક ઉપર કાગડો જો ચરકે તો તેમાં કાગડાએ તો પોતાના કુળને શોભે એવું કર્યું (અર્થાત્ કાગડે પોતાની હલકાઇ બતાવી.) પરંતુ હાથી તે હાથીજ રહેવાનો (તેની પોતાની કાંઇ મહાન્ શક્તિ ઘટતી નથી.) ૬.

પ્રતાપજ સર્વત્ર સમર્થ છે.

बन्धनस्थो हि मातङ्गः सहस्रभरणक्षमः ।
अपि स्वच्छन्दचारी श्वा, स्वोदरेणापि दुःखितः ॥ ७ ॥

હાથી કદાચ સંકળાયેલો હોય તો પણ હજારો જીવોનું પાલન પોષણ કરવાને શક્તિમાન છે પણ પોતાની મરજી માફક ફરનારો કુતરો પોતાનું પણ પેટ ભરવાને શક્તિવાળો નથી. અને તે દુઃખી થયા કરેછે. ૭.

વળી—

गुणैर्गौरवमायाति, नोच्चैरासनमास्थितः ।
प्रासादशिखरस्थोऽपि, काकः किं गरुडायते ॥ ८ ॥

ગુણવડે મોટાપણું આવે છે, પણ ઉંચા આસનપર બેઠાથી ગુણપ્રશંસા પ્રાપ્ત થતી નથી. કાગડો મહેલના શિખરપર બેઠો હોય તો પણ શું તે કાંઇ ગરૂડ કહેવાય? ૮.

સ્વભાવથીજ નીચ હોય તે ક્યાંથી સુધરે?

दुर्जनः सुजनो न स्यादुपायानां शतैरपि ।
अपानं मृत्सहस्रेण, धौतं चास्यं कथं भवेत् ॥ ९ ॥

सुभाषितरत्नभाण्डागार.

સેંકડો ઉપાયો કરવામાં આવે તો પણ કદિ દુર્જન સજ્જન થતો નથી. કારણકે હજારવાર માટીથી ધુએ તો પણ ગુદા, મુખ થાય નહિ. ૯.

અયોગ્ય મનુષ્ય તથા કુતરાની પૂંછડીની સમાનતા.

आर्या (१०–११).

यस्य न सहजो बोधः, पुरतः किं तस्य भाषितैर्बहुभिः ।
नलिकाधृतमपि सततं, न भवति सरलं शुनः पुच्छम् ॥ १० ॥

જે મનુષ્યને સહજ જ્ઞાન પણ નથી તેની આગળ બહુ ભાષણ કરવાથી પણ શું? કારણકે (વાંસની) ભૂંગળીમાં હમેશાં રાખવામાં આવ્યું હોય તો-પણ કુતરાનું પૂછડું શું સરલ (પાંસરૂં) થાયછે? અર્થાત્ કુતરાનાં પૂંછડાંને કોઇ પણ યત્ન જેમ વક્રતા છોડાવી શકતો નથી તેમ મૂર્ખની આગળ કોઇ સદ્બોધ કામ કરી શકતો નથી. ૧૦.

કુસ્થાનમાં મહા પુરૂષોનો બોધ પણ નિષ્ફળ થાયછે.

विहितः सतामभूमौ, महतामपि भवति निष्फलो यत्नः ।
व्रजति रसातलमम्भो, जलदेन मरुस्थलीनिहितम् ॥ ११ ॥

सूक्तिमुक्तावली.

કુસ્થાનમાં કરાયેલ મહાન્ સત્પુરૂષોના યત્ન પણ નિષ્ફળ થાયછે, દૃષ્ટાન્ત એ છે કે, વર્ષાદે મરૂસ્થલી (મારવાડ) માં નાંખેલું પાણી રસાતળ (પાતા-

ળ) માં ચાલ્યું જાયછે, એટલે જમીનમાં ટકી શકતું નથી તેમ મૂર્ખમાં કરેલ બોધની સ્થિતિ જાણવી. ૧૧.

તથા—

रथोद्धता.

बोधितोऽपि बहुसूक्तिविस्तरैः, किं खलो जगति सज्जनो भवेत् ।
स्नापितोऽपि बहुशो नदीजलैर्गर्दभः किमु हयो भवेत्कचित् ॥ १२ ॥

सुभाषितरत्नभाण्डागार.

સુંદર શબ્દોથી બોધ કરેલ ખળ પુરૂષ શું સજ્જન થાય? (અર્થાત્ નહિ.) તેમ એવો બનેલ દાખલો પણ જગત્માં નથી કારણકે ગંગા આદિ ઘણી નદીના જળથી ગર્દભને સ્નાન કરાવે તો પણ તે કાંઇ ઘોડો બનતો નથી. ૧૨.

દુર્જન પોતાની પ્રકૃતિ બદલતો નથી.

वंशस्थ.

न टिट्टिभो गच्छति हंसलीलया, न वायसः कूजति कोकिलस्वनम् ।
यवाः प्रकीर्णा न भवन्ति शालयस्तथैव नीचः प्रकृतिं न मुञ्चति ॥ १३ ॥

सूक्तिमुक्तावली.

ટીંટોડો હંસની ચાલ ચાલી શકતો નથી. કાગડો કોયલના જેવો સ્વર બોલી શકતો નથી, વાવેલા યવ (જવ) શાળ (જેમાંથી ચોખા બને તે ધાન્ય) સમાન થતા નથી. તેવી રીતેજ નીચ પુરૂષ પોતાની પ્રકૃતિ (સ્વભાવ) ને છોડતો નથી. ૧૩.

આડંબરની નિષ્ફળતા.

पुष्पिताग्रा.

इभतुरगशतैः प्रयान्तु मूढा, धनरहिता विबुधाः प्रयान्तु पद्भ्याम् ।
गिरिशिखरगतापि काकपङ्क्तिः, पुलिनगतैर्न समा हि राजहंसैः ॥ १४ ॥

शार्ङ्गधरपद्धति.

મૂઢ પુરૂષો હાથી કે ઘોડા ઉપર બેસીને આવજાવ કરે ને વિદ્વાન્ પુરૂષો ધન નહિ હોવાને લીધે પાળા ચાલે તોપણ મૂર્ખાઓ વિદ્વાનની તુલનામાં

આવતા નથી, કારણકે ગિરિના શિખર ઉપર બેઠેલ કાગડાઓ કાંઇ જળાશયને કાંઠે રહેલ રાજહંસની તુલનામાં આવતા નથી. ૧૪.

ઉંચે રહેવાથી કાંઇ ઉત્તમતા ગણાતી નથી.

वसन्ततिलका (१५ थी १७).

नाश्चर्यमेतदधुना हतदैवयोगादुच्चैः स्थितिर्यदधमो न महानुभावः ।
रथ्याकलङ्कशतसङ्करसङ्कुलोऽपि, पृष्ठे भवत्यवकरो न पुनर्निधानम् ॥१५॥

હત (દુષ્ટ) દૈવના યોગથી હમણાં જે અધમ મનુષ્ય છે તે ઉચ્ચ સ્થિતિને ભોગવે છે અને મહાન્ અનુભાવવાળો પુરૂષ ઉચ્ચ સ્થિતિને ભોગવતો નથી, પણ તેમાં કાંઇ આશ્ચર્ય નથી. કારણકે સેંકડો કલંક આપનારા કચરાથી વ્યાપ્ત એવો ઉકરડો પણ પૃથ્વીની પીઠપર રહે છે એટલે ઉંચો રહે છે, અને ધનનો નિધિ પૃથ્વીની પીઠપર રહેતો નથી એટલે કે પૃથ્વીની અંદર–નીચે રહે છે. અર્થાત્ ઉંચે રહેવાથી કાંઇ ઉકરડો ઉત્તમ ગણાતો નથી. ૧૫.

આડંબરથી ઉચ્ચતા પ્રાપ્ત થતી નથી.

आबद्धकृत्रिमसटाजटिलांसभित्तिरारोपितो मृगपतेः पदवीं यदि श्वा ।
मत्तेभकुम्भतटपाटनलम्पटस्य, नादं करिष्यति कथं हरिणाधिपस्य ॥ १६ ॥

પોતાની કાંધ ઉપર બનાવટી કેશવાળીના ઝુંડવાળો કૂતરો કદાચ બહેંકી ગયેલ સિંહ જેવો ભાસે પણ મદોન્મત્ત હાથીના ગંડસ્થળ તોડવાના સ્વભાવવાળો જે સિંહ તેની ગર્જના કેવી રીતે કરી શકે? ૧૬.

પ્રારબ્ધની પ્રબળ સત્તા.

सिंहो बली गिरिगुहागहनप्रवासी, वासोदरे वसति भूमिभृतां बिडालः ।
नो पौरुषं कुलमपि प्रचुरा न वाणी, दैवं बलीय इति मुञ्च सखे विषादं॥१७॥

सुभाषितरत्नभाण्डागार.

હે મિત્ર! બળવાન્ સિંહ વિકટગિરિ ગુફામાં રહે ને બિલાડો રાજાઓના મહેલમાં વસે, એમાં પુરૂષાર્થ, કુળ કે વિદ્વત્તા બળવાન્ નથી, પણ તેમાં પ્રારબ્ધજ બળવાન્ છે, એમ માની ખેદ કર નહિ. ૧૭.

દેખાવથી કે વૃથા અનુકરણમાત્રથી ગુણવાન્‌માં ગણના થઇ શકતી નથી.

शिखरिणी.

उभौ श्वेतो पक्षौ चरति गगनेऽवारितगतिः,
सदा मीनं भुङ्क्ते वसति सकलः स्थाणुशिरसि ।
बके चान्द्रः सर्वो गुणसमुदयः किञ्चिदधिकोः,
गुणाः स्थाने मान्या नरवर न तु स्थानरहिताः ॥ १८ ॥

शार्ङ्गधरपद्धति.

હે ઉત્તમ પુરૂષ! (ચન્દ્રમાંનું એક પક્ષ ધોળું છે અને) બગલાને બે પક્ષ (પાંખો) શ્વેત છે વળી (ચન્દ્રની માફક) બગલો વિશ્રામ લીધા સિવાય આકાશમાં ફર્યા કરેછે, (ચન્દ્રમા જેમ મીન રાશિને ભોગવે છે તેમ) બગલો હમેશાં મીન (માછલા) નું ભોજન કરેછે, (અને ચન્દ્રમા જેમ પોતાની એક કળા સહિત સ્થાણુ એટલે શંકર દેવના મસ્તક ઉપર બેસેછે તેમ) બગલો ચતુરાઇથી સ્થાણુ એટલે વૃક્ષના ઠુંઠની ઉપર બેસેછે એમ બગલામાં ચન્દ્ર સંબંધી તમામ ગુણોનો સમુદાય છે. પરંતુ તેના (ચન્દ્ર) કરતાં પણ કાંઇક અધિક ગુણસમુદાય છે. તો પણ ગુણો સ્થાનમાંજ માનને પાત્ર થાયછે પરંતુ સ્થાનરહિત ગુણો શોભતા નથી. ૧૮.

તેમજ—

शार्दूलविक्रीडित (१९ थी २१).

नैर्मल्यं वपुषस्तवास्ति वसतिः पद्माकरे जायते,
मन्दं याहि मनोरमां वद गिरं मौनं च सम्पादय ।
धन्यस्त्वं बक राजहंसपदवीं प्राप्तोऽसि किं तैर्गुणै-
र्नीरक्षीरविभागकर्मनिपुणा शक्तिः कथं लभ्यते ॥ १९ ॥

હે બગલા! તારૂં શરીર હંસની માફક શ્વેત તથા સ્વચ્છ છે, તથા સરોવરને વિષે તેમની માફક તારો વાસ છે, તેમની જેમ તું મંદ ગતિથી ચાલે છે, તથા મનહર વાણી બોલે છે, એટલુંજ નહિ પણ હંસની જેમ તું પણ મૌન ધારણ કરી શકે છે. તે ઉપરથી તેં મહાન્ હંસપદવી મેળવી છે માટે તને ધન્ય છે, એમ કહ્યાવિના ચાલતું નથી છતાં એટલું તો કહેવું પડશે કે

એ તારા સર્વ ગુણો વ્યર્થ છે કારણકે પાણી અને દુધ મિશ્રિત થયેલ હોય તેને જૂદું પાડી નાખવું એ સ્વાભાવિક શક્તિ તું ક્યાંથી લાવીશ? (અર્થાત્ આડંબર તજી દે). ૧૯.

વગથી જ્યાં ત્યાં ધુસી જાય તેથી કાંઇ હલકો મનુષ્ય ઉત્તમ મનુષ્યની પંક્તિમાં આવી શકતોજ નથી.

काकः पक्षबलेन भूपतिगृहे ग्रासं यदि प्राप्तवान्,
किं वा तस्य महत्त्वमस्य लघुता पञ्चाननस्यागता ।
येनाक्रम्य करीन्द्रगण्डयुगलं निर्भिद्य हेलालवा-
लब्ध्वा ग्रासवरं वराटकधिया मुक्तागणस्त्यज्यते ॥ २० ॥

सुभाषितरत्नभाण्डागार.

પક્ષ (પાંખ) ના બળથી કાગડો રાજાના મહેલમાં કદાચ ભોજન મેળવે, તેથી તેની મહત્તા કે સિંહની લઘુતા શું થાયછે! (અર્થાત્ નહિ) (કારણકે યુદ્ધ તરીકે નહિ) પણ રમત ગમતથી સિંહ, બહેકી ગયેલ હાથીના ગંડસ્થલને ત્રોડીને તેમાંથી નીકળેલ કિંમતી મોતીનો સમૂહ, તેને ફક્ત એક કોડીની કિંમતનો છે એમ માનીને તજી દઇ પોતે માંસગ્રાસ મેળવે છે, (અર્થાત્ બળવાન્ સિંહની તુલનામાં કાગભાઇ આવી શકવાનાજ નથી). ૨૦.

ગુણવાન્ હોય તેજ ઉત્તમ સ્થાનપર શોભેછે.

किं केकीव शिखण्डमण्डिततनुः सारीव किं सुस्वरः,
किं वा हंस इवाङ्गनागतिगुरुः किं कीरवत्पाठकः ।
किं वा हन्त शकुन्तबालपिकवत्कर्णामृतस्यन्दनः,
काकः केन गुणेन काञ्चनमये व्यापारितः पञ्जरे ॥ २१ ॥

शार्ङ्गधरपद्धति.

કાગડો કયા સારા ગુણવડે કાંચનમય (સુવર્ણ) ના પાંજરામાં રાખેલો છે? શું મોરની માફક ચંદ્રિકાવાળા પિચ્છસમૂહથી શોભતાં શરીરવાળો છે? શું મેનાની માફક સારા સ્વરવાળો છે? શું હંસની માફક સુંદર એવી સ્ત્રીની ગતિનો ગુરૂ છે? (એટલે કે તેણે હંસ ગામિની સ્ત્રીઓને ગતિ શીખવી છે?) શું પોપટની માફક પઠનારો છે? અથવા શું ઉછરતા કોકિલ પક્ષીની પેઠે કર્ણામૃતને સ્રવનારો છે? અર્થાત્ કાગડામાં કોઇ ગુણ નથી. તેથી તે સોનાના પાંજરાને લાયક નથીજ. ૨૧.

સારા ગુણોવાળાનો સંગ કર્યા છતાં નિર્ગુણ ગુણરહિતજ રહેછે.

"ઓ વાંસલડી, વેરણ થઇ લાગી તું વ્રજની નારને"—રાગ.

ઓ એરંડી, ઉત્તમ સંગે તેં ઉત્તમ ગુણ નવ ધર્યા ;
રહી શેલડીમાં, શેલડી શરખા, ગુણ સંપાદન નવ કર્યા—ટેક૦
જે વાડીમાં શેલડી વાવી, તુજને પણ તે સ્થળ રોપાવી,
તો પણ તું ઉપજી કેમ આવી ? ઓ એરંડી૦ ૨૨
તું ઉછરી શેલડીને સંગે, પણ રંગાણી જૂદે રંગે,
ઉપજ્યો નહિ મીઠો રસ અંગે ; ઓ એરંડી૦ ૨૩
તમે એક કુવે પાણી પીધું, બેનું રક્ષણ સરખું કીધું,
નથી વિશેષ તેને કાંઇ દીધું ; ઓ એરંડી૦ ૨૪
તને અવલોકીને આજ ઘડી. એક કહેવત મારે ચિત્તચડી,
તારી જાતવિના નવ ભાત પડી ; ઓ એરંડી૦ ૨૫
સૌ જગત્ વદે છે જે વાણી, તે જરૂર મેં સાચી જાણી,
ઠરી તું દાસી, તે ઠકરાણી ; ઓ એરંડી૦ ૨૬
તુંને તે તારી બહેનપણી, જૂદી જૂદી ઓલાદતણી,
માટે જણાય જૂદી રીત ઘણી ; ઓ એરંડી૦ ૨૭
શેલડી સૌને લાગે સારી, એને મળવા ઇચ્છે નરનારી,
તેની આગળ શી કીર્ત્તિ તારી ; ઓ એરંડી૦ ૨૮
શેલડીનાં સંતાનો સારાં, લોકોને બહુ લાગે પ્યારાં,
જો ખોળ દીવેલ હિસે તારાં ; ઓ એરંડી૦ ૨૯
થઇ શેલડીના સરખી મોટી, પણ તારી મોટાઇ તે ખોટી,
જો છે તુજમાં કિંમત છોટી ; ઓ એરંડી૦ ૩૦
સજે યુક્તિ તને સમજાવાની, ખુબ ચીજો આપે ખાવાની,
પણ તું તેવી નથી થાવાની ; ઓ અરંડી૦ ૩૧
શીખામણ તુજને શી દઇએ ; જીભે કહીને થાકી જઇએ,
નહિ હિતની વાત ધરે હૈયે ; ઓ એરંડી૦ ૩૨
તારે શેલડી સરખો સંગ થયો, પણ કુળને ગુણ તારો ન ગયો,
તારો તેનોતેજ સ્વભાવ રહ્યો ; ઓ એરંડી૦ ૩૩
ગાઇ ગરબી એરંડી નામે, પણ અર્થ જુદો છે પરિણામે,
દીધી શીખામણ દલપતરામે ; ઓ એરંડી૦ ૩૪

દલપતરામ.

ગુણવાન્ ગુણવાન્‌ની સાથે અને નિર્ગુણ નિર્ગુણની સાથે શોભે.

*એક સમય બાદશાહ કચેરીમાં બિરાજમાન થયા હુતા તે વખતે પોતાનો દૂધભાઇ (ધાયમાતાનો છોકરો) શાહ હુજુર આવ્યો તેને શાહે પ્રેમસહ પોતાના નજીક બેસાડી બિરબલ પ્રત્યે જણાવ્યું કે "આ અમારા દૂધભાઇ છે અને એમને એક નાહનું રાજ્ય આપવા મારો ઇરાદો છે. પરંતુ તે ન્હાના રાજ્યમાટે ન્હાના બિરબલની પણ અતિ આવશ્યકતા છે તેથી એક ન્હાનો બિરબલ પેદા કરી લાવો." તે સાંભળી બિરબલે કહ્યું કે "જેવો હુકમ નામદાર?" બીજે દિવસે એક બળદને શણગારી રેશમી રસી ગળામાં બાંધી પોતે તે બળદને દોરી કચેરીમાં આવ્યો તે જોઇ બાદશાહે આશ્ચર્યયુક્ત થઇ પૂછ્યું કે "આ શું? અને મારા દૂધભાઇમાટે ન્હાનો બિરબલ શોધી કહાડયો કે નહિ?" તે સાંભળી બિરબલ બોલ્યો કે "જી સરકાર? હાજર છે, આપના દૂધભાઇમાટે મારોજ દૂધભાઈ લઇને આવ્યો છું તે નિહાળો." એમ કહી બળદને દેખાડયો ત્યારે શાહે કહ્યું કે "તમારો દૂધભાઇ બળદ શીરીતે થાય?" ત્યારે બિરબલે કહ્યું કે "નામદાર! આ આપના દૂધભાઇ શીરીતે થાય? બાદશાહે જણાવ્યું કે "એમની માનું હું દૂધ પીતો હુતો તેથી અમારા દૂધભાઇ છે?" ત્યારે બિરબલે હર્ષસાથે જણાવ્યું કે "હું પણ આ બળદની માનુંજ દૂધ પીઇ મોટો થયો છું માટે આ પણ મારો દૂધભાઇ કેમ ન કહેવાય?" તે ગૂઢાર્થવાળો જવાબ સાંભળી બાદશાહ મનમાં હર્ષયુક્ત થઇ ચુપ થઇ રહ્યા. કારણકે બિરબલે મર્મમાં જણાવ્યું કે મોટા લોકોની બરોબરી હલકા લોકોથી કદી પણ કરી શકાયજ નહિ માટે આપના વિચાર અતિ ઉત્તમ છે તદપિ અધિકારીનેજ અધિકાર યોગ્ય છે તેમ બિરબલ આપનાજ દરબારમાં શોભે. આવી વાર્તામાં છુપી યુક્તિ રહેલી હતી તેથી શાહ મનમાં સમજી બિરબલની યુક્તિ વખાણવા લાગ્યો.

જેમ અંધ આગળ આરસી, સમુદ્રમાં સ્વાતિ નક્ષત્રવિનાની વૃષ્ટિ, અરણ્યમાં રૂદન, બધિર આગળ ગાયન, અજીર્ણના રોગીને સુભોજન, ક્ષાર જમીનમાં બીજનું વાવેતર અને જાગૃત થયા પછી સ્વપ્ન કથા નિષ્ફળ છે તેમ અયોગ્ય–અબુધપ્રતિ સર્વ શ્રમ વૃથા છે એમ સમજાવી યોગ્યાયોગ્યતા અધિકારતરફ ધ્યાન ખેંચવા આ અયોગ્ય અધિકાર પૂર્ણ કરવામાં આવેછે.

---

* બીરબલ બાદશાહ.

योग्यायोग्यता—अधिकार.

જગતના જે પદાર્થમાં જેવી યોગ્યતા હોય તે તેવી યોગ્યતાવાળા પ્રાણીને ઉપયોગી થાયછે. જેમકે સાકર પોતે ઉત્તમ યોગ્યતાવાળી છે પણ ગધેડાને તે અવરાવવામાં આવે તો તેના પ્રાણ હરી લેછે તેમ સિંહણનું દૂધ સિંહના બચ્ચાંનેજ પચેછે અને સુવર્ણના પાત્રમાં રહી શકેછે. પરંતુ તેથી ભિન્ન એવા અન્ય ત્રાંબા વિગેરેના વાસણમાં નાખવામાં આવે તો તેને ત્રોડી નાખેછે વગેરે બાબતનું દિગ્દર્શન કરાવવાસારૂ આ અધિકારની શરૂઆત કરવામાં આવેછે.

ગુણી અસ્થાને શોભે નહિ.

अनुष्टुप्.

अलङ्कारोप्यलङ्कर्तुमलं स्थाने नियोजितः ।
श्रियं हारस्रजः कण्ठे, दधते न तु पादयोः ॥ १ ॥

અલંકાર (ઘરેણું) જો યોગ્ય સ્થાનમાં પહેરેલ હોય તો તે મનુષ્યને શણગારવાને અતિ સમર્થ થાયછે એટલે મુક્તાફલ વગેરેના હારો અને પુષ્પની માળાઓ કંઠમાં ધારણ કરી હોય તો શોભા ઉત્પન્ન કરેછે પરંતુ પગમાં ધારણ કરવામાં આવે તો શોભી શકતી નથી એટલે સ્થાનરહિત કોઈ ઉત્તમ પદાર્થ શોભતો નથી એવો ભાવ છે. ૧.

અનુકૂળ પદાર્થ મળવાથી ગુણીનું પ્રકાશવું.

आर्या (२–३).

चूताङ्कुरकवलनतो, न तु काकः कोकिलः स्वनति चारु ।
योग्यस्य जायते खलु, हेतोरपि नेतरस्य गुणः ॥ २ ॥

આંબાના મોરના અંકુરના ભોજનથી કોયલ સુન્દર મધુર ધ્વનિ કરેછે. પરંતુ કાગડો કરી શકતો નથી એટલે (ઉત્તમ પદાર્થ વગેરેના) કારણથી પણ યોગ્ય મનુષ્યને નક્કી ગુણ ઉત્પન્ન થાયછે પરંતુ અયોગ્ય મનુષ્યને કાંઇ તેનું ફળ મળતું નથી. ૨.

અયોગ્યના સમાગમથી ખેદ.

यद्यपि न भवति हानिः, परकीयां चरति रासभे द्राक्षां ।
असमञ्जसं च दृष्ट्वा, तथापि नः खिद्यते चेतः ॥ ३ ॥

सूक्तिमुक्तावली.

ગધેડા બીજા મનુષ્યની દ્રાખને ચરી રહ્યા છે એટલે જોકે (આપણને કોઇ જાતની) ખોટ નથી પરંતુ આ બન્નેનો સમાગમ અયોગ્ય છે એટલે ગધેડા નીચ પ્રાણી છે અને દ્રાક્ષા ઉત્તમ પ્રકારનું ભક્ષણ છે એમ જોઇને ચિત્ત ખેદ કરેછે. ૩.

ભવ્યાત્મા સારગ્રાહી છે.

उपजाति.

सुखायते तीर्थंकरस्य वाणी, भव्यस्य जीवस्य न चेतरस्य ।
सुखायते सर्वजनस्य मेघो, यवासकस्यैव सुखायते न ॥ ४ ॥

कस्यापि.

તીર્થંકર ભગવાનની વાણી ઉત્તમ જીવને સુખરૂપ થાયછે અને નીચ મનુષ્યને તે સુખરૂપ થતી નથી ત્યાં દૃષ્ટાન્ત આપેછે કે—વર્ષાદ સર્વ જનસમાજને સુખરૂપ થાયછે પરંતુ જવાસા નામના ઘાસના છોડને તે સુખરૂપ થતો નથી એટલે બીજાં વૃક્ષો વર્ષાદ આવવાથી નવપલ્લવ થાયછે ત્યારે જવાસો સુકાઇ જાયછે. ૪.

રસીલો રસ જાણેછે.

वसन्ततिलका.

वक्तुर्विशेषमधुरैर्वचनप्रपञ्चैश्चित्तं भिनत्ति रसिकस्य न चेतरस्य ।
पीयूषपूररचितैरपि चन्द्रपादैर्ये चन्द्रकान्तमणयः खलु ते द्रवन्ति ॥ ५ ॥

सूक्तिमुक्तावली.

વક્તા પુરૂષના વિશેષ મધુર એવાં વચનના સમૂહોથી રસિક (રસજ્ઞ) પુરૂષનું ચિત્ત ભેદાઇ જાયછે એટલે શ્રવણથી પીગળી જાયછે પરંતુ મૂર્ખનું નહિ. કારણકે અમૃતના પ્રવાહથી રચાયેલ એવા ચન્દ્રનાં કિરણો છે તેનાથી જે ચંન્દ્રકાન્ત નામના મણિઓ છે તે દ્રવીભૂત થઇ જાયછે એટલે પીગળીને પાણી થાયછે પણ બીજા પથરામાં તેવી અસર થતી નથી. ૫.

આ જગત્માં નિર્દોષ તથા દોષવાળી વસ્તુ જોવામાં આવેછે માટે મનુષ્યે પોતે આગળ વધવા માટે પોતાના જેવી નિર્દોષ વસ્તુ સાથે પ્રીતિ ભાવ રાખવો કે જેથી આપણુને અયોગ્ય (નિર્ગુણ વસ્તુનો) નો સંગ થાય નહિ. એ ધ્યાનમાં રાખવા સૂચના કરી આ યોગ્યાયોગ્યતા અધિકારની સમાપ્તિ કરવામાં આવેછે.

कुश्रावक-अधिकार.

યોગ્યતા અને અયોગ્યતા બતાવ્યા પછી તેમાંથી અયોગ્યનું વધારે સ્પષ્ટ વર્ણન કરવામાટે તેમના તરફ ઇસારો કર્યો છે. કોઇ એમ કહેકે હું સાચું બોલતો નથી તેમ ચુપ રહેતો નથી તો તે જૂઠું બોલેછે એમ સિદ્ધ થાયછે. તે પ્રમાણે જે માણસ પોતાની યોગ્યતા ન સાચવે તથા સુશ્રાવકના નિયમો ન પાળે તે કુશ્રાવક-શ્રાવક વર્ગમાં ધૂતારો છે એમ માનવું.

શ્રવણમાં ઢોંગી.

आर्या (१ थी १४).

उस्सूत्त मायरंतावि ठवंति अप्प सुसावगातम्मि ।
ते सद्द रोरघत्थवि तुलं ति सरिसं धणाड्ढे हिं ॥ १ ॥

જે પુરૂષ જિનસૂત્રનું ઉલ્લંઘન કરી પોતે શ્રેષ્ઠ શ્રાવક છે, એવો જે દાવો કરેછે, તે કોઇ કંગાળ હોવા છતાં ધનવાનનો આડંબર કરે તેના જેવોછે. ૧.

ધર્મનો નિર્ણય નહિ થવાથી થતી હાનિ.

किवि कुलकम्मामि रत्ता किवि रत्ता शुद्धजिणवरमयंम्मि ।
इय अंतरम्मि पिच्छइ मूढा णं यं ण याणंति ॥ २ ॥

જે મનુષ્ય પોતાના કુળમાં રહેલા મુખ્ય માણુસને જોઇને તે પ્રમાણે ધર્માચરણ કરેછે, કદાચ મુખ્ય માણુસ કોઇ કારણુને અનુસરીને ધર્મ છોડી દેછે તો તે પણ સ્વધર્મ તજી દેછે; માટે જો નિર્ણય કર્યા પછી સ્વધર્મ

સ્વીકારવામાં આવ્યો હોય તો તે માણસ ગમે તેમ થાય પણ શુદ્ધ ધર્મ તજતોજ નથી. તે કારણને લીધે આચાર્યનો ઉપદેશ ગ્રહણ કરવો ને જિનશાસ્ત્રાનુસાર દેવ, ગુરૂ તથા ધર્મને જાણી લઇ ધર્મને ધારણ કરવો એ ઠીક છે. ૨.

ઘરના અગ્રેસર ઉપર ધર્મનો આધાર.

जो गिहकुडंबसामी संतो मिच्छतरोयणं कुणइ ।
तेण सयलोवि वसो परिखित्तो भवसमुद्दम्मि ॥ ३ ॥

જો ગૃહપતિ કે કુટુંબપતિ મિથ્યાત્વ ઉપર પ્રીતિ રાખે અથવા તેમની પ્રશંસા કરે તો સમજવું કે સમસ્ત કુટુંબ સંસારમાં ડૂબ્યું; કારણકે મુખ્ય માણસનું જેના તરફ વલણ હોય તે તરફ સર્વ કુટુંબ પ્રીતિ રાખતું રહે છે. માટે મિથ્યાત્વીની અંશ માત્ર પણ પ્રશંસા કરવી નહિ. ૩.

ખાલી હાથે આવવું અને ખાલી હાથે જવું.

किं सोवि जणणिजाओ जाओ जणणीण किंगओ बुद्धिं ।
जइ मिच्छरओ जाओ गुणेसु तह मच्छरं वहई ॥ ४ ॥

મનુષ્ય જન્મનું ફળ તો એ છે કે જિનાગમનો અભ્યાસ કરી મિથ્યાત્વનો ત્યાગ કરવો અને ગુણનો અંગીકાર કરવો, પણ જેણે આ પ્રમાણે નથી કર્યું તે માણસ મનુષ્યજન્મમાં નહિ જન્મ્યા બરોબર છે. ૪.

જે સમજણમાં તફાવત, તે મિથ્યાત્વ અથવા કાંક્ષા મોહની.

मिच्छत्तसेवगाणं विग्घसयाइंपि बंति णो यावा ।
विग्घलवम्मिवि पडिए दिट्ठधम्माण य भणंति ॥ ५ ॥

કુદેવાદિકની સેવા કરવાથી હજારો વિઘ્ન આવેછે, તે બાબતમાં મૂર્ખ લોકો કાંઇ પણ ગણના કરતા નથી, પરંતુ કોઇ ધર્માત્મા શુદ્ધ ધર્મસેવન કરેછે અને તે વિષયમાં પૂર્વ કર્મના ઉદયથી કદાચિત્ વિઘ્ન ઉત્પન્ન થાય તો અણસમજુ કહે છે કે ધર્મસેવાથી આ વિઘ્ન આવ્યું એ વિપરીત બુદ્ધિ સમજવી અને એજ મિથ્યાત્વનું માહાત્મ્ય સમજવું. ૫.

જ્યાં કુગુરૂનો સંગ, ત્યાં બુદ્ધિનો ભંગ.

संपइ दुसमसमये णामायरिएहिं जणियजणमोहा ।
सूधधम्माउ णिऊणा चलंति बहुजणपवाहो ॥ ६ ॥

આ દુઃખકારક પાંચમા આરામાં ઘણા આચાર્ય તથા ગુરૂ પણ ગુણ રહિત જોવામાં આવેછે અને તેઓએ જગત્માં એટલી બધી અવિદ્યા-માયા ફેલાવી છે કે જેને લીધે બુદ્ધિશાળી મનુષ્યો પણ સ્વધર્મમાંથી ચલાયમાન થઇ જાયછે તો ભોળા જીવો ગાડરીયા પ્રવાહની પેઠે ફસાઇ જાય એ આશ્ચર્ય જેવું જણાતું નથી. ૬.

અમૃતમાં ઝેર.

अहिमाणविसोयसमत्थं यं च थुबंति देवगुरुणो य ।
तेहिंपि जइ माणो हाहा तं पुव्वदुच्चरियं ॥ ७ ॥

અરિહંતાદિ વીતરાગની સેવા, પૂજા, ભક્તિ, સ્તુતિ કરવાથી માનાદિક કષાયોની મંદતા (ક્ષીણતા) થવી જોઇએ પણ તેને બદલે કોઇ મનુષ્ય કષાયને પોષેછે એટલે હું બડો ભક્ત છું તથા મોટો જ્ઞાની છું, તેમ મારે ત્યાં મોટું મંદિર છે એમ કહેનારો ખરેખરો અભાગીઓ જીવ છે એમ માનવું. ૭.

સમજણમાં ફેર, તેને લીધે સમ્યક્ત્વની દુષ્પ્રાપ્તિ.

साहम्मिआउ अहिओ बन्धुसुप्पाइसु जाणअणुराओ ।
तेसिं ण हु सम्मत्तं विण्णेयं समयणीइए ॥ ८ ॥

સાધર્મી ભાઇઓ ઉપર જેને શત્રુતા છે અને બંધુ તથા પુત્રાદિક ઉપર અનુરાગ છે તેને સિદ્ધાંતના ન્યાય પ્રમાણે સમ્યકત્વ પ્રાપ્ત થયું નથી એમ માનવું ૮.

તથા—

एगो सुगुरु एगोवि सावगो चेइयाइ विविहाणि ।
तत्थ य जं जिणदव्वं परप्परं तं ए विच्चंति ॥ ९ ॥

उपदेशसिद्धान्तरत्नमाला.

કોઇ જીવ (શ્રાવક) ચૈત્ય (જૈન દેરાસર) માં ભેદ માનીને કહે છે કે આ મંદિર મારૂં છે, અને તે મંદિર બીજાનું છે, આવા પરસ્પર વિરોધથી પોતે ભક્તિ કરતો નથી તથા તેનો જીર્ણોદ્ધાર પણ કરી શકતો નથી તેને મિથ્યાત્વી કહેવો, કારણકે (શુદ્ધ) ધર્મની આ રીતિ નથી. ૯.

શોક્યસ્ત્રીરૂપી શ્રાવક.

थद्धो छिड्डपेही, पमायखलियाणि निच्च मुच्चरइ ।
सद्दो सवत्तिकपो, साहुजणं तणसमं गणइ ॥ १० ॥

જે (શ્રાવક) સ્તબ્ધ થઇ છિદ્ર જોતો રહે, ભૂલચૂક વારંવાર ગાયા કરે, તે શોકયસ્રી સમાન શ્રાવક જાણવો. તે સાધુઓને તૃણ તુલ્ય ગણે છે. ૧૦.

ચંચળ ધ્વજારૂપ કુશ્રાવકની ગણના.

पवणेण पडागा इव, भामिज्जइ जो जणेण मूढेण ।
अविणिच्छिय गुरुवरणो, सो होइ पडाइयातुल्लो ॥ ११ ॥

જે પવનથી હલતી ધજાની માફક મૂઢ જનોથી ભરમાઇ જાય તે ગુરૂના વચનપર અપૂર્ણ નિશ્ચયવાળો હોવાથી પતાકા સમાન છે. ૧૧.

ખરંટ શ્રાવક.

उम्मगदेओ निन्हवो ऽसि मूढो सि मंदधम्मो सि ।
इह सम्मंपि कहंतं, खरंटए सो खरंटसमो ॥ १२ ॥

જે ગુરૂએ સાચું કહ્યા છતાં પણ કહેકે તમે તો ઉન્માર્ગ બતાવો છો, નિહ્નવ છો, મૂઢ છો, મંદ ધર્મી છો એ રીતે ગુરૂને ખરડે તે ખરંટ સમાન શ્રાવક જાણવો. ૧૨.

તથા—

जह सिढिल मशुइदव्वं, छुप्पंतंपि हु नरं खरंटेइ ।
एव मणुसासगंपि हु, दूसन्तो भन्नइ खरंटो ॥ १३ ॥

જેમ ગંદું અશુચિ દ્રવ્ય છૂપાવનાર (અશુચિ દ્રવ્યગ્રાહી) માણસને ખરડે છે, તેમ જે શિક્ષા દેનારને પણ ખરડે તે ખરંટ કહેવાય. ૧૩.

મિથ્યાત્વી.

निच्छयओ मिच्छत्ती, खरंटतुल्लो सवत्तितुल्लो वि ।
ववहारओ उ सड्ढा, वयंति जं जिणगिहाईसु ॥ १४ ॥

धर्मरत्नप्रकरण—भाग प्रथम.

ખરંટ સમાન અને શોકયસ્રી સમાન શ્રાવક નિશ્ચય થકી તો મિથ્યાત્વી છે, તો પણ વ્યવહારથી શ્રાવક ગણાય છે, કેમકે તે જિનમંદિર વગેરેમાં આવે જાયછે. ૧૪.

જૈનસિદ્ધાંતનું રહસ્ય સમજ્યા વિના શાસ્ત્રતરફ તથા ધર્મગુરૂઓતરફ બેદરકારી બતાવે એને કુશ્રાવક જાણવો એમ સમજાવી ધર્મનું રહસ્ય ઓળખવા જગત્કર્ત્તાતરફ દૃષ્ટિ બિંદુ ફેરવવા આ કુશ્રાવકઅધિકાર લઇ તેની સમાપ્તિ કરવામાં આવેછે.

जगत्कर्त्ता-अधिकार.

પોતાના ધર્મના ખરા સિદ્ધાંતો જેઓના ધ્યાનમાં નથી હોતા તેઓ ધર્મજેવાં દેખાતાં મિથ્યાત્વોમાં ફસાઇછે તેથી ધર્મના ખરા સિદ્ધાંતો કેમ લક્ષમાં લેવા જોઇએ તે બતાવવાને એક નમૂનાતરીકે આ અધિકાર લેવામાં આવેછે.

---

*પ્રશ્ન—હે મહારાજ! આત્માદિક પદાર્થના આદિનો અત્યંત અભાવ સિદ્ધ હોવાથી જગત્નો સૃષ્ટિવાદ સર્વથા ટકી શકતો નથી પણ 'આ જગત્ ઇશ્વરકૃત છે' એમ દુનિયામાં પ્રસિદ્ધ છે તો તેનો સર્વથા નિષેધ કેમ કરી શકાય? પ્રભૂતકાળ અગાઉ ઇશ્વરે આત્માદિક જગત્ના પદાર્થો રચ્યા છે, તેથી કોઇ તેનો આદિ જાણી શકતું નથી, તેને લીધેં અનાદિ કહેવાયછે. પણ ઈશ્વરે જે કાળે જીવાદિ રચ્યા તે કાળની અપેક્ષાએ તો તે સાદિ છે, પણ અત્યંત અનાદિ નથી—એમ માનવામાં કાંઇ દોષ છે?

ઉત્તર—હે ભવ્ય! જો તમારા કહ્યા પ્રમાણે અતિ પ્રભૂતકાળ પહેલાં પણ ઈશ્વરે આત્માદિક પદાર્થ બનાવ્યા હોય તો તેમ માનવામાં મોક્ષના અભાવ વિના બીજી કાંઇ હરકત નથી. કેમકે ઈશ્વર કૃતને ઈશ્વર કૃત માનવાથી તો સત્યવાદ થાય અને તે સત્યવાદ અમારે ઇષ્ટ છે. પરંતુ તે જગત્કર્ત્તા પોતે કયા કાળે થયા? કયા કાળે તેણે જગત્ રચ્યું? અને તે કોણે જાણ્યું? એટલા મહાન્ કાળની વાત આજપર્યંત શીરીતે આવી? એ સર્વનો ઉત્તર આપો. આના જવાબમાં કદી તમે કહેશો કે 'જગત્ના કર્ત્તા ઈશ્વર ક્યારે થયા? એ સવાલજ થઇ શકતો નથી, કારણકે, જગત્કર્ત્તા ઈશ્વર તો સદા વિદ્યમાન છે. કોઇ કાળે તે ન હતા એમ નથી. તો હે ભદ્ર! એ તમારૂં કથન અઘટિત ગણાશે. કેમકે જગત્કર્ત્તા સર્વદા વિદ્યમાન હોવાથી તે તો અત્યંત અનાદિ થયા અને જગત્ તો તમે સાદિ કહોછો, ત્યારે પ્રથમ જગત્ વિના એકલા ઇશ્વર કેટલા કાળસુધી રહ્યા? અને જો જગત્ ન હતું તો તે ઇશ્વર કોના હતા? કેમકે સેવક વિના તો સ્વામી કહેવાતા નથી. વળી તે ઈશ્વર શુદ્ધ છે કે અશુદ્ધ? જો શુદ્ધ હોય તો જગત્ની રચના કરવારૂપ દોષજાળમાં તે પ્રવર્તે નહિ. જગત્ સુખદુઃખમય હોવાથી તે વિષમ છે અને વિષમ વસ્તુ રાગદ્વેષ વિના કહી શકાય નહીં ને જ્યાં રાગદ્વેષ હોય ત્યાં સર્વ દોષ હોય, તોપછી

---

* તત્ત્વવાર્ત્તા.

તેવા જગત્ના રચનારા ઈશ્વર શુદ્ધ કહેવાય નહિ. જો તેને અશુદ્ધ કહેતા હો તો તે પણ આપણા જેવા કર્મવશ ઠર્યા. કદી તમે એમ કહો કે "ઈશ્વર તો ઇચ્છામાત્રથીજ જગત્ રચેછે તેથી તેને કાંઇ લેપ લાગતો નથી," પણ ઇચ્છા-અભિલાષરૂપ હોયછે, અભિલાષ તે રાગ છે ને રાગ, દ્વેષ વિના હોય નહિ, અને રાગદ્વેષ તેજ આત્માની અશુદ્ધિ છે અને એવી અશુદ્ધિવાળા તે ઈશ્વર કેમ કહેવાય? આ પ્રમાણે ચક્ર દોષ આવ્યા કરશે, તેથી જગત્કર્ત્તા ઈશ્વર કોઇ રીતે સિદ્ધ થવાના નથી. વળી જગત્ રચવાનાં ઉપાદાન પણ મળી શકવાનાં નથી. ઘટનું ઉપાદાન મૃત્તિકા છે, તેના વિના ઘટ નીપજતો નથી; તેમ જગત્ના ઉપાદાન વિના જગત્ પણ નિપજી શકશે નહિ. એ બધાં કારણોથી અનાદિ સ્વભાવ સિદ્ધ જગત્ માનવું એજ નિર્દોષવાત છે.

પ્રશ્ન—હે મહારાજ! આપે ઉપરના પ્રશ્નના ઉત્તરના પ્રારંભમાં કહ્યું કે 'જગત્ના કર્ત્તા ઈશ્વર માનવામાં મોક્ષના અભાવવિના બીજી કાંઇ હરકત નથી' તો આત્માદિક પદાર્થો ઈશ્વરકૃત માનવાથી મોક્ષનો અભાવ કેવી રીતે થાય?

ઉત્તર—હે ભવ્ય! પરમાર્થથી મોક્ષ તો અનાદિ સ્વાભાવિક સર્વ કાળ સ્થાયી એવા વાસ્તવિક આત્માનેજ હોયછે. તે આત્મા જો ઈશ્વરનો કરેલો હોય તો તે વાસ્તવિક ન કહેવાય, કૃત્રિમ છે માટે. અને કૃત્રિમ તો કોઇ કાળે અવશ્ય નાશ પામે છે તેમ. અને જો જીવ નાશ પામે તોપછી મોક્ષ કોણ પામે? પામનારનોજ અભાવ થવાથી કોઇ નહિ પામે અને તેમ નહિ થવાથી મોક્ષાર્થે કરાતી તપ સંયમ દાનાદિ કષ્ટ ક્રિયા સર્વ વ્યર્થ થશે. કેમકે વરનું મૃત્યુ થવાથી વિવાહસામગ્રી નિષ્ફળ થાયછે. એ રીતે કૃત્રિમ આત્માને મોક્ષનો અભાવ આવી પડશે. તેથી એમ કહ્યું છે કે મોક્ષના અભાવવિના બીજી હરકત નથી.

આવીજ રીતે પોતાના ધર્મના ખરા સિદ્ધાંતો ધર્મનાં પુસ્તકોમાંથી, સારા ઉપદેશકોની પાસેથી અને ગુરૂની પાસેથી સમજવાની પ્રવૃત્તિ કરવી જોઇએ. કારણકે ધર્મરહસ્ય નહિ સમજનાર હિંસાદિક દોષતરફ વલણ કરેછે એ અયોગ્ય છે તે બતાવવા આ જગત્કર્ત્તા અધિકાર પછી હિંસાદોષ-અધિકાર તરફ ધ્યાન ખેંચવામાં આવેછે.

हिंसादोष-अधिकार.

હિંસા કરનાર લોકોને પુનર્જન્મમાં તેનો બદલો આપવો પડેછે. એટલુંજ નહિ પરંતુ તેના કરતાં પણ સહસ્રાવધિ વધારે સંકટ વેઠવું પડેછે મનુસ્મૃતિમાં "मांसः" શબ્દનો અર્થ કરતાં મનુ રાજા જણાવેછે કે मां મને स: તે અર્થાત્ જેનું માંસ એક જીવ ખાયછે તે જીવનું માંસ તે જીવ બીજા જન્મમાં ખાશે. આમ બીજાને આપેલું દુઃખ પોતાને પ્રાપ્ત થાયછે એમ ચોક્કસ સમજવું. જેઓ ધર્મના ખરા સિદ્ધાંતોને નથી સમજતા તેઓ અધર્મને ધર્મરૂપ માનવામાં ફસાય છે. જેમાં હિંસા દોષરૂપ છતાં પણ મિથ્યાત્વીઓ તેને વિહિત ગણેછે તેને જોઈને વિચારહીન મનુષ્ય તેની પાછળ દોરાયછે, તેમ ન થાય તે માટે આ હિંસાદોષ અધિકાર લેવામાં આવેછે.

હિંસાથી અનેક વર્ષસુધી દુઃખ.

अनुष्टुप् (१–२).

यावन्ति पशुरोमाणि, पशुगात्रेषु भारत ।
तावद्वर्षसहस्राणि, पच्यन्ते नारका नराः ॥ १ ॥

હે રાજા ધર્મ! જે મનુષ્યો પશુઓની હિંસા કરેછે તે પશુઓના શરીરમાં જેટલાં રોમાંચ હોય તેટલા હજાર વર્ષોસુધી તે પુરૂષો નરકમાં પડીને રંધાયછે. ૧

હિંસક મનુષ્ય તીર્થ સ્નાનથી પણ શુદ્ધ થાય નહિ.

कुर्याद्वर्षसहस्रन्तु, अहन्यहनि मज्जनम् ।
सागरेणापि कृत्स्नेन, वधको नैव शुध्यति ॥ २ ॥

पुराण.

હિંસક મનુષ્ય હજારો વર્ષસુધી સમગ્ર તીર્થોના સમૂહરૂપ એવા સમુદ્રમાં હમેશાં સ્નાન કર્યા કરે તો પણ તે શુદ્ધ નથીજ થતો. ૨.

ચક્રવર્ત્તી રાજાઓ પણ હિંસાથી નરકે જાયછે.

उपजाति.

सम्भूमभूमीपतिजामदग्न्यश्रीब्रह्मदत्तप्रमुखा नरेशाः ।
निस्त्रिंशहिंसावशवासनातो, हि सप्तमं ते नरकं प्रयाताः ॥ ३ ॥

नरवर्मचरित्र.

સંભૂમ, જામદગ્ન્ય તથા શ્રી બ્રહ્મદત્ત વિગેરે ચક્રવર્તી રાજાઓ ખડ્ગ વગેરેથી કરેલી હિંસાને આધીન થયેલ વાસનાથી તેઓ ખરેખર અંતે સાતમાં નરકને પામ્યા છે. ૩.

હિંસા કર્મમાં શ્રેયનો ગંધ પણ નથી.

शार्दूलविक्रीडित

आकाशेऽपि चिराय तिष्ठति शिला मन्त्रेण तन्त्रेण वा,
बाहुभ्यामपि तीर्यते जलनिधिर्वेधाः प्रसन्नो यदि ।
दृश्यन्ते ग्रहयोगतः सुरपथे प्राह्णेऽपि ताराः स्फुटं,
हिंसायाम्पुनरावीरस्ति नियतं गन्धोऽपि न श्रेयसः ॥ ४ ॥

काव्यमालासप्तगुच्छक.

આકાશમાં પણ લાંબા સમય સુધી મંત્રથી અથવા તંત્રથી શિલા અધર રહી શકે છે અને જો વિધાતા પ્રસન્ન હોય તો બે હાથથી સમુદ્ર પણ તરી શકાયછે. અને તેવો ગ્રહોનો યોગ થવાથી ધોળે દિવસે આકાશમાં ખુલ્લી રીતે તારાઓ દેખી શકાય છે એટલે ઉપર મુજબનાં જે કાર્યો થઇ શકે તેવાં નથી તે પણ કાળબળે થઇ શકે પરંતુ હિંસામાં કલ્યાણનો ગન્ધ પણ ચોકસ રીતે પ્રકટ થતો નથી એટલે હિંસા કરી શ્રેય મેળવવા ઇચ્છનાર મનુષ્યોનો ઉલટો નરકપાત થાયછે. ૪.

હિંસા કરવાથી કાંઇ પણ લાભ નથી એમ દર્શાવી આ હિંસાદોષ-અધિકાર પૂર્ણ કરવામાં આવેછે.

हिंसा (मृगया)-अधिकार.

મૃગયા એ હિંસાનો પેટાભાગ ગણવા જેવો છે તેથી "મૃગયા" કે જેમાં પાણી પવન તથા આકાશનું સેવન કરી રહનારાં પ્રાણીઓનો નિરર્થક વધ કેટલાક નિર્દય પુરૂષો કરી રહ્યા છે, તે નિર્દોષ પ્રાણીઓનો વધ કરવાથી તેનાં કુટુંબમાં તેમનાં બાળ બચ્ચાંને કેટલું બધું સંકટ થતું હશે? તે ઉપર જો તેઓ પોતાનું લક્ષ ખેંચે તો કદી પણ આવાં કુકર્મોનો આરંભ ન કરે, આ બાબત સમજાવવામાટે આ અધિકારની શરૂઆત કરવામાં આવેછે.

નિર્દોષ મૃગલીઓને મારનારની નિરવધિ નિર્દયતા.

अनुष्टुप्.

भीतमूर्तीर्गतत्राणा, निर्दोषा देहवित्तिकाः ।
दन्तलग्नतृणा घ्नन्ति, मृगीरन्येषु का कथा ॥ १ ॥

आत्मानुशासन.

ભયભીત શરીરવાળી, જેનું કોઇ રક્ષા કરનાર પણ નથી, નિર્દોષ છતાં અને જેની પાસે દેહ રૂપીજ ધન છે તથા દતમાં જેઓને ઘાસ રહેલ છે આવી મૃગલીઓની પણ પાપી પુરૂષો હિંસા કરેછે ત્યાં બીજાં પ્રાણીઓની શું વાત કહેવી? અર્થાત્ દુનિયામાં પણ દાંતમાં તૃણ લઇ કોઇ પગે પડે તો તે સદોષ હોય તો પણ તેને કેટલાક સજ્જન પુરૂષો છોડી દીએછે, ત્યારે આ મૃગલીઓ તો નિર્દોષ છતાં પણ દાંતમાં તૃણ લઇ ઉભી રહી છે તેને મારવાનું કાર્ય કરવું તે મહા નિર્દય મનુષ્યનુંજ કામ હોઇ શકે એવો ભાવ છે. ૧.

સર્વથા પશુહિંસાનો નિષેધ.

उपजाति (२-३).

जीवान् घ्नतां यत्र नभोऽम्बुभोगान्, भवत्रयार्थः समुपैति हानिम् ।
आखेटकं पेटकमापदाङ्कः, कौतूहलेनापि करोति धीमान् ॥ २ ॥

આકાશ અને જળ વસ્તુઓનોજ ઉપભોગ કરનારા જીવોને નાશ કરનાર મનુષ્યોનો ત્રણ જન્મનો (પુણ્યથી ઉત્પન્ન થયેલો) અર્થ નાશ પામેછે એમ જાણનારો કયો બુદ્ધિમાન્ પુરૂષ હોંશથી પણ આપદની પેટીરૂપ મૃગયાનું આચરણ કરે ? ૨.

તથા—

मृगान्वराकाँश्चलतोऽपि तूर्णं, निरागसोऽत्यन्तविभीतचित्ताः ।
येऽश्नन्ति मांसानि निहत्य पापाः, तेभ्यो निकृष्टा अपरे न सन्ति ॥३॥

सुभाषितरत्नसन्दोह.

કંગાલ એવા મૃગ–પશુઓ એક દેશથી બીજા પ્રદેશમાં તુર્ત ચાલી રહ્યા છે એટલે વખતે એક સ્થાનમાં રહેવાથી કોઇના મોલ પાણીને હુરકત આવે. ત્યારે કોઇ એમ પ્રશ્ન કરેકે કાંઇ તેણે ગુન્હો કર્યો હશે જેથી આમ તેમ દોડયા કરતા હશે ? તેનાં પ્રત્યુત્તરમાં જણાવેછે કે निरागसः અર્થાત્ નિરપરાધી છે. તેવાં પ્રાણીઓનો સંહાર કરીને અત્યંત ભય રહિત જેઓનું ચિત્ત છે અર્થાત્ પરલોકની યમપુરી સંબંધી પીડાની જેઓને બીક નથી એવા જે પાપી લોકો તેઓનાં માંસો ખાયછે. તેઓ કરતાં દુનીયામાં બીજા કોઇ અધમ નથી, અર્થાત્ આ પુરૂષોજ અધમ છે ૩.

બચ્ચાંવાળી એક દીન મૃગલી પારાધીને વિનતિ કરેછે.

वसन्ततिलका.

आदाय मांसमखिलं स्तनवर्जमंगा–
न्मां मुञ्च वागुरिक यामि कुरु प्रसादम् ।
सीदन्ति शष्पकवलग्रहणानभिज्ञा,
मन्मार्गवीक्षणपराः शिशवो मदीयाः ॥ ४ ॥

शार्ङ्गधरपद्धति.

હે વાગુરિક ! (પારાધી) મારા અંગમાંથી સ્તન સિવાયના બધા માંસને લઇ મને છોડી દે અને મારા ઉપર કૃપા કર જેથી હું અહિંથી જાઉં. કારણકે ઘાસના કોળીયાને ગ્રહણ કરવાનું ન જાણનારાં મ્હારાં નાનાં બચ્ચાંઓ મારા માર્ગને જેવામાં તત્પર થઇને દુઃખી થઇ રહ્યાં છે. અર્થાત્

મને જીવવાની દરકાર નથી પરંતુ મારાં બચ્ચાં મરી જશે એની મને ફીકર છે. ૪.

નિર્દોષ પ્રાણીઓની હત્યા કરનાર કયો પુરૂષ નરકની ખાડમાં નહિ પડે?

शार्दूलविक्रीडित (५ थी ७).

ये नीरं निपिबन्ति निर्झरभवं कुञ्जे च ये शेरते,
ये चाश्नन्ति तृणानि काननभुवि भ्राम्यन्ति येऽहर्निशम् ।
ये च स्वैरविहारसारसुखिता निर्मन्तवो जन्तवो,
हत्वा तान्मृगयासु कः समभवच्छ्वभ्रेषु नाभ्यागतः ॥ ५ ॥

જે વનનાં નિર્દોષ પ્રાણીઓ પર્વતના ઝરણામાંથી ઉત્પન્ન થયેલ જળનું પાન કરીને રહેછે. જે જળ ઉપર કોઇનો હક નથી અને લતા (વેલો) ના મંડપોમાં શયન કરેછે અને જ્યારે ભૂખ્યાં થાય ત્યારે ઘાસનાં તરણાં ચરેછે તેમ જેઓ રાત્રિ દિવસ વનની ભૂમિમાંજ ભ્રમણ કર્યા કરેછે. અને જે પ્રાણીઓ પોતાના વિહારના બળથી સુખિપણાને માનવાવાળાં છે તેવાં પ્રાણીઓનો મૃગયામાં સંહાર કરી કયો પુરૂષ નરકની ખાડામાં પડેલો નથી? અર્થાત્ મૃગયાવિહારીને નરકની પ્રાપ્તિજ થાયછે. ૫.

મૃગયા કરનાર કદાચ મૃગયા કરતાં પ્રાણીથી મરાઇ જાય તોપણ બન્ને લોકના સુખથી ભ્રષ્ટ થાયછે.

व्याधो नान्यहिताय सत्यमसकृद्विश्वस्तजन्तूँस्तुदन्,
न स्वस्मिन्नपि तुष्टये च्युतशरक्रोडादितोऽन्तं व्रजन् ।
मृत्यौ दुर्गतिमाप्नवांश्च मृगया लोकद्वयार्त्त्यै ततो,
गाङ्गेयेन स शन्तनुः क्षितिपतिस्तस्या निषिद्धस्ततः ॥ ६ ॥

પારાધી પોતાના હિત માટેજ હમેશાં વિશ્વાસુ પ્રાણીઓનો નાશ કરી રહ્યો છે તે કોઇ દિવસ ખસી ગયેલા બાણને લીધે બચી ગયેલા ડુક્કર વિગેરે પ્રાણીથી મૃત્યુને પામે તો આ લોક સંબંધી હિતથી ભ્રષ્ટ થાયછે એટલે તેનું તે મૃગયા કર્મ આ લોક સંબન્ધી પણ સુખ આપી શકતું નથી અને મરણમાં તો દુર્ગતિનેજ પામેછે, માટે મૃગયા તે ઐહિક અને પારલૌકિક એમ બન્ને લોકની આર્ત્તિ (પીડા) માટે છે, તેવું દષ્ટાન્ત

આપી ગાંગેયે (ભીષ્મે) તે શન્તનુ નામના રાજાને મૃગયા કાર્યથી અટકાવ્યા. ૬.

મૃગયામાં આસક્ત મનુષ્ય શું શું નથી કરતો?

पापर्द्धिस्तनुमद्वधोज्झितघृणः पुत्रेऽपि दुष्टाशय-
श्चण्डः खाण्डवपावकादपि मुधा कं कं न हन्याज्जडः ।
किं बाणेन जरासुतो वनगतो विव्याध नो बान्धवं,
प्रापोच्चैर्मुनिघातपातकभरं किं नाजराजाङ्गजः ॥ ७ ॥

एते कस्यापि.

દેહધારી જીવોના વધમાં જેણે દયાને છોડી દીધી છે તે માણસ પુત્રમાં પણ શુદ્ધ અન્તઃકરણવાળો નથી. ખાંડવ વનનો દાહ કરનાર અગ્નિથી પણ પ્રચંડ (ઉગ્ર) એવો જડ તે પારાધી નિરર્થક કોને કોને હણતો નથી? અર્થાત્ ગમે તેને હણી નાખે છે, ત્યાં દૃષ્ટાન્ત કહે છે કે—વનમાં ગયેલા જરાકુમારે પોતાના બન્ધુ શ્રી કૃષ્ણને શું બાણથી નથી માર્યો*? તેમ મુનિ એવા શ્રવણની હત્યાનું મોટું પાપ શું દશરથ રાજાને નથી લાગ્યું? ૭.

મૃગયા વિહારીને પુષ્કળ ઉપદેશ આપી એટલે હિંસા ન કરવી એમ વારંવાર સમજાવી આ મૃગયા અધિકાર પૂર્ણ કરવામાં આવેછે.

हिंसाफल-अधिकार.

હિંસા કરવાથી પાપ લાગેછે અને તેનાથી જે ફળ ઉત્પન્ન થાયછે તે આ અધિકારમાં બતાવવા તથા "હિંસા" એટલે નિરપરાધિ પ્રાણીઓનો ઘાત કેટલાક વામમાર્ગી વિદ્વાનો શાસ્ત્રોનું પ્રમાણ આપી કરેછે અને અન્યને તે કાર્યમાં જોડી રહ્યા છે તેઓને યમપુરીમાં કેટલું સંકટ વેઠવું પડશે? ઇત્યાદિ જણાવવા સારૂ આ અધિકારનો આરંભ કરવામાં આવેછે.

---

* જરાકુમારે શ્રી કૃષ્ણને મૃગ જાણીને મારેલ છે.

દુનિયાના કેટલાક પામર મનુષ્યો ગામમાં કાંઇ મહામારી વિગેરે રોગાદિ આવ્યું હોય તેની શાન્તિ સારૂ તથા અંધ પરંપરાને અનુસરી દેવતાના ઉદ્દેશથી પાડા વિગેરે પ્રાણીઓનો નાશ કરેછે તેને ઉદ્દેશીને કહેછે.

अनुष्टुप् (१-२).

हिंसा विघ्नाय जायेत, विघ्नशान्त्यै कृता यदि ।
कुलाचारकृताप्येषा, कृता कुलविनाशिनी ॥ १ ॥

જો કે અજ્ઞાની મનુષ્યો જીવહિંસાને વિઘ્નોની શાન્તિસારૂ કરેછે, તો પણ તે હિંસા તેને સર્વ સુખોના વિનાશ માટેજ થાયછે અને કેટલાક લોકો અંધ પરંપરાને અનુસરી આ કુલાચાર છે એમ જાણી હિંસા કરેછે પરંતુ તે હિંસા તેના કુળનુંજ નિકન્દન કરેછે. ૧.

શાસ્ત્રોના અઘટિત અર્થ બતાવનારને શિક્ષા.

प्रमाणीकृत्य शास्त्राणि, यैर्वधः क्रियतेऽधमैः ।
सह्यते परलोके तैः, श्वभ्रे शूलाधिरोहणम् ॥ २ ॥

एतौ कस्यापि.

શાસ્ત્રોનું પ્રમાણ આપીને નીચ એવા જે પુરૂષોથી પ્રાણીનો વધ કરાય છે તે લોકોથી પરલોકમાં (યમપુરીના) ખાડામાં શૂલઉપર ચડવાનું મહા સંકટ ભોગવાય છે એટલે જેવી રીતે પ્રાણીઓની હિંસા કરી છે તેવી રીતે પોતાને તે પીડા ભોગવવી પડેછે. ૨.

માંસાહારીને પરલોકમાં થતું દુઃખ.

उपजाति (३-४).

मांसान्यशित्वा विविधानि मर्त्यो, यो निर्दयात्मा नरकं प्रयाति ।
निकृत्य शस्त्रेण परैर्निकृष्टैः, प्रखाद्यते मांसमसौ स्वकीयम् ॥ ३ ॥

નિર્દય આત્માવાળો જે મનુષ્ય વિવિધ પ્રકારનાં માંસોનું ભક્ષણ કરી નરકમાં જાયછે, ત્યાં નિર્દય એવા યમના દૂતો શસ્ત્રવડે કાપીને આ માંસાહારી મનુષ્યને તેનું પોતાનું માંસજ ખવરાવેછે. ૩,

હિંસક પ્રાણીકરતાં મનુષ્યો વધારે હિંસક છે.

निवेद्य सत्वेष्वपदोषभावं, येऽश्नति पापाः पिशितानि गृध्राः ।
तैः कारितोऽत्रीव वधः समस्तस्तेभ्यो वको नास्ति विहिंसकोऽपि ॥४॥

सुभाषितरत्नसन्दोह.

પ્રાણીઓનું માંસ ખાવામાં દોષ નથી એમ બતાવીને ગૃધ્ર (ગરજાડા) તુલ્ય જે પાપી લોકો માંસનું ભક્ષણ કરેછે. તેઓએ અત્યંત સર્વરીતે પ્રાણીઓનો વધ કરાવ્યો છે અને તે હિંસક પુરૂષો કરતાં બગલો પણ વિશેષ હિંસક નથી અર્થાત્ બગલો તો અજ્ઞાની પ્રાણી છે અને આ મનુષ્યો તો જ્ઞાનનો આડંબર ધરાવે છે તેથી વિશેષ શિક્ષાને પાત્ર થાયછે. ૪.

પ્રાણીનો વધ કરવો, તેજ અધર્મ.

मालिनी.

स कमलवनमग्नेर्वासरं भास्वदस्ता-
दमृतमुरगवक्त्रात्साधुवादं विवादात् ।
रुगपगममजीर्णाज्जीवितं कालकूटा-
दभिलषति वधाद्यः प्राणिनां धर्ममिच्छेत् ॥ ५ ॥

જે મનુષ્ય પ્રાણીઓના હણવાથી ધર્મની ઇચ્છા રાખે છે, તે અગ્નિ પાસેથી કમળ વન (જોવાને) ઇચ્છે છે, સૂર્યાસ્ત થયા પછી પ્રભાતની ઇચ્છા રાખે છે, સર્પના મુખમાંથી અમૃતની ઇચ્છા રાખેછે, કલેશમાંથી ઉત્તમ કીર્ત્તિ મેળવવાને ઇચ્છે છે, અજીર્ણમાંથી નીરોગતા ઇચ્છે છે, અને કાળકૂટ ઝેરમાંથી (પોતાની) જીંદગીનો બચાવ ઇચ્છે છે.

સારાંશ—ઉપરના દષ્ટાંતથી સમજાયું હશે કે અશક્ય વસ્તુ શક્ય થઇ શકે નહિ, તેમ પ્રાણી વધથી ધર્મ હોઇ શકે નહિ. ૫.

તથા—

शिखरिणी.

यदि ग्रावा तोये तरति तरणिर्यद्युदयति,
प्रतीच्यां सप्तार्चिर्यदि भजति शैत्यं कथमपि ।

यदि क्ष्मापीठं स्यादुपरि सकलस्यापि जगतः,
प्रसूते सत्त्वानां तदपि न वधः क्वापि सुकृतम् ॥ ६ ॥
सिन्दूरप्रकर.

જો પાણીમાં પત્થર તરે, સૂર્ય પશ્ચિમ દિશામાં ઉદય પામે, અગ્નિ ઠંડો (બરફ) થાય, ભૂમંડળ આખા જગત્‌ની ઉપર (અધર લટકતું) રહે, તો પણ પ્રાણીની હિંસા કોઇ કાળે પુણ્યદાયક બની શકે નહિ. (અર્થાત્ પત્થર વિગેરે પાણીમાં તરી શકે નહિ. કદાચ દૈવબળથી તરી શકે, એટલે અશક્ય શક્ય થાય, પણ જીવહિંસા ધર્મરૂપ બને નહિ.) ૬.

હિંસાથી મનુષ્યને હાનિજ છે પણ લાભ નથી તેમજ અભક્ષ્યભક્ષણમાં પણ દોષ રહેલો છે તેતરફ આ હિંસાફળ અધિકાર લઇને ધ્યાન ખેંચવામાં આવ્યું છે.

अभक्ष्यदोष–अधिकार.

ભૂતળમાં જે પદાર્થો અભક્ષ્ય (ભક્ષણ ન કરવા યોગ્ય) છે તેનો સુજ્ઞ પુરૂષે ત્યાગ કરવો જોઇએ. કારણકે તે અમેધ્ય (અપવિત્ર) પદાર્થોના ભક્ષણથી મનુષ્ય બન્ને લોકના સુખથી ભ્રષ્ટ થાયછે. એટલે અહીં પણ રોગ વિગેરેથી પીડા પામેછે અને મરણ પછી પણ અનેક નરકની પીડાઓ ભોગવેછે. માટે તે સંકટોમાંથી બચવું હોય તો આ અધિકારમાં દર્શાવેલાં કંદમૂળ, શાક આદિનો ત્યાગ કરવો ઇત્યાદિ બાબત જરૂર જ્ઞાતવ્ય હોવાથી આ અધિકારનો ઉલ્લેખ કરવામાં આવેછે.

ગળીનું વાવેતર કરનાર તથા મૂળાનું ભક્ષણ કરનારને દોષ.

अनुष्टुप् (१ थी ५).

नीलिकां वापयेद्यस्तु, मूलकम्भक्षयेत्तु यः ।
न तस्य नरकोत्तारो, यावदाभूतसम्प्लवम् ॥ १ ॥

જે મનુષ્ય (પોતાના ક્ષેત્રમાં અગર બીજાના ક્ષેત્રમાં) ગળીનું વાવેતર કરે અને મળીનું ભક્ષણ કરે તે મનુષ્યનો નરકમાંથી ઉદ્ધાર જ્યાંસુધી આ સમગ્ર ભૂત પ્રાણીમાત્રનો પ્રલય થાય ત્યાંસુધી પણ થતો નથી. ૧.

કઇ જાતનાં શાક તથા ફળ વગેરેનું ભક્ષણ ન કરવું ?

दन्तोच्छिष्टं वर्जनीयं, पक्वं बिल्वफलं तथा ।
दिनोषितं दधि चैव, मेघनादस्य नालिका ॥ २ ॥

દન્તોચ્છિષ્ટ (એટલે પક્ષી વગેરેની ચાંચ અથવા દાંતથી અજીઠું કરેલ) ફળ, તેમ પાકેલું બીલું અને એક દિવસ રહી ખાટું થઇ ગયેલું દહીં અને મેઘનાદ (ચોમાસામાં જે પૃથ્વીમાંથી છત્રીને આકારે ઉગી નિકળેછે જેને કેટલાક દેશમાં મીંદડીની બળી તથા કોઇ દેશમાં કાગડાની છત્રી કહેછે તે) ની ટોપી તથા નાળ આ સર્વ પદાર્થોનો ત્યાગ કરવો. એટલે ખાવા નહિ. ૨.

શ્રીહરિભગવાન્ કોનાથી દૂર રહેછે?

वृन्ताकं च कलिङ्गश्च, दग्धधान्यं मसूरिका ।
उदरे यस्य तिष्ठन्ति, तस्य दूरतरो हरिः ॥ ३ ॥

पुराण.

જે મનુષ્યના ઉદરમાં રીંગણું, કલિંગફળ (તરબુચ), બળેલું અનાજ અને મસૂરની દાળ રહેછે (એટલે જે મનુષ્ય આ પદાર્થોનું ભક્ષણ કરેછે) તેનાથી શ્રીહરિભગવાન્ દૂર રહેછે. ૩.

માંસભક્ષણ સમાન કોને કોને કહેવાં?

उदुम्बरं भवेन्मांसं, मांसं तोयमवस्त्रकम् ।
चर्मवारि भवेन्मांसं, मांसं च निशि भोजनम् ॥ ४ ॥

ઉંબરાનું ફળ માંસતુલ્ય છે, વસ્ત્રથી ન ગાળેલું પાણી માંસસમાન છે, ચર્મ (ચામડાની બોખ વગેરે) નું પાણી માંસરૂપ છે અને રાત્રિએ ભોજન કરવું તે પણ માંસતુલ્ય છે. ૪.

આ સિવાયના બીજા અભક્ષ્ય પદાર્થો દર્શાવેછે.

रसोनं गृञ्जनं चैव, पलाण्डुः पिण्डमूलकम् ।
मत्स्या मांसं सुरा चैव, मूलकं च विशेषतः ॥ ५ ॥

तत्त्वनिर्णयप्रासाद.

લશુન, *ગૃંજન (ધોળા ગાંઠાવાળી એક પ્રકારની ડુંગળી, અથવા ગાજર) લાલ ડુંગળી, પિંડમૂલક (એક જાતનું ગાજર), માછલાં, માંસ, દારૂ અને કંદમૂળ આ બધાં પદાર્થો વિશેષેકરીને અભક્ષ્ય (ભક્ષણ ન કરવા યોગ્ય) છે. ૫.

માંસતુલ્ય દોષવાળાં બીજાં ફળ તથા શાક.

वसन्ततिलका.

अज्ञातकं फलमशोधितपत्रशाकं,
पूगीफलानि सकलानि च हट्टचूर्णम् ।
मालिन्यसर्पिरपरीक्षकमानुषाणा–
मेतद्भवन्ति नितरां किल मांसदोषाः ॥ ६ ॥

चातुर्मासिक व्याख्यान.

જે ફળ અજ્ઞાત (અજાણ્યું) છે અને જેનાં પત્ર (પાનડાં) શુદ્ધ કરવામાં નથી આવ્યાં એવું શાક, આખાં સોપારી અને બજારના હાટમાંથી આણેલ તમામ (હળદર લોટ હવેજ વિગેરે) ચૂર્ણ (ભુકો) (કારણકે હાટમાં બરોબર જંતુઓનું નિઃસારણ કરી ચૂર્ણ તૈયાર કરતા નથી પરંતુ તેમાં ધનેડાં વિગેરે જંતુઓનો ક્ચ્ચરઘાણ થાયછે માટે તે ચૂર્ણ) અને પરીક્ષા ન કરનાર મનુષ્યોનું મેલું ઘી, આ બધાનું ભક્ષણ કરવામાં આવે તો તે સમગ્ર માંસસમાન દોષ (પાપ) ને હમેશાં ઉત્પન્ન કરેછે. ૬.

અધમ વસ્તુનું ભક્ષણ ન કરવું એમ બતાવી આ **અભક્ષ્યદોષ—અધિકાર** પૂર્ણ કરવામાં આવેછે.

---

* દશ પ્રકારની ડુંગળીના ભેદ ગણાવતાં—અમરકોષની ટીકામાં કહ્યું છે કે—"श्वेतकन्दः पलाण्डुविशेषो गृञ्जनम्"–"गन्धाकृतिरसैस्तुल्यो गृञ्जनस्तु पलाण्डुना । दीर्घनालाग्रपत्रत्वाद्भिद्यतेऽसौ पलाण्डुना." જે શ્વેત કન્દ ડુંગળીનો હોયછે તે ગૃંજન કહેવાય છે, એટલે તે ગંધ, આકાર અને રસથી ડુંગળી સમાન છે પરંતુ તેનાં પાંનડાં અને નાલનો અગ્રભાગ ડુંગળીથી વિલક્ષણ હોયછે તેથી તેને ગૃંજન કહે છે—

रात्रिभोजन-अधिकार.

રાત્રિ ભોજન પણ એક જાતનું અભક્ષ્ય છે અને તેમાટે બ્રાહ્મણધર્મના શાસ્ત્રોમાં પણ એક દિવસમાં એક વખત જમવાનું કહેલ છે. માટે તેમાંથી પણ સિદ્ધ થાયછે કે રાત્રિદિવસમાં એક વખતજ ભોજન કરી શકાય. તેથી પોતાની મેળે રાત્રિભોજનનો નિષેધ પ્રાપ્ત થાયછે. તેમ આ રાત્રિભોજનમાં બીજાં પણ કેટલાંક પ્રત્યક્ષ સંકટો પ્રાપ્ત થાયછે અને તે મનુષ્યના શરીરને મરણની દશામાં આણેછે જેથી પણ રાત્રિભોજનનો ત્યાગ કરવો ઉચિત છે. આ બાબત સુસ્પષ્ટ સમજાવવા સારૂ આ અધિકારનો આરંભ કરવામાં આવેછે.

સૂર્યાસ્ત થયા બાદ જળ અને અન્નનું સ્વરૂપ.

अनुष्टुप् (१ थी ११.)

अस्तङ्गते दिवानाथे, आपो रुधिरमुच्यते ।
अन्नं मांससमम्प्रोक्तम्मार्कण्डेन महर्षिणा ॥ १ ॥

સૂર્ય અસ્ત થયા પછી પાણી રૂધિરતુલ્ય અને અન્નને માંસસમાન માર્કંડ નામના મહર્ષિએ કહેલ છે. ૧.

રાત્રિએ અન્ન તથા પાણીનો નિષેધ.

रक्तीभवन्ति तोयानि, अन्नानि पिशितानि च ।
रात्रौ भोजनसक्तस्य, ग्रासे तन्मांसभक्षणम् ॥ २ ॥

पुराण.

ઉપર મુજબ માર્કંડ ઋષિના મતપ્રમાણે પાણી રૂધિર તુલ્ય થઇ જાયછે અને અનાજ માંસસમાન થઇ જાયછે તેથી રાત્રિમાં ભોજન કરનાર મનુષ્યને કોળીયે કોળીયે તે માંસભક્ષણનું પાપ લાગેછે. ૨.

રાત્રિમાં ભોજન કરવાથી થતી હાનિ.

मेधान्पिपीलिका हन्ति, यूका कुर्याज्जलोदरम् ।
कुरुते मक्षिका वान्तिं, कुष्ठरोगञ्च कोलिका ॥ ३ ॥

રાત્રિ ભોજન કરતાં જો કીડી ખવાઇ જાય તો મનુષ્યની બુદ્ધિનો નાશ કરેછે, યૂકા (જુ) ખવાઇ જાય તો તે જલોદર નામના રોગને કરેછે, માંખી ખવાઇ જાય તો ઓકાવે છે અને કરોળીયો ખવાઇ જાય તો કોઢ ઉત્પન્ન કરેછે. ૩.

વળી—

कण्टको दारुखण्डश्च, वितनोति गलव्यथाम् ।
व्यञ्जनान्तर्निपतितस्तालु विध्यति वृश्चिकः ॥ ४ ॥

કાંટો કે લાકડાનો કટકો ખવાઇ જાય તો તે ગળામાં પીડા કરેછે અને વખતે શાક વિગેરેમાં ઉપરથી પડી ગયેલો વીંછી આવી જાય તો તાળવું વીંધી નાખે છે. ૪.

તથા—

विलग्नश्च गले वालः, स्वरभङ्गाय जायते ।
इत्यादयो दृष्टदोषाः, सर्वेषान्निशि भोजने ॥ ५ ॥

વખતે ગળામાં વાળ (કેશ) ચોટી જાય તો તે સ્વરનો ભંગ કરેછે, આ પ્રમાણે સર્વ મનુષ્યોને રાત્રિભોજન કરવાથી પ્રત્યક્ષ દોષો ઉદ્ભવેછે તે માટે રાત્રિભોજનનો ત્યાગ કરવો. ૫.

મદિરા વગેરેના સેવનથી પુણ્યનો ક્ષય થાયછે.

मद्यमांसाशनं रात्रौ, भोजनं कन्दभक्षणम् ।
ये कुर्वन्ति वृथा तेषां, तीर्थयात्रा जपस्तपः ॥ ६ ॥

જે લોકો મદિરાપાન, માંસભક્ષણ, રાત્રિભોજન અને (નિષિદ્ધ એવા) કંદોનું ભક્ષણ કરેછે તેઓની તીર્થયાત્રા, જપ તથા તપ વૃથા થાયછે. ૬.

રાત્રિભોજન કરનાર મનુષ્યોનો પુનર્જન્મ કઇ યોનિમાં થાયછે ?

उलूककाकमार्जारगृध्रशम्बरशूकराः ।
अहिवृश्चिकगोधाद्या, जायन्ते निशि भोजनात् ॥ ७ ॥

મનુષ્યો રાત્રિમાં ભોજન કરવાથી. પુનર્જન્મમાં ઘૂડ, કાગડો, મીંદડો, ગરજડું, શાબર, ડુક્કર, સર્પ, વીંછી અને ઘો વિગેરેના અવતારને ગ્રહણ કરેછે. ૭.

ચાતુર્માસ (ચોમાસા) માં રાત્રિભોજનનો વિશેષ નિષેધ જણાવેછે.

चातुर्मास्ये तु सम्प्राप्ते, रात्रिभोज्यं करोति यः ।
तस्य शुद्धिर्न विद्येत, चान्द्रायणशतैरपि ॥ ८ ॥

जैनतत्त्वादर्श.

ચાતુર્માસ (ચોમાસું) બેઠા પછી જે મનુષ્ય રાત્રિ વખતે ભોજન કરે છે, તે મનુષ્યની શુદ્ધિ સેંકડો ચાંદ્રાયણ વ્રત કરવાથી પણ થતી નથી. ૮.

રાજા ધર્મને એક મુનિ કહેછે કે—

नोदकमपि पातव्यं, रात्रावत्र युधिष्ठिर ।
तपस्विना विशेषण, गृहिणा च विवेकिना ॥ ९ ॥

હે રાજા યુધિષ્ઠિર! તપસ્વી પુરૂષે વિશેષે કરીને રાત્રિમાં પાણી પણ ન પીવું અને વિવેકી (જ્ઞાની) એવા ગૃહસ્થ પુરૂષે પણ પાણી ન પીવું. ૯.

રાત્રિભોજન ન કરવાની યુક્તિ જણાવેછે.

मृते स्वजनमात्रेऽपि, सूतकं जायते किल ।
अस्तं गते दिवानाथे, भोजनं क्रियते कथम् ॥ १० ॥

માત્ર કુટુંબમાં એક મનુષ્યજ મરણ પામતાં પણ નક્કી સૂતક પ્રાપ્ત થાયછે તો દિવસના નાથ સૂર્યદેવ અસ્ત પામતાં કેમ ભોજન કરાય? ૧૦.

રાત્રિમાં બીજું પણ શું શું કર્તવ્ય નિષિદ્ધ છે? તે જણાવેછે.

नैवाहुतिर्न च स्नानन्न श्राद्धं देवतार्चनम् ।
दानं वा विहितं रात्रौ, भोजनन्तु विशेषतः ॥ ११ ॥

રાત્રિ વખતે અગ્નિમાં આહુતિ, સ્નાન, પિતૃઓનું શ્રાદ્ધ, અને દેવતાઓનું પૂજન ન કરવું અને દાન કરવાનો વિકલ્પ છે (એટલે કેટલાંક પદાર્થોનું દાન અપાય છે અને કેટલાંકનું દાન નથી અપાતું) અને ભોજનનો તો વિશેષે કરી નિષેધ છે (આમ પુરાણોમાં પણ કહેલ છે). ૧૧.

વિદ્વાન્ પુરૂષો કયા ભોજનનો ત્યાગ કરેછે?

आर्य्या.

अविशुद्धं ह्यपवित्रं, प्रेतोच्छिष्टं सदा च सावद्यम् ।
विषमिव विनिपातकरं, निशि भुक्तं वर्जयन्ति बुधाः ॥ १२ ॥

पुराण.

(જંતુ વિગેરેથી) જે અશુદ્ધ છે, (કોઇનું એઠું અથવા ડુંગળી વિગેરે) જે અપવિત્ર છે અને જે પ્રેત (મરેલા મનુષ્યની ઉર્ધ્વક્રિયા) નું એઠું છે અથવા જે સદા અમંગળ (પાપ) કારી છે અને જે અન્ન ઝેરની માફક એટલે ઝેર જેમ ભક્ષણ કરનારના પ્રાણનું હરણ કરેછે તેમ મનુષ્યને નરકમાં નાખનાર છે તે અન્નને તથા રાત્રિના ભોજનને વિદ્વાન્ પુરૂષો છોડી દેછે. ૧૨.

રાત્રિએ ભોજન કરવાથી ઘણી રીતે હાનિ છે એમ દર્શાવી આ રાત્રિભોજન અધિકાર પૂર્ણ કરવામાં આવે છે.

राज्यभोजनफल-अधिकार.

પૂર્વ અધિકારમાં રાત્રિભોજનનો જ્યારે નિષેધ કર્યો ત્યારે રાત્રિએ ભોજન ન કરનારને શું ફળ મળે છે? તે બાબત જાણવાની અવશેષ રહેછે, માટે તે બાબત સમજાવવાસારૂ આ અધિકારનો આરંભ કરવામાં આવે છે.

રાત્રિભોજન ન કરનારને અરધી અવસ્થાના ઉપવાસનું ફળ મળેછે.

अनुष्टुप् (१-२).

करोति विरतिं धन्यो, यः सदा निशि भोजनात् ।
पुरुषस्यायुषा सोऽर्धं, स्यादवस्थामुपोषितः ॥ १ ॥

જે મનુષ્ય સદા રાત્રિભોજનથી વિરામને પામે છે એટલે રાત્રે ભોજન કરતો નથી તે મનુષ્યે પુરૂષની આયુષથી અર્ધ અવસ્થામાં ઉપવાસજ કર્યા છે એમ જાણવું. એટલે રાત્રિ વખતે ભોજન ન કરનારને અર્ધ અવસ્થાના ઉપવાસનું ફળ મળે છે એવો ભાવ છે. ૧.

વળી પણ—

ये रात्रौ सर्वदाहारं, वर्जयन्ति सुमेधसः ।
तेषां पक्षोपवासस्य, फलं मासेन जायते ॥ २ ॥

पुराण.

ઉત્તમ બુદ્ધિવાળા જે પુરૂષો રાત્રિ વખતે સદા આહાર (ભોજન) નો ત્યાગ કરેછે તેઓને (રાત્રિ વખતે ભોજન ન કરવાથી) હમેશ એક એક પક્ષ (પખવાડીયા) ના ઉપવાસનું ફળ પ્રાપ્ત થાયછે. ૨.

રાત્રિએ ભોજન નહિ કરવાથી ઉત્તમ ફળ મળે છે તેમજ માંસભક્ષણ પણ નહિ કરવું તે સમજુતી આપી આ અધિકાર પૂર્ણ કરવામાં આવેછે.

मांसनिषेध–अधिकार.

હવે મહાન્ અભક્ષ્ય જે માંસ તેનું વર્ણન કરતાં કહે છે કે હિંસા વિગેરે મહાપાપોનું મૂળ, માંસભક્ષણ કરવાની ઇચ્છા છે પરંતુ એ ઇચ્છાને અનુસરવું એ કેટલું ભયંકર અને શાસ્ત્રનિષિદ્ધ છે તે બાબતમાં મનુજી ફરમાવે છે કે—

सर्वेषामेव मांसानां, महान्दोषस्तु भक्षणे ।
निवर्तने महत्पुण्यमिति प्राह प्रजापतिः ॥

मनुस्मृति अ. ५.

સર્વ પ્રકારનાં માંસનું ભક્ષણ કરવામાં મહાન્ દોષ છે અને માંસભક્ષણથી નિવૃત્ત રહેવામાં મોટું પુણ્ય છે, આમ પ્રજાપતિનું કહેવું છે. માટે માંસભક્ષણ સર્વ રીતે નિંદ્ય છે, તેમને અંગે કેવાં કેવાં મહાપાપો રહેલાં છે, કે જેથી વિધિવાક્યો વેદધર્મશાસ્ત્રનાં છે તેમનો પણ લોપ થાયછે. अकृत्वा प्राणिनां हिंसां मांसन्नोत्पद्यते क्वचित् ॥ પ્રાણીની હિંસા કર્યા વગર માંસ પ્રાપ્ત થતુંજ નથી અને જો ગ્રહણ કરેછે તો હિંસા લબ્ધ થાયછે જેથી ઉપનિષદ્‌માં मा हिंस्यात्सर्वभूतानि કોઇ પણ પ્રાણીની હિંસા કરવી નહિ એમ કહ્યું છે અને ધર્મશાસ્ત્રમાં પણ अहिंसा परमो धर्मः અહિંસા છે તેજ સર્વોત્કૃષ્ટ ધર્મ છે એમ કહ્યું છે તે વાકયોનો લોપ થાયછે. લૌકિક રીતિમાં પણ પોતાનો આત્મા સર્વ કોઇને પ્રિય હોયછે તો જો આપણને શરીરે વ્યથા થાયછે તો કેવું દુઃખ થાયછે તો આ તો પ્રાણથી મુક્ત થાવું તે દુઃખ કેવું થતું હશે? તે તેમને થાયછે તેમ નથી પણ તેજ ગતિ તેમની (ભક્ષણ કરનારની) પણ છે. કારણકે માંસ

શબ્દનો અર્થ એવો છે કે માં સઃ મને તે ખાશે એ અર્થનો જો ભાવ સમજે તો બુદ્ધિમાન્ કદાપિ તે કામ નજ કરે, કદાપિ પોતે ન ખાય પણ બીજાઓને અનુમોદન આપતો હોય તો તે પણ મહાપાપી ગણાયછે. મનુસ્મૃતિના અધ્યાય પાંચમામાં કહ્યું છે કે :—

अनुमन्ता विशसिता, निहन्ता क्रयविक्रयी ।
संस्कर्ता चोपहर्ता च, खादकश्चेति घातकाः ॥

અનુમંતા-અનુમોદન કરનારો, કાતર વિગેરે હથીઆરવતી પશુનાં અંગો કાપનારો, પ્રાણને છુટાં પાડનારો, વેચાતું લેનારો, વેચનારો, (હિંસકો સાથે લેવડદેવડ-વેપાર કરનારો), રાંધનારો, પીરસનારો અને ખાનારો આ સર્વે ઘાતક (મારનારા) ગણાયછે માટે પોતાનું હિત ઇચ્છનારાઓએ તેનાથી ઘણુંજ સાવચેત રહેવું જોઇએ. ન ચેતનારાઓની શું ગતિ થાયછે? તે આ અધિકારમાં દર્શાવાય છે.

માંસાશી હોય તેજ કીડારૂપ સમજવો.

अनुष्टुप् (१थी २१).

शुक्रशोणितसम्भूतं, विष्ठारसविवर्धितम् ।
लोहितं स्त्यानतामासं, कोऽश्नीयादकृमिः पलम् ॥ १ ॥

વીર્ય તથા લોહીના રસથી ઉત્પન્ન થયેલું, વિષ્ઠાના રસથી વધેલું, આંતરડાં તથા શિરા (નસો) થી વીંટાયેલું (અથવા ત્રસ જીવોનું પ્રિય) લાલ એવું માંસ તેને કીડા વિના કોણ ખાય? (અર્થાત્ માંસભક્ષી મનુષ્યમાં ને કીડામાં ફરક ન જાણવો). ૧.

નરકનું ભાતું.

सद्यः सम्मूर्च्छितानन्तजन्तुसन्तानदूषितम् ।
नरकाध्वनि पाथेयं, कोऽश्नीयात्पिशितं सुधीः ॥ २ ॥

તત્કાલ ઉત્પન્ન થયેલાં અનેક સમુર્ચ્છિમ પ્રાણિનાં કુળોવડે દૂષિત અથવા જે પ્રાણીનું મૃત્યુ થાયછે તેમની જાતિનાં પ્રાણિઓને-સંતાનોને તુરત મૂર્છના આવવાથી તેમના ખેદના કારણ ભૂત અને નરકના રસ્તાના ભાતારૂપ માંસને બુદ્ધિશાળી કોણ ખાય? કોઇજ નહિ. (આમાં પ્રત્યક્ષ પ્રમાણ એ છે

કે કાગડા આદિ પક્ષીનું મૃત્યુ થાયછે ત્યારે તેમની જાતિ પણ કેંવો શોરબકોર કરેછે. એ શોરબકોરમાં તે પક્ષીઓને ઓછું દુઃખ થતું નથી). ૨.

કુતરો કોને જાણવો?

वने निरपराधानां, वायुतोयतृणाशिनाम् ।
निघ्नन्मृगाणां मांसार्थी, विशिष्येत कथं शुनः ॥ ३ ॥

एते कस्यापि.

જંગલમાં વાયુ, પાણી અને ઘાસ ખાનારાં નિરપરાધી મૃગલાં (હરિણ, સસલાં વિગેરે પશુઓ) ને માંસને માટે મારનારો શું કુતરાથી વધે? (અર્થાત તેજ કુતરો સમજવો). ૩.

દેવતાઓને હાસ્યનું કારણ શું?

शुक्रशोणितसम्भूतम्मांसं यः खादते नरः ।
जलेन कुरुते शौचं, हसन्ते तत्र देवताः ॥ ४ ॥

જે વીર્ય અને રૂધિરથી ઉત્પન્ન થયેલું માંસ ખાયછે અને ઉપરથી દિશાજંગલ જઇને પાણીથી શૌચ (શુદ્ધિ) કરેછે તે વખતે દેવતાઓ હસે છે (કે જે પેટમાં જવાથી દોષ નથી ગણાતા અને બહારને માટે પવિત્રતા રાખેછે). ૪.

આ વિષય મહાભારતાદિમાં પણ ઘણો વર્ણવેલ છે અને તેમાં લખેછે કે માંસાહારી નરકમાં દુઃખી થાયછે.

यावन्ति पशुरोमाणि, पशुगात्रेषु भारत ।
तावद्वर्षसहस्राणि, पच्यन्ते नारका जनाः ॥ ५ ॥

હે ભારત! (અર્જુન!) માંસને માટે જે પ્રશુઓ મારવામાં આવ્યાં હોય તે પંશુઓના શરીરમાં જેટલાં રૂવાડાં હોય તેટલા હજાર વર્ષપર્યન્ત નારકીજીવો દુઃખી રહે છે એમ શ્રીકૃષ્ણે અર્જુન પ્રતિ કહ્યું છે. ૫.

માંસાશીનું સર્વ વ્યર્થ છે.

किञ्जापहोमनियमैस्तीर्थस्नानैश्च भारत ।
यदि खादति मांसानि, सर्वमेतन्निरर्थकम् ॥ ६ ॥

હે અર્જુન! જે માંસ ખાતો હોય તેને જપ, હોમ, નિયમ, (વ્રત ઉપવાસાદિ) અને તીર્થસ્નાનથી શું ફળ છે? એ સઘળું નકામું છે. ૬.

તથા—

किं लिङ्गवेषग्रहणैः, किं शिरस्तुण्डमुण्डनैः ।
यदि खादति मांसानि, सर्वमेतन्निरर्थकम् ॥ ७ ॥

જે માંસ ખાયછે તો ચિન્હ (સાધુ વિગેરે થાવું તે) અને વેષ (ભગવાં વસ્ત્રાદિ) ધારણ કરવાથી પણ શું? માથું મુંડાવવું અને મૂછ, ડાઢી વિગેરેમાં વાળ ન રાખવા મુંડા (રહેવું) તેથી પણ શું? એ તમામ નિરર્થક છે. ૭.

અંધપરંપરા નરકમાં નાખેછે.

दीक्षितो ब्राह्मणश्चैव, यस्तु मांसम्प्रभक्षयेत् ।
व्यक्तं स नरके याति, ह्यधर्मः पापप्रेरितः ॥ ८ ॥

અધર્મરૂપ (ધર્મથી રહિત) અને પાપથી પ્રેરાયેલો જે કોઇ દીક્ષિત બ્રાહ્મણ (યજ્ઞાદિ કર્મોનો ખરો ઉદ્દેશ ન જાણતાં દીક્ષા લઇને હિંસાત્મક કર્મો કરી) માંસ ભક્ષણ કરે છે તો તે અવશ્ય નરકમાં જાયછે. ૮.

માંસ દુષ્કર્મોની વૃદ્ધિ કરનારૂં છે.

हिंसाप्रवर्धकम्मांसमधर्म्मस्य विवर्धनम् ।
दुःखस्योत्पादकम्मांसं, तस्मान्मांसं न भक्षयेत् ॥ ९ ॥

માંસ છે તે હિંસાની વૃદ્ધિ કરનારૂં છે (તેના ખાવાથી જ્યારે ન મળે ત્યારે તે મેળવવા માટે પોતાથી અથવા લાવનારને ઉત્તેજન મળવાથી હિંસાની વૃદ્ધિ થાય છે) અધર્મની વિશેષ (નીચસંગતિ આદિથી) વૃદ્ધિ કરેછે અને દુઃખની ઉત્પત્તિ કરનારૂં પણ માંસ છે માટે માંસ ખાવું નહિ. ૯.

દુઃખદાયક વાસ.

स्वमांसम्परमांसेन, यो वर्धयितुमिच्छति ।
उद्विग्नं लभते वासं, यत्र यत्रोपजायते ॥ १० ॥

જે પોતાના માંસને બીજાના માંસથી વધારવા ઇચ્છે તે જેજે જગાએ જાય ત્યાં સર્વત્ર ઉદ્વિગ્નવાસ (ભયવાળું સ્થાન) પામે છે (તે જે સ્થળે જાય ત્યાં તેને ભયજ થાયછે). ૧૦.

દુષ્ટકુળમાં જન્મ વગેરે દુઃખો.

अल्पायुषो दरिद्राश्च, परकर्म्मोपजीविनः ।
दुःकुलेषु प्रजायन्ते, ये नरा मांसभक्षकाः ॥ ११ ॥

જેઓ માંસભક્ષણ કરનારાઓ છે તેઓ અલ્પ આયુષવાળા, દરિદ્ર, બીજા મનુષ્યના આધારથી આજીવિકા ચલાવનારા (મજુરી કરનારા) અને નીચ કુળોમાં જન્મ લેનારા થાયછે. ૧૧.

મદ્યમાંસ વગેરેની નિત્ય દુષ્ટતા.

मद्ये मांसे च मधुनि, नवनीते तक्रवर्जिते ।
उत्पद्यन्त असङ्ख्यातास्तद्वर्णास्तत्र जन्तवः ॥ १२ ॥

મદ્યમાં, માંસમાં, મધમાં અને છાસવગરના માંખણમાં તેવાજ રંગના અસંખ્ય જીવો થાયછે. ૧૨.

મદ્યમાંસનું અતિ નીચત્વ.

एकतश्चतुरो वेदान्, ब्रह्मचर्यमथैकतः ।
एकतः सर्वपापानि, मद्यमांसन्तथैकतः ॥ १३ ॥

पुराण.

એક ત્રાજવામાં ચાર વેદોનું પુણ્ય અને બીજા ત્રાજવામાં બ્રહ્મચર્યનું પુણ્ય એઓ પરસ્પર તુલ્ય છે; તેપ્રમાણે એક ત્રાજવામાં સર્વ પાપો અને બીજા ત્રાજવામાં મદ્ય કે માંસનું ફળ એઓ પણ પરસ્પર તુલ્યતાવાળાં છે ૧૩.

માંસ શબ્દનો અર્થ.

मां स भक्षयिताऽमुत्र, यस्य मांसमिहाद्म्यहम् ।
एतन्मांसस्य मांसत्वं, निरुक्तं मनुरब्रवीत् ॥ १४ ॥

मनु.

જેનું માંસ અહિં હું ખાઉં છું તે અન્ય જન્મમાં મને ખાનારો છે આ માંસ શબ્દનો ખરો (માંસ પણાનો) અર્થ છે એમ મનુનું બોલવું છે. ૧૪.

મહાવિષભક્ષી કોણ?

ये भक्षयन्ति पिशितं, दिव्यभोज्येषु सत्स्वपि ।
सुधारसम्परित्यज्य, भुञ्जन्ते ते हलाहलम् ॥ १५ ॥

जैनतत्त्वादर्श.

જેઓ ઉત્તમ ખાવાના પદાર્થો હોવા છતાં માંસભક્ષણ કરેછે તે અમૃતરસને છોડીને કેવળ હલાહલ ઝેર પીએછે. ૧૫.

સર્વને પોતાનું માંસ દુર્લભ છે.

स्वमांसं दुर्लभं लोके, लक्षेणापि न लभ्यते ।
अल्पमूल्येन लभ्येत, पलम्परशरीरजम् ॥ १६ ॥

चातुर्मासिकव्याख्यान.

લોકમાં પોતાનું માંસ ઘણું દુર્લભ છે, લાખો ખરચતાં પણ મળતું નથી અને પારકા શરીરનું માંસ થોડી કિંમતે મળેછે, માટે જેમ પોતાનું માંસ દુર્લભ છે તેમજ બીજાં પ્રાણીઓને પણ તે પોતાનુંજ છે આમ વિચારીને તે છોડવું જોઇએ. ૧૬.

માંસઉપર દયાદૃષ્ટિ કેમ રાખી શકાય?

मांसं पुत्रोपमङ्कृत्वा, सर्वमांसानि वर्जयेत् ।
दयादानविशुध्यर्थमृषिभिर्वर्जितम्पुरा ॥ १७ ॥

માંસને પુત્ર સમાન ગણીને પહેલાં રૂષિ મુનિઓએ દયા અને દાનની શુદ્ધતાસારૂ વર્જિત કરેલું છે માટે અવશ્ય માંસનો ત્યાગ કરવો જોઇએ.

સારાંશ—હમેશાં પુત્ર ઉપર પ્રાણી માત્રને નિઃસીમ સ્નેહ હોય છે તેથી તેમનું સંરક્ષણ બહુજ સંભાળથી કરાયછે, તેમજ માંસનું રક્ષણ કરવું તેથી દયાની શુદ્ધિ અને એકને દાન અપાય અને બીજાનો જીવ લેવાતો હોય તો તે દાન વૃથા ગણાય માટે તે જીવને બચાવવો તેજ દાનની શુદ્ધિ ગણાય. ૧૭.

થોડું પણ માંસભક્ષણ ન કરવું.

तिलसर्षपमात्रन्तु, यो मांसम्भक्षयेन्नरः ।
स याति नरकं घोरं, यावच्चन्द्रदिवाकरौ ॥ १८ ॥

જે મનુષ્ય એક તિલ અથવા સર્ષપ જેટલું પણ માંસ ખાય તો તે જ્યાં સુધી સૂર્ય અને ચંદ્ર રહે ત્યાં સુધી ઘોર નરકમાં રહેછે. ૧૮.

માંસાશીનું સર્વ વ્યર્થ જાય છે–તે કોઇ રીતે પવિત્ર થતો નથી.

न गङ्गा न च केदारो, न प्रयागन्न पुष्करम् ।
न ज्ञानन्न च होमश्च, न तपो न जपक्रिया ॥ १९ ॥

न ध्यानञ्चैव च स्नानञ्च दानञ्चापि सत्क्रिया ।
सर्वे ते निष्फला यान्ति, यस्तु मांसम्प्रयच्छति ॥ २० ॥

જે માંસ આપેછે તેનાં ગંગાજી, કેદારનાથ, પ્રયાગરાજ, પુષ્કરરાજ- આદિમાં કરેલાં તીર્થસ્નાનો, જ્ઞાન, હોમ, તપ, જપાદિ ક્રિયા, ધ્યાન, સ્નાન, દાન, સત્ ક્રિયાદિ કર્મો જે કર્યાં હોય તે સમગ્ર વ્યર્થ જાયછે અને તેને કાંઇ પણ તે કર્મો કર્યાનું ફળ મળતું નથી તો પછી ખાનારાને માટે તો શુંજ કહેવું ? ૧૯–૨૦.

ત્રણ દેવના નિવાસનો નિર્ણય.

अस्थ्नि वसति रुद्रश्च, मांसे वसति केशवः ।
शुक्रे वसति ब्रह्मा च, तस्मान्मांसन्न भक्षयेत् ॥ २१ ॥

पुराण.

હાડકાંમાં રૂદ્ર વસેછે, માંસમાં કેશવ વસેછે, વીર્યમાં બ્રહ્મા વસેછે માટે દેવમય હોવાથી માંસ ન ખાવું.

સારાંશ—બ્રહ્મા ઉત્પાદક શક્તિ છે જેથી વીર્યમાં તેમનું આધિપત્ય હોવું જોઇએ વિષ્ણુ તે પોષક શક્તિ છે જેથી પ્રાણીઓનું પોષક માંસ છે, જો શરીરમાં માંસ ઓછું થાય તો જીવિતની ધાસ્તી રહે માટે તેમાં આધિ- પત્ય વિષ્ણુનું છે અને સર્વના નિયામક શક્તિ તે શંકર છે જેથી શરીરનું સર્વ રીતે સંરક્ષણ કરનારો હાડકાંનો ભાગ છે માટેજ તેમાં રૂદ્રનું આધિપત્ય ઘટે છે. ૨૧.

उपजाति (२२ थी ३०).

तनूद्भवं मांसमदन्नमेध्यं, कृम्यालयं साधुजनप्रनिन्द्यम् ।
निस्त्रिंशचित्तो विनिकृष्टगन्धं शुनीविशेषं लभते कथन्न ॥ २२ ॥

સત્પુરૂષોએ નિંદવા લાયક, કીડાના નિવાસસ્થાન ભૂત, અયોગ્ય, (જોવાથી પણ ખેદ જનક) દુર્ગંધિવાળું, શરીરથી ઉદ્દભવેલું માંસ ખાનારો નિષ્ઠુર (ભાલાંજેવા) અન્તઃકરણવાળો શું કૂતરાની જાતિ ન ગણાય ? ગણાયજ. કારણકે તેવું માંસ કુતરો ખાય છે. આથી આમ સૂચવન છે કે જીવતાં પ્રાણીઓનું તો નહિ પણ મુએલાંઓનું પણ નિષિદ્ધ છે. ૨૨.

માંસાહારીને સદ્દગુણોની અપ્રાપ્તિ.

विद्यादयासंयमसत्यशौचध्यानव्रतज्ञानदमक्षमाद्याः ।
संसारनिस्तारनिमित्तभूताः, पलाशिनः सन्ति गुणा न सर्वे ॥ २३ ॥

સંસારમાંથી છુટવાના (મોક્ષના) કારણભૂત વિદ્યા, દયા, સંયમ, સત્ય, શૌચ, ધ્યાન, વ્રત, જ્ઞાન, દમ, ક્ષમા આદિ સમગ્ર ગુણો પલાશીને (માંસાશીને) હોતા નથી (તેમાં વિદ્યાદિ ગુણો વાસ કરતા નથી). ૨૩.

તથા—

चिरायुरारोग्यसुरूपकान्तिप्रीतिप्रतापप्रियवादिताद्याः ।
गुणा विनिन्द्यस्य सता नरस्य, मांसाशिनः सन्ति परत्र नेमे ॥ २४ ॥

સજ્જનથી નિંદિત માંસાશીને પુનર્જન્મમાં લાંબુ આયુષ, આરોગ્ય, સારૂંરૂપ, કાન્તિ, લોકોની તેમના પ્રત્યે પ્રીતિ, પ્રતાપ (સામર્થ્ય) અને વાણીમાં મધુરતા વિગેરે ગુણો હોતા નથી.

સારાંશ—તેઓ કાંતો વખતો વખત ગર્ભમાં આવીને પડી જાય, જન્મે તો રોગી રહે, તેમાં પણ કાણા-કુબડા-લુલા ઠુંઠા આદિ વિકૃતિવાળા હોય, નિસ્તેજ હોય, કોઇની તેમની તરફ પ્રીતિ ન હોય અને વાક્યથી પણ કાંણો ચોડો ને કરડકણો તેવા ઉદ્ભવે. ૨૪.

ધર્મરૂપી વૃક્ષનું નિર્મૂલન.

धर्मद्रुमस्यास्तमलस्य मूलं, निर्म्मूलमुन्मूलितमङ्गभाजाम् ।
शिवादिकल्याणफलप्रदस्य, मांसाशिना स्यान्न कथं नरेण ॥ २५ ॥

શું માંસભક્ષી પુરૂષે દેહધારીઓનું મોક્ષાદિ કલ્યાણફળપ્રદ શુદ્ધ ધર્મવૃક્ષનું મૂળ ઉખેડી નથી નાખ્યું? જે શરીરથી ધર્માચરણ કરી અનુક્રમે મોક્ષને પહોંચાય છે તે રસ્તો છોડી માંસાહાર કરે ત્યારે ત્યાં પહોંચવાની વકી રહીજ ક્યાં? કે જે ઝાડનું પોષણ કરવું જોઇયે તેમને બદલે તેમનું મૂળજ ઉખેડી નાખ્યું કે જેથી પાછું જન્મેજ નહિ. ૨૫.

માંસભક્ષણ, ઝેરકરતાં પણ દુઃખદાયક છે.

वरं विषम्भक्षितमुग्रदोषं, यदेकवारं कुरुतेऽसुनाशम् ।
मांसं महादुःखमनेकवारं, ददाति जग्धं मनसापि पुंसाम् ॥ २६ ॥

ઉગ્ર દોષયુક્ત ઝેર ખાધેલું સારૂં કે જે એક વારજ પ્રાણ નાશ કરે પરંતુ મનથી પણ ખવાયેલું માંસ અથવા માંસ ખાવાનો કરેલો વિચાર પણ મનુષ્યોને ચિરકાલ પર્યન્ત મહા દુઃખ આપેછે. ૨૬.

માંસભક્ષણથીજ જીવહિંસા થાયછે.

मांसाशनाज्जीववधानुमोदस्ततो भवेत्पापमनन्तमुग्रम् ।
ततो व्रजेद्दुर्गतिमुग्रदोषाम्मत्वेति मांसं परिवर्जनीयम् ॥ २७ ॥

માંસ ખાવાથી જીવવધમાં અનુમોદન (સંમતિ) થાય તેથી સીમાવગરનું મહાપાપ થાય અને તેનાથી તે માંસભક્ષણ કરનાર મનુષ્ય ઉગ્રદુર્ગતિને પામેછે. આમ વિચારીને માંસ છોડવા લાયક છે. ૨૭.

ભવારણ્યમાં ભ્રમણ.

मांसाशिनो नास्ति दयाऽसुभाजां, दयां विना नास्ति जनस्य पुण्यम् ।
पुण्यं विना याति दुरन्तदुःखं, संसारकान्तारमलभ्यपारम् ॥ २८ ॥

માંસાશીને પ્રાણીઓની દયા હોતી નથી, દયાવિના પુણ્ય થતું નથી, જ્યારે પુણ્ય ન હોય ત્યારે વારંવાર અતિશય દુઃખ આપનાર અને જેનો છેડો નથી આવતો એવા સંસારરૂપ ઘાટા જંગલમાં તે ભટકેછે. (વારંવાર દુઃખમય સંસારમાં પડેછે). ૨૮.

તથા—

पलादिनो नास्ति जनस्य पापं, वाचेति मांसाशिजनप्रभुत्वम् ।
ततो वधास्तित्वमतोऽघमस्मान्मिथ्यापवादी नरकम्प्रयाति ॥ २९ ॥

માંસભક્ષીને પાપ નથી આવી રીતે વાણીથી કહેતાં પણ તેઓનું પ્રભુત્વ (પ્રેરકપણું-તે કામ કરવામાં તેમને મદદગારતરીકે ગણાવાપણું) આવેછે તેથી વધની સાબિતી થાય, તેથી પાપ લાગે. આથી પોતે ભક્ષણ ન કરતો હોય છતાં કોઇને કહે કે માંસભક્ષણમાં દોષ નથી તો તે કહેનારો નરકમાં જાય છે. ૨૯.

માંસ ખાનારને સંસારભ્રમણ (જન્મમરણ).

अश्नाति यो मांसमसौ विधत्ते, वधानुमोदं त्रसदेहभाजाम् ।
गृह्णाति रेफांसि ततस्तपस्वी, ततो दुरन्तम्भवमेति जन्तुः ॥ ३० ॥

જે માણુસ માંસ ખાયછે, તે ત્રસજીવોના વધની અનુમતિ આપનારો થાયછે, તેવા માણુસ પાસેથી તપસ્વીજન દૂષિત આહારને ગ્રહણ કરેછે, તેથી તે જંતુ (અનુમોદન કરનાર માણુસ) તપસ્વી હોય તોપણ અનંત સંસારને પામેછે. ૩૧,

ચાંડાલાદિકથી પણ દુષ્ટ કોણ?

इन्द्रवज्रा.

यद्रक्तरेतोमलवार्यमङ्ग, मांसं तदुद्भूतमनिष्टगन्धम् ।
यद्यश्नुतेमेध्यसमं न दोषं, तर्हि श्वचण्डालवृका न दुष्टाः ॥ ३१ ॥

હે ભાઇ! જે મનુષ્ય લોહી, વીર્ય અને મળમૂત્રથી યુક્ત અને તેમાંથીજ બનેલું દુર્ગંધિવાળું માંસ દોષ વિના (દોષ ન માનતાં) પવિત્ર સમાન માનીને જો ખાય, તો તેને દુષ્ટ* માનવો પણ કુતરાં, ચાંડાલ નારડાં વિગેરેને દુષ્ટ ન માનવાં. કારણકે તે તો બિચારાં અજ્ઞાની છે. ૩૧.

સંસારનાં સમગ્ર દુઃખોનો ભોક્તા.

उपजाति.

दुःखानि यान्यत्र कुयोनिजानि, भवन्ति सर्वाणि नरस्य तानि ।
पलाशनेनेति विचिन्त्य सन्तस्त्यजन्ति मांसं त्रिविधेन नित्यम् ॥ ३२ ॥
सुभाषितरत्नसन्दोह.

જે અહિં દુષ્ટ યોનિમાં (કુગતિમાં) થતાં દુઃખો છે તે તમામ માંસભક્ષણથી મનુષ્યને થાય છે આમ વિચારીને સત્પુરૂષો મન, વાણી અને કાયાથી એમ ત્રણે પ્રકારે માંસનો ત્યાગ કરેછે. ૩૨.

મનુષ્યોનું ભૂલભરેલું કર્ત્તવ્ય.

शार्दूलविक्रीडित (३३ थी ३५).

हित्वा हारमुदारमौक्तिकमयं तैर्धार्यतेऽहिर्गले,
त्यक्त्वा क्षीरमनुष्णधामधवलं मूत्रं च तैः पीयते ।
मुक्त्वा चन्दनमिन्दुकुन्दविशदं तैर्भूतिरभ्यज्यते,
सन्त्यज्यापरभोज्यमद्भुततरं यैरामिषं भुज्यते ॥ ३३ ॥

* અને જો માંસાહારી દુષ્ટ ન કહેવાય તો કુતરાં, ચાંડાલ તથા નારડાં વિગેરે પણ દુષ્ટ ન ગણાય.

જેઓ સુન્દર બીજા ખોરાકના પદાર્થોને છોડી માંસ ખાય છે તેઓ કિંમતી મોતીના હારને છોડીને કંઠમાં સર્પને ધારણ કરેછે, ચંદ્ર જેવું શ્વેત દુધ છોડીને મૂત્રનું પાન કરેછે, ચન્દ્રમાના જેવું શીતળ અને ડોલરના પુષ્પ જેવું સુગંધી ચંદન છોડીને શરીરમાં આળોટેછે (તેમ સમજવું). ૩૩.

માંસભક્ષણથી સર્વ હાનિ છે.

चैतन्यं विषभक्षणादिव मद्योः पानादिव प्राज्ञता,
विद्यालस्यसमागमादिव गुणग्रामोऽभिमानादिव ।
शीलं स्त्रीजनसंस्तवादिव मनःक्लेशादिव ध्यानधी-
र्देवार्चाशुचितादि पुण्यमखिलं मांसाशनान्नश्यति ॥ ३४ ॥

एतौ कस्यापि.

જેમ ઝેર ખાવાથી ચૈતન્ય, મદ્ય અથવા મદિરા પીવાથી બુદ્ધિ, આળસ આવવાથી વિદ્યા, અભિમાનથી ગુણો, સ્ત્રીઓના સહવાસથી અથવા તેઓનાં વખાણથી શીલ અને માનસિક ચિંતાથી ધ્યાનનિષ્ઠ બુદ્ધિ નાશ પામે છે; તેમ માંસ ભક્ષણથી દેવપૂજા, પવિત્રતા આદિ સમગ્ર પુણ્ય નષ્ટ થાયછે. ૩૪.*

પ્રાણીમાત્રને પોતાના આત્માનું પ્રિયપણું (પ્રાણીને આત્મા કેવો પ્રિય છે).

भूपः पृच्छति मांसमौल्यमनुगान् प्रोचुश्च तेऽल्पं सुतोऽ-
नल्पं वत्तयभयो निवारयति भोस्तं दर्शयामि प्रभो ।

---

* હાલમાં પ્રત્યક્ષ જોઇએ છીએ કે ઘણા એક બંધાણી લોકો અફીણના કસુંબા લઇ ઝોકાં ખાયા કરે છે તેમજ શરાબ પીનારાઓ પણ બેભાન બની જેમતેમ બકવાદ કરેછે, મુવાલીઓ શરીરે પુષ્ટ છતાં બેહાલ દશામાં મૂર્ખતાથી ફરે છે, અભિમાનીઓના ગુણો પણ સાંભળવામાં આવતા નથી વ્યભિચારીઓ ઉપરથી અચ્છી બનીની માફક આડંબરો કરી ઘણી ચાતુરીથી વર્તણુક કરેછે છતાં તેમનાં પોગળીયાં કાંઇ ગુપ્ત રહેતાં નથી અને જેઓ પ્રપંચ પ્રવાહમાં પડી અંતઃકરણને કલેશમાં ઉતારે છે, તેવા ધ્યાનીઓ પણ ધ્યાનચ્યુત થઇ ગયા છે તેમ માંસભક્ષણ કરનારાઓ પણ દેવપૂજા કરતા હોય અને જળ તથા મૃત્તિકા વિગેરેથી શરીરશુદ્ધિ કરતા હોય તોપણ તે સઘળું તેઓનું ફોકટ છે એટલુંજ નહિ પણ તેને બદલે તેઓ મહાપાપમાં પડે છે,

गत्वा सर्वगृहे नृपाय हृद्जं तदेहि नार्थं पलं,
ग्रार्थं लाहि धनं नतेन तद्दितो लात्वार्पितं भूपतेः ॥ ३५ ॥

जैनकथा रत्नकोष—भाग पञ्चम—दृष्टान्तशतक.

શ્રેણિક રાજા પોતાના અનુચરવર્ગને પૂછેછે કે માંસનું મૂલ્ય શું છે? ત્યારે તેઓએ કહ્યું કે ઘણું થોડું. તે સમયે તેમના પુત્ર અભયકુમારે કહ્યું કે ઘણું મોંઘું છે. ત્યારે રાજા તેને નિવારેછે કે તેમ કહેમાં. ત્યારે તેણે કહ્યું કે બતાવીશ. કુમારે સર્વને ઘેર જઇને કહ્યું કે રાજાને અચાનક મંદવાડમાં ખપ છે માટે હૃદયનું માંસ આપો ત્યારે કોઇએ પણ ન આપ્યું અને કહ્યું કે તે લાવવા ધન જોઇએ તેટલું લ્યો. એમ કહીને તેઓએ ધન આપ્યું તે સર્વને ત્યાંથી લઇને નમ્ર એવા તે કુમારે રાજાને અર્પણ કર્યું અર્થાત્ પ્રાણીમાત્રને માંસ આવું પ્રિયતમ છે. ૩૫.

માંસભક્ષણમાં શાસ્ત્ર, યુક્તિ અને અનુભવ એ ત્રણેથી મહાદોષ બતાવી આ અધિકાર પૂર્ણ કરવામાં આવેછે.

देवाग्रकृतहिंसादोष-अधिकार.

જગત્માં કેટલાક વામમાર્ગી વિદ્વાનો શાસ્ત્રો દેખાડી હિંસા કરેછે અને અન્ય પાસે તેવું કૃત્ય કરાવેછે તે એટલે સુધી કે દેવોને પણ હિંસા પ્રિય છે અને માંસાદિનું ભોજન પણ દેવો કરેછે ત્યાં સુધી આગળ વધી હિંસાનું પ્રતિપાદન કરેછે. પરંતુ જ્યારે મનુષ્યો પણ માંસને દૂષિત ગણી વર્જી આપે છે ત્યારે "आज्यं सुराणामाहारः" થી દેવોનો આહાર છે "अमृतान्धसः" અમૃત દેવોનું અન્ન છે ઇત્યાદિ વાક્યનો વિચાર કર્યા સિવાય તેવું મિથ્યા પ્રતિપાદન કરેછે તે લોકોને સમજાવવાસારૂ આ અધિકારનો આરંભ કરવામાં આવેછે.

એકાન્તમાં હિંસા કાર્ય કરનારને પણ નરકની પ્રાપ્તિ થાય છે ત્યારે દેવોની સાન્નિધ્યમાં હિંસા કરનાર કેમ નરકમાં ન પડે ?

अनुष्टुप् (१ थी ४).

देवानामग्रतः कृत्वा, घोरं प्राणिवधं नराः ।
ये भक्षयन्ति मांसं च, ते व्रजन्त्यधमां गतिम् ॥ १ ॥

જે લોકો દેવતાઓની આગળ પ્રાણીઓ (પાડા, બકરા વિગેરે) નો વધ (હિંસા) કરી તેઓના માંસનું ભક્ષણ કરે છે તેઓ અધમ (નારકી) ગતિને પ્રાપ્ત થાયછે. ૧.

ઘૃતાદિ પવિત્ર ભોગનો સ્વીકાર કરનાર દેવતાઓ માંસભક્ષણ નથીજ કરતા.

अमेध्यत्वादभक्ष्यत्वान्मानुषैरपि वर्जितम् ।
दिव्योपभोगान्भुञ्जन्तो, मांसं देवा न भुञ्जते ॥ २ ॥

पुराण.

અપવિત્ર અને અભક્ષ્ય છે એવા હેતુથી મનુષ્યોએ પણ માંસનો ત્યાગ કરી દીધો છે. ત્યારે દેવતાઓ તો દિવ્ય (અમૃતાદિ) ભોગને ભોગવવાવાળા છે (માટે માંસનું ભોજન કેમ કરે ?) એટલે દેવતાઓ માંસભક્ષણ કરતા નથી એમ સિદ્ધ થાયછે ૨.

પ્રાણીવધથી સ્વર્ગ કે સુખ મળતું નથી.

अकृत्वा प्राणिनां हिंसां, मांसं नोत्पद्यते क्वचित् ।
न च प्राणिवधः स्वर्ग्यस्तस्मान्मांसं विवर्जयेत् ॥ ३ ॥

मनु.

પ્રાણીઓની હિંસા કર્યા સિવાય કોઇ દિવસ માંસ ઉત્પન્ન થતું નથી ત્યાં વાદી શંકા કરેછે કે સ્વર્ગાદિકની ઇચ્છા રાખી દેવતાના ઉદ્દેશથી હિંસા કરી માંસભક્ષણ કેમ ન કરવું ? ઉત્તરમાં જણાવે છે કે-પ્રાણીઓના વધથી સ્વર્ગની પ્રાપ્તિ થતી નથી માટે માંસનો ત્યાગજ કરવો. ૩.

માંસભક્ષણનું પ્રતિપાદન કરનાર શાસ્ત્રકર્તાઓ મૂર્ખ છે.

मांसलुब्धैरमर्यादैर्नास्तिकैः स्तोकदर्शिभिः ।
कुशास्त्रकारैर्वैयात्याद्, गदितं मांसभक्षणम् ॥ ४ ॥

पुराण.

માંસમાં લુબ્ધ (આસક્ત), ધર્મ શાસ્ત્રની મર્યાદાને ન જાણવાવાળા, નાસ્તિક, ટુંકી નજરવાળા અને તેજ (હિંસાને પ્રતિપાદન કરનાર) કુત્સિત શાસ્ત્રોને કરવાવાળા લોકોએ મૂર્ખતાથી માંસનું ભક્ષણ કહેલું છે. ૪.

અન્ય પ્રાણીઓના માંસને છ રીતે શુદ્ધ કરીને ભક્ષણ કરવાનું સિદ્ધ કરેછે તેઓ મનુષ્યોનો નિષેધ શાવાસ્તે કરતા હશે?

उपजाति (५–६).

षट्कोटिशुद्धं पलमश्नतो नो, दोषोऽस्ति ये नष्टधियो वदन्ति ।
नरादिमांसं प्रतिषिद्धमेतैः, किं किं न षोढास्ति विशुद्धिरत्र ॥ ५ ॥

"છ પ્રકારે શુદ્ધ થયેલા માંસનું ભક્ષણ કરનાર મનુષ્યને દોષ નથી" આ પ્રમાણે જે નષ્ટ બુદ્ધિવાળા પંડિતમાની પુરૂષો કહી રહ્યા છે આ લોકોએ મનુષ્ય વિગેરેના માંસનો નિષેધ શા વાસ્તે કર્યો છે? શું આ (નરાદિ માંસ) માં છ પ્રકારે શુદ્ધિ થતી નથી? અર્થાત્ કે મનુષ્યાદિના માંસનું પ્રતિપાદન કરવા જાય તો મુશકેલી પડે અને તેમાં પોતાનો પણ સમાવેશ થાય તેથી આવી રીતે ઢોંગ કરી પશુહિંસાનું પ્રતિપાદન કરેછે. ૫.

હિંસાશાસ્ત્રને રચવાવાળા બગલાજ હોવા જોઇએ.

शास्त्रेषु येष्वङ्गिवधः प्रवृत्तो, बकोक्तशास्त्राणि यथा न तानि ।
प्रमाणमिच्छन्ति विशुद्धतत्त्वाः, संसारकान्तारविनिन्दनीयः ॥ ६ ॥

સંસારરૂપી વનમાં નિંદવાને યોગ્ય એવો પ્રાણીઓનો વધ જે શાસ્ત્રોમાં પ્રતિપાદન કરેલ છે તે શાસ્ત્રો જેમ બગલાઓ (બગલા જેવા હિંસા પ્રિય પુરૂષો) એ રચેલ હોય તેમ ભાસે છે અને તે શાસ્ત્રોના પ્રમાણને શુદ્ધ તત્ત્વ (અહિંસા ધર્મ) ને જાણનારા (મહાત્માઓ) ઇચ્છતા નથી. ૬.

જેમ અશક્ય શક્ય થાય નહિ; તેમ માંસભક્ષણ કરનારથી દયા પાળી શકાય નહિ.

शार्दूलविक्रीडित

स्वं ज्वालाजटिलेऽनले स बहुले क्षिप्त्वेहते शीतता–
मुत्सङ्गे भुजगं निधाय सविषं स प्राणितं काङ्क्षति ।

कीर्त्तिं काम्यति चाकृशां कृपणतामामन्त्र्य स त्रस्तधी-
यः कर्तुं करुणामभीप्सति जडो जग्ध्वा पलं प्राणिनाम् ॥ ७ ॥

कस्यापि.

કોઇ મનુષ્ય જ્વાળાથી જટાવાળા તથા બહુ પ્રકાશિત એવા અગ્નિમાં પોતાને (પોતાનો દેહ) નાખીને શીતળતા ઇચ્છે, ખોળામાં ઝેરી સર્પ રાખી જીવવાની ઇચ્છા રાખે, ઘણી કૃપણતા રાખી કીર્ત્તિ મેળવવાની ઇચ્છા રાખે એ જેમ નિરર્થક છે તેમ પરલોકની બીક રાખી પ્રાણીઓનું માંસ ખાઇ દયા પાળું છું એમ જે ઇચ્છવું એ તેના જેવું છે. ૭.

દેવને આડા રાખી માંસ ભક્ષણ કરવાથી પણ અનેક પ્રકારની હાનિ છે; એમ બતાવી આ દેવાગ્રકૃત હિંસાદોષ અધિકાર પૂર્ણ કરવામાં આવેછે અને જે હિંસા કરવામાં જે મદદ કરેછે તે હિંસાભાગી કહેવાયછે તેની અપેક્ષા હોવાથી તે અધિકાર હવે પછી ગ્રહણ કરવામાં આવેછે.

हिंसाभागिदोषनिरूपण-अधिकार.

હિંસક લોકોમાં કેટલાક વળી સ્વયંનિષ્પાપ છે એમ બતાવવાસારૂ અમે હિંસા કરતા નથી પણ બીજા પાસે હિંસા કરાવી માંસનો ઉપયોગ કરીએ છીએ જેથી અમોને પાપ નથી એમ માનેછે તેવા પામર પ્રાણીઓને સમજાવવાસારૂ આ અધિકારનો આરંભ કરવામાં આવેછે.

હિંસાના પાંચ પ્રકાર.

अनुष्टुप् (१–२).

घातकश्चानुमन्ता च, भक्षकः क्रयविक्रयी ।
लिप्यन्ते प्राणिघातेन, पञ्चाप्येते युधिष्ठिर ॥ १ ॥

सुभाषितरत्नसन्दोह.

હે રાજા યુધિષ્ઠિર! પ્રાણીની હિંસા કરનાર, અનુમોદન આપનાર, માંસભક્ષણ કરનાર, વેચનાર તથા વેહેંચાતું લેનાર આ પાંચેય જણા પણ

પ્રાણીની હિંસાના પાપથી જોડાય છે એટલે કે આ પાંચેય મનુષ્યોને સરખું પાપ લાગે છે. ૧.

હિંસાના આઠ પ્રકાર.

अनुमन्ता विशसिता, निहन्ता क्रयविक्रयी ।
संस्कर्ता चोपहर्ता च, खादकश्चेति घातकाः ॥ २ ॥

महाभारत.

અનુમોદન આપનાર, હિંસા કરાવનાર, હિંસાકરનાર, તે માંસને વેચનાર, વહેંચાતું લેનાર, રાંધનાર, પીરસનાર અને ખાનાર આ બધા ઘાતક છે એટલે આ બધાને સરખું પાપ લાગે છે. ૨.

હિંસાભાગીઓનું સંસારમાં સદા ભ્રમણ થાયછે.

उपजाति.

अश्नाति यः संस्कुरुते निहन्ति, ददाति गृह्णात्यनुमन्यते च ।
एते षडप्यत्र विनिन्दनीया, भ्रमन्ति संसारवने निरन्तरम् ॥ ३ ॥

सुभाषितरत्नसन्दोह.

જે મનુષ્ય માંસનું ભક્ષણ કરેછે, રાંધે છે, પ્રાણીઓની હિંસા કરેછે, બીજાને આપેછે, અથવા પોતે ગ્રહણ કરેછે અને અનુમોદન આપેછે, આ છએ માનવો આ લોકમાં પણ નિંદાને પાત્ર થાય છે અને ત્યારબાદ અન્ય જન્મમાં સંસારરૂપી વનમાં (કીટ પતંગાદિ થઇ) નિરંતર ભ્રમણ કર્યા કરે છે. ૩.

હિંસકના વિભાગો બતાવી તેનાથી દૂર રહેવામાટે સમજુતી આપી આ હિંસાભાગિદોષનિરૂપણ અધિકાર પૂર્ણ કરવામાં આવેછે.

मांसान्नतुल्यमन्तृखण्डन-अधिकार.

જેમ હિંસકને મદદ કરવાથી હિંસાદોષ પ્રાપ્ત થાયછે તેમ કેટલાંક માંસાહારી મનુષ્યો અન્નમાં તથા માંસમાં સમાન પ્રાણીઓની હિંસાનું જણાવેછે તેઓને પણ દોષ પ્રાપ્ત થાયછે તે બતાવવા તથા તેઓને નિરૂત્તર

કરવાસારૂ આ અધિકારમાં યુક્તિ પ્રયુક્તિથી તેઓના મંતવ્યનું ચૂર્ણશઃ ખંડન કરવામાં આવેછે.

માંસભક્ષણ કરનાર મનુષ્યકરતાં હિંસક પ્રાણી સારાં છે.

अनुष्टुप् (१–२).

मांसाशने न दोषोऽस्तीत्युच्यते यैर्दुरात्मभिः ।
व्याधगृध्रवृकव्याघ्रशृगालास्तैर्गुरूकृताः ॥ १ ॥

જે દુરાત્માઓ માંસભક્ષણમાં દોષ નથી એમ કહે છે તેઓએ પારાધી, ગૃધ્ર, નાહાર, વાઘ અને શિયાલ જેવા હિંસક જીવોને પોતાના કરતાં ઉત્તમ પંક્તિમાં મૂક્યા છે અર્થાત્ મનુષ્ય ઉત્તમ હોવા છતાં જે માંસ ભક્ષણ કરેછે તે તેવા હીન પંક્તિના જીવો કરતાં પણ હીન ગણાય છે. ૧.

માંસ અને અન્ન સમાન નથી.

यस्तु प्राण्यङ्गमात्रत्वात्प्राह मांसौदने समे ।
स्त्रीत्वमात्रान्मातृपत्न्योः, स किं साम्यं न कल्पयेत् ॥ २ ॥

एतौ कस्यापि.

જે મનુષ્ય દરેક વસ્તુ પ્રાણીઓના અંગ માત્રથીજ બની છે એમ દર્શાવી માંસને તથા ચોખા (ભાત) ને સમાન કહે છે તે (પામર) પ્રાણી માતામાં અને પોતાની સ્ત્રીમાં સમાનતાની કલ્પના કેમ નહિ કરે? અર્થાત્ તે બન્નેની સમાનતા કોઇ પણ કાળે ગણાવી શકાય તેમ નથી. ૨.

અન્નાદિના આહાર કરનારને સ્થાવર પ્રાણીઓની હિંસાનું પાપ એક વાદી જણાવેછે તેના પ્રત્યે કવિ પોતાનું વક્તવ્ય બતાવેછે.

उपजाति (३ थी ८).

आहारभोजी कुरुते न मोदं, नरो वधे स्थावरजङ्गमानाम् ।
तस्यापि तस्माद्दुरितानुषंगमित्याह यस्तं प्रतिवच्मि किञ्चित् ॥ ३ ॥

ચોખા વિગેરે અનાજનો આહાર કરનાર મનુષ્ય સ્થાવર જંગમ પ્રાણીઓના નાશમાં આનંદ માનતો નથી તો પણ તેને (અન્નહારીને) પણ

પાપનો અનુષંગ (સંબંધ) થાયછે એમ જે મનુષ્ય કહે છે તે પ્રત્યે મ્હારે કાંઇક કહેવું છે. ૩.

જે અન્નભોજી, તે અલ્પદોષી છે.

येऽन्नाशिनः स्थावरजन्तुघातान्मांसाशिनो ये त्रसजीवघातात् ।
दोषस्तयोः स्यात्परमाणुमेर्वोर्यथान्तरं बुद्धिमतेति वेद्यम् ॥ ४ ॥

જે મનુષ્ય અન્નનું ભોજન કરનારા છે તેઓને સ્થાવર (ઘઉં, બાજરો, ચોખા વિગેરેના છોડ) રૂપ જંતુઓનો નાશ કરવાથી (અથવા દાણા વિગેરેથી) દોષ પ્રાપ્ત થાયછે અને માંસનું ભક્ષણ કરનારાઓને ત્રસકાય (પશુ વિગેરે) પ્રાણીઓનો નાશ કરવાથી દોષની પ્રાપ્તિ થાયછે એમ માનીએ છીએ પરંતુ તે બન્નેના દોષમાં પરમાણુ (રજકણ) અને મેરૂ પર્વત જેટલું અંતર છે એમ બુદ્ધિમાન્ પુરૂષે જાણવું જોઇએ. ૪.

તથા—

अन्नाशने स्यात्परमाणुमात्रः, शक्यते शोधयितुं तपोभिः ।
मांसाशने पर्वतराजमात्रो, नो शक्यते शोधयितुं महत्त्वात् ॥ ५ ॥

અન્નના ભોજનમાં જે રજકણ માત્ર દોષ લાગે છે તે તપ આદિ ક્રિયાઓથી શોધી શકાય છે એટલે તપ આદિના આચરણથી તે પાપમાંથી મુક્ત થઇ શકાય છે પરંતુ માંસભક્ષણ કરવામાં મેરૂ પર્વત સમાન જે દોષ છે તે જીવથી શોધી શકાય તેમ નથી. કારણકે દોષ અતીવ મહાન્ છે. એટલે તેમાંથી મુક્ત થઇ શકાતું નથી. ૫.

માંસ તથા અન્ન સમાન નથી.

मांसं यथा देहभृतः शरीरं, तथान्नमप्याङ्गिशरीरतातः ।
ततस्तयोर्दोषगुणौ समानावेतद्वचो युक्तिविमुक्तमत्र ॥ ६ ॥

"માંસ જેમ દેહધારી પ્રાણીનું શરીર છે તેમ અન્ન પણ અંગધારીના શરીરપણાથી છે એટલે શરીરને પોષણ કરેછે અગર સ્થાવર પ્રાણીઓરૂપે રહેલું છે. તેથી તે અન્ન તથા માંસના ગુણદોષ સમાન છે" આમ તું કહેતો હોતો પણ તારૂં અત્ર આ વચન યુક્તિવિરૂદ્ધ છે. ૬.

માંસ તથા શરીરમાં ભેદ છે.

मांसं शरीरं भवतीह जन्तोर्जन्तोः शरीरं न तु मांसमेव ।
यथा तमालो नियमेन वृक्षो, वृक्षस्तमालो न तु सर्वथापि ॥ ७ ॥

જે માંસ છે તે જંતુનું શરીર છે એમ કહી શકાય. પણ જે જંતુનું શરીર છે તે સર્વ માંસજ છે એમ કહી શકાશે નહીં (અર્થાત્ અન્ન જંતુનું શરીર છે પણ તેથી તે માંસજ છે એમ નથી.) તે ઉપર દષ્ટાંત આપે છે કે—જે તમાલ છે તે અવસ્ય વૃક્ષ કહેવાય છે. પરંતુ જે વૃક્ષ છે તે સર્વથા તમાલજ છે એમ કહી શકાશે નહીં અર્થાત્ જેટલાં વૃક્ષો છે તે સર્વે તમાલ નથી પણ બીજાં નામવાળા પણ છે. તેમ અન્ન અંગધારી હોવા છતાં માંસ નથીજ. ૭.

અન્ન તથા માંસનો તફાવત.

रसोत्कटत्वेन करोति गृद्धिं, मांसं यथान्नं न तथात्र जातु ।
ज्ञात्वेति मांसं परिवर्ज्य साधुराहारमश्नाति विशोध्य पूतम् ॥ ८ ॥

सुभाषितरत्नसन्दोह.

રસના ઉગ્રપણાથી જેમ માંસ મનુષ્યમાં ગૃદ્ધિ (દુર્વાસના) ઉત્પન્ન કરે તેમ અત્ર અન્ન કોઇ દિવસ કરતું નથી એમ જાણીને માંસનો ત્યાગ કરીને સાધુ પુરૂષ પવિત્ર આહારને શુદ્ધ કરીને જમેછે. ૮

મરહૂમ આત્માનંદજી મહારાજજી તથા ઇસાઇનો માંસનિષેધ સમાગમ.

*જીરા (પંજાબ) માં એક ઇસાઇ મરહૂમની પાસે આવી એકદમ ઉદ્ધતાઇભર્યા શબ્દોથી બોલ્યો કે તમે અહિંસા અહિંસા પોકારી માંસ ખાવાનું નિષેધો છો પણ તમો પોતે માંસાહારથી ખાલી નથી! આટલી વાત સાંભળતાંજ પાસે બેઠેલા કેટલાક સાધુ તેમજ શ્રાવકો ચમકી ઉઠ્યા! શ્રાવક લોકો કાંઇક બોલવાની તૈયારી કરતાજ હતા કે ઝટ મહારાજજીએ રોકી કહ્યું કે ભાઇ! ઉતાવળા ન થાઓ. એના કહેવાથી કાંઇ આપણે માંસાહારી બની ગયા? એ શા આશયથી કહેછે તે એને પૂછવા દો. આ કારવાહી જોઇ ઇસાઇ એકદમ પોતાના મનમાં ભુંઠો પડી ગયો કે આવા ગંભીર પુરૂષને ન છાજતા ઉદ્ધતાઇ ભર્યા શબ્દો મેં કહ્યા તે ઠીક ન કર્યું! પણ હવે શું થાય? જે ભાષાવર્ગણા નીકળવાની હતી તે નીકળી ગઇ! મરહૂમે પૂછ્યું—ભાઇ! તું શાથી કહેછે કે તમો પણ માંસાહારથી ખાલી નથી.

ઇસાઇ—તુમ દૂધ પીતે હો યા નહિ?
મરહૂમ—પીતે હૈં.

* જૈન પુસ્તક ૧૨ મું અંક ૨૨ મો પત્ર ૫.

ઇસાઇ—તો બસ. દૂધ, માંસ ઔર ખૂનસેહી બનતા હૈ. જબ માંસ ખૂનસે બના દૂધ પી લિયા તો બાકી ક્યા રહા? દૂધ પીના ઔર માંસ નહીં ખાના ક્યા યહ ન્યાય હૈ?

મરહૂમ—બેશક દૂધકી પૈદાશ ઇસી તરહ હોતી હૈ ઔર ઇસલિયે જૈનોંકા માનના હૈ કિ બ્યાઇ હુઇ ભૈંસકા પંદરા રોજ, ગાયકા દશ દિન ઔર ભેડ બકરી વગેરહકા આઠ દિન દુધ નહીં પીના ક્યોંકિ ઉસકે દુધપણે પરિણમનમેં કસર હોતી હૈ. જબ વો દુધપણે પરિણમન હો ગયા તો વો જુદા પદાર્થ બન ગયા. ઇસિ લિયે ઇસમેં હરકત નહીં સમઝી જાતી. યહ કોઇ નિયમ નહીં હૈ કિ જીસસે જો પદાર્થ બને ઉસકે ખાનેવાલા મૂલ પદાર્થકો ભી અવશ્ય ખાવે. અન્નકે ખેતમેં ગંદા પદાર્થ પડતા હૈ, કમાદ (ઇખ) ખડબૂજે વગેરહકી પૈદાશ અકસર ગંદકીકે ખાતરોહીસે હોતી હૈ તો ક્યા અન્ન, ઇખ, ખડબૂજા વગેરહ ખાનેવાલા ગંદકી ખાતા હૈ યહ માના જાયગા? ગંદકીસે પુષ્ટ હુએ સૂરકે માંસકો ખાનેવાલા ઇસાઇ ગંદકી ખાવેગા? સુન ભાઇ! બુરા નહીં માનના તૈને જૈસા સવાલ કિયા હૈ વૈસાહી તુજે જવાબ મિલેગા. અગર અપના કહના તુજે મંજૂર હૈ તો વિચાર લે. અગર અન્નાદિ ખાનેવાલા ઇસાઇ ગંદકી ખાતા હૈ યહ તેરા માનના હૈ તો ભલે તેરા અખતીયાર હૈ હમે ભી તૂ અપની અકલકે અનુસાર તેરી મરજીમેં આવે વૈસે માન લે હમારા ઇસમેં કોઇ નુકસાન નહિ હૈ. મગર હમતો યહી માનતે હૈં કિ અન્નાદિ ગંદકી નહીં હૈ ગંદકી જુદા પદાર્થ હૈ અન્ન જુદા પદાર્થ હૈ. ઇસી તરહ માંસ ખૂન જુદા પદાર્થ હૈ દુધ જુદા પદાર્થ હૈ. ઇસલિયે દૂધ પીનેવાલા માંસાહારી હૈ યહ કભી સિદ્ધ નહીં હો સકતા.

ઇસાઇ—મહારાજ તુમને તો મુજે કિસી ચક્કરમેં ડાલ દિયા ઇસકા જવાબ ઔર ક્યા હૈ યાતો માંસ ખાનેવાલે ગંદકી ખાનેવાલે બને યા માંસકો છોડ દેવે!

મરહૂમ—(જરા ઠંડો થયેલો જોઈ) ભલા ભાઇ! જીસકા દૂધ પીના ઉસકા માંસ ભી ખાના યહ તેરા યકીન પક્કા હૈ તો હમ એક બાત પૂછતે હૈં. બચ્ચા માતાકા દૂધ પીતા હૈ તો ઉસે માતાકા માંસભી તેરે હિસાબ મુજબ ખાના ચાહિયે ઔર ઉસકા ખૂન ભી પીના ચાહિયે!

ઇસાઇ—અરે! તોબા! તોબા! મહારાજ આપ સાધુ હોકર ક્યા બાત કરતે હૈં? માતાને તો બચ્ચેકો પાલા હૈ ઉસકી તો જીતની બને ટહલ સેવા કરની ચાહિયે. વો તો અપને પર ઉપકારકી કરનેવાલી હૈ. ઉપકાર કરનેવાલે પર અપકાર કરના મહા નીચ કામ કહા જાતા હૈ.

આ દષ્ટાંત ઉપરથી સ્પષ્ટ સમજાય છે કે માંસ ખાવું એ મહા પાપ છે તો માંસ વર્જવું એ શ્રેયસ્કર હોવાથી હવે પછી માંસ વર્જિતોત્તમતા અધિકાર તરફ ધ્યાન ખેંચ્યું છે.

मांसवर्जितोत्तमता–अधिकार.

માંસ શબ્દ એટલો બધો દયાજનક છે કે શુદ્ધ બ્રાહ્મણ તથા વૈશ્ય તેનું નામ સાંભળતાં કંપે છે પણ અધમ લોકો તેનો છુટથી ઉપયોગ કરે છે. તેઓ અંત્યજ હોય તો એક તરફ રહ્યું પરંતુ હિંદુધર્મનું નામધારી તેવાં કુકૃત્યો કરે છે, તેઓએ આ નીચેની બાબતમાં અમાંસભોજિ (માંસ ન ખાનાર) ને શું ફળ છે? તે લક્ષમાં લેવાની ઘણીજ જરૂર છે ઇત્યાદિ હેતુને લઇ આ અધિકારની શરૂઆત કરવામાં આવે છે.

માંસના ત્યાગ માટે ધર્મરાજાને આપેલ ઉપદેશ.

अनुष्टुप् (१ थी ८).

प्रभासं पुष्करं गङ्गा, कुरुक्षेत्रं सरस्वती ।
वेदिका चन्द्रभागा च, सिन्धुश्चैव महानदी ॥ १ ॥
एतैस्तीर्थैर्महापुण्यं, यत्कुर्यादभिषेचनम् ।
अभक्षणं च मांसस्य, न च तुल्यं युधिष्ठिर ॥ २ ॥

હે રાજા યુધિષ્ઠિર! પ્રભાસક્ષેત્ર, પુષ્કરજી, ગંગાજી, કુરૂક્ષેત્ર, સરસ્વતીજી, વેદિકા, ચંદ્રભાગા અને મહા નદી સિન્ધુ આ સ્થળોમાં જો સ્નાન કર્યું હોય તો આ તીર્થવડે મહાપુણ્યની પ્રાપ્તિ થાય છે એમ કહે છે પરંતુ જો માંસભક્ષણ કર્યું ન હોય તો તે મનુષ્યની તુલના તેઓની સાથે થઇ શકતી નથી. એટલે કે એક મનુષ્યે ઉપર જણાવેલ તીર્થો કર્યા હોય અને બીજા માણસે માંસનું ભક્ષણ ન કર્યું હોય તો આ બન્નેના પુણ્યને તુલામાં નાખી જોખતાં તે બન્ને પુરૂષોના પુણ્યની સરખામણી થઈ શકતી નથી અર્થાત્ માંસાહારથી રહિત મનુષ્યનું પુણ્ય વધી જાયછે એવો ભાવ છે. ૧-૨.

તથા—

केदारे यज्जलं पीत्वा, पुण्यमर्जयते नरः ।
तस्मादष्टगुणं प्रोक्तं, मद्यामिषविवर्जिते ॥ ३ ॥

કેદાર તીર્થમાં જળપાન કરીને મનુષ્ય જે પુણ્યને મેળવે છે તેથી આઠગણું પુણ્ય મદિરા તથા માંસનો ત્યાગ કરનાર પુરૂષમાં કહ્યું છે એટલે તે પુરૂષને તેનાં કરતાં આઠગણું પુણ્ય થાયછે. ૩.

વળી—

हिरण्यदानं गोदानं, भूमिदानं तथैव च ।
अभक्षणं च मांसस्य, न च तुल्यं युधिष्ठिर ॥ ४ ॥

હે રાજા ધર્મ! સુવર્ણનું દાન, ગાયોનું દાન, તેમજ પૃથ્વીનું દાન આ બધું એક તરફ અને બીજી તરફ માંસનું ભક્ષણ ન કરવું તે આ બન્ને કદી સમાન થઈ શકતું નથી અર્થાત્ માંસત્યાગી મનુષ્યનું પુણ્ય વધી જાયછે. ૪.

તે પ્રમાણે—

कपिलानां सहस्रं तु, मासे मासे गवां ददौ ।
अभक्षणं च मांसस्य, न च तुल्यं युधिष्ठिर ॥ ५ ॥

હે રાજા યુધિષ્ઠિર! એક મનુષ્યે માસે માસે હજાર કપિલા ગાયોનું દાન આપ્યું હોય અને બીજા માણસે માંસનું ભક્ષણ ન કર્યું હોય તો તે બન્ને જણનું પુણ્ય સમાન થતું નથી, એટલે માંસત્યાગીનું પુણ્ય વધી જાયછે. ૫.

માંસ ત્યાગીને તીર્થનું ફળ.

श्रूयन्ते यानि तीर्थानि, त्रिषु लोकेषु भारत ।
तेषु प्राप्नोति स स्नानं, यो मांसं नैव भक्षयेत् ॥ ६ ॥

હે ભારત! જે મનુષ્ય માંસનું ભક્ષણ નથીજ કરતો તે (દિવસે દિવસે) ત્રણે લોકોમાં જે તીર્થો શ્રવણગોચર થાય છે તેમાં સ્નાનથી ઉત્પન્ન થતા ફળને મેળવે છે. ૬.

માંસ ત્યાગવાથી સ્વર્ગની પ્રાપ્તિ.

यो भक्षयित्वा मांसानि, पश्चादपि निवर्तते ।
यमस्वामी ह्युवाचेदं, सोऽपि स्वर्गतिमाप्नुयात् ॥ ७ ॥

જે મનુષ્ય (પ્રમાદથી) પ્રથમ માંસોનો આહાર કરીને પછી પણ નિવૃત્ત થાયછે એટલે માંસભક્ષણનો ત્યાગ કરે છે તે પણ સ્વર્ગની ગતિને પામેછે આ વાક્ય યમસ્વામીએ નક્કી કહ્યું છે. ૭.

માંસનો ઉપયોગ નહિ કરવામાટે વસિષ્ઠ ઋષિનો અભિપ્રાય.

यावज्जीवं च यो मांसं, विषवत् परिवर्जयेत् ।
वसिष्ठो भगवानाह, स्वर्गलोकेषु संस्थितिम् ॥ ८ ॥

पुराण.

જે મનુષ્ય જીવન પર્યન્ત ઝેરની માફક માંસનો ત્યાગ કરે તે મનુષ્યની સ્થિતિ વસિષ્ઠ ભગવાને સ્વર્ગ લોકોમાં કહી છે. ૮.

આ પ્રમાણે માંસત્યાગ કરનાર મનુષ્યને થતું પરમશ્રેષ્ઠ ફળ દેખાડીને આ અધિકારની સમાપ્તિ કરવામાં આવે છે.

मद्यनिषेध–अधिकार.

માંસની પેઠે મદ્ય પણ અભક્ષ્ય છે મદ્ય–મદિરા–દારૂ–બ્રાંડીના નામથીજ જગત્માં પ્રસિદ્ધ છે. મનુસ્મૃતિના ૧૧ મા અધ્યાયના ૯૪ મા શ્લોકમાં ત્રણ પ્રકારની મદિરા કહેલી છે ૧ "गौडी" ગોળમાંથી બને છે તે, ૨ "पैष्टी" ઘઉં, ચોખા, યવ વગેરેના લોટમાંથી બને તે અને ત્રીજી "माध्वी" મહુડામાંથી બને છે તે આ સિવાય આજકાલના સંજોગોથી અનેક પ્રકારની મદિરા ઉત્પન્ન થાયછે. આ સર્વ જાતની મદિરાનું પાન કરવાની દરેક ધર્મનાં પુસ્તકોમાં મના કરવામાં આવી છે. એટલે બીજી બાબતમાં ભિન્ન ભિન્ન ધર્મીઓના ભિન્ન ભિન્ન મત હોય છે પરંતુ આ બાબતમાં દરેક ધર્મશાસ્ત્રનો એકજ નિશ્ચય છે કે મદિરાનો ત્યાગજ કરવો તેમ મદિરા પાનનું દુષ્ટફળ આજ લોકમાં તુર્તજ મનુષ્યને પ્રાપ્ત થાય છે એટલુંજ નહિ પણ અત્ર કરતાં પરલોકમાં (યમપુરી) માં તેને માટે ઘણુંજ સંકટ વેઠવાનું છે તે એટલે સુધી કે યમના દૂતો મદિરાનું પાન કરનાર પ્રાણીઓના મુખમાં લોઢાનો રસ રેડે છે, માટે સુજ્ઞ પુરૂષે મદ્યનો ત્યાગજ કરવો જોઇએ. કોઇએ અજ્ઞાનથી મદિરાપાન કર્યું હોય અને તે પાપમાંથી મુક્ત થવા તે મનુષ્ય શાસ્રોક્ત પ્રાયશ્ચિત્ત માગતો હોય તો નીચે મુજબ છે.

"सुरां पीत्वा द्विजो मोहादग्निवर्णां सुरां पिबेत्, ॥
तया स काये निर्दग्धे, मुच्यते किल्बिषात्ततः ॥
મનુસ્મૃતિ અ૦ ૧૧—શ્લોક ૯૦.

એટલે જે બ્રાહ્મણ ક્ષત્રિય કે વૈશ્ય વર્ણના પુરૂષે મદિરાનું પાન અજ્ઞાનથી કર્યું હોય તોપણ તેણે (તે પાપમાંથી શુદ્ધ થવાસારૂ) તેજ મદિરાને અત્યંત અગ્નિમાં લાલચોળ કરી પાન કરવું કે જેથી દેહ દગ્ધ થઇ જાય છે તેથીજ શુદ્ધ થવાય અથવા ગોમૂત્ર, ગરમ પાણી, દુધ, અથવા ઘી તથા છાણનો રસ લાલચોળ તપાવીને તેનું પાન કરવું તે દેહ પડી જાય ત્યાંસુધી. ત્યારે તે

મદિરાપાનના પાપમાંથી મનુષ્ય મુક્ત થાયછે અર્થાત્ મદિરાપાન કરી જીવતું રહી શકાય ને શુદ્ધ થવાય એવો ઉપાય નથી. માટે આવી ભયંકર વેદનાને આપનાર મદિરાનું કોઇ પણ મનુષ્યે પાન ન કરવું. આ બાબત સમજાવવાસારૂ આ અધિકાર આરંભાયછે.

મદિરાની પ્રબળતા.

अनुष्टुप् (१ थी ३).

मद्ये पीते कुलीनोऽपि, चेष्टां वहति निन्दिताम् ।
करोति निन्दितं लोके, गीतनृत्यादिविभ्रमम् ॥ १ ॥

મદિરાનું પાન કરવાથી કુલીન મનુષ્ય પણ નિંદાપાત્ર (ચેષ્ટા) વર્તણુકને ધારણ કરેછે અને લોકમાં નિંદિત એવાં ગીત નૃત્ય (નાચ) વિગેરેના વિભ્રમ (ઢોંગ) કરે છે અર્થાત્ મદિરાથી મત્ત થઇ જવાથી ચિત્ત સ્થિર નહિ રહેતાં કાર્યાકાર્યનો વિચાર ન કરી જીવ કુકર્મોમાં આસક્ત થાયછે. ૧.

તથા—

मद्यं पीत्वा ततः कश्चिन्मांसं च स्पृहयेन्नरः ।
कश्चिद्वधं करोत्युग्रं, दुष्टं सङ्घातघातकम् ॥ २ ॥

કોઇ પુરૂષ મદિરાનું પાન કરી માંસને ઇચ્છેછે અને કોઇ પુરૂષ ઉગ્ર તથા નિંદાપાત્ર એવા આખા સમૂહનો નાશ પણ કરે છે. અર્થાત્ કે મદિરાથી જીવને અનેક કુકર્મ કરવાનું મન થાયછે. ૨.

વળી—

मद्यपाने कृते क्रोधो, मानो लोभश्च जायते ।
मोहश्च मत्सरश्चैव, दुष्टभाषणमेव च ॥ ३ ॥

पुराण.

મદિરાનું પાન કરવાથી ક્રોધ, અહંકાર, લોભ, મોહ (અજ્ઞાન), અદેખાઇ અને દુષ્ટ (ખરાબ) ભાષણ આ સમગ્ર અનર્થો ઉત્પન્ન થાયછે. ૩.

તેમજ—

द्रुतविलम्बित (४ थी २८).

भवति मद्यवशेन मनोभ्रमो, भजति कर्म मनोभ्रमतो यतः ।
व्रजति कर्मवशेन च दुर्गतिं, त्यजत मद्यमतस्त्रिविधेन भोः ॥ ४ ॥

હે (માનવો!) મદિરાને આધીન થવાથી મનમાં ભ્રમ (ઘેલછા) થાય છે અને મનમાં ભ્રમ થવાથી દુષ્ટ કર્મને મનુષ્ય કરેછે અને જેથી કર્માધીન થઇ દુર્ગતિ (નરક દુઃખ) ભોગવેછે માટે તમે મન, વચન, કાયા તથા કર્તા, કારયિતા, અનુમોદિતા, આમ ત્રણે પ્રકારે કરી મદિરાનો ત્યાગ કરો. ૪.

મદિરાથી થતા હાલહવાલ.

हसति नृत्यति गायति वल्गति, भ्रमति धावति मूर्छति शोचते ।
पतति रोदिति जल्पति गद्गदं, धमति धाम्यति मद्यमदातुरः ॥ ५ ॥

મદિરાના મદથી આતુર (ગાંડો થયેલો મનુષ્ય) ક્ષણમાં હસવા માંડે છે, ક્ષણમાં નાચે છે, ક્ષણમાં ગાય છે અને ક્ષણમાં બીજાને વળગેછે, ભમેછે, દોડે છે, મૂર્છા ખાઇ જાયછે, શોક કરે છે, જમીનમાં પડી જાય છે, રોવા માંડે છે, બકવા માંડે છે, ગદ્ગદ (ગળગળો થઇ) કંઠે શ્વાસ લેવા માંડે છે અને પરિણામે થાકી જાય છે. ૫.

મદિરાથી થતું અસહ્ય પાપ.

स्वसृसुताजननीरपि मानवो, व्रजति सेवितुमस्तमतिर्यतः ।
सगुणलोकविनिन्दितमद्यतः, किमपरं खलु कष्टतरं ततः ॥ ६ ॥

ગુણી લોકોએ નિંદેલા મદિરાપાનથી મનુષ્ય બ્હેન, દીકરી, અને માતા તરફ પણ કુદૃષ્ટિ કરી દોડે છે. કારણકે તે મનુષ્યની બુદ્ધિ મદિરાપાનથી આથમી ગઇ છે. તો જગતમાં આ કાર્ય કરતાં બીજું કયું વધારે કષ્ટ છે? અર્થાત્ સર્વ કષ્ટનું પર્યવસાન મદિરામાં સમાઇ જાયછે. ૬.

દારૂડીયા પુરૂષની સ્થિતિ.

स्खलति वस्त्रमधस्तनमीक्ष्यते, सकलमन्यतया श्लथते तनुः ।
स्खलति पादयुगं पथि गच्छतः, किमु न मद्यवशाच्छ्रयते जनः ॥ ७ ॥

મદિરાથી મત્ત થયેલા મનુષ્યનું નીચેનું વસ્ત્ર ખસીને પડી જાયછે, તેને બધું જગત ઉલટું દેખાવા માંડેછે, શરીર પડતું પડતું ચાલેછે અને રસ્તામાં ચાલતા દારૂડીયાના બે પગ ઠેસો ખાવા માંડેછે. એમ મદિરાને આધીન થઇ જવાથી મનુષ્ય શું કરતો નથી? અર્થાત્ કે દારૂડીયાની પુરી પાયમાલી થાયછે. ૭.

મદિરાનું છટકું.

असुभृतां वधमाचरति क्षणाद्ददाति वाक्यमसत्यमसूनृतम् ।
परकलत्रधनान्यपि वाञ्छति, न कुरुते किमु मद्यमदाकुलः ॥ ८ ॥

મદિરાથી મત્ત થયેલો મનુષ્ય ક્ષણમાત્રમાં પ્રાણીઓની હિંસા કરવા માંડે છે અને સહન ન થઇ શકે તેવું અસત્ય વાક્ય બોલેછે. તેમ બીજાની સ્ત્રી તથા ધનને પણ ઇચ્છેછે. એમ મદિરાના મદથી આકુળ થયેલો માનવ શું કરતો નથી? ૮.

મદિરાથી અધમ સ્થિતિ.

व्यसनमेति जनैः परिभूयते, गदमुपैति न सत्कृतिमश्नुते ।
भजति नीचजनं व्रजति क्लमं, किमिह कष्टमियर्ति न मद्यपः ॥ ९ ॥

મદિરાપાન કરનાર માનવ દુઃખને પ્રાપ્ત થાયછે અને મનુષ્યોથી પણ પરાભવ (હાર) ને પામેછે. તેમ (અનેક જાતના) રોગને પ્રાપ્ત થાયછે તથા પૂર્વના પુણ્ય હોય તો તેને ભોગવી શકતો નથી. નીચ મનુષ્યને (મિત્રભાવે) ભજેછે અને પરિણામે (અત્યંત) થાકને પામેછે. (ટુંકામાં કહેવાનું કે) મદિરા પીનાર મનુષ્ય અહીં કયા દુઃખને પામતો નથી? ૯.

તથા—

प्रियतमामिव पश्यति मातरं, प्रियतमां जननीमिव मन्यते ।
प्रचुरमद्यविमोहितमानसस्तदिह नास्ति न यत्कुरुते जनः ॥ १० ॥

મદિરાથી મત્ત થયેલો મનુષ્ય પોતાની જનયિત્રી માતાને વ્હાલી સ્ત્રીની માફક દેખેછે અને વ્હાલી સ્ત્રીને માતાની માફક માનેછે. કારણકે તેનું મન ઘણા મદિરાના પાનથી મોહિત થઇ ગયું છે. માટે તે મનુષ્ય જે કુકર્મ ન કરે તેવું અહીં એક પણ કુકર્મ નથી અર્થાત્ તે દુષ્ટ પ્રાણી તમામ કુકર્મો કરેછે. એવો ભાવ છે. ૧૦.

મદિરાથી વિભ્રમ.

अहह कर्मकरीयति भूपतिं, नरपतीयति कर्मकरं नरः ।
जलनिधीयति कूपमपांनिधिं, गतजलीयति मद्यमदाकुलः ॥ ११ ॥

(અહહ) ખેદ છે કે—મદિરાના મદથી આકુળ થયેલો મનુષ્ય રાજાને કિંકરની માફક જુએછે અને નોકરને રાજાની માફક દેખેછે તેમ કૂવાને સમુદ્ર તુલ્ય માનેછે અને સમુદ્રને પાણીવગરનો ધારેછે. આમ મદિરામત્તને સર્વ પદાર્થ અન્ય રીતેજ ભાસેછે. ૧૧.

મદિરામત્તને કુરકુરીયાંસાથે મિત્રતા.

निपतितो वदने धरणीतलं, वमति सर्वजनेन विनिन्द्यते ।
श्वशिशुभिर्वदने परिचुम्बिते, बत सुरासु रतस्य च मूत्र्यते ॥ १२ ॥

મદિરાથી મત્ત થયેલો મનુષ્ય પૃથ્વીમાં પડીને તેના તળીયાસાથે વાર્ત્તા કરવા માંડેછે અને ક્ષણમાં ઓકવા માંડેછે અને આવી સ્થિતિને લીધે સર્વ જનસમાજથી નિંદાયછે. તેમ કુતરાનાં બચ્ચાં (કુરકુરીયાં) ઓ તેના મ્હોઢાને ચાટીને તેમાં મૂત્ર (લઘુ શંકા) કરેછે આમ થવાનું કારણકે તે મનુષ્ય મદિરામાં આસક્તિને લીધે મત્ત થઇ ગયો છે, એટલે દેહનું ભાન નથી. જેથી આવી દુર્દશા થાયછે. ૧૨.

મદિરાપાનમાં હિંસા થાયછે.

भवति जन्तुगणो मदिरारसे, तनुतनुर्विविधो रसकायिकः ।
पिबति तं मदिरामदलालसः, श्रयति दुःखममुत्र ततो जनः ॥ १३ ॥

મદિરાના રસમાં સૂક્ષ્મ કાયાવાળો વિવિધ પ્રકારનો રસકાયિક-જંતુઓનો સમૂહ રહેછે. અર્થાત્ અસંખ્ય સમુચ્છિંમ જીવો તેમાં ઉપજેછે ને મરેછે. મદિરાના મદથી લાલસા (ઇચ્છા) વાળો મનુષ્ય તે જંતુઓના સમૂહનું પાન કરી જાયછે. તેથી પરલોકમાં દુઃખનો આશ્રય કરવો પડેછે. એટલે નારકી આદિની પીડા પ્રાપ્ત થાયછે. ૧૩.

મદિરાથી થતી હાનિ.

व्यसनमेति तनोति धनक्षयं, मदमुपैति न वेत्ति हिताहितम् ।
क्रममतीत्य तनोति विचेष्टितं, भजति मद्यवशेन न कां क्रियाम् ॥१४॥

મદિરાથી મત્ત થયેલો મનુષ્ય (અફીણ વિગેરેના) વ્યસનને પ્રાપ્ત થાયછે અને તેથી ધનનાશ કરેછે. મદ (ગર્વ) ને પામેછે. તેમ હિત-અહિતને પણ જાણતો નથી અને ક્રમ (નીતિના માર્ગ) નું ઉલ્લંઘન કરીને વિલક્ષણ આચરણ કરેછે એટલે કે-મદ્યને આધીન થઇ મનુષ્ય શું ક્રિયા કરતો નથી? ૧૪.

મદિરાનો વળગાડ.

रटति रुष्यति तुष्यति वेपते, पतति मुह्यति दीव्यति खिद्यते ।
नमति हन्ति जनं ग्रहिलो यथा, यदपि किञ्चन जल्पति मद्यतः ॥१५॥

વળગાડથી પીડાયેલાની માફક મદ્યથી મનુષ્ય બરાડા પાડવા માંડેછે, ક્રોધાધીન થઇ જાયછે, ક્ષણમાં મનમાં ખુશ થઇ જાયછે, કંપવા માંડેછે, પૃથ્વી ઉપર પડી જાયછે, મોહ પામેછે, જુગાર ખેલેછે, ખેદાતુર થઇ જાયછે, બીજાને નમવા માંડેછે અને ક્ષણમાત્રમાં મનુષ્યને મારી નાખેછે અને જે કાંઇ (ન બોલવાનું) બબડયા કરેછે એટલે બેભાન સ્થિતિને ભોગવેછે. ૧૫.

કવિ વિદ્વાન્ પુરૂષોને સંબોધીને કહેછે.

व्रततपोयमसंयमनाशिनीं, निखिलदोषकरीं मदिरां पिबन् ।
वदत धर्मवचोगतचेतनाः, किमु परं पुरुषस्य विडम्बनम् ॥ १६ ॥

ધર્મવચનમાં જેઓની બુદ્ધિ પ્રવિષ્ટ થયેલી છે એવા હે (સુજ્ઞ) પુરૂષો! કહો વ્રત, તપ, યમ, સંયમ વિગેરેનો નાશ કરનારી અને સમગ્ર દોષોને ઉત્પન્ન કરનારી મદિરાનું જે પાન કરી રહ્યા છે, તે પુરૂષને બીજું શું સંતાપ કરેછે? ૧૬.

મદિરાનું નિત્યકર્મ.

श्रयति पापमपाकुरुते वृषं, त्यजति सद्गुणमन्यमुपार्जते ।
व्रजति दुर्गतिमस्यति सद्गतिं, किमथवा कुरुते न सुरारतः ॥ १७ ॥

મદિરામાં પ્રીતિવાળો પુરૂષ પાપનો આશ્રય કરેછે, ધર્મનો નાશ કરેછે, સદ્ગુણનો ત્યાગ કરેછે અને અસત્ (દુષ્ટ) ગુણને મેળવેછે. તેમજ દુર્ગતિને પામેછે અને સદ્ગતિનો નાશ કરેછે અથવા સુરામત્ત મનુષ્ય બીજું શું કરતો નથી? ૧૭.

મદિરામત્તની યમલોકમાં કઢંગી સ્થિતિ.

नरकसङ्गमनं सुखनाशनं, व्रजति यः परिपीय सुरारसम् ।
बत विदार्य मुखं परिपाय्यते, प्रचुरदुःखमयो ध्रुवमत्र सः ॥ १८ ॥

અત્ર જે મનુષ્ય નરકને આપનાર, સુખોનો નાશ કરનાર એવા દારૂના રસનું પાન કરીને પરલોકમાં જાયછે ત્યાં નક્કી યમના દૂતો તેનું મ્હોઢું ફાડીને ઘણા દુઃખને આપનાર લોઢાનો રસ તેમાં રેડેછે. હા એ ખેદની વાર્ત્તા છે. તોપણ પામર પ્રાણીઓ આ મદિરાના વ્યસનથી વિરમતા નથી. ૧૮.

મદિરાનો ત્યાગ કરવાનું કારણ.

पिबति यो मदिरामथ लोलुपः, श्रयति दुर्गतिदुःखमसौ जनः ।
इति विचिन्त्य महामतयस्त्रिधा, परिहरन्ति सदा मदिरारसम् ॥ १९ ॥

જે લોલુપ (લુબ્ધ) મનુષ્ય મદિરાનું પાન કરેછે, તે નરક (તિર્યંચાદિ દુર્ગતિ) ના દુઃખનોજ આશ્રય કરેછે, એમ વિચાર કરીને મહા (વિશાળ) બુદ્ધિવાળા પુરૂષો મન, વચન, કાયા તથા કર્ત્તા, કારયિતા, અનુમોદિતા એમ ત્રણે પ્રકારે સદા મદિરાના રસનો ત્યાગ કરેછે. ૧૯.

મદિરાપાન સમાન જગતમાં બીજું પાપ નથી.

मननदृष्टिचारित्रतपोगुणं, दहति वह्निरिवेन्धनमूर्जितम् ।
यदिह मद्यमपाकृतमुत्तमैर्न परमस्ति ततो दुरितं महत् ॥ २० ॥

અગ્નિ જેમ ઇન્ધન (કાષ્ઠ) ને બાળી નાખેછે તેમ મદિરાપાન ઉત્તમ એવાં મનન (વિચારશક્તિ), શુભદર્શન, ચારિત્ર-સદાચરણ અને તપના ગુણને બાળી ભસ્મ કરેછે. તેવા હેતુથી અહિં ઉત્તમ લોકોએ મદિરાનો ત્યાગ કર્યો છે. કારણકે તે (મદિરાપાન) કરતાં મ્હોટું પાપ બીજું નથી. ૨૦.

મદિરામત્તમાં ઉત્પન્ન થતા દુર્ગુણો.

त्यजति शौचमियर्ति विनिन्द्यतां, श्रयति दोषमपाकुरुते गुणम् ।
भजति गर्वमपास्यति सद्गुणं, हृतमना मदिरारसलङ्घितः ॥ २१ ॥

મદિરાના રસથી શાસ્ત્રની મર્યાદાનું ઉલ્લંઘન કરનાર અને જેનું મન મદિરાથી હરાઈ ગયેલું છે એવો મનુષ્ય શૌચ (પવિત્રતા) નો ત્યાગ કરેછે, નિંદ્યપણાને પામેછે, દોષનો આશ્રય કરેછે, ગુણનો ત્યાગ કરેછે, ગર્વ (અભિમાન) ને ભજેછે અને સદ્‌ગુણવાળા (મિત્રબંધુ) નો ત્યાગ કરેછે. ૨૧.

મદિરા એ ખરેખર ઝેર છે.

प्रचुरदोषकरीमिह वारुणीं, पिबति यः परिगृह्य धनेन ताम् ।
असुहरं विषमुग्रमसौ स्फुटं, पिबति मूढमतिर्जननिन्दितम् ॥ २२ ॥

અત્ર મૂઢ બુદ્ધિવાળો જે મનુષ્ય ઘણા દોષવાળી તે મદિરાને ધન આપી ખરીદીને તેનું પાન કરેછે, તે પ્રસિદ્ધ રીતે જનમાં નિંદાયેલ અને પ્રાણને હરણ કરનાર ઉગ્ર (પ્રચંડ) વિષનું પાન કરેછે. ૨૨.

મદિરા એ સર્વ સ્થાવર જંગમ ઝેરી પદાર્થ કરતાં પણ વધારે ઝેરી છે.

तदिह दूषणमङ्गिगणस्य नो, विषमरिर्भुजगो धरणीपतिः ।
यदसुखं व्यसनभ्रमकारणं, वितनुते मदिरा गुणनिन्दिता ॥ २३ ॥

દુષ્ટ ગુણોથી નિંદાયેલી મદિરા જેવી રીતે જનસમૂહને-દૂષણરૂપ, વ્યસન (આસક્તિ) તથા ભ્રમવાળું દુઃખ આપેછે તેવી રીતે ઝેર, દુશ્મન, કાળો સર્પ અને રાજા પણ અત્ર આપી શકતા નથી. ૨૩.

સપત્ની (શોક્યસ્ત્રી) માં પરસ્પર વિરોધ.

मतिधृतिद्युतिकीर्त्तिकृपाङ्गनाः, परिहरन्ति रुषैव जनार्चितम् ।
नरमवेक्ष्य सुराङ्गनया श्रितं, न हि परां सहते वनिताङ्गनाम् ॥ २४ ॥

મદિરારૂપી સ્ત્રીવડે આશ્રય કરાયેલો પુરૂષ ભલે મનુષ્યોમાં પૂજાયેલ હોય તોપણ તેની બુદ્ધિ, ધીરજ, કાંતિ, કીર્ત્તિ, અને કૃપા (દયા) રૂપી પાંચ સ્ત્રીઓ રોષથીજ તેનો ત્યાગ કરે છે. કારણકે સ્ત્રી શોક્યસ્ત્રીને સહન કરી શકતી નથી. ૨૪.

મદિરાસક્તની દશાનું વર્ણન.

कलहमातनुते मदिरावशस्तमिह येन निरस्यति जीवितम् ।
वृषमपास्यति सञ्चिनुते मलं, धनमपैति जनैः परिभूयते ॥ २५ ॥

મદિરાને આધીન થયેલો મનુષ્ય અહિં (ગમે તેની સાથે) કલેશ કરે છે અને તે કલેશની પાછળ તે કારણથીજ પોતાના જીવતરને પણ પાયમાલ કરી નાખે છે. પરિણામે ધર્મનો ત્યાગ કરે છે અને અધર્મને એકઠો કરે છે તેમજ તેનું ધન નાશ પામી જાયછે તથા પોતે માણસોથી પરાભવને પામેછે. અર્થાત્ મદિરાપાન કરનારની પૂર્ણ ખરાબ દશા થાયછે. ૨૫.

મદિરા બન્ને લોકનો નાશ કરનારી છે.

स्वजनमन्यजनीयति मूढधीः, परजनं स्वजनीयति मद्यपः ।
किमथवा बहुना कथितेन भो, द्वितयलोकविनाशकरी सुरा ॥ २६ ॥

મૂઢ બુદ્ધિવાળો મદ્યપાન કરનાર પુરૂષ સ્વજનને દુશ્મનસમાન જાણે છે અને દુશ્મનને સ્વજનતુલ્ય માને છે અથવા (હે મિત્ર!) હવે વધારે કહેવાથી શું? (ટુંકામાં કહીએ તો) મદિરા બન્ને લોકનો નાશ કરનારી છે. ૨૬.

મદિરાથી કામની ઉત્પત્તિ.

भवति मद्यवशेन मनोभवः, सकलदोषकरोऽत्र शरीरिणः ।
भजति तेन विकारमनेकधा, गुणयुतेन सुरा परिवर्ज्यते ॥ २७ ॥

અહિં મદિરાને આધીન થયેલ દેહધારી મનુષ્યને સમગ્ર દોષને કરનાર કામદેવ ઉત્પન્ન થાય છે અને તેથી (કામદેવથી) અનેક પ્રકારે વિકારી થાય છે ઇત્યાદિ કારણોને લઇ ગુણવાન પુરૂષ મદિરાનો ત્યાગજ કરેછે. ૨૭.

ઉપસંહાર.

प्रचुरदोषकरीं मदिरामिति, द्वितयजन्मविबाधविचक्षणाम् ।
निखिलतत्त्वविवेचकमानसाः, परिहरन्ति सदा गुणिनो जनाः ॥२८॥

सुभाषितरत्नसन्दोह.

સમગ્ર તત્ત્વોનો વિભાગ કરનાર જેઓનું મન છે એટલે જેઓ સારાસારને જાણવાવાળા છે એ ગુણવાન્ પુરૂષો મદિરાને ઘણા દોષોને કરવાવાળી અને બીજા જન્મવિષે પીડા કરવામાં ચતુર જાણીને સદાને માટે છોડી દેછે એટલે ગ્રહણ નથીજ કરતા. ૨૮.

મદિરા સર્વ સ્થાને પોતાનું નાટક ભજવે છે એ સારી રીતે બતાવી તેનો અવશ્ય ત્યાગ કરવો જોઇએ એ સૂચના કરી આ મદ્યનિષેધ અધિકાર પૂર્ણ કરવામાં આવેછે.

मधुनिषेध-अधिकार.

અભક્ષ્યોમાં મદ્યનિષેધની જરૂર છે તેમ તેના બંધુરૂપ મધુ (મધ) ને પણ દેશવટો આપવાની ખાસ જરૂર છે. તે મધ મેળવતાં કેટલું પાપ થાયછે? એટલે કેટલાં જંતુઓનો નાશ થાયછે? આ બાબત સર્વ સુજ્ઞ પુરૂષો જાણે છે, કે મધ પ્રાપ્ત કરતાં અનેક જંતુઓનો સંહાર થાયછે. માટે ધર્મના અગ્રેસર પુરૂષો મધુને ઉપયોગમાં લાવવાની સખ્ત મના કરેછે અને ઉપયોગ કરનારાઓ પાપભાગી છે એમ સિદ્ધ કરેછે તે બાબત સમજાવવાસારૂ આ અધિકારનો આરંભ કરવામાં આવેછે.

અવશ્ય ત્યાગ કરવા જેવા પદાર્થો.

अनुष्टुप् (१ थी ९).

मद्ये मांसे मधुनि च, नवनीते बहिष्कृते ।
उत्पद्यन्ते विपद्यन्ते, सुसूक्ष्मा जन्तुराशयः ॥ १ ॥

મદિરા, માંસ, મધ અને છાશથી જુદા પડેલા માખણમાં સૂક્ષ્મ (ઝીણા) તદ્વર્ણ એવા જંતુના સમૂહો ઉત્પન્ન થાયછે અને નાશ પામેછે, માટે તે ગ્રહણ ન કરવાં. ૧.

મધુપાનની મહા હાનિ.

सप्तग्रामे हि यत्पापमग्निना भस्मसात्कृते ।
तत्पापं जायते जन्तोर्मधुबिन्द्वेकभक्षणात् ॥ २ ॥

મનુષ્યને-સાત ગામ બાળી ભસ્મ કરી નાખવાથી જે પાપ લાગે છે, તે પાપ મધના એક બિંદુ (ટીપા) ના ભક્ષણથી ઉત્પન્ન થાયછે. માટે મધનું ભક્ષણ ન કરવું. ૨.

મધની ઉત્પત્તિ.

मेदमूत्रपुरीषाद्यै रसाद्यैर्वर्द्धितं मधु ।
छर्दिलालामुखस्रावैरभक्ष्यं ब्राह्मणैर्मधु ॥ २ ॥

મેદ (માંસ), મૂત્ર, વિષ્ઠા વિગેરેના રસાદિ તથા ઓકવું, મુખમાંથી લાળ કાઢવી આવા પ્રકારોથી માખીઓવડે મધ કરાય છે માટે તેનું ભક્ષણ બ્રાહ્મણોએ નજ કરવું જોઇએ. ૩.

તથા—

जीवाण्डं मधु सम्भूतं, म्लेच्छोच्छिष्टं न संशयः ।
वर्जनीयं सदा विप्रैस्त्याज्यं मोक्षाभिकाङ्क्षिभिः ॥ ४ ॥

મક્ષિકારૂપી જીવોનાં જેમાં ઇંડાઓ છે એવું ઉત્પન્ન થયેલું તે મધ મ્લેચ્છ (યવન) લોકોના એઠાં સમાન છે તેમાં સંશય નથી માટે બ્રાહ્મણોએ તે મધભક્ષણનો હુમેશાં ત્યાગ કરવો તેમ મોક્ષની ઇચ્છાવાળા બીજા મનુષ્યોએ પણ ત્યાગ કરવો. ૪.

શ્રાદ્ધમાં મધનો નિષેધ છે.

यो ददाति मधु श्राद्धे, मोहितो धर्मलिप्सया ।
स याति नरकं घोरं, खादकैस्सह लम्पटैः ॥ ५ ॥

पुराण.

ધર્મની ઇચ્છાથી મોહ પામેલો જે પુરૂષ પિતૃઓના શ્રાદ્ધમાં મધ આપે એટલે બ્રાહ્મણોને મધનું ભોજન કરાવે છે, તે મનુષ્ય લંપટ એવા ભોજન

કરનારાઓની સાથે ઘોર નરકમાં પડે છે માટે શ્રાદ્ધમાં પણ મધ ન જમાડવું. ૫.

મધુહારી પાપકારી.

दीनैर्मधुकरैर्वर्गैः सञ्चितं मधु कृच्छ्रतः ।
यः स्वीकरोति निस्त्रिंशः, सोऽन्यत्त्यजति किं नरः ॥ ६ ॥

કંગાલ એવી મધની માંખીઓના સમૂહથી જે મધ મહા સંકટથી એકત્ર કરવામાં આવ્યું છે; તે મધને નિર્દય એવોજે પુરૂષ સ્વીકાર કરેછે એટલે બળાત્કારથી હરી લેછે તે પુરૂષ બીજા કયા પદાર્થનો ત્યાગ કરે? ૬.

મધુભક્ષી સદા દુઃખી.

पञ्चाप्येवं महादोषान्यो धत्ते मधुलम्पटः ।
संसारकूपतस्तस्य, नोत्तारो जातु जायते ॥ ७ ॥

જે મધનો ધારી પુરૂષ છે તે [1]પાંચ મોટા પાપને પ્રાપ્ત કરેછે અને તેનો સંસારરૂપી કુવામાંથી કોઇ દિવસ ઉદ્ધાર થતો નથી. ૭.

મધુભોગી ભવ રોગી.

संसारभीरुभिः सद्भिर्जिनाज्ञां परिपालितुम् ।
यावज्जीवं परित्याज्यं, सर्वथा मधु मानवैः ॥ ८ ॥

સંસારથી ભયને પામવાવાળા ઉત્તમ મનુષ્યોએ શ્રીજિનેશ્વર ભગવાનની આજ્ઞાનું પાલન કરવાસારૂ જીવિત પર્યંત સદા મધનો ત્યાગ કરવો. ૮.

મધુત્યાગી ઉત્તમ ભોગી.

विज्ञायेति महादोषं, मधुनो बुधसत्तमाः ।
संसारासारतस्त्रस्ता, विमुञ्चति मधु त्रिधा ॥ ९ ॥

सुभाषितरत्नसन्दोह.

સંસારના અસારપણાથી ત્રાસ પામેલા ઉત્તમ વિદ્વાનો આ પ્રમાણે મધના મહા દોષને જાણીને (મન, વચન, કાયા તથા કર્ત્તા કારયિતા, અનુમોદિતા) ત્રણે પ્રકારે તે (મધ) નો ત્યાગ કરેછે.

મધમાં શું શું હાનિ છે તે બતાવી તથા તેને ક્યારે પણ ગ્રહણ ન કરવું એમ દર્શાવી આ મધુનિષેધ અધિકાર પૂર્ણ કરવામાં આવેછે.

---

૧ હિંસા, મૃષા, ચોરી, મૈથુન, અને પરિગ્રહવૃદ્ધિ આ પાંચ મહા દોષ છે.

कन्दमूलनिषेध-अधिकार.

જેમ મધ અભક્ષ્ય હોવાથી અગ્રાહ્ય છે તેમ બ્રાહ્મણધર્મના પુસ્તકોમાં પણ ઘણે ઠેકાણે કંદમૂળનો નિષેધ કરેલ છે. કહ્યું છે કે— " लशुनं गृञ्जनं चैव, पलाण्डुः कवकानि च । अमक्ष्याणि द्विजातीनां, भुक्त्वा संस्कारमर्हति " લશુન, ગૃંજન, ડુંગળી, બીલાડીના ટોપ, આ પદાર્થો બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, આ ત્રણે જાતિને માટે વર્જિત છે તેથી જો કોઇ ઉપરની વસ્તુઓનો ઉપયોગ કરે તો તેને ઉપનયન (જનોઇ) નો સંસ્કાર ફરી લેવો જોઇએ આમ ફરમાન છે અને શ્રાવકોને માટે તો તેનો વિશેષ નિષેધ છે. કારણકે વૃત્તિમાં વિકૃતિ પેદા કરનારા તેવા પદાર્થો વૃત્તિની નિર્મળતાને અને વૃત્તિના સંયમને મોહોટી હાનિ કરેછે તેથી તે બાબતનું સ્પષ્ટીકરણ કરવાસારૂ આ અધિકારનો આરંભ કરવામાં આવેછે.

કંદમૂળના રાગીના ઘરની કઢંગી સ્થિતિ.

अनुष्टुप् (१ थी १०).

यस्मिन् गृहे सदा नार्या, मूलकः पच्यते जनैः ।
श्मशानतुल्यं तद्वेश्म, पितृभिः परिवर्जितम् ॥ १ ॥

જે ઘરમાં હમેશાં મનુષ્યો અથવા તેની સ્ત્રી કંદમૂળનું શાક રાંધે છે, તે ઘર સ્મશાન તુલ્ય છે અને પિતૃઓ તે ઘરનો ત્યાગ કરેછે. ૧.

કંદમૂળભક્ષણ કરનારની શુદ્ધિ થતી નથી.

मूलकेन समं चान्नं, यस्तु भुङ्क्ते नराधमः ।
न शुद्धिर्विद्यते तस्य, चान्द्रायणशतैरपि ॥ २ ॥

નરમાં અધમ એવો જે મનુષ્ય કંદમૂળની સાથે અન્નનું ભક્ષણ કરેછે, તેની શુદ્ધિ સેંકડો ચાંદ્રાયણ વ્રતોથી પણ થતી નથી. ૨.

રીંગણાના ભોજનથી થતી અધમ ગતિ.

भुक्तं हलाहलं तेन, कृतं चाभक्ष्यभक्षणम् ।
वृन्ताकभक्षणे चापि, नरो याति स रौरवम् ॥ ३ ॥

જે મનુષ્યે રીંગણાનું ભક્ષણ કર્યું છે તેણે હલાહલ ઝેરનું ભક્ષણ કર્યું છે અને અભક્ષ્ય પદાર્થનું ભક્ષણ કર્યું છે. કારણકે રીંગણાના શાકના ભક્ષણથી મનુષ્ય રૌરવ નામના નરકમાં જાયછે. ૩.

કંદમૂળના ભક્ષણાભક્ષણનું ફળ.

वरं भुक्तं पुत्रमांसं, न तु मूलकभक्षणम् ।
भक्षणान्नरकं यान्ति, वर्जनात्स्वर्गमाप्नुयात् ॥ ४ ॥

પુત્રનું માંસ ભક્ષણ કરવું સારૂં પણ કંદમૂળનું ભક્ષણ કરવું સારૂં નથી, કારણકે કંદમૂળના ભક્ષણથી મનુષ્યો નરકને પાત્ર થાય છે અને કંદમૂળના ત્યાગથી સ્વર્ગને મેળવે છે. ૪.

શ્વેત તથા લાલ કંદમૂળને શેની ઉપમા આપવી?

रक्तमूलकमित्याहु, तुल्यं गोमांसभक्षणम् ।
श्वेतं तं विद्धि कौन्तेय, मूलकं मदिरोपमम् ॥ ५ ॥

હે કુંતીપુત્ર ધર્મ! લાલ કંદમૂળને ગોમાંસના ભક્ષણતુલ્ય કહેલ છે અને ધોળા કંદમૂળને મદિરા (દારૂ) તુલ્ય કહેલ છે માટે બન્ને પ્રકારના કંદમૂળનો ત્યાગ કરવો. ૫.

દેવ તથા પિતૃઓને કંદમૂળ અર્પણ કરવાથી થતી હાનિ.

पितृणां देवतादीनां, यः प्रयच्छति मूलकम् ।
स याति नरकं घोरं, यावद्भवति सम्प्लवः ॥ ६ ॥

જે મનુષ્ય પિતૃ તથા દેવ વિગેરેને કંદમૂળ અર્પણ કરેછે તે જ્યાં સુધી જગતનો પ્રલય રહે ત્યાં સુધી ઘોર નરકમાં નિવાસ કરેછે. ૬.

કંદમૂળભક્ષણથી દુઃખપ્રાપ્તિ.

नीलीक्षेत्रं वपेद्यस्तु, मूलकं चोपदश्यते ।
न तस्य नरकोत्तारो, यावदिन्द्राश्चतुर्दश ॥ ७ ॥

पुराण.

જે મનુષ્ય ક્ષેત્રમાં નીલી (ગળી) નું વાવેતર કરે અને જે મનુષ્ય કંદમૂળનું ભક્ષણ કરે તેનો ચૌદ ઇન્દ્ર (બ્રહ્માનો એક દિવસ—એક હજાર ચોકડી) સુધી નરકમાંથી ઉદ્ધાર થતો નથી. ૭.

સુવર્ણની ચોરીસમાન પાપ.

हेमस्तेयसमं पापं, प्रवक्ष्यामि निशामय ।
कन्दमूलफलानां च, कस्तूरीपटवाससाम् ॥ ८ ॥

महाभारत.

એક મહાત્મા પોતાના શ્રોતા જનને કહેછે કે સુવર્ણ (સોના) ની ચોરીસમાન પાપને કહું છું તેને તું સાંભળ. તે શું ? કે કંદમૂળ અને (નિષિદ્ધ) ફળોનું ભક્ષણ તથા કસ્તૂરી અને હીરના વસ્ત્રોનો ઉપયોગ; આ સુવર્ણની ચોરી બરોબર છે. ૮.

જીવોને રહેવાનું ઘર વનસ્પતિ છે.

शाखामूलदले पुष्पे, फलकिञ्जल्कमध्यतः ।
ये जीवाः सन्ति तद्वर्णास्तान् व्याख्यातुं न कोऽप्यलम् ॥ ९ ॥

ડાળ, મૂળ, પાંદડું, પુષ્પ, ફળ અને તેના તંતુઓના મધ્યમાં તે જ્યાંસુધી કોમળ હોય ત્યાંસુધી તેવાજ વર્ણ (રંગ) ના જે જંતુઓ રહે છે તેઓનું વ્યાખ્યાન કરવાને કોઇ પણ મનુષ્ય સંપૂર્ણ સમર્થ નથી, માટે જીવદયાની ખાતર તે કંદનિષેધ કર્યો છે. ૯,

કઠોળની સાથે કાચા ગોરસાદિ પણ અભક્ષ્ય છે.

गोरसं माषमध्ये तु, मुद्गादिषु तथैव च ।
भक्षणं तु भवेन्नूनं, मांसतुल्यं युधिष्ठिर ॥ १० ॥

पुराण.

હે રાજા યુધિષ્ઠિર! અડદના મધ્યમાં તથા મગ વિગેરે કઠોળમાં કાચા ગોરસ (દહિં, છાશ વિગેરે) નું જે ભક્ષણ કરવું તે નક્કી માંસતુલ્ય થાય છે, માટે દ્વિદલાન્નમાં દહિં વિગેરેનું ભક્ષણ ન કરવું. ૧૦.

જૈન શાસ્ત્રોમાં જેમ કંદમૂળ તથા દાળમાં કાચા દહિંની સખ્ત મનાઇ છે, તેમજ પુરાણોમાં પણ કંદમૂળ વિગેરે અગ્રાહ્ય છે એમ સારી રીતે બતાવી તથા તેનો ઉપયોગ નહિ કરવો એમ સમજાવી આ કંદમૂળનિષેધ અધિકાર પૂર્ણ કરવામાં આવે છે.

મૃષાવાક્ય-અધિકાર.

નિષેધવાળાં કંદમૂળનું ભોજન કરવાથી જીવઉપર માઠી અસર થાયછે કારણકે જીવ એ શુદ્ધ સ્ફાટિક મણિ જેવો છે પણ તે જેવા સંસ્કારમાં કેળવાય તેવા સંસ્કારવાળો થાયછે તેથી તેમાં સારાં લક્ષણો તો મહેનત લઇ દાખલ કરવામાં આવે તોજ સુલક્ષણી બની શકે છે. પાપ કાર્યોનું તો શિક્ષણ ન આપ્યું હોય તો પણ તેમાં તેની સહજ પ્રવૃત્તિ થાયછે માટે હિંસાથી લઇને અભક્ષ્ય વિગેરે તમામ પાપોમાં હિંસા નામનું પહેલું પાપ કહ્યું હવે બીજું મૃષાવાક્ય નામનું મહાપાપ બતાવાયછે. કેટલાક લોકો એમ માનેછે કે, "જૂઠું બોલ્યા વિના ચાલેજ નહિ" તેથી તેવું કાર્ય કરવું જોઇએ. પરંતુ સમજવું જોઇએ કે વખતે જૂઠું બોલી અહિં થોડો સમય લાભ મળ્યો એમ દેખાશે પરંતુ પરિણામે ભયંકર સંકટો ભોગવવાં પડશે. આ બાબત સમજાવવામાટે આ અધિકાર લખાય છે.

નરકમાં જવાનો સરલ રસ્તો.

अनुष्टुप् (१ थी ७).

इह सम्पद्विनाशाय, परत्र नरकाय च ।
कूटसाक्ष्यं वदेद्यस्तु, तस्य पापफलं शृणु ॥ १ ॥

स याति यातनाः सर्वा, यावदिन्द्राश्चतुर्दश ।
इह पुत्राश्च पौत्राश्च, विनश्यन्ति परत्र च ॥ २ ॥

रौरवं नरकं भुङ्क्ते, ततोऽन्यानपि च क्रमात् ।
ये चातिकामिनो मर्त्या, ये च मिथ्याप्रवादिनः ॥ ३ ॥

तेषां मुखे जलौकास्तु, पूर्यन्ते पन्नगोपमाः ।
एवं षष्टिसहस्राणि, ततः क्षाराम्बुसेचनम् ॥ ४ ॥

नारदीय महापुराण.

આ લોકમાં અસત્ય બોલવાથી એકત્ર કરેલી સંપદ્ પરિણામે નાશને પામે છે અને પરલોકમાં નરકને માટે થાય છે એટલે અસત્યનું ફળ જીવને

ઉભય લોકથી ભ્રષ્ટ કરે છે. હવે જે પુરૂષ કોર્ટમાં જૂઠી શાક્ષી પૂરે છે તેને જે પાપનું ફળ મળે તે તું સાંભળ તે જીવ જેટલો વખત ચૌદ ઇન્દ્રો રાજ્ય ભોગવે છે એટલે ચાર યુગની એક ચોકડી એવી એકોતેર ચોકડીથી કાંઇક વધારે કાળ સુધી એક ઇન્દ્રરાજ્ય ભોગવે,* તેવા ચૌદ ઇન્દ્ર મળીને એક હજાર ચોકડી જેને બ્રહ્માનો એક દિવસ કહેછે ત્યાં સુધી નરકની તમામ યાતના (પીડા) ઓને ભોગવે છે અને પૃથ્વી ઉપર તે પુરૂષનો વંશ હોય તો તે પુત્રો પૌત્રો સહિત વિનાશ પામે છે અને પરલોકમાં રૌરવ નામના નરકને ભોગવે છે અને ત્યાર પછી ક્રમેથી બીજા કુંભીપાકાદિ નરકોને ભોગવે છે અને જગતમાં જે પુરૂષો અત્યંત કામલંપટ છે અને જેઓ અસત્યવાદી છે તેઓના મુખમાં ઝેરી સર્પોસમાન એવી જળો (જેઓ લોહીનું શોષણ કરી લેછે તે જળજંતુઓ) પૂરાય છે. એવી રીતે સાઠ હજાર વર્ષો સુધી નરકની યાતના ભોગવે છે ત્યાર પછી તે પાપી જીવઉપર ક્ષાર (ખારા) પાણીનો વર્षાદ વર્ષાવી તેનું સેચન કરવામાં આવે છે. આવી રીતે અસત્યવાદીઓને દુઃખો ભોગવવાં પડેછે. ૧-૨-૩-૪.

મૃષાવાદને નમન.

लिङ्गिनां परमाधारो, वेश्यानां परमो निधिः ।
वणिजां परमा नीवी, मृषावाद नमोऽस्तु ते ॥ ५ ॥

હે મૃષાવાદ! (હે અસત્ય ભાષણ!) તું ઢોંગી સ્વરૂપધારી વેશાગીઓનો પરમ આધાર છે, વેશ્યાઓનો મોટો ખજાનો છે અને વ્યાપારી લોકોની મ્હોટી થાપણ છે માટે તને હું નમસ્કાર કરૂં છું, અર્થાત્ મૃષાવાદનો ઉક્ત સ્થાનોમાં સારો સત્કાર થાયછે. ૫.

અસત્યવાદી મહાપાપી.

पारदारिकचोराणामस्ति काचित्प्रतिक्रिया ।
असत्यवादिनः पुंसः, प्रतिकारो न विद्यते ॥ ६ ॥

અન્યની સ્ત્રીઓમાં આસક્ત (કામી) પુરૂષો અને ચોર લોકોને શુદ્ધ કરવા માટે કોઇ જાતનો પ્રતિકાર હોય છે એટલે તે લોકો અમુક જાતનાં પ્રાયશ્ચિત્તો કરી શુદ્ધ થઇ શકે છે, પરંતુ અસત્યવાદી પુરૂષનો પ્રતિકાર નથી એટલે જૂઠાબોલા લોકોને પાવન કરવાનું પ્રાયશ્ચિત નથી. ૬.

---

* આ અભિપ્રાય પુરાણનો છે.

કૃતઘ્ન.

यत्र यो मुच्यते मायस्तत्र स्तेयं करोति सः ।
कथं न हरते वारि, वारिमध्यस्थिता घटी ॥ ७ ॥

सूक्तिमुक्तावली.

જે મનુષ્ય જ્યાં મુકાય છે ઘણું કરીને તે પુરૂષ ત્યાંજ ચોરી કરેછે. શું પાણીના મધ્યમાં રહેલી ઘેડ પાણીની ચોરી કરતી નથી? ૭.

અસત્યવાદી મહાદુઃખી.

उपजाति (८–९).

सौहार्दविश्वासविनाशि वैरसन्तापपापक्षयदुर्गतीनाम् ।
स्थानं तथा मूकजडत्वनिन्दाप्रदं निदानं विपदामलीकम् ॥ ८ ॥

અસત્ય ભાષણ સ્નેહ તથા વિશ્વાસનો નાશ કરનારૂં છે, વેર, સંતાપ, પાપ, ક્ષય તથા દુર્ગતિનું સ્થાન છે. તેમ પુનર્જન્મમાં મુંગાપણું, જડપણું અને નિંદાને આપવાવાળું છે અને તમામ દુઃખોનું નિદાન છે. માટે સજ્જન પુરૂષે સર્વથા અસત્ય ભાષણનો ત્યાગ કરવો. ૮.

અસત્ય વાક્યથી વસુ નામનો રાજા નરકમાં પડયો છે.

अलीकवाक्योद्भवपापपङ्कसम्भारसम्पूरितकाययष्टिः ।
अधः पपात प्रथितापकीर्त्तिर्वसुः क्षितीशः सह सप्तवंश्यैः ॥ ९ ॥

नरवर्मचरित्र.

અસત્ય ભાષણથી ઉત્પન્ન થયેલ પાપરૂપી પંક (કાદવ) ના સંભારથી જેની કાયા પૂર્ણ થયેલ છે અને જેની અપકીર્ત્તિ પૃથ્વીમાં પ્રસિદ્ધ થયેલ છે એવો વસુ નામનો રાજા સાત વંશજ પુરૂષો સાથે નીચે પડયો છે. અર્થાત્ નરકગામી થયો છે. ૯.

સમુદ્રનું પણ પાછું હઠવું.

इन्द्रवज्रा.

एवं करोमीति कृतप्रतिज्ञो, यः स्वीकृतं नैव करोत्यसत्वः ।
यात्यस्य संस्पर्शजकश्मलानां, प्रक्षालनायाब्धिरपीह नालम् ॥ १० ॥

सूक्तिमुक्तावली.

આ પ્રમાણે હું કરૂંછું (કરીશ) એમ પ્રતિજ્ઞા કરીને ધૈર્યહીન એવો જે પુરૂષ સ્વીકારેલ કાર્યને કરી શકતો નથી તેવા પુરૂષને અડકવાથી ઉત્પન્ન થયેલ પાપોનું પ્રક્ષાલન કરવાને આ લોકમાં સમુદ્ર પણ સંપૂર્ણપણાને પામતો નથી. અર્થાત્ ભ્રષ્ટપ્રતિજ્ઞ મનુષ્યને અડકવાથી પણ પાપ લાગેછે ને તે પાપ એવડું મ્હોટું છે કે તેનો મળ આખા સમુદ્રના પાણીથી પણ ધોઇ શકાતો નથી. ૧૦.

અસત્યથી હાનિ.

वंशस्थवृत्त.

असत्यमप्रत्ययमूलकारणं, कुवासनासद्म समृद्धिवारणम् ।
विपन्निदानं परवञ्चनोर्जितं, कृतापराधं कृतिभिर्विवर्जितम् ॥ ११ ॥

જૂઠું બોલવું તે અવિશ્વાસનું કારણ છે, (અર્થાત્ જૂઠું બોલનારનો કોઇ વિશ્વાસ કરતું નથી,) પાપબુદ્ધિનું ઘર છે, લક્ષ્મીને આવતી અટકાવનારૂં છે, દુઃખોનું કારણ (આપનારૂં) છે, બીજાઓને છેતરવામાં બળવાન્ છે, વળી તે (અસત્ય વચન) પાપવાળું છે, તેથી સત્પુરૂષોએ તે વચનનો ત્યાગ કર્યો છે. ૧૧.

તથા—

शिखरिणी.

यशो यस्माद् भस्मीभवति वनवह्नेरिव वनं,
निदानं दुःखानां यदवनिरुहाणां जलमिव ।
न यत्र स्याच्छायातप इव तपःसंयमकथा,
कथञ्चित्तन्मिथ्या वचनमभिधत्ते न मतिमान् ॥ १२ ॥

सिन्दूरप्रकर.

બુદ્ધિશાળી મનુષ્ય ક્યારે પણ મિથ્યા વચન બોલતોજ નથી, (કારણકે) જેમ દાવાનળથી વન નાશ પામે છે તેમ જૂઠું બોલવાથી (મનુષ્યની) કીર્ત્તિ નાશ પામે છે, જેમ વૃક્ષોનું નિદાન (પોષક) જળ છે, તેમ દુઃખોનું નિદાન (આપનારૂં) અસત્ય વચન છે, જેમ તડકામાં છાયા નથી, તેમ અસત્ય વચનમાં તપ તથા ચારિત્રની વાર્તા પણ નથી. (અર્થાત્ અસત્ય વચનનો ત્યાગજ કરવો.) ૧૨.

શેષનાગથી બળવાન્.

शार्दूलविक्रीडित.

जिह्वैकैव सतामुभे फणवतां स्रष्टुश्चतस्रश्च ता-
स्ताः सप्तैव विभावसोर्नियमिताः षट् कार्त्तिकेयस्य च ।
पौलस्त्यस्य दशाभवन्फणिपतेर्जिह्वासहस्रद्वयं,
जिह्वालक्षशतैककोटिनियमो नो दुर्जनानां मुखे ॥ १३ ॥

सुभाषितरत्नभाण्डागार.

સત્પુરૂષોને એક જિહ્વા (જિભ) છે, ફણુવાળા સર્પોને બે જિહ્વા છે, બ્રહ્માજીને ચાર જિહ્વા છે, અગ્નિને સાત છે, કાર્તિકસ્વામીને છ અને રાવણને દશ તથા શેષનાગને બે હજાર, એમ જિહ્વાનો નિયમ છે પણ મિથ્યાવાદી-દુષ્ટ મનુષ્યના મુખમાં લાખ જીભો છે કે કરોડ છે તેનો નિયમજ નથી. ૧૩.

જૂઠું બોલવાથી થતી હાનિ.

દોહા.

જૂઠા બોલાનું જુઓ, બધું જૂઠમાં જાય;
વિંછી કરડે ભાંડને, સાચે જૂઠ મનાય. ૧૪

જે જન કદી જૂઠો પડે, એક વાર કો ઠામ;
સુણતાં સંશય ઉપજે, તેના બોલ તમામ. ૧૫

તથા—

મનહર.

જૂઠું બોલી અને દીએ સત્યતાની શિખામણ,
લોકને કહો તે ઉપદેશ કેમ લાગશે;
જૂઠું બોલે તે જરૂર મહાપાપનુંજ મૂળ,
જૂઠું બોલવાથી શૂલ સહસ્રધા જાગશે;
જૂઠું બોલે તે ગણાય કોરટનો ગુન્હેગાર,
જૂઠું બોલનારતણો ભારબોજ ભાંગશે;
કહે દલપતરામ જાણવું જરૂર આમ,
કોઇ સમે કોરટ સાચો જવાબ માગશે. ૧૬

જૂઠાનો જરૂર જુઓ જગમાંથી જશ જાય,
　　જીવ્યો તે ન જીવ્યો જેને જન જાણે જૂઠો છે;
જૂઠું બોલી જગતને સમજાવે જેમ તેમ,
　　આ લોકમાં એવું જાણો એનો દિન ઉઠયો છે;
જૂઠું બોલી જાણે તુષ્ટમાન કરી માન પામું,
　　ત્રિભુવનમાંહી કહો તેને કોણ ત્રુઠયો છે;
જૂઠા બોલો જન ચોર ઢોર કે હરામખોર,
　　કહે દલપતરામ એને રામ રૂઠયો છે. ૧૭

દશ મોઢે બોલનાર આ સમે અપાર દીસે,
　　રાવણની ઉપમા લખી, નથી નવાઇની;
ઉપમા પ્રમાણે ચિત્ર ચિત્રવાની ચાલ પણ,
　　ભાસે દેશ દેશમાં હમેશ ખાઇભાઇની;
ઉપમા વિના આનંદ ઉપજે ન અંતરમાં,
　　તે તો છે પુરાતનની રીત પંડિતાઇની;
સુણો રૂડા રાજહંસ દાખે દલપતરામ,
　　કવિની ન ચૂક મૂર્ખનીજ મૂરખાઇની. ૧૮

દલપત.

તેમજ—

પદ.

(હરિ ભજનવિના૦—એ ઢાળ).

જૂઠું જૂઠું, જૂઠું ખાવું પીવું જૂઠું ચાલવું!
અવધી અવધી! જૂઠું મેળવવું જર જૂઠું મ્હાલવું! ટેક૦

વ્યવહાર વિશેષ બગાડયો છે, નીતિ ને ન્યાય નસાડયો છે,
એ સાર છેવટે કાઢયો છે— જૂઠું જૂઠું૦ ૧૯

જો ઉડાડેજ અસત્ય કહી, તો તે પોંચેલ ગણાય સહી,
રે! લેશ સત્યનો અંશ નહિ— જૂઠું જૂઠું૦ ૨૦

'વેપારવિષેજ અસત્ય વિના, ચાલે નહિ મૂડી થાય ફના!
માટે એમાં નહિ એની મના!'— જૂઠું જૂઠું૦ ૨૧

જુઠિ સાક્ષી પૂરે કોરટમાં, ગભરાય ન સમ ખાતાં ઘટમાં,
ઉલટી વૃદ્ધિ થઇ ખટપટમાં— જૂઠું જૂઠું૦ ૨૨

ઉલટી તેમાં ચતુરાઇ ગણે, પ્રભુના હૂકમ હમેશ હણે,
પણ પાપી ધીરજથી ન ધુણે— જૂઠું જૂઠું૦ ૨૩

સુબોધ ચિંતામણિ-વલ્લભદાસ પોપટભાઈ.

ગપઉપર ગપ.

*દિલ્હીનો જયમલ્લ નામનો મલ્લ બાદશાહના તમામ મલ્લોસાથે કુસ્તી કરી જીત મેળવી ઘણો હરખાઈ ગયો અને કહેવા લાગ્યો કે હવે અહીંઆં તો મારા જેવું કોઇ જબરૂં નથી. અહીં નથી તો દુનિયામાં પણ ક્યાંથી હોય! અરે! કેની માએ શેર સુંઠ ખાધી છે કે મારી બરાબરી કરી શકે? માટે હવે તો દિગ્વિજય કરવા ચૂકવું નહિ. ઘણા રાજારજવાડા છે ત્યાં જઇ કાંતો લડનાર અને તે નહિ તો સવા મણ સોનાના પૂતળાની માગણી કરવી. લડનાર તો કોઇ હશે ત્યારે આપશેકની? આમ કરવાથી સોનાનાં પૂતળાં મળશે માટે આ કમાવાની તક ખોવી નહિ. વળી દુનિયામાં આપણી જીતના ડંકા વાગે એ થોડી મગરૂબીનું કારણ નથી. આવા વિચારથી પરદેશમાં વિજય કરવા નીકળ્યો.

મોટા મોટા રજવાડા અને શહેરમાં જયમલ્લ ફરી વળ્યો, ત્યાં કોઇ લડનાર મળ્યું નહિ; પરંતુ જ્યાં જ્યાં ગયો, ત્યાંથી વિજયની નિશાનીતરીકે સવા મણ સોનાનું પૂતળું લીધું. આ પ્રમાણે ચાળીશ પૂતળાં એકઠાં થયાં પણ કોઇ માથાનો મળ્યો નહિ. મલ્લને આથી ઘણોજ ગર્વ ઉપજ્યો.

જયમલ્લ ફરતો ફરતો અમદાવાદની બજારમાં આવી ચડયો. કમરપર ચાળીશ પૂતળાં સોનાના બાંધીને ચૌટા વચ્ચે ઉભા રહી કહ્યું કે, મારી સાથે કોઇ લડનાર આપો, નહિ તો સવા મણ સોનાનું પૂતળું આપો. ઘણા લોકો એકઠા થયા હતા તેમાંથી "પારકા છોકરાને જતી કરવા" મશ્કરીમાં એક જણ બોલી ઉઠયો કે–અહો મલ્લ! તમારી સાથે લડે એવો ગાંગલી ઘાંચણનો છોકરો કતડીઓ અમારા શહેરમાં છે. તેને ત્યાં જાઓ તે તમારી સાથે લડશે.

મલ્લ તો લાગલોજ ગાંગલી ઘાંચણને ઘેર ગયો અને તજવીજ કરી તો ઘરમાંથી કતડીઆની ઓરતે જવાબ આપ્યો કે "તે તો ઘેર નથી, ગામ ગયા છે." મલ્લે ફરીને પૂછયું, "કયે ગામ ગયો છે અને કયારે આવશે?" બાઇએ ઉત્તર દીધો કે અહીંથી ત્રીશ ગાઉઉપર ગામ છે, ત્યાં અમારા શેઠનું સો ગાડાં લોઢું છે, તે લેવા આજ સવારના ગયા છે, તે લઇ સાંજે પાછા આવશે. પોતાની ખાંધપર ખેંચી લાવવું છે, માટે ઘડીક મોડું વહેલું વખતપર થાય તો થાય, પણ આજે અચુક ઘેર આવશે. મલ્લે આશ્ચર્ય પામી સવાલ કર્યો કે ખાંધપર શીરીતે લાવશે? બાઇએ કહ્યું કે દરેક ગાડાનો ઊંટડો આગળના ગાડામાં ભરાવી સૌથી આગલા ગાડાનો ઊંટડો પોતે ખાંધપર લઇ ખેંચશે એટલે તમામ ગાડાં ખેંચાતાં આવશે.

ઘાંચણનાં આવાં વેણ સાંભળી મલ્લના તો હાંજાજ ગગડી ગયા. અધધધ! સો ગાડાં લોઢું ખેંચી સાઠ ગાઉનો પંથ કરી ઘેર સાંજે પાછો આવશે!

* કૌતુકમાળા.

ઘણી અજબની વાત છે! ઘાંચી જબરો દેખાયછે! પણ તેની સાથે લડવું તો ખરૂં. 'હિંમતે મરદા તો મદદે ખુદા' એને કાંઇ દાવપેચ આવડતા નહિ હશે, તેથી હું તેને સહેજવારમાં હરાવીશ, પરંતુ અહિં લડવું ઠીક નહિ. કદાચ દૈવ-ઇચ્છાથી ઘાંચી જીતે તો શહેરના લોકો મારી ફજેતી જુએ, માટે તેની સામે જવું અને વગડામાં કુસ્તી કરવી એ ઉત્તમ રસ્તો છે. કદાચ આપણે હાર પામીએ તો પરબારા પોબારા ગણવાનું ઠીક પડે. આવો વિચાર કરી જયમલ ઘાંચીની સામો ચાલ્યો. થોડાક ગાઉ ચાલ્યો એટલે ઉડતી ધૂળવચ્ચે ગાડાંઓની હારની હાર આવતી દીઠી. વગર બળદે ગાડાં આવતાં જોઇ, તેણે જાણ્યું કે ઘાંચણનો છોકરોજ એ ગાડાં ખેંચી લાવતો હશે. નજીકમાં આવ્યો ત્યાં તો ખાત્રી થઇ કે આ માણસ મારીસાથે લડનારો છે, તેથી કાંઈ પણ ચેતવણી આપ્યા સિવાય જયમલ્લે એકદમ ધસારો કરી ઘાંચીને ભોંયપર નાંખ્યો. ઘાંચી કાંઇ મલનો ગાંજ્યો જાય એવો નહોતો. યુક્તિથી મલના હાથમાંથી છટકી સામો મૂછપર તાર દેતો, જંઘાતાડન કરતો તથા મોટા ડોળા ધુરકાવતો, મલની સામે તિરસ્કારથી જોતો ઉભો રહ્યો. મલ્લે એક જબરી રીડ કરી ઘાંચીની ગરદનપર થપ્પડ મારી, તેને પાડી, પોતે ઉપર ચડયો તેવોજ ઘાંચી પણ પેચ કરી તળેથી ઉપર થઇ ગયો. આ રીતે ભોંયપર બંનેની મરદામી કુસ્તી ચાલી. પરસ્પર લડતા જાયછે ને ઉપર તળે થતા જાયછે. કોઇ કોઇને ચીત કરવા સમર્થ થતો નથી. એવામાં બંને પાંચ ગાઉ આગળ નીકળી ગયા. એકતરફ ગાડા માંહેલું લોઢું વેરાઇ ગયેલું છે અને બીજીગમ મલની કમરેથી છૂટી ગયેલાં સોનનાં પુતળાં પણ પડયાં છે. તેવામાં જંબુરી નામની એક કોળણ છાણાં વીણવામાટે ટોપલો લઇ આવી, તેની નજરે એ બધું પડયું. ચારેતરફ જોયું તો કોઇ માણસ દીઠું નહિ તેથી જંબુરી હરખાઇને તમામ લોઢું તથા સોનું ટોપલામાં ભરી ટોપલો પોતાની જાતે માથાપર ચડાવી ગામભણી ચાલતી થઇ!

પેલો મલ્લ અને ઘાંચી છેવટ થાકી ગયા. કોઇની હારજીત થઈ નહિ એટલે કાયર થઇ છૂટા પડ્યા. મલ્લના મનનું અભિમાન ઉતરી ગયું. અરે! હજી હું જીતી ન શકું એવા જોરાવર પણ પડ્યા છે! આથી તે નરમ ઘેંસ અને ગર્વરહિત થઇ ગયો. ઘાંચીના મનમાં અભિમાન વધ્યું. આહા! જયમલ જેવો દિગ્વિજય કરનાર મલ પણ મને જીતી શકયો નહિ, તો હવે મારી બરાબરી કરનાર કોણજ હોય? એમ માનવા લાગ્યો. બંને જણ પોતાના માલની તપાસ કરવા આવ્યા તો ફક્ત ખાલી ગાડાં જોયાં. પૂતળાં કે લોઢું માલમ પડયું નહિ, તેથી તેઓ પણ વિસ્મિત થઇ આસપાસ જોવા લાગ્યા, તો ઘણે દૂર એક બૈરીના માથાઉપર સુંડલો જોવામાં આવ્યો તેમાંનાં પૂતળાંનો ચળકાટ જોઇ બંનેને ખાત્રી થઇ કે એ સઘળું તે બાઇ લઇ જાયછે. તે એટલેબધે દૂર હતી કે સાદ કરવાથી સાંભળે એમ નહોતું; તેમજ ઉતાવળી ચાલી

જતી હતી તેથી થાકેલ પાકેલ મલ તથા ઘાંચી તેને પહોંચવાને શક્તિવાન હતા નહિ. તેથી નિરાશ થઇ ગયા. ઘાંચીના મનમાં આવ્યું કે, અરે! હું ફક્ત લોઢાનાં ગાડાં ખેંચી લાવ્યો તેથી મને કેટલુંક દુઃખ થયું છે. પણ આ તો લોઢા ઉપરાંત પૂતળાંનો ભાર છતાં ઝડપથી ચાલી જતી જણાયછે, તો એ મને પણ ટક્કર મારે એવી ખરી. આવા વિચારથી તેનું અભિમાન ઉતરી ગયું.

જંબુરીના માથાપરનો અગાધ ભાર તેને ફુલના જેટલો હલકો હતો. તે અતિશય મગરૂબી સાથ લટક મટક કરતી જાયછે તેવામાં એકાએક જબરો વંટોળીઓ ચડી આવ્યો. તેના વમળમાં જંબુરી અટવાઇ ગઇ ને માથાનો ટોપલો આકાશમાં ઘણે ઉંચે ઉડયો. વંટોળીઓ નરમ પડયો એટલે ટોપલો નીચે ઉતરવા લાગ્યો, તે ઉતરતાં ઉતરતાં રાજાની રાણી બારીએ જોતી બેઠી હતી તેની આંખમાં પડયો. રાણીએ તો આંખ ચોળી દાસીને બુમ મારી કે મારી આંખમાં કણું પડયું તેથી વેદના બહુ થાયછે.

દાસીએ તરતજ લાલો નામનો કાણીઓ હજામ જે કણું કાઢવામાં હોશિયાર હતો તેને તેડાવ્યો. તેણે આવી આંખ ફાડી મહે નજર કરી તો સોના ને લોઢાના ઢગલા જોયા. તેથી પક્કા હજામે રાણી પાસે માગી લીધું કે મારી મહેનતના બદલામાં આંખમાંથી જે કણું નીકળે તે મને આપવું. રાણીએ આવી નજીવી માગણી હસીને કબુલ રાખી. હજામે ધીરે ધીરે આંખમાંથી તમામ લોઢું, સોનું તથા ટોપલો બહાર કાઢયાં. ૧૦૦ ખાંડી લોઢું તથા સવા મણનું એક એવાં ચાળીશ સોનાના પૂતળાંનો ઢગલો જોઇ, લોંડીઓની દાનત બગડવા લાગી. પણ રાણીએ વચન આપ્યું હતું, તેથી તમામ હજામને લઇ જવા દીધું. સૌ કોઇ હજામને શાબાશી આપવા લાગ્યા. રંગ છે! જો તું હાજર ન હોત તો રાણીની આંખમાંથી આ બધું કાઢત કોણ? અલ્યા તું કસબી ખરો! બીજાનો ભાર નહિ. આવાં વાકયથી તે બહુ ફુલાયો. અદક પાંસળીઆને અભિમાન આવ્યું! કાણીઆ હજામની ઠગળી ચસકી. તુરત તે લુહારને ત્યાં ગયો અને આંખમાંથી નીકળેલા લોઢાનો ચીપીઓ કરાવ્યો તથા સોનાનાં પૂતળાં ભંગાવીને ઘુઘરીઓ કરાવી, ચીપીઆફરતી ટંગાવી. આ ચીપીઓ કોથળીમાં રહી શકે એવો નહોતો તેથી તે ખભાપર કે હાથમાં રાખી ઘુઘરીઓનો ઘમકાર કરતો બજારમાં હજામત કરવા નીકળે. તે વખત દેશી પરદેશી લોકો જુએ તે વિસ્મિત થઇ હજામને તેસંબંધીની વાત પૂછે. મૂળ મિઆં ને દારૂ પીધો, તે મિસાલે મૂળ તો દોઢ ડાહ્યો ને વળી કાણીઓ: તેમાં વળી કણું કાઢયાની વાત હાથમાં આવી તેથી એવા ડોળથી વાત કહે કે, સાંભળનારના મનમાં હજામની બરાબરી કરનાર કોઇ નથી એમ ઠસી જાય.

આ વાત જંબુરી કોળણના જાણવામાં આવી એટલે તેણે પોતાનો ટોપલો વંટોળીઆમાં ઉડી ગયો હતો તેજ તે જાણ્યો. આથી તેનો ગર્વ ઉતરી

ગયો, જે ભાર હું માથાપર રાખતી તેજ રાણીની આંખમાં રહ્યો તો ધન્ય છે તેમને!!

એક દિવસ વગડામાં રહેનારો એક જડસાજેવો ભરવાડ હજામત કરાવવા શહેરમાં આવ્યો. તેને જોતાં જોતાં કાણીઓ લાલો હજામ મળી આવ્યો. તેણે કહ્યું, "અલ્યા હજામ! મારી હજામત કરતો જઈશ?" લાલાએ હા કહી, તેથી તેની હજામત કરવા એક દુકાનના ઓટલાપર તે લાલીઓ બેઠો. હજામત કરી રહ્યા પછી હોંસે હોંસે હજામ પેલા ચીપીઆવતી નાકમાંના વાળ લેવા માંડ્યા. એવામાં ભરવાડે ઉંચો શ્વાસ લીધો તેથી ચીપીઓ નાકમાં ચાલ્યો ગયો!! હજામ તાતો-ઉનો થઈ ભરવાડસાથે તકરાર કરવા લાગ્યો કે મારો ચીપીઓ લાવ. ભરવાડ કહે, "મેં કાંઇ લીધો નથી. શ્વાસ ભેગો ઉંચો ચડી ગયો તેમાં મારો વાંક શો? જ્યાં હોય ત્યાંથી શોધી લે." હજામ કાછડો વાળી માથું ભરવાડના નસકોરાં આગળ રાખી ઉભો રહ્યો. ભરવાડે શ્વાસ ઉંચે ચડાવ્યો એટલે સડસડાટ નાકમાં હજામ પણ ચાલ્યો ગયો. ચીપીઆની તપાસ કરવા અંદર ચારે તરફ ફર્યો પણ કાંઇ પત્તો લાગ્યો નહિ. છેવટ તેની આશા મૂકી બહાર નીકળવાનો માર્ગ શોધવા લાગ્યો તો તે પણ મળે નહિ. નિરાશ થઇ એક ઠેકાણે બેઠો. એવામાં તેને એક રબારી મળ્યો તેને પૂછ્યું, "ભાઇ મારો ચીપીઓ ક્યાંએ દીઠો!" રબારી કહે, "તને તારા ચીપીયાની પડી છે; પણ મારી નવસો નવાણું સાંઢ આજ ત્રણ મહિના થયાં અંદર આવી છે પાણ જડતી નથી માટે તેની તો વાત કર!!" હજામ આ સાંભળી હેરત પામી ગયો. અને બોલ્યો કે બાપલીઆ! હવે તો ચીપીયાની મા મૂઇ પણ જો જીવતા બાહાર નીકળીએ તો બસ છે, માટે કાંઇ રસ્તો તો બતાવ? રબારી કહે છે, "નિકળવાનો રસ્તો તો શોધીશું ત્યારે હાથ આવશે, પણ આજ ત્રણ મહિના થયા નાકમાં રહીને શરદી થઇ ગઇ છે, માટે મારી પાસે ચકમક છે તેનો દેવતા પાડી ચલમ પીએ." એમ કહી રબારીએ ચકમકવતી દેવતા પાડ્યો ને ચલમ ભરી પીવા લાગ્યો. આથી ભરવાડના નાકમાં સળવળાટ થઇને છીંકો આવી. તેના જોરથી રબારી, હજામ, ચીપીઓ ને નવસો નવાણું સાંઢ બહાર નીકળી પડયાં!! હજામનો ગર્વ તદન ઉતરી ગયો.

આ વાત તદન અશક્ય છે તેથી તે ગપ કહેવાયછે. તેનો હેતુ વાતમાં ખુલ્લો છે.

ગપ સામું ગપ.

દિલ્હીમાં રહેનાર ફક્કડખાં અને રણધીરસિંહ બે મિત્ર હતા. એક સમયે તેઓ હાસ્યવિનોદની વાતો કરતા હતા તે વખત ફક્કડખાં પોતાના દિલોજાન

દોસ્ત રણધીરસિંહને કહેવા લાગ્યો કે, "યાર, અબ જમાના ફિર ગયા! કુછ કેહનેકી બાત નહીં. હમેશ બાપુ બાદશાહકા બડા રિસાલદાર થા, ઉસકે તાબેમેં ઘોડેસ્વાર થે ઇસકી તો કુછ ગીનતીબી નહીં હોસકતી! ઘોડેકે વાસ્તે તબેલાબી કયા બડા!! ઉસકા એક છેડા ઉત્તર તો દુસરા દખન!!!

શ્રોતા રણધીરસિંહ વિસ્મિત થઇ ગયો પણ 'ગોળે મરે તેને વિખે નહિ મારવાનું' ઉત્તમ ધોરણ ધ્યાનમાં લઇ વિચાર્યું કે એને એના જેવીજ ટાઢા પહોરની તોપથી સમજાવવો એ વધારે સારૂં છે. તેથી તે બોલ્યો, "ભાઇ, એ વાત બાદશાહના વખતની હોય તેમાં નવાઇ નહીં, મારા બાપને હથિઆરનો ઘણો શોખ હતો, અનેક જાતના દેશી પરદેશી હથિઆર ભેળાં કરી રાખતા હતા, તેમાં એક ભાલો એવડો મોટો હતો કે તેનો એક છેડો જમીનપર તો બીજો આસમાનમાં!"

કુકડખાં—એ તો બડા ગપ! એતા બડા ભાલા રખતેથે કીધર!! સારે દિન હાથમેં તો નહીં રખતેથે!! રખનેકા ઠિકાના બતાઓ તબ તુમ્હારી બાત સચી, નહીં તો બડા ગપ.

રણધીરસિંહ—(હસતો હસતો) તમને ખબર નથી!! એ ભાલો તો તમારા બાપના તબેલામાંજ મૂકતા હતા!!!

આ સાંભળી મિઆંભાઇ ઘા માની ચૂપ થઇ ગયા. (હવે જો રણધીરસિંહને જૂઠો પાડવા એવડો તબેલો નહોતો એમ કહવા જાય તો પોતે કહેલી વાત પણ ખોટી પડે.)

કોઇની વાત ખોટી હોય તો તેને મોઢેજ ખોટી કહેવાના કરતાં કહેનાર માણસને રીસ ચડે નહિ અને પોતાની વાત ખોટી છે એમ સહેજ સમજી જાય એવી યુક્તિ આ વાત બતાવી આપેછે.

ગપમાં ગોટાળો.

"જરી જુઠ બોલન લોભ વશ થઇ ટેક નહીં તજ જીવતાં."

*એક તપસ્વી દરીઆકિનારાઉપર બાર વર્ષની અવધની અમરફળ મેળવવા પુષ્કળ તપશ્ચર્યા કરતો હતો. તેને તપશ્ચર્યા કરતાં કરતાં સાડા અગ્યાર વરસ થયાં, તે વખતે દરિયાકિનારે વૃક્ષમાં વસતા સેતાને તે તપસ્વીનું સત્ય જોઇ વિચાર્યું કે આનું મન સંસારના પ્રપંચી કામોથી કિંવા દુષ્ટ વિકારોથી દૂષિત થયું છે કે નહિ? એ પરીક્ષા તો કરવી જોઇએ, એમ વિચારી તે સેતાને કાગડાનું રૂપ ધારણ કર્યું જે વૃક્ષ નીચે તપસ્વી તપશ્ચર્યા કરતો હતો, તે

* બીરબલ બાદશાહ.

ઝાડઉપર ઘણા વખતથી હંસ ને હંસિની રહેતાં હતાં, તેપૈકી હંસરાય ફરવા ગયેલો હતો અને હંસિની ત્યાં બેઠેલી હતી તેના માળામાંજ તે કાગડો જઇ બેઠો. જ્યારે હંસ ઘેર આવ્યો અને કાગડાને પોતાના મકાનમાં બેઠેલો દીઠો તેથી તેને પૂછ્યું કે–'તું મારા મકાનમાં કેમ બેઠો છે ચાલતો થા અહિંયાથી.' હંસનું આ પ્રમાણે બોલવું સાંભળી કાગડો બોલ્યો કે 'આ ઘર મારૂંજ છે.' છતાં તું મને અહીંથી કહાડનાર કોણ છે? આવું કાગડાનું બોલવું સાંભળી હંસને ઘણોજ ગુસ્સો આવ્યો અને બન્ને જણની વચમાં ભારે તકરાર જામી. છેવટ હંસે વિચાર્યું કે 'આખર કાગડાની જાત નીચ છે જેથી એની સાથે વિશેષ બોલવું એ મારા ભૂષણને કલંકિત કરનારૂં છે માટે અદલ ઇન્સાફી દિલ્હીપતિ શહેનશાહ અકબરશાહ હજુરમાં જઈ અરજ ગુજારૂં તો આ નીચને યોગ્ય શિક્ષા આપી મને મારી હંસિની તથા મકાન અને બચ્ચાં સ્વાધીન કરી આપશે.' આવા વિચારથી અકબરશાહની હજુર જઇ પોતાની સર્વ હકીકત રોશન કરી, તેથી બાદશાહ આલીજહાંએ તે કાગડાને બોલાવી મગાવવા હુકમ કર્યો. હંસ બાદશાહ અગાડી ફરિયાદ કરવા ગયો છે, એવું કાગડાનું રૂપ ધારણ કરનાર સેતાનની સમજમાં આવ્યું, ત્યારે કાક કાક શબ્દ પોકારવા લાગ્યો, જેથી જ્યાં ત્યાંથી સેંકડો કાગડા ત્યાં આવી પહોંચ્યા અને પૂછવા લાગ્યા કે–'કેમ શું કામમાટે બોલાવવાની જરૂર પડી?' કાગડો બોલ્યો કે 'ભાઇ! આજે તમોને ઘણા અગત્યના કામસારૂ બોલાવેલ છે, કે આ હંસિનીના હંસે મારા ઉપર અકબરશાહ અગાડી ફરિયાદ કરી છે, તેથી ત્યાં મને પણ તેડું થશેજ માટે તમો સઘળાએ એટલીજ સાક્ષી આપવી કે, આ હંસિની આ કાગડાની વહુ છે અને એની સાથે જ્યારે તે પરણ્યો હતો ત્યારે અમો સઘળા જાનમાં ગયા હતા, તેથી કહી શકીએછીએ કે, આ હંસિની અને એ મકાન તથા બચ્ચાં વિગેરે આનાંજ છે. જો તમે મારી આ વખતે આટલી તરફદારી–પક્ષ કરશો તો, એક મડદું બતાવીશ કે જેથી તે એક મહિનાસુધી તમારે ખાવાનું ચાલશે.' આ પ્રમાણે કાગડાનું બોલવું સાંભળી સર્વ કાગડાઓએ તે મડદાંની લાલચને લીધે કાગડાના કહેવા પ્રમાણે કબુલ કર્યું. પછી પેલા કાગડારૂપી સેતાને તપસ્વીને જઈ કહ્યું કે તમો ઘણી મુદતથી તપશ્ચર્યા કર્યા કરોછો; છતાં કશી હજુ ઇષ્ટસિદ્ધિ થઈ નથી માટે જો જરા મારૂં કહ્યું માનો તો જેમાટે સાડા અગીઆર વર્ષથી મહા દુઃખ વેઠોછો તેજ ધારેલી વસ્તુ–સુંદર અમરફળ લાવ્યો છું તે તમોને આપું, એમ કહી અમરફળ દેખાડ્યું. એટલે તપસ્વી તો લાલચને વશ થયો અને કહેવા લાગ્યો કે; શું કહેવા માગોછો? તમે જે કહેશો તે હું કરવા કબુલ છું આ પ્રમાણે તપસ્વીનું બોલવું સાંભળી સેતાને વિચાર્યું કે 'લોટમાં પાણી પડ્યું, લાલચમાં લપટાયા, અહા! યોગી, યતિ, અબધુત, સન્યાસી, ઉદાસી અને મહાત્માઓ, અરે! ઇંદ્રાદિક દેવો પણ લોભની ઝપટમાં લપટાઈ ગયા છે! લોભ એજ પાપનું મૂળ છે! લોભ

એજ સર્વ કર્મ, ધર્મ, અને શરમનું સત્યાનાશ વાળનાર છે! લોભ એજ મિત્રતા, સગાં, સહોદર તથા પુત્રપૌત્રાદિકોમાં વિરોધ કિંવા કાપાકાપી કરનાર છે! લોભ એજ સદ્‌ગુણ અને પ્રતિષ્ઠાની હાનિ કરનાર છે! વિશેષ શું કહેવું, પણ લોભમતિ મનુષ્ય મતિ અને રતિને ભ્રષ્ટ કરનાર છે. જે એ દુષ્ટ લોભના ઝપાટાથી બચ્યો છે તેજ જગતને વંદનથી પૂજન કરવા યોગ્ય થાયછે અને ધન્યવાદને પામેછે.

તદનંતર તપસ્વી પ્રત્યે તે કાગરૂપ સેતાને કહ્યું કે, 'હું એટલુંજ કહેવા માગુંછું કે, બાદશાહની હજુરમાં તમારે કહેવું કે હું સાડાઅગીયાર વર્ષથી જે વૃક્ષ નીચે રહુંછું તે વૃક્ષઉપર કાગડો આ હંસિની સહિત સદા રહેછે એમ નિરંતર જોઉંછું તથા મકાન, બચ્ચાં વિગેરે એનાંજ છે અને આ હંસ 'મારૂં ઘર તથા સ્ત્રી છે' એવો દાવો ધરાવેછે, પણ તે તદન ખોટો છે; કેમકે સાડાઅગીયાર વરસની મુદતમાં તો મેં એ હંસને તે વૃક્ષઉપર આવેલો કોઇ વખત દીઠો નથી. બસ એટલુંજ કહેવું.' કાગડાનું આ પ્રમાણે બોલવું સાંભળી તપસ્વીએ તેના કહેવા પ્રમાણેજ અમરફળની આશાએ હા પાડી. કેટલેક વખતે બાદશાહનો મોકલેલો અમલદાર આવી પહોંચ્યો અને દિલ્હીપતિ જહાંપનાહનો હુકમ તે કાગડાને સંભળાવ્યો, જેથી તે કાગડો તથા કાગડામંડળ શાહની હજુરમાં જવા રવાના થઈ ટુંક મુદતમાં સૌ દિલ્હીપતિ હજુર જઇ પહોંચ્યા. જ્યારે અકબરશાહે કાગડાને પુછ્યું કે 'આ હંસના ઘરબારનો તું જબરાઇથી ધણી થઇ પડયો છે એવી ફરિયાદ મારા હજુર થઇ છે તેવિષે તારૂં શું કહેવું છે? કાગડે કહ્યું કે હજુર આલી આલમપનાહ! હું જબરાઇથી ધણી થઇ પડયો નથી પણ એ પોતાની જબરાઇથી મારા ઘરનો ધણી થઈ પડવા માગેછે, જો હું વાત ખોટી કહેતો હઉં તો મારી પાસે આખી ન્યાત સાક્ષીદાર છે. જેથી તેની ગવાહી–સાક્ષી લઇ દરયાફ્ત કરો, શાહે તે કાગડાઓની સાક્ષી લીધી તો દરેકનું એજ પ્રમાણે કહેવું થયું કે, આ હંસિની એની વહુ છે, કેમકે અમે સઘળા એની જાનમાં ગયા હતા, જેથી હીમ્મતથી કહી શકીએછીએ કે, એ ઘર કાગડાનું છે અને હંસ જૂઠો છે. શાહે આ જુબાની સાંભળી હંસને કહ્યું કે આખી ન્યાત એની તરફેણમાં સાક્ષી આપેછે માટે હવે તારી પાસે બીજો કાંઇ પુરાવો છે કે નહિ? હંસ બોલ્યો કે નેક ન્યાયી ખુદા સત્યનો બેલી છે! એ કાગડાઓ સાક્ષી પુરેછે તેમાં નવાઇ જેવું શું છે? કેમકે એ પ્રતિવાદીની ન્યાતના છે જેથી એની શરમને લીધે કે પોતાની ન્યાતની મુછ ઉંચી રહે એવા જ્ઞાતિઅભિમાનને લીધે એની તરફદારી કરેજ માટે તેના તરફદારીઓની સાક્ષીઉપર નામદારને વજન રાખવા જેવું નથી. જો એની પાસે બીજા પુરાવા હોય તો તે પૂછો; શાહે કાગડાને ફરી પૂછ્યું કે, આ સાક્ષીઓ કરતાં બીજા કોઇ પ્રમાણિક સાક્ષીદાર છે?' કાગડે જણાવ્યું કે હાજી હજુર! તેજ ઝાડના નીચે એક તપસ્વી સાડાઅગીયાર વરસથી તપશ્ચર્યા કરેછે તેને

બોલાવી મારા કહેવાવિષેની તપાસ કરો. આ પ્રમાણે કાગડાનું બોલવું સાંભળી હંસે પણ તે તપસ્વીમાટે ઉચ્ચ અભિપ્રાય દર્શાવ્યો અને શાહને પણ ખાત્રી યોગ્ય સાક્ષી જણાવી. કેમકે તે ત્યાગી તપસ્વી કદી જૂઠું બોલનાર નથી. શાથી કે તેને કોઇની તરફદારી મોહમમતા કે મોટાઇ લોભની આશા નથી; જેથી નિરાશવંત ધર્માત્મા જે હશે તે સત્યરૂપ કહીજ દેશે. એમ વિચારી તે તપસ્વીને બોલાવી લાવવા તેડવા મોકલ્યો અને તે તેડાગર ત્યાં જઇ તપસ્વીને બોલાવી લાવ્યો. શાહે તપસ્વીને પૂછ્યું કે મહાત્મા ! આ કાગ અને હંસના મુકદમામાં–કેશમાં આપ શું માહેતગારી ધરાવોછો ? તથા આ કચેરીમાં રજુ છે તે હંસિની તથા બચ્ચાં કાગનાં છે કે હંસનાં ? તપસ્વી બોલ્યો કે રૈયતના રક્ષક ! આપ સદા આનંદ રહો ! આ કેશમાં હું એટલું જાણુંછું કે, આ સ્ત્રી આ કાગડાની છે તથા તે ઘર, બચ્ચાં પણ કાગડાનાંજ છે, કેમકે સાડા અગ્યાર વર્ષથી દરિયાકિનારે જે ઝાડઉપર આ કાગ રહેછે તે ઝાડતળે હું તપ કરૂંછું. તેથી આ કાગનેજ દેખુંછું, પણ 'આ હંસને મેં ત્યાં કોઇ વખત જોયો નથી.' આ પ્રમાણે તપસ્વીની સાક્ષી પડેલી જોઇ હંસ તો બિચારો ચુપ થઈ ગયો અને વિચારવા લાગ્યો કે, 'અરે! આ સંતમાં પણ કળિયુગે પ્રવેશ કર્યો ! સત્યપણે સાક્ષી ન પૂરતાં દુષ્ટાત્મા જે નીચ પક્ષી કાગડો તથા કેવળ પારકા માલને બથાવી પાડનાર તેની તરફદારી કરી ! જેથી પ્રતીતિ થાયછે કે દુષ્ટ કાગડે કોઇ પ્રકારની આને લાલચ આપી હશે, તેથી લાલચમાં પડી ફંદમાં ફસાવાથી પોતાનું સત્ય ત્રોડી આણે અસત્ય માર્ગ અંગીકાર કર્યો. ખેર મારૂં ભવિષ્ય ! પણ આખર 'સત્યમેવ જયતિ' એ વાકયને શું જગતનિયંતા જૂઠું કરશે ? જ્યારે સદ્‌ગૃહસ્થનાં વાકયો જૂઠાં થશે તો મારી સ્ત્રી, ઘર અને બાલબચ્ચાં જશે તો કુરબાન છે એમ વિચારી મુંગે મોઢે ઉભો થઈ રહ્યો અને તે હંસિની તથા બચ્ચાં, ઘર, માલમતા કાગડાને સોંપ્યાં. ત્યાર પછી કાગડો કચેરી બહાર નીકળ્યો એટલે બીજા સર્વ કાગડાએ કહ્યું કે ભાઇ! હવે તું મડદું બતાવ કે, કઇ જગોએ છે? કાગડો બોલ્યો કે મૂરખાઓ ! જો મડદું હોત તો તમને શું કરવા બતાવત ? શું મને બેઠે બેઠે મહિનાસુધી ખાઇ આનંદમાં દિવસ ગાળતાં નહોતા આવડતા ? માટે ચાલ્યા જાઓ સીધે રસ્તે નહિ તો અકબરશાહની કચેરીમાં ખોટી સાક્ષી પૂરનારની શી વલે થાયછે તે તમોને ખબર નહિ હોય ? આતો ફક્ત તમારૂં પ્રમાણિકપણું બેચરી કઇ જાત કહેવાયછે તે છેતરાયછે કે નહિ ? તે જાણવાજ આટલી ખટપટ ચલાવી છે. આ પ્રમાણે સેતાન કાગડાનું બોલવું સાંભળી કાગમંડળ રસ્તો માપી ગયું. પછી તપસ્વી મહારાજ પણ આવી તે કાગડાને કહેવા લાગ્યો કે તમારી સરત પ્રમાણે કામ બજાવ્યું છે માટે હવે અમરફળ આપો. કાગડો બોલ્યો કે–'મહારાજ આંખો બંધ કરો અને મોઢું ખુલ્લું રાખો' તપસ્વીએ તેના કહેવા પ્રમાણે કર્યું એટલે કાગડે વિષ્ઠા લાવી તેના મોંમાં મૂકી બોલ્યો કે 'હવે મોઢું ચલાવો' જ્યારે

તપસ્વીએ મોઢું ચલાવવા માંડયું અને બોલ્યો કે 'થુ થુ અરે! આશું મ્હોઢામાં નાખ્યું છે?' કાગડો બોલ્યો કે 'એતો જૂઠું બોલનાર અને લાલચમાં લપટાઇ સત્ય છોડનારના મ્હોઢામાં જે મૂકવું ઘટે તેજ મૂકયું છે; કેમકે જૂઠું બોલનાર કે સત્ય છોડનારના મુખમાં વિષ્ટાજ નાખવી યોગ્ય છે, લાલચમાં લપટાઇ તને જરા વિચાર ન આવ્યો કે જૂઠું બોલવાથી ધર્મ, કર્મ, તપશ્ચર્યા, વ્રત નિયમનો નાશ થાયછે! કયાં હું અને કયાં એ હંસ; છતાં કેવળ ખોટા કામમાં ખોટી સાક્ષી આપી અનાચારને પુષ્ટ કરવા મદદ આપી, પણ પોતાનો ધર્મ શો છે? તેતરફ બિલકુલ લક્ષ આપ્યું નહિ. ધિક્કાર છે તારી તપશ્ચર્યા અને મનોવૃત્તિને. હું તો તારી દૃઢવૃત્તિને જોવા ચાહુંછું અને જા દુષ્ટાત્મા તું તો ઉભયભ્રષ્ટ થયો છે, જેથી તારા પાપનો પશ્ચાત્તાપ કર. આ પ્રમાણે ફિટકારનાં વચનો કહી હંસને બોલાવી હંસિની, બચ્ચાં અને ઘરબાર સુપરત કર્યાં તથા પોતે પોતાની ઇચ્છા પ્રમાણે વિચરવા લાગ્યો અને હંસ પણ પોતાના સ્થાનકે ગયો.

મૃષા વાકયથી અનેક હાનિ ઉત્પન્ન થાયછે એમ દર્શાવી આ મૃષાવાકય અધિકાર પૂર્ણ કરવામાં આવેછે.

असभ्यगीत–अधिकार.

મૃષાવચનો બોલ્યાની ટેવ પડયા પછી અસભ્ય ગાયન ગાવામાં પુરૂષ યા સ્ત્રીઓ અચકાતાં નથી. તો તેમ નહિ થવા ભલામણની સાથે અસભ્ય ગીતનો નમુનો આપવામાં આવેછે.

વિષયસંબંધી ગીતનો પ્રતિબંધ.

(જે કોઇ અંબિકાજિ માતને આરાધશેરે લોલ—એ રાગ.)

સુણો સજ્જનો હું શીખ એક ઉચરૂંરે લોલ;
લેવા લક્ષમાં વિશેષ વિનંતિ કરૂંરે લોલ. ૧

ગાય ગીત જે કુમારિકા ને કામનીરે લોલ;
કરી જાગરણ જાગી આખી જામનીરે લોલ. ૨

ગીત ધોળ ગરબા ને રસિક રાસડારે લોલ ;
ઘટે જોડનાર શીર ખૂબ ખાસડાંરે લોલ. ૩

કાળોકેર કર્યો કાનુડાના નામથીરે લોલ ;
બનાવી બહુ બિભત્સ બગાડી મતિરે લોલ. ૪

રાશલીલા વિગેરે વિશેષ વર્ણવીરે લોલ ;
કર્યા નીતિભ્રષ્ટ કોટિનેક માનવીરે લોલ. ૫

કર્યો નેવકો નીતિનો નાશ ચિત્તથીરે લોલ ;
વ્યભિચારને વધાર્યો વિષય ગીતથીરે લોલ. ૬

કેઠ કાળજે કલત્ર કરી વ્યાકુળીરે લોલ ;
કામ જોશથી બનાવી તે બેબાકળીરે લોલ. ૭

પિયુ પ્રેમને મટાડી ભંગ પાડિયોરે લોલ ;
પતિવ્રતા ધર્મ નેમને નસાડીયોરે લોલ. ૮

એનું લક્ષ લાગિયું કન્હૈયાલાલમાંરે લોલ ;
ગમે કેમ કંથ ફૂટડો ન હાલમાંરે લોલ. ૯

ગણ્યો ગાઇ ગાઇ ગીત ઉર આમળોરે લોલ,
એને જોઇએ સુંદરવર શામળોરે લોલ. ૧૦

વાલોજી વગાડે વનવિષે વાંસળીરે લોલ ;
જાગી ઝબકીને ગોપી સૂર સાંભળીરે લોલ. ૧૧

તેજ વાર સુતો સ્વામી મૂકી સોડમાંરે લોલ ;
આવી કૃષ્ણજીની પાસ પૂરા કોડમાંરે લોલ. ૧૨

આવી છાપ આપોઆપ છાતિમાં પડેરે લોલ ;
કામ તૃપ્ત કેમ થાય શીર રહી ધડેરે લોલ. ૧૩

પુષ્ટિમાર્ગમાં બહુ પુષ્ટિ મળી એ વિષેરે લોલ.
દયારામ કાવ્ય કામ નિંદ્ય એ મિષેરે લોલ. ૧૪

જડયું નામ એક સર્વને શ્રીકૃષ્ણનુંરે લોલ ;
સમાધાન થાય કેમ એવા પ્રશ્નનુંરે લોલ. ૧૫

માત તાત ભ્રાત પ્રીત રીત રાખવીરે લોલ ;
વિનય સભ્યતાની સાથ વાત ભાખવીરે લોલ. ૧૬

પ્રાણનાથ સાથ સંપિ જંપિ ચાલવુંરે લોલ ;
દેરાણી જેઠાણી સાથમાં હળીજવુંરે લોલ. ૧૭

ઘટે સાસુ સસરાનિ કર ચાકરીરે લોલ ;
દેર જેઠ વેઠ વેઠવીજ આકરીરે લોલ. ૧૮

બાળ પાળવાંજ કેમ પ્રેમ રેમથીરે લોલ ;
ઇશની ઉપાસના સુનીતિ નેમથીરે લોલ. ૧૯

એવી રીતના ગીતોની ખૂબ ખોટછેરે લોલ ;
પરિણામ શુદ્ધ ક્યાંથી નીપજે પછેરે લોલ. ૨૦

કામવાસના વિવેકને તાબે રહેરે લોલ :
ગરવ જાય ધરવ થાય ગુણને ગ્રહેરે લોલ. ૨૧

પરિતોષ પામી થાય શિતળ છાતડીરે લોલ ;
પ્રભુભક્તિવિષે ભાવ હૈયે હરખડીરે લોલ. ૨૨

વહેમને વિસારી હેમ ખેમ અંગથીરે લોલ ;
પાર ઉતરે સંસાર આ ઉમંગથીરે લોલ. ૨૩

કવિ પાસ ખાસ ગીત એ જોડાવજોરે લોલ ;
પછી પ્રેમદા કે પુત્રિને પઢાવજોરે લોલ. ૨૪

દેહા કૂટવા જવાને બંધ પાડજોરે લોલ ;
ગાતાં કાનુડાનાં ગીત અટકાવજોરે લોલ. ૨૫

નાણું વેણ વદનમાંથી વીસરાવજોરે લોલ :
વલ્લભદાસ તણી વિનતિ વિચારજોરે લોલ. ૨૬

ફટાણાનો પ્રતિબંધ.

(કેશ્રી સૈયર જેનો કંથડો—એ રાગ.)

ગોરી ફટાણાં ગાયછે રે, મરો લાજી લબાડ :
કીડા ખરેછે કાનથી, હાંરે બંધ કરો બગાડ. ગોરી૦ ૨૭

બબ્બે કટકા બોલે બધીરે, ભુંડી ભાંડેછે ગાળ :
બૂડી મરો નર બાઇલા, હાંરે ઝટ પેસો પતાળ ! ,, ૨૮

" આળો ગાળોજ કઢાવતીરે, એકબીજાની જાય ! "
ઉઠો ઓઢો શિર ચુંદડી ! હાંરે ઉભાં રૂવાંડાં થાય ! ,, ૨૯

મૂછ નથી પણ પુંછછેરે, ગેંગેં ફેંફેં થઇ જાય ;
જમતાં જમતાં એ સાંભળી, હાંરે ધિક્ક મોઢું મરકાય. ,, ૩૦

માતા પિતા ભાઇ ભાળતાંરે, નહિ લાજે લગાર :
આજ માંડ માંડ રજા મળી, હાંરે હૈયે હર્ષ અપાર ,, ૩૧

જાતિ ઉત્તમ છે આપણીરે, એવું શોભે ન મૂખ ;
મૂખે મર્યાદા ન મૂકવી, હાંરે એમ ભાગે ન ભૂખ ,, ૩૨

બંધી કરી છે કારમીરે, કેક નાતે નવીન ;
સારી શીખામણ સુણતાં, હાંરે કેમ જુઓ જમીન ? ,, ૩૩

તેમજ—

(રંગમાં રંગમાં રંગમાંરે—એ રાગ.)

ભવાઇથી ભુંડો અતિ, ફટાણાનો ફાગ :
કરડયો કાળી નાગ, કે શીળને સંહારિયો.

ગાયછે ગાયછે ગાયછેરે, આજ ગોરી ફટાણાં ગાયછે ;
વિષ્ટા વિવામાં ખાયછેરે, આજ ગોરી ફટાણાં ગાયછે—ટેક૦
સામસામાં સંભળાવે ભજનિયાં, ભડવા સાંભળવા જાયછેરે—આજ. ૩૪
ગાળાગાળીનાં ગીત ગવાતાં, ભુંડી વાણી વપરાયછેરે. ,,
નામ લઇ લઇને બહુ લલકારે, ઉભાં રૂવાંડાં થાયછેરે. ,, ૩૫
ફાટે ડાચે બહુ બોલે ડાંડાઇમાં, હાંસી કરી હરખાયછેરે. ,,
માતા પિતા ભાઇ સૌ સાંભળતાં, લાજ શરમ મૂકાયછેરે. ,, ૩૬
કીડા ખરે કાનથી એ રીતે, છેક હદને છોડાયછેરે. ,,
જાણે જોબનમાં પીધી મદિરા, ચાહુન ભુંડું ગણાયછેરે. ,, ૩૭
ફટાણાંની ધામધૂમ મચી રહી, ધાંટા બેઠા ઘર્ડાયછેરે. ,,
મેણાં ટોણાંનું કામ છે મોટું, લાખનો કાખનો કહેવાયછેરે. ,, ૩૮
શેઠ શીકેને ગાંઠે બંધાવે, રોકડે રોકડો ન્યાય છેરે. ,,
જંગલી જેવાનાં જમતાં જમતાં, શુણી મોઢાં મરકાયછેરે. ,, ૩૯
સ્ત્રીને મોઢે શુણી ફાગ અધમનાં, અંતર ઉશ્કેરાયછેરે. ,,
રાગ લેંકાપર ટીકા ચલાવે, ફાટી નજર ફેરવાયછેરે. ,, ૪૦
જો હોય બંને બદદાનતનાં, આંખે ઇસારા થાયછેરે. ,,
બોલી બાંડું મોળ મોઢે ઉતારે, ફટ કાળજું કોતરાયછેરે. ,, ૪૧
વિપ્ર વણીકની રીત નથી એ, કોળી નાળીની જણાયછેરે. ,,
કપોળ વણીકને નાગરી નાતે, બંધી કરી સંભળાયછેરે. ,, ૪૨

સુબોધ ચિંતામણી—વલ્લભદાસ પોપટભાઇ.

મનહર.

ભઠ પડયો ભવ જેઓ ભવનમાં ભુંડું બોલે,
ભુંડું બોલવાની રીત ભાંડ કે ભવાઇની ;
દીકરી દુહિતા માતા દેખતાં બકેછે દુષ્ટ,
નહિ રીત જૂની એ તો જાણવી નવાઇની ;

અરથ વિનાની તોય આનંદ પમાડે એવી,
હુહુવાટી તેથી સારી હોયછે હુવાઇની ;
સુણો રૂડા રાજહુંસ દાખે દલપતરામ,
સારા શબ્દ થકી શોભા સાંપડે સવાઇની. ૪૩

દલપત.

અસભ્યગીતનું વર્ણન તથા તેનાં માઠાં પરિણામનો વિચારી કરી સમજુ મનુષ્યોએ તેનો પ્રચાર બંધ પાડવાની પ્રવૃત્તિ કરવી જોઇએ. એ દર્શાવી આ અસભ્યગીત અધિકાર પૂર્ણ કરવામાં આવેછે.

स्त्रीप्रपंच-अधिकार.

જેમ અસભ્યગીત ત્યાજ્ય છે તેમ સ્ત્રીઓના અનેક જાતના જે પ્રપંચો જોવામાં આવેછે તે પણ ત્યાગ કરવા જેવા છે તેથી તેને લગતો સહેજ ટુંકો નમુનો આ અધિકારમાં કવિતારૂપે ગોઠવ્યો છે.

વ્યાખ્યાનમાં વિઘ્નરૂપ સ્ત્રીઓની રીતિ.

(આધા આમ પધારોરે પૂજ્ય અમ ઘર વોહરણ વ્હેલા—એ દેશી.)

આઠમ પાખી પરવના દિવસે, ઉપાસરામાં આવે ;
નારી વીશ પચીસ મલીને વખાણ સુણવા ભાવે ;
રૂડા રંગ ધરીને રાજ સુણજો વાત સયાણી—ટેક૦
પાટે બેસી પૂજા નિવારે, ધર્મકથા ઉપદેશે ;
શ્રાવિકા મળીને માંહોમાંહે, કથલો કરવા બેસે ; રૂ૦ ૧
એક કહે સાંભળરે સજની, મ્હારી સાસુ મ્હોટી ;
મ્હારા ઉપર મન નવી રાખે, એ વાતે છે ખોટી. ,, ૨
બીજી નારી કહે સુણ બાઇ, મુજ સાસુ મુખ મીઠી ;
પણ સારી વસ્તુ સંગે લઇ, આઘે જઇને બેઠી. ,, ૩
ત્રીજી નારી તુરત કહે તવ, મુજ સાસુ સુકુલીણી ;
મ્હારી ઉપર કદીય ન કોપે, જતન કરે મન જાણી. ,, ૪

ચોથી નારી બોલે બાઇ, મુજ વહુઅર ગુણવંતી;
ઘરનું કામ ઉપાડી લીધું, મુજને કરી નિચિંતી, ,, ૫
પાંચમી નારી પ્રેમ ધરીને, બોલે સાંભળ બાઈ;
વિનયવતી છે મ્હારી વહુઅર, રીસ નહીં તિલરાઇ. ,, ૬
છઠ્ઠી નારી બોલે છાની, મુજ વહુઅર ગુણ ભારી:
વાતો કરતી કિમહી ન થાકે, બેસે પરઘર બારી. ,, ૭
સાતમી નારી કહે સુણ સજની, શી કહું મુજ ઘર વાતો;
મ્હારી સાસુ મ્હારી સાથે, વઢ્યા કરે દિન રાતો. ,, ૮
આઠમી નારી કહે સુણ બાઇ, મુજ પ્રીતમ નવ ન્હાવે;
મુજ સાસુ છે અતિ અણખીલી, તે દેખી દુખ પાવે. ,, ૯
નવમી નારી બોલે નેહે, મુજ સુત મુજને ઠારે;
વહુઅર ક્યારે વેઠ કરે તો, આવી તેહને વારે. ,, ૧૦
દશમી દયિતા બોલે દેખી, બાઇ તુમ બલીહારી;
વહુઅરને હું રીસ કરૂં તો, પુત્રથી થાઉં ખારી. ,, ૧૧
એકાદશમી ઇણીપરે ભાખે, મુજ વહુઅર વિકરાલી,
શીખ દિયંતા શુળી દેછે, ચપલ મહા ચંડાલી. ,, ૧૨
દ્વાદશમી ઇમ બોલે બાલા, મુજ વહુ ઘણી જસ વાણી;
સઘળી ઘરની ત્રેવળ સમજે, પણ આંખે છે કાણી; ,, ૧૩
એક કહે સાંભળરે અંબા, મુજ પાડોસણ પાપી;
વિના સવારથ વેઠ કરાવે, ચોથી વાતો થાપી. ,, ૧૪
એક કહે બાઇ હું આવું, ઉપાશરે ઇણિ વેળા;
ભૂખ્યો છૈયો ભોજન માગે, ટળેછે રાંધણ વેળા. ,, ૧૫
એક કહે મુજ વહુઅર ભોળી, હઠ ઘણી તે તાણે;
એકલા હાથે કામકાજ કરવું, તે પરમેશ્વર જાણે. ,, ૧૬
એક કહે સુણ સજની મ્હારી, દુઃખની શી કહું વાતો,
સાસુ શુલી નણદ હઠીલી, તેમ દીયરિયો તાતો. ,, ૧૭
એક કહે સુણ મ્હારી માતા, મેં હવે કેમ રહેવાય;
સાસુ સસરો પિયુ પનોતો, સઘળાં ખાવા ધાય. ,, ૧૮
એક કહે સુણ સાથણ આપણે, એકજ લગ્ને પરણી;
ત્હારે છૈયા છાકમ છોળા, મ્હારે નહિ અઘરણી. ,, ૧૯
એક કહે મ્હારે પાડો આવ્યો, એક કહે મારે પાડી;
બાઇ તું લેવાને આવજે, છાશ કરીશું જાડી. ,, ૨૦

એક કહે એમ મારી સાસુ, મુજને લાડ લડાવે;
વરે વાવરે સારો સુધરો, મુજ વિણ મૂળ ન ભાવે. ,, ૨૧
એક કહે તું વહુઅર વારૂ, તુજને ભલે જાઇ;
મ્હારી વહુઅર મુજને વિગોવે, ખટરસ ભોજન ખાઇ. ,, ૨૨
એક કહે સાંભળ તું ફોઇ, સજડ બાઇની વાતું:
મ્હારે લ્હેણું ઓછુંજ નથી, મેં જોવરાવ્યું ખાતું. ,, ૨૩
એક કહે સુણ અમુકી બાઈ, અધરણીને ખોળે;
સાત સોપારી મુજને નાપી, મેં આપીતી સોળે. ,, ૨૪
જોઇતી બાઇએ જમવા તેડયાં, શીરો સઘળો ખુટયો;
સાઠ દિવસની સૂખડી આણી, ખવરાવી કરી કૂટયો. ,, ૨૫
એક કહે મુજ માંચો ત્રુટયો, પાયો એકજ ભાંગ્યો;
સજ્જ કર્યાવિણુ કેમ સુવાયે, અણુચિંત્યો દુઃખ લાગ્યો. ,, ૨૬
એક કહે મુજ અંગ અકળાયો, આળસ અધિકી આવે;
માંકડ મુઆ કરડે રાતે, તેહથી ઉઘજ નાવે. ,, ૨૭
એક કહે મુજ ચુલો ભાંગ્યો, તે જઇ કરવો રૂડો;
એક કહે મુજ પ્રીતમ પ્યારે, ચુંપે આણ્યો ચુડો. ,, ૨૮
એક કહે મારે રેંટીયડાનો, ત્રાકલડો ત્રટકાણો;
એક કહે મુજ માળજ કાપી, કિશું નહિ કંતાણો. ,, ૨૯
એક કહે ઉપાસરે આવ્યાં, કહો કિશું કોઇ આલે;
બે કોકડી કાંતી જો બાઇ, ઘરમાં શાકજ ચાલે. ,, ૩૦
એક કહે ધોવાને જઇએ, જો બાઈ તું આવે;
એક કહે મુજ ધાનં સળ્યો તે, ઘરધંધે મન ધાવે. ,, ૩૧
એક કહે કે મ્હારી સાથણુ, જો તું મુજ ઘર આવે;
માથું ગુંથીને મનગમતી, કરશું વાતો ભાવે. ,, ૩૨
એક કહે મેં કુલથી રાંધી, એક કહે મેં ચોળા,
એક કહે મેં વાલ વઘાર્યા, તે થયા છાકમછોળા. ,, ૩૩
એક કહે મુજ ઘેબર મીઠા, એક કહે દળ ખાજા;
એક કહે મુજ લાડુ ભાવે, સકર જલેબી જાજા. ,, ૩૪
એક કહે દેશ માલવ મીઠો, એક ગુજરાત વખાણે;
એક કહે છે મરૂધર મોટો, સોરઠ સકલ સુજાણે. ,, ૩૫
એક તો આપણું રાજ વખાણે, એ પર રાજ્ય એક નિંદે,
એક કહે રાજા તો તેહજ, નહી કરો નહી દંડે. ,, ૩૬

એહવે એક બુદ્ધિવંતી બોલી, શું બાઇઓ તુમ કહીયે;
કચકચ કરીને કાનજ ફોડ્યા, વખાણ કેણીપરે સુણીયે. ,, ૩૭

ધર્મસ્થાનકે આવો ધાઇ, વાતો કરવા માંડો;
પાપપોટલાં બાંધો આયે, કાર્ય ધર્મનાં છાંડો. ,, ૩૮

એહવે કાલ થયો એમ જાણી, ઉપદેશ પુરો કીધો;
શ્રાવિકા સર્વે વાંદિ ગુરૂને, મારગ ઘરનો લીધો. ,, ૩૯

રે બાઇઓ તમે ઇણવિધ આવી, વિકથા વાતજ વારો;
મન શુદ્ધિ વિણ મુક્તિપુરીનો, કારજ કિણ વિધ સારો. ,, ૪૦

વળી કહે ગુરૂજી સુણો શ્રાવિકા, કથલો કાંઇ ન કીજે;
શ્રુતવાણી મનશુદ્ધે સુણતાં, સઘળાં કારજ સિદ્ધે. ,, ૪૧

નરનો દોષ દેખાડી પોતે, નિજ આતમ નવી વંચો;
દોષ પોતાનો દેખી દૃષ્ટે, સુકૃત ઇણિપરે સંચો. ,, ૪૨

દશ દૃષ્ટાંતે દુર્લભ એવો, મનુષ્યપણો જે પાયો:
દેવ ગુરૂ ધર્મ તત્ત્વ એ ત્રણે, સેવો સદા સુખદાયો. ,, ૪૩

કથા સુણીને કથલો વારો, ગુરૂવાણી રસ ચાખો;
પરનિંદાથી દુર્ગતિ પામે, નિજ મન નિર્મળ રાખો. ,, ૪૪

ત્રિકરણ શુદ્ધે તીર્થંકરની, શુદ્ધ કથા જે સુણશે;
મહાનંદ કહે મનને રંગે, તે ભવસાગર તરશે. ,, ૪૫

સંવત અઢાર શત દશને વિષે, આશો માસ ઉદારો;
પાલણપુરમાં પ્રીતે કીધો વિકથાનો વિસ્તારો. ,, ૪૬

સઝાયમાળા.

સ્ત્રીઓને ભિન્ન ભિન્ન વિચારો સમજાવીને વિકથામાં નહિ પડવાની ભલામણ કરી આ સ્ત્રીપ્રપંચ-સ્ત્રીકથલો એટલે કુટારો અધિકાર પૂર્ણ કરવામાં આવેછે.

સ્ત્રીઉપદેશ-અધિકાર.

સ્ત્રીઓને પ્રપંચી અધિકાર બતાવી તેમને ઉપદેશ આપવા આ અધિકારની શરૂઆત કરીછે.

સ્ત્રીઓની હસવા જેવી કઢંગી રીતિઓ.

(કૈકે કરોધમાંથી બોલીયારે બહુચરી, રામ લક્ષ્મણ વન જાય)—એ રાગ.

પ્રથમ પ્રભુ પાયે પડીરે દેશિયો, વૌંનતાની કહું વાત ;
કરૂં કવિતા કેવડીરે દેશિયો, માંડયો અતિ ઉત્પાત. ૧

ભણ્યા વિનાની ભામનીરે દેશિયો, હિંદુતણી છે હાલ ;
માત્ર નારી તો નામનીરે દેશિયો, પશુજેવા છે હાલ. ૨

ખાવું પીવુંને ખેલવુંરે દેશિયો, પે'રવું ઓઢવું અંગ ;
જાણે ન બીજું જે નવુંરે દેશિયો, પેખે આખો દી પલંગ. ૩

ઘરેણું ગાંઠું ગમે ઘણુંરે દેશિયો, નવાં નવાં નિત્ય નંગ ;
ગજું જુએ ન ધણીતણુંરે દેશિયો, ઝટ્ટ મચાવે જંગ. ૪

ભેળી મળે બે ચાર જ્યારે દેશિયો, વાત બીજી નવ થાય ;
મહિના રહ્યાની વારતારે દેશિયો, નજર ઉતાર ઉપાય. ૫

કામણ ટુંમણની કાણિયોરે દેશિયો, વશીકરણની વાત ;
રાજવળાની રાણિયોરે દેશિયો, તેનેય તે પંચાત. ૬

કાંતો પાણીને શેરડેરે દેશિયો, મળવાતણું મુકામ ;
ઝાડે જવાની જગ્યા જડેરે દેશિયો, વાત કરવાને કામ. ૭

કરે ખરેખર ખોદણીરે દેશિયો, એક બીજાની ત્યાંય ;
બોલે સાસુ નણદીતણીરે દેશિયો, નિંદા માંહોમાંહ. ૮

દેરાણી જેઠાણીવિષેરે દેશિયો, દિલમાં ઝાઝું ઝેર ;
કજિયા કરે કામને મિષેરે દેશિયો, બોલે કાળોકેર. ૯

કહ્યું માને નહિ કોઇનુંરે દેશિયો, મૂકી મર્જાદા છેક :
પાણી પડેછે લોહીનુંરે દેશિયો, તોય તજે નહિ ટેક. ૧૦

સાસુને વહુના વાલનીરે દેશિયો, વાત કરી નવ જાય :
વાણી પરસ્પર ફાલનીરે દેશિયો, ગાળાગાળી નિત ગાય. ૧૧

ઘરધાવે ઘોડા વહુ કહીરે દેશિયો, ઘાંટો તાણીને ખૂબ ;
પછી મોઢું વાળે રહીરે દેશિયો, દેખી બનુ તાજૂબ. ૧૨

રોજ ઉઠીને રીસામણાંરે દેશિયો, જાય કંટાળી કંથ ;
નથી મૂર્ખાઇવિષે મણારે દેશિયો, ન્યારો એનો છે પંથ. ૧૩

પરઘરે દાડી પાટકેરે દેશિયો, જેવું હરાયું ઢોર ;
ટાપશી પૂરવા તાટકેરે દેશિયો, કાળજું કોક કઠોર. ૧૪

બાળ ઉછેરતાં ન આવડેરે દેશિયો, ખાટું ખોરૂં ખુબ ખાય ;
વાવડ વરાના વાવડેરે દેશિયો, જુગતે જમવા જાય. ૧૫

માંદાં મરે મર છોકરાંરે દેશિયો. તેની ચિંતા નહિ ચિત્ત;
હાંસી ભરે છે ઓઝરાંરે દેશિયો, પછી પીડાય ખચીત. ૧૬

ઘરથી બગાડે બાળનેરે દેશિયો. મોઢે ચડાવી અધીક;
ભુંડી કાઢે ભટ ગાળનેરે દેશિયો, બુમો પાડે નહિ બીક. ૧૭

રોયો રોયો પીટયો કહીરે દેશિયો, પૃથ્વી પછાડે પુત્ર;
અંતે હાનિ નિરખે નહિરે દેશિયો, શેનુ રહે ઘરસૂત્ર? ૧૮

મોઢું રહે ચડેલું સદારે દેશિયો, જાઝો હૃદયમાં રોષ;
ખાતાં પીતાં પણ આપદારે દેશિયો, સેંજે નહિ સંતોષ. ૧૯

આંખો ચોળતી ઉઠતીરે દેશિયો, દા'ડા ચડે ઘડી ચાર;
રીસ કર્યાથી રૂઠતીરે દેશિયો, અવળચંડી અવતાર. ૨૦

ખરે બપોરે ઘોરતીરે દેશિયો, નથી અંતર ઉચાટ;
બેજ મળી જ્યાં બેસતીરે દેશિયો, થાય ઘણો ઘોંઘાટ. ૨૧

ટાઢું એઠું જૂઠું જમેરે દેશિયો, વખત વિનાનું ખાય;
માંદી પડી પીડા ખમેરે દેશિયો, પણ માને ન કદાય. ૨૨

ગાય ફૂટાણું લગનમાંરે દેશિયો, બબ્બે કટકા ગાળ;
લાજ શરમ નથી મનમાંરે દેશિયો, શુણે બંધુ ને બાળ. ૨૩

જોષી પાસે જોવરાવતીરે દેશિયો, ભુવા પાસે ભોળવાય;
શુકન મૂરતમાં છે મતિરે દેશિયો, પુછીને કામ કરાય. ૨૪

ઓણી નથીજ બદામનીરે દેશિયો, કરૂં કેટલો વિસ્તાર;
વે'મી અભણ એ ભામનીરે દેશિયો, મૂરખની સરદાર. ૨૫

પામે ઘણાં પરિતાપનેરે દેશિયો, લાગી ચોગરદમ લા'ય;
કેમ ગમે કહો આપનેરે દેશિયો, આંખ ઉઘાડો દેખાય. ૨૬

ફેર જમીન આસ્માનનોરે દેશિયો, જુદા જુદાજ વિચાર;
ફોકટ ફાંફો તજો માનનોરે દેશિયો, આતો નાટક નિર્ધાર. ૨૭

ભાઇ ભણ્યો ભલિ ભાતથીરે દેશિયો, બાઇથી ન શુદ્ધ બોલાય;
પુસ્તક પુરૂષ રચે મથીરે દેશિયો, એણે ન પત્ર વંચાય; ૨૮

ભાઇ ભૂગોળ ખગોળનેરે દેશિયો, જાણે જગત ઇતિહાસ;
બાઈ જાણે ધીગોળનેરે દેશિયો, ચિત્ત ચુલામાં ખાસ. ૨૯

વર વાંચે વાતો નવીરે દેશિયો, ગ્રંથે બની ગુલતાન;
વહુ કહે આંખો શું ફોડવીરે દેશિયો! ભુલ્યા તમે તો ભાન. ૩૦

નર માનતા માને નહિરે દેશિયો, જોવરાવે નહિ જોષ;
નાર નિવેદ કરે શહીરે દેશિયો, શુકનવડે સંતોષ. ૩૧

મર્દ સુધારનારો બનીરે દેશિયો, દક્ષ મંડળમાં જાય;
મૂર્ખ મંડળમાં માનનીરે દેશિયો, ગાવા ઘરનાં ધોળ ધાય. ૩૨
કુલફટાક થઇને ફરેરે દેશિયો, નાય ધુવે નર નિત્ય;
ઢુંઢિઆનો ધર્મ અનુસરેરે દેશિયો, પેલી ન નાય ખચીત. ૩૩
અંગે ગંદીને ગોબરીરે દેશિયો, વસ્ત્ર મેલાં ગંધાય:
કામ કાળજી વિના કરીરે દેશિયો, આઠ દશ દાડે નાય, ૩૪
ગોઠે ન વાત વિવેકનીરે દેશિયો, દેશ સુધારા કાજ;
દુનિયા જૂદી એમનીરે દેશિયો, એનો વિચિત્ર મિજાજ. ૩૫
આવી રીતે નિત નારનેરે દેશિયો, નિંદો એની નહિ લાજ;
પણ એ વે'મ વિકારનેરે દેશિયો, પુષ્ટિ તમારી આજ. ૩૬
વિનતાનો વિચારતાંરે દેશિયો, વાંક નથી નવટાંક;
તમે બગાડી તે છતાંરે દેશિયો, રામા બિચારી રાંક. ૩૭
તમે ભણી ગણી સુધરોરે દેશિયો, એને ભણાવો નૈજ;
અંતર વિષયનો ઊભરોરે દેશિયો, ધારી તેવી તે થૈજ. ૩૮
કેળવતા નથી કામનીરે દેશિયો, રાખી મૂરખની રાય;
વિદ્યા વિના સ્ત્રી નામનીરે દેશિયો, ક્યાંથી કુશળ કહો થાય. ૩૯
ગોંધી રાખો ઘરમાં સદારે દેશિયો, બંધીખાનાનો બંધ;
જૂઠા રાખો નિત જાબતારે દેશિયો, એથી રામા થઇ અંધ. ૪૦
જાણે દાસી ઢરડો કરેરે દેશિયો, રૂઢી પ્રમાણે રોજ;
ત્યારે કહો કેમ સુધરેરે દેશિયો? કઇ મનમાની મોજ. ૪૧
જાય મરી કદી જૂવતીરે દેશિયો, એનો અતિ નહિ શોક;
ફૂટી ગયું ગોળાઢાંકણુંરે દેશિયો, એવું ગણેછે લોક. ૪૨
એક પગરખું ફાટીયુંરે દેશિયો, નવું લેતાં શી વાર;
એવું મરણ વહુનું થયુંરે દેશિયો, ધિક જીવતર ધિક્કાર. ૪૩
વિદ્યા ભણાવો વા'લથીરે દેશિયો, સેજે સુધરશે નાર;
કુશળ થશે બહુ કાલથીરે દેશિયો, સુખી થશે સંસાર. ૪૪
જૂના અફિણના જીવડારે દેશિયો, એને ચડે નહિ ઝેર;
તેવી તરૂણિના તાકડારે દેશિયો, તેને તો લીલા લ્હેર. ૪૫
પંડે વે'મની વાંસળીરે દેશિયો, એને શેની ઉર ખીજ;
માલી મકવાણી મળીરે દેશિયો, જેવો જહલો જોગીજ. ૪૬
પણ પઢેલા કેટલારે દેશિયો, નાર નિંદેછે નિત્ય;
ઊંડું જુવે નહિ એટલારે દેશિયો, એતો અબૂઝ ખચીત. ૪૭

એને ઉત્તર આપ્યો અહીંરે દેશિયો, વૃથા વગોવે નાર;
સુધાર્યાથી સુધરે સહીરે દેશિયો, આપો કેળવણી સાર. ૪૮
વલ્લભદાસની વિનતીરે દેશિયો, હિંદુ નારી દેવાન;
અરે એના સહવાસથીરે દેશિયો, સુલું ભલું શમસાન. ૪૯

સુબોધ ચિંતામણિ—વલ્લભદાસ પોપટભાઇ.

કુટુંબને સારી સ્થિતિમાં લાવવામાટે, જ્ઞાતિની શોભા વધારવામાટે, દેશની આબાદી કરવામાટે અને મોક્ષનગરીમાં પ્રવેશ થવામાટે ધર્મપત્નીને કેળવવા ભલામણ કરી આ સ્ત્રીઉપદેશ અધિકાર પૂર્ણ કરવામાં આવેછે.

सासुवहुनो झघडो—अधिकार.

સ્ત્રીઓ ઉપદેશ પામેલી ન હોવાથી તેનું પરિણામ કેવું આવેછે અને ધર્મ જેવો અમૂલ્ય મણિ તેણીઓ ગુમાવી કેટલી હલકી પંક્તિપર આવી જાયછે તે દેખાડવાને આ સાસુવહુના ઝઘડાનું દિગ્દર્શન કરાવનારો ટૂંક અધિકાર અહીં લેવામાં આવ્યો છે.

વહુ કહેછે.

(ભાઇઓ જેની ભારજા ભૂંડીરે)—એ ઢબ.

પ્રભુજી લાગું તમારે પાય, કયારે મારે સાસુ ઠેકાણે થાય—એ ટેક૦
ઘડીએ ઘડીએ વાટ જોવે, રાંડ વઢવાને તૈયાર થાય;
વગર વાંકે વઢે અપરાધન, લોક જોવાને ભેગા થાય. પ્રભુજી૦
ઘડી તે વારે જપવા દે નહિ, ઠરીને નવી બેસે હાય;
એના તે દેખતાં સહીઅર સાથે, વાત પણ નવી થાય. ,,
રસોઇ કરવા પેસે નહિ, રાંડ ખાવાને તૈયાર થાય:
રોટલો લઇને બહાર દેખાડે, આ રોટલો કેમ ખવાય. ,,
પાકો તે પહેલો ખાઇને, રાંડ કાચો બતાવાને જાય;
એવી રીતે પજવે ઘણી, આ દુ:ખ કેમ ખમાય. ,,
મારા પીયરનો હોય ગવારો, તે પણ તપાસવાને જાય;
કોઇ દિન પહેરવા માગું ઘરેણાં, તો મોંઢેથી કહે નાય. ,,
માથું જોવાને દહાડી બેસાડે, તેલ ન લેવા દીએ પાય;
વગર તેલે વાળ તણાવે, રાંડ ભાંડવાને મંડી જાય. ,,

એહુવી રીતે પજવે ઘણેરી, એ દુઃખ કેમ ખમાય ;
એ અભાગણીની સાથે સોંપી, માટે મરજ્યો બાપને માય. પ્રભુજી૦
સહુને કુડે સુઇ રહેવા દીએ, રાત દોઢ પહોર વળી જાય ;
પહોર રાત રહે પાછલી, લેઇ દરણું તત્પર થાય. „

સાસુ કહે છે.

(ઢબ ઉપર પ્રમાણે).

અરજી સુણો વ્રજના રાયરે, જાય હવે વહુ તો ટાઢો થાય—એ ટેક૦
પીયરમાં તો કામ કરે સવાયો, બાકી ન રાખે તીહાય ;
સાસરે આવીને અટકે નહિ, ખાટલો ને ખુણો સુહાય. અરજી૦
કોઇ દિન કહેછે માથો દુઃખેછે, કોઇ દિન પેટને સાય ;
કોઇ દિન કહેછે પાછું વળેછે, કોઇ દિને તુટે પાય. „
દરણો લઇને ઘંટીએ બેસાડું તો, ત્યારે ઘંટીએ ઉંઘી જાય ;
ઘણાક કુતરા ઘરમાં ભરાઇને, લોટ પણ ચાટી જાય. „
શીખામણ દિયું ત્યારે છેડો વાળેછે, રાંડ ભાંડવાને મંડી જાય ;
માથા રાંડ કૂટેને છૈયા પછાડે, લોક જોવાને ભેગું થાયરે. „
છોકરાને પણ ખોટો ભણાવેને, ભંભેરી ગામની માય ;
છોકરો હતો મારો હીરાના જેવો, કામણ કરાવ્યું કાંયરે. „
છોકરો મારો હીરાના જેવો, આવતો કહેતો માય ;
પથ્થરના જેવો દિકરો બનાવ્યો, મારો કાળજ્યો ફાટી જાયરે. „
આ વહુ મારે ક્યાંથી મળી એના, બાપનું ઉછેદીયું થાય ;
એ વહુ મરે તો લાફસીને સીરો, ઘેર ઘેર દીવાળી થાયરે. „
એવી રીતે પજવે ઘણેરી, એ દુઃખ કેમ ખમાય ;
કાશીરામ કહે બાલપણામાં, જૂદો રહેવાનો મન થાયરે. „

કાશીરામ.

બેહેનો! આવી દુર્દશામાંથી બચવા ખાતર અસભ્યવાતચિતો અને અસભ્યગીતો તેમજ ખરાબ સંગત અને ખરાબ વિચારો છોડીને સભ્યવાતચિતો, સભ્યગીતો, સારી સંગત અને સારા વિચારોમાં પરાયણ રહેશો તોજ તમે ધર્મરૂપ અમૂલ્ય મણિ સાચવી શકશો. આટલી શિખામણ આપી આ સાસુવહુના ઝઘડારૂપ અધિકારને પૂર્ણ કરવામાં આવેછે.

कटुवचन-अधिकार.

સાસુવહુનો ઝઘડો કહો કે બીજા ઝઘડા કહો એ સર્વે કડવા વચનમાંથી ઉદ્ભવે છે તો કટુવચન એ એક મહાન્ શસ્ત્ર છે. શસ્ત્રોથી કાપેલાં તથા અગ્નિથી દગ્ધ થયેલાં વનો પુનઃ ઉદ્ભવેછે, પરંતુ કટુવાક્યોના પ્રહારો જેને લાગ્યા છે, તે પુરૂષનું હૃદય પુનઃ નવપલ્લવિત થતું નથી. ઇત્યાદિ બાબતો જણાવવામાટે આ અધિકારનો આરંભ કરવામાં આવેછે.

દુર્વચનોનાં ભયંકર પરિણામ.

अनुष्टुप् (१ थी ३).

इहामुत्र च वैराय, दुर्वाचो नरकाय च ।
अग्निदग्धाः प्ररोहन्ति, दुर्वाग्दग्धाः पुनर्नहि ॥ १ ॥

अध्यात्मकल्पद्रुम.

દુષ્ટ વચન આ લોક અને પરલોકમાં અનુક્રમે વૈર કરાવે છે અને નરક ગતિને પ્રાપ્ત કરાવેછે. અગ્નિથી બળેલું ફરીવાર ઉગે છે પણ દુષ્ટ વચનથી બળેલાં હોય તેમાં પછી ફરીવાર સ્નેહાંકુર ફૂટતો નથી.

ભાવાર્થ—આ શ્લોકમાં બે વાત સમજાવી છે. આલોકમાં અને પરલોકમાં દુર્વચનનું ફળ શું આવેછે તે સૂચવ્યું છે. દુર્વચનથી આલોકમાં વૈર ઉત્પન્ન થાયછે અને પરલોકમાં નરકગતિ પ્રાપ્ત થાયછે. આલોકના સંબંધમાં વિશેષ રીતે સમજુતી આપવા કહેછે કે-ધાન્ય વાવ્યાથી ઉગેછે, પણ જો તે ધાન્ય બળી ગયું હોય તો બીજત્વ નાશ પામેછે તેથી તે ઉગતું નથી. પણ કોઇ કોઈ કઠણ બીજ બળ્યા છતાં પણ ઉગેછે; પણ જે દુર્વચનથી બળેલાં હોય તેનામાં ફરીને પ્રેમના અંકુર ઉગતાજ નથી. અનુભવીઓ જાણેછે કે વચન બાણ હૃદયમાં શલ્યની જેમ કામ કરેછે અને એકવાર લાગ્યાં હોય તો તે ભુલી શકાતાં નથી. આટલામાટે નકામું કટુવચન બોલવાની ટેવ બંધ કરવી. કેટલાક માણસો પોતાની વિદ્વત્તા બતાવવાસારૂ અકારણે પણ અપ્રસ્તુત બોલ્યા કરેછે અને તેમ કરીને પોતાની લઘુતા કરેછે. ખાસ કરીને નકામું બોલવું નહિ અને કડવું પણ બોલવું નહિ. ૧.

દુઃખનું કારણ જીભ છે.

स्वजिह्वा नो वशे यस्य, जल्पने भोजने तथा ।
स भवेद्दुःखितो नित्यमात्मनो दुष्टचेष्टितैः ॥ २ ॥

ભાષણ કરવામાં તથા ભોજન કરવામાં જેની જિભ વશ નથી તે પુરૂષ દુષ્ટ ચેષ્ટિતોથી જગત્‌માં દુઃખો પામેછે. ૨.

તથા—

अर्धाङ्गुलपरीमाणजिह्वाग्रायासभीरवः ।
सर्वाग्रगं परिक्लेशं, सहन्ते मन्दबुद्धयः ॥ ३ ॥

માત્ર અર્ધ અંગુલ જેનું પરિમાણ છે એવા જિભના અગ્ર ભાગના પરિશ્રમથી બીકણ બનેલા અર્થાત્ એક એવો શબ્દોચ્ચાર કર્યો હોય કે જેથી તેઓને જ્યાં ત્યાં બીવું પડેછે અને તેથી સર્વ દુઃખોમાં અગ્રેસર એવા ક્લેશને મન્દબુદ્ધિવાળા લોકો સહન કરેછે. ૩.

ભયંકર શસ્ત્રાદિની પણ નિષ્ફળતા.

आर्य्या.

न तथा रिपुर्न शस्त्रं, न विषं न हि दारुणो महाव्याधिः ।
उद्वेजयति पुरुषं, यथा हि कटुकाक्षरा वाणी ॥ ४ ॥

सूक्तिमुक्तावली.

જેમ કડવા અક્ષરવાળી વાણી પુરૂષને ખેદ ઉત્પન્ન કરેછે તેમ દુશ્મન, શસ્ત્ર, વિષ અને ભયંકર રોગ પણ તેને ઉદ્વિગ્ન કરતો નથી. ૪।

શુદ્ધ ધર્મની સમજુતી.

(अनुष्टुप् ५–६).

सत्यं ब्रूयात्प्रियं ब्रूयान्न ब्रूयात्सत्यमप्रियम् ।
प्रियं च नानृतं ब्रूयादेष धर्मः सनातनः ॥ ५ ॥

मनुस्मृति.

સાચું બોલવું પરંતુ તે પ્રિય લાગે તેવું બોલવું. સાચું વાક્ય હોય પરંતુ અપ્રિય વચન ન બોલવું એટલે કાણા પુરૂષને કાણો કહેવો એ વચન સત્ય

છે પરંતુ તેને કટુ લાગે છે માટે આ વચનનો ઉચ્ચાર ન કરવો. ત્યારે કોઇ પ્રશ્ન કરે છે કે પ્રિય લાગે તેવું અસત્ય વચન બોલવું? તેના પ્રત્યુત્તરમાં જણાવે છે કે પ્રિય લાગે તેવું અસત્ય વચન પણ ન બોલવું એટલે કે એક મૂર્ખ માણસને કહેવું કે વાહ તમે ઘણા બુદ્ધિશાળી છો, વિગેરે ન બોલવું એ સનાતન ધર્મ છે.* ૫.

શબ્દરૂપી બાણ.

हृदि विद्ध इवात्यर्थं, यया सन्तप्यते जनः ।
पीडितोऽपि हि मेधावी, न तां वाचमुदीरयेत् ॥ ६ ॥

संस्कृत बीजी चोपडी.

જે કટુવાચાથી મનુષ્ય જાણે હૃદયમાં અત્યંત વિંધાણો હોય, તેમ સંતાપ પામેછે; તેવી વાણીનો ઉચ્ચાર સુજ્ઞપુરૂષે પોતાની પીડિત અવસ્થામાં પણ ન કરવો. ૬.

ઝેરનું પચી જવું.

शार्दूलविक्रीडित.

उल्कापातसहोदरं सहचरन्नैदाघझञ्झामरु-
ज्झम्पानां हरकण्ठलालितगरद्रोणीकुटुम्बीकृतम् ।
जिह्वाग्रे करपत्रमित्रमनिशं तत्कर्कशं दुर्वचो,
यस्यास्ते वद कद्वदः कथमहो सोऽपि स्वयं जीवति ॥ ७ ॥

काव्यमालागुच्छक-अष्टम.

ઉલ્કાપાતનું સહોદર, ઉષ્ણઋતુના વંટોળીયા પવનની ઝાપટોની સાથે ફરવાવાળું અને શંકરના કંઠમાં રહેલ ઝેરની કોઠીના કુટુંબરૂપ કરાયલું, કરવતના મિત્રરૂપ, કઠોર એવું દુર્વચન જે મનુષ્યની જિહ્વાના અગ્રભાગમાં હમેશાં રહેછે છતાં કુત્સિત ભાષણ કરનાર તે પુરૂષ જીવે છે! અહો આ મહા આશ્ચર્ય છે. ૭.

વચનથી સુખી અને દુઃખી થવાય છે અને વચન એ ખરેખર પુરૂષની પરીક્ષાનું સાધન છે તેથી દરેક મનુષ્યોએ કટુવચનનો ત્યાગ કરવો અને

* જો કોઇના પ્રાણ બચતાં હોય જેમકે પારાધી હરણને મારવા જાતો હોય અને પૂછે કે તમે મૃગલાં દેખ્યાં છે તો દેખ્યાં હોય તો કહેવું કે નથી દેખ્યાં આ સનાતન ધર્મ છે.

સુખકર વચન બોલવાની ઢબ રાખવી જેથી મનુષ્ય પોતે દુઃખભાગી થાય નહિ એમ સમજાવી આ કટુવચન અધિકાર પૂર્ણ કરવામાં આવેછે.

परपरिवाद-अधिकार.

ક્રુટુવચનથી પણ વિશેષ પરપરિવાદ (બીજાનું પછવાડેથી વાંકું બોલવું) એ કાર્ય ઉત્તમ મનુષ્યનું નથી તેથી સુજ્જન પુરૂષે તે પાપને માર્ગે ન જવું એ વિષય સમજાવવા આ અધિકારનો આરંભ કરવામાં આવેછે.

વશીકરણ મંત્ર.

अनुष्टुप्.

यदीच्छसि वशीकर्तुं, जगदेकेन कर्मणा ।
परापवादसस्येभ्यश्चरन्तीं गां निवारय ॥ १ ॥

તું એક કાર્યથી જો આખા જગત્‌ને વશ કરવા ઇચ્છતો હો તો બીજાની નિંદારૂપી ધાન્યોથી તેમાં ચરતી વાણીરૂપી ગાયને પાછી વાળ. અર્થાત્ બીજાનું પછવાડેથી વાંકું ન બોલ. ૧.

તથા—

आर्या.

परपरिवादः पर्षदि, न कथञ्चन पण्डितेन वक्तव्यः ।
सत्यमपि तन्न वाच्यं, यदुक्तमसुखावहं भवति ॥ २ ॥

सूक्तिमुक्तावली.

પંડિત પુરૂષે સભામાં કોઇની નિંદા કોઇ પણ રીતે ન કરવી કોઇ પ્રશ્ન કરે કે સત્ય પણ ન કહેવું? તેના ઉત્તરમાં જણાવવાનું કે એવું સત્ય પણ ન બોલવું. ૨.

રૂબરૂમાં કે પાછળથી કોઇનું વાંકું બોલવું એ વગર કારણે શત્રુ ઉત્પન્ન કર્યાની બરોબર છે એમ સમજુતી આપી આ પરપરિવાદ અધિકાર પૂર્ણ કરવામાં આવેછે.

अदत्तग्रहणदोष–अधिकार.

જેમ પરપરિવાદ–નિંદા ત્યાજ્ય છે તેમ તેની બેન ચોરી પણ ત્યાગ કરવા યોગ્ય છે. કારણકે તે ત્રીજું મહાપાપ ગણાયછે અને તેનું પરિણામ આલોક તથા પરલોકમાં બહુ ખરાબ ભોગવવું પડેછે. તેથી તેનો ત્યાગ કરવાની ભલામણ આપવા આ અધિકાર લેવામાં આવેછે.

ચોરી કર્યા કરતાં મરણ સારૂં.

अनुष्टुप् (१–२).

वरं वन्हिशिखा पीता, सर्पास्यं चुम्बितं वरम् ।
वरं हालाहलं लीढं, परस्वहरणं न तु ॥ १ ॥

પરાયું દ્રવ્ય હરવા કરતાં અગ્નિશિખા પીવી તે સારી, મ્હોરો, (હીરો અથવા વછનાગ) ચૂસવો સારો અને ઝેર પીવું પણ સારૂં છે અર્થાત્ તે સર્વ વસ્તુઓ કરતાં પરસ્વ (દ્રવ્ય) વિશેષ દુઃખદ છે તેમ સમજવું. ૧

ચોરના સાત ભેદ.

चौरश्चौरार्यको मन्त्री, भेदज्ञः काणकक्रयी ।
अन्नदः स्थानदश्चेति, चौरः सप्तविधः स्मृतः ॥ २ ॥

सूक्तिमुक्तावली.

૧ ચોરી કરનાર, ૨ ચોરની પૂજા સ્વીકારનાર (લાંચ લેનાર), ૩ ચોરને સલાહ આપનાર, ૪ તેઓના અભિપ્રાયને જાણનાર, ૫ સોનીને ત્યાં વેચનાર, ૬ (ચોરને) અન્ન આપનાર, ૭ તથા સંઘરનાર, એ સાત પ્રકારે ચોર મનાયછે. ૨.

જન્માંતરમાં ચોરીનું પરાક્રમ.

उपजाति.

कौटिल्यकोट्या परवञ्चनानि, गृह्णाति योऽन्यस्य धनानि लौल्यात् ।
भवान्तरेऽर्थैर्बहुधापि वञ्च्यः, सोऽदत्तसंस्थापनहेतुना हि ॥ ३ ॥

नरवर्मचरित्र.

જે માણસ કપટ માર્ગથી બીજાઓને જેમાટે છેતરવામાં આવેછે એવાં દ્રવ્યો હુશિયારીથી લઈ લે છે તે ભવાન્તરમાં અદત્તગ્રહણનાજ હેતુથી અનેક પ્રકારે પૈસાથી છેતરાયછે (દરિદ્ર થાયછે). ૩.

ચોરીથી થતી હાનિ.

हरिणी.

परजनमनःपीडाक्रीडावनं वधभावना-
भवनमवनिव्यापिव्यापल्लताघनमण्डलम् ।
कुगतिगमने मार्गः स्वर्गापवर्गपुरार्गलं,
नियतमनुपादेयं स्तेयं नृणां हितकाङ्क्षिणाम् ॥ ४ ॥ સિન્દૂરપ્રકર

નિશ્ચય રીતે (હું કહુંછું કે) મોક્ષની ઇચ્છાવાળા પુરૂષોએ ચોરીનો ત્યાગ કરવો. કારણકે ચોરી બીજા મનુષ્યોના મનને પીડવામાં ક્રીડા (રમવા) ના બગીચારૂપ છે, હિંસાની ભાવના (ઉત્પત્તિ સ્થાન) નું ઘર છે, પૃથ્વીમાં સર્વ ઠેકાણે રહેલ આપદ્રૂપી લતાને મેઘમંડળ જેવું છે (અર્થાત્ જેમ મેઘથી લતા વૃદ્ધિ પામેછે તેમ ચોરીથી દુઃખ વૃદ્ધિ પામેછે) નરકમાં જવાનો રસ્તો છે, અને દેવલોક તથા મોક્ષરૂપી શહેરમાં જવાને માટે આડી ભોગળરૂપેછે.

આ શ્લોકનો સારાંશ એ નીકળેછે કે સર્વ પ્રકારનું સુખ ભોગવવામાટે ચોરીનો ત્યાગ કરવો. ૪.

તથા—

शार्दूलविक्रीडित.

यन्निर्वर्तितकीर्त्तिधर्मनिधनं सर्वागसां साधनं,
प्रोन्मीलद्वधबन्धनं विरचितक्लिष्टाशयोद्बोधनम् ।
दौर्गत्यैकनिबन्धनं कृतसुगत्याश्लेषसंरोधनं,
प्रोत्सर्पत्प्रधनं जिघृक्षति न तद्धीमानदत्तं धनम् ॥ ५ ॥

सिन्दूरप्रकर.

જે પુરૂષ કોઇ પણ વસ્તુની ચોરી કરવાની ઇચ્છા પણ કરતો નથી તેને પંડિત કહેવો. કારણકે ચોરી, પ્રાપ્ત થયેલી કીર્ત્તિ અને ધર્મનો નાશ કરનારી છે, સર્વ પાપનું કારણ છે, લાકડીથી માર ખાવો કે દોરડાથી બંધાવું એવા માહાત્મ્યને જાહેર

રીતે ધારણ કરનારી છે, દુષ્ટ અભિપ્રાયને જાગૃત કરનારી છે, દરિદ્રતાને પોતાની પાસેથી નહિ ખસવા દેનારી છે, સુગતિ–મોક્ષસ્થાનના ભેટામાં આડી પડી રોકનારી છે અને (પરિણામે) મૃત્યુ ઉત્પન્ન કરનારી છે. ૫.

કોઇની વસ્તુ લેવાથી આલોકમાં પ્રતિષ્ઠા જાયછે, કારાગૃહની શિક્ષા ભોગવવી પડેછે એટલુંજ નહિ પણ પરલોકમાં દુઃખી થવું પડેછે માટે ચોરી કરવી નહિ એમ સમજાવી અને ચોરીના બંધુરૂપ ધૂતદોષ તરફ દૃષ્ટિ ફેરવી આ અદત્તગ્રહણદોષ અધિકાર પૂર્ણ કરવામાં આવેછે.

द्यूतदोष–अधिकार.

સર્વ વ્યસનોમાં આદિ કારણરૂપ ધૂત (જુગટું) એ શબ્દથી દરેક માણસ સુજ્ઞાત હોયછે એટલે તે શબ્દના ધ્વનિમાત્રથી તેને જાણી શકાય તેથી તે સંબંધે વિશેષ કહેવાનું રહેતું નથી; પરંતુ ધૂતમાં કેટલા અનર્થો છે? આ બાબત જાણવાની પ્રથમ જરૂર છે. કારણકે તેના અનર્થોનું શ્રવણ થાય તો જનસમાજ તેના કુપરિણામને જાણી અટકે. પ્રથમ તો એમ કહેવામાં આવે કે જુગારમાં સર્વ અનર્થો સમાયેલા છે તોપણ તે વાર્ત્તા અસત્ય નથી. કારણકે મંગલાચરણમાં જુગારી ધૂત કામમાં પ્રવૃત્ત થયો ત્યાંથી જો તેમાં ધનાદિની પ્રાપ્તિ થાય તો પરસ્ત્રીઓમાં ખરચવાનું મન થાય અને પરસ્ત્રીઓમાં આસક્તિ થતાં પોતાની વીર્યશક્તિ ઘટી જાય ત્યારે મદિરાદિના પાનથી મત્ત બની તે કુકર્મમાં આસક્ત વધારે રહેતો જાય અને દિનપ્રતિદિન પ્રમેહાદિ રોગોના નિવાસરૂપ બની જાય અને વખતે જુગારમાં ધન હારી જાય તો ત્યાંજ અસત્ય ભાષણ, મારામારી, બીભત્સ ભાષણો કરવાનો પ્રસંગ આવે તેમાં વખતે બીજા બળવાન પક્ષના જુગારીઓ મળે તો પ્રહાર કરવામાં બાકી રાખે નહિ અને ત્યાંથી કંગાલ બની ચાલ્યો જાય પછી વિચાર કરે કે, જો કાંઇક પૈસાની જુજ રકમ મળે તો તેને ધૂતમાં મૂકી વધારે ધન મેળવું, એવો વિચાર કરતાં કાંઇ પણ ધન ન મળે તો છેવટે ઘરમાંથી અગર બીજેથી ચોરી કરવાનું મન થાય અને ચોરીના કાર્યમાં વખતે પકડાય તો જેલજાત્રાનો પ્રસંગ પણ આવે અને પરિણામે સર્વ પ્રકારનાં દુઃખોથી જગત્‌માં અપકીર્ત્તિ મેળવી નરકમાં પડે. એટલે ટુંકામાં વિચાર કરતાં જુગારમાં અસત્ય ભાષણ, પરસ્ત્રીસેવા, મદિરાપાન, ચોરી ઇત્યાદિ સમગ્ર દુર્લક્ષણો સમાયેલાં છે. તે બાબતનું સુસ્પષ્ટ વિવેચન

આ અધિકારમાં કરવામાં આવ્યું છે તેથી તેમાંથી નિરીક્ષણ કરી સજ્જનોએ આ પરિશ્રમને સફળ કરવો.

મહા પરાક્રમી પાંડવ અને નળ, બન્ને નિર્બળ.

उपजाति.

राज्यच्युतिं वल्लभया वियोगं, द्यूतानलः प्राप गतोरुभोगः ।
प्रचण्डतामण्डितबाहुदण्डास्ते पाण्डवाः प्रापुररण्यवासम् ॥ १ ॥

सूक्तिमुक्तावली.

જુગટાથી જેના સમગ્ર રાજોપચારના ભોગો નાશ પામ્યા છે એવા નલરાજા રાજ્યથી ભ્રષ્ટતાને અને વહાલી સ્ત્રી દમયન્તીના વિયોગને પ્રાપ્ત થયા, અર્થાત્ પોતાનું સર્વસ્વ ખોઇ અશ્વપાલની નોકરી કરી પેટ ભરવાની સ્થિતિને પામ્યા અને પ્રચંડપણાથી જેના હસ્તોરૂપી દંડો શોભાયમાન છે એવા તે પાંડવો વનના વાસને પામ્યા (આ સર્વ કથાઓ શાસ્ત્રોમાં પ્રસિદ્ધ છે તેમ આ બાબતના જ્ઞાનથી કોઇકજ મનુષ્ય અજ્ઞાત હશે, માટે આ સર્વ દ્યૂતની પ્રબલતા છે તેથી આવા કાર્યમાંથી બુદ્ધિમાન્ મનુષ્યે અટકી જવું). ૧.

દુઃખોનો રાજા દ્યૂત.

रथोद्धता (२ थी २२).

यानि कानिचिदनर्थवीचिके, जन्मसागरजले निमज्जताम् ।
सन्ति दुःखनिलयानि देहिनां, तानि चाक्षरमणेन निश्चितम् ॥ २ ॥

સંકટોરૂપી જેમાં લહેરો છે એવા જન્મસાગર (સંસાર સાગર) માં ડૂબતાં મનુષ્યોને જે કાંઇ દુઃખનાં સ્થાનો છે તે સર્વ નક્કી જુગટું રમવાથીજ મનુષ્યોને પ્રાપ્ત થાયછે. અર્થાત્ સર્વ દુઃખોનું નિદાન દ્યૂતજ છે. ૨.

સદ્ગુણસાથે દ્યૂતની લડાઇ.

तावदत्र पुरुषा विवेकिनोयान्ति तावदितरेषु पूज्यताम् ।
तावदुत्तमगुणा भवन्ति च, यावदक्षरमणं न कुर्वते ॥ ३ ॥

જ્યાંસુધી મનુષ્યો જુગટું રમતા નથી ત્યાંસુધી ઉત્તમ ગુણવાળા, વિવેકી તથા માનપાત્ર ગણાયછે. અર્થાત્ દ્યૂત રમવાથી ઉપરના ત્રણે ગુણો નાશ પામેછે. ૩.

જુગારી માનવો કયું પાપ નથી કરતા?

सत्यशौचशमशर्मवर्जिता, धर्मकामधनतो बहिष्कृताः ।
द्यूतदोषमतिना विचेतनाः, कं न दोषमुपचिन्वते जनाः ॥ ४ ॥

સત્ય ભાષણ, પવિત્રતા, મનોનિગ્રહ અને પુણ્ય કાર્યોથી વર્જિત; ધર્મ કાર્યની ઇચ્છા તથા પૈસાથી પણ બહાર કરાયેલા એટલે ધર્મ તથા ધનવગરના અને દ્યૂતરૂપી દોષમાં જેની બુદ્ધિ આસક્ત છે એવા અને જુગારી મિત્રથી જેની બુદ્ધિ હરાઇ ગયેલી છે એવા જુગારી પુરૂષો કયા દોષને એકત્ર કરતા નથી? એટલે કયા પાપને કરતા નથી? અથાત્ સર્વ પાપોને કરેછે. ૪.

જુગટું શું શું કરેછે?

सत्यमस्यति करोत्यसत्यतां, दुर्गतिं नयति हन्ति सद्गतिम् ।
धर्ममत्ति वितनोति पातकं, द्यूतमत्र कुरुतेऽथवा न किम् ॥ ५ ॥

જુગટું સત્યનો નાશ કરેછે અને અસત્યપણાને પ્રગટ કરેછે (એટલે જુગારી જૂઠાબોલાજ હોયછે.) તેમ જીવને દુર્ગતિ (નરક) માં લઇ જાય છે અને સદ્ગતિ (મોક્ષસુખ) ને હણી નાખે છે, તેમ ધર્મને ખાઈ જાય છે (એટલે ધર્મનો નાશ કરેછે) અને પાપનો વિસ્તાર કરેછે. અથવા દ્યૂત અત્ર શું કરતું નથી? અર્થાત્ સર્વ પ્રકારનું દુઃખ ઉત્પન્ન કરેછે. ૫.

દ્યૂતથી થતી હાનિ.

द्यूततोऽपि कुपितो विकम्पते, विग्रहं भजति तं नरो यतः ।
जायते मरणमारणाक्रिया, तेन तच्छुभमतिर्न दीव्यति ॥ ६ ॥

જુગારથી કોપાયમાન થયેલો મનુષ્ય કંપે છે એટલે ધ્રુજવા માંડેછે અને તે કારણથી મનુષ્ય વિગ્રહને ભજેછે (કજીયો કરેછે.) એટલુંજ નહિ પણ છેવટે મરવું મારવું આ ક્રિયા પણ જુગારથી ઉત્પન્ન થાયછે. તે કારણથી શુભ બુદ્ધિવાળો મનુષ્ય દ્યૂતક્રીડા કરતો નથી. ૬.

જે દ્યૂત રમનારો તે નરકને બોલાવનારો.

द्यूतदेवनरतस्य विद्यते, देहिनां न करुणा विना तया ।
पापमेति परदुःखकारणं, श्वभ्रवासमुपयाति तेन सः ॥ ७ ॥

જે જુગાર રમવામાં પ્રીતિવાળો છે તેને દયા હોતી નથી અને તે દયાવિના અન્યને દુઃખના કારણરૂપ એવું પાપ મેળવેછે અને તેથી તે જીવ નરકની ખાણોમાં નિવાસ કરેછે. ૭.

પશુયોનિમાં જવાનો સુલભ રસ્તો.

पैशुनं कटुकमश्रवासुखं, वक्ति वाक्यमनृतं विनिन्दितम् ।
वञ्चनाय कितवो विचेतनः, पाशवीं तु गतिमेति तेन सः ॥ ८ ॥

જુગારના કારણથી બુદ્ધિહીન એવો મનુષ્ય બીજાને છેતરવાસારૂ ચાડીવાળું, કડવું, અનુચિત, દુઃખરૂપ અને નિંદિત એવા અસત્ય વાક્યનો ઉચ્ચાર (ઠગબાજી) કર્યા કરેછે અને તેથી તે જુગારી મનુષ્ય બીજા જન્મમાં પણ પશુની યોનિ મેળવેછે. ૮.

નિંદામાં અગ્રેસર થવામાટે પૂરતું સાધન.

अन्यदीयमविचिन्त्य पातकं, निर्घृणो हरति जीवितोपमम् ।
द्रव्यमत्र कितवो विचेतनस्तेन गच्छति कदर्थतां चिरम् ॥ ९ ॥

જુગારના કારણથી કપટી, બુદ્ધિહીન, નિર્દય એવો મનુષ્ય પાપનો વિચાર ન કરીને બીજાનું જીવતર જેવું પ્રિય એવું જે ધન તેની અત્ર ચોરી કરેછે અને તેથી લાંબા સમય સુધી નિંદ્યપણાને પામેછે એટલે જગત્‌માં નિંદાને પાત્ર થાયછે. ૯.

દ્યૂતથી પરસ્ત્રીમાં આસક્તિ.

श्वभ्रदुःखपटुकर्मकारिणीं, कामिनीमपि परस्य दुःखदाम् ।
द्यूतदोषमलिनोऽभिलष्यति, संसृतावटति तेन दुःखितः ॥ १० ॥

જુગારના દોષથી મલિન એવો મનુષ્ય નરકની ખાણના દુઃખનું કાર્ય કરવામાં ચતુર અને દુઃખને આપવાવાળી એવી બીજાની સ્ત્રીને પણ ઇચ્છેછે અર્થાત્ પરસ્ત્રીમાં આસક્ત થાયછે અને તે દુષ્કૃત્યથી સંસારમાં અનેક યોનિઓમાં ભ્રમણ કર્યા કરેછે અને દુઃખી થાયછે. ૧૦.

સંસારમાં જન્મ થવાનું કારણ.

जीवनाशनमनेकधा दधद्, ग्रन्थमक्षरमणोद्यतो नरः ।
स्वीकरोति बहुदुःखमस्तधीस्तत्प्रयाति भवकाननं यतः ॥ ११ ॥

ધૂત રમવાની ક્રિયામાં ઉદ્યત (તૈયાર) એવો પુરૂષ અનેક પ્રકારે જીવની જેમાં હિંસા છે એવા ગ્રંથને ધારણ કરેછે અને બહુ દુઃખવાળા તેવા કાર્યનો સ્વીકાર કરેછે જેથી અસ્ત બુદ્ધિવાળો તે પુરૂષ સંસારરૂપી વનમાં ગતિ કર્યા કરેછે, એટલે જન્મ મરણને પામ્યા કરેછે. ૧૧.

જુગટું રમનારની ક્રિયાઓ તથા તેનું છેવટનું નિદાન સ્થાન.

साधुबन्धुपितृमातृसज्जनान्मन्यते न तनुते मलं कुले ।
द्यूतरोपितमना निरस्तधीः, श्वभ्रवासमुपयात्यसौ यतः ॥ १२ ॥

જુગારમાં જેનું મન રૂઢ થઈ રહ્યું છે અને જેની બુદ્ધિ નાશ પામી ગઇછે એવો નીચ પુરૂષ સાધુ પુરૂષો, બાન્ધવો, પિતા, માતા તથા સજ્જનોને માન આપતો નથી અને કુળને કલંકિત કરેછે અને તે પાપથી નરકની ખાણમાં નિવાસ કરેછે. ૧૨.

ધૂતથી દરિદ્રતા અને દુષ્કર્મની ઉત્પત્તિ.

द्यूतनाशितधनो गताशयो, मातृवस्त्रमपि योऽपकर्षति ।
शीलवृत्तिकुलनीतिदूषणः, किं न कर्म कुरुते स मानवः ॥ १३ ॥

જુગારથી જેનું ધન નાશ પામ્યું છે અર્થાત્ પોતાના હાથથી જેણે ધનનો નાશ કરી નાખ્યો છે એવો જે મૂઢ જુગારી મનુષ્ય તે પોતાની માતાના વસ્ત્રને પણ ખેંચેછે. પોતાનું ચારિત્ર, ધંધો, કુળ અને નીતિને દૂષિત કરનારો તે મનુષ્ય શું કર્મ (કુકર્મ) કરતો નથી? અર્થાત્ સર્વ જાતનાં કુકર્મોને કરેછે. ૧૩.

જુગારી કોઇ વખત પોતાના શરીરના અવયવને પણ દેશવટાની શિક્ષા કરેછે.

घ्राणकर्णकरपादकर्तनं, यद्वशेन लभते शरीरवान् ।
तत्समस्तसुखधर्मनाशनं, द्यूतमाश्रयति कः सचेतनः ॥ १४ ॥

પૂર્વના પુણ્યના યોગને લીધે જો કે પોતે સર્વાંગવાળો છે તો પણ જે જુગારને વશ થઇ નાસિકા, કાન, હસ્ત, પાદ વિગેરેના કપાવાને પામે છે. અર્થાત્ છેવટ અંગોને પણ કપાવે છે, માટે સમગ્ર સુખો તથા ધર્મોનો નાશ કરનાર એવા જુગારનો, બુદ્ધિવાળો કયો મનુષ્ય આશ્રય કરે? અર્થાત્ નજ કરે. ૧૪.*

* ડાકોરજીના મેળામાં એક માણુસ જુગારમાં પોતાનું ભૂષણાદિ બધું ધન હારી ગયો ને છેવટે પોતાનું નાક કપાવવાનું કબુલ કરી તેણે રમત કરી તેમાં પણ હારી જવાથી છેવટે નાક કપાવ્યું. એવી કિંવદંતી છે.

દ્યૂતથી પ્રાપ્ત થતી સમૃદ્ધિ પણ દરિદ્રતાનુંજ મૂળ છે.

धर्मकामधनसौख्यनाशिना, वैरिणाक्षरमणेन देहिनाम् ।
सर्वदोषनिलयेन सर्वदा, सम्पदा खलु सहाश्वमाहिषम् ॥ १५ ॥

ધર્મ સંબંધી ઇચ્છા, ધન અને સુખોનો નાશ કરનાર તથા હમેશાં સર્વ દોષોનું ઘર, એવો જે જુગટારૂપી દુશ્મન તેનાથી વખતે અશ્વ તથા મહિષી વિગેરે સંપદ્ મળે તોપણ હાનિરૂપ છે. અર્થાત્ કોઇક દિવસ જુગારી માણસ જુગટામાં ધનાદિ પદાર્થો જીતી જાય છે પરંતુ પરિણામે તે ધન બીજા ઘણા ધનને ખેંચી જુગાર માર્ગમાંજ ક્ષણ માત્રમાં નાશ પામી જાય છે એટલે જુગટાની કમાણી પણ હાનિરૂપજ માનવી. ૧૫.

અતો ભ્રષ્ટ તતો ભ્રષ્ટ.

यद्वशाद् द्वितयजन्मनाशनं, युद्धराटिकलहादि कुर्वते ।
तेन शुद्धधिषणा न तन्वते द्यूतमत्र मनसापि मानवाः ॥ १६ ॥

જુગટાને આધીન થવાથી જીવના બીજા જન્મનો પણ નાશ થાયછે. (અર્થાત્ જુગારીનો ચાલતો જન્મ તો નષ્ટ છે પરંતુ આવતો જન્મ પણ નષ્ટ થાયછે એટલે બગડે છે.) કારણકે જુગારી પુરૂષ યુદ્ધ રાડ કલેશ વિગેરે કર્મને કરી રહ્યા છે, તેથી શુદ્ધ બુદ્ધિવાળા મનુષ્યો અહિં મનથી પણ જુગટાનું આચરણ કરતા નથી. ૧૬.

દરિદ્રતા અને દ્યૂતને દોસ્તી.

द्यूतनाशितसमस्तभूतिको, बम्भ्रमीति सकलां भुवं नरः ।
जीर्णवस्त्रकृतदेहसंहतिर्मस्तकाहितभरः क्षुधातुरः ॥ १७ ॥

જુગારથી જેની સમગ્ર લક્ષ્મી (ધન) નાશ પામેલ છે માટેજ જુનાં વસ્ત્રોથી દેહને ઢાંકનાર અને માથે બોજાને ઉઠાવનાર ભૂખ્યો તે જુગારી મનુષ્ય આખી પૃથ્વીમાં અહીંથી તહીં એમ અત્યંત ભમ્યા કરેછે. એટલે જુગારીની ગતિ ઘણી ઉતાવળી હોય છે કારણકે—તેને ક્ષણમાત્ર દ્યૂતનો વિરહ યુગસદૃશ થાયછે. એટલે પોતાના કાર્યપર જતાં તેની ગતિ ઘણીજ ઉતાવળી હોયછે. ૧૭.

જુગારીની પાયમાલી છે.

याचते नटति याति दीनतां, लज्जते न कुरुते विडम्बनाम् ।
सेवते नमति याति दासतां, द्यूतसेवनपरो नरोऽधमः ॥ १८ ॥

જુગારની સેવામાં તત્પર એવો અધમ પુરૂષ પોતે અયાચક વર્ણ હોય તો પણ ભિક્ષા માગે છે, પોતે કુલીન હોય તો પણ નટની માફક નાચવા માંડે છે અને પોતે સારા ગૃહસ્થનો પુત્ર હોય તો પણ કંગાલપણું કરેછે, તેમ આબરૂવાળા માણસનો દીકરો હોય તો પણ શરમાતો નથી અને બીજા માણસની પછવાડે ફરી તેની આજીજી કર્યા કરેછે, પોતે ઉત્તમ વર્ણનો હોય તો પણ નીચ મનુષ્યની પાદક્ષાલન વિગેરે સેવા કરવી હોય તો તેમાં પણ પાછો પગ ભરતો નથી અને સર્વત્ર નમ્યા કરેછે અને દાસપણાને પામે છે. આવી નીચમાં નીચ સ્થિતિ જુગારી મનુષ્યની થાયછે. (આ બાબત અનેક મનુષ્યોએ પોતાની નજરે જોઇ હશે તેથી વિશેષ વિવેચનની જરૂર નથી.) ૧૮.

જુગારીની અધમાધમ ગતિ.

रुध्यतेऽन्यकितवैर्निषिध्यते, बध्यते वचनमुच्यते कटु ।
नोद्यतेऽत्र परिभूयते नरो, हन्यते च कितवो विनिन्द्यते ॥ १९ ॥

જુગારીને કેટલાક કપટી પુરૂષો ક્યાંક રોકી મૂકે છે, ક્યાંક અટકાવી દેછે અને તેને વખતે તાડન કરેછે તેમ કટુવચન પણ કહે છે એટલુંજ નહિ પરંતુ જુગારી એવા કપટી મનુષ્યને લોકો મુઠીઓના માર મારે છે, પરાભવ પમાડે છે અને છેવટે મારી પણ નાખે છે અને મુવા પછી તે જુગારીની નિંદા પણ થાય છે. ૧૯.

જુગારીનો ધંધો.

हन्ति ताडयति भाषते वचः, कर्कशं रटति विन्दते व्यथाम् ।
सन्तनोति विदधाति रोधनं, द्यूततोऽथ कुरुते न किं नरः ॥ २० ॥

બીજાને જાનથી મારી નાખે છે, પ્રહાર કરેછે, કઠોર વચનનો ઉચ્ચાર કરેછે, બરાડા પાડેછે, પોતે દુઃખ પામેછે અને બીજાને દુઃખ કરે છે, તેમ બીજાને રોકી મૂકે છે, અર્થાત્ બીજો પણ જો તે જુગારીના સંગમાં જાય તો તેને પણ કાર્ય ધંધેથી કાઢી પોતા જેવો કરી મૂકે છે એમ ધૂતથી મનુષ્ય શું કરતો નથી? અર્થાત્ ધૂત સર્વાનર્થનું કારણ છે. ૨૦.

સજ્જન અને ધૂતનો અણબનાવ.

जल्पितेन बहुधा किमत्र भो, द्यूततो न परमस्ति दुःखदम् ।
चेतसेति परिचिन्त्य सज्जनाः, कुर्वते न रतिमत्र सर्वथा ॥ २१ ॥

હે મહાશયો! આ બાબતમાં વધારે કહેવાથી શું? જુગટાથી બીજું કોઇ દુઃખ દેનારૂં છેજ નહિ એમ ચિત્તથી વિચાર કરીને સજ્જન પુરૂષો આ ધૂતમાં કોઇ પણ રીતે પ્રેમ કરતા નથી. ૨૧.

તથા—

शीलवृत्तगुणधर्मरक्षणं, स्वर्गमोक्षसुखदानपेशलम् ।
कुर्वताक्षरमणं न तत्त्वतः, सेव्यते सकलदोषकारणम् ॥ २२ ॥

सुभाषितरत्नसन्दोह.

સ્વર્ગ તથા મોક્ષસુખના દાન આપવામાં ચતુર એવા શીલવૃત્ત, (સદાચરણ) ઉત્તમ ગુણો અને સદ્ધર્મનું રક્ષણ કરતો પુરૂષ જુગટું સેવતો નથી કારણકે વિચાર કરતાં જુગટું પરિણામે સર્વ દોષોનું કારણજ છે. (તેથી સજ્જનો ઘૂત કર્મનો ત્યાગ કરેછે.) ૨૨.

ઘૂતના નબળ શક્તિ સામે ડાહ્યા પુરૂષની કરડી નજર.

शार्दूलविक्रीडित

भस्मस्नानमहाव्रतं कतिपयश्रीभ्रष्टसम्भावितं,
सर्वापह्नवहस्तलाघवकला कूटाक्षशिक्षात्मकम् ।
मर्त्याशापुनरुक्तहारणजगद्द्रोहं विवादास्पदं,
दारिद्र्यस्य निमन्त्रणं किमपरं धिग्द्यूतलीलायितम् ॥ २३ ॥

काव्यमाला गुच्छक अष्टम.

ઘૂતને લીધે કેટલાક શ્રીમંત લોકો લક્ષ્મી (ધન) થી ભ્રષ્ટ થઇ ભસ્મ-સ્નાનના મહાવ્રતને ધારણ કરેછે અર્થાત્ ઘૂતને લીધે નિર્ધન થયેલા પોતાનું મોઢું જગત્‌ને બતાવવામાં શરમાય છે જેથી શરીરમાં ભસ્મ લગાવી બાવા થઇ જાયછે. વળી જુગાર સર્વ પ્રકારની છેતરપીંડી કરવામાં હસ્તલાઘવ (હાથચાલાકી) ની કળારૂપ અને અસત્ય પાસાની શિક્ષાવાળો છે માટેજ તેમાં ધનાદિની આશાથી પુનઃ ઉપર કહેલ ઘૂતમાં હારી ગયેલ એવા જગત્‌ના મનુષ્યોનો દ્રોહ કરનાર છે અને પરસ્પર વિવાદનું કારણ છે તેમજ દારિદ્ર (કંગાલપણા) નું નિમંત્રણ ઘૂત વિના બીજું શું હોઇ શકે? માટેજ દ્યૂતની રમતને ધિક્કાર પડો. ૨૩.

જુગટાનો ધંધો પાયમાલીનો છે. એ ધંધામાં દેવ જેવા રાજા કે મોટા વ્યાપારીઓ પણ પાયમાલ થયા છે એ વાંચકવર્ગથી અજાણ્યું હશે નહિ માટે તેને અગ્નિથી બાળી તેની જ્વાળા ન લાગે તેમ દૂર ખસો. એ તમોને સમજુતી આપીને આ દ્યૂતદોષ અધિકાર પૂર્ણ કરવામાં આવેછે.

तमाखुवर्णन-अधिकार.

જુગટું રમનારને તમાકુનું વ્યસન પણ હોયછે સે તમાકુનું વ્યસન શરીરપર માઠી અસર કરનાર છે અને મન ઉપર પણ ધૈર્ય વિગેરેનું હરણ કરી માઠી અસર કરેછે જેથી વ્યવહારમાં, ધંધામાં અને ધર્મમાં અનેક જાતનાં નુકસાનો થાયછે. તેથી વ્યસન અધિકારના પેટા અધિકારરૂપે અથવા કોઇ પણ પ્રકારના વ્યસનથી કેવી દુર્દશા થાયછે તેનું ભાન આપવાને ઉપલક્ષણરૂપે આ અધિકાર લેવામાં આવેછે.

તમાકુના વ્યસનીને મીંદડાની ઉપમા.

अनुष्टुप्.

दारिद्र्यशीलोऽपि नरस्तमाखुं नैव मुञ्चति ।
निवारितोऽपि मार्जारस्तमाखुं नैव मुञ्चति ॥ १ ॥

જેમ બીલાડાને વારંવાર હાંકી કાઢયો હોય તોપણ (तं+आखुं) ઉંદરને છોડતો નથી; તેમ મનુષ્ય ઘણોજ દરિદ્ર થયો હોય પણ तमाखु=તમાકુને તજતો નથી. ૧.

તમાકુનું સર્વ સ્થાનેથી પાછું ફરવું.

वसन्ततिलका.

न स्वादु नौषधमिदं न च वा सुगन्धि,
नाक्षिप्रियं किमपि शुष्कतमाखुचूर्णम् ।
किं चाक्षिरोगजनकं च तदस्य भोगे
बीजं नृणां नहि नहि व्यसनं विनान्यत् ॥ २ ॥

સુકેલી તમાકુનું ચૂર્ણ સ્વાદિષ્ટ પદાર્થ નથી, ઔષધ નથી, સુગંધી નથી, આંખને હિતકર નથી, પણ ઉલટું આંખના રોગને ઉત્પન્ન કરનારૂં છે, માટે આનો ઉપયોગ (ભક્ષણ) કરવામાં મનુષ્યોને વ્યસન શિવાય બીજું કાંઇજ કારણ નથી. ૨.

બ્રહ્માની સામે તમાકુનું યુદ્ધ.

भ्रातः कस्त्वं तमाखुर्गमनमिह कुतो वारिधेः पूर्वपारा-
त्कस्य त्वं दण्डधारी न हि तव विदितं श्रीकलेरेव राज्ञः ।
चातुर्वर्ण्यं विधात्रा विविधविरचितं ब्रह्मणा धर्महेतो-
रेकीकर्तुं बलात्तमखिलजगति रे शासनादागतोऽस्मि ॥ ३ ॥

सुभाषितरत्नभाण्डागार.

કવિ તમાકુને કહેછે કે હે ભાઇ! તું કોણ છે? ત્યારે તેણે કહ્યું કે હું તમાકુ છું. આપનું આહીં આવવું ક્યાંથી થયું? જવાબમાં કહે છે કે સમુદ્રને સામે કાંઠેથી. તું કોનો નોકર છે? જવાબમાં કહે છે કે તમો નથી જાણતા? હું કળી રાજાનો સેવક છું (ને મારે અહીં આવવાનું કારણ એછે કે) બ્રહ્માજીએ ધર્મને માટે નાના પ્રકારની ચાર વર્ણની પ્રજા રચી છે તે સર્વને બળથી એક કરવાને (ભ્રષ્ટ કરવાને) કળી રાજાના હુકમથી આ જગત્માં આવ્યો છું. ૩.

તમાકુની ઘેલછાથી બકવાદ.

દોહો.

હુક્કો હુક્કો લાડડો, સબકો રાખત માન;
ભરી સભામેં ઐસેં ડોલે, જૈસે વ્રજમેં કાન. ૪

કોઇ પણ કવિ.

કોઇ પણ જાતના બંધાણમાં ભ્રષ્ટતાથી પૂર્ણ રીતે અળગ રહી શકાતું નથી એ મતલબ પણ ઉપરના દોહામાંથી નીકળેછે, માટે તમાકુનું વ્યસન કરવું નહિ. જેથી કર્ત્તવ્યકર્મમાં તત્પર રહી શકાય. એમ બતાવી આ તમાકુ-વર્ણન અધિકાર પૂર્ણ કરવામાં આવેછે.

अफीण (केफसम्बन्धी)-अधिकार.

કેટલાક મનુષ્યો માને છે કે તમાકુ તથા અફીણ વિગેરેનો કેફ કરવાથી સ્ફુરવીરતા આવેછે તેમ કામ કરવાની હોંશ વધેછે એ કહેવું તદ્દન જૂઠું છે પણ ઉલટું તેનાથી શરીરને નુકશાન પહોંચે છે. કેફ નહિ કરનાર પુરૂષોએ જગ-

તુમાં જય મેળવ્યો છે એ બતાવવા આ અધિકારની જરૂર જણાવાથી લેવામાં આવ્યો છે.

વીરપુરૂષને કેફની જરૂર નથી.

ઈંદ્રવિજય.

રામ થયા રણ રંગવિષે ખળ રાવણને રણમાં રગદોળ્યો,
કંસ તણો નિરવંશ કર્યો હરિ ચાંચડની સમ ચાણુર ચોળ્યો;
ભારથમાં પણ પારથ ભૂપ જુઓ દુર્યોધનને રણ રોળ્યો,
કો રજપૂત જવા રણ કારણ ક્યાંઇ કદાપિ કસુંબો ઘોળ્યો. ૧

કેફના અવગુણવિષે.

ગરબી.

"લાલ પીઆરીનો સાહેબોરે"—એ ઢબ.

શીખ કહુંછું તે સૌ સાંભળોરે,
ફેલ વિસારો અફીણ હો લાલ;
લાલ કસુંબા નવ લીજીએરે—ટેક૦
અવગુણ અતિ ઝાઝા અફીણમાંરે,
એથી હોયછે અક્કલ હીણ હો લાલ;
લાલ કસુંબા નવ લીજીએરે. ૨
મોટે મહેલ ચડીને બેસતારે,
અફીણથી એજ થયા હરરાજ હો લાલ;
લાલ કસુંબા નવ લીજીએરે;
જે નર ભોજન જમતા ભાવતાંરે,
રડતા દીઠા અન્નને કાજ હો લાલ;
લાલ કસુંબા નવ લીજીએરે. ૩
વાહન રથ ઘોડાને પાલખીરે,
ચાલ્યા પગપાળા તજી તેહ હો લાલ;
લાલ કસુંબા નવ લીજીએરે;
રાતા માતા શરીરે શોભતારે,
દીઠા તેના દુર્બળ દેહ હો લાલ;
લાલ કસુંબા નવ લીજીએરે. ૪

જે નર ચતુર શિરોમણિ જાગતારે,
નીરખ્યા તે નિદ્રા લે નેણ હો લાલ ;
લાલ કસુંબા નવ લીજીએરે ;
જે નર બહુ જુક્તિથી બોલતારે,
તે નર ભાખે ભાંગ્યાં વેણ હો લાલ ;
લાલ કસુંબા નવ લીજીએરે. ૫
જેની અતિ સંભળાતી આબરૂરે,
તે નર લોકોમાં નિંદાય હો લાલ ;
લાલ કસુંબા નવ લીજીએરે ;
જેનું સાચપણું સૌ માનતારે,
તે સાચો થાવા સમ ખાય હો લાલ :
લાલ કસુંબા નવ લીજીએરે. ૬
દલપત.

દરેક કેફ હાનિકર છે તેથી સુખી થવાની ઇચ્છાવાળા મનુષ્યે કેફ નહિ કરવો. કારણકે તેનાથી ધર્મની, શરીરની, પૈસાની તથા આબરૂની અવશ્ય પાયમાલી છે એ સમજાવી તથા કેફી હઠીલો હોયછે તેનું તેતરફ ધ્યાન ખેંચી આ અફીણ–અધિકાર પૂર્ણ કર્યો છે.

हठवाद–अधिकार.

ઘણાં મનુષ્યો પોતાનું હિત નહિ સમજતાં હોવા છતાં મૂર્ખતાથી મડાગાંઠવાળી અકલ્યાણકારી અધર્માચરણ તથા ધર્મવિરૂદ્ધ મંતવ્યોને ચોટી બેઠેલા હોયછે અને જો કોઇ તેઓને સમજાવવા જાયછે તો તેઓની સામા થાયછે, જેમ જેમ તેઓને વિશેષ સમજાવવામાં આવેછે તેમ તેમ તેઓ પોતાના રૂઢ મંતવ્યોને વધારે ચોટતા જાય છે, વિકળની પેઠે વિતંડાવાદો કરેછે અને પોતાનોજ કક્કો ખરો છે એમ માને છે, દાખલાદલીલોપર ધ્યાન આપતા નથી, વિચાર કરવાપર ધ્યાન દેતા નથી અને પોતાના ગણેલ ઉકરડાનેજ પવિત્ર મંદિરતુલ્ય મનાવવાના દુરાગ્રહને છોડતા નથી. આવા મનુષ્યોને આપેલો ઉપદેશ ક્યાંથી સફળ થાય એ સમજવાને આ હઠવાદ અધિકાર લેવામાં આવ્યો છે.

મિથ્યાભિમાની.

દોહા.

શુણવા ઇચ્છા તેહને, કહિયે આપ વિચાર;
હઠ પકડે તો તે પછી, તજી દેયેં તકરાર. ૧

હઠ પકડે જે હોય શઠ, તે સમજે પણ તોય;
હોઠે કદી ન હા ભણે, હૈયામાં હા હોય. ૨

મમતી જન માને નહિ, ભલે કરેલી ભૂલ;
હૈડું તેનું હા કહે, કરે ન જીભ કબૂલ. ૩

મૂરખ જીવ જતાં લગી, છોડે નહિ છંછેડ;
મંકોડા મૂકે નહિ, બચકું તૂટે કેડ. ૪

તથા—

ગરબી.

(ઓ વાંસલડી, વેરણ થઇ લાગી તું વ્રજની નારને)—એ ઢાળ.

ઓ મંકોડા, હઠ લેવાનો હેવા તેં ક્યમ નવ તજ્યો?
પીડા પામ્યો, તોપણ તેં નિજ સ્વભાવ સારો નવ સજ્યો—ટેક૦

તેં લુગડાને બચકું લીધું, મૂકાવા જતન જેને કીધું;
પણ તેં નહિ તે મૂકી દીધું. ઓ મંકોડા૦ ૫

તને હાથ લગાડી હડશેલ્યો, વળી કઠોર મારીને ઠેલ્યો;
તેં સ્વભાવ તારો નવ મેલ્યો. „ ૬

તને જરૂર હઠીલો બહુ જાણ્યો, પછી પાછળ પકડીને તાણ્યો;
એમ અંત તરત તારો આણ્યો. „ ૭

ત્યાં તારી કેડ ગઇ તૂટી, બધી આવરદા તારી ખૂટી,
પણ છેક ન હઠીલાઇ છૂટી. „ ૮

તેં સ્વારથ કાંઇએ નવ સાર્યો, કહે સ્વાદ એમાં તેં શો ધાર્યો?
વણ મોતે વ્યર્થ ગયો માર્યો. „ ૯

જગમાં હઠીલા જે તુજ જેવા, સંકટમાં આવી પડે એવા;
ન તજે હઠીલાઇતણા હેવા. „ ૧૦

કટિ તૂટે છૂટે પ્રાણ ભલે, સમજાવ્યો સમજણ લેશ ન લે;
વળતી નિપજે એવીજ વલે. „ ૧૧

જે થોડું હરઘડી હઠ પકડે, તેને ચાબુકનો બહુ માર પડે;
હઠ ન કરે તો કોઇ ન નડે. „ ૧૨

હઠીલાની હઠીલાઇ ન ટળે, કદી પાંશરી વાટે તે ન વળે;
એની ઉહુંનું ઓસડ ન મળે. „ ૧૩

જુઓ મૂરખ કેવો મંકોડો, તેને તાણી ખેંચીને તોડયો,
પણ મમત મનનો નહિ છોડયો. „ ૧૪

જેની ઉત્તમ જાત જણાય સહી, તે તો હઠીલાઇ પકડેજ નહિ;
હલકી જાતે હઠીલાઇ રહી. „ ૧૫

આ જગમાં હઠીલા જન જે છે, તે સમજણ સમજી કયાં લેછે;
દલપત તો શિખામણ દેછે. „ ૧૬

દલપત.

કાગડાને મોઢે રામ હોય?

(રંગે રમોરે રંગે રમો૦)—એ ઢાળ.

રામનામ રામનામ રામનામરે, કાગડો ન ભણે કદી રામનામ;
હાલ એ કે'વત ખરી ઠામઠામરે, કાગડો ન ભણે કદી રામનામ—ટેક૦

સુધારો સુધારો કહી કાઢે કૂટાળીયાં, ગંડૂની ટોળી ગામગામરે. કાગ૦
મીયાં પડયા પણ ટંગડી ઊંચી, ખોટી બડાઇ મારે ધામધામરે. „ ૧૭
વિના કારણથી વે'મ વધારી, ખોયાં ખરેખર હામદામરે. „ ૧૮
આગેસેં લાતને વાત પીછેસેં, એવા બન્યા બાઇલા તમામરે. „ ૧૯
એકલપેટાની ટૂંકી નજર નિત, મનમાં ઇચ્છે માત્ર મામમામરે. „ ૨૦
કાઢો કુધારા કોહ્યે કદાપિ, ખીજી ઠેકેછે વામ વામરે. „ ૨૧
પ્રભુ નીતિથી ભજવા ગમે નહિ, ગડયો ઘટડામાં ઘનશ્યામરે. „ ૨૨
ખાળે ડૂચાને દ્વાર ઉઘાડાં, એવો જૂઠો ડોળને દમામરે. „ ૨૩
દેશાભિમાન કર્યું દૂર દિલેથી, કરી શકે શું સંગ્રામરે. „ ૨૪
પોતાના પગમાં મારે કુહાડી, ક્યાંથી મળે કહો વિશ્રામરે? „ ૨૫
આપી શકે નહિ સામો ઉત્તર, તજે ન તોય હઠની લગામરે. „ ૨૬
બોલે નહિ પણ બોળી મારે, પીડાકારક આ પરિણામરે. „ ૨૭
વજ્રહૃદયના એવા તંતીને, છેટેથી વલ્લભની સલામરે. „ ૨૮

સુબોધ ચિંતામણિ—વલ્લભદાસ પોપટભાઇ.

મહાજન તો માબાપ છે પણ મારી ખીંટી નહિ ફરે.

[૧]કાઠીઆવાડના એક ગામમાં ઓઘડ કરીને વાણીઓ રહેતો હતો. તેની સામે એકજ ફળીઆમાં રામા વાણિઆનું ઘર હતું. ફળીઆની જમીન બંનેની ખુલ્લી હતી. એ જમીનમાં ઇમારત ચણાવવાના ઇરાદે ઓઘડે ખીંટી મારી. આથી રામા વાણીઆના હકની જમીન દબાઇ, તેથી તેણે એકદમ કોર્ટમાં જઇ રૂપાની ગોળીની વઢવાડ નહિ કરતાં અગાઉની કહેવાતી સરસ રીત મુજબ પોતાના મહાજન આગળ ફરીઆદી કરવાનો નિશ્ચય કર્યો. જેની કસૂર હશે, તેને મહાજન કહેશે; એટલે પછી દરબારમાં ફરીઆદ કરવાની જરૂર રહેશે નહિ. આવો વિચાર કરી મહાજન પાસે ફરીઆદે ગયો. મહાજને રામાની વાત સાંભળી. એ તકરારી જગ્યાએ આવી તપાસ કરી તો માલૂમ પડયું કે ઓઘડ વાણિઆની ખીંટીથી રામાની જમીન દબાય છે, એ વાત ખરી છે. તેથી ઓઘડને બોલાવી કહ્યું, "આ ખીંટી ગેરવ્યાજબી મારી છે, માટે ફેરવીને (અમુક જગ્યા બતાવીને) આ ઠેકાણે [૨]ખોડ." ઓઘડ કહે, "ના, માબાપ એમ થાય નહિ, મેં બરાબર જગ્યાએ મારી હદમાં ખીંટી મારી છે."

મહાજન—તારૂં કૃત્ય તદન ખોટું છે, તે ખરૂં થવાનું નથી. અમે તો તારા સારા માટે કહીએ છીએ. રામો જો દરબારમાં ફરીઆદ કરશે તો તને 'ડુંગળી ને ખાસડાં,' બંને મળશે. ખીંટી તો ફરશે, પણ ઉલટું તેનું ખર્ચ પણ આપવું પડશે. તેમજ તારે પણ ખર્ચ થશે, ને ખોટી થવું પડશે, માટે ખીંટી ફેરવ.

ઓઘડ—પણ તેમ મેં જમીન દબાવી નથી.

મહાજન—તું જાણેછે? "પંચ કહે તે પરમેશ્વર," આમાં અમારે શો સ્વાર્થ છે? ત્રાહિત દાવે આ મહાજન તારે ઘેર કહેવા આવેલ છે, માટે માનવું જોઇએ.

ઓઘડ—હા, હા, એ બધું હું સમજાુંછું. મહાજન તો મારા મુરબ્બી છે, પણ ખીંટી વ્યાજબી જગ્યાએજ છે, માટે ત્યાં રહેવી જોઇએ.

મહાજન—અરે મૂર્ખ! તું મહાજનનો હુકમ નથી ઉઠાવતો તેમાં તને નુકસાન છે, મહાજનવગર તારા ફાયદામાટે બીજું કોણ કહેવા આવે એમ છે? માટે મહાજન કહે તેમ કરવું પડશે. ચાલ, ઉઠ, ખીંટી ફેરવ.

ઓઘડ—મહાજન તો મારા મહેરબાન. માથાના મુગટ છે. અરે, વધારે શું કહું, "મહાજન તો માબાપ છે, પણ મારી ખીંટી નહિ ફરે."

---

૧ કૌતુકમાળા. ૨ નાખ્ય, દાટ.

આ સાંભળી મહાજનના મૂખીઓને ઘણો ક્રોધ ઉપજ્યો, તેથી વધારે જોસથી કહ્યું, અરે બેવકૂફ! બસ! બસ! શું મહાજનની મશ્કરી કરેછે? હુકમ ઉઠાવવો છે કે નહિ? એક તો તારો પક્ષ ગેરવ્યાજબી છે ને ઉલટો સામો થાયછે? ન માને તો તારી મરજી. પણ યાદ રાખ. ગેરવ્યાજબી કામનાં નઠારાં ફળ નડયાવગર રહેશે નહિ.

મહાજને આટલું આટલું કહ્યું, પણ જક્કી ઓધડ એકનો બે થયો નહિ ને પોતાની ખીંટી ફેરવી નહિ.

રામાએ તુરત યોગ્ય અધિકારી પાસે ફરિયાદ કરી, મહાજન લોકોની શાહેદી આપી. તેમના તથા બીજા બંને પક્ષના પૂરાવા ને દલીલ સાંભળી, અધિકારીની નજરમાં રામાની ફરીઆદ વ્યાજબી લાગવાથી ઓધડે મારેલી ખીંટી ફેરવવા અને રામાને થયેલ તમામ ખર્ચ ઓધડે આપવા હુકમ કર્યો. આવી રીતે ખીંટી ફેરવવી પડી, ખર્ચ આપવું પડયું ને કોર્ટમાં જેટલી મુદત તકરાર ચાલી તેટલી મુદત કામકાજ પડતું મૂકી ખોટી થવું પડયું, એટલુંજ નહિ પણ વકીલો વગેરેનું ઘણું ખર્ચ થવાથી ઓધડ મોટા નુકસાનના બોજામાં આવી પડયો. એ રીતે 'ડુંગળી ને ખાસડાં' બંને મળેલાં જોઇ આખરે ઘણું પસ્તાયો.

ચાર સમજુ ત્રાહિત માણસો શિખામણ આપે તે નહિ માનતાં પોતાની જક્ક પકડી રાખવા ચાહે, તેને આ વાતમાંના ઓધડની પેઠે પાછળથી વિમાસવું પડેછે. સરકાર દરબારમાં ફરિયાદ કરવા જતાં રૂપાની ગાળીયે વઢવું પડેછે. એટલે પુષ્કળ વસુ અને વખત બેઉ વ્યર્થ જાયછે. માટે ડાહ્યા માણસોને લાજમ છે, કે માંહોમાંહેની તકરાર અથવા વાંધો લવાદ યા પંચથી પતે ત્યાં સુધી પતવવો. ભલે તેમાં નુકસાન થતું હોય તો તે ખમવું.

અર્થનો અનર્થ કરનાર પટેલના પુત્રનું દૃષ્ટાંત.

*પેટલાદમાં હઠી પટેલ કરીને કણબી રહેતો હતો, તે એની નાતમાં ડાહ્યા માણસતરીકે ગણાતો હતો. ચાર માણસમાં તેને પૂછયું હતું.

હઠી પટેલને ભારે મંદવાડ આવ્યો. મરણની તૈયારીમાં હતો તે વખતે તેને ફિકર થઇ કે મારો એકનો એક છોકરો મારૂં નામ રાખશે કે નહિ! તેથી ઊંડો નિશ્વાસ મૂકયો. આથી પટેલના છોકરાએ પોતાના બાપને પૂછયું, "બાપા, આટલો બધો નિશ્વાસ શા કારણે મૂકવો પડયો? તમને શી વાતનું દુઃખ છે? શું કાંઈ કસર વધારે જણાયછે?"

બાપે કહ્યું, "બેટા, મંદવાડની કસર હોય કે ન હોય, તેની હું ચિંતા કરતો નથી. કારણકે એક વખત મરવું તો છેજ. તો પછી વહેલું મરવું તોએ

* કૌતુકમાળા.

શું?! અને મોડું મરવું તોએ શું! મને ચિંતા માત્ર એટલીજ થાયછે કે તું મારૂં નામ છતું રાખશે એમ મને ભરૂસો પડતો નથી, પણ ઉલટું મારૂં નામ બોળશે એવો શક રહેછે."

છોકરો—બાપા, તમારૂં નામ બોળીશ તો તો મને જીવતો છતાં મૂઆ જેવોજ સમજવો. જરૂર તમારૂં નામ છતું રાખીશ. તમારા જીવને કોઇ પણ રીતે સંતોષથી ગતિ પામવા તમારે જે કાંઇ કહેવું હોય તે કહો. હું તે મારા ખરા દિલથી પાળીશ.

પટેલ—બેટા! કાંઇ પણ ટેક રાખવી એજ મનુષ્યનું સર્વોત્તમ ભૂષણ છે, ટેક વિનાનો માણસ જીવતે મૂઓજ સમજવો. કહેવત છે "જેણે રાખી ટેક તેને મળ્યા અનેક," માટે બેટા! જો, આપણે ખેતીનો ધંધો છે તો જે વાત કરવાને ધારીએ તે કર્યે છુટકો કરવો. અધુરૂં મૂકવાથી પછી થતું નથી, માટે લીધી વાત મૂકવી નહિ એ ટેક રાખજે.

છોકરો—બાપા, તમારા કહ્યા મુજબ ટેક રાખીશ. તમારા જીવને નિરાંત આપો.

પટેલને શાંતિ વળી ને બે-ત્રણ કલાકમાં દેહ છોડયો. પટેલનો છોકરો બાપની શીખામણ અમલમાં લાવવાને અધીરો થઇ રહ્યો હતો. એક વખત ચોમાસામાં પોતાનાં ખેતરમાં કેટલાંક ઢોર *મોલ ચરી જતાં હતાં, તેને કહાડી મૂકવા તે તેની પાછળ પડયો. દોડતાં દોડતાં કાદવપરથી પગ લપસ્યો, તેથી ભોંયપર પડયો. પણ ઝટ દઇને પાસે ઉભેલા ગધેડાનું પૂંછડું પકડી ઉભા થવાનો પ્રયત્ન કર્યો. છોકરાના પડવાના ધબકારાથી તથા તણે પૂંછડું પકડયું તેથી ગધેડાએ ચોંકીને નાસવા માંડયું. પેલો છોકરો પૂંછડાસાથે ગસડાતો જાય પણ પૂંછડું છોડે નહિ. ગધેડાએ મુંઝાઇને પાટુ મારવા માંડી તે કોઇ માથામાં તો કોઇ છાતીપર, કોઇ વાંસામાં તો કોઇ પડખામાં, કોઇ હાથમાં તો કોઇ પગમાં એમ તેને તડાતડ વાગવા લાગી. શરીર અથડાઇ, અફળાઇ છોલાઇ ગયું ને માથામાંથી લોહી વહેવા લાગ્યું. આવી દુઃખી સ્થિતિમાં આવી ગયો પણ બાપની આજ્ઞા પ્રમાણે 'લીધી વાત મૂકવી નહિ,' એ ટેક જાળવી રાખવા નિશ્ચય કરી પૂંછડું પકડી રાખ્યું. મૂકે તો બાપનું નામ બોળાય! ભેગાં થએલાં લોકો ઘણુંએ સમજાવે કે "ભાઇ, પૂંછડું છોડી દે," તો કહે કે "મારા બાપનું નામ બોળવા કરતાં મરવું બહેતર છે!" જ્યારે સમજાવવાથી ન માન્યું ત્યારે લોકોએ બળાત્કારે પૂંછડું મૂકાવી દઇ ઘણોજ ઠપકો દીધો.

---

* ખેતરનું વાવેતર.

માબાપની આજ્ઞા માનવી અને ટેક રાખવી એ બે વાત નિઃસંશય સ્તુતિપાત્ર છે, પણ વિચાર કરવો જોઇએ કે અમુક કામમાં ટેક પકડવી ઘટારત છે કે નહિ.

કોઇ શિખામણનું વચન કહે તેના શબ્દના અર્થનેજ વળગી રહેવું એ વ્યાજબી નથી, તેનો હેતુ તથા પરિણામ તપાસવો જોઇએ. એમ નહિ કરવાથી કેવું દુઃખી થવાયછે તેઉપરની વાતપરથી જણાયછે.

આવાં દુરાગ્રહી મનુષ્યોને માટે તેઓનાં કલ્યાણને માટે કરેલો યત્ન સફળ ન થાય તો તેથી ઉપદેશ આપનારાએ વિસ્મય પામવું નહિ એમ બતાવી આ હઠવાદ અધિકાર પૂર્ણ કરવામાં આવેછે.

गतानुगतिक (गाडरीओ प्रवाह)—अधिकार.

જે રીવાજોને ધર્મની સાથે કાંઇ પણ સંબંધ નથી તેવા રીવાજો છોડવાનું કહેતાં તે વાત ગળે ઉતરતી નથી. ખરા ધર્મને જેવું માન સ્વપ્નમાં પણ આપવામાં આવતું નથી તેના કરતાં પણ વિશેષ માન કેટલાક નકામા તથા નિંદવા જેવા રીવાજોને આપવામાં આવેછે. એ રીવાજો મૂળમાં કયા કારણથી કોણે ચલાવ્યા હશે, પાછળથી તેમાં ફેરફાર કેમ થયા હશે? હાલ કેવા સ્વરૂપમાં ચાલેછે, તે અયોગ્ય છે કે યોગ્ય છે તેનો કોઇ વિચાર કરતું નથી અને તે રીવાજો દેખીતા ખરાબ જણાતા હોય અને કાંઇ પણ યોગ્ય હેતુ ન હોય છતાં ગાડરીયા પ્રવાહની પેઠે તેમાં એક એકની પાછળ ચાલ્યું જવામાં આવેછે તે વિચારશીલતા નથી અને તેવા રીવાજો ધર્મના ખરા માર્ગમાં બાધક પણ થાયછે એમ દેખાડવાને આ અધિકારમાં તેવા કાંઇ નમૂનાઓ આપવામાં આવેછે.

કઢંગા રીવાજનો પ્રતિબંધ.

ગરબી.

(ઓ વાંસલડી, વેરણ થઇ લાગી તું વ્રજની નારને)—એ ઢાળ.

ઓ વેહેવાઇઓ, રીત કઢંગીથી કજિયા ઉત્સાહમાં,
બહુ વેધ પડે, વેહેવાણો વેહેવાણોને વિવાહમાં—ટેક૦
ગડબડ બહુ પહેલે દી રાતે, બાધે અણસમજુ ઉધમાતે,
કોળીનાળી જેવા જાતે, ઓ વેહેવાઇઓ૦ ૧

આવે ઓથડ બથ્થંબથ્થા, તે જુએ જુવંતી જન જથ્થા,
મારે છ હરામી જન હુથ્થા, " ૨
છે ગામ ગામની રીત જૂદી, વળી ઘરરીત રાખે કૈક કુદી,
છોડાવે ધન રસ્તો રૂંધી, " ૩
હેઠલ આવ્યો તે શું ઉચરે? મુખ માગ્યું આપે શુંજ કરે?
મીઠાશ રહે ન પરંતુ ખરે, " ૪
સાળા સાળીનું જોર ઘણું, તેમ અહિં ઓછું નહિ નણુદીતણું,
બહુ લટક મેળમાં બીજી ગણું, " ૫
સૌ બોલે બહુ ફાટે ડાચે, ઉચરી બેઅદબ હૃદય રાચે,
મશ્કરી કરે મળિને પાંચે, " ૬
તે વખત તોરછે ઓરતરે, જાણું રાજની રિદ્ધિ હોય ઘરે,
આનંદ મગ્ન થઇ ફૂલિ ફરે, " ૭
ગાવાં મેલ્યાં મંગળ ગીતો, ગઇ સઘળી રળિયામણિ રીતો,
મેણાં મારે ઉછળે પીત્તો, " ૮
ચાલ્યું સાજન લઇ સામૈયું, ઘેર રાખ્યું નહિ નાનું છૈયું,
ત્યાં દળાય છે હૈયે હૈયું, " ૯
મોટો આડંબર કરી આવે, પણ વે'વાઇ પાસે ચુકવાવે,
ખોટે ખરચે મન કચવાવે, " ૧૦
ચાલ્યા વર તોરણ છબવાને, દઇ નાથ ઝલામણ સાળાને,
બહુ મનુષ મળ્યાં જોવા જાને, " ૧૧
ત્યાં આવ્યો છે અલવો કલવો, તે ખાવા તાસકમાં ઠલવ્યો,
કોઇએ ચુકથી ધારો ચલવ્યો, " ૧૨
ત્યાં જંગલી જેવા બેસેછે, દુધખાંડ થાળી મુખ માંડેછે,
છેવટ જળ ભરતાં છાંડેછે, " ૧૩
બહુ રીત ભુંડી તંબોળતણી, કંકાસ કરાવે એ કરણી,
કદી મારામારી થાય ઘણી, " ૧૪
પછી ચોરીમાં મંગળ ફેરા,—ફરતાં ટંટા બ્રાહ્મણકેરા,
વારે વારે માગે વેરા, " ૧૫
કહી જાત જાતનું મૂકાવે, જો રાંક હોય તો અકળાવે,
પણ કાંઇ ગોરને તે નાવે, " ૧૬
હજી બાકી રહ્યું ઉત્તર વખતે, જાણે બોલે બેઠાં ચડીં તખતે,
પણ સર્વ આટલામાં ન પતે, " ૧૭

" એને જોઇએ વેઢ વિંટી ફેરવો, ભાઇ ! જમાઇ પાડ નથી કરવો,
મુજ બાળક હોંશીલો અરવો," ,, ૧૮
બહુ વસ્ત્ર બગાડે હાઇ થાપા, દેવરાવે વઢીવઢીને હાપાં,
હજુ બાકી ચૂકવવા ઝાંપા, ,, ૧૯
અંતે મૂકી બાળ સિધાવેછે, ઝાંપેથી વિદાયગિરી લેછે,
પાદર બ્રાહ્મણ બહુ પજવેછે, ,, ૨૦
બહુ ખૂશ કઢાવ્યા ઘરમાંથી, ખાલી કરી મૂકે અરચ્યાથી,
વસવાયાં વિગેરેને આપી, ,, ૨૧
કહે કંકુને કન્યા દીધી, પણ ખાવાનાથી બહુ કીધી,
અતિ અવળી વિવાહવિષે વિધિ, ,, ૨૨
કોઇ રીતની ના હું નથી કહેતો, બહુ હાણ નથી જો હદ રહેતો,
પણ મર્યાદા મૂકી છે તો, ,, ૨૩
જે ચાલ કાંઇ ઉપયોગી નથી, જે કેવળ કજિયાની કીર્ત્તિ,
તે બંધ કરો મટિને મમતી, ,, ૨૪
કન્યાવાળાં કે વરવાળાં, છે સરખાં સૌનાં ભોપાળાં,
ઓછાં ન કોઇ નથી સુખ તાળાં, ,, ૨૫
બહુ માણુસ જાને લઇ જાતાં, નક્કી નુકસાન ઘણાં થાતાં,
સામાં પણ મનમાં મુંઝાતાં, ,, ૨૬
બહુ નીતિ બગડે એ બહાને, વળી ખરચ વધારે સામાને,
મમતી મૂરખ તો નહિ માને, ,, ૨૭
ખોટી મોટપનું માન તજો, બહુ નાત વરે માનો ન મજો,
લ્હાવો લેતાં સંતોષ સજો, ,, ૨૮
એને અંતરનાં અનુમાની, લઇ અનુમત લેજો મિજમાની,
કરશો ન નકામી નુકસાની, ,, ૨૯
ખાનારા તો સૌ ખાઇ જશે, પણ આ સંબંધ ન ભંગ થશે,
વિચારો વા'લ વધૂ વધશે, ,, ૩૦
મળી બહુ ડાહ્યા માણુસ નેકજ, સૌ ગામની રીત કરો એકજ,
તો પડે ભડકવું નહિ છેકજ, ,, ૩૧
તે ચાલ પ્રમાણે સૌ ચાલે, મર મર્યાદામાં રહિ મ્હાલે,
તો સંપ વધે વલ્લભ ફાલે, ,, ૩૨

સુબોધ ચિંતામણિ—વલ્લભદાસ પોપટભાઇ.

બિના બિચારે જો કરે, સો પીછે પછિતાય.

ગિરધર.

*એક વખત મોહુરમના દિવસોમાં કતલની રાત્રિએ ઓલિયાની દરગાહમાં બીરબલ પોતાના દીકરાને સાથે લઇ શાહના પ્યાર માટે પગે લાગવા ગયો હતો, તે વખતે બીરબલના દીકરાના પગમાં ઘણી કિંમતી ગ્રીક ટપકીથી ભરેલી મોજડીઓ હતી તે દરગાહમાં જતી વખતે પગમાંથી બહારના ભાગમાં ઉતારી હતી. પાછા વળતાં તે મોજડીમાંથી એક મોજડી હાથ લાગી પણ બીજી મોજડીનો પત્તો લાગ્યો નહિ. મતલબમાં ઘણીજ ભીડ હતી તેથી એક મોજડી લેઇ પોતાના મુકામે ગયો, પણ તે મોજડી તો માણસોની ઠેસે ચડવાથી છેક ઓલિયાની કબર નજીક જઇ પહોંચી. જ્યારે દરગાહ બંધ કરવાનો વખત થયો ત્યારે પૈસા વિગેરે સમેટી લેતાં તે મોજડી કોઇની નજરે પડી અને હાથ લેઇ જોઇ તો, કોઇ દિવસ નહિ દીઠેલી તેવી નવીન તથા કિંમતી જોઇ હાજર રહેલા સૌએ વિચાર્યું કે–'આ મોજડી કોઇ આદમ જાતની નથી, પણ નક્કી ઓલીઆની હોવીજ જોઇએ. નહિ તો કબર નજીક ક્યાંથી હોય? ખચીત ઓલીઆનો આ એક જાતનો પ્રસાદ છે,' એમ ધારી ઓલીઆના પ્રસાદને સર્વ મુસલમાનો "તોબા સાહેબ" એમ બોલતા માથે આંખે અડાડી ગાલે લગાડવા લાગ્યા, તેમજ બાલબચ્ચાંને અને બીવી વિગેરે તમામ લોકોને માથે આંખે અને ગાલે ઉપરનો શબ્દ બોલતાં અડાડી અહો ભાગ્ય માનવા લાગ્યા, જ્યારે પ્રભાત થયું ત્યારે તે મોજડી લેઇ શાહ હજુર તે દરગાહનો મુજાવર ગયો, અને રાત્રિની હકીકત કહી તેથી શાહ ઘણો ખુશી થયો અને પોતે તથા પોતાનાં બચ્ચાં અને હુરમ વિગેરે સર્વ જણે માથે આંખે અને ગાલે અડાડી 'તોબાહ સાહેબ' એમ બોલી ખુદાનો આભાર માન્યો. જે વખતે બીરબલ કચેરીમાં આવ્યો તે વખતે શાહે ઓલીઆના ચમત્કારિક પ્રસાદની વાર્તા કહી મોજડી બતાવી, તે જોઇ બીરબલ બોલ્યો કે 'અરે ખુદાવિંદ! એ તો મારા છોકરાના પગની મોજડી છે. જો આપને ખાત્રી ન થતી હોય તો એના જોડાની બીજી મારે ઘેરથી મંગાવી આપું, એમ કહી બીજી મોજડી મંગાવી મુકાબલો કર્યો તો એકજ જાતની અને તેના છોકરાના પગનીજ જણાઈ તેથી શાહ અને સઘળો મુસલમાન વર્ગ બહુજ શરમિંદો થયો કે 'આપણે ઓલીઆનો પ્રસાદ સમજી માથે આંખે અને ગાલે બીરબલના છોકરાના પગની મોજડી અડાડી એ કેટલી બધી અણવિચારભરી ભૂલ થઇ છે. 'સબસે બડી ચુપ!' એમ કહી મુંગે મ્હોઢે પોતપોતાને કામે લાગ્યા,

* બીરબલ બાદશાહ.

આવા ઘણા રીવાજો છે જેઓમાં ગાડરીઆ પ્રવાહની પેઠે ચાલ્યું જવામાં આવેછે પણ દરેક બાબતમાં વિચારથી કામ લેવું જોઇએ એમ જણાવી તથા વ્હેમ, આ અધિકારને મદદગાર હોવાથી તેતરફ ધ્યાન ખેંચી આ ગતાનુગતિક અધિકાર પૂર્ણ કરવામાં આવેછે.

વ્હેમ-અધિકાર.

દુનિયામાં સત્યને અનુસરવામાં મોહોટામાં મોહોટું જો કોઇ વિઘ્ન હોય તો તે વહેમજ છે ધર્મનાં તત્ત્વો જાણવામાં, વ્યવહારના યોગ્ય માર્ગને ગ્રહણ કરવામાં અને સુખી થવાનાં સાચા સાધનો મેળવવામાં તત્પર થવાની ઇચ્છા ઉત્પન્ન થયા છતાં પણ જો મનુષ્ય વહેમને આધીન થાય તો તેની તે ઇચ્છા કદી પણ પાર પડતી નથી. વહેમ સુખથી દૂર રાખે છે એટલુંજ નહિ પણ દુઃખમાં ધકેલે છે. વહેમ લાભ મળતો અટકાવે છે એટલુંજ નહિ પણ હાનિ કરવાનું કાર્ય પણ જરૂર બજાવેછે. માટે વહેમને વશ ન થવું જોઇએ એમ સમજાવવામાટે આ અધિકારનો આરંભ કરવામાં આવેછે.

ખોટા વ્હેમની સમજણ.

દોહો.

કેમ વ્હેમની વારતા, પંડિત કરે પ્રમાણ;
માને મૂરખ માનવી, આપે હોય અજાણ. ૧

મંત્ર જંત્ર ને મેલડી, તે તો તૂત તૂત;
વળગે પૂરા વહેમથી, ભોળા જનને ભૂત. ૨

ભડકણ ભોળા ભાઇને, ભાસે સાચું ભૂત;
તપાસતાં તે તો ઠરે, ભૂત નહિ પણ તૂત. ૩

ભડકણ ગામડીઓ.

મનહર છંદ.

ભૂપના ભવનમાં સુતો ગમાર ગામડિઓ,
ઘડીઆળ ઘોષ સુણી ભડકીને ભાગે છે;

બુમ સુણી બહુ લોકે કારણ પૂછ્યુ તો કહે,
છે તો ઘર ઠીક પણ બીક બહુ લાગે છે;
નકી ભૂત થાય મરી જાય જે નવા ઘરમાં,
આ ઘરમાં ભાઈ ભારે ભૂતાવળ જાગે છે;
રાત અરધીક જ્યારે જાય દલપતરામ,
ઘણણણ ઘણણણ, ઘંટડીઓ વાગે છે. ૪

ઈંદ્રવિજય છંદ.

મારણ મંત્ર ખચીત ક્ષમા,
મન મોહન મંત્ર રૂડી ચતુરાઇ;
સ્તંભન મંત્ર સદા સનમાન,
પ્રકર્ષણ મંત્ર સ્નેહ સચાઇ;
એમ ઉદ્યોગિપણુંજ ઉચ્ચાટન,
વાણિ ભલી વશ કારક ભાઇ;
અન્ન સજીવન ઔષધી છે,
દલપત્ત કહે જળમાં અમૃતાઇ; ૫

છપ્પો.

રવિને શિર રિપુ રાહુ, ચંદ્ર ક્ષય રોગી આપ,
મંગળ છે અંગાર, બુધ શિર કલંક છાપ;
ગુરૂએ ગુમાવિ નારી, શુક્ર આંખે છે કાણો,
શનિ લુલો સર્વદા, રાહુ શિર વિના અણાણો;
વળી કેતુને તો ધડ નથી, એમ નવે દુખીયા થયા;
ગ્રહ નડવાથીજ દુઃખ થાય તો, ગ્રહને ગ્રહો નડયા કિયા. ૬

મનહર છંદ.

સીતાપતિએ ન જાણ્યું સીતાનુ હરણ થશે,
સીતાએ ન જાણ્યું જે સંન્યાસી પ્રતિકૂળ છે;
દેવપતિએ ન જાણ્યું દમયંતી નહિ પામું,
નારદે ન જાણ્યું મોહની તો માયામૂળ છે;

ગૌતમે ન જાણ્યું જે આ કૂકડામાં કપટ છે,
શુકે ન જાણ્યું જે ઝારીમાં સંકટ શૂળ છે;
કહે દલપતરામ આજ કળિકાળ મધ્ય,
જોષીઓ ભવિષ્ય જાણે ધારવું તે ધૂળ છે. ૭

કાગળીયું ચાલ્યું તે તો ભંગીએ ચલાવ્યું કહે,
મોટા એ તો ખોટા કારભારિયો કુઢંગિયા;
વાંક વિના ભંગિયાને મારીને ભગાડી મુકે,
પશુ જેવા પોતે કાંતો વડા છે વિહંગીયા;
સંહારવા શત્રુ શસ્ત્ર પોતાને સજવાં પડે,
શસ્ત્ર વિના શત્રુ મારે, ભંગિયા કે ફૂંગિયા;
સર્વ કારભાર એનો ભંગિયાને સોંપો ભાઇ,
ભોળા કારભારીઓથી ભલા ડાહ્યા ભંગિયા. ૮

દલપત.

વ્હેમનાં દૃષ્ટાંતો.

ગરબી.

(અંતકાળે સગું નહિ કોઇનુંરે)—એ ઢાળ.

સરકારે શીળી કબજે કરીરે, માને બળિયા કાકાને તોય;
હશે આવાં મૂરખ કોઇ માનવીરે—ટેક૦
અદ્દા ટાઢું જમે શીળી સાતમેરે, ભલે માંદાં મરે સૌ કોય. હશે૦ ૯
ભટે જોડી કાઢેલી ડાગ્ણિયોરે, કેવળ ધૂતી ખાવાને કાજ;
ખરી તેને માનીને મૂરખીરે, તેદી ચૂલો સળગાવે નાજ. ,, ૧૦
અંતર્જામીપણું નથી નાગનેરે, જાણે પાછળ પૂજાને કેમ?
પ્રાણ કરડી હરેછે કેકનાંરે, તેને પાયે પડે ધરી પ્રેમ. ,, ૧૧
પાણિઆરે કંકૂના લીટા કરીરે, નાગપાંચમે પૂજે ઘેર ઘેર;
ભોળાં ભૂખે મરેછે ભાવથીરે, એકટાણું કરી ખાયછે કુલેર. ,, ૧૨
કેક રાંડે જોશીની જોવતીરે, બળ્યાં એનાં ઘણાં ઘરબાર;
તોય છતી આંખે થઇ આંધળારે, પુછે જોશીને ભવિષ્ય પ્રકાર. ,, ૧૩
ઘણા ગ્રહો ગગનમાં દેખિયેરે, જડ જાતી જમીન તે હોય;
અહીં આવીને તે કેમ પીડશેરે? જપ શાંતી કરાવે તોય. ,, ૧૪

જડ ચેતન્ય ગુણ સરખા નથીરે, નથી થાતું એવું અનુમાન;
તોય એકાદશાદિ સરાવીનેરે, પિતૃ માટે દે દીજને દાન. „ ૧૫

જે જે વસ્તુ આપે અહિં વિપ્રનેરે, તે તે પહોંચે પિતૃની પાસ;
કેવળ ઓહિંયા કરવાનો કાયદોરે, ઘડી કાઢયો કરવા પેદાશ. „ ૧૬

નથી પત્તા લાગ્યો જેની પહોંચનોરે, નથી આવ્યો સંદેશો એક;
જૂઠું ભાસે વિવેક વિચારતાંરે, વેમિ ક્રિયા કરે જે હરેક. „ ૧૭

કર્યું હાથે સો સાથે સાંપડેરે, બાકી પાછળ બને તે ફોક;
એવું જાણ્યા છતાં હસવા જેવીરે, લાખ ક્રિયા કરેછે લોક. „ ૧૮

બારા વારાના દિવસો આવતાંરે, મૂર્ખ ન્હાવા નવાણે જાય;
પાય પાણી પૂર્વજને પીપળેરે, બોરડી ને બાવળ પૂજાય. „ ૧૯

કળશમાં નાખી તલ કાંગનેરે, સાત સાત ફેરા જળ પાય;
પિયે અરિયાંપરિયાં પ્રેતરૂપમાંરે, વણ પાયે તરશાં રહી જાય! „ ૨૦

ટોળે ટોળાં ભોળાં નરનારનાંને, મળે મોટો કોળાહુળ થાય;
અડધાયો! પડધાયો! એ રીતેરે, શબ્દ ચારે દિશે સંભળાય. „ ૨૧

અવગતિયાં ગણે હાથે કરીરે, બાપદાદા પામ્યા જે મર્ણ;
પ્રેત કેવી રીતે પાણી પિયેરે, કહ્યું પૂછયું ધરે નહિ કર્ણ „ ૨૨

વિપ્ર બેસે પથારી પાથરીરે, દ્રવ્ય દાણાનું લેછે દાન;
બાપડાંને બગાડ્યાં બ્રાહ્મણેરે, પેટ કાજે કર્યું નુકસાન. „ ૨૩

અધરણીમાં અબળાને પીડતારે, વેમ વાધ્યે રહી નહિ રેમ;
નાર ભારેવગીને ભરાવતારે, શુભ પગલાં આણીને પ્રેમ. „ ૨૪

ધરૂણીનો ઘેરો થઇ ધીંધવેરે, ગરદીમાં ગોરી ગભરાય;
ઓશટો કે મૂર્છાના રોગનોરે, ઘણી વેળા અકસ્માત થાય. „ ૨૫

હોય ઉંડા હારદ એમાં કદીરે, તોય તત્ત્વ તપાસે નાજ;
દુઃખ વેઠે ભયંકર ભામનીરે, મને તેથી દિલે થઇ દાઝ. „ ૨૬

બહુ માને માતાની માનતારે, મર ધારેલું કામ ન થાય;
મનુષ માંદાં વેમે મરી જાયછેરે, તોય ન કરે ઓસડના ઉપાય. „ ૨૭

નવરાત્રિમાં કેટલાક કૂડિયારે, કરી ઘરમાં કાળીનું થાપન,
બ્હાર નવે દિવસ નવ નીસરેરે, દુઃખ વેઠે વિવિધ તનમન. „ ૨૮

કર કાળી ચૌદશના આપવારે, કરે નાકડાંને દીવડાં નિવેદ;
ભોગ દેવા ભવાની માતનેરે. મૂકયા વિસારી પ્રાચીન વેદ. „ ૨૯

બાળ માંદું પડે કે પ્રેમદારે, થયું માને ચોઘડિયાં ફેર;
કિંવા લાગી નજર ચોટ કોઇનીરે, નજર બાંધે ભિતર ભાવભેર. „ ૩૦

બહુ વહેમી વનિતા વાંઝણીરે, જાય જોગી જતીની પાસ ;
માગે કાલાવાલા કરી દીકરોરે, દુષ્ટ ભ્રષ્ટ કરે દઇ આશ. „ ૩૧
વે'મ ઘણા ઘણા એ વિગેરેરે, જેથી કે'ણી ગાંડી ગુજરાત ;
વલ્લભદાસ વણીકની વિનતિરે, કદી કે'તાં ખૂટે નહિ વાત. „ ૩૨

સુબોધ ચિંતામણિ—વલ્લભદાસ પોપટભાઇ.

વ્હેમઉપરથી ગપ.

*એક ફસ્કુ નામનો મુસલમાન પોતાના બે ચાર હિંદુ દોસ્તો સાથે પર ગામ જવા નીકળ્યો. જતાં જતાં માર્ગમાં એક નદી આવી ત્યાં સૌ વિસામો લેવાને બેઠા. ફસ્કુમિઆંને કુદરતી હાજત લાગવાથી થોડે દૂર એક જાળા આગળ જઇ બેઠો, તેવામાં જાળાની અંદર કંઈ જરા ખડખડાટ થયો, તેથી મિઆંભાઇની છાતી ઠેકાણે રહી નહિ ; ઉઠીને દોડતો દોડતો શ્વાસોશ્વાસ થતો પોતાના ભાઇબંધો બેઠા હતા ત્યાં આગળ આવીને ઉભો. તેને હાંફતો તથા હોષકોશ ઉડી ગએલા જોઇ ફસ્કુ ને તેના દોસ્તદારોએ પુછ્યું, "કેમ દોસ્ત. આટલા બધા હાંફોછો શા માટે? અને શા કારણે આટલું બધું દોડવું પડયું ?"

ફસ્કુ—અરે યારો ! ખુદાને બડી ખેર ગુજારી, નહિતો હમતો કબકે ઘોરમેં પહુંચનેકે લાયક હો ગયે હોતે !

દોસ્તો—એવું તે શું હતું ! તે તો કહો ?

ફસ્કુ—મૈં બૈઠા થા વાં નજીક 'એક જાલેમેં સો સાપ દેખા' !!! મૈં થા સો છાતી ઠોકકર ઇહાંતક આયા ; દુસરા કોઇ હોતા તો વાંહીજ ગીર પડતા !!!

દોસ્તો—અંહહહ !! જબરી તોપ ! નવાઇની વાત. એક જાળાની નાની સરખી જગ્યામાં એટલા બધા ? અમે એ વાત માની શકતા નથી. કારણકે એ તો 'બાર હાથનું ચીભડું અને તેર હાથનું બી,' એના જેવું થયું.

ફસ્કુ—(દોસ્તોની ખરી વાત લાગવાથી મનમાં વિચાર કરી)—સો સાપ તુમકો જાસ્તી લગતે હૈ તો પચાશ સાઠ તો હોયંગેજ હોયેગે, ઇસિમે કયા બડી બાત હૈ !

દોસ્તો—એટલા પણ હોય નહિ, માટે ખરેખરૂં કહો.

ફસ્કુ—(જરા વિચારીને) તોબા અલ્લા ! બીસ પચીસ તો જરૂર થેજથે.

દોસ્તો—મહેબાન તમે જોયા હોય તેટલા નક્કી કહી દોને ? આ વાત ઘણી અસંભવિત લાગે છે.

* કૌતુકમાળા.

ફુસ્કુ—(મનમાં આતો મોટો શુંચવાડો થયો હવે શું કહેવું?) પાંચ સાત તો બેશક હોનેવાલા ઇસિમે કુછ જૂઠ નહિ હૈ.

દોસ્તો—હજી ખરી વાત મનાતી નથી, માટે સાચું બોલી દો.

ફુસ્કુ—તબ એકતો હોનાહી ચહીએ!

દોસ્તો—એક હોવો જોઇએ કે નહિ, તે અમે પૂછતા નથી તમે તમારી નજરે કેટલા સાપ દીઠા હતા, તે કહો?

ફુસ્કુ—(કાયર થઇને) આંખુસે તો મૈંને એક ભી નહિ દેખા, મગર જાલેમે ખડખડ ભડભડ હુવા તબ મેરેકું અંદેશા લગા કે ઉસમે સાપ હોગા.

દોસ્તો—(ખડખડ હસી પડીને) તો મારા ભાઈ પહેલેથીજ ખરેખરૂં કેમ ન કહ્યું? આવા હિંમતવાન છો તો આગળ મુસાફરીમાં શું ધાડ મારશો એમ કહી સર્વે જણા ત્યાંથી ઉઠી આગળ ચાલ્યા.

બીકણ માણસો કલ્પિત ભયથી ચોંકીને ખરી તપાસ કર્યા સિવાય ખોટી ખોટી વાતો ચલાવે છે, તેઓ પોતે એવા ખોટા વહેમથી દુઃખી થાયછે એટલુંજ નહિ પણ બીજાઓના મનમાં વહેમ ઠસાવે છે. આપણા દેશમાં આવા ભોળા ભડકણ માણસોના દાખલાપર દાખલા જોવામાં આવેછે. માટે માણસ માત્રે અનુમાનથી બોલવાની ટેવ નહિ રાખતાં ખરેખરી તપાસ કર્યા બાદ સાચી વાત કહેવાની ટેવ રાખવી, નહિ તો જાહેરમાં ગપીતરીકે ગણાઇ વિશ્વાસભંગ થવાયછે.

શ્રદ્ધા અને વહેમ એ બેમાં જમીન આસમાનનો ફરક છે. સત્ય વસ્તુમાં વિશ્વાસ એ શ્રદ્ધા કહેવાયછે અને અસત્ય પાછળ તણાવું અને ભીરૂ બનવું એ વહેમ છે. આવો વહેમ એ મનુષ્યને તેના કર્ત્તવ્યથી ભ્રષ્ટ કરેછે. માટે વહેમમાં પડવું નહિ એમ ભલામણ આપવાની સાથે વહેમ છોડવા પણ નાસ્તિક ન થવું એમ ભલામણ આપી તથા વહેમી અને ભોળાં માણસો પાખંડરૂપ જાળમાં ફસાયછે, તેથી તેના તરફ ધ્યાન ખેંચીને આ વહેમ અધિકાર પૂર્ણ કરવામાં આવેછે.

पाखंडजाळ-अधिकार.

જેઓ સ્વાર્થી લોકોના ફંદમાં સહેલાઇથી ફસાઈ જાયછે તેઓ પોતાના હિતનું આચરણ કરી શકતા નથી અને પોતાના અહિતને વોહોરી લેછે. પાખંડી લોકો કે જેઓ અધર્માચરણી હોયછે તેઓ પોતાને ધર્મા-

ચરણી ગણાવી લેવા લોકોને અવળે રસ્તે ચડાવે છે અને પોતાની અધમ વાસનાઓને સફળ કરેછે. માટે મનુષ્યે પોતાનું હિતાહિત સમજતાં શિખવું જોઇએ એમ જણાવવાને આ અધિકારને અહીં સ્થાન આપવામાં આવેછે.

ગરબી.

(અંતકાળે સગું નહિ કોઇનુંરે)—એ ઢાળ.

શીર જટા વધારી જોગટારે, વેશ કાઢી બને અવધૂત;
ભોળાં પૂજે પાખંડિને પ્રેમથીરે—ટેક૦
સાથ રાખે ચેલા બે ચારનેરે, લઠ્ઠ કાયા મહા મજબૂત. ભોળાં૦
અંગ આખે વિભૂતિ ચોળીનેરે, તપ માંડે જુએ સૈ તેમ;
હોય આંખો રાતી બહુ રાખથીરે, કરી આવે આડંબર એમ. ,, ૧
આંખ ઊંચી કરી નીરખે નહીંરે, મૂખ 'ચલબે રંડી' એ વેણ;
ગુરૂ બેઠા સમાધિમાં સદારે, કહે ચેલા બીજાને કે'ણ. ,, ૨
ગામવચ્ચે અખેડા ગોઠવ્યોરે, દૂધ પિયે કેવળ એકવાર;
વાત ભીતરની જાણે રામજીરે, પણ આવી નમે નરનાર. ,, ૩
વસ્ત્ર ભગવાં પે'રી બ્રહ્મચારીયોરે, કહે સૌને નમો નારાણ;
મિઠું બોલી મીઠાઈ મેળવેરે, પણ અંતે નીકળે પોલાણ. ,, ૪
વળી સાધુ વિરાગી શેવડારે, મોણ ઘાલી વધારે વાત;
કરી દ્યેછે દોરા ને ચીઠ્ઠીયોરે, વનિતામાં બની વિખ્યાત. ,, ૫
પેટ કાજે કેવળ એ વેઠિયારે, કેમ આપે નીતિ ઉપદેશ;
વાત સાચી સંતાડી રાખતારે, બોલે સૌને લાગે જે બેશ. ,, ૬
વે'મ વૃદ્ધિ કરેછે ઉલટારે, નથી પૂરૂં પોતાને જ્ઞાન;
જુવતીમાં અનીતિ જાળ પાથરેરે, દેવા માંડે પુત્રોનું દાન. ,, ૭
સાથ સ્ત્રીનો મળેલો સામટોરે, રહે પાસે બેશી દિનરાત;
ઘેલી આશા બધાના ઉરમાંરે, ગણે પંડે પ્રભુ સાક્ષાત. ,, ૮
દ્રવ્ય કોઈ ઇચ્છે કોઇ દીકરોરે, વશ કરવો કોઇને કંથ;
રોગ કાયા વિષે વળી કોઇનેરે, જડી બુટ્ટિથી આણવો અંત. ,, ૯
એક બાવીએ આ ગામમાંરે, કર્યો ઘેલો સ્ત્રીઓનો સમાજ;
દઈ દીધા ઘણીને દીકરારે! નામ માતા પડયું ન ઇલાજ! ,, ૧૦
વાત કે'તી ઓલીઆ અવતારનીરે, એવું માન્યું ત્રિકાળી જ્ઞાન!
અરે આવાં અજ્ઞાની માણસોરે, ખોટું કે'તાં ધરે નહિ'કાન! ,, ૧૧

કરે વાતો પરતાની પ્રેમદારે, એક બીજીને ભોળવે એમ ;
"વાહ! માતા મુખે કેવું તેજ છેરે! આવી મોટી જટા હોય કેમ ; „ ૧૨
થાય મોટો ઢગલો ત્યાં ભેટનોરે, નવી વસ્તુ આવેછે અપાર ;
વરસાથી વઢીને લાવતીરે, છાનો છપનો ભરે ભંડાર. „ ૧૩
વૃદ્ધ રાંડી રાંડો દરણું દળીરે, જઇ મૂકે પતીંગો ત્યાંય ;
દયા આવે વિચારી દીનતારે, નથી થાતું કલ્યાણુજ કાંય. „ ૧૪
જર જાગ્યે જમાડે બ્રાહ્મણોરે, વદે મુખે તેઓ વાહવાહ ;
એનું પરતાથી અન્ન નથી ખુટતુંરે, ગપ મારે એવો ઉત્સાહ. „ ૧૫
જૂઠું કહેતાં નાસ્તિક કહી નિંદશેરે, તોય હિંમત હારી કેમ જાઉં ;
વૈશ્યજાતિ વલ્લભદાસ વિનવેરે, હુંતો સાચા હરિગુણ ગાઉં. „ ૧૬

સુબોધ ચિંતામણિ—વલ્લભદાસ પોપટભાઇ.

પાખંડીઓને પૂજવાથી પુણ્ય થતું નથી પણ પોતાને બેવકુફની પંક્તિમાં ગણાવું પડેછે અને તેની સાથે પોતાના ખરા કલ્યાણને ગુમાવી બેસવારૂપ મોહોટી હાનિ પણ ભોગવવી પડેછે એમ આ અધિકારથી ટૂંકામાં દેખાડવામાં આવ્યું છે અને પછી પાખંડી લોભીઆ પાસે ફાવેછે તે અધિકાર બતાવ્યો છે.

कदर्यप्रति धूर्त्तसफलता—अधिकार.

જેમ બેવકુફ અને ભોળા માણસો સ્વાર્થી એવા ધૂર્ત્તલોકોના ફંદમાં ફસી પડેછે તેમ અયોગ્ય લોભ અને અયોગ્ય લાલચોને વશ થયેલાં મનુષ્યો પણ તેવા ધૂર્ત્તલોકોનું ખાજ બનેછે અને ખરો ધર્મ કે જે આ સંસારમાં તેઓનું પરમ કલ્યાણ કરનાર છે તેનો આશ્રય લેવાથી બેનશીબ રહેછે એમ સમજાવવાને આ અધિકારનો આરંભ કરવામાં આવેછે.

જ્યાં લોભીઆ ત્યાં ધૂતારા ભૂખે ન મરે.

ગરબી.

(અંતકાળે સગું નહિ કોઇનુંરે)—એ ઢાળ.

કેક તાબે કરવાને કંથનેરે, મંત્ર માની કરાવે પાઠ ;
લોભી જનમાં ધૂતારા ભુખે નવ મરેરે—ટેક૦
વનિતાનો વિશ્વાસ વધારવારે, ધૂપ દીપે કરે ઠાઠ માઠ. લોભી૦ ૧

કેક ઘાટ ઘડાવવા શોકનોરે. ઉચ્ચરાવે ઉંધાં અનુષ્ઠાન ;
સોય દોરા મંત્રાવી દગા કરેરે, કરે નાણું નીતિ કુરબાન. ,, ૨
દ્રવ્ય લઇને દીયેછે ઠીકરારે, ભોમવાર કરાવે કોક ;
હાથ ચાલાકીથી મન મેળવીરે, પછી પાછળ મૂકાવે પોક. ,, ૩
નહિ લાગે નજરચોટ કોઇનીરે, દોરો મંત્રી આપે તે માટ ;
હાથે બાંધે માદળિયું હેમનુંરે, હરે ઊંધી રીતે ઉચાટ. ,, ૪
પછી ફાવે ખોવાતાં ફંદનુંરે, ધૂધકારી ધૂણે દિને રાત ;
ત્યારે ઘરનાં બધાંથી પૂજાયછેરે, ઠગ બોલે વધારી વાત. ,, ૫
ઘણા લક્ષ્મી મળવાની લાલચેરે, સોમવારે જમે એકવાર !
વળી રૂદ્રી કરાવે રૂદ્રનીરે, ભટ્ટ હુંડી ભરે ન વિચાર. ,, ૬
કેક શોધ્યા કરેછે કીમિયોરે, ત્યાં ઠગની ફાવે તદબીર ;
લેવા લક્ષ્મી હમેશ હરામનીરે, ખોઇ ઉલટી દિલે દિલગીર. ,, ૭
સર્વ સૃષ્ટિ નિયમથી ઉલટીરે, પાર ઇચ્છા પડે નહિ એક ;
વાત વિચારી વલ્લભદાસનીરે, ભણો વિદ્યા ભલી વિવેક. ,, ૮

સુબોધ ચિંતામણિ—વલ્લભદાસ પોપટભાઇ.

અયોગ્ય લોભ લાલચને છોડી યોગ્ય વિદ્યા ભણી તથા તે વિદ્યાનો યોગ્ય ઉપયોગ કરી એટલે સારાસાર વિચાર કરતાં શિખી પોતાના કલ્યાણના માર્ગને ગ્રહણ કરવો એમ આ અધિકારથી સૂચવી શ્રાદ્ધને લગતું ધત્તીંગ એ પણ એક જાતની ધૂર્ત્તતાને મદદરૂપ છે અને તે અધિકાર હવે પછી લેવા ધારી આ કદર્યપ્રતિ ધૂર્ત્તતા અધિકાર પૂર્ણ કર્યો છે.

श्राद्ध-अधिकार.

મરણ પામેલ મનુષ્યના ઉદ્દેશથી સારાં સારાં ખાનપાન ખાવાં ખવરાવવાં અને વ્યવહારમાં પોતાની મોહોટાઇ દેખાડવી, સંબંધીઓને તે બહાને ભેળાં કરવા અને વગર ધંધે ઉદરપૂરણ કરનારાઓને શ્રાદ્ધનિમિત્તે ઉત્તેજન આપી શ્રાદ્ધ નામે આળસનો ધત્તીંગનો વધારો કરવો એથી મરણ પામેલ મનુષ્યતરફની સારી લાગણી જળવાતી નથી પણ તેના ઉદ્દેશથી દીન અને અનાથનાં દુઃખો દૂર થાય તેવી પ્રવૃત્તિ કરવી તથા પરમેશ્વરની પૂજા કરવી એજ તેના તરફની સારી લાગણીનું સ્વરૂપ છે એમ જણાવવાને આ અધિકારનો આરંભ છે.

શ્રાદ્ધમાં અઘટિત ભોજનપ્રતિ બે બોલ.

(અંતકાળે સગું નહિ કોઇનુંરે)—એ ઢાળ.

સગો ભાઇ મૂઓ વીશ વર્ષનોરે, તેની મર્ણ તિથિને દીન;
દૂધપાક ઉડેછે શ્રાદ્ધમાંરે—ટેક૦
સગાંસંબંધિલાં સાથ નોતરીરે, જમે જુગતે મિષ્ટાન્ન મલીન. દૂધ૦
સ્નેહુ સઘળો તે દિવસે સાંભરેરે, પણ ખાતાં નથી દિલ દુઃખ;
પડયો ધારો તેથી નથી પીડતોરે, લોહી શ્વાસ મૂકે જે મૂખ. „ ૧
ઘણો સમજુને દિલ સંતાપછેરે, યાદ આવે વા'લાનું વા'લ;
ઝેર જેવું તેને મિષ્ટાન્ન છેરે, કેમ આવે ખાવાનો ખ્યાલ. „ ૨
કદી ઝાઝાં વર્ષો વીતી જતાંરે, વા'લ સાથે વિયોગ વીસરાય;
તોય તેની મરણતિથિ મિષેરે, શાને ઉચ્છવ અરેરે થાય? „ ૩
મર્ણ તિથિએ ખેદ મટાડવારે, કરો ભેળો સંતોનો સમાજ;
મર્ણ ભીતિ સંભારી તે સમેરે, નિજ મુક્તિનો શોધો ઇલાજ. „ ૪
નથી સારૂં તદન કર્મ ત્યાગવુંરે, તેમ ઘેલું ઘટે નહિ શ્રાદ્ધ;
ઉપકાર શિરેછે આપણેરે, જતાં ભૂલી અતિ અપરાધ. „ ૫
માટે સંબંધીની સ્નેહુ સાંકળેરે, મરણ તિથિ દિને પ્રતિ વર્ષ;
કરો પ્રેમે પ્રભુની પ્રાર્થનારે, એના જીવનો ઇચ્છો ઉત્કર્ષ. „ ૬
મરણ ઉચ્છવ સાટે હે સજ્જનોરે, કરો ઉચ્છવ જ્યારે જન્મદિન;
દૂધપાક ઉડાડો આનંદથીરે, જન્મગાંઠ ગણીને નવીન. „ ૭
જન્મ દા'ડા દીસે આનંદનોરે, પણ આતો વિવેક વિરૂદ્ધ;
વલ્લભદાસ વણીકની વિનતિરે, કદી શાણી થશો નહિ ક્રુદ્ધ. „ ૮

સુબોધ ચિંતામણિ—વલ્લભદાસ પોપટભાઇ.

ઉપર પ્રમાણે સંક્ષેપથી સમજાવી પ્રત્યેક વિષયમાં ખરા વિચારની અને વિવેકની જરૂર છે આંધળી દોટ કરવા જેવું નથી. એમ દેખાડી આ અધિકાર પૂર્ણ કરવામાં આવેછે.

पितृकूपपतन (बापना कूवामां बूडी मरवुं)—अधिकार.

જેમ શ્રાદ્ધનું ધત્તીંગ એ હાસ્યજનક છે તેમ બાપના કૂવામાં બૂડી મરવું એ પણ હાસ્યપ્રદ છે. જેમકે પરંપરાથી ચાલતા આવેલા પોતાના ઘ-

ર્મમાં દોષો દેખાય તથા અન્ય ધર્મ કલ્યાણકારક છે એમ સ્પષ્ટ સમજાય તેમ છતાં પોતાના કહેવાતા ધર્મને ન છોડવો અને દુઃખી થયા કરવું એ મૂર્ખાઇ છે એમ દેખાડવામાટે આ અધિકાર લેવામાં આવેછે.

વહેમ કાઢવાતરફ અણગમો.

ગરબી.

(અંતકાળે સગું નહિ કોઇનુંરે)—એ ઢાળ.

જાણે જૂઠું કહિયે જે જે નવુંરે, નહીં જૂએ ગંડૂ ગુણ દોષ;
ભોળાં ભડકી ભાગે નવું ભાળતાંરે—ટેક૦
નવા ધારા નકામા નિંદતારે, હૃદય રાખે જાણ્યાવણ રોષ. ભોળાં૦
કૂપ ખારો ખોદેલો બાપનોરે, તેનું પાણી પીયે પ્રતિદિન;
બીજો મીઠો કૂવો નહિ ખોદવોરે, કારણ કરવો ન ચાલ નવીન. ,, ૧
ખાય મૂઆ પાછળ મિષ્ટાન્નનેરે, મૂળ જોતાં જણાય જેવું ઝેર;
તોય દાડો અટકાવતાં દાઝશેરે, કોઇ વાતે નથી કાંઇ ફેર. ,, ૨
રીત રોયા કૂટયાની કાઢવારે, કરે યત્ન કદાપિ કોઇ;
ત્યારે લડવા ઉઠે લઇ લાકડીરે, થાય સામા વિશેષ વગોઇ. ,, ૩
ઘણા ઘેલા વિચાર ઘટાડવારે, ભુવા જોશી જણાવીયે જૂઠ;
ગણે ગાંડા ગપ્પાં મારી ઘણાંરે, કરે નિંદા પઢેલની પુંઠ. ,, ૪
પીડ પામે વિવિધ પ્રકારનીરે, તોય શોધે ના શુદ્ધ ઉપાય;
કોઇ કાઢે કેડો એનો કદીરે, તોય ઉંધે કેડે જન જાય. ,, ૫
જેજે ડાહ્યા દેખાડે ચાલનેરે, તેનાં તત્ત્વ તપાસીનેજ;
સાર હેતુ સમજી પછી ખીજવુંરે, દાસ વલ્લભ વદેછે એજ. ,, ૬

સુબોધ ચિંતામણિ—વલ્લભદાસ પોપટભાઇ.

તાત્પર્ય એ છે કે જૂનું ચાલતું હોય તેજ ખરૂં અને નવું હોય તેનો સ્વીકાર થાયજ નહિ એવું ભોળાપણું કે જડપણું ન રાખતાં જે યોગ્ય હોય તેને ગ્રહણ કરવું જોઇએ તથા સૂર્ય કે ચંદ્રગ્રહણનો વહેમ એ પણ અંધપરંપરાની શ્રદ્ધા છે અને તે ત્યાગ કરવા યોગ્ય હોવાથી તે અધિકાર હવે પછી લેવાની યોગ્યતા માની આ પિતૃકૂપપતન-અધિકારની સમાપ્તિ કરી છે.

ग्रहण-अधिकार.

પ્રત્યેક વિષયમાં ઉંડા ઉતરીને વિચાર કરવો જોઇએ, અને તેનું તત્ત્વ સમજીને પછી તેના સંબંધમાં નિશ્ચય કરવો જોઇએ. કોઇએ કાંઇ ભૂત ભરાવી દીધું તેના આવેશને છોડવોજ નહિ અને ખરી વાત કબુલજ ન કરવી એવા દુરાગ્રહી થવાથી સદ્ધર્મનું સેવન અટકી જાયછે અને ઘણા મજબૂત થઇ ગયેલ વહેમો આવા સદ્ધર્મના સેવનમાં આડે આવીને પોતે ધર્મરૂપ થઇ પડેછે. એ દેખાડવા માટે દાખલારૂપે આ અધિકાર લેવામાં આવેછે.

સમજણની ખામીને લીધે ગ્રહણની માન્યતા.

(ઓ વાંસલડી, વેરણ થઇ લાગી શું વ્રજની નારને)—એ ઢાળ.

ઓ નર ઘેલા ! ઘરણ નિહાળી શું કરવા ગભરાયછે ?
નર્થો નર્થો ગળતો-રાહુ રવિ ચાંદાને એતો છાંય છે—ટેક૦
એછે કવિ કલ્પિત શાસ્ત્રકથા, પંડિતજન જાણે હાલ જથા,
આ વે'મ વધ્યો તે વ્યર્થ વ્યથા. ઓ નર ઘેલા૦ ૧

એ અટકળથી માર્યું થોથું, રૂપક દઇ પ્રૌઢ કર્યું પોથું,
ભણ્યાં ગણ્યાંને આંણુ નજરે જો તું. „ ૨
આ લાકડું જે ઘાલ્યું ખોશી, તે માને તું જેવા જોશી,
સમજ્યા વણ હું નહિ સંતોષી. „ ૩
તું તર્ક વિતર્ક નથી કરતો, ગાડર પેઠે મહિં પડિ મરતો,
હું કહું તે કાને નથી ધરતો. „ ૪
કેટલાક હઠીલા મત તાણે, જાણે પણ અંદેશો આણે,
મૂકવું ન ગમે જૂનું જાણ્યે. „ ૫
"નાવા ધોવાથી લાભ લહે, લીંપણ ગુંપણ ચોખ્ખાઇ રહે,"
એ ચાલ રાખવા એવું કહે. „ ૬
પણ ભૂખે મરવું ઊંઘ તજી, શરદી હાનિ કે' શીદ હજી ;
જોજો આ મમતીની મરજી. „ ૭
કદિ ચોમાસે કે શીયાળે, જો હોય ગ્રહણ તો તે કાળે,
ભીનાશ તંદુરસ્તી ટાળે. „ ૮
મરજાદી કે વૈષ્ણવ વાડે, ઉલટી શરદી બહુ એ દાડે,
બહુ પાણી ઢોળી વણુસાડે. „ ૯

ચાંદાને રીસે શહુ ગ્રહે, એ માની ગંડુ દીલ દહે,
ભોળાં ભૂખ્યાં આખો દિ રહે, „ ૧૦

ઘણીવાર ઘરણુ રાતે થાતાં, છૂટયા પછી સ્નાન કરી ખાતાં,
નિદ્રા પણ ચિતમાં નથી મ્હાતાં. „ ૧૧

મોટે ઘર તો છે છબછબિયાં, ભીનાં ઓશરિને રાંધણીયાં,
એથી ઉલટાં નુકસાન થયાં. „ ૧૨

નથી કારણ નાવા ધોવાનું-શરદીથી દરદી થાવાનું-
ખોરાક તજી તક ખાવાનું. „ ૧૩

સુબોધ ચિંતામણિ—વલ્લભદાસ પોપટભાઇ.

આવી રીતે ધર્મની જગ્યા દબાવીને મસ્ત થઇ પડેલા ઘણા વહેમો મનુષ્યોને ભવાટવીમાં ભમાવ્યા કરેછે તેઓનાથી ચેતી તેઓમાં ન ફસાવું એજ ડહાપણ છે. એમ સમજાવી ભૂતપ્રેતાદિની જે માન્યતા તે પણ વ્હેમ છે તેથી તેવા વ્હેમને દૂર કરવા તે તરફ નજર ખેંચી આ અધિકાર પૂર્ણ કર્યો છે.

भूतप्रेतादि—अधिकार.

ધર્મની જગ્યા દબાવી બેઠેલા વહેમોમાં ભૂતપ્રેતાદિકના ડરથી ઘણાં મનુષ્યો પોતાના આવશ્યક કર્ત્તવ્યમાંથી ચુકી જાયછે અને રાતદિવસ હેરાન થયા કરેછે એ પોતાના અજ્ઞાનનોજ દોષ છે એમ સમજાવવા આ અધિકાર લેવામાં આવ્યો છે.

ભૂતનો વળગાડ.

(રાગ ઉપર પ્રમાણે).

ભોળી ભામા! ભડકી શું ભાગે ભય રાખી ભૂતનો!
તજ ઢોંગ બધો, ચાલ હવે નહિ ચાલે તૂતેતૂતનો—ટેક૦

નથી રહેતી વાસના વાલાની, કુંવરી કે કુંવર કાલાની,
કહું શોધ કરી સોળેઆની. ભોળી ભામા૦ ૧

જો રાત વખત ભૂતને ભાળે, નહિ પૂર્ણ તપાસી તે કાળે-
અંતર સંદેહ નહિ ટાળે. „ ૨

દિવસે શિદ ભૂત ન દે દેખો ? શિદ અંધારી રાતે પેખો ?
શું બિયે બાપડું મન લેખો ! ,, ૩
એ એક જણા આગળ આવે, પણ બે ત્રણ નિકટ કદિ નાવે,
આનું કારણ શું સમજાવે ? ,, ૪
ડાકણ મનસા ને ભુત શંકા, એ ડાહ્યા જનના શિખ ડંકા,
બહુ પ્રવિણ બની પઢિને પંકા. ,, ૫
જો નજર પડે તો પડકારો, પાસે જઇ હિંમત નવ હારો,
એ માત્ર ભીતર ભય ભણકારો. ,, ૬
ભડકા ભાળો તે છેજ હવા, કુદરતના ખેલો નિત્ય નવા,
પણ પ્રેત નથી આવ્યાં રમવા. ,, ૭
ધુણનારીને નિજ વે'મ નડે, ચાળા કરશે જે ચિત્ત ચડે,
ભાળી ભ્રમણામાં શીદ પડે ? ,, ૮
છે કજિયો સાસુ સંગાતે, કાં કામ પડે કરવું હાથે,
ઠિક ઢોંગ શિખી ધુણવા જાતે. ,, ૯
સૌને ઓશિયાળા કરવાં છે, કાં મુખથી દુઃખ ઉચ્ચરવાં છે,
કોભાંડ અતી આદરવાંછે, ,, ૧૦
ધણિને બિવરાવાનું બ્હાનું, કાં જાર કર્મ કરવા છાનું,
વંચાવે છે પોથી પાનું. ,, ૧૧
આવે એ યાર ભુવો થઇને, ભુત કાઢે ધૂપ ધીમે દઇને,
પછિ લાગ્યો રે' નિત છુટ લઇને, ,, ૧૨
ભુત ભાગે જો ભાવેજ ભણો, હૈયામાંથી સૌ વે'મ હણો.
ઉપદેશજ વલ્લભદાસતણો. ,, ૧૩

સુબોધ ચિંતામણિ—વલ્લભદાસ પોપટભાઇ.

વહેમથી ફેલાયેલા આવા ભય આગળ વધી બીજાં દુઃખો દેવાની સાથે છેવટ મરણનું કારણ પણ બનેછે પણ તેવા પ્રસંગોમાં મન મજબૂત રાખી પાકો તપાસ કરી મનનો વહેમ ટાળી નાખવો જોઇએ. અગાધ મહિમાવાળા ઇશ્વર કે જે સર્વનું કલ્યાણ કરનાર છે તેનાપરજ ભરોંસો રાખવો એમ તાત્પર્ય છે.

कामणटुमण-अधिकार.

સ્ત્રીઓને વશ કરી પોતાનો ધારેલો નીચ હેતુ પાર પાડવાની નિષ્ફળ પ્રવૃત્તિમાં ફસાતાં મનુષ્યો પોતજ પાપના પાશમાં ફસાયછે. પતિને વશ કરવામાટે કે શોકયોને દુઃખી કરવાને દુષ્ટ ઉપાયોને શોધનારી અશુદ્ધ અંતઃકરણની નારીઓ ધૂતારાઓના ફંદમાં પડી પોતાના ઘરમાંથી પૈસાનો ભોગ આપેછે અને પોતે અનીતિ અને અધર્મના રસ્તામાં આગળ વધેછે. પરિણામે પોતેજ પાયમાલ થાયછે. માટે એ મૂર્ખાઇથી દૂર રહેવાનું સમજાવવાને આ અધિકાર લેવામાં આવેછે.

પાખંડીચાળા.

(રાગ ઉપર પ્રમાણે).

હૈયાફૂટી, હીંડે કામણટુમણ રોજ કરાવતી,
વશ કરવો છે, આડો અવળો ચાલેછે એનો પતી ?—ટેક૦

દઇ જંત્ર મંત્ર ચિઠ્ઠી દોરા, બહુ ધૂતે ધૂતારા ઘોરા,
ભર તાવડિ લઇ જાતી પોરા, હૈયાફૂટી૦ ૧

હાથે લટકાવ્યું માદળિયું, તે ભાગ્યશાળિ માટે મળિયું,
બહુ હર્ષ જીત્યું જાણે હળિયું ! „ ૨

કોઇ કરી નજર ચોટ ન લાગે, પિતૃ પણ નડિને કર નવ માગે !
ભૂતપ્રેત ભાળીને દુર ભાગે ! „ ૩

એમ અઘટિત ખોટા ખર્ચ કરે, ધણીથી તે છાનું ચોરી ખરે,
કાં જારિ કરે દિલમાં ન ડરે, „ ૪

કોય ચિઠિયો પાણીમાં બાળી, તે રંડા રાખ કરી કાળી,
કોય કલેશ જાય જો તે ભાળી, „ ૫

દુર્જન સંગે થઇ દુષ્ટ મતિ, સાચું ખોટું સમજે ન રતિ,
ઘણિ ઘરૂણી ઘેલી થાય અતિ, „ ૬

વિદ્યા વણ કપટ ન જાણિ શકે, ખરૂં માનો બાવો જેહ બકે,
કાંઇ કરે તપાસ ન તેહ તકે. „ ૭

કાંતો કોરાં પાનાં લાવી, અગ્નિથી અક્ષર ઉપજાવી,
ઘેલી કરિ મૂકે વંચાવી. „ ૮

કાં કાથજ કચડ કચડ ચાવી, વિશ્વાસ વધારે ભરમાવી,
અબળામાં ઢોંગ કરે આવી. હૈયાફુટી૦ ૯
પંકડી ન શકે પાખંડ વિષે, તેથી હાસી થઇ રે' દિન નિશે,
પાય જેટલું તેટલું પાણી પીશે, „ ૧૦
વર આખરસુધી વશ થાય નહિ, વળી ચૂક પડે ઘર કામમહીં,
તેથી ઉલટો પૂજે ડાંગ લહી. „ ૧૧
કુટુંબ કહે કામણગારી, સાસુ પજવે મેણાં મારી,
ઉલટી ચડી આળ શિરે ભારી. „ ૧૨
કુસંપવડે પછી કષ્ટ પડે, ભુંડીને ભુડાં થઇજ નડે,
બકરી ફોઢતાં જ્યમ ઊંટ ગડે. „ ૧૩
દેખી દિકરા દિકરી બગડે, ફાંફાં દે વે'મતણે વગડે,
નિકળે ન વે'મ નાનાથી ગડે. „ ૧૪
અંતે એ જુવતી શિર જૂતી, પસ્તાય પુરી લુચ્ચે ધૂતી,
પણ પ્રથમ મમતની મજબૂતી. „ ૧૫
તે ઇશ્વરની અતિ અપરાધી, ભૂલીને ખોટ ભલે ખાધી,
તનને પીડશે વિધવિધ વ્યાધિ. „ ૧૬
છે જાદુ કપટ વિસ્તાર ઘણો—ને ભાવે ભૂતનિબંધ ભણો,
સૃષ્ટિ નિમ શોધી વે'મ હણો. „ ૧૭
શાણા પુરૂષે શિક્ષા લેવી, જોર જુલમથી ત્યાં ન જવા દેવી,
છે વલ્લભની વિનતિ એવી. „ ૧૮

સુબોધ ચિંતામણિ—વલ્લભદાસ પોપટભાઈ.

કામણટુમણ કરનારી સ્ત્રીઓ બીજાંનું ભૂંડું કરેછે તેની સાથે પોતાની જીંદગી પણ બગાડેછે એમ સમજી તેવી વ્યર્થ અને હાનિકારક પ્રવૃત્તિથી પોતાનાં કલ્યાણને ઇચ્છનારી યોગ્ય સ્ત્રીઓએ અવશ્ય દૂર રહેવું જોઇએ એમ આ અધિકારનું તાત્પર્ય છે.

धूणवानुं धत्तींग—अधिकार.

કામણટુમણ કરનારી સ્ત્રીઓ જેમ પોતાનું જીવિત બગાડેછે અને બીજાઓને પણ દુઃખી કરેછે તેમ ધૂણવાના ઢોંગ કરનારી સ્ત્રીઓ પણ એજ દુષ્કૃત્ય કરેછે. ઘરસંસારમાં સ્ત્રીઓનો દરજ્જો સૌથી શ્રેષ્ઠ છે તેને ભૂલી

જાય આવે અવળે રસ્તે ઉતરી પડનારી નારીઓ ઘરસંસારને ધૂળધાણી કરી નાખે તેમાં નવાઇ શી? આ બાબત સમજાવવાને આ અધિકાર આરંભાયછે.

સ્ત્રીના ધૂણવાના ચાળા.

(મુરખો રળી રળી કમાણોરે, માથે મેલશે મોટો પાણો)—એ ઢાળ.

ડાકલાંની વાગે ડમડમ ડાંડીરે, ભુંડી ભામની ધુણવા માંડી—ટેક૦
ધુધુ ધુધુ ધુધુ ધુધકારા કરતી, ભાષા બોલે આંડી;
ઝાઝું પુછે અવિણપણે જે, તેને નાખે ભાંડીરે. ડાક૦ ૧
ખરેખરો ખંધોજ મળે તો, માર ખાય વીશ ખાંડી;
કાચાપોચાને ગભરાવે, ગોઠણભર થઇ ગાંડીરે. „ ૨
જોબનમાં કોભાંડ કરે-ઝાઝો જે રામા રાંડી;
બોલાવેછે છેલ જારને, શરમ બધાની છાંડીરે. „ ૩
ભ્રમણામાં ભોળાંને નાખી, ભરેછે ભટની હાંડી;
બીવરાવા બકવાદ કરે બહુ, જાણે પીધો બ્રાંડીરે. „ ૪
ચાળા કરતી રે'ન ચતુરા, પાઠ કરાવે ચંડી;
દાંત સગડ પડી જાય જુક્તિથી, વળી થઈ જાયે ઘંડીરે. „ ૫
ખૂબ ખરાબ બનીને કુળને, મૂળથી નાખે ખંડી;
વશીકરણ વિગેરે માનીને, વે'મતણી ચણી વંડીરે. „ ૬
ભુવા જતિ નિત એ જુવતીનું, દ્રવ્ય જાય બહુ દંડી;
કપટ કાળજે રાખી પ્રતિદિન, પૂજેછે પાખંડીરે. „ ૭
ખાય ખાસડાં ધડ ધડ મૂરખો-ધણી ધરી રાખી મુંડી;
ફેલ ફિતૂર કરે પણ એમાં, એની સમજણ ઉંડીરે. „ ૮
છળ ભેદે છક્કડ ખવરાવી, છાનું રાખે છાંદી;
વલ્લભદાસ વદે મૂરખીરે', એ મતલબથી માંદીરે. „ ૯

સુબોધ ચિંતામણિ—વલ્લભદાસ પોપટભાઇ.

ભાવાર્થ એજ છે કે આવી સ્ત્રીઓ પોતાના મનુષ્યજન્મની સફળતા કરવાને બદલે ખરાબ રસ્તો ગ્રહણ કરી સંસારજાળમાં વધારે વધારે ઉંડી ઉતરતી જાયછે. એ સમજાવી ધૂણવાનું ધત્તીંગ અધિકાર પૂર્ણ કરવામાં આવેછે.

बाळलग्न-अधिकार.

મનુષ્યને બાળપણમાં ઉછરતી અવસ્થાએ અમુક વર્ષો પછી જ્યારે વિદ્યાભ્યાસમાં જોડાવું જોઇએ અને જે વિદ્યાભ્યાસને પરિણામે ઉત્તમ પ્રકારે ધર્મસાથે વ્યવહારનું જ્ઞાન તથા મોક્ષના સાધનભૂત ઉજ્વળ ધર્મજ્ઞાનના સંસ્કારો મગજપર જામવા જોઇએ ત્યારે તે વિદ્યાભ્યાસમાં મોટી ખલલ નાખનાર બાળલગ્નનો પ્રચાર વધી પડયો છે. સંસારમાં સંકટોની જે જાળ પથરાયેલી જોવામાં આવેછે અને જેને દુર્ભેદ્ય ગણવામાં આવેછે તેનાં કારણોમાં બાળલગ્નનો ચાલ એ પણ આવી જાયછે એ સમજાવવાને દિગ્દર્શનરૂપે આ અધિકાર ગ્રહણ કરવામાં આવ્યો છે.

ઢીંગલા ઢીંગલીના વિવાહ.

(હરિભજન વિના, દુખ દરિયા સંસારનો પાર ન આવે)—એ ઢાળ.

ઓ માબાપો! બાળપણામાં ઘાટ શી વેવીશાળની?
સરખી વયનાં-વળગાડો પણ થાય કજોડી બાળની—ટેક૦
તમને તો હૈયે હોંશ હશે, પણ આખરમાં શું એનું થશે?
એ સંધ કાશીએ કેમ જશે. ઓ માબાપો૦ ૧
બબ્બે વરસે વેશવાળ કરો, કાં ગર્ભવિષે વનિતાજ વરો!
રે ગજબ! દીલમાં કાંક ડરો. „ ૨
પછિ લાડ લડાવતાંરે છૈયાંને, બહુ વાત કરે વહુવર બહાને,
માંડી વાળ્યું પીળે પાને, „ ૩
આ કીકાની વહુ એમ કહી, વિકાર કરે મૂર્ખાઇ મહીં,
પછિ બગડે તેહ નવાઇ નહિ. „ ૪

(મૂરખો રળી રળી કમાણોરે, માથે મેલશે મોટા પાણો)—એ ઢાળ.

હજિયે બાળ લગનની હોળીરે, ફટ ફટ ફટ! નિર્દય નર ટોળી—ટેક૦
નાનપણે પરણાવા કરતાં, પાજો વિખડાં ઘોળી;
બાળ બિચારાં ગભરૂને શિદ મારી ગેબની ગોળીરે. હજિયે૦ ૫

બ્રહ્મચર્ય કર્યું બંધ બ્રાહ્મણે, ખાય મફત ડંડોળી;
મૂરત દઇ મિષ્ટાન્ન જમે-માંડી પતરાળી પહોળીરે. „ ૬
બહુ મોટાને નાની કન્યા, આપે ચિત્તે ચળી;
શક્તિવાન થયાજ વિના વણસાડે કાચી કળીરે. „ ૭
બાળક થાય ન એથી બહુને, રહે રોગી નિર્બળી;
થાતી જાય કદમાં ઠીંગણિ મુખ ફીકું નહિ ઊજળીરે. „ ૮

(જીવતું શાને શોચના કરે ? કૃષ્ણને કરવું હોય તે કરે)—એ ઢાળ.

દેહ બળ બાળલગનથી બળે, છરી શિદ મારો કુમળે ગળે—ટેક૦
ચાલ ચલાવ્યો ચૂક કરી, કોઇ અજ્ઞાની આંધળે;
ચતુર પુરૂષ પણ ચેતે નહિ-ચતુરાનું ચિતડું ચળે. છરી૦ ૯
બાર વરસના બાપ બન્યા-એનાથી શું ઊકળે?
ગર્ભ બલિષ્ટ શું ઉછરે એવા વીર્ય વિનાને જળે. „ ૧૦

(ચતુર દેશ ચાંપાનેર)—એ રાગ.

પૂજું પ્રથમ પરિબ્રહ્મ, પૂજું પ્રથમ પરિબ્રહ્મ,
પ્રભુ પાય પંકજે પડુંરે;
આપો કાવ્ય કળા ધર્મ, આપો કાવ્ય કળા ધર્મ,
દેશ દુઃખ રાવથી રડુંરે. ૧૧
પરાધીન પડયા આજ, પરા૦ બન્યા બીકણને બાયલારે;
જિવે મૂઆ જેવાજ, જિવે૦ કરે ટેટેં જે ટાઇલારે. ૧૨
વીશનોરી વળગાડી, વીશ૦ ભાઇસાહેબ ભણી રહ્યારે;
કરે લાડ જ્યારે લાડિ, કરે૦ પોથાં થોથાં ભૂલી ગયારે. ૧૩
પછી આવ્યું સીમંત, પછી૦ બહુ બચ્ચાં કચ્ચાં થયાંરે;
જેનો ઝટ આવે અંત, જેનો૦ થયાં રોગી રગટેંટિયાંરે. ૧૪
માંડ મોટાં થયાંજ, માંડ૦ નૂરહીણાં નીહાળતાંરે;
જાય જુદે શું આજ? જાય૦ હાલ્યે ચાલ્યે કંટાળતાંરે. ૧૫
શરીર બાંધો બંધાય, શરિ૦ તેનાં પહેલાં પરણાવિયાંરે;
તેથી બંધ તૂટી જાય, તેથી૦ પછી આવાં ફળ આવિયાંરે. ૧૬
દૂધ પીવા લાયક, દૂધ૦ હજી દાંત એના દુધિયારે;
જણે ત્યાં તો બાળક, જણે૦ દૂધ પીજાય અધૂરિયાંરે. ૧૭

બાળ રમ્મતની રીત, બાળ૦ હાય ! ઢીંગલાને ઢીંગલીરે ;
વિનાશકાળે વિપરીત, વિના૦ બની બુદ્ધિ રૂઠી નીકળીરે. ૧૮
તંન મંન તુટિ જાય, તંન૦ ભલી વિદ્યા ભણાય નૈરે ;
કેમ કામકાજ થાય, થાય૦ પાઈ એક્ક કમાય નૈરે. ૧૯
અરે મૂર્ખ માત તાત, અરે૦ ઘડી શાત વાત સાંભળોરે ;
વેર વાળો વિખ્યાત, વેર૦ કયા જન્મતણો આંબળોરે ? ૨૦
ભૂખ વિના ભાવે ન, ભૂખ૦ દરદ વિના દવા નહિરે ;
વિના કારણનું વેન, વિના૦ લાભ એક્ક ન એ મહીંરે. ૨૧
રૂતુ પ્રાપ્તિ શીવાય, રૂતુ૦ સંગ સ્રીનો કરવા થકીરે ;
જરૂર નર્કમાં જવાય, જરૂ૦ લખ્યું શાસ્રવિષે નકીરે. ૨૨
નાની પરણીને તોય, નાની૦ જન જોસા ન જાળવેરે
હાણુ એથી બહુ હોય, હાણુ૦ કદી સ્રીને સમુળી ખુવેરે. ૨૩
બેઉ ગાલ બેશી જાય, બેઉ૦ થાય સેજે કડ ભાંગલીરે ;
પડે વાંકા વાંકા પાય, પડે૦ ટાંગો મરડાતાં પાંપળીરે. ૨૪
ભુંડું ભુંડું બાળ લગ્ન, ભુંડું૦ મગ્ન થાઓ શું માનવીરે ?
ઊર માંહી ઉઠે અગન, ઉર૦ જગન જોડયો શું દાનવીરે ? ૨૫
ખાન પાન તણું તત્ત્વ, ખાન૦ સત્ત્વ આખા શરીરનુંરે ;
પિંડ ગર્ભે બંધાય, પીંડ૦ જેમ જામે રૂધીરનુંરે. ૨૬
વીર્ય એવું અમૂલ્ય, વીર્ય૦ પ્રાણદાતા પુરૂષારથીરે ;
નથી કાંઇ તેની તુલ્ય, નથી૦ જિવે એના આધારથીરે. ૨૭
એનું બાળી નાખ્યું મૂળ, એનું૦ બાળ લગ્ને બૂરૂં કર્યુંરે ;
નિકંદન કરીને કૂળ, નિક૦ બળવાન બીજને હર્યુંરે ૨૮
અફિણિયાની જેવા હાલ, અફિ૦ અફિણ વિના થયા સહીરે ;
દીસે ડાચું રાંકાટ, દિસે૦ મૂખ માખી ઊડે નહિરે. ૨૯
કાલું કાલું બોલે બાળ, કાલું૦ પેર્યાં જાણે ન પોતડીરે ;
એનો કામનો છે કાળ, એનો૦ ચુંથી નાખે કાયાઘડીરે. ૩૦
ફટ્ટ ! ફટ્ટ ! ફિટ્ટકાર, ફટ્ટ૦ કહ્યું માનો ન કોઇનુંરે ;
ધર્મ ધોરી ધિક્કાર, ધર્મ૦ કરો પાન બાળ લોહિનુંરે. ૩૧
ચપ ! ચૂપ ! મતિમૂંઢ, ચૂપ૦ જૂઠું ડાગ્પણ ન ડોળશોરે ;
થયો ઘા સોજિ રારૂઢ, થયો૦ હવે ઔષધને ખોળશોરે. ૩૨
જાગો જાગોરે જટ્ટ, જાગો૦ મારા દેશી દયામણારે ;
બાળ વિવા' નફ્ફટ્ટ, બાળ૦ ભુંડા હાલ કરે આપણારે. ૩૩

(જગત્ જોગમાયારે)—એ ઢાળ.

વઢે દાદી રૂવે રાડ પાડી, બને બાળ વિવારે;
ભડે સાસુજી ત્યાં ત્રાડ પાડી. „ ૩૪
ઘેર નારી, જતાં નિશાળે, „
થાય દાદી શરમ દીલ બાળે, „ ૩૫
ત્રીશવર્ષે આવ્યા વાળ ધોળા, „
બાળલગ્નના ગેબી ગોળા, „ ૩૬
ઝટ જણવા, મંડે નાનાથી, „
વેંત જેવડાં ગલુડિયાં ત્યાંથી, „ ૩૭
થાય ભેગું ભુંડણનું ડાર, „
ટળે ખાવાનું તેણીવાર, „ ૩૮
એજ દુષ્ટ દશાનન ભારી, „
વણુ વાંકે વિંધ્યાં નરનારી, „ ૩૯
બાળકીના છોરૂ બળહીણુ „
નિત્ય માંદાં તેથી તનક્ષીણુ, „ ૪૦
પુત્ર નાનો પ્રીતે પરણાવે, „
મોત વહેલું બોલાવી લાવે, „ ૪૧

સુબોધ ચિંતામણિ—વલ્લભદાસ પોપટભાઇ.

બાળલગ્નથી થતી હાનિઓ દેખાડી આ બાળલગ્ન અધિકાર પૂર્ણ કરવામાં આવેછે.

कन्याविक्रय-अधिकार.

કન્યાવિક્રય પણ દરેક રીતે બાળલગ્નની માફક હાનિકારક છે અને બાળલગ્ન જેમ મહાવિપત્તિનું વાદળ લાવનાર છે તેમ કન્યાવિક્રય પણ કષ્ટકારક અને પાપરૂપ છે એમ સમજાવવા આ અધિકાર ગ્રહણ કરવામાં આવેછે.

લાભ કરતાં હાનિ વધારેછે.

अधर्मोपार्जितं द्रव्यं, दशवर्षाणि तिष्ठति ।
प्राप्ते चैकादशे वर्षे, समूलं च विनश्यति ॥ १ ॥

અધર્મથી મેળવેલું ધન ઘણામાં ઘણું નવ વર્ષસુધી રહેછે અને દશમે વર્ષે સમુળગું જાયછે. એટલે કહેવત પ્રમાણે લુણી પ્રોને તાણી જાયછે.

કન્યાવિક્રયથી થતી હાનિ.

भक्षितं चाणुमात्रं यत्, कन्याविक्रयजं धनम् ।
सकुलं तं गृहीतारं, नरके नयति ध्रुवम् ॥ २ ॥

કન્યાવિક્રયથી મળેલું ધન કિંચિત્ માત્ર પણ જે કોય ભક્ષણ કરેછે, તે સ્વકુટુમ્બ સહિત નિશ્ચય નરકેજ જાયછે. ૨.

કન્યાવિક્રયના ચાર પ્રકાર.

कन्याभरणं मौल्यं च, जामातृकृतसेवनं ।
कन्यांप्रति कन्यां यच्छेत्, चतुर्धा कन्याविंक्रयः ॥ ३ ॥

एते केषां.

કન્યાને માટે દાગીનો, પૈસા લેવા, પોતે પૈસાદાર હોવાથી જમાઇને સેવકતરીકે ગણી ઘરજમાઇ રાખવો અને દીકરી દઇ દીકરી લેવી એ ચારે બાબત કન્યાવિક્રયના પેટા ભાગમાં સમજી લેવી. ૩.

કન્યાવિક્રય કરનાર પિતાને ઠપકો.

પદ.

(હરિભજન વિના૦)—એ ઢાળ.

ઓ દુષ્ટ પિતા, દીકરી વેચી ધન લેવાનું ધ્યાનમાં!
દઇ ડોસાને, રંડાપો આપ્યો તેં કન્યાદાનમાં—ટેક૦
તને રૂંવે રૂંવે કીડા પડશે, તારી છાતીપર જમડા ચડશે,
ધગધગતા ખીધા ધાબડશે, ઓ દુષ્ટ પિતા૦ ૪
તારાં ગાત્ર ગળત કોઢે ગળશે, ઘરમાંથી ખાવાનું ટળશે,
વાવેલાં વિષવૃક્ષો ફળશે, ,, ૫
કોઇ બડદ બીજું ન મળ્યું તુજને, જેથી ઘરમાં ખાતર દીધ ખુલ્લે,
તને સાંભળ દુનિયા આખી દુણે, ,, ૬
તારા હાથપગોજ પડયા ભાગી, જેથી ઝટ કમાણી આ જાગી,
લે પાપી હવે મૃત્યુ માગી, ,, ૭
તેં અંતકાળનો લાડુ લીધો, કળજુગમાં કાળો કેર કીધો,
બાપડિયા! તું ન જરાય બિધો, ,, ૮

જો તારૂં પશ્ચાત્તાપતણું–ઉરદ્વાર ઉઘડશે એક ક્ષણું,
તો પામીશ પંડે દુઃખ ઘણું, ,, ૯
એ ડોસો લાકડી હાથ ગ્રહે, થોડું ચાલે ત્યાં થાક લહે;
જોનારા ત્રાહિ ત્રાહિ! કહે, ,, ૧૦
એ સાથે કન્યા ચોરી ચડી, જોવા મળિયાં જન તેજ ઘડી,
તારી છાતી ન ફાટી કેમ પડી, ,, ૧૧
વજ્રથી વિશેષ કઠોર દિસે, ખૂની ઘાતકી નિર્દય અતિશે,
છાંટો ન રે'મનો હૃદયવિષે, ,, ૧૨
આ હરામી પૈસો નહિ રહેશે, છોકરી છાજિયાં નિત લેશે,
નખ્ખોદ જશે શાપો દેશે, ,, ૧૩
વિષ પાવું હતું ગળથુથીમાં, કેમ નહિ મરી ગઇ તે શીળીમાં?
પણ આતો સંકટની સીમા! ,, ૧૪
મીંઢોળ મડાંસાથે બાંધ્યો, શબનો સંબંધ અરે સાંધ્યો,
તેં પાપ પાક શાતે રાંધ્યો, ,, ૧૫
એ અંધ આરશી શું કરશે? એ રોઇ રોઇ અંતે મરશે,
કાં વાવ કુવામાં જઇ પડશે, ,, ૧૬
એની શાસ્ત્રવિષે પાડી છે ના, જન સુજ્ઞો સાક્ષી છે એના,
આપું ન પુરાવા આઘેના, ,, ૧૭
આજ કાલ વધ્યો એ ચાલ અતિ, ફરી ગઇ છે માણુસકેરી મતી,
જોતાં નથી નીતિ કે અનીતિ, ,, ૧૮
ઘરમાંથી ટળ્યું છે ખાવાનું, ત્યારે કાટલું કાઢ્યું કન્યાનું,
કોણ બંધ કરે નહિ કરવાનું? ,, ૧૯
બોલે નહિ મ્હાજન કાંઇ મુખે, ફાવેછે જન ચંડાળ સુખે,
દેખી વલ્લભનું દીલ દુખે, ,, ૨૦

વહેચાયેલી કન્યાનો વિલાપ.

(બ્રહ્માએ ભજન કર્યું ભગવાનનુંરે)—એ રાગ.

ઘરડો પિયુ પરણાવ્યો મુજનેરે, મોટાં વેરી મુજ માબાપજો–ઘ૦ ટેક.
લઇને ખૂબ રૂપિયા રોકડારે, વેચી મુજને પૈસા માટજો;
પૈસામાં શું પૂળો મૂકુંવોરે? ડોસા સાથે વાળ્યો દાટજો. ઘરડો૦ ૨૧
નિજ કન્યાને કન્યાદાનમાંરે, બળબળતો રંડાપો દીધજો;
મડદાં સાથે મીંઢળ બાંધિયોરે, બળતી લામાં લા'વો લીધજો. ,, ૨૨

બાપે મારો ભવ બાળ્યો બધીરે, સૌ શૃંગાર થયા અંગારજો;
નવી ચોળીમાં હોળી મૂકવીરે, નથડીમાં લથડી ધિક્કારજો. ,, ૨૩

રડતાં રડતાં રાતે રીશમાંરે, ચોંપે ચીરી નાખ્યો ચીરજો;
ગોઠે નહિજ ઘરેણાં ઘાલવાંરે, ધારૂં શી રીતે હું ધીરજો! ,, ૨૪

દેખીને ડાચું ડોસાતણુંરે, મારા તનમાં ઉપજે ત્રાસજો;
મારૂં જોબનિયું ઝૂકી રહ્યુંરે, બળતી રહુંછું બારેમાસજો. ,, ૨૫

રમવા જમવા જાવાનું તજ્યુંરે, રોવા જોવાનું રહ્યુંજજો;
શી રીતે રહેવું સંસારમાંરે, એકે વાત પડે નહિ સૂજજો. ,, ૨૬

ફોફળ ઘાલી રાખે ગાલમાંરે, જાણે ખાડા નવ વર્તાયજો;
પે'રે ઊંચી પેંઠની પાઘડીરે, પણ ભૂંડું ઉલટું દેખાયજો. ,, ૨૭

શિયાળામાં સાલમપાકનેરે, શક્તિ વધવા ખાંતે ખાયજો;
નાંખોરી ફુટી લોહી નીકળેરે, શક્તિની મુક્તિ ત્યાં થાયજો. ,, ૨૮

કાંઠા શુંજ ચડે પાકે ઘડેરે? છેલાઇ જોઇ હસે સૌ લોકજો;
માણસને મન વેશ ભવાઇનોરે, મુજને અંતર ઊંડો શોકજો. ,, ૨૯

હેરે સામું હરામી માણસોરે, જાણી નીધણિયાતું ધનજો.
પણ હું પરમેશ્વરના ત્રાસથીરે, નીતિ પાળું નિત તનમનજો. ,, ૩૦

પરણ્યો મુજને પુત્રની લાલચેરે, જાણે રે'શે વંશ કદાચજો;
પણ પર પુત્રીનો ભવ બાળતાંરે, શોધે સીદ ખોટું કે સાચજો. ,, ૩૧

બાળ કદાપિ સાંપડશે મનેરે, તોપણ તેથી શું દિલ દુઃખ જાયજો?
જોબન દા'ડા જાવા દોહલારે, રોયાને રડું લાગી લા'યજો. ,, ૩૨

મરશે તો માથે મુંડો થશેરે, નહિ તો જીવતે રાંડી છૈંજજો;
શેનો પતિ એ શેની હું પ્રિયારે, પણ હું ધર્મ વિચારી રોંજજો. ,, ૩૩

માત પિતા તમને ધિક્કાર છેરે, વાળ્યાં પૂર્વજનમનાં વેરજો;
આડો એરૂ કેમ ન ઊતર્યોરે? મુજ જીવતરમાં નાખ્યું ઝેરજો. ,, ૩૪

મંડપ શે નહિ સળગ્યો એ સમેરે? તૂટી કેમ પડ્યો નહિ આભજો?
કેમ રસાળા ગઇ ન રસાતળેરે? સાંખે કેમ પ્રભુ સાક્ષાતજો? ,, ૩૫

એની આશિષ દઇ માબાપનેરે, મારે છેવટ મરવું છેજજો;
મારે તો થાવાનું થઇ રહ્યુંરે, પણ હું અક્ષર બોલું એજજો. ,, ૩૬

ઘરડો હોય નવલશા નાનજીરે, વાગે છપ્પન ઉપર ભેરજો;
તો પણ પુત્રી નહિ પરણાવશોરે, નહિ તો પસ્તાશો બહુ પેરજો. ,, ૩૭

ઘણી મૂરખિયો કહે જીવે ઘણુંરે, ઘરડા પણ તો શેનું દુઃખજો?
દુઃખ અરે છાનું રાખું બધુંરે, શરમે કહેવાતું નથી મૂખજો. ,, ૩૮

મહાજન છો માબાપ તમે ખરાંરે, પુત્રી ગાય સમાન ગણાયજો;
વાર કરીને બાંધો બંધનેરે, નહિ તો તમ શિર છે હત્યાયજો. „ ૩૯

અમને આપી છૂટ સ્વતંત્રતારે, મહારાણી શાણી સરકારજો;
માબાપો મારેછે બાળનેરે, તેની વેગે કરજો વારજો. „ ૪૦

જમણો હાથ કરે ગુન્હો કદીરે, ડાબાને શિક્ષા નહિ થાયજો;
સાથે સિંહ બકરી પાણી પીયેરે, એવો વખણાયછે તુજ ન્યાયજો. „ ૪૧

તો આ થાય જુલમ શો આવડોરે? નાનાં બાળક નિરાધારજો;
મારે તો નહિ દેવાં મારવારે, એ છે ફરજ તમારી સારજો. „ ૪૨

કરતાં દૂધપીતી નિજ દીકરીરે, રજપૂતોને અટકાવ્યાજજો;
ધાડજ આ ધોળે દાડે પડેરે, તેનો કેમ કરો ન ઇલાજજો. „ ૪૩

નાની ઉમ્મરમાં નાથી દિયેરે, ત્યારે જાણે શું પરિણામજો:
વલ્લભદાસ વણિકની વિનતિરે, લખતાં લાંબું થાય લખાણુંજો. „ ૪૪

સુબોધ ચિંતામણિ—વલ્લભદાસ પોપટભાઇ.

કન્યાવિક્રયનો હૃદયભેદક દંપતિસંવાદ.

*કૃપણશા—(પોતાની સ્ત્રીને) જો તારે આખો દિવસ ચોપડી વાંચવામાંજ કાઢવો હોય તો મારે તારૂં કામ નથી. કારણકે "ચોપડી વાંચે તે વંઠી જાય" એ કહેવત પ્રમાણે મારે મારૂં ઘર ગધેડે ચઢાવવું નથી! સમજીને!

કાન્તા—(નરમાસથી) શિરછત્ર! ગૃહરાજ્ય ચલાવવાની અત્યુત્તમ શૈલીનું દિગ્દર્શન કરાવનાર, આત્મશક્તિને સ્તુત્ય અને પ્રસંશનીય કામની અંદર ખીલવનાર અને છેવટે પ્રભુસ્તવનથી આત્માને કર્મરહિત બનાવનાર જો કોઇ હોય તો તે સત્પુરૂષોની કસાએલ કલમથી લખાએલ નીતિગ્રંથોજ છે.

કૃપણશા—લે મૂક હવે પંચાત! અને હું કહું તે સાંભળ. જો! આપણી મનોરમાનું વેવિશાળ બુંદીકોટાનાં રહીશ શે. નગીનદાસ તારાચંદસાથે કરવાનું નક્કી કરેલ બોલ બોલવાનું શુભ મુહૂર્ત આવતી કાલના સાડાઆઠ વાગે ઘણી ધામધુમની સાથ પસાર કરવા વિચાર રાખેલ છે. વળી લગ્ન પણ ચાલુ માસની આખર તારીખમાં કરી આપવા નિર્ણય કર્યો છે કેમ સારૂંને?

* સત્યપ્રકાશ ભાગ ૧ લો.

કાન્તા—વ્હાલા! આપનાં માધુર્યમય વચનામૃતનું પાન કરતાં જે અત્યાનંદ ઉત્પન્ન થાયછે તે અકથ્ય અને અવર્ણનીય સમજશો. પતિ! પૂર્ણિમાના પૂર્ણ ચંદ્રોદયની ચળકતી કાંતિને તિરસ્કાર કરનાર ગુણુજ્ઞદેવી મનોરમા કે જેની જીવનદોરી આપ જેના હાથમાં સોંપવા માગોછો, તેની યોગ્યતાવિષે આપે પરિપૂર્ણ તપાસ તો કરીજ હશે!

કૃપણશા—એક પૈસાનું શાક ખરીદવા જતાં સારૂં ને સસ્તું શોધવામાટે ચારેકોર ફરી બિચારા બકાલીને તોબા પમાડી દઉંછું. તો શું મારી માનપાનમાં ઉછરેલી મનોરમામાટે વર શોધવામાં બેદરકાર રહું એ બનવા યોગ્ય છે? ખુદ લક્ષ્મીદેવીએજ જેનું દાસત્વપણું સ્વીકાર્યું હોય તેની યોગ્યતામાં કિંચિત્ માત્ર ખામી હોય ખરી?

કાન્તા—વાહ વાહ! ત્યારે તો રૂપ, ગુણ અને વયની પણ સમાનતાજ હશે!

કૃપણશા—તારે તો બધીએ પંચાત! શું તારી માફક અમે નવરા બેઠા છીએ કે તને જવાબજ આપ્યા કરીએ!

કાન્તા—કૃપાનાથ! શાંત થાઓ. વ્હાલા શામાટે ક્રોધાગ્નિની જ્વાળામાં દગ્ધ થાઓછો! પુત્રીની માતાતરીકે ફરજ બજાવવા મને શું તે પ્રશ્નો પૂછવાનો અધિકાર નથી?

કૃપણશા—અરે વાહ વા......હ!!! આ તો ડહાપણનો દરીઓ લાગેછે ને શું! રૂપગુણને વળી તારે શું કરવા છે. રૂપાળા તો કુંભારના ઘરના ગધેડા પણ હોય. જો તારી દીકરી જીવે ત્યાંસુધી ખાવાપીવામાં કે પહેરવા ઓઢવામાં દુ:ખી થાય તો મને કેજે!

કાન્તા—કૃપાસિંધુ! રૂપ, ગુણ અને વયની સમાનતાને લઇ દંપતિ સ્નેહનાં સામ્રાજ્યની સાનુકૂળતા દૃષ્ટિગોચર થાયછે. જ્યાં એ ત્રિપુટીની પધરામણી નથી ત્યાં ગ્લાનિ, ઉદ્વેગ, ભય, કુસંપ અને નિરાશાપણું આદિ દુર્ગુણો નિરખવામાં આવેછે. પતિ! એ વ્હાલા પતિ!! સ્ત્રીનું ખરૂં જીવન, સ્ત્રીનું ખરૂં ચૈતન્ય અને સ્ત્રીનો ખરેખરો આંતરવિલાસ એ ત્રિપુટીમાંજ સમાએલ છે. માટે તેની ખાસ અગત્યતા સ્વીકારી આપણે આપણું કર્ત્તવ્ય બજાવવું જોઇએ. પરંતુ આપની માન્યતા પ્રમાણે રૂપ, ગુણને થોડીવાર અલગ મૂકી હું જાણવા ઇચ્છુંછું કે વયની તો સમાનતા છે ને?

કૃપણશા—આટલા બધા પોથા થોથા ફેરવેછે તોપણ હજી સમજણ તો આવીજ નહિ. શું રૂપ, ગુણ અને વયની સમાનતા જોતાં લક્ષ્મીદેવીની આપણાપર કૃપા થાય ખરી? જ્યારે અઢીહજાર રૂપિયા જેવી એક ગંજાવર રકમ આપવા તેણે કબુલ્યું ત્યારે તો મેં ફક્ત હા પાડી. તોપણ તારા કહેવા પ્રમાણે વરકન્યાની ઉમ્મરમાં ઝાઝો તફાવત નથી,

૧૨×૫=૬૦ (બાર પંચા ને સાઠ) કન્યાથી વરની ઉમ્મર ફક્ત પાંચગણી છે.

કાન્તા—વાહ વાહ! શું જમાઇ શોધવામાં કુશળતા વાપરી છે! શું બાર વરસની બાળિકાને ગુણવાન માળીના કંઠમાં ન ધરતાં એક બાવળના ઠુંઠાને અર્પણ કરવા જિજ્ઞાસા દર્શાવોછો? ચંદ્રમણિ જેવી ઉજ્વળ કન્યાદેવીને વૃદ્ધ જડસારૂપ જગતમાં જડી સુખી સંસારનો લેશ પણ લ્હાવો ન લેવા દેતાં ઉલટી દુઃખરૂપી સમુદ્રમાં બિચારી અબોલ બાળાને ધકેલી પાડોછો? અને નિશ્વાસથી જીવતા બળી મરવા કન્યાવિક્રયની ચિતા ખડકી નિર્દોષ પુત્રીનું જીવિત શું ધૂળ કરવા ચાહોછો? નિર્મળ જળની વ્હેતી દિવ્ય સરિતા જેવી કન્યાને વેચી કરી તમારા પેટને બળીદાન આપવા મંગળ કન્યાની વિક્રયના હોમમાં આહુતિ આપતાં જરા પણ અચકાતા નથી? શું "બીવી મીયાં જોગ તો મીયાં કબર જોગ" એ કહેવત પ્રમાણે નાની બાર વર્ષની બાળિકાને સાઠ વરસના ડોસાસાથે પરણાવી મઢાસાથે મીંઢોળ બાંધવા જેવું નથી બનતું? અને ચોરીમાંજ કન્યાદાનને બદલે રંડાપો આપવા જેવું થતું નથી?

કૃપણશા—હવે બેસ બેસ! વધુ ગડબડ કરી છે તો આ સોટીને સ્વાધીન થઇશ. અઢીહજાર રૂપિયા વગર મહેનતે ઘેર બેઠાં મળે છતાં એવો મૂર્ખ કોણ હોય કે તે રૂપિયાને તજી દીયે! શું લક્ષ્મી ચાંલ્લો કરવા આવે ત્યારે મોઢું ધોવા જવું? ના ના તે કદી પણ બનશેજ નહિ. અત્યારે તો પૈસા એજ દાઢ પરમેશ્વર છે. એક કવિ કહેછે કે:—

વસંતતિલકા છંદ.

આ સૃષ્ટિ તો સુજન સર્વ ધને વસેછે;
દ્રવ્યાર્થ કારણ બધાં દુખમાં ધસેછે;
જો હોય દ્રવ્ય બહુ તો સુખ સર્વ પામે;
તેના વિના કવિ કહે દુખ ઠામ ઠામે.

ખરેખર પૈસાની તો બલિહારી છે. જો પૈસો હોય તો મા, બાપ, ભાઇ, કુટુમ્બ, કબીલો, સગાં, સ્નેહી વગેરે મારાપણું બતાવી સેવામાં હાજર રહેછે. જો પૈસો હોય તો નાતજાતમાં પણ અગ્રેસરપણું મળેછે અને જો પૈસો હોય તો મોટી મોટી પરિષદોમાં પણ પ્રમુખસ્થાન મળેછે. સમજી? વળી આપણામાં કહેવત છે કે "પૈસો એ મનુષ્યનું અગીઆરસું પ્રાણ છે" લક્ષ્મીદેવીની અકૃપાથી કેવી દશા થાયછે એ તને ખબર છે? જો સાંભળ?

કવિત.

પૈસે બિન બાપ કેવે, પુત તો કપુત ભયો ;
પૈસે બિન માય કેવે, કીનકો એ છેયો હે.
પૈસે બિન કાકો કેવે, કીનકો ભતીજ હે ;
પૈસે બિન ભાઇ કેવે, બંધુ દુઃખદાઇ હે,
પૈસે બિન નારી કેવે, નકટેશું કામ પર્યો ;
પૈસે બિન શ્વસુર કેવે, કીનકો જમાઇ હે.
કહેત કવિ બીરબલ, સુન શાહ ઓ અકબર ;
પૈસે બિન મુડદેકું લકડી ન પાઇએ,

લક્ષ્મીદેવીની અકૃપાનું પરિણામ જોયું ? માટે ખરેખર.

દોહો.

વિત્ત વગર આ વિશ્વમાં, સૂનો સહુ સંસાર ;
દામહીન દીન સિર સહે, સંકટ ઠારોઠાર.

કાન્તા—અહાહા ! અનીતિથી દ્રવ્યોપાર્જિત કરવાની તીવ્ર ઇચ્છાએ કસાઇનાં જેવું ઘાતકીપણું ગુજારવું એ શું આપ જેવા જીવદયાના હિમાયતીને ઉચિત છે ? યાદ રાખજો કે—

દોહા.

નાણું બિન નીતિતણું, નહિ નિશ્ચે રહેનાર ;
મીયાંજી લાવે સુઠીયે, અલા ઊંટ હરનાર.

પ્રાણેશ ! વળી લક્ષ્મી કોઇની થઇ નથી અને થવાની પણ નથી. કારણકે—

દોહો.

લક્ષ્મી કહે મેં નત નવી, કેની ન પૂરી આશ ;
કીતને સિંહાસન ચલ ગયે, કીતને ગયે નિરાશ.

કન્યાવિક્રય કરનારને એક શાસ્ત્રકાર કહેછે કે:—

कन्याविक्रय कारिभ्यो व्याधा अप्युत्तमा मताः ।
ते निर्दयाः परष्वेव, पुत्रादिषु दयापराः ॥

કન્યાવિક્રય કરનાર મનુષ્ય કરતાં પારાધીઓ પણ ઉત્તમ ગણાયછે. કારણકે તે બીજા પ્રાણીઓમાટે નિર્દયતા વાપરેછે. પરંતુ પોતાનાં સંતાનની તેને દયા

હોયછે. વળી પારાધી તો એકદમ પ્રાણ લેછે અને કન્યાવિક્રય કરનાર તો તેને રીબાવી રીબાવી મારેછે. પ્રિય સ્વામીનાથ! આવા હડહડતા અધમ રીવાજથી આજકાલ સંખ્યાબંધ નિર્દોષ બાળાઓ વૈધવ્ય દશાનાં દારૂણ દુઃખની ભોક્તા બનેછે અને તેથી યુવાવસ્થાના પ્રબળ વેગને નહિ રોકી શકવાથી સ્વછંદી અને દુરાચારી બનેછે. કેટલીક તો શરમને સમુદ્રમાં ફેંકી દઇ નાતજાતમાંથી પણ ફીટી જાયછે અને કેટલીક જ્ઞાતિમાં રહી લોકોના ભયથી ગર્ભપાત પણ કરેછે તથા કેટલીક તો વિધવા થયા પહેલાં બુઢા પતિના બળાપાને લઇ બિચારી કમોતે મરેછે. આ સર્વનું મુખ્ય કારણ આપણે તપાસીશું તો તેના સ્વાર્થી માબાપો પોતેજ છે. આવી ક્રૂર અને રાક્ષસી વૃત્તિવાળા મનુષ્યો પ્રથમ તો અત્યાનંદમાં ન્હાલેછે. પરન્તુ પાછળથી વિપરીત પરિણામને લઇ કહેછે કે "ભાઇ શું કરીએ કર્મમાં હતું તેમ થયું." પરંતુ એવા અક્કલના ઓથમીર બબુચકો એટલું પણ સમજતા નથી કે એક અફીણ તથા ઝેરનો પ્યાલો પીને સુઇ જઇએ યાતો જબરો પથરો ગળે વળગાડી કુવામાં ભુસકો મારીએ તો તેનું પરિણામ મોતજ આવે. તેમજ બાર વર્ષની બાળિકાને સાઠ વર્ષના ડોસાસાથે પરણાવી પછી સારી વાટ જોવી શા કામની? માટે વ્હાલા! આપ આપની પુત્રીપર એવું ઘાતકીપણું ગુજારશો નહિ. કસાઇઓ ઢોરને કાપેછે એ ઘાતકીપણું ખરૂં. પરંતુ એકવાર કાપવા કરતાં હમેશને માટે પોતાની કન્યાને ભઠ્ઠીમાં નાખવી એ વધારે ઘાતકીપણું છે.

કૃપણશા—ત્યારે શું શાસ્ત્રકારોએ આવી જાતના કન્યાવિક્રય અને વૃદ્ધવિવાહનો નિષેધ કરેલ છે?

કાન્તા—જી હા. કહ્યું છે કે :—

ज्ञातिभ्यो द्रविणं लात्वा, कन्यां दत्वाप्यनिच्छतीम् ।
स्वेच्छं धनविहारस्तु, आसुरो धर्म उच्यते ॥

જે નાતિલા પાસેથી ઇચ્છાનુસાર દ્રવ્ય લઇ બીજાને દીકરી દે અને ઇચ્છા પ્રમાણે ધન પોતાના ઉપયોગમાં લે તે કન્યાવિક્રય અને આસુરી વિવાહ કહેવાયછે.

શ્રીમનુ મહારાજ આવા વિવાહનો નિષેધ કરતાં કહેછે કે—

"क्रयक्रीता च या कन्या, पत्नी सा न विधीयते"

જે પૈસા આપી વેચાતી લીધી છે તે વિધિપૂર્વક સ્ત્રી ગણાયજ નહિ. ખરેખર પ્રિયપતિ! "દીકરીને ગાય દોરે ત્યાં જાય." તે પ્રમાણે મનોરમાને જ્યાં દેશું ત્યાં તે બિચારી જશે. તેનું આપણી પાસે જોર નથી. પણ આપણે વાડરૂપ બની વેલાનું રક્ષણ કરવાની બદલીમાં ભક્ષણ કરવું એ કદી પણ યોગ્ય ગણી શકાયજ નહિ. એક ગાય ખરીદતાં તેના મોઢામાં કેટલા દાંત છે, તે

જોવાની પૂર્ણ કાળજી રાખીએ છીએ. પણ પોતાની વ્હાલી અને માનપાનમાં ઉછરેલી પુત્રીને માટે વર ખોળતાં એક ડોસાને વ્હોરી તેના દાંત પણ જોવાની દરકાર ન રાખીએ એ કેટલું બધું શરમભરેલું કહેવાય? જનાવરો અને વસ્તુઓ વેચવાની પેઠે પોતાનાં સંતાનો વેચવાં એ કુદરત શું સહન કરી શકશે?

(આમ સ્ત્રીપુરૂષનો સંવાદ ચાલી રહ્યો છે. તેવામાં મોતીચંદ કરીને મહાજનનો માણસ આવેછે).

મોતીચંદ—(પડશાળમાં આવીને) શેઠ સાહેબ! એ શેઠ સાહેબ!

કૃપણશા—(પોતાના નામનો સાદ સાંભળી બારીમાં જુવેછે.) કોણ મોતીચંદ! આવ અંદર આવ. કેમ અત્યારે?

મોતીચંદ—(અંદર જઇ) શેઠ સાહેબ! આપણા ગામની અંદર આજે મફતચંદ શેઠે પોતાની નવ વર્ષની બાળિકાનું મુંબઇથી વરવા આવેલ પાંસઠ વર્ષના ડોસાસાથે વેવિશાળ કર્યાની ખબર પડતાં તેને માટે વિચાર કરવા સારૂ લોભીલાલ શેઠે મહાજન ભેગું કરવાને હુકમ કરેલ છે. માટે આપ પણ વેળાસર પધારશો. (જાયછે).

કાન્તા—પ્રિય સ્વામીનાથ! સાંભળ્યું કે? ખરેખર મફતચંદ શેઠે (શઠે) પોતાની નવ વર્ષની બાળિકા પાંસઠ વર્ષના ડોસાને આપી એ ઘણુંજ અઘટિત કરેલ છે. આવા કારણને લઈ મહાજન ભેગું થાયછે તે સ્તુત્ય અને પ્રસંશનીય ગણી શકાય. મારી માન્યતા પ્રમાણે જરૂર મફતચંદ શેઠને મહાજનતરફથી તિરસ્કાર મળશેજ. વ્હાલા! આપણે પણ જો મનોરમાનું વેવિશાળ શે. નગીનદાસ તારાચંદસાથે કરીશું તો મહાજનશ્રીનો તિરસ્કાર સહન કરવો પડશે. માટે તે વિચાર માંડી વાળજો. કારણકે "લાખ જાય તે આવે પણ શાખ જાય તે કદી પણ આવેજ નહિ."

કૃપણશા—પણ મહાજનની મિટીંગમાં એક લોભીલાલ શેઠ સિવાય કોની તાકાત છે કે મારી સામું એક શબ્દ પણ બોલી શકે? કારણકે હું અને લોભીલાલ શેઠ અમો બન્નેજ મહાજનમાં કર્ત્તાહર્ત્તા છીએ. લોભીલાલ શેઠ મારો ખાસ સ્નેહી છે. તો તેને આડું અવળું સમજાવી દઇશ. પણ નગીનદાસ શેઠ જેવું બાજ હાથમાંથી કદી પણ જવા દઇશ નહિ. (એટલામાં મુંબઇથી વરવા આવેલ ઘરડા વરનો એક મુનીમ રતીલાલ બનીઠની પાંચસો પાંચસો રૂપીઆની નોટના ચાર કટકા ખીસામાં મારી કૃપણશા શેઠનું ઘર પૂછતો પૂછતો આવેછે).

રતીલાલ—(રજા મેળવ્યા બાદ પ્રવેશ કરીને) શેઠ સાહેબ. (સલામ ભરેછે).

કૃપણશા—(ડેસ્કથી આકર્ષાઇ) આવો ભાઇ આવો! આપ ક્યાંથી પધારો છો અને આપનું નામ ઠામ શું છે? તે જણાવશો. કારણકે મારા ધારવા પ્રમાણે તમો આહિંના રહીશ લાગતા નથી.

રતીલાલ—શેઠ સાહેબ! હું મુંબઇનો રહીસ છું, અને મારૂં નામ રતીલાલ છે. મુંબઇથી વરવા આવેલ ઘરડા વરનો હું મુનીમ છું અને તેમની આજ્ઞાનુસાર આપની પાસે અરજ કરવા આવેલ છું.

કૃપણશા—(સ્વગત–હમણાંજ મોતીચંદ કહી ગયો તેજ ઘરડા વરનો આ મુનીમ જણાય છે. વાહ વાહ આજ તો બરાબર હાથ આવ્યું ને શું! ચાલ તેને પણ ઝઝેરી પાડું. જેથી પાંચશો કે હજાર રૂપીઆનું આજે દનીયું સફળ થાય.) રતીલાલભાઇ! તમારે જે કાંઇ કહેવું હોય તે જલદી કહી દીયો. કારણકે ખાસ અગત્યનાં કારણને લઇ મને વધારે વખત નથી.

રતીલાલ—બહુ સારૂં. ત્યારે કૃપા કરી સાંભળો! અમારા શેઠ મુંબઇના એક સુપ્રસિદ્ધ વ્યાપારી છે. કર્મસંયોગને લઇ શેઠને આઠ આઠ સ્ત્રીઓ હોવા છતાં હજી સુધી એક પણ પુત્રરત્ન પ્રાપ્ત થયું નથી. તેથી પુત્રની આશાએ કન્યાની શોધ કરતા કરતા અમો અત્રે આવ્યા છીએ અને અત્રેના રહીસ મફતચંદ શેઠની પુત્રી સાથે અમારા શેઠનું વેવિશાળ કર્યું. પરંતુ આ બાબતની મહાજનશ્રીને ખબર પડતાં અમોને તથા મફતચંદ શેઠને હેરાન કરવા માટે યોગ્ય વિચાર કરવા સારૂ અત્યારેજ મહાજનશ્રીની મીટીંગ ભરાવાની છે. માટે શેઠ સાહેબ! અમારાપર કૃપા કરી અમોને ખુવાર નહિ કરવા અમારી નમ્ર અરજ છે. (એમ કહી ખીસામાંથી બે નોટના કટકા કાઢી આપેછે અને શેઠ મુંગે મોઢે તેનો સ્વીકાર કરેછે). શેઠ સાહેબ! તસ્તી માફ કરજો.

કૃપણશા—(સ્વગત–બસ આપણું કામ થઇ ગયું. બીજા પડે ખાડામાં. બિચારા પરદેશીને આપણે શામાટે હેરાન કરવો? મફતચંદ શેઠની છોકરીનાં કર્મમાં હશે તેમ થશે. આપણે નાહક તેની આંખે શામાટે થાવું જોઇએ!) રતીલાલભાઇ! તમો નિર્ભય થાઓ. તમારા કાર્યમાં હું વિઘ્નરૂપ નહિ બનું એ ખચીત યાદ રાખજો. પણ મારૂં એક કામ તમારે કરવું પડશે.

રતીલાલ—શેઠ સાહેબ! સેવક હાજર છે. ખુશીથી ફરમાવો.

કૃપણશા—જુઓ અમારે સરાફની દુકાન છે. તેમજ અમારા નામની હુંડીઓ ચારેકોર દૂર દેશાવરમાં ચાલેછે. પણ મુંબઇ ખાતે અમારી એક પણ આડત નથી. તો તમારા શેઠને કહી તે બંદોબસ્ત કરી આપશો. (જો આડત બાંધે તો પાંચ-સાત લાખ રૂપિયામાં નવરાવી નાખું.)

રતિલાલ—અરે શેઠ સાહેબ! એતે આપ શું બોલ્યા! દુકાન તમારીજ છે. ઘણી ખુશીથી તમારૂં તે કામ હું સિદ્ધ કરી આપીશ.

(મહાજનની મીટીંગમાં ઘણી વાર રાહુ જોયા છતાં કૃપણશાશેઠ ન આવવાથી લોભીલાલ શેઠ શંકાશીલ બની તેને ઘેર આવેછે. ત્યાં કૃપણશા શેઠ અને રતીલાલની અરસપરસની વાતચીત ઉપરથી વિશેષ શંકાશીલ બની બારણાં પછવાડે સંતાઇ રહેછે.) લ્યો જયજીનેંદ્ર. જો આ કામ સિદ્ધ કરી આપશો; તો હજી રૂ. ૧૦૦૦) અપાવીશ.

લોભીલાલ—(સ્વગત) અરે આતો નાણાંનો જોગ કરતા જણાયછે ને શું? રખેને કાંઇ દગો હોયની! ચાલ બધી વાત કઢાવી લાગ આવે તો મારૂં કામ પણ સાધી લઉં. (એમ વિચાર કરી ઓરડામાં આવેછે.) શેઠ સાહેબ!

કૃપણશા—(લોભીલાલને દેખી નોટના કટકા એકદમ ખીસામાં મૂકી રતીલાલને નહિ બોલવા ઇસારતથી સમજાવેછે.) અહોહો!!! પધારો લોભીલાલ શેઠ પધારો. આજે તો ખાસ આપને જાતે તસ્તી લેવી પડી? જરા આવતાં વાર લાગી તો તેને માટે માફ કરજો.

લોભીલાલ—કાંઈ હરકત નહિ. કૃપણશા શેઠ! અત્યારસુધી આપ ન પધાર્યા તેથી જરૂર અગત્યના કારણસર રોકાણા હશો.

કૃપણશા—લોભીલાલ શેઠ! આ અમારા અમદાવાદના આડતીઆ આવેલ છે અને તેને પાછું આજરોજ કરાંચીની સ્ટીમરમાં જવાનું છે તેથી તેની સાથે જરા નામાની કડાકુટમાં હતો.

લોભીલાલ—કૃપણશા શેઠ! આ ભાઇ તો મુંબઇથી વરવા આવેલ ઘરડા વરનો મુનીમ છે. કારણકે હું તેને બરાબર ઓળખુંછું તોપછી શામાટે જૂઠું બોલોછો? શું બનાવટી વાત કરી આ લોભીલાલને પણ છેતરવા માગોછો? કહો પાન-સોપારીમાં કેટલા રૂપીઆ મળ્યા?

કૃપણશા—(જરા ચીડાઇને) લોભીલાલ શેઠ! એટલી બધી બીક ન બતાવવી સમજ્યાને (ખીસામાંથી નોટો કાઢી) જુઓ! આ રહી રૂપીઆ પાંચસો પાંચસોની બે નોટો ધરાર લાંચ લીધી છે. તમારાથી થાય તે કરો! કોર્ટનાં બારણાં ખુલ્લાં છે.

લોભીલાલ—શેઠ સાહેબ! પાછળથી પસ્તાવું ન પડે તે ધ્યાનમાં રાખો તો વિશેષ સારૂં.

કૃપણશા—(સ્વગત) આ લોભીલાલ કજીઆખોર અને લુચ્ચો છે તેથી જરૂર મારી ફજેતી કરશે માટે તેને પણ પાન-સોપારી અપાવી તેનું મન રંજન કરૂં જેથી ચિંતા જેવું કારણ રહે નહિ. (રતીલાલને એક-

કોર લઇ જઇ) રતિલાલભાઇ! આ લોભીલાલ શેઠને પણ રૂપીઆ ૧૦૦૦) આપો તો તમારૂં કામ પાર પડે તેમ છે, નહિતર મારી ને તમારી બન્નેની ફજેતી થશે.

રતિલાલ—શેઠ સાહેબ! ફિકર નહિ. અમે પૈસાની ગણત્રી રાખતાજ નથી. ફક્ત આપ શેઠીઆઓની મહેરબાની હોય એટલે બસ. (એમ કહી ખીસામાંથી રૂપીઆ પાંચસોની નોટના બે કટકા કાઢી) લ્યો! લોભીલાલ શેઠ! આ રૂપીઆ પાંચસો પાંચસોની નોટના બે કટકા તમારા છોકરાના હાથમાં આપુંછું. (નીચું જોઇ લઇ લેછે).

લોભીલાલ—રતિલાલભાઇ! હવે જરા પણ ફીકર રાખશો નહિ, તમારૂં કામ ફતેહ થયું એમજ સમજશો (તેવામાં મહાજનનો માણસ મોતીચંદ એકદમ દોડતો દોડતો આવેછે.)

મોતીચંદ—અરે શેઠ સાહેબ! હવે તો મહેરબાની કરી પધારો! કમીટીમાં સર્વ કોઇ આપની રાહ જોઈ બેઠા છે. (લોભીલાલ શેઠતરફ દષ્ટિ પડવાથી) અરે લોભીલાલ શેઠ પણ આહીં લાગેછે ને શું!

લોભીલાલ—અલ્યા મોતીઆ! બહુ બકવાદ કરતાં શીખ્યો? ખબડદાર હવેથી જો એવી ઉદ્ધતાઇ વાપરી છે તો તારી વાત તું જાણ્યો! જા! જલદી જા!! અને જે આવ્યા હોય તેને કહી દે કે આજે કૃપણશા શેઠને તાવ આવવાથી આવી શકે તેમ નથી અને લોભીલાલ શેઠ પણ તેની પાસે સારવારમાં હોવાથી આવી શકશે નહિ માટે આજનું કામ બંધ રાખવામાં આવશે.

મોતીચંદ—(સ્વગત) કર્મીની જીભ અને અકર્મીના આંટા. (જાહેર રીતે) શેઠ સાહેબ! અવિનય માટે ક્ષમા ચાહુંછું (જાયછે).

કૃપણશા— } લોભીલાલ— } રતિલાલભાઇ! હવે અત્યારેજ તમે તથા તમારા શેઠ મુંબઇની સ્ટીમરમાં રવાના થઇ જાઓ પછી "ભૂલ્યો ઘા ચોરાસી જોજન જાય." એ કહેવત મુજબ થશે. તમારે તેવિષે જરાપણ ફીકર કરવી નહિ.

રતિલાલ—આપ જેવા શેઠીઆઓની કૃપાદષ્ટિ છે તોપછી અમારે શામાટે ફિકર રાખવી જોઇએ! ઠીક લ્યો જયજીનેંદ્ર (જાયછે).

લોભીલાલ—કૃપણશા શેઠ! હવે હું પણ રજા લઇશ કારણકે જમવાનો ટાઇમ થઇ ગયો છે.

કૃપણશા—હવે જરા ચા પીને જજો.

(તેવામાં લોભીલાલ શેઠનો રામો કરીને માણસ તાર લઇને આવેછે).

રામો—કૃપણશા શેઠ! ઓ કૃપણશા શેઠ! અહીં લોભીલાલ શેઠ આવ્યા છે!

લોભીલાલ—(રામાનો સાદ સાંભળી) કેમ રામા!

રામો—આ તાર આવ્યો છે.

લોભીલાલ—(તાર ફોડીને વાંચેછે તો મુંબઈકોટાના શે. નગીનદાસ તારાચંદ કે જેને ત્યાં લોભીલાલ શેઠના ૪૦,૦૦૦) ચાળીશહજાર રૂપીઆ વ્યાજે પડેલા છે તે ગુજરી ગયાના સમાચાર હતા. તેથી એકદમ ગાભરો બની) અરે કૃપણશા શેઠ! હવે હું તો જઇશ.

કૃપણશા—પણ છે શું વાત તો કરો! આમ ગાભરા કેમ બની ગયા?

લોભીલાલ—(શરીરમાં ધ્રુજારી છુટી.) મું......દી......કોટા......ના......શેઠ ......નગીન......દાસ......તારા......ચંદ......ગુ......જ......રી...... ગયા......તેથી......મા......રા......રૂપીઆ......ચાળીશ......હજાર... ...રોકાઇ......ગયા......(ચકરી આવવાથી એકદમ પડી જાયછે).

કૃપણશા—(સ્વગત) અહાહા!!! શું મનની મનમાં રહી? રૂપીઆ અઢી હજારનો લાભ ગયો? જો આવી ખબર હત તો બે દિવસ પહેલાંજ મનોરમાનાં લગ્ન કરી દેત નહિ! જેથી રૂપીઆ તો અઢીહજાર મળત. (કાન્તાને સાદ કરી) અરે કયાં ગઇ, સાંભળેછે કે નહિ? દોડ દોડ આ લોભીલાલ શેઠને કાંઇ થઇ ગયું.

કાન્તા—(કાન્તાનું હૃદય આ બન્ને ક્રૂર વૃત્તિવાળા નરાધમોની વર્તણુક જોઇ દગ્ધ થઇ રહ્યું હતું પરંતુ તેવામાં આ લોભીલાલ શેઠને કરણીનાં ફળ પ્રત્યક્ષ મળવાથી કર્મનાં અચળ કાયદાની મનમાં તારીફ કરતી કૃપણશા પાસે આવેછે.) કેમ સ્વામીનાથ! મને બોલાવી?

કૃપણશા—આંધળી છે? દેખતી નથી?

કાન્તા—પ્રાણેશ! દેખુંછું તો ખરી. પણ તેમાં મારો કોઇ ઉપાય નથી. કારણકે લોભીલાલ શેઠને કરણીનાં ફળ પ્રત્યક્ષ મળી ચૂક્યાં છે અને "તમે હવે બાકી છો." નાથ! હવે તો કાંઇ સમજો તો સારૂં. (તેવામાં લોભીલાલ શેઠનો અમર આત્મા પરલોક પ્રવાસી બનેછે.) અહાહા!!! આતો ભારે થઇ! હવે શું કરીશું?

કૃપણશા—(આડું અવળું જોઇ) લોભીલાલ શેઠના ખીસાં તપાસેછે. તો પેલી બે નોટો ઉપરાંત રૂપીઆ વીસહજારની કીંમતના બીજા કાગળીઆ (નોટો) નીકળે છે. તેથી રાજી થઇ તે કાગળીઆઓ લઇ લેછે). શું કરીશું, શું કરીશું, શું કરેછે! લે આ આ નોટો કબાટમાં મૂકી દે.

કાન્તા—(અનીતિથી મેળવેલ નોટો કબાટમાં નહિ મૂકવા આનાકાની કરેછે. પરંતુ પરિણામે ક્રૂર પતિના જોર જુલમથી તેમ વર્તવામાટે તે નોટો

કબાટમાં મૂકવા જાયછે. તેવામાં કૃપણશાની પછવાડે એક જબરજસ્ત નાગ જોઇ) સ્વામીનાથ, જલદી આમ આવતા રહો! તમારી પછવાડે નાગ છે.

કૃપણશા—(ભયભીત થઇ) હેં શું કહેછે! (એમ કહી દોડવા જાયછે તેવામાં તો નાગદેવે પોતાનું કાર્ય સાધી લીધું.)

કાન્તા—(સ્વગત) ખરેખર! કુદરત કુદરત!! તારે ઘેર સદા ન્યાય છે.) બસ થયું. કરણીનાં ફળ મળી ચુક્યાં.

બહાર ખબર પડવાથી આડોશીપાડોશી સગાંસંબંધી વિગેરે સૌ ભેગાં થઇ જાયછે; પોલીસ લોકોને ખબર પડવાથી તે પણ ત્યાં આવી પહોંચેછે અને છેવટ કાન્તાને નિર્દોષ ઠરાવી આ બન્ને શેઠીઆઓનાં શબને અગ્નિસંસ્કાર દઇ સૌ પોતપોતાને ઘેર જાયછે. આ દૃષ્ટાંત નીતિ ઉપર રહેવા તથા અનીતિથી દુર ખસવા ધડો લેવા જેવું ખાસ છે.

કન્યા નિમિત્તે ધન ખર્ચી વિવાહ કરવો એ અઘટિત છે.

*આવા દુષ્ટ રીવાજથી આપણી પ્રજામાં સ્ત્રીઓની ન્યૂનતા અને હલકી પદવી માનવામાં આવેછે અને આમ ઉત્તરોત્તર આર્યાવર્ત્ત અવનતિ થતી જાયછે.

અહાહા!!! બિચારી કોમળ મૃગલીને સિંહના મોઢામાં મૂકી ગરીબડી ગાયને કસાઇના દ્વારે બાંધી, નાજુકવેલીને હાથીના પગ તળે ચંપાવી અને ગુલાબનાં પુષ્પને ધગધગતા અંગારામાં હોમી અત્યાનંદમાં કાલક્ષેપ કરનાર નિર્દય માબાપોને કયું વિશેષણ લગાડવું?

ક્રૂર હૃદયનાં ઘાતકી માબાપો જેમ કસાઇ પોતાનાં માની લીધેલાં ઘેટાં, બકરાં ઇત્યાદિ પશુઓપર મમતા ધારણ કરી છેવટે તેની જીંદગીનો અંત આણેછે તેમ જીવદયાના હીમાયતી હોવાનો ખોટો ડોળ રાખી પોતાનાં સંતાનોને લાંબી આશાએ ઉછેરીનેજ મારી નાખેછે. કસાઇઓ મારવા ધારેલ પ્રાણીઓને એક પળમાં જીવનરહિત કરેછે, ત્યારે કહેવાતા દયાળુ માબાપો મારવા ધારેલ સંતાનોને રીબાવી રીબાવી લાંબા કાળે તેનો પ્રાણ લેછે.

વાડ જ્યારે વેલાનું ભક્ષણ કરે, રાજા જ્યારે પ્રજાને પીડે અને સત્ પુરૂષો જ્યારે કુડી દૃષ્ટિથી નિહાળે ત્યારે ઉન્નતિની આશા કયાં રાખવી? નિર્મળ જળથી વ્હેતી દિવ્યસરિતા જેવી કન્યા મડદાસાથે પરણાવાય, મુક્તાનો હાર મર્કટની કોટે નંખાય, પાનનાં બીડાં પાડાને અપાય અને ઘેવરનાં ભોજન ગધેડાને ખવરાવાય ત્યારે હવે બાકી શું રહ્યું?

કન્યાવિક્રયથી થતી સાંસારિક અને પારમાર્થિક બન્ને હાનિઓ ઉપરની સમજુતીથી દર્શાવેલ છે તેપર વિચાર કરી તેનાથી દૂર રહેવું એજ શ્રેયસ્કર છે.

---

* સત્યપ્રકાશ ભાગ ૨ જો.

वरकन्याना मातापिताने शिक्षा (शिखामण)—अधिकार.

મનુષ્યની વૃત્તિમાંથી જેમ જેમ ધર્મભાવના અને શાસ્ત્રોપદેશના સંસ્કારો કમતી થતા જાયછે તેમ તેમ તેમાં વ્યવહારના વિક્ષેપો વધતા જાયછે. આથી બહુ હલકે પગથીયે પહોંચતું જવાયછે. દાખલાતરીકે સગપણના વ્યવહારમાં તેવી ખરાબ સ્થિતિએ પહોંચેલા સંબંધીઓના મનની સ્થિતિ પ્રથમ કેવી હોયછે અને પાછળથી કેવી થાયછે? આનો એકનો સામાન્ય ચિતાર આપવા પછી બીજા તેવા ઘણા વ્યવહારોમાં પણ તેવી નિકૃષ્ટ સ્થિતિ માલુમ પડશે.

વેવાઇને કટુવાણીરૂપીભોજન.

ગરબી.

(ઓ વાંસલડી૦)—એ રાગ.

વઢતાં દેખી, પાસે જઇ પૂછયું શું સગપણ આપને?
તો કહે "વ્હેવાઇ," શુણી અંતરમાં પામ્યો બહુ સંતાપને—ટેક.
આંતર વેંચ્યાં જેની સાથે, સંબંધ નિકટ જે સંગાતે,
બહુ દોષ મૂકે તેને માથે, વઢતાં દેખી૦ ૧
દીકરા દીકરી જ્યાં દીધી છે, બહુ સમીપ સગાઈ કીધી છે,
એણે આ આબરૂ લીધી છે, ,, ૨
બીજાં સાથે હોય સંપ ઘણો, પણ દ્વેષ કરે સંબંધીતણો,
રે! સંપ જોઇએ જ્યાં અમણો, ,, ૩
"દશરાની સુખડી નવ દીઠી, મીઠાઇ ન દિવાળીની મીઠી,
એકવાર મોકલી'તી અજિઠી, ,, ૪
હોળીનો હારડો આવ્યો નહિ, કર મંગોઠોજ કરાવ્યો નહિ,
ઉમંગ એક દરશાવ્યો નહિ, ,, ૫
વિવાહમિષે પણ કોથળી નહિ, કદી હાથની ચૂડી મઢાવી નહિ,
દીકરી અડવી અળસાવી નહિ, ,, ૬
બાઇ એનું ઘરેણું તોજ બન્યું, પણ લુગડાં પુરતાં તે ન મળ્યું,
વેશવાળ કર્યું જાણ્યું ન ફળ્યું," ,, ૭

એમ અરસપરસ મેણું મારે, ત્યાં સાત પેઢીનું સંભારે,
કોઇ ત્રાહિત વચ્ચે પડીવારે, „ ૮
પડે પરણ્યા પછી પણ બહુ વાંધા, આળસતાં આણાંનાં કાંધાં,
નાતના નઠારા બહુ બાંધા, „ ૯
વઢે તેડવા ને મૂકવા માટે, વળી કામ કર્યાને ઊચાટે,
હા ! કલેશ સંપ સ્નેહજ સાટે, „ ૧૦
દીકરીવાળાં મરતાં દીકરી, બેઠાંછે બંધ સંબંધ કરી,
જાણે એણે મારી હોય ખરી, „ ૧૧
જો ભિતર ભાવ જોશો અતિશે, તો ઝેર હળાહળ માંહી હશે,
અંતર ખોટાં શું સુખ થશે ? „ ૧૨
રાખવી ઘટે રીતી એવી, જેથી અડચણ આવે ત્યાં કેવી ?
દુખ દૂર કરે વિદ્યાદેવી, „ ૧૩
એમાં થાતાં નથી બાળ સુખી, પણ યોજે નહિ ઉપાય મુખી,
દેખી વલ્લભનું દીલ દુઃખી, „ ૧૪

સુબોધ ચિંતામણિ—વલ્લભદાસ પોપટભાઇ.

સારા સંસ્કારો હઠી જવાથી આવી હલકી સ્થિતિ પ્રાપ્ત થાયછે માટે મગજઉપર ઉત્તમ સંસ્કારો પડે તેવા વિચાર અને વ્યવહારને સ્થાન આપવાની જરૂર છે એમ બતાવી આ વરકન્યાના માતાપિતાને શિક્ષા (શિખામણ) એ અધિકાર પૂર્ણ કરવામાં આવેછે.

अन्धपरम्परा-अधिकार.

વર–કન્યાના માબાપને જેમ પરસ્પર કલેશ દૂર કરવા ઉપદેશની જરૂર છે તેમજ પૂર્વકાળથી ચાલ્યા આવતા કઢંગા રીવાજો પણ દૂર કરવા ભલામણ કરવાની જરૂર લાગેછે. જેમકે કરજ કરીને અથવા ઘર વેચીને જ્ઞાતિવરા કરવા, કોઇ કહેછે કે અમારા ધર્મમાં સંસ્કૃત વ્યાકરણ ભણાય નહિ, કોઈ કહે છે કે

* વહુ જો પિયર વગેરેને ત્યાંથી કાષ્ઠનું ઘોડીયું અથવા વેલણ કે ઢીંચણીઓ રંગાવીને લાવે તો અમોને હરકત કરતા નથી પણ અમો જો તેવી વસ્તુ ઘરના ખર્ચથી રંગાવીએ તો અમારી કુળદેવી કોપેછે આ પણ અંધપરંપરા છે.

અમોને રંગ પ્રતિકૂળ પડેછે.* આવી તરેહના આંધળે (જંગલીએ) બતાવેલા રીવાજો બંધ કરવા આ અધિકારને યોજવામાં આવ્યો છે.

દેખાદેખી.

(રાગ ઉપર પ્રમાણે.)

જો ગાડરની, ટોળી શિર નીચું કરી ચાલી જાયછે!
એક કુવે પડે, પાછળ સર્વ તડાતડ ભુસ્કા ખાયછે!
કૂવે પડવાનું કારણ શું ? પાછા શીરીતે નીકળશું ?
જીવશું કે મુંઝાઇ મરશું ? જો ગાડરની૦ ૧
કદી એક અજાણપણાથી પડયું, કે લપસી જઇ કાંઠેથી દડયું,
હા અંદર તો પડતાંજ રડયું! „ ૨
પડીને હું શીદ મરૂં ત્યારે ? એવું અંતર નહિ વિચારે,
પણ એતો સર્વ પડે હારે, „ ૩
સંન્યાસી એક સરિતા કાંઠે—કળશે જાવાને ઊચાટે,
નિજ પાત્ર વધારાનું દાટે, „ ૪
ચોંપે ચાલ્યો તુમડીજ ભરી, પણ દાટી કમંડળ ઢગલી કરી,
તે જોયું કોઇએ પાછું ફરી, „ ૫
શું કરવા કરી વેકર ઢગલી, તે સમજ્યા વિના વિચાર્યું વળી,
કળશે જાતાં એ ક્રિયા ભલી, „ ૬
તેથી ઢગલી કરી તેને પડખે, તે ચાલ્યો કળશે તેજ તકે,
"સ્વર્ગે જાતાં રહી જાઉં રખે!" „ ૭
સઘળાએ એવું અવલોકી, ઢગલી કરવા માંડી નાખી,
બહુ આસપાસ પૃથ્વી રોકી, „ ૮
પાછો ત્યાં આવ્યો સંન્યાસી, જોઇ અંતરમાં થઇ ઊદાસી,
"રે મૂર્ખ ઘણી ઢગલી આ શી!" „ ૯
નવ જડયું કમંડળ દાટેલું, જોઇ તે જન કર્મ તદન ઘેલું,
આવું ઉચર્યો રોષે છેલ્લું, „ ૧૦
रे गतानुगतिको जनमात्रम्, पार्मार्थिक कस्यमनोनात्रम्,
मम धूलिपुंजेन गतं पात्रम्,* „ ૧૧

---

* અરે મનુષ્ય માત્ર દેખાદેખી કરવાવાળા છે. અહીં કોઇનું મન પારમાર્થિક નથી, મારૂં પાત્ર ધૂળના ઢગલાથી ગયું. (આ સંસ્કૃત શુદ્ધ નથી પણ ભાવ ખરો લીધો છે.)

જન મૂર્ખ પ્રવાહુજ ગાડરિયો, છે દેખાદેખીનો દરિયો,
જેમ ઉપરાઉપર લોઢ રહ્યો, ,, ૧૨

"જો પુત્ર ફલાણે પરણાવ્યો, ઘરમાં નાનકડી વહુ લાવ્યો,
એવો ન આપણો દિન આવ્યો, ,, ૧૩

ફૂલેકું ચડાવી લ્હાવ લીધો, દારૂમાં દેવતા મૂકી દીધો !
આપણે એવો ભભકો ન કીધો ! ,, ૧૪

નિજ નાત વિષે કીધું લાણું, આંતે ખરચીને ખુબ નાણું,
એવું ફરી ફરી નાવે ટાણું ! ,, ૧૫

ફરી પે'રી પટોળું પંગતમાં, બેસી બહુ ભમી રથ રંગતમાં,
મ્હાલી સાહેલી સંગતમાં, ,, ૧૬

મન મેં ન લીધો લ્હાવો એવો, હઠીલીને હઠ ગાડર જેવો,
સમજે નહિ પેદાગરૂ કેવો, ,, ૧૭

એમ દાડી વધે છે વરા દા'ડા, પછી થાય ખુવાર જતાં દહાડા,
કારણ વણ ખૂબ ખરચ આડાં, ,, ૧૮

જેથી જૂદી બહુ નાત પડી, ઝટ પડે તડાં અન્યોન્ય લડી,
વલ્લભદાસે આ અરજ ઘડી, ,, ૧૯

સુબોધ ચિંતામણિ—વલ્લભદાસ પોપટભાઈ.

જૂદા જૂદા દેશમાં કે જૂદી જૂદી જ્ઞાતિમાં પુષ્કળ અંધપરંપરાના રીવાજો છે જેમકે કન્યાને બદલે વર સાસરે જાય, ધર્મ ગુરૂઓને માન આપવા સ્ત્રીઓ પોતાના ચોટલાના વાળ પાથરે અને તેના ઉપર ધર્મગુરૂ ચરણ મેલે, કોઇ દેશમાં સ્ત્રીની કટિ પાતળી કરવી તો કોઇ દેશમાં હાથ પગ ઉપર ત્રાજવાં પડાવવાં, કોઇ દેશમાં સ્ત્રીઓએ લાજ ન કાઢવી તો કોઇ દેશમાં સાસુની પણ લાજ કાઢવી આવા રીવાજોને જો અંધપરંપરાના કહીએ તો ગેરવ્યાજબી જેવું લાગતું નથી પરંતુ આ અથવા આ શિવાય જેટલા હાનિકારક રીવાજો હોય તે તાકીદથી અવશ્ય દૂર ફેંકવા જોઇએ એ સમજાવી આ ચાલતા અધિકારની સાથે સંબંધ ધરાવતો અવસાનકાલ અધિકાર લેવા ધારી આ અંધપરંપરા અધિકારને પૂર્ણ કર્યો છે.

अवसानकाल–अधिकार.

જ્યાં અજ્ઞાનનું સામ્રાજ્ય ચાલેછે અને જ્યાં યોગ્ય ઉપદેશોને આદર નથી મળતો ત્યાં મનને કમકમાટી ઉપજાવે એવા વહેમોની પ્રબળતા કેટલી વધી પડેછે તથા સામાન્ય વિચારશક્તિને પણ કેટલી દૂર હાંકી કહાડવામાં આવેછે તેનું ભાન કરાવવાને અવસાનકાળ અધિકાર લઇને તેમાં કેવું અતેડું કરી છેવટના સમયમાં પણ પ્રાણીપર નિર્દયતા વપરાયછે અને પોતાના તિરસ્કારપાત્ર વહેમોને વળગી રહેવાયછે તે બતાવીએ છીએ.

મરણાતુર ઉપર દયાને બદલે જુલમ.

(રાગ ઉપર પ્રમાણે.)

ઓ અણુસમજુ, અર્ધ મુઆને મારી કાં પૂરૂં કરો ?
જીવતા જમદૂત ! છાતીપર ચડી ઘોંચો શું કંઠે છરો—ટેક.
બહુ વૈદ્ય બન્યાં ડોસા ડોશી, આવ્યાં આડોશી પાડોશી,
પુછે સૌ હાચું ખોશી ખોશી, ઓ અણુસમજુ૦ ૧
કોઇ નાડ તપાસે છે જાતે, કોઇ કરપગ પેટ જુએ માથે,
અડીને ટાઢા બોળજ હાથે, „ ૨
બેઠાં છે ખાટલાને વીંટી, બહુ વાત કરે દીઠી અદીઠી,
જાણે વાંચે છે જમની ચીઠ્ઠી, „ ૩
ટાઢક વળી કે કંઇવાર હજી, એમ અન્યો અન્ય કરે અરજી,
જાણે ઝટ્ટ મરે એવી મરજી, „ ૪
બહુ વદત જીભ જો હોત કદી, મનમાં માનીલ્યે માત્ર મદી,
પણ શું કરે વાચા બંધ બધી, „ ૫
મૂળ ટક ટક માંહાને ન ગમે, જીવ બહુ ધમતળ ભયમાંહિ ભમે,
ધમણની પેઠે બહુ શ્વાસ ધમે, „ ૬
શિર પડયું ઢોલિયામાંહિ ઢળી, જન જોઇ પાસ બહુ જાય છળી,
જાણે ફરતી જમની જમાત મળી, „ ૭
બે ચાર ઓશિકે ચડી બેઠાં, વળી બે ત્રણ પાંગતમાં પેઠાં,
બાકીનાં બધાં બેઠાં હેઠાં, „ ૮
આગળથી કરી મૂકી તૈયારી, ઘૃત દીપ અને ગંગાવારી,
લીંપી ભોંય કરી ભીની ભારી, „ ૯

આવ્યું ડચકું ત્યાં બેત્રણ ઉઠયા, પકડયાં પગ શિર જેમ સિંહ છૂટયા,
એને કયાંથી જ્ઞાન પ્રભુ રૂઠયા? એ અણુસમજુ૦ ૧૦
પાટલે બેશુધને બેસારી, હડહડ જળ રેડી દીધો ઠારી,
અરરર શુણી છૂટે કંપારી, „ ૧૧
જઇ પછી ઝીંકલ્યો ભોંયપરે, બહુ થંડી ગાર જેવી ઉપરે,
રીત હાય! જંગલી કેવું કરે! „ ૧૨
એની પાંસળિયો પડખાં દુખશે, પીડ શળા પરોવ્યા જેવી થશે.
નહિ જાતો હોય તોય જીવ જશે, „ ૧૩
ત્યાં એક ડોઢ ડાહ્યો પાસે, મોક્ષે મોકલવાની આશે,
બહુ પાડે બરાડા જમ નાસે! „ ૧૪
કહે રામકૃષ્ણ, રાધાકૃષ્ણ, કાન ફોડી નાખે કહી કહી કૃષ્ણ,
સમજણ નથી જો પૂછો પ્રશ્ન, „ ૧૫
એમ પીડે જીવ જાતાં સુધી, કેડો મૂકે પાર પડયાજ પછી,
કોણે કયાંથી સુઝી અવળી બુદ્ધિ, „ ૧૬
પ્રભુ જાણે થાય ગતિ અગતિ, પણ દેખ્યામાં તો ગજબ અતિ,
આ વલ્લભદાસ વદે વિનતિ, „ ૧૭

સુબોધ ચિંતામણિ—**વલ્લભદાસ પોપટભાઇ.**

સ્વસ્થ દશામાં કરેલાં પાપનું ફળ કંઇ અવસાન કાળે મનુષ્યને આવી રીતે હેરાન કરવાથી બદલી જતું નથી. છેવટ સમયમાં શાંતિને બદલે અશાંતિ આપવાના હેતુભૂત થવું એ ડહાપણ નથી. એ ધર્મસ્વરૂપ નથી. ધર્મનું ખરૂં સ્વરૂપ જાણવાને પ્રયાસ કરો અને યોગ્ય હીલચાલથી આત્મકલ્યાણના રસ્તા ને હાથ કરો એમ સમજાવીને ચાલતા પ્રકરણને મદદરૂપે રહેલા મરણોન્મુખ દયા અધિકારને અવકાશ આપવા આ અવસાનકાળ અધિકાર પૂર્ણ કરવામાં આવેછે.

मरणोन्मुखदया-अधिकार

દુઃખી પ્રાણીપર દયા રાખવી એ મનુષ્ય માત્રનો ધર્મ છે તેમ છતાં મરણ વખતે તે પ્રાણીનાં સંબંધીઓજ અજ્ઞાનતાને વશ થઇ તેનાપર નિર્દયતા વાપરેછે એટલે કે તેને તે જ્યાં સૂતેલ હોય ત્યાંથી બેચાર

જણા ઉઠાવી અનેક ક્રિયા કરેછે કે જેથી પ્રાણ જવાની વેદનાની સાથે વિશેષ ઉમેરો કરેછે. આ અયોગ્ય છે એમ દેખાડવાને આ અધિકારને સ્થાન આપવામાં આવ્યું છે.

મનુષ્ય પલંગઉપર મરી જવાથી "જો શુભ કર્મ કર્યાં હશે તો" નરકમાં જશે નહિ.

(રાગ ઉપર પ્રમાણે).

ડાહ્યા દેશી, માનવી મરવા દેને પ્રૌઢ પલંગમાં,
નથી નથી નર્ક-એથી જવાનું આવ મનુષ્યના ઢંગમાં—ટેક૦

જેણે નીતિ પાળી ભગવાન ભજ્યા, પરધન પરદારા પાપ તજ્યાં,
સંસારી સકળ સદ્‌ગુણ સજ્યા. ડાહ્યા દેશી૦ ૧

પ્રભુ પ્રીત્યર્થે કર્ત્તવ્ય કર્યું, બહુ દીનદુઃખ દારિદ્ર હર્યું,
જેનું ચિત્ત નિત્ય પ્રભુમાંહિ ઠર્યું. ,, ૨

પડી ભોંપર પાપી પ્રાણ મૂકે, ગંગાજળ તલ તુલસીજ મુખે,
મર મેલે પણ પ્રભુ નૈંજ ચુકે. ,, ૩

એના દુઃખ દરદથી હાડ ગળે, તે નાખ્યે ભોંય ન કેમ કળે,
ભોગ મળ્યા તમે સંબંધી મળ્યે. ,, ૪

કદી થાતી હોય સ્મૃતિ જેવી ગતિ, તોય મિથ્યા મેહેનત મૂઢમતિ,
થાય કામ પ્રમાણે તેની સ્મૃતિ, ,, ૫

કોઇ ખાય કુંગળી મનભાવે, ઓડકાર એલચીનો નાવે,
તેમ શઠને શુધ સ્મૃતિ ન આવે. ,, ૬

આગળ એ ત્રણ જણ માત્ર રહો, બહુ ગંભીરતા દેખાવ ગ્રહો,
ધીમે ધીમે પ્રભુનું નામ લહો. ,, ૭

આ વલ્લભદાસંતણી વિનતિ, નિરખો તો નિર્મળ થાય મતિ,
નહિ તો દિલમાં દિલગીર અતિ. ,, ૮

સુબોધ ચિંતામણિ—વલ્લભદાસ પોપટભાઇ.

પ્રાણીને મરણ વખતે વિક્ષેપ ન કરવો જોઇએ પણ શાંતિ રહે તેને માટે આપણે બનતી કાળજી રાખવી એમ બતાવી આ મરણોન્મુખદયા અધિકાર પૂર્ણ કરવામાં આવેછે.

शबवहन-अधिकार.

જે અજ્ઞાનભરી રૂઢિથી પ્રાણીને મરતી વખતે હેરાન કરવામાં આવેછે તેજ અણસમજથી મૃતપ્રાણીના શબને કઢંગી ઢબથી ઠેકાણે પાડવામાં આવેછે અને એમ કરવું તેને જાણે તે કોઇ આવશ્ય ધર્મકર્ત્તવ્ય સમજવામાં આવેછે એ મોહોટી ભૂલ છે તે જણાવવાને આ અધિકાર લેવામાં આવે છે.

શબ લઇ જવાની કઢંગી રીત.

(રાગ ઉપર પ્રમાણે).

જડસા જડભૂત! મડદાંને જકડી બાંધો કાં જોરથી?
વળી કડ બાંધી, દોડાદોડ શું માંડી ચારે કોરથી?—ટેક.
નથી લડવાને ધસવું રણમાં, નથી ધાડ પડી ધેનુ ધણમાં,
દેવતા મૂકો દિલ ડા'પણમાં, જડસા જડભૂત૦ ૧
ઝટ દોડતાં જ્યાં ત્યાં પગ દ્યોછો, મેલી મનમાને ત્યમ મરડોછો,
ઢોર પેઠે શબ તરછોડોછો, ,, ૨
કાળજી વણ વસ્ત્ર ઉપર ઢાંકો, પછી બંધવડે પડી રહે આંકો,
બેડોળ બહુ ફોકટ ફાંકો, ,, ૩
શિર અર્ધ ઉઘાડું વસ્ત્ર ઝીણું, વળી ડગડગ થાય દરેક ક્ષણું,
સૌ જુએ એજ અપમાન ઘણું, ,, ૪
ધીમે ધીમે ચાલતાં ભાર પડે, માટે દોટ મેલી સાથે ઉપડે,
પણ અન્ય ઉપાય ન કાંઇ જડે, ,, ૫
કાઢેજ કેટલા વળી વળીયે, મૂકી મડદું ઝટ ઝોળી તળિયે,
ક્યાંઇ ભાગી પડી વળી સાંભળિયે, ,, ૬
ઉપાડે કરી ટાંગાટોળી, સટપટમાં શબ નાખે ચોળી
હા! કેવી કુટિલ હિંદુ ટોળી, ,, ૭
આ ભુંડામાં ભુંડુંજ અતિ, ઠાંઠડીથીજ પણ અધમગતિ,
તોય નવ માને કાંઇ મૂઢમતિ, ,, ૮
એમ મરતાનું અપમાન કરે, વા'લાં પણ વા'લ બધું વિસરે,
સમજુ નિરખી ન શકે નજરે, ,, ૯
નિર્દયતાને મૂર્ખાઇતણા, એવા અણઘટતા ચાલ ઘણા,
કહે વલ્લભદાસ કશી ન મણા! ,, ૧૦

સુબોધ ચિંતામણિ—વલ્લભદાસ પોપટભાઇ.

શબવહનમાં થતી નિર્દયતા તથા છોકરવાદીનું દિગ્દર્શન કરાવી આ અધિકાર પૂર્ણ કરવામાં આવેછે.

शबवाहक-अधिकार.

જે રીતે શબ વહનમાં કઢંગી રીત અખત્યાર કરવામાં આવીછે તેજ પ્રમાણે શબનું વહન કરનારાઓને માટે જે આકરા રીવાજો બાંધવામાં આવ્યા છે, જે રીવાજોને ઘણા લોકો ચુસ્ત થઇને વળગી રહ્યા છે તેનાથી આરોગ્યને હાનિ થાય છે તથા એવીજ બીજી પણ અગવડો આવેછે એ દેખાડવાને આ અધિકાર લેવામાં આવ્યો છે.

શબ ઉપાડતી વખતે સ્નાન નહિ કરવાથી મુક્તિપુરીનાં બારણાં બંધ થતાં નથી.

(રાગ ઉપર પ્રમાણે).

ઠંડા જળથી, શીતરૂતુમાં કાં નવરાવો કાંધિયા ?
ઠાંઠડી લેવા, થર થર ધ્રૂજી વસ્ત્ર ભિનાં શરિરે ધર્યાં—ટેક.
એમને એમ રહેવું આઠ ઘડી, બહુ હાનિ થાય હાંજા ગગડી,
ખરૂં જાણે જેને શીર પડી, ઠંડા જળથી૦ ૧
કોઇ મરે શિયાળાની રાતે, તે પ્રેત કાઢવા પરભાતે,
નવ થાય કાંધિયા ઝટ સાથે, ,, ૨
શરમાવી મોકલે જન મોટા, ત્યારે માંડ માંડ જાયજ છોટા,
પણ ખેદથકી મનમાં ખોટા, ,, ૩
તેમાં રાંકને તો બહુ શેળ પડે, કોઇ ના'ય નહીં અડવાજ મડે,
સૌને મન ટાઢનું ના'વું નડે, ,, ૪
રે ! કેવી અડચણ રીત કરે, પણ મમતી મૂર્ખન હીલ ડરે,
મર મરે તથાપિ તે ન ફરે, ,, ૫
રીત ના'વાની કાઢી નાખો, ને શિરપર ત્રણ ટીપાં રાખો,
કાં નાહિ કોરૂં અંબર આપો, ,, ૬
હમણાં નિર્બળ છે નરનારી, તેથી તજો રીત જોખમકારી,
આરોગ્ય અંગ છે સુખકારી, ,, ૭

નહિ આભડછેટ ગણો એમાં, પછી નાહિ નાખજો છેવટમાં,
ઉતારો ઝટ ઘુંટડો ઘટમાં, „ ૮
હઠ કરશો તો હજી હાનિ થશે, અંતે જોજો એ ચાલ જશે,
માટે વાર્યા રહો સંકટ મટશે, „ ૯
મર બ્રાહ્મણ સૌ બડબડ કરતા, તેની બીક રખે હૃદયે ધરતા,
કહે વલ્લભ મૂકો કાયરતા, „ ૧૦

સુબોધ ચિંતામણિ—વલ્લભદાસ પોપટભાઇ.

આવા વગર જરૂરના રીવાજોની દેખાદેખી કરવી પણ સારી નથી એમ જણાવવાની સાથે શબવહન વખતે કાંધિયા જે ખોટું ખોટું રૂવેછે તે હવે પછી બતાવવા આ શબવાહક અધિકારની સમાપ્તિ કરવામાં આવેછે.

असत्य रुदन-अधिकार.

કારણ સમજ્યા વગર કોઇપણ ક્રિયામાં પ્રવૃત્ત થવું એ સમજુ મનુષ્યનું કર્ત્તવ્ય નથી. આજકાલ માત્ર રૂઢ થયેલા રીવાજોને સાચવવા ખાતર કારણ સમજ્યા વગર અને ફળનો વિચાર કર્યાવગર ઘણા રીવાજોનાં દોરડાં ગળામાં વીંટીજ રાખામાં આવ્યાં છે. જેમકે મૃતમનુષ્ય તરફની લાગણીને લીધે તેના સ્નેહીસંબંધીઓને સ્નેહ તથા સંબંધના પ્રમાણમાં શોક ઉભરી નિકળે અને તેથી તે રૂદન કે વિલાપ કરે એ સંભવિત છે પણ તેની સાથે ઘણા લોકો એવા હોય છે કે સ્નેહની લાગણી નહિ છતાં, અંતઃકરણ કોરૂ છતાં કેવળ હોકારા કરી રોવાના ઢોંગ માત્રજ કરેછે અને તેમ કરી મૃતમનુષ્યનાં ઘરનાંઓને ભલું મનાવેછે અથવા તેમ નહિ તો એક ચાલુ રીવાજ પ્રમાણે પોતે વરત્યા એવો સંતોષ પકડેછે. આવી નિષ્ફળ અને વિચિત્ર પ્રવૃત્તિ અન્યમાં ઉપહાસપાત્ર થાયછે એમ દેખાડવાને આ અધિકારને સ્થાપવામાં આવે છે.

મૂર્ખાઇભરેલું રોવું.

(રાગ ઉપર પ્રમાણે).

માથે ઓઢી, પોક મૂકી ગાંડા જેવું શું ગાંગરો?
આંખે આંસુ-આવે નહિ ને ખોટાં શું બા'નાં કરો?—ટેક.

કોઇ ઓ ઓ ઓ ઉહુહુ ! કરતા, આવે આબરૂ માટે રડતા,
મુખ ગુપ્ત રાખવા જાય ગડતા, માથે ઓઢી૦ ૧
રાવે રહિને પાસે પાસે, ઝટ જાય દોડતા શબ વાંસે,
જાણે ભૂત વળગ્યું એવું ભાસે, ,, ૨
એમ સરઘસ ચાલ્યું જાય અરે, બહુ મધ્ય બજાર બકોર કરે,
મૂર્ખાઇવડે લાજી ન મરે, ,, ૩
રોતાં રહિ જાય જતાં ઝાંપે, પછિ વાત તડાકામાં ટાંપે,
કરૂણાથી મુજ કાળજું કાંપે. ,, ૪
સૌનાજ દેખતાં તો રડવું, તેનું નામ પડયું છે આભડવું,
કહો કેમ ન લાગે એ કડવું ? ,, ૫
હું તો ખેદ ધરી મનમાં ખીજું, કયમ રીત જંગલીથી રીઝું ?
આ ઢોંગ નહિ તો શું બીજું ? ,, ૬
થાય અહ્નિદહ્નિની ત્યાં વાતો, બેસી જુદા જુદા જેવો નાતો,
એથી ગંભિર ભાવ બધો જાતો. ,, ૭
શબ બાળી રહ્યા પછિ સ્નાન કરી, પાછાવળિ ભેગા થાય ફરી,
પુરમાં પેસે કિકિયારી કરી. ,, ૮
બહુ થાય ગામમાં ગોકીરો, કોઇ કહે " હતો હિંદુહીરો,"
ભાઇ રૂવે " ગયો ક્યાં મુજ વીરો ?" ,, ૯
" ઓ ઓ મારા બાપલિયારે !, આ કાળોકેર થયો ક્યારે ?
થઇ ગયો ગજબ ગૂજરતાંરે !" ,, ૧૦
એમ બેશી બારણે ઢોંગ કરે, "છાનો છાનો" એમ બીજો ઉચરે,
પછી કરી ખર્ખરો જાય ઘરે. ,, ૧૧
તાલેવરને ત્યાં નાતતણા, આભડવા આવે જન ઘણા,
ગજવી દે ગામ ન રાખી મણા. ,, ૧૨
નિર્ધનન્યાં થોડા તે ટાણે, મન તેથી મુરખ ઓછું આણે,
હતું કામ શું નીકર મોંકાણે ? ,, ૧૩
મર રૂવે હોય જે અંતરનાં, બહુ આંસુ ચલાવશે આંખતણાં,
પણ પોક મૂક્યાની કરો મના. ,, ૧૪
બહુ હૃદય પારકાનું ન બળે, નહિ અંતર લોહિ કદી ઉકળે,
તેને રૂદનની જરૂર ન તેહપળે, ,, ૧૫
સૌ સગાંસંબંધી સંગાતે, મુખ ચૂપ રહી ચાલો સાથે,
અહિ બહુ ગંભિર ચેહેરો જાતે ,, ૧૬
નથી શાસ્ત્રવિષે શિખ એવી લખી, ગયું વેમ ભૂત સૌને ભરખી,
આ વલ્લભદાસ વદે વિલખી, ,, ૧૭

સુબોધ ચિંતામણિ—વલ્લભદાસ પોપટભાઇ.

ઘણા સમજુ લોકોમાં પણ આવો ચાલ માત્ર દેખાદેખીથી ચાલેછે તે નકામો અને જરૂર છોડવા લાયક છે એમ જણાવી સત્ય કે અસત્ય રૂદનની રૂઢિ તજી અવસાન સમયે ખાસ ધીરજની જરૂર છે તે ઉપયોગી હોવાથી હવે પછી તે અધિકાર લેવા આ અસત્યરૂદન અધિકાર પૂર્ણ કરવામાં આવે છે.

अवसानोचित धैर्य-अधिकार.

વગર જરૂરની ગડબડ અને દુઃખદાયક ચેષ્ટાઓથી મરણવશ થતાં મનુષ્યને જે દુઃખ આપવામાં આવેછે તેને બદલે એ વખતે આજુબાજુનાં માણસોએ કેવી ધીરજથી કામ લેવું જોઇએ તે આ અધિકારમાં બતાવવામાં આવેછે.

મરણની અણી ઉપર આવેલ રોગીને નહિ અકળાવતાં ધીરજ ધરો.

(રાગ ઉપર પ્રમાણે).

મરવા વખતે, કાગા રોળ કરી મરતાને મુંઝવો;
વળી મર્યું પછી, શિર ફૂટી ફાડી તંદુરસ્તી તજો?—ટેક૦
ઓસડવેસડ ઉપાય ખરો, જોશી ડોશીને દૂર કરો,
હિંમત નહિ હારી ધૈર્ય ધરો, મરવા વખતે૦ ૧
એનો જીવ ઘુમે બહુ ઘમતળમાં, નવી નવી પીડા દર પળપળમાં;
ત્યાં તમે બરાડો બહુ બળમાં, ,, ૨
હજી શ્વાસ જરા ત્યાં સ્ત્રી દોડી, ઓશરિમાં જઇ હિંમત છોડી,
ધડ ધડ ફૂટે કેશો તોડી, ,, ૩
તે શબ્દ કદી મરતો કાને, સાંભળે તો મન કેવું માને?
ચીતાર ન આવે મુજ ધ્યાને, ,, ૪
આવે આંસુ તે કદી અવલોકે, તો છાતી બળે કેવી શોકે?
તે હૃદય તાપને કોણ રોકે? ,, ૫
એવી કાચી છાતીના જનને, રે'વું ન ઘટે મરતાની કને,
નહિતો ઉલટું નુકશાન બને. ,, ૬

વળી મુઆ પછી મૂર્ખાઇવડે, સ્ત્રી પૃથ્વીપર પછડાઇ પડે,
સૌ સંબંધી સાથેજ રડે, મરણા વખતે૦ ૭
જો પાછું આવે કુટવાથી, તો લઇ પથરો ફૂટો છાતી,
પણ કદી ન આવે ગયો સાથી, ,, ૮
મુઆ રાંક અને રાજા રાણા, વળી રૂપાળા કુબડા કાણા,
આખર આવ્યાં સૌને આણાં, ,, ૯
એ સૃષ્ટિ નિયમ નવાઇ નથી, કલ્પાંત કરો શિદ વ્યર્થમથી ?
બહુ જ્ઞાની ગયા કોવીદ કથી, ,, ૧૦
ફૂટ્યાથી હૃદયે રોગ થશે, કાં તો પાછળ બીજું મરશે,
વળી રોતાં આંખો રત્ન જશે, ,, ૧૧
એમાં ન સાર નીકળવાનો, મરતાં પણ તે નથી મળવાનો,
આ ચાલ માત્ર ચિત ચળવાનો, ,, ૧૨
પ્રભુ* નિયમ વિરૂદ્ધ તમે વરતો, એનો પરિણામ અતિ નરતો,
છેવટ શોકજ હાંસીલ થતો, ,, ૧૩
ક્ષણભંગુર છે કાચી કાયા, મૃત્યુ પામે જન જે જાયા,
આવ્યાજ કરે તડકા છાંયા, ,, ૧૪
માટે નિત કઠણ કરી છાતી, દુખ સહુન કરો થઇ દઢ જાતિ,
નહિ તો થાશો આતમઘાતી, ,, ૧૫
અહિં સુખ દુખ કર્મ પ્રેરિત છે, લાગે સુખ સારૂં એ રીત છે,
પણ રૂણ દેવા કેમ ભયભીત છે ? ,, ૧૬
જો સદ્ કર્મોથી સુખ લેવું, તો કુકર્મથી સંકટ સહેવું,
પણ આતો તમને શું કહેવું ? ,, ૧૭
ઇશ્વરનો મંગળ ભાવ સદા, કરૂણા તજી કષ્ટ કરે ન કદા,
સારા હેતુથી સૌ સુખદા, ,, ૧૮
મન સાફ કરે શિક્ષા કરીને, જેમ જનની ઓસડ અર્ભકને–
ઝટ પાય પરાણે દરદ દિને, ,, ૧૯
દિલ દઢ કરવાજ બધાં દુખ છે, સંતોષ માટે સાથે સુખ છે,
ભોજન મીઠું લાગે જો ભુખ છે, ,, ૨૦
પરદેશી પ્રવાસી સૌ છીએ, બે દિન સુખમાં હસીરમી લૈએ,
પણ છેવટ સંતોષે જૈએ, ,, ૨૧

---

* કુદરત.

સંસાર કસોટી છે કસવા, જેમ રાખે તેમ સુખે વસવા,
નહિ કેવળ રડવા કે હસવા, ,, ૨૨
તેના નિયમ તુજ માટે ન તુટે, તેમ મંગળ ભાવ નહીં પલટે,
શિદ કાયાને દઇ કષ્ટ કુટે? ,, ૨૩
દુખ ખમવાને બળવાન બનો, એક દિવસ વિજોગ થશે સોનો,
કહે વલ્લભ આ કેડો સુખનો, ,, ૨૪

સુબોધ ચિંતામણિ—**વલ્લભદાસ પોપટભાઇ.**

મરણ સરખા ગંભીર પ્રસંગમાં મોહોટા હોકારાઓ કે વગર જરૂરની ઉતાવળ નહિ કરતાં શાંતિથી તે પ્રસંગે લગતું કાર્ય પાર પાડવું એજ ડહાપણ છે એમ જણાવી ખરે વખતે ધીરજ રાખવી જોઇએ તેને બદલે ધીરજનો ત્યાગ કરેછે તેવી મતલબનો અવસાનોચિતધૈર્યત્યાગ અધિકાર ધ્યાનમાં લેવા આ **અવસાનોચિતધૈર્ય** અધિકાર પૂરો કરવામાં આવેછે.

अवसानोचितधैर्यत्याग-अधिकार.

મનુષ્યના મરણ સરખા ગંભીર પ્રસંગમાં પોતે ધૈર્ય રાખવું જોઇએ અને જેઓ ખરી રીતે અતિશોકાક્રાંત થયાં હોય તેઓને ધૈર્ય આપવું જોઇએ તેને બદલે એક રીવાજ તરીકે સ્ત્રીવર્ગમાં કૂટવા-પીટવાનું—છાજીયાં લેવાનું કામ એટલી ઉંડી જડ ઘાલી બેઠું છે કે બૈરાંઓ તે કામમાં આવેશ અને ઉત્સાહથી ભાગ લેછે, રસ્તે જતા લોકોનું ધ્યાન એક કૌતુક તરીકે પોતાની તરફ ખેંચે છે અને નજીકનાં જે માણસો શોકાક્રાંત હોયછે તેઓને વધારે શોકાક્રાંત કરેછે એ અયોગ્ય છે એમ બતાવવાને આ અધિકારને અહીં સ્થાન આપવામાં આવ્યું છે.

શરમભરેલી કૂટવાની રીત.

(રાગ ઉપર પ્રમાણે),

ટોળે મળીને, માનિનિયોએ લેવા માંડયાં છાજિયાં,
પરદેશી મંન, તે રૂપાળા રાગ ગગનમાં ગાજિયા—ટેક.

આવી એક વિધવા ઓલારે, ઝીણા સ્વરથી બોલેબારે,
હાય હાય ! બધી બોલે હારે, ટોળે મળિને૦ ૧
ફળિયામાં સર્વ ફરે કુદડી, લજ્જા મૂકીને મેલી હડી,
ત્યાં ખાઇ પછાડી એક પડી, ,, ૨
છેડા વાળીને કડ બાંધી, બહુ કૂટે ધડુસ ધડુસ છાતી,
સોજી ગઈ થઇ રૂધિરે રાતી, ,, ૩
સૌના એક હારે હાથ પડે, પાછા અદ્ધર ઊંચા ઉપડે,
વારા ફરતી વચમાંજ ગડે, ,, ૪
લે ચોતાળા બહુ પડકારી, વળિ વિવિધ વચન મુખ ઉચ્ચારી,
સઘળું સંભારી સંભારી, ,, ૫
" ઓય ઓય બાપજી ઓય અરે, તમ જાતાં પડી ગઈ ખોટ અરે,
નહિ લ્હાવ લીધો પરણી દિકરે, ,, ૬
અમને આ ઘર ખાવા ધાશે, કેમ એકલડાં મહિં રહેવાશે,
હાય હાય હવે કેમજ થાશે, ,, ૭
ગ્યા રણવગડે રોતી મેલી, દુઃખના દરિયામાં હડશેલી,
પામી ન ભેટ લેવા છેલ્લી," ,, ૮
જો કદી કન્યાનો કાળ ખુટે, "હાય હાય બેનડી" બોલી કુટે,
છાતીથી લોહીની શેડ છૂટે, ,, ૯
એમ અધિક વિલાપ કલાપ કરે, પછડાય નીચે ઉપરાઉપરે,
વળી ડુસકાં વચમાં રોઇ ભરે, ,, ૧૦
બીજિયો કુટતાં રહી જાય કદી, બેસી જાવાનું વેણ વદી,
ત્યાં સગિ જુવતી બોલે જલદી, ,, ૧૧
" બાઇ નાનું મરણ છે એસોમાં. કૂટો હજુ નીમક છે મોંમાં,
એમ નહિ મરિ જઇએ નાસોમાં, ,, ૧૨
એમ કહી કહીને બહુ કૂટાવે, આખર મોટેરી અટકાવે,
ઉપાડી ઓશરીમાં લાવે, ,, ૧૩
કરે મૂઆને મરણે મોંઘો, નીકર થઇ જાત કદી સોંઘો,
આ કેવી ગાંડાઇ જોજો, ,, ૧૪
જોઈ પરદેશી જન છેટેથી, બહુ ગમે કાનને સ્વર જેથી—
બાંધે ઉલટો ખ્યાલજ એથી, ,, ૧૫
શાણા જન મનમાં સમજીને, ઝટ બંધ કરો રીત જંગલીને,
વલ્લભની વિનતિ વાંચીને, ,, ૧૬

સુબોધ ચિંતામણિ—વલ્લભદાસ પોપટભાઈ.

કૂટપીટ કરવી એ નકામી અને અયોગ્ય છે તેમ મરનારનું તેથી કંઇ હિત નથી એમ જણાવી મૃતભોજન કરવાને આવેલ જનસમૂહને સમજાવવા અને હવે પછી તે અધિકાર લેવા આ અવસાનોચિતધૈર્યત્યાગ અધિકાર પૂર્ણ કરવામાં આવેછે.

मृतभोजन-अधिकार.

એક કુટુંબમાંથી જ્યારે મનુષ્યની હાનિ થાયછે ત્યારે તે હાનિની ઉપર બીજી હાનિ તેની પાછળ જમણવારોમાં ખર્ચ કરીને વહોરવામાં આવેછે. આનંદ ઉત્સવના પ્રસંગોમાં જમણવારો શોભેછે પણ આવા શોક અને દુઃખના પ્રસંગોમાં જમણવારો કરી મિષ્ટાન્નો ઉડાડવાં એ તો મનુષ્યત્વને વિસારે પાડવા જેવો બનાવ છે એમ જણાવવા આ અધિકારનો આરંભ કર્યો છે.

મનમાં કંપારી છૂટે તેવું કરાતું ભોજન.

(રાગ ઉપર પ્રમાણે).

રે રાજેશ્રી ! ઊંચું ડાચું કરી જોજો જન જ્યાં મરે,
રોતાં જાતાં, ગોળપાપડી ગટ્ટ ગળામાં ઊતરે—ટેક૦
જમી વાટે જાતાં વહુવારૂ, કંઇ વાત કરે "સાંભળ વારૂ,
બાઇ જમણ હતું નહિ કંઈ સારૂં." રે રાજેશ્રી૦ ૧
બીજિએ તેશું તકરાર કરી, ત્યાં પાછી તે આગળ ઉચરી,
"વારૂ કઢિ તો ખૂબ ખરાબ ખરી." ,, ૨
એમ નિંદા નારી અનેક કરે, શુણિ મનમાં બળિ કરનાર મરે,
ધોખો અંતરમાં ખૂબ ધરે. ,, ૩
એક કોર કામની કૂટેછે, મિષ્ટાન્ન બિજીગમ લૂંટેછે,
કાગડા કુતરા જેમ ઝુંટે છે. ,, ૪
રો કકળ ચાલી રહિ એક બાજુ, બીજીગમ પકવાન્ન બને તાજું,
દાનત દેખી દીલમાં દાઝું. ,, ૫
એક કોર ઓય ઓય સાંભળિયે, બીજિગમ લાડૂ લાડૂ શુણિયે,
કહો આ ગાંડાઇ કેવી કહિયે? ,, ૬

કોઇ જમતાં દેખિ વિચાર કરે, વિવાહ હશે એવું ઉચરે,
તો તે ખોટો નથી ખ્યાલ ખરે. રે રાજેશ્રી૦ ૭
વળી જંગલી રીત છે જમવાથી, નથી ધીરજ ખરેખર ખમવાની,
નથી પ્રવિણ રૂઢી પીરસવાની. ,, ૮
વારંવાર ભાણેથી ઉઠે, પિરસણિયાની તાસક ઝુંટે,
અધિરજ મનમાં મિષ્ટાન્ન ખુટે. ,, ૯
કદિ કોઇ ઉઠે નહિ શરમાળુ, તો ખાલિ પડયું રહે પત્રાળું,
હું તો બેઉની ભૂલો ભાળું. ,, ૧૦
સેંતકનું લેવા ચિત્ત ચહે, પછિ કોઇ પડેલું પાછું લહે,
પણ ઘણું ખરૂં ત્યાંનું ત્યાંજ રહે, ,, ૧૧
પછી પગથી ખૂબ ખુંદાય ખરે, વળી બેસે જન ઉપરાઉપરે,
ચિત સૂગ ચડે નિરખી નજરે, ,, ૧૨
ત્યાં ગંદવાડનો પાર નહિ, બહુ પાણી કઢી ઢોળાય કહીં,
વેરાણો ભાળું ભાત મહીં, ,, ૧૩
ત્યાં બહુ કલબલ જમનાર કરે, જાણે રાંકાટો અરજી ઉચરે,
ગાજી ઉઠે આખું મકાન ખરે, ,, ૧૪
જાણે ત્યાં કળકળતા કામ પડે, લેવા ઝટપટ્ટ લડાઇ લડે,
ધણીનું માથું તો નો'ય ધડે, ,, ૧૫
હજુ મરવાને ત્રણ દિવસ થયા, ત્યાં તો એ ખટપટમાં પડિયા,
હાય ગજબ! શોકના ચાલ ગયા, ,, ૧૬
કદી હરખ જમણ ઊંધી જાયે, વિવાહ અધરણી નવ થાયે.
પણ આમાં નહિ ચાલે કાંઇએ, ,, ૧૭
મર ઘરમાં ખાવાના સાંસા, પણ લાડુ કર્યા જોઇએ ખાસા,
ઘર મેલી ઘરેણું તજી આશા, ,, ૧૮
એક તો ઘર કેરૂં મનુષ્ય ગયું, વળી એ ઉપર આ બાકી રહ્યું,
ખાતરઉપર દીવેલ વહ્યું, ,, ૧૯
"એનું મર્ણ અતિશે વખણાણું, ખરી નિષ્ઠાથી ખરચ્યું નાણું,"
પણ વદે નહિ ઘર વેચાણું, ,, ૨૦
એ ગયો અતિ મરણે ખાટી, એમ કહી કહી ઉખેળે આંટી,
શુણે રે'મથી કંપે રૂંવાટી, ,, ૨૧
કદી નાનું મરણ થતાં ત્રાસે, પણ બંધ કરે નહિ નરમાશે,
ચિત ગોઠી રહ્યું ચિર અભ્યાસે, ,, ૨૨

પીડાય ન ધનવાળા ધીંગા, કહેતાં માંડે દેવા ડીંગા,
એ હઠીલા જન રોતલ રીંગા, રે રાજેશ્રી૦ ૨૩
એથી લેશ લાભ નથી મરતાને, નહિ પુણ્ય પ્રભુ એમાં માને,
દેખાડ લખેલું કયે પાને, ,, ૨૪
નથી શાસ્ત્રવિષે કંઇ એવું કહ્યું, આ તુજને કયાંથી વેન થયું,
જો જો જાગી કયાં ભાન ગયું ? ,, ૨૫
સુખમાં જમશો મળી સંબંધી, પણ આ રીતિ કેવળ અંધી,
વલ્લભ વિનવે તમને વંદી. ,, ૨૬

સુબોધ ચિંતામણિ—વલ્લભદાસ પોપટભાઇ.

"પચ્યાપર પાટુ" એ કહેવતને સાચી પાડનાર આવી અયોગ્ય જમણવારો બંધજ કરવી જોઇએ અને એના જેવા બીજા પણ અયોગ્ય ચાલો પણ બંધ કરવા જોઇએ એમ સમજાવી આ અધિકાર પૂર્ણ કરવામાં આવેછે.

मरनारनी पाछळ रुदन–अधिकार.

ઉપરના અધિકારમાં મૃતભોજન સંબંધી અયોગ્ય ચાલો બંધ પાડવાની ભલામણ આપી છે. આવી રીતના અયોગ્ય ચાલો ઘણાજ છે તેમાં પણ ઘણે ઠેકાણે મરનારની પાછળ મહિનાઓના મહિનાઓસુધી બૈરાંઓ નિયમિત રીતે સવારસાંજ ભેળાં મળીને રાગ તાણીને મો વાળેછે. આ કાર્ય એટલું તો ભયંકર છે કે મરનારનાં ઘરના પુરૂષો તથા બાળકો એ વખતે તદ્દન ઉદાસ થઇ જાયછે તથા મરનારનું સ્મરણ આવવાથી તેઓને પણ રોવાનો ઉભરો આવી જાયછે. પાડોશીઓ પણ પ્રભાતમાં એ વખતે વિચિત્ર રીતે શોકાતુર બનેછે. જે વખતે વૃત્તિ શાંત રાખીને ઇશ્વરધ્યાન કરવું જોઇએ તથા મરનારને માટે શાંતિની પ્રાર્થના કરવી જોઇએ તે વખતે સ્ત્રીવર્ગ આવો શોકકારક કોલાહલ મચાવી મૂકેછે એ ઠીક નથી એમ સમવવાને મરણ પ્રસંગમાં થતી અયોગ્ય ક્રિયાઓનું ભાન કરાવવાનો છેવટનો અધિકાર લેવામાં આવેછે.

સત્ય લાગણી વિનાના રૂદન તરફ તિરસ્કાર.

(રાગ ઉપર પ્રમાણે).

મોઢું વાળી, ભુંડા મોંવાળી બેઠી શું દાડી?
દુખ દેખાડે, સાંજ સવારે મોટેથી સ્વર કાઢી—ટેક.
જન મર્યું પછી એક વર્ષસુધી, બૈયર ભેગી મળી રોજ બધી,
રોવાની રીત વિશેષ વધી, મોઢું વાળી૦ ૧
સૌ નાર નાતની આવેછે, પંડે રોઇને રોવરાવેછે,
છેવટ છેડો છોડાવેછે, „ ૨
બીજીયો તો ખોટી ખોટી રડે, દાઝયા વણ શેનાં આંસુ પડે?
પણ ઘર નારીને ખૂબ નડે, „ ૩
એનું માંડ માંડ મનડું વિસર્યું, ત્યાં વળી આવીને યાદ કર્યું,
એમ અંગ હીર હમેશ હર્યું, „ ૪
મરતા પાછળ નથી મરવાનું, કલ્પાંત ન દાડી કરવાનું,
આરોગ્યપણું આળસવાનું, „ ૫
નિત રોઇ રોઇને આંખ ખુવે, તોય મરતાને નજરે ન જુએ,
શામાટે શામા રોજ રૂવે? „ ૬
એથી આંધળી ઘણી સ્ત્રી થઇ છે, પડી પડીને રોગે રહી ગઇ છે,
તોય જંગલી રીત હજી રહી છે! „ ૭
એનાં મૂળ અતિશે ઊંડાં છે, ભોળાં જન ભડકણ ભુંડાં છે,
કહેવું શું હળાહળ કુંડાં છે, „ ૮
એ વખતે દીલાસો આપો, પણ સાથે રડી કાં સંતાપો?
ઉલટાં કાં કાળજડું કાપો? „ ૯
મર શોક તમે પાળો તેનો, પણ તેની હદ બાંધો એનો,
ઉપાય નથી આખર એનો, „ ૧૦

સુબોધ ચિંતામણિ—**વલ્લભદાસ પોપટભાઇ.**

મનુષ્યે પોતાના પ્રત્યેક વ્યવહારમાં યોગ્ય કારણો તથા યોગ્ય પરિણામોનો વિચાર કરવો જોઇએ. આનંદના કે શોકના પ્રસંગોને એવા રૂપમાં લાવી મૂકવા ન જોઇએ કે જેમાં કોઇ પણ પ્રકારનો યોગ્ય હેતુ **જોવામાંજ** ન આવે તથા જેને લઇને પોતાના કર્ત્તવ્યનું ભાન ભૂલાઇ જાય. આમ દેખાડીને આ અધિકારની સમાપ્તિ કરવામાં આવેછે.

ગ્રંથ સંગ્રહિતા.

गीति.

विनयविजयमुनिनायं, विविधार्थोऽष्टमः परिच्छेदः ।
सङ्ग्रथितः सुगमार्थं, व्याख्यातॄणां मुदे सदा भूयात् ॥

વિનયવિજય મુનિએ આ (વ્યાખ્યાન સાહિત્ય સંગ્રહ નામના) ગ્રંથનો વિવિધ વિષયવાળો આઠમો પરિચ્છેદ વ્યાખ્યાન કરનારાઓ (અને શ્રોતાઓ) ની સુગમતા માટે સંગ્રથિત કર્યો છે તે સદા વ્યાખ્યાન કરનાર સાધુ તથા સાધ્વીઓ (અને શ્રોતાવર્ગ) ના આનંદને માટે થાઓ.

अष्टम परिच्छेद परिपूर्ण.

नवम परिच्छेद.

અષ્ટમ પરિચ્છેદમાં મિથ્યાત્વ વિગેરે અધિકારોનો સમાવેશ કરી એમ દેખાડવામાં આવ્યું છે કે મનુષ્ય અજ્ઞાનથી અને વહેમથી અવળે રસ્તે ચડી જઇને પોતાના કર્ત્તવ્યકર્મથી ભ્રષ્ટ થાયછે એટલે પછી મોક્ષસુખ લેવાથી બેનસીબ રહેછે, ઘણાં મનુષ્યો યોગ્ય માર્ગતરફ દૃષ્ટિ કરી શકનારા હોય છતાં સ્વાર્થપરાયણ પાખંડીઓ તેવાં મનુષ્યોનાં મનની નબળાઇનો લાભ લઇ તેઓની આંખે પાટા બંધાવી પોતે ખોદી રાખેલી ખાડમાં તેઓને ઉતારી જાયછે અને તેમને સમજાવેછે કે જ્યાં તમને ઉતારવામાં આવ્યા છે એજ મોક્ષપુરીમાં પેસવાનું દ્વાર છે. મનના નબળા અને તેથી બીજાઓએ વધારે હૈયાફૂટ બનાવી દીધેલા તે મનુષ્યો તેમાં હેરાન થવા છતાં અને પોતાના મનને સંશય રહ્યા કરતાં છતાં તેમનું કહેવું ખરૂં હશે એમ માનવા લાગેછે. કારણકે તેઓની આંખોપર મજબૂત પાટાઓ તો પ્રથમથીજ બંધાઇ ગયા હોયછે. આવા મનુષ્યોની આંખોપરના પાટા છોડાવવાનો તથા અજ્ઞાન અને વહેમને ટાળવાનો એ પરિચ્છેદની અંદર બનતો યત્ન કરવામાં આવ્યો છે.

મનુષ્ય જ્યાંસુધી સંસારનું સ્વરૂપ ન સમજ્યો હોય ત્યાંસુધી તેને સંસારમાંથી છૂટવાની અગત્ય ધ્યાનઉપર આવતી નથી. જે મનુષ્ય પોતાને બંધનમાં પડેલો માનતો હોય તેજ મોક્ષને ચાહેછે પણ જે મનુષ્ય મોહને લીધે સંસારને બંધનરૂપ ન માનતો હોય તેના મનમાં મોક્ષની સ્ફુરણા પણ ક્યાંથી થાય? અને આત્મકલ્યાણના શોધતરફ તેની વૃત્તિ પણ કયાંથી વળે? માટે જો સંસારનું સ્વરૂપ સમજવામાં આવે, ક્યા ક્યા વિષયપર આપણને પ્રીતિ થાયછે તથા ક્યા વિષયપર અપ્રીતિ થાયછે? વળી તે પ્રીતિ તથા અપ્રીતિ પરિણામપર્યંત ટકેછે કે આગળ જતાં તેનાં સ્વરૂપ બદલી જાયછે? લીધેલા વેષ અને ગળે બાંધેલા વ્યવહારો, આવતી અને ભોગવાતી સારીમાઠી દશાઓ, બીજાઓના સુખીપણા તથા દુઃખીપણાના દેખાવો એ સૌની સાથે આપણો કેવા પ્રકારનો સંબંધ છે? તથા જે જેવું દેખાયછે તે સઘળું તેવું છે કે દેખાવ બીજો છે અને અંદરખાને આગળ ચાલતાં બીજું નિકળેછે? વિગેરે ભિન્ન ભિન્ન વિષયોના વિચારોની ઘડીનાં પડ જેમ જેમ ઉખેળવામાં આવે

તેમ તેમ સંસારનું સ્વરૂપ સમજાતું જાયછે, મોહ ટળતો જાયછે અને ગ્રહણ કરવા યોગ્ય ખરી દિશાનું ભાન થતું આવેછે. વાંચનારની બુદ્ધિમાં આ સઘળું થવા જેવું સામર્થ્ય આવે એમ કરવાનેજ આ નવમ પરિચ્છેદનો આરંભ છે અને તેથી આ પરિચ્છેદમાં એને લગતા ભિન્ન ભિન્ન અધિકારો લેવામાં આવશે.

धनप्रशंसा—अधिकार.

"ધનપ્રશંસા" અધિકારનો આરંભ કરતાં તે બાબત તે અધિકારના પ્રવેશમાં વાચક મહાશયોને સુગમતા પડે તેથી તેના સંબંધે બે બોલ કહેવાની જરૂર પડેછે. ધન શબ્દ જેવો જગતના મનુષ્યને પ્રિય છે તેવું અન્ય પ્રિય હોઇ શકતું નથી. ઘણાએ યુદ્ધમાં પોતાના દેહરૂપી ઉત્તમ પદાર્થોને પણ પૈસામાટે કપાવી નાખેછે અને વણિક લોકો યૂરોપ, આફ્રીકા અને છેવટ અમેરિકાસુધી દૂરના પ્રદેશોમાં પોતાના જીવની તથા ધર્મની દરકાર ન કરી ગમન કરેછે તે ધનમાટેજ અને દુનિયાના અનેક પ્રકારના ભોગ ભોગવવા જેવા કે—અનેક પ્રકારના ભોજનો જમવાં, નૂતન નૂતન વસ્ત્રો ધારણ કરવાં, નૂતન ભૂષણો ધારણ કરવાં, આમાં સર્વ રીતે ધનનીજ જરૂર પડેછે. એટલે વિદ્વાન્ કે મૂર્ખ, રાજા કે રંક, શેઠ કે નોકર જે કોઇ મનુષ્ય હોય તેને ધન પ્રિયજ હોયછે. એટલે મહાત્મા વીતરાગી પુરૂષો સિવાય બીજા કયા મનુષ્યની ધનઉપર આસક્તિ નથી? અર્થાત્ સર્વની છે. આ બાબતનું યત્કિંચિદ્દિગ્દર્શન કરાવવા સારૂ આ અધિકારનો આરંભ કરવામાં આવેછે.

ધનજ પ્રભુ છે.

अनुष्टुप् (१ थी ६).

आदरं लभते लोको, न क्वापि धनवर्जितः ।
कान्तिहीनो यथा चन्द्रो, वासरे न लभेत्प्रथाम् ॥ १ ॥

सिन्दूरप्रकर.

જેમ તેજહીન ચંદ્ર દિવસે પ્રસિદ્ધિ મેળવતો નથી તેમ ધનરહિત મનુષ્ય કોઇ સ્થાને માન મેળવી શકતો નથી. ૧.

ધનાઢ્ય લોકોની રમત.

एहि गच्छ पतोत्तिष्ठ, वद मौनं समाचर ।
एवमाशाग्रहग्रस्तैः, क्रीडन्ति धनिनोऽर्थिभिः ॥ २ ॥

આવ, ભાગીજા, પડ, ઉભો થા, બોલ, મુંગો રહે, એવી રીતિથી ધનાઢ્ય લોકો આશારૂપી ગ્રહથી પકડાયેલ અર્થિલોકો (ધનની ગરજવાળા) રૂપી રમકડાંથી રમત કરી રહ્યા છે. ૨.

જેની પાસે નહિ વસુ, તે પશુ,

यस्यार्थास्तस्य मित्राणि, यस्यार्थास्तस्य बान्धवाः ।
यस्यार्थाः स पुमाँल्लोके, यस्यार्थाः स च पण्डितः ॥ ३ ॥

सुभाषितरत्नभाण्डागार.

જેની પાસે ધન છે, તેને મિત્રો છે. જેની પાસે ધન છે, તેને બંધુઓ છે. જેની પાસે ધન છે તે જગત્‌માં પુરૂષ ગણાયછે અને જેની પાસે ધન છે તે પંડિત કહેવાયછે. ૩.

ધનવાનનો ઉત્કર્ષ.

विद्यावृद्धास्तपोवृद्धा, ये च वृद्धा बहुश्रुताः ।
सर्वे ते धनवृद्धस्य, द्वारि तिष्ठन्ति किङ्कराः ॥ ४ ॥

सूक्तिमुक्तावली.

જે વિદ્યાથી વૃદ્ધ છે અર્થાત્ ઉમ્મર ન્હાની છે પણ વિદ્યાધ્યયન વધારે કરવાથી વિદ્યાવૃદ્ધ કહેવાયછે તેમજ તપોવૃદ્ધ તથા જેઓએ જ્ઞાનસંબંધી ઘણુંજ શ્રવણ કરેલ છે એવા સર્વ મનુષ્યો ધનવૃદ્ધ (ધનાઢ્ય) પુરૂષના બારણામાં દાસરૂપ થઇને ઉભા રહેછે. ૪.

ધનથી ઉંચતા અને નિર્ધનપણાથી નીચતા, ત્યાં રેંટની ઘડનું દૃષ્ટાંત.

वित्तादुत्तानतामेति, नैः स्वान्नीचमुखो भवेत् ।
अरघट्टघट इत्यर्थे, स्पष्टमेव निदर्शनम् ॥ ५ ॥

पार्श्वनाथचरित्र–खण्ड सप्तम.

મનુષ્ય પાસે ધન હોય તો તેથી ઉંચતાને પામેછે અને નિર્ધન થઇ જાય તો નીચા મુખવાળો થાયછે. આ અર્થમાં રેંટની ઘડ એ સ્પષ્ટ દૃષ્ટાંત

છે, એટલે રેંટની ઘડમાં પાણી ભર્યું હોય ત્યારે ઉંચું મુખ રાખી ઉપર આવેછે અને ખાલી થઇ જાય ત્યારે નીચું મુખ રાખી નીચે ઉતરે છે આ સ્પષ્ટ ઉદાહરણ છે. ૫.

નિર્ધનની સર્વ પ્રકારે અધમતા.

किं चान्यैः सुकुलाचारैस्सेव्यतामेति पुरुषः ।
धनहीनः स्वपत्नीभिस्त्यज्यते किं पुनः परैः ॥ ६ ॥

सुभाषितरत्नभाण्डागार.

ધનહીન પુરૂષ શું બીજા શુભ કુલાચારોથી સેવ્ય (પૂજ્ય) પણાને પામેછે? અર્થાત્ નથી પામતો. એટલુંજ નહિ. પરંતુ પોતાની સ્ત્રીઓથી પણ તજાયછે. ત્યારે બીજાથી તજાય તેમાં શું કહેવું? અર્થાત્ નિર્ધનનો કોઇ સત્કાર કરતું નથી. ૬.

ધનનો ગુણ.

आर्या.

हेतुप्रमाणयुक्तं, वाक्यं न श्रूयते दरिद्रस्य ।
अप्यतिपरुषमसत्यं, पूज्यं वाक्यं समृद्धस्य ॥ ७ ॥

सुभाषितरत्नभाण्डागार.

ગરીબ માણસનું વચન, હેતુ તથા પ્રમાણોથી યુક્ત હોય તોપણ તે કોઇ સાંભળતું નથી અને ધનાઢ્ય પુરૂષનું વાક્ય અત્યંત કઠોર તથા અસત્ય હોય તોપણ વખણાયછે. ૭.

જે ધની તે ગુણી.

उपजाति (૮ થી ૧૦).

यस्यास्ति वित्तं स नरः कुलीनः, स पण्डितः स श्रुतवान्गुणज्ञः ।
स एव वक्ता स च दर्शनीयः, सर्वे गुणाः काञ्चनमाश्रयन्ते ॥ ८ ॥

भर्तृहरिनीतिशतक.

જેની પાસે ધન છે તે મનુષ્ય કુલીન કહેવાયછે. જેની પાસે ધન છે તે પંડિત કહેવાયછે, જેની પાસે ધન છે તે શાસ્ત્રજ્ઞાતા કહેવાયછે. જેની પાસે ધન છે તે ગુણજ્ઞ કહેવાયછે. જેની પાસે ધન છે, તે વક્તા કહેવાયછે. જેની પાસે ધન

છે તે (પ્રાતઃકાળમાં) દર્શન કરવા યોગ્ય છે. (માટે આ ઉપરથી એ સિદ્ધ થાયછે કે) સર્વે ગુણો કાંચન (ધન) ને આધીન રહેલા છે. ૮.

તથા—

यथा विहङ्गास्तरुमाश्रयन्ति, नद्यो यथा सागरमाश्रयन्ति ।
यथा तरुण्यः पतिमाश्रयन्ति, सर्वे गुणाः काञ्चनमाश्रयन्ति ॥ ९ ॥

જેમ પક્ષિઓ વૃક્ષોનો આશ્રય કરેછે, નદીઓ સમુદ્રનો આશ્રય કરેછે, જુવાન સ્ત્રીઓ પતિનો આશ્રય કરેછે, તેમ સર્વે ગુણો કાંચન—ધનનો આશ્રય કરી રહ્યા છે. અર્થાત્ જે ધની તે ગુણી. ૯.

તે પ્રમાણે—

वाणी दरिद्रस्य शुभा हितापि, ह्यर्थेन शब्देन च सम्प्रयुक्ता ।
न शोभते वित्तवतः समीपे, भेरीनिनादोपहतेव वीणा ॥ १० ॥

सुभाषितरत्नभाण्डागार.

કલ્યાણ કરનારી, હિતકારક, અર્થ અને શબ્દથી સારી રીતે બંધ બેસતી દરિદ્રની વાણી, જેમ ભેરી–મોટા ઢોલના શબ્દ આગળ વીણા (તંબુરા જેવું વાજિંત્ર) નો શબ્દ શોભતો નથી તેમ ધનવાનની સમીપમાં શોભતી નથી. ૧૦.

ધનની ઉપયોગિતા.

वंशस्थ.

बुभुक्षितैर्व्याकरणं न भुज्यते, पिपासितैः काव्यरसो न पीयते ।
न छन्दसा केनचिदुध्धृतं कुलं, हिरण्यमेवार्जय निष्फला गुणाः ॥ ११ ॥

महीपालचरित्र.

ક્ષુધિત મનુષ્યોથી કાંઇ વ્યાકરણ ખવાતું નથી, તૃષ્ણાતુર મનુષ્યોથી કાવ્યનો રસ પીવાતો નથી અને છન્દશાસ્ત્રથી કોઇએ પોતાના કુળનો ઉદ્ધાર કર્યો નથી. માટે હે મિત્ર! સુવર્ણનેજ એકત્ર કર, બાકી અન્ય ગુણો નિષ્ફળ છે. ૧૧.

ક્ષણમાં બીજો કોણ બની જાય.

वसन्ततिलका.

तानीन्द्रियाण्यविकलानि मनस्तदेव,
सा बुद्धिरप्रतिहता वचनं तदेव ।

अर्थोष्मणा विरहितः पुरुषः स एव,
हान्यः क्षणेन भवतीति विचित्रमेतत् ॥ १२ ॥

सुभाषितरत्नभाण्डागार.

અવિકલ (બરાબર—ફેરફાર વિના) તેજ ઇંદ્રિયો, તેનું તેજ મન, ન અટકેલી બુદ્ધિ પણ તેજ અને વચન પણ તેનું તેજ છે પરંતુ પૈસાની ગરમીથી રહિત થાય છે તો તેજ પુરૂષ નિશ્ચય કરીને એક ક્ષણમાં બીજોજ બની જાય છે આ મહા વિચિત્રતા છે. (પૈસાવાળો હોય ત્યારે તેજ બુદ્ધિ વગેરેથી ડાહ્યો ગણાતો હોય પણ તે (પૈસા) નો નાશ થવાથી તે માણસ મૂર્ખમાં ગણાય છે તેજ વિચિત્રતા છે કે ક્ષણમાં એકના બે રંગ દેખાય છે). ૧૨.

ધનમાંજ સર્વ ગુણો.

शार्दूलविक्रीडित (१३ थी १५).

जातिर्यातु रसातलं गुणगणस्तस्याप्यधो मज्जतां,
शीलं शैलतटात्पतत्वभिजनः सन्दह्यतां वह्निना ।
शौर्ये वैरिणि वज्रमाशु निपतत्वर्थोऽस्तु नः केवलं,
येनैकेन विना गुणास्तृणलवप्रायाः समस्ता इमे ॥ १३ ॥

भर्तृहरिनीतिशतक.

જાતિ રસાતાળમાં જાઓ, ગુણનો સમૂહ તેની નીચે ડૂબી જાઓ, શીળ પર્વત ઉપરથી પડી જાઓ, શત્રુરૂપે રહેલ એવી શૂરવીરતા ઉપર ઇંદ્રનું વજ્ર પડે. પરંતુ અમને તો કેવળ પૈસોજ પ્રાપ્ત થાઓ. કારણકે એક પૈસા વિના સઘળા ગુણો તૃણની સળી જેવા (હલકા) છે. ૧૩.

ધનાઢ્યના અવગુણો કોઇ ગાતું નથી.

तिर्यक्त्वं भजतु प्रतारयतु वा धर्मक्रियाकोविदं,
हन्तु स्वां जननीं पिबत्वपि सुरां शुद्धां वधूमुज्झतु ।
वेदान्निन्दतु वा हिनस्तु जनतां किं वानया चिन्तया,
लक्ष्मीर्यस्य गृहे स एव भजति प्रायो जगद्वन्द्यताम् ॥ १४ ॥

सुभाषितरत्नभाण्डागार.

(આચરણમાં) પશુ-પક્ષી પણું રાખે, ધર્મક્રિયામાં કુશળ મનુષ્યને છેતરે, પોતાની માતાનો વધ કરે, મદિરા પીએ, પોતાની સતી સ્ત્રીનો ત્યાગ કરે,

વેદો (આગમો) ની નિંદા કરે, મનુષ્ય સમૂહનો નાશ કરે, તોપણ જેના ઘરમાં લક્ષ્મી છે તે ઘણું કરીને જગતમાં વંદવાયોગ્ય છે. ઉપરનાં કાર્યોની ચિંતા કરવાની નથી. ૧૪,

ધનાઢચના અવગુણો ગુણરૂપે મનાયછે.

आलस्यं स्थिरतामुपैति भजते चापल्यमुद्योगितां,
　　मूकत्वं मितभाषितां वितनुते मौढ्यं भवेदार्जवम् ।
पात्रापात्रविचारणाविरहिता यच्छत्युदारात्मतां,
　　मातर्लक्ष्मि तव प्रसादवशतो दोषा अमी स्युर्गुणाः ॥ १५ ॥

આળસ સ્થિરતામાં ગણાય છે, તેમજ ચપળતા ઉદ્યોગમાં, મુંગાપણું મિતભાષણમાં (થોડું બોલવામાં,) મૂઢતા સરલતામાં અને પાપી–અપાપીનો વિચાર કર્યા વિના જે આપવું તે ઉદારતાના ગુણમાં ગણાય છે, માટે હે માતા લક્ષ્મીજી! તમારી કૃપાના કારણથી આ સઘળા દોષો ગુણરૂપે દેખાયછે. ૧૫.

માનપાનમાં છે રોકડા રૂપીઆ.

મનહર.

નાણા વિના નાતજાતમાંહી નામ રહે નહિ,
　　નાણા વિના ભલાં ભાગ્ય ભોંયમાં દટાણાં છે,
નાણા વિના વાહ વાહ આવીને કરેછે કોણ,
　　નાણા વિના ખાવા ટાણે ખડખડ ભાણાં છે;
નાણા વિના સારા ગુણ સઘળા સમાઇ જાય,
　　નાણા વિના આંખ કાન નાક બધાં કાણાં છે,
કેશવ કહેછે નાણા વિના નર વાનર છે,
　　નાણાં નહિ હોય તેનાં કયાંહી કયાં ઠેકાણાં છે. ૧૬

શાહી જેવો કાળો હોય માખીઓનો માળો હોય,
　　ગલોફામાં ગાતો હોય, નીતિનું તો નામ છે,
હૃદય કઠોર હોય ચાડીઓ કે ચોર હોય,
　　ગુણિકાનો ગોર હોય, વ્હાલો પંથ વામ છે;
લંપટ લબાડ હોય પાપનો પહાડ હોય,
　　ઝેરતણું ઝાડ હોય જુલમીનો જામ છે,
કેશવ અધીર કે બધીર હોય તોય પણ,
　　તેને લોક માને જેની પાસે ધન ધામ છે. ૧૭

બોલવામાં બાંગો હોય સમજમાં સાંગો હોય,
　　ગાફલ કે ફાંગો હોય હાડમાં હરામ છે,
અતિ અનાચારી હોય વિવિધ વિકારી હોય,
　　જંગલી જુગારી હોય કાળાં ધોળાં કામ છે;
આળસ અપાર હોય સૂમ સરદાર હોય,
　　ચેવલા વિચાર હોય ઠગાઇનું ઠામ છે,
કેશવ કબાડી કે અનાડી હોય તોય પણ,
　　તેને લોક માને જેની પાસે ધન ધામ છે. ૧૮

કેશવ.

તેમજ—

શ્રીમંતોની સભા મધ્ય ગરીબ શી ગણુતીમાં,
　　કોહીનુર પાસ કાચ બાપડો શા બાબમાં;
સાગરની આગળ તે ગાગરને ગણે કોણ,
　　તલતણું તેલ તુચ્છ તે કશું તેજાબમાં;
લાખ ક્રોડ રૂપૈયાનાં જે ઠેકાણે લેખાં થાય,
　　કોડીઓ બિચારી ત્યાં કહો કયા હિસાબમાં;
સુણો રૂડા રાજ હંસરાખે દલપતરામ,
　　છ આનાની છીદરી તે છાજે કેમ છાબમાં. ૧૯

દલપત.

તથા—

છપ્પો.

મણી હીરા તુજમાંહિ, મહા રસ મીઠા મેવા;
હાથી, ઘોડા, હેમ, પદારથ તુજમાં તેવા;
પુત્ર, પ્રિયા, પરિવાર, દેખતાં તુજમાં દીઠાં;
ગાન તાન રંગ રાગ, પાનનાં* તુજમાં પીઠાં;
તું સિંહ સમો સંસારમાં, બિજા બિચારા બોકડા;
કહું શું તુજને દલપત કહે, અરે રૂપૈઆ રોકડા. ૨૦

દલપત.

---

* પાનના-પીવાના.

ધન વિના જીવતર ધુળધાણી તથા ધન વિના માનપાનની પાયમાલી મનાયછે. સર્વ ઠેકાણે પ્રભુને બદલે ધન ધન જપાય છે તો દરેક મનુષ્યે વ્યવહાર નિર્વાહમાટે હુન્નર ઉદ્યોગ વિગેરે સાધનોથી અવશ્ય ધન મેળવવું જોઇએ એ બતાવી ધનમાં શું શું દોષો છે તેમાંથી બચવા માટે તે અધિકાર લેવાની અગત્ય માની ચાલતો અધિકાર–ધનપ્રશંસા પૂર્ણ કરેલ છે.

ધનદોષ–અધિકાર

પૂર્વના અધિકારમાં ધનપ્રશંસા કહેવામાં આવેલ છે પણ તે વ્યવહારદશામાં માયિકજીવનભોક્તાઓને અનુકરણીય છે. પરંતુ સત્પુરૂષો તો તેમાં ગુણોની સાથે કેટલાક દોષો પ્રાયઃ વિશેષ હોવાથી તેમની અપેક્ષા રાખતા નથી. જે મદાદિ ત્યાજ્ય પદાર્થો છે તે ધનના આગમનથી પ્રથમસ્થાને બિરાજમાન થાય છે. પ્રથમ તો તેના ઉપાર્જનમાં કેટલુંક કષ્ટ વેઠવું પડે છે. કદાચ અનુકૂલ પ્રયત્નોથી લબ્ધ થયું તો સંરક્ષણની મહાચિંતા વેઠવી પડે છે તેમની પાછળ અનેક અનર્થો સેવવા પડેછે, તેમની વૃદ્ધિમાટે વ્યાપાર ધંધા વિગેરે અનેક નિવૃત્તિરોધક માર્ગો ઉપલબ્ધ થાય છે તેની સાથે તેમનાં (ધનવાનનાં) છિદ્રાન્વેષણ કરવામાં નૃપ, તસ્કર, ચુગલીખોર, બંધુઓ વિગેરે સતત પ્રયત્ન કરે છે માટે આવાં કેટલાંએક અનર્થનાં કારણો ધનમાં હોવાથી બુદ્ધિમાન્ પુરૂષોને તે અગ્રાહ્ય છે જેનાં કેટલાંએક દષ્ટાંતરૂપે આ અધિકાર શરૂ કરવામાં આવે છે.

કુસ્થાન પણ સુખકર.

अनुष्टुप् (१ थी ११).

अर्थार्थी जीवलोकोऽयं, श्मशानमपि सेवते ।
जनितारमपि त्यक्त्वा, निःस्वं गच्छति दूरतः ॥ १ ॥

ધનલોભી આ જીવલોક શ્મશાનને પણ સેવે છે અને પોતાને જન્મ આપનાર પોતાનો પિતા જો નિર્ધન હોય તો તેનો પણ ત્યાગ કરીને દૂર જાય છે. ૧.

ધનથી અજ્ઞાનની પ્રાપ્તિ.

लक्ष्मीवन्तो न जानन्ति, प्रायेण परवेदनाम् ।
शेषे धराभरक्लान्ते, शेते नारायणः सुखम् ॥ २ ॥

લક્ષ્મીવંત પુરૂષો ઘણું કરીને બીજાની વેદના જાણતા નથી. જુઓ તો ખરા. નારાયણ પૃથ્વીના ભારથી થાકેલ શેષનાગઉપર સુખે સુવે છે.

સારાંશ—શેષનાગ પૃથ્વીને પોતાના મસ્તકઉપર રાખે છે માટે પૃથ્વીના ભારને લીધે તે થાકેલા ગણાય તેમ છતાં તેના ઉપર લક્ષ્મીપતિ વિષ્ણુ ભગવાન્ તેના થાકેલાપણાની દરકાર કર્યા વિના સુવે છે એટલે લક્ષ્મીમાન (ધનવાન) બીજાનું દુઃખ જાણતા નથી. ૨.

ઝેરની શ્રેષ્ઠતા.

वरं हालाहलं पीतं, सद्यः प्राणहरं विषम् ।
न द्रष्टव्यं धनाढ्यस्य, भ्रूभङ्गकुटिलं मुखम् ॥ ३ ॥

તરત પ્રાણને નાશ કરનારૂં હળાહળ ઝેર પીવું સારૂં, પણ ધનાઢ્ય માણસનું ભ્રૂકુટી ચડાવેલું વાંકું મુખ જોવું એ સારૂં નહિ. ૩.

ધનાઢ્ય અને જ્વરાઢ્ય (તાવવાળો) બેઉ સરખા છે.

भक्ते द्वेषो जडे प्रीतिः, सुरुचिर्गुरुलङ्घने ।
मुखे कटुकता नूनं, धनिनां ज्वरिणामिव ॥ ४ ॥

તાવવાળા મનુષ્યો જેમ ભક્ત (અન્ન) ઉપર દ્વેષ—અભાવો રાખેછે, જડ (જળ) ઉપર પ્રીતિ રાખેછે, ગુરૂલંઘન (એકાદ બે કે તેથી પણ વધારે ઉપવાસ) કરવાની સારી રીતે ઇચ્છા રાખેછે અને પોતાના મુખને વિષે કાયમ કડવાશવાળા હોયછે તેમ ધનવાન મનુષ્યો પણ ભક્ત (પોતાના સ્નેહી) ઉપર દ્વેષ રાખેછે, જડ (જર–પૈસા) ઉપર પ્રીતિ રાખેછે, ગુરૂલંઘન (માતા–પિતા વિગેરે વડીલનું અપમાન) કરવામાં પ્રીતિ રાખેછે અને મુખમાં કડવાશ વાણીવાળા હોયછે. માટે ધની અને જ્વરી (તાપવાળો) બન્ને સરખાજ છે. ૪.

ધનવાન્ તથા દારૂડીઓ બેઉ સરખા છે.

आलिङ्गिताः परैर्यान्ति, प्रस्खलन्ति समे पथि ।
अव्यक्तानि च भाषन्ते, धनिनो मद्यपा इव ॥ ५ ॥

જેમ મદિરાનું પાન કરનારા મનુષ્યો બીજાઓથી ભેટેલા (દોરાયેલા) ચાલે છે, સરખી સડકવાળા રસ્તામાં ઠેબાં ખાતા પડે છે, નહિ સમજાય તેવાં વચનો બોલે છે; તેમ લક્ષ્મી (મદ.) વાળા પુરૂષો પણ બીજાઓથી ભેટેલા (દોરવાયેલા) ચાલે છે, સરખા (સત્યયુક્ત) રસ્તામાં (થી) પડેછે અને ઘેલા શબ્દો બોલે છે. ૫.

ધનની લાલસા નહિ રાખવાનાં કારણો.

धनं तावदसुलभं, लब्धं कृच्छ्रेण रक्ष्यते ।
लब्धनाशो यथा मृत्युस्तस्मादेतन्न चिन्तयेत् ॥ ६ ॥

પ્રથમ તો ધન મેળવવું એ કઠિન કામ છે અને મેળવેલા ધનનું રક્ષણ દુઃખથી થાય છે, અને મેળવેલ ધન કદાચ નાશ પામે છે તો મૃત્યુ જેવો ખેદ થાયછે. માટે એવા ધનનો વિચાર પણ ન કરવો. ૬.

દુઃખનું કારણ ધન.

जनयन्त्यर्जने दुःखं, तापयन्ति विपत्तिषु ।
मोहयन्ति च सम्पत्तौ, कथमर्थाः सुखावहाः ॥ ७ ॥

ધન ઉપાર્જન કરતી વખતે દુઃખ આપે છે, વિપત્તિમાં તપાવે છે અને સંપત્તિમાં મોહ ઉત્પન્ન કરેછે, માટે ધન સુખ આપનારૂં કેમ કહી શકાય? ૭.

ધનવાન્નો સર્વત્ર ભોગ.

यथा ह्यामिषमाकाशे, पक्षिभिः श्वापदैर्भुवि ।
भक्ष्यते सलिले नक्रैस्तथा सर्वत्र वित्तवान् ॥ ८ ॥

જેમ માંસને આકાશમાં પક્ષીઓ ખાય છે, પૃથ્વી ઉપર શિકારી જાનવરો ખાય છે અને પાણીમાં મઘરમચ્છ વિગેરે ખાયછે; તેમ સર્વ ઠેકાણે ધનવાન્ મનુષ્યની સ્થિતિ સમજવી. (અર્થાત્ ધનવાન્ પાસેથી સર્વ ઠેકાણે સૌ કોઇ પૈસા કઢાવવાને ટાંપે છે.) ૮

જે ધનવાળો તે ભયવાળો.

राजतः सलिलादग्नेश्चोरतः स्वजनादपि ।
भयमर्थवतां नित्यं, मृत्योः प्राणभृतामिव ॥ ९ ॥

જેમ પ્રાણીમાત્રને મૃત્યુનો ભય છે, તેમ ધનવાળાઓને રાજાથી, પાણીથી, અગ્નિથી, ચોરથી અને સ્વજનથી હમેશાં ભય રહેલો છે. ૯.

ધનલોભથી આપત્તિનું આવવું.

धनाशया खलीकारः, कस्य नाम न जायते ।
दूरादामिषलोभेन, वध्यते खेचरः खगः ॥ १० ॥

सुभाषितरत्नभाण्डागार.

જેમ માંસના લોભથી આકાશગામી પક્ષીનો દૂરથી વધ થાય છે; તેમ ધનની આશાથી કોને સામા માણુસથી દુઃખ સહન કરવું પડતું નથી? (અર્થાત્ શુભકર્મીને થતી નથી.) ૧૦.

ઘણે ભાગે દ્રવ્ય દુઃખરૂપ છે.

अर्थानामर्जने दुःखमर्जितानां च रक्षणे ।
आये दुःखं व्यये दुःखं, धिगर्थं दुःखभाजनम् ॥ ११ ॥

सूक्तिमुक्तावली.

પૈસા મેળવવામાં દુઃખ, મેળવેલાના રક્ષણમાં દુઃખ, ધન આવતાં પણ દુઃખ અને જતાં પણ દુઃખ થાયછે; માટે દુઃખના પાત્રરૂપ પૈસાને ધિક્ છે (તેમાં નિઃસ્પૃહ રહેવું તેજ ઠીક છે.) ૧૧.

ધનિકનાં છિદ્રાન્વેષણ સહુ કરેછે.

आर्या (१२ थी १४).

अन्यायमर्थभाजां, पश्यति भूपोऽध्वगामितां चौरः ।
पिशुनो व्यसनप्राप्तिं, दायादानां गणः कलहम् ॥ १२ ॥

काव्यमाला—गुच्छकअष्टम.

રાજા ધનવાનના અન્યાયપર નજર રાખે છે, ચોર તેની મુસાફરીપર ટાંપેલો હોયછે, ચાડીયા વિગેરે નીચ લોકો તેને દુઃખ પ્રાપ્ત થાય તેની રાહ જુએછે અને તેના ભાયાતો તે કલેશમાં ફસાય તો ઠીક એવી દૃષ્ટિ રાખેછે. ૧૨.

ધનરૂપી રોગ.

बधिरयति कर्णविवरं, वाचं मूकयति नयनमन्धयति ।
विकृतयति गात्रयष्टिं, सम्पद्रोगोऽयमद्भुतो राजन् ॥ १३ ॥

હે રાજન્! ચમત્કારિક આ સંપદ્ (ધન) રૂપી રોગ કાનનાં છિદ્રને બહેરાં કરેછે, વાણીને મૂંગી કરેછે, નેત્રને અંધ કરેછે અને શરીરમાં વિકાર કરેછે.

સારાંશ—જે માણસને ધનપ્રાપ્તિ થાયછે તે વિવેકનો ત્યાગ કરેછે. એટલે કોઇનું સાંભળતો નથી, ત્યારે પ્રત્યુત્તર તો ક્યાંથીજ આપે? ગરીબની સામું જોતો નથી, અવળા સવળુ શરીર મરડતો અને અભિમાનની ચેષ્ટા કરતો ચાલે છે. ૧૩.

ધનવાન્નો નિષ્ફળ અહંકાર.

लक्ष्म्या परिपूर्णोऽहं, न भयं मेऽस्तीति मोहनिद्रैषा ।
परिपूर्णस्यैवेन्दोर्भवति भयं सिंहिकासूनोः ॥ १४ ॥

હું પૂર્ણ લક્ષ્મીવાળો છું, માટે મારે કોઇનો ભય નથી, એમ જે ધનવાન્ની માન્યતા છે, તે મોહનિદ્રા છે. કારણકે પૂર્ણચંદ્રમાનેજ રાહુથી ભય રહેલો છે.

સારાંશ—જેમ પૂર્ણચંદ્રવિના ગ્રહણ થતું નથી એટલે પૂર્ણિમાના સર્વ કળાસંપન્ન ચંદ્રને રાહુ પીડે છે; તેમ લક્ષ્મીથી ભરપૂર ગૃહસ્થનેજ બીજાઓથી ભય રહ્યા કરેછે. ૧૪.

ધનાંધનો ત્યાગ.

मात्रासमक.*

वरमसिधारा तरुतलवासो, वरमिह भिक्षा वरमुपवासः ।
वरमपि घोरे नरके पतनं, न च धनगर्वितबान्धवशरणम् ॥ १५ ॥

તરવારની ધાર સારી, વૃક્ષ નીચે વસવું સારૂં, ભિક્ષા માગવી પણ સારી, ઉપોષણ કરવું સારૂં અને ભયંકર નરકમાં પડવું પણ સારૂં, પરંતુ ધનથી બહેકી ગયેલ બંધુને શરણે (આશ્રય લેવા) જવું તે સારૂં નથી. ૧૫.

એકજ વસ્તુ એકને સુખરૂપ અને બીજાને દુઃખરૂપ ભાસેછે.

मालिनी.

धनमपि परदत्तं दुःखमौचित्यभाजां,
भवति हृदि तदेवानन्दकारीतरेषाम् ।
मलयजरसबिन्दुर्बाधते नेत्रमन्त-
र्जनयति च स एवाल्हादमन्यत्र गात्रे ॥ १६ ॥

---

* આ છંદનું લક્ષણ પત્ર ૧૫૯ માં પાદાકુલક છંદના પેટાભાગતરીકે સ્પષ્ટ થઇ ગયું છે.

કાંચન કામિનીત્યાગીને બીજાએ આપેલું ધનપણ દુઃખરૂપ થાય છે અને બીજાને (મૂળથીજ ગરિબી ભોગવનારાઓ) ને દ્રવ્ય હર્ષ ઉપજાવે છે. જેમ ચંદનના રસનું બિંદુ આંખની અંદર પડ્યું હોય તો દુઃખ કરેછે અને તેજ શરીરમાં બીજી જગોમાં લાગવાથી આનંદ ઉપજાવે છે. ૧૬.

લક્ષ્મીનો અન્યાય.

शार्दूलविक्रीडित.

हन्तुर्बन्धुजनान्धनार्थमनघान् गन्तुः परस्त्रीशतं,
रन्तुर्जन्तुविहिंसकैः सह जनैः सन्तुष्यतो वञ्चनैः ।
वक्तुस्तीक्ष्णमयुक्तमेव वचनं पक्तुर्मितं चौदनं,
नित्यं नृत्यसि मन्दिरेषु कमले कस्यं तवैतन्मतम् ॥ १७ ॥

सुभाषितरत्नभाण्डागार.

અરે લક્ષ્મી! આતે તા'રો કે'વો ન્યાય (મત) કે જેઓ દ્રવ્યને માટે નિરપરાધી બંધુજનને મારનારા, સેંકડો પરસ્ત્રીસાથે ગમન કરનારા (વ્યભિચારીઓ), જીવહિંસા કરનારાઓની સાથે રમનારા, છેતરવાથીજ સંતોષ માનનારા, અયોગ્ય, કડવાં અને તીખાં (લોકોને દુઃખજનક) વચન બોલનાર તથા થોડું રાંધનારા (પેટભરા) છે તેમનાં ઘરોમાં સદા તું નૃત્ય કરી રહી છે. આ ક્યાંનો મત?

આથી આટલુંજ જાણવાનું કે લક્ષ્મી અન્યાયી તથા પાપીને ત્યાં વિશેષતઃ વાસ કરતી જણાવાથી સત્પુરૂષોએ તેમની ઉપેક્ષા કરેલી છે પણ તેવા લક્ષ્મીવાળાઓ પાપાનુબંધિ પુણ્યને ભોગવી મત્ત થયેલ બોકડા દૃષ્ટાંતે અનંતમરણને પ્રાપ્ત થાય છે. આવો ભાવ સમજવાનો છે. ૧૭.

પાકેલ ઇંદ્રવારણાનું ફળ, જેમ દેખીતું રમણીય છે પણ તે સ્વાદમાં કડવું છે તેમ ધન દેખીતું મનોહર પણ જો તેમાં લોલુપતા રહી જાય છે તો મોક્ષગામી રસ્તામાં વિઘ્ન કરનાર છે. તેથી તે દૃષ્ટિએ એ ધન દોષિત છે માટે ધનઉપર વધારે અસક્તિ નહિ રાખવાની ભલામણ કરવામાં આવે છે.

કદાચ કોઇને શંકા ઉદ્ભવે કે ત્યારે શું દરિદ્ર રહેવું? ના એમ કહેવાનું તાત્પર્ય નથી. જોઇતું દ્રવ્ય મેળવવું પછી તે ધનનો સદ્વ્યય કરી પોતાનું અંતઃકરણ ભક્તિરસ્તે વાળવું એમ કહેવાનો તાત્પર્ય છે. દરિદ્ર મનુષ્યની ઘણીજ કઢંગી સ્થિતિ જોવામાં આવેછે તે બતાવવા આ અધિકાર પૂર્ણ કરી તેની તરફ પણ ધ્યાન ખેંચીએ છીએ.

दरिद्रता–अधिकार.

ધૂન દોષમાં જે દોષો બતાવ્યા છે તે ગ્રહણ કરવાથી દરિદ્રતા પ્રાપ્ત થાયછે અને દરિદ્રતા સમાન દુઃખ નથી. બીજાં દુઃખોનો પ્રતિકાર હોયછે પણ આનો નથી તેથી તેને સમગ્ર દુઃખોનું ઉત્પત્તિસ્થાન કહેવામાં કાંઇપણ અતિશયોક્તિ નથી. અપમાન, તિરસ્કાર, નિંદા, બુદ્ધિ હોવા છતાં મૂર્ખતા એ દરિદ્રતાથીજ સહેવાં પડેછે. બીજા સમગ્ર પદાર્થોની કિંમત હોયછે, કારણકે જરૂર પડવાથી તથા પોતાની મેળે બીજા પદાર્થો આવતા નથી તેમને લેવા જતાં મહેનત પડવાથી કિંમત ગણાય છે પણ દરિદ્ર મનુષ્ય જ્યાં જ્યાં પોતાની મેળે જાયછે ત્યાં ત્યાં તેની કાંઇ કિંમતજ નથી. હલકામાં હલકું પણ તેજ મનુષ્ય છે. સર્વથી હલકું રૂ છે પણ તે વાયુવશ ઉડેછે, આ પોતાની મેળેજ ઉડેછે માટે આ વિષયનું વિવરણ કરતાં અંત આવે તેમ નથી તોપણ કેટલુંક સારભૂત વાસ્તવિક દૃષ્ટાંતોરૂપે આ અધિકારમાં જણાવવામાં આવ્યું છે.

દરિદ્ર કેવી સિદ્ધિને પામેછે ?

अनुष्टुप् (१ थी ८).

हे दारिद्र्य नमस्तुभ्यं, सिद्धोऽहं त्वत्प्रसादतः ।
येन पश्याम्यहं सर्वं, न मां पश्यति कश्चन ॥ १ ॥

હે દરિદ્રતા ! તુંને નમસ્કાર છે. તા'રી કૃપાથી હું સિદ્ધ થયોછું જેથી હું તમામને જોઉંછું પણ મને કોઇ જોતો નથી (જેમ સિદ્ધ સિદ્ધિના બળથી સર્વ જોઇ શકે છે પણ તેમને કોઇ જોઇ શકતું નથી તેમ હું માગવાની ઇચ્છાથી સર્વને જોઉંછું પણ મને આપવું પડે જેથી મારા સામું કોઇ જોતા નથી.) ૧.

દરિદ્રને કોઇ પણ પૂજતું નથી.

वरं रेणुर्वरं भस्म, नष्टश्रीर्न पुनर्नरः ।
मुक्त्वैनं दृश्यते पूजा, क्वापि पर्वणि पूर्वयोः ॥ २ ॥

નષ્ટશ્રી (લક્ષ્મીરહિત) પુરૂષ કરતાં ધુળ અને રાખ સારાં (ઉત્તમ). કારણકે કોઇપણ પરબમાં તે ધૂળ અને રાખ પણ પૂજાય છે પણ નષ્ટશ્રીની કોઇપણ જગ્યોયે પૂજા થતી નથી. ૨.

ગરીબ માણસનું કુટુંબ.

सहोदयव्ययाः पञ्च, दारिद्र्यस्यानुजीविनः ।
ऋणं दौर्भाग्यमालस्यं, बुभुक्षापत्यसन्ततिः ॥ ३ ॥

सूक्तिमुक्तावली.

દારિદ્રની સ્થિતિવાળાને દારિદ્રની સાથેજ પાંચ વાનાં જન્મેછે અને નાશ પામે છે ૧ રૂણ (કરજ), ૨ દુર્ભાગ્ય, ૩ આળસ, ૪ ભૂખ (અતિશય ક્ષુધા) અને ૫ ઘણાં છોકરાં (આ પાંચે દારિદ્રની સાથે નિત્ય સંબંધવાળાં છે.) ૩.

ગરીબને અધમમાં અધમ ગણવામાં આવેછે.

मातङ्गादपि दारिद्र्यसम्भवं भुवि निश्चितम् ।
मालिन्यमधिकं येन, स्पृशति स्वजनोऽपि न ॥ ४ ॥

પૃથ્વીઉપર દરિદ્રતાથી થયેલી મલિનતા ચંડાલની મલિનતાથી પણ વિશેષ જણાય છે જેથી દરિદ્રને પોતાનો સંબંધી પણ અડતો નથી. (ચંડાળથી તેમની જ્ઞાતિ વિના અન્ય આર્યલોકો દૂર રહેછે પણ દરિદ્રને તો પોતાના જ્ઞાતિબંધુઓ તેમજ સગાંવહાલાંઓ પણ અડકતાં નથી.) ૪.

દરિદ્રને સઘળું સરખું હોયછે.

न रात्रिर्न दिनं नोच्चं, न नीचं स्वो न नो परः ।
दारिद्र्यतमसा तस्य, सर्वमेव समीकृतम् ॥ ५ ॥

पार्श्वनाथचरित्र—खण्ड सप्तम.

દરિદ્રને દિવસ નથી કે રાત્રિ નથી, કોઇ ઉચ્ચ નથી તેમ નીચ નથી, પારકુ નથી કે પોતાનું નથી. કારણ તેમને દરિદ્રતારૂપી અંધકારથી પોતાને સઘળું સરખું છે (અર્થાત્ દરિદ્રતાને લીધે પોતાને દિવસે કે રાત્રિએ, ઉચ્ચ કે નીચ સ્થાનમાં સ્વકુટુંબથી કે પારકાથી સુખ મળતું નથી અથવા તેમને દિવસ અને રાત્રિ ક્યાં જાય છે તેપણ પોતાના આલસ્યથી જાણવામાં આવતું નથી. તે ઉદ્યોગને અંગે ખરૂં જાણી શકાયછે. તથા ઉચ્ચ કોણ અને નીચ કોણ તેમનો ખ્યાલ આવતો નથી તેમ તેમને કોઇ સગાંવહાલાં ન બોલાવે તેથી પારકા પોતાનાની પણ શું ખબર પડે? તે સર્વનું કારણ દારિદ્રરૂપી અંધારૂંજ છે.) ૫.

લાંબું આયુષ્ દુઃખરૂપ.

धर्म्मार्थकामहीनस्य, परकीयान्नभोजिनः ।
काकस्येव दरिद्रस्य, दीर्घमायुर्विडम्बना ॥ ६ ॥

ધર્મ, અર્થ, કામથી રહિત અને પરાન્ન ભોજન કરનાર દરિદ્રનું કાગડાની માફક લાંબુ આયુષ્ય નિરર્થક છે (દુઃખમય છે.) ૬.

વિના મૃત્યુએ આકૃતિની વિકૃતિ.

कण्ठे गद्गदता स्वेदो, मुखे वैवर्ण्यवेपथू ।
म्रियमाणस्य चिह्नानि, यानि तान्येव याचतः ॥ ७ ॥

જેટલાં મરનારને ચિન્હો થાય છે તેટલાંજ માગનારને થાય છે. જેમકે કંઠનું રૂંધાવું, પરસેવો, મ્હોના ચ્હેરાનું બદલાઇ જવું, શરીરમાં કંપારો વિગેરે (ઉત્પન્ન થાયછે. માટે મૃત્યુ કરતાં યાચના વિશેષ દુઃખદાયિની છે. મરનારને એકજ વખતે તે લક્ષણો દેખાયછે. યાચકને તો સદાય તેજ સ્થિતિ સહેવી પડે છે.) ૭.

યાચકની વાણીને કબુતરની વાણીની ઉપમા.

लज्जावतः कुलीनस्य, याचितुं धनमिच्छतः ।
कण्ठे पारावतस्येव, वाकरोति गतागतम् ॥ ८ ॥

શરમાળ અને કુલીન ધન માગવાની ઇચ્છા કરે તો તેની વાણી કબુતરની વાણીની માફક કંઠમાંજ આવે અને જાય છે (માગી શકતો નથી.) ૮.

દરિદ્રની અવગણના.

आर्या (९-१०).

पक्षविकलश्च पक्षी, शुष्कश्च तरुः सरश्च जलहीनम् ।
सर्पश्चोद्धृतदंष्ट्रस्तुल्यं लोके दरिद्रश्च ॥ ९ ॥

सुभाषितरत्नभाण्डागार.

પાંખ વિનાનું પક્ષી, સૂકાયેલ ઝાડ, જળ વિનાનું સરોવર, દાઢ વિનાનો સર્પ અને દરિદ્ર આ સર્વ જગતમાં સરખાં છે. ૯.

દરિદ્રતાથી બુદ્ધિનાશ.

विपुलमतेरपि बुद्धिर्नश्यति पुरुषस्य विभवहीनस्य ।
घृतलवणतैलतण्डुलवस्त्रेन्धनचिन्तया सततम् ॥ १० ॥

सूक्तिमुक्तावली.

ઘણોજ બુદ્ધિશાળી છતાં જો પુરૂષ વિભવહીન હોય તો ઘી, તેલ, મીઠું, અન્ન, વસ્ત્ર, ઇન્ધન વિગેરેની સદાકાલ ચિંતાથી તેની બુદ્ધિ હણાઇ જાય છે. ૧૦.

જે સુખનાં સાધનો તે દુઃખનાં હથિયારો બનેછે.

शालिनी.[1]

वीणा वंशश्चन्दनं चन्द्रमासः, शय्या यानं यौवनस्थास्तरुण्यः ।
नैतद्रम्यं क्षुत्पिपासार्दितानां, सर्वारम्भास्तण्डुल[2]प्रस्थमूलाः ॥ ११ ॥

વીણા તથા સુંદર વાજીત્ર હોય, શીતલ ચંદન, ચન્દ્રનો પ્રકાશ સુંદર હોય, શય્યા હોય, વાહન હોય, નવયૌવનાસ્ત્રીઓ હોય તોપણ ક્ષુધા તૃષાથી પીડિતને તે કંઇ રૂચતું નથી. એ સમગ્ર સમારંભો શેર અન્નની પાછળ છે (જો અન્નની ચિંતા ન હોય તો તમામ રૂચિકર થાયછે). ૧૧.

કાલીદાસ કવિ દરિદ્રતાથી અજ્ઞાત.

उपजाति (१२ थी १४).

एको हि दोषो गुणसन्निपाते, निमज्जतीन्दोरिति यो बभाषे ।
नूनं न दृष्टं कविनापि तेन, दारिद्र्यमेकं गुणकोटिहारि ॥ १२ ॥

ઝાઝા ગુણમાં એક દોષ ડુબી જાયછે એટલે ગણત્રીમાં આવતો નથી એમ કવિ કાલીદાસનું કહેવું છે. પણ તેણે કરોડો ગુણોનો નાશ કરી નાખનારૂં દારિદ્ર જોયું જણાતુંજ નથી.

સારાંશ—જેમ ચંદ્રબિંબમાં રહેલી કાળાશ, શીતકર અને ઉજ્વળ તેમના (ચંદ્રના) પ્રકાશને લીધે દોષરૂપે ગણાતી નથી તેમ એક અવગુણ પુષ્કળ ગુણમાં દોષરૂપે ન ગણાય એમ કવિની માન્યતાનો અહીં આક્ષેપ કરવામાં આવે છે; કારણકે દારિદ્ર સર્વગુણનાશક છે. ૧૨.

ગરીબ કોઇના ઉપર મહેરબાની બતાવે કે કોપ કરે એ સર્વ નિષ્ફળ છે.

धनैर्विमुक्तस्य नरस्य लोके, किं जीवितेनादित एव तावत् ।
यस्य प्रतीकारनिरर्थकत्वात्कोपप्रसादा विफलीभवन्ति ॥ १३ ॥

---

१ म्तौ गौ चेच्छालिनी वेदलोकैः ।

મગણ, તગણ, તગણ, બે ગુરૂ અક્ષરો મળી અગીઆર અક્ષરનું એક ચરણ થાયછે એવાં ચાર ચરણ મળી शालिनी છંદ કહેવાયછે. ચોથે તથા સાતમે અક્ષરે યતિ આવેછે.

૨ પ્રસ્થ એટલે ૬૪ તોલાભારનું ૧ માપ થાયછે.

પ્રથમ તો ધનહીન પુરૂષને જગત્માં જીવવું નકામું છે. કારણકે (ધનહીનત્વને લીધે સર્વ ઠેકાણે) પરિણામરહિત હોવાથી તેણે કોઇના ઉપર કરેલો કોપ કે કોઇનાપર કરેલ પ્રસાદ એ બન્ને નિષ્ફળ થાયછે. ૧૩.

દુઃખમય દરિદ્રતા.

अहो नु कष्टं सततं प्रवासस्ततोऽतिकष्टः परगेहवासः ।
कष्टाधिका नीचजनस्य सेवा, ततोऽतिकष्टा धनहीनता च ॥ १४ ॥

હમેશ પ્રવાસ કરવો દુઃખકારક છે, તેના કરતાં બીજાને ઘેર રહેવું વધારે દુઃખકારક છે, તેના કરતાં નીચ મનુષ્યની નોકરી કરવી અધિક દુઃખકારક છે, સર્વના કરતાં જે ધનહીનતા તે અતિશય દુઃખજનક છે. ૧૪.

તથા—

उपेन्द्रवज्रा (१५–१६).

वरं वनं व्याघ्रगजेन्द्रसेवितं, द्रुमालयः पत्रफलाम्बुभोजनम् ।
तृणानि शय्या वसनं च वल्कलं, न बन्धुमध्ये धनहीनजीवनम् ॥ १५ ॥

વાઘ અને બહેકી ગયેલ હાથીવાળું વન સેવવું સારૂં, વૃક્ષનું (પર્ણકુટીનું) ઘર બાંધીને પત્ર, ફળ અને પાણીનું ભોજન કરવું સારૂં તથા ખડની પથારી કરવી અને વૃક્ષની છાલ પહેરવી સારી પણ સ્વકુટુંબમાં નિર્ધનપણે વાસ કરવો એ સારૂં નથી. ૧૫.

દરિદ્રમાં અને તાપસ–મુનિમાં થોડો તફાવત.

फलाशिनो मूलतृणाम्बुभक्षा, विवाससो निस्तरशायिनश्च ।
गृहे विमूढा मुनिवच्चरन्ति, तुल्यं तपः किन्तु फलेन हीनम् ॥ १६ ॥

ફળનો આહાર કરનારા, ઝાડોનાં મુળીયાં તથા ઘાસ અને પાણીનું ભક્ષણ કરનારા, વસ્ત્રોરહિત, બીછાના વગર ભૂમિ ઉપરજ શયન કરનારા દરિદ્રજનો પણ મૂઢતાપૂર્વક ઘરમાં તાપસ મુનિઓના જેવું તપ આચરેછે. ફરક એ છે તે તપ ફળથી રહિત છે. કારણ કે મુનિયો विमूढाः એટલે મૂઢતા રહિત (જ્ઞાનીઓ) હોય છે અને તે કર્મનાં ફળશું છે તે જાણે છે અને દરિદ્રજનો विमूढाः અત્યંત મૂઢ અને હેતુના (ફળના) અનભિજ્ઞ હોયછે માટે તેને ફળ કાંઇ મળતું નથી. ૧૬.

સ્નેહપરીક્ષા.

वंशस्थ.

यदा तु भाग्यक्षयपीडितां दशां, नरः कृतान्तोपहितां प्रपद्यते ।
तदास्य मित्राण्यपि यान्त्यमित्रतां, चिरानुरक्तोऽपि विरज्यते जनः ॥१७॥

જ્યારે મનુષ્ય જેનાપર મૃત્યુની છાયા પડી ચૂકી છે એવા ભાગ્યક્ષયથી પીડિત દશા (દરિદ્રતા) ને પ્રાપ્ત થાયછે, ત્યારે તેના મિત્રો અમિત્ર થાયછે અને ઘણા વખતથી સ્નેહ રાખનારો માણસ પણ સ્નેહહીન થઇ જાય છે. ૧૭.

પ્રાણને જવાની રજા.

वसन्ततिलका.

अर्था न सन्ति न च मुञ्चति मां दुराशा,
त्यागे रतिं वहति दुर्ललितं मनो मे ।
याच्ञा हि लाघवकरी स्ववधे च पापं,
प्राणाः स्वयं व्रजत किं प्रविलम्बितेन ॥ १८ ॥

ધન નથી, દુષ્ટ આશા મને તજતી નથી, નઠ્ઠટ એવું મારૂં મન દાન કરવાની ઇચ્છા રાખે છે, યાચના હલકાઇ કરાવનારી છે, આત્મહત્યા કરવામાં પાપ છે. માટે હે પ્રાણ! તમો પોતાની મેળેજ ચાલ્યાં જાઓ. શામાટે ધીરજ રાખીને બેઠાં છો? ૧૮.*

દુઃખરૂપ ગૃહસ્થાશ્રમ.

शिखरिणी.

निरस्यन्नालीकं क्षुदुपहतसीदत्परिजनं,
विना दीपान्नक्तं सुखगहनसंरुद्धतिमिरम् ।

---

* માઘકવિએ ધારાનગરીની બહાર પડાવ નાખી પોતાની સુંદર રચનાથી શ્લોક રચી સ્વધર્મપત્નીને આપી ભોજરાજાની કચેરીમાં મોકલી. રાજાએ ચમત્કૃતિવાળો શ્લોક વાંચી પુષ્કળ દ્રવ્ય આપ્યું પણ રસ્તામાં માઘ કવિની ઉદારતાની પ્રશંસા કરતા માગધ લોકોને તે દ્રવ્ય તે સ્ત્રીએ આપી દીધું.

ધર્મપત્ની વર્ષાઋતુના મેઘની માફક વર્ષા ખાલી થએલ કવિના સમીપ ભાગમાં ઉભી રહી. તે વખતે બાકી રહેલા યાચક લોકો પૂજ્ય માઘ કવિની પાસે યાચના કરવા લાગ્યા પણ દ્રવ્ય નહિ હોવાથી આ શ્લોક રચી પોતે પરલોકમાં નિવાસ કર્યો તે સાંભળી ભોજરાજા ત્યાં પધાર્યા અને કવિરત્ન ગુમ થઇ ગયેલું જાણી અપશોષ કરી દાનશીલ માઘકવિની સ્ત્રીનો તેણે સારો સત્કાર કર્યો.

अनाक्रान्तद्वारं मणयिभिरपूर्णोत्सवमहो,
गृहं कारातुल्यं भवति खलु दुःखाय गृहिणः ॥ १९ ॥

सुभाषितरत्नभाण्डागार.

પાષાણાદિ જેમાંથી પડયા છે છતાં પાછા લાગ્યા નથી એવું તથા ઉપરના છાજ વિનાનું, ક્ષુધાથી ઘેરાવાને લીધે પીડાતું કુટુમ્બ જેમાં રહેલું છે, રાત્રિમાં દીવો ન થવાથી ગાઢ અંધકારે જેમાં સુખેથી વાસ કરેલો છે, જેનાં બાર ખુલાં છે અને જેમાં સંબંધીઓના ઉત્સવનો તો સમયજ નથી આવું ઘર તે કારાગ્રહ જેવું ગૃહીને દુઃખ આપનારૂં થાયછે. ૧૯.

છોટાની મતિ છોટી.

शिखरिणी.

गतावद्रिं दीनावुपरि तदधस्तादिति भिदा-
मतोरेकेनेज्याकलितपरितुष्टात्पशुपतेः ।
वरो वव्रे सूपौदनमथ न चान्येन किमपि,
व्रजाभाषि प्रायो भवति न हि दीनेऽधिकमतिः ॥२०॥

दृष्टान्तपच्चीशी.

બે ગરીબ મનુષ્યો (શંકરને પ્રસન્ન કરવામાટે) પર્વત ઉપર જઇ એક ટેકરી ઉપર અને બીજો પર્વતના મૂળમાં એમ બેઉ જણા તપસ્યા કરવા લાગ્યા. શંકર પ્રસન્ન થયા ને કીધું કે હે ભાઇ! વરદાન માગ. ત્યારે ટેકરી ઉપર બેઠેલો બોલ્યો કે તમો નીચે જે તપસ્યા કરેછે તેને વરદાન આપ્યું કે નહિ? ત્યારે શંકરે કીધું કે ના. તે વખતે શિખર ઉપર રહેનાર મનુષ્યે દાળ તથા ચોખા પેટ પૂરણ માગી લીધા. ત્યારે શંકરે હુસ્તે હુસ્તે તથાસ્તુ કીધું (અર્થાત્ વરદાન આપ્યું.) શંકરે નીચે જઇને કીધું કે હે ભાઇ! વરદાન માગ. ત્યારે તે બોલ્યો કે ઉપરવાળાને શું વરદાન આપ્યું? ત્યારે શંકરે દાળ ભાતનું કહી બતાવ્યું તે ઉપરથી તળેટીવાળો નાખુશ થયો. તે બોલ્યો કે મારે જે જોઇતું હતું તે તેમણે માગી લીધું, માટે મારે શું માગવું? તે બાબતની ગમ નહિ પડતાં દેવને જવાની રજા આપી. માટે ગરીબને અધિક મતિ હોતી નથી. ૨૦.

મુસાફરનું પાછું ફરવું.

शार्दूलविक्रीडित (२१ थी २६).

मा रोदीश्चिरमेहि वस्त्ररहितान्दृष्ट्वाद्य बालानिमा-
नायातस्तव वत्स दास्यति पिता ग्रैवेयकं वाससी ।

श्रुत्वैवं गृहिणीवचांसि निकटे कुड्यस्य निष्किञ्चनो,
निश्वस्याश्रुजलप्लवप्लुतमुखः पान्थः पुनः प्रस्थितः ॥ २१ ॥

હે પુત્ર શો નહિ, કારણકે આજે તારા પિતા તમો બાળકોને વસ્ત્ર-રહિત જોઇને ગયા છે, તે આવીને કંઠી તથા બબ્બે વસ્ત્રો આપશે. સ્ત્રીનું વચન સાંભળનાર નિર્ધન પુરૂષ કે જે પરદેશથી કમાયા વગર પાછો ઘેર આવતાં ઘરની બહાર ભીંત સુધી પહોંચેલો હતો પણ ઘરની અંદર નહોતો આવ્યો તેણે ત્યાંજ સાંભળ્યું અને તેથી નિશ્વાસ નાખ્યો, તથા મુખ ઉપર આંસુ લાવીને તે નિર્ધન મુસાફર પાછો ઘરમાં આવ્યા વગરજ પ્રવાસ કરવા ચાલી નિકળ્યો. ૨૧.

ચોરને પણ દયા.

कन्थाखण्डमिदं प्रयच्छ यदि वा स्वाङ्के गृहाणार्भकं,
रिक्तं भूतलमत्र नाथ भवतः पृष्ठे पलालोच्चयः ।
दम्पत्योरिति जल्पतोर्निशि यदा चौरः प्रविष्टस्तदा,
लब्धं कर्पटमन्यतस्तदुपरि क्षिप्त्वा रुदन्निर्गतः ॥ २२ ॥

હે સ્વામી! વસ્ત્રનો કટકો આપો અથવા તો આ બાળકને પોતાના ખોળામાં લ્યો. હે નારિ! અહીં પૃથ્વી ખાલી છે (અર્થાત્ હું પણ પાથર્યા-વિના પૃથ્વીના તળીયા ઉપર સુતો છું.) હે પતિ! તોપણ તમારા પૃષ્ઠ નીચે પરાળ સમૂહ છે. આવી રીતે સ્ત્રી-પુરૂષ રાત્રિમાં જ્યારે વાતચિત કરતાં હતાં ત્યારે ચોર તે સ્થાનકમાં પ્રવેશ કરી સાંભળતો હતો તેને દયા આવવાથી બીજે ઠેકાણેથી મેળવેલ કપડું તેની ઉપર નાખી રૂદન કરતો કરતો બહાર નીકળી ગયો. ૨૨.

સાસુનું રૂદન.

वृद्धोऽन्धः पतिरेष मञ्चकगतः स्थूणावशेषं गृहं,
कालोऽभ्यर्णजलागमः कुशलिनी वत्सस्य वार्ताऽपि नो ।
यत्नात्सञ्चिततैलबिन्दुघटिका भग्नेति पर्याकुला,
दृष्ट्वा गर्भभरालसां निजवधूं श्वश्रूश्चिरं रोदिति ॥ २३ ॥

પતિ વૃદ્ધ, અંધ અને ખાટલાવશ છે, ઘરમાં કેવળ થાંભલાજ બાકી છે, (અર્થાત્ થાંભલા શિવાય સર્વ વસ્તુ વેચીને ખવાઇ ગઇ છે અથવા કેવળ થાંભલા રહેવાથી ઘર પડી જવાની ભીતિ છે.) ચોમાસું નજીક આવ્યું

છે, પરદેશ ગયેલ પુત્રની પણ કુશળ વાર્તા નથી, ઘણા યત્નથી ટીપેટીપે સાંચવી રાખેલ તેલની દોણી પણ ભાંગી ગઇ, અને તેની સાથે પુત્રવધૂને ગર્ભના બોજાથી અલસ થએલી અર્થાત્ નજીકમાં પ્રસવ થશે એમ જોઇને આકુળ વ્યાકુળ થયેલ સાસુ ઘણીવાર સુધી રોવા લાગી. ૨૩.

દરિદ્રતાથી થતી હાનિ.

दारिद्र्यात्पुरुषस्य बान्धवजनो वाक्ये न सन्तिष्ठते,
सुस्निग्धा विमुखीभवन्ति सुहृदः स्फारीभवन्त्यापदः ।
सत्त्वं ह्रासमुपैति शीलशशिनः कान्तिः परिम्लायते,
पापं कर्म च यत्परैरपि कृतं तत्तस्य सम्भाव्यते ॥ २४ ॥

सुभाषितरत्नभाण्डागार.

દરિદ્રતાથી કુટુંબી મનુષ્ય પુરૂષના વચન પ્રમાણે ચાલતો નથી, મિત્રો પ્રેમી છતાં વિમુખ રહે છે, આપત્તિ વિસ્તાર પામેછે, શક્તિ ઘટવા માંડે છે, શીલરૂપી ચંદ્રની કાંતિ કરમાય છે અને બીજાઓથી થતું પાપકર્મ તેમના તરફ (આળતરીકે) મેલાયછે. ૨૪.

ગરીબાઇથી શરીરની સર્વ સત્તાનો નાશ થાયછે.

निर्द्रव्यो ह्रियमेति ह्रीपरिगतः प्रभ्रश्यते तेजसो,
निस्तेजाः परिभूयते परिभवान्निर्वेदमागच्छति ।
निर्विण्णः शुचमेति शोकसहितो बुद्धेः परिभ्रश्यते,
निर्बुद्धिः क्षयमेत्यहो निधनता सर्वापदामास्पदम् ॥ २५ ॥

सूक्तिमुक्तावली.

ધનરહિત મનુષ્ય શરમાય છે, શરમને લીધે તેજ ઘટે છે, તેજ રહિત તિરસ્કારને પામે છે, અપમાન પામેલો માણસ ઉદાસ થાયછે, ઉદાસી મનુષ્ય શોક કરેછે, શોકયુક્ત મનુષ્ય બુદ્ધિહીન થાયછે અને બુદ્ધિહીનનો નાશ થાયછે, અહહ !!! નિર્ધનતા ખરેખર સર્વ દુખનું સ્થાન છે. ૨૫.

મનસ્વી પુરૂષને યાચના કરવી એના જેવું બીજું દુઃખ નથી.

दीना दीनमुखैस्सदैव शिशुकैराकृष्टजीर्णाम्बरा,
क्रोशद्भिः क्षुधितैर्निरन्नविधुरा दृश्या न चेद्गेहिनी ।

याच्ञाभङ्गभयेन गद्गदगलत्त्रुट्यद्विलीनाक्षरं,
को देहीति वदेत्स्वदग्धजठरस्यार्थे मनस्वी पुमान् ॥ २६ ॥

भर्तृहरिवैराग्यशतक.

ભૂખ લાગવાથી રોતાં અને ઘણેજ ગરીબડે મોઢે બાળકો, સદૈવ, જેનાં જીર્ણ કપડાં ખેંચતાં હોય એવી અને બાળકને આપવાને માટે ઘરમાં અન્ન ન હોવાથી મુંઝાઇ ગયેલી રાંક સ્ત્રીને જોવી પડતી ન હોય તો યાચના ભંગ થવાના ભયથી ગદ્‌ગદ્ વાણીએ ત્રુટતા અને પડતા અક્ષરે "મને આપો," એમ કયો મનસ્વી માણસ પાપી પેટને માટે ભિક્ષા માગે? ૨૬.

દરિદ્રતા એ દુઃખની ખરેખર મૂર્ત્તિ છે એમ કહેવામાં કાંઇ અતિશયોક્તિ નથી. કારણકે ગમે તેવો ડાહ્યો અને વિદ્વાન મનુષ્ય હોય પણ તેની દરિદ્રતાને લીધે કોઇ તેમની ગણના કરતું નથી. પરંતુ બેવકુફ અને નાલાયક પુરૂષ હોય હોય પણ જો તે ધનાઢ્ય હોય તો તે માનનીય અને ગણનામાં ગણાય છે. કારણકે यस्यास्ति वित्तं स नरः कुलीनः । તેથી દરેક વ્યક્તિએ ન્યાયોપાર્જિત દ્રવ્ય અવશ્ય મેળવવું એ ભલામણ કરી આ દરિદ્રતા-અધિકારની સમાપ્તિ કરી છે.

असामर्थ्याद्भवेत्साधु-अधिकार.

મનુષ્યો જયારે વિપત્તિમાં આવે ત્યારે સદાશ્રય કરેછે. જ્યાંસુધી શારીરિક દૈવિક ભૌતિક સંપત્તિ સારી હોય છે ત્યાંસુધી સત્સંગતિ કરવામાં પ્રીતિ થતી નથી. જે હોય તેમાં કાંઇ ન્યૂનતા જણાય અથવા તો તદ્દન નજ હોય ત્યારે તેવાં સાધનો શોધે છે. તેમના ઉપર પ્રચલિત કહેવત છે કે—

અસામર્થ્યાત્ ભવેત્સાધુઃ.

अनुष्टुप्.

आर्त्ता देवान्नमस्यन्ति, तपः कुर्वन्ति रोगिणः ।
निर्धना विनयं यान्ति, क्षीणदेहाः सुशीलिनः ॥ १ ॥

सूक्तिमुक्तावली.

પીડા પામનારાઓ દેવતાઓને નમેછે, રોગીઓ તપશ્ચર્યા કરેછે, નિર્ધન વિનય પામેછે અને શરીરે નબળા થયેલા સારે માર્ગે ચાલેછે.

સારાંશ—જ્યારે પીડા પામે ત્યારે સુખ દુઃખનો દાતા કોઇ છે તેમ જાણીને દેવતાઓને નમસ્કાર કરેછે શરીર રોગી હોય ત્યારે અરૂચિ રહેવાથી તથા ખાધેલો ખોરાક ન પચવાથી ઉપવાસાદિ તપ કરેછે, દ્રવ્ય ન હોય તેથી બીજાઓ પાસે માગવું તે વિનયવિના મળે નહિ માટે વિનયવાન્ બનેછે અને જ્યારે વૃદ્ધાવસ્થાથી અથવા રોગાદિથી શરીર ન ચાલે ત્યારે પોતાની મેળે લોકો પાસેથી કામ લેવા તેનામાં સુશીલત્વ આવેછે. ૧.

સર્પ ગમે તેટલો વાંકો ચાલતો હોય પણ જ્યારે દરે આવે છે ત્યારે પાંશરો દોર બની જાયછે તેમ મનુષ્યને પણ જ્યારે વિપત્તિ માથે આવેછે ત્યારે સરલ સીધો—વિનયી થઇ જાયછે પણ જો સુખ સંપત્તિમાં ધનમદ ન લાવતો હોય અને સરલ ચાલતો હોય તો એ મનુષ્ય ઘણુંજ પુણ્ય બાંધી શકે છે એ સમજાવી ધનમદ ન કરવો એમ બતાવવા હવે પછી તે અધિકાર લેવા ધારી આ અસામર્થ્યાદ્ભવેત્સાધુ–અધિકાર પૂર્ણ કરવામાં આવેછે.

ધનમદ–અધિકાર.

સંસારમાં ધનના મદ જેવો બીજો એક પણ મદ નથી. બીજા મદો સમયે (અવસ્થાયે) નિવૃત્ત થાયછે, યૌવનમદ હોય તો તે તેમની સાથેજ નિવૃત્ત થાયછે, રૂપનો મદ પણ અવસ્થામાં ફેરફાર થવાથી વિકૃતિ પામેછે, રાજ્યમદ પણ બળવાન્ શત્રુઓ થવાથી શાંતિ પામેછે. પણ ધનનો મદ જોઇએ તે અવસ્થામાં હોય પણ તેવોને તેવો રહી મનુષ્યને આંધળો બનાવે છે જેથી મદોન્મત્ત હાથીની માફક નિશામાંને નિશામાં દુર્બલ લોકોના દુઃખતરફ દૃષ્ટિ ન કરતાં તેમાં વધારે દુર્વાક્યાદિથી પીડા કરીને વૃદ્ધ પૂજ્યનીયજન, દેવતા અને વિદ્વાનો વિગેરેની અવજ્ઞા કરતો ફરેછે જેનાં દૃષ્ટાંત સારભૂતે આગળ લખવામાં આવેલાં છે.

અવિવેકી ધનાઢ્ય ખરો આંધળો.

अनुष्टुप् (१ थी ३).

अन्धा एव धनान्धाः स्युरिति सत्यं तथा हि ते ।
अन्योक्तेनाध्वना गच्छन्त्यन्यहस्तावलम्बिनः ॥ १ ॥

જેઓ ધનાંધ છે તેઓજ આંધળા છે એ વાક્ય ખરૂં છે. કારણકે તેઓ બીજાનો હાથ પકડીને બીજાના બતાવેલા માર્ગે જાયછે. (જેમ આંધળો અન્યનો હાથ પકડીને અથવા અન્યના કહેવા પ્રમાણે રસ્તે જાયછે તેમજ આ પણ અન્યની સાથે વાત કરતા હાથ પકડીને ચાલે છે.) ૧.

કુપાત્રતાને લીધે દૃષ્ટિમાં વિકાર થાયછે અથવા શેરના માપમાં સવાશેર રહી શકે નહિ.

अवंशपतितो राजा, मूर्खपुत्रो हि पण्डितः ।
अधनेन धनं प्राप्तं, तृणवन्मन्यते जगत् ॥ २ ॥

રાજકુળમાં ન જન્મેલો અથવા નીચને ત્યાં જન્મેલો રાજા થાય, મૂર્ખનો દીકરો પંડિત થાય અને નિર્ધનને ધન મળે તો તે સઘળા આખા જગત્‌ને તણખલામાફક સમજેછે (આપણા જેવો કોઇ નથી એમ જાણેછે.) ૨.

લક્ષ્મી (ધન) નું કુટુંબ.

निर्दयत्वमहङ्कारस्तृष्णा कर्कशभाषणम् ।
नीचपात्रप्रियत्वं च, पञ्च श्रीसहचारिणः ॥ ३ ॥

सूक्तिमुक्तावली.

નિર્દયપણું, અંહકાર, તૃષ્ણા, કઠોર વાક્ય અને નીચ પાત્રોમાં પ્રીતિભાવ, આ પાંચે લક્ષ્મીની સાથેજ રહેછે. ૩.

લક્ષ્મીસેવનથી મરણ થતું નથી એ આશ્ચર્ય છે.

आर्या.

वाक्चक्षुःश्रोत्रलयं, लक्ष्मीः कुरुते नरस्य को दोषः ।
गरलसहोदरजाता, तच्चित्रं यन्न मारयति ॥ ४ ॥

सुभाषितरत्नभाण्डागार.

લક્ષ્મી પુરૂષની વાણી, આંખ અને કાનનો લય કરેછે, તેમાં (પુરૂષનો) શો દોષ? કારણકે ઝેરની સાથે સમુદ્રમાંથી ઉત્પન્ન થયેલી છે તેમ છતાં તેને મારી નાખતી નથી એજ આશ્ચર્ય છે?

સારાંશ—લક્ષ્મીમદથી મનુષ્ય વાણીથી કોઇને બોલાવતો નથી, કોમળ દષ્ટિથી જોતો નથી અને ગરીબોની પ્રાર્થના સાંભળતો નથી. એટલે લક્ષ્મીએ તે ઇંદ્રિયનો નાશ કર્યો કહેવાય, આમ ઉત્પ્રેક્ષા કરવામાં આવી છે. ૪.

લક્ષ્મીને ઘરમાંથી છટકી જવાનો માર્ગ.

इन्द्रवज्रा.

मत्वात्मनो बन्धनिबन्धनानि, पुण्यानि पुंसां कमला किलासौ ।
तद्ध्वंसनायैव धनेश्वराणां, दत्ते मतिं दुर्बलपीडनाय ॥ ५ ॥

सूक्तिमुक्तावली.

લક્ષ્મી પુરૂષોનાં પુણ્યોને પોતાના બંધનનાં નિમિત્તભૂત જાણીને પુણ્ય કાપવા માટેજ ધનિકોને ગરીબોને પીડવાની બુદ્ધિ આપે છે. ૫.

ઝેર અમૃત છે, અમૃત ઝેર છે.

वंशस्थ.

हालाहलो नैव विषं विषं रमा, जनाः परं व्यत्ययमत्र मन्वते ।
निपीय जागर्ति सुखेन तं शिवः, स्पृशन्निमां मुह्यति निद्रया हरिः ॥ ६ ॥

सुभाषितरत्नभाण्डागार.

હળાહળ ઝેર નથી પણ લક્ષ્મી અત્યુત્કટ ઝેર છે. માણસો કેવળ અવળું સમજે છે. કારણકે હળાહળના પાનથી શંકર સુખેથી જાગે છે પણ આ લક્ષ્મીના સ્પર્શથી હરિ (વિષ્ણુ) નિદ્રાથી બેભાન બની જાયછે. ૬.

લક્ષ્મીથી પ્રાપ્ત થતી અંધતા.

वसन्ततिलका.

लक्ष्मि क्षमस्व सहनीयमिदं दुरुक्त-
मन्धा भवन्ति पुरुषास्तव दर्शनेन ।
नो चेत्कथं कथय पन्नगभोगतल्पे,
नारायणः स्वपिति पङ्कजपत्रनेत्रः ॥ ७ ॥

હે લક્ષ્મી! માફ કરીને આ દુર્વાક્ય તારે સહન કરવું. પુરૂષો તારા દર્શનથી આંધળા થઇ જાય છે. જો તેમ ન હોય તો કહે કે કલમપત્રસમાન નેત્રવાળા નારાયણ શેષશય્યામાં કેમ સુવે? ૭.

ઉદય અને અસ્ત સાથેજ છે તેથી ગર્વ નહિ કરવો.

स्रग्धरा.

भोगान्भो गाङ्गवीचीविमलितशिरसः प्राप्य शम्भोः प्रसादा-
न्मोहान्मोहानभिज्ञाः कचिदपि भवत प्राणिनो दर्पभाजः ।
यस्माद्यः स्मार्तविप्रप्रणततनुतपदः सर्वसम्पन्नभोगो,
भास्वान् भाः स्वाङ्गभूता अपि तु परिहरन्नस्तमेषः प्रयाति ॥ ८ ॥

सूक्तिमुक्तावली.

હે વિચારરહિત પ્રાણીઓ! ગંગાજીની લહરીઓથી નિર્મળ જટાજૂટયુક્ત શંભુની કૃપાથી ભોગો મેળવીને મોહથી કોઇ સમયે પણ ગર્વિષ્ઠ બનો નહિ. કારણકે સ્માર્ત બ્રાહ્મણો પ્રણામપુરઃસર જેમનું ચરણકમળ સેવેછે એવા આ અખિલ પરિપૂર્ણ ભોગવાળા સૂર્યનારાયણ પણ પોતાના અંગથી ઉદ્ભવેલી કાંતિઓને (પ્રભાઓને) પણ છોડીને અસ્ત પામેછે. તાત્પર્ય એ છે કે મનુષ્યે ધનનો ગર્વ કરવાનો નથી. કારણકે પોતાને ત્યાં લક્ષ્મી સદા નિવાસ કરે એ અસંભવિત છે. એટલે સૂર્યની છાયા જેવી છે. ૮.

દારૂમાં અગ્નિની માફક અહંકારીને ધનવૃદ્ધિથી ભડકો.

વસંતતિલકા.

મોટાઇ હોય વળી જો જર હોય ઝાઝું,
પામે વળી જર ઘણું દર સાલ તાજું;
તેને વળી પવન જો અતિશે ભરાય,
તેનાથકી જુલમ શો ન કરી શકાય.

દલપત.

ધનમદથી અનેક હાનિ.

મનહર.

ધનમદમાંહી બહુ વ્હાલામાં વિરોધ થાય,
ધનમદ વિવેકને વેગે વિસરાવેછે;
ધનમદ આંખ હોય છતાં અંધાપાને આપે,
ધનમદ લોભ મોહ કામને કરાવેછે;

ધનમદ માન ને મોટાઈનો વાળેછે દાટ,
ધનમદ વિનય ને વિદ્યાને વળાવેછે;
ધનમદમાંહી દુરાચાર સમજાય નહિ,
ધનમદ નરકનાં બાર ઉઘડાવેછે. ૧૦
ધનમદમાંહી બહુ ધાંધલ કરેછે લોક,
ધનમદ બીક રાખવાનાં બીજ વાવેછે;
ધનમદમાંહી કાન હોય તોય કાણા જેવો,
ધનમદ કુડાં કામ કુશલ ઠરાવેછે;
ધનમદ સારૂં માઠું સમજવા દેતો નથી,
ધનમદ ઉંડી ખાડમાંહી ધબકાવેછે;
કેશવ મળે જો ધન ધાંધલ કરો ન કોઇ,
ધનમદ કોઇ કાળે કંઠને કપાવેછે. ૧૧

કેશવ.

આ વાંચન ઉપરથી એટલો સાર લેવાનો છે કે મનુષ્યે કોઇ પ્રકારનો મદ કરવાનો નથી તેમ પ્રારબ્ધ યોગે જો ધન મળે તોપણ તેનો મદ લાવવાનો નથી. પરંતુ તે ધનવડે તો અનેક ઉપર ઉપકારજ કરવા. કે જેથી આગામી જન્મમાં પુનઃ અનેકગણું ધન મળે. વળી લક્ષ્મી કોઇ ઠેકાણે કાયમ રહી નથી અને રહેશે નહિ એ ખાસ ધ્યાનમાં રાખવાનું છે, તેથી જે ધન સ્વાધીનમાં હોય તેમાંથી મમત્વ ઉઠાવવું એટલે છેવટે દરેક વસ્તુ ઉપરથી મમત્વ ઉતરી જાય એ સમજાવી આ ધનમદ–અધિકારની સમાપ્તિ કરવામાં આવેછે.

ધનમદત્યાગ–અધિકાર.

ધનમદથી છકી ગયેલ મનુષ્યવર્ગ ઘણે ભાગે દુધના ઉફાળાની માફક ઉછાળા માર્યા કરેછે પણ તે વર્ગ વિચારતો નથી કે આ શરીર ક્ષણભંગુર છે માટે તે ધનવડે અનેક પરોપકાર કાર્ય કરી દેહની સફળતા સાધી લેવી જોઇએ. એમ દેહની સફળતા નહિ સાધી શકાય તો છેવટ મરણ પછી દ્રવ્ય જમીન કે બેંકોમાં પડયું રહેશે અને તેનો ઉપયોગ થશે કે ગેરઉપયોગ થશે એ પોતાને જાણવામાં આવતું નથી. મનુષ્યે ધનથી ઉત્પન્ન થતા મદનો ત્યાગ કરવો એ સમજવામાં આ અધિકારની આવશ્યકતા માની છે.

વૈભવ દેખી રીઝાવું નહિ.

ભુજંગ.

કહે શું થયું જો ઘણું તું કમાયો,
કહે શું થયું પૂર્ણ પૈસો જમાયો;
અરે અંતકાળે જવું ઉછળીને,
રખે રીઝતો રિદ્ધિ સિદ્ધિ રળીને. ૧
ઊંચા વાસ ચોખ્ખા ચુનાથી ચણાવ્યા,
તજી સર્વ તે સ્વર્ગ વાટે સિધાવ્યા;
વડા વાસ જોવા ન આવ્યા ફરીને.
રખે રીઝતો રિદ્ધિ સિદ્ધિ રળીને. ૨
હીરા મોતિના હાર હૈયે ધરીને,
સદા શોભતા જે ગયા તે મરીને;
બની રાખ તેની ચિતામાં બળીને,
રખે રીઝતો રિદ્ધિ સિદ્ધિ રળીને. ૩
જીતી જુદ્ધમાં રાજ જેણે જમાવ્યાં,
મહા શત્રુનાં શીશ નીચાં નમાવ્યાં;
પડયા તે પ્રતાપી ધરામાં ઢળીને,
રખે [illegible]ઝતો રિદ્ધિ સિદ્ધિ રળીને. ૪
ન રા[illegible]શ તું પુત્ર પૌત્રાદિ પામી,
ન રાચીશ સૌની લઇને સલામી;
ન રાખીશ કાયા અતિ ઊજળીને,
રખે રીઝતો રિદ્ધિ સિદ્ધિ રળીને. ૫
કદાપિ ન માનીશ જે દેહ મારો,
ટકીને રહ્યો જેહમાં જીવ તારો;
નક્કી જાણ ત્યાંથી જશે નીકળીને,
રખે રીઝતો રિદ્ધિ સિદ્ધિ રળીને. ૬
મહા સિંધુ સુદ્ધાંનું બ્રહ્માંડ મોટું,
ખરેખાત જોતાં દિસે સર્વ ખોટું;
ટકેલું ભલું તે જવાનું ટળીને,
રખે રીઝતો રિદ્ધિ સિદ્ધિ રળીને. ૭
ઘણા વેગવાળી જુઓ કાળ ઘંટી,
બધું વિશ્વ તેમાં પડયું જેમ બંટી;
દમી મારશે દેહ સૌના દળીને,
રખે રીઝતો રિદ્ધિ સિદ્ધિ રળીને, ૮

મચ્છા પ્રાણિયો શો રસાસ્વાદ માટે,
વડી આશથી વિચરે વાટ ઘાટે;
મરે છે જુઓ મચ્છ ગોળી ગળીને,
રખે રીઝતો રિદ્ધિ સિદ્ધિ રળીને. ૯

ઘણા ગર્વમાં તું ફરે જેમ ઘેલો,
દિસે શ્રાવણો સાંઢ માતો થયેલો;
છકેલો ફરે શીદ સૌને છળીને.
રખે રીઝતો રિદ્ધિ સિદ્ધિ રળીને. ૧૦

થયું દ્રવ્ય ભેગું ગયું બાર વાટે,
દળે આંધળી ને વળી શ્વાન ચાટે;
અરે તોય સુઝે નહીં આંધળીને,
રખે રીઝતો રિદ્ધિ સિદ્ધિ રળીને. ૧૧

અરે જીવ જો તું તને આજ આમે,
દિધી દેશના* શુદ્ધ દલપત્તરામે;
હુવે સત્ય સંભાળ આ સાંભળીને,
રખે રીઝતો રિદ્ધિ સિદ્ધિ રળીને. ૧૨

દલપત.

ધનનો મદ આવવાથી મનુષ્ય સત્યતા સમજી શકતો નથી તથા પાપકર્મ બાંધ્યા કરેછે અને અનેકની સાથે કજીઆ કરેછે. તો તેમ નહિ થવા સૂચના કરી તેમ દીવાળીઆ પણ ન થવું તે તરફ ધ્યાન ખેંચવા આ ધનમદત્યાગ અધિકાર પૂર્ણ કર્યો છે.

धनहरशठ (दीवाळीयो)-अधिकार

ધનહરશઠ એટલે દીવાળીઆ લોકો બીજાનું ધન હરી પોતે મોજમજા ભોગવેછે અને બીજા ભોળા કે ગરીબડા લોકોને પાયમાલ કરી નાખેછે તેમાંથી બચવામાટે તેનાં વાર્ત્તારૂપે ઉદાહરણો ટાંકી આ અધિકારમાં બતાવ્યાં છે.

* દેશના-ઉપદેશ.

ધન ન આપવામાટે બદદાનત.

*વીરમગામમાં એક કસ્બાતી રહેતો હતો. તેને એવી ટેવ હતી કે લેવું એનું પાછું આપવુંજ નહિ. આથી તેની શાખ ઘણીજ ઘટી ગઇ. કોઇ પાઇ ધીરે એવું રહ્યું નહિ. પ્રથમ ધીરનાર એક વાણિયાનો કાંઇ હિસાબ બાકી રહ્યો હતો. વાણિયો વારંવાર ઉઘરાણી કરે પણ કસ્બાતી ગણકારે નહિ એટલે વાણિયો વીલે મોઢે ચાલ્યો જાય. કસ્બાતી થયો એટલે તેની સાથે ઝાઝી ખેંચતાણ થાય તેમ નહોતું, તેથી પટાવી ફોસલાવીને પૈસા કઢાવ્યા સિવાય બીજો ઉપાય નહોતો, એમ બુદ્ધિવાળો વાણિયો સારી રીતે સમજતો હતો. મિયાંસાહેબને એક વખત પૂરા ખુશ મીજાજમાં જોઇ કહ્યું, "મિયાં સાહેબ! આગળનો હિસાબ સમજીને ખાતું ચુકતું કરો તો સારૂં. એક વખત ખાતું ચુકતું થયું તો પછી નવેસરથી બીજી જણસ ભાવ જોઇએ તે આપવા ના નથી, દુકાન તમારી છે. જે જોઇએ તે મંગાવી લેજો." આથી પોતાને વાણિયો નવું ધીરશે એમ લાલચમાં મિયાંભાઇ પડયા ને જાણ્યું કે જુનો હિશાબ પતાવી દઇશું તો પછીથી વાણિયો ધીરશે ખરો. તેથી હિસાબ કરવાની હા પાડી.

વાણિયો હરખાતો હરખાતો દુકાને જઇને બે ચાર ચોપડા બગલમાં ઘાલી આવ્યો. આડા અવળા આંકડા મૂકી હિસાબ ગણી કાઢી વ્યાજનો ખરડો તૈયાર કર્યો, તો રૂપિયા સો લેણા નીકળ્યા તે કહ્યા.

મિયાંસાહેબ—તોબાહ અલ્લા! બડી ગજબકી બાત! રકમ તો ભારી હુય! લેકીન સો રૂપિયા તો તું તેરે મ્હુસે કહેતા હૈ. તબ કિતને લેનેકા બિચાર હૈ?

વાણિયો—કેટલા કેમ! વ્યાજ સાથે લેણા નિકળે છે તે સો રૂપિયા એમાં કાંઇ ચાલે નહિ. "હિસાબ કોડીનો ને બક્ષીસ લાખની" આંખમાં એક રજ સમાય તો હિસાબમાં એક પાઇ પણ સમાય"

મિયાં—અબે બનિયા, બીઆજ કૈસા! હમ મુસલમીનકું તો હરામ હૈ.

વાણિયો—હું ખરૂંજ તો દીકરો હોયછે તો વહુ આવે છે. રૂપિયા આપ્યા છે તો વ્યાજ માગીએ છીએ. અમથા કાંઇ માગતા નથી. અમારે આમાં બીજી શી આવક છે? વાણિયાનો દીકરો ધીરે એટલીજ રકમ પાછી લે તો શું ભીખ માગીને પેટ ભરે?

મિયાં—દેખ તેરે હિસાબ કરના હોય તો મેં બોલું ઇસ તરહસેં કર. ખાલી શીર ફીરાના મત. બીઆજ તો મૈં નહિ દૈંગા.

વાણિયો—(મનમાં) (કેટલેક વરસે માંડમાંડ હિસાબ કરવા બેઠો છે ને ખેંચતાણ કરી તો હિસાબ પડયો રહેશે. ફરીથી આ જન્મારે તો રૂપિયા મળ-

* કૌતુકમાળા.

વાની આશા નથીજ. માટે જેમ એની મરજી હોય તે પ્રમાણે હિસાબ કરી નાખવો ઠીક એમ ધારી તે બોલ્યો) ઠીક મિયાં સાહેબ, જેમ તમારી મરજી હોય તેમ કરો.

મિયાં—અચ્છા તબ સુન, સો તો તેરે મ્હુંસે કહેતા હું તો "સોકા હુવા સાઠ, આધા ગયા નાઠ; દશ દેઅેંગે દશ દીલાઇંગે; ઔર દશકા દેનાબી કયા ઔર લેના બી કયા ?" ચલ ચલાજા, હિસાબ હો ચુકા, ઔર દેણાભી દે ચુકા.

મતલબ કે–સોમાંથી ચાળીશ વ્યાજના ગયા, બાકી સાઠ રહ્યા. તેમાંથી અરધા છુટના મૂક્યા એટલે ત્રીશ રહ્યા. દશ આપીશ, દશ કોઇની પાસેથી અપાવીશ, અને પછી દશજ રહ્યા. તો એમાં આપવું શું! ને લેવું શું! વાણિયો બિચારો વિસ્મિત થઇ ગયો જે આ શો ગજબ! લેણા રૂપિયા ધૂળધાણી કરી નાખે છે! એક રાતી પાઇ રોકડી તો આપતો નથી. ફક્ત રૂપીઆ વીશ આપવા કહેછે. તે પણ નશીબમાં હશે તોજ આવશે! તેથી લાઇલાજ હોઇને દુકાને જઇ બેઠો.

આ વાત લઇને ન આપનાર દીવાળીઆ લોકોના પ્રસંગમાં કહેવામાં આવેછે. તેમ કરનાર વ્યવહારહીન થઇ આખર તેને કોઇ ધીરતું નથી ને દુઃખી થાયછે.

તને તો મીંઆઉં પણ તારા બાપને પણ મીંઆઉં!

[1]દમણ ગામમાં બોઘાશા નામે કોઇ મોટો વેપારી રહેતો હતો. તેને વેપારમાં ભારે ખોટ આવી ને ઘણો દેવાદાર થઇ ગયો, જેથી પોતાની દુકાન બંધ કરી ઘરમાં સંતાઇ રહ્યો. લેણદારો સખત ઉઘરાણી કરવા મંડયા, આંટાપર આંટા ખાય પણ પત્તો લાગે નહિ. કેટલેક દહાડે લેણદારોના જાણવામાં આવ્યું કે બોઘોશાહ અમુક ગુપ્ત જગાએ ઘરમાં ભરાઇ બેઠો છે. તે ઉપરથી લોકોએ તેની પાસે ઉઘરાણી કરવા જવાનો નિશ્ચય કર્યો. આ વાત બોઘાશાહના જાણવામાં આવ્યાથી ગભરાયો કે, હવે લોકો અહીંઆં આવશે તેનો શો ઉત્તર આપીશ? માટે તેણે પોતાની પીછાનવાળા, પણ તેના લેણદાર ધીરજલાલ શેઠની સલાહ લેવાનો ઇરાદો કરી તેને પોતાની પાસે બોલાવ્યો.

બોઘાશા—શેઠજી આપ જાણોછો કે, હું હાલ ઘણી તંગ હાલતમાં આવી પડયો છું. મારે એટલું બધું દેવું છે કે રૂપીએ એક [2]રામ મુજબ ચુકવવા જેટલી મારી પૂંજી નથી. આપનું જે દેવું છે તે તો હું પૂરેપૂરું પતાવીશ, પરંતુ હાલ બીજા લેણદારોની કનડગતમાંથી મોકળો કરાવો તો તમારા જેવા પ્રભુએ નહિ. એવો કાંઇ ઉપાય બતાવો કે તેઓ ઉઘરાણી કરતાજ બંધ થઇ જાય.

---

૧ કૌતુકમાળા. ૨ આનો.

ધીરજલાલ—જો ભાઇ તને ઇલાજ તો બતાવું પણ 'ગરજ સરી કે વૈદ વેરી' એ પ્રમાણે થાય નહિ.

બોધાશા—નાજી, એમ નહિ થાય. હું શું બેવકૂફ છું જે કરેલો ઉપકાર ભુલી જાઉં!!

ધીરજલાલ—તો ઠીક, સાંભળ એ બાબતનો ઇલાજ ટુંકો છે. કોઇ લેણદાર ઉઘરાણીએ આવે તેને બીજો કાંઇ ઉત્તર નહિ આપતાં, "મીંઆઉં મીંઆઉં" કર્યા કરવું. એથી કરીને લેણદારો ધારશે કે, આ બિચારો ગાંડો થઈ ગયો છે, તો "પડયા પર પાટુ શી મારવી?" એટલે ઉઘરાણી કરતા બંધ પડશે.

આ ઉપાય બોધાશાહને ઠીક ગમ્યો. બીજે દીવસ થાપણ મુકનારા તથા વેપાર કરનારા તમામ લેણદારો આવી તકાજો કરી કહેવા લાગ્યા :—

એક વેપારી—બોધાશા! અમારો હિસાબ ચુકાવી આપો.

બોધાશા—મીંઆઉં!!!

બીજો વેપારી—પાધરો જવાબ આપતાં કાંઇ મોઢું દુખેછે? રૂપિયા ગણી આપોને?

બોધાશા—મીંઆઊં!!!

સરાફ—મીંઆઊંવાળાતો! જાણ્યું તારૂં ડહાપણ! બાપની મતા હતી જે રૂપિયા કોથળી ભરીને લઇ ગયો હતો; લેતી વખત તો નાણાવટી થઇને આવ્યો હતો; પણ યાદ રાખ, કે રૂપિયા લીધા વગર જનાર નથી.

બોધાશા—મીંઆઊં!!!

કહિયારો—ભલા માણસ! મેં તો થાપણ મૂકી છે એમાં શું તારૂં ખાધું પીધું છે? કોઇ ઉતાવળના વખતમાં અમારા જેવા ઘર ખુણીઆના રૂપિયા કામે લાગતા-તે હવે બેઠાની ડાળ શામાટે તું કાપેછે? અમને ગરીબને તો આપ.

બોધાશા—મીંઆઊં!!!

એક લેણદારનો દીકરો—દીવાળીઆના દીકરા? તું સમજતો નહિ કે "આ વાંઝીયાનો માલ છે તે તને પચશે"? પણ આતો પછવાડે આવડા આવડા દાંતવાળા બેઠા છીએ: તેથી તારો જીવ લેશું! માટે ઝટ દઇને રૂપિયા કાઢી આપ.

બોધાશા—મીંઆઊં!!!

પિંજારો—બોધાભાઇ, આ શો ગજબ! રૂપિયા લેતી વખત અમને "સો મણની તળાઇમાં સુઇ રહેવાનું" કહેતા હુતા, ને હવે આ શું સમજવું? અમારો રાંકરોષ ને પ્રાણશોષ જવા દો ને રૂપિયા આપો.

બોધાશા—મીંઆઊં!!!

રાંડીરાંડ—અરે ભાઇ! રાંડી રૂએ, માંડી રૂએ, પણ સાત ભરથારી તો મ્હોંએ ન ઉઘાડે એમ હોતું હશે! તમે ઘણી તરફની આવકવાળા, લાખોના વેપાર કરનારા, સારી શાખવાળા થઇને આમ શું બોલોછો? મેં મારી રાંડીરોળાની થાપણ મૂકી છે, તે ઉપર મારો રંડાપો છે, માટે સારો જવાબ આપો.

બોઘાશા—મીંઆઊં!!!

સોની—શેઠ તમારે પારકા ઘર ઉપર આ બધી ધામધુમ ને વેપાર શા માટે કરવો પડયો હતો. પોતાનું ઘર તપાસીને વાત કરવી હતી. એવું શું "સોનું પહેરીએ કે કાન ત્રુટે." આ લીધા છે રૂપિયા તે તો આપવા પડશે.

બોઘાશા—મીંઆઊં!!!

ખોજો—શેઠ મૂળાના પતીકા જેવા રૂપિયા ગણી આપ્યા છે ને હવે આડો જવાબ શા માટે આપો છો? લેતી વખત આપવા પડશે એમ જાણતા નહોતા?

બોઘાશા—મીંઆઊં!!!

આવી રીતે જૂદા જૂદા લેણદારોએ અનેક પ્રશ્ન કર્યા તેનો ઉતર "મીંઆઊં" "મીંઆઊં" સિવાય બીજો કાંઇ બોઘાશા પાસેથી મળ્યો નહિ. તેથી તે ગાંડો થઇ ગયો છે, એમ ધારી તે બધાએ નિરાશ થઇ ઉઘરાણી કરવી બંધ કરી.

આ ઇલાજ બોઘાશાને રામબાણ જેવો થઇ પડયો; ઉઘરાણીરૂપી દુઃખ દુર નાશી ગયું જાણી તે ખુશી થયો. પછીથી તે લાભકારી વાત જોઇ હરામના આવેલા રૂપિયા જોડે મડાગાંઠવાળી બેઠો. ગમે તેમ થાય પણ 'દમડી શીરકટું પણ તુજે ન છોડું' એવા ઠરાવપર આવી ગયો.

કેટલાક દિવસ પછી ધીરજલાલ શેઠે વિચાર્યું કે, હવે તો બોઘાશાના સઘળા લેણદારો ઉઘરાણી કરતા બંધ પડયા હશે માટે હવે જઇને મારા નાણાં તો પકવી લાવું. આ ઉમેદથી ધીરજલાલ શેઠે બોઘાશાહને ઘરે આવી પોતાના લેણા રૂપિયાની ઉઘરાણી કરતાં બોઘાશાએ "મીંઆઊં" કહ્યું ધીરજલાલ શેઠ તો ચકિત થઇને કહેછે, "અરે ભલા આદમી! મને પણ મીંઆઊં"!!! તને તો 'મીંઆઊં,' પણ તારા બાપને પણ 'મીંઆઊં,' બોઘાશાએ ઉત્તર દીધો. આથી ધીરજલાલ પસ્તાઇને વીલે મોઢે ચાલ્યો ગયો.

દુનિઆમાં કેટલાક સ્વાર્થના ભુખ્યા હોયછે. પોતાનો અર્થ સર્યો એટલે ઉપકાર કરનારને આંખના પાટા જેવો ગણે છે તેમજ જેઓ ફક્ત પોતાનો લાભ તાકી બીજાનું ખરાબ કરવા ઇચ્છે તેને "હાથના કરેલ હૈયે વાગે છે." તે વખતે પુરો પસ્તાવો થાયછે.

મળ્યા તો મીર ન મળ્યા તો ફકીર.

લોક રીતિ કે નીતિની, નથી જેને દરકાર;
નાગો તેને જાણવો, આ જગમાં નિરધાર. પ્રાણજીવન.

[1]એકવખતે અકબર બાદશાહે બીરબલને પુછયું કે 'બીરબલ દુનીઆમાં જે નાગો કહેવાય છે તે કેવા પ્રકારનો નાગો સમજવો, કેમકે કપડાં પેહરે છે છતાં તે નાગો કહેવાય છે, તેવો નાગો હજુ મારા જોવામાં આવ્યો નથી તેથી જોવા ચાહું છું' બીરબલે કહ્યું 'નામદાર! આપની ઇચ્છા છે તો, હું ગમે ત્યાંથી ખરેખર નાગો ખોળી લાવીશ, પરંતુ થોડો વખત લાગશે.' બાદશાહે કહ્યું કે 'તેની કાંઇ ચિંતા નહિ.' ત્યારપછી બીરબલે નાગાનો શિરોમણિ એક 'લાલ' હતો, તેને બોલાવી ખાનગીમાં કહ્યું કે, હાલમાં મારા સાંભળવામાં આવ્યું છે કે, કાંઇ પૈસેટકેથી તમે જરા તંગ હાલતમાં છો માટે કહુંછું કે, તમારે કોઇ વાતે મુંઝાવું નહિ અને જરૂર હોય તો, કાલે દરબારમાં બાર વાગે આવવું, જેથી બસે-પાંચસે રૂપિયા અપાવીશ, તેથી કેટલોક વખત ટટ્ટુ ચાલશે પછી પ્રભુ ઘણોજ દયાળ છે. આ પ્રકારનું બોલવું સાંભળી નગેંદ્રલાલે કહ્યું કે 'આપ સાહેબ અમારા જેવાની સંભાળ લેતા આવ્યા છો, એટલે વિષમ વખતે બાજી સુધારી લેવા આપ કાળજી ધરાવો એમાં શું આશ્ચર્ય જેવું છે? જ્યાંસુધી અમારા જેવા લાલ લોકોની પાસે નાણાં હોય ત્યાંસુધી તો નવલશાહ હીરજીના દીકરા પણ જ્યારે ખીસ્સાં ખાલી, ત્યારે તો હાલીમોવાલી જેવા બની ટક્કાના ત્રેપન શેર થઇ રખડીએ. મળ્યા તો મીર ન મળ્યા તો ફકીર અને મુવા પછી તો પીર થનારા એમજ છીએ, તે માત્ર તમોને આશીષ દઇશું કે ભગવત તમોને સલામત તંદુરસ્ત રાખે! બીજું તો અમો આપીએ કરીએ તેવા શું છીએ. વારૂ હવે હું રજા લઉછું અને કાલે કચેરીમાં જરૂર આવીશ. એમ કહી લાલસાહેબ રખડપટ્ટી ડીપાર્ટમેન્ટમાં પધાર્યા.

બીજે દિવસે બીરબલ કચેરીમાં બેઠો હતો તે વખતે સંકેત પ્રમાણે લેવાની વખતે સાચો વાયદો સાચવનાર લાલ આવી પહોંચ્યા અને શાહુને બીરબલે ખાનગીમાં અરજ કરી કે 'આ બિચારો હાલ પૈસા તરફથી તંગ હાલતમાં છે. જેથી આપ નામદાર પાસે આવેલ છે માટે ગરીબ અવસ્થામાં આવેલ પોતાની પ્રજાને સહાયતા આપી હાલત સુધારવી જોઇએ. આવું બીરબલનું બોલવું સાંભળી શાહે કહ્યું કે ભલે જો એમ હોય તો, જે રકમ એને જોઇતી હોય તે આપવા ખજાનચીને હુકમ લખી આપો. પછી નગેંદ્રલાલને બોલાવી ખાનગીમાં પુછયું કે કેટલા રૂપીઆની હાલ જરૂર છે? લાલે કહ્યું કે માત્ર પાંચશોની જરૂર છે અને તે એક માસની અંદર પાછા આપી દઇશ. તદનંતર ખજાનચી ઉપર હુકમ લખી પાંચસો રૂપીઆ અપાવ્યા. માસ થયો બે માસ થયા, પણ લાલ સાહેબ તો લમણો વાળેજ શાના! છેવટે સીપાઇ મોકલી લાલને બોલાવી રૂપિયાની ઉઘરાણી કરી એટલે લાલે જવાબ આપ્યો કે માફ કરજો, મારાથી મુદતસર

---

૧ બીરબલ બાદશાહ.

નાણું અપાયાં નથી, પણ હુવે હું માત્ર ૧૦ દિવસની અંદર વગર પુછયે આપી દઇશ, એમ કહી રજા લીધી, દશ દિવસનો વાયદો કર્યો હતો, પણ તેતો પાછા આપવા હોય તેનો વાયદો, પણ જેને મુડીમાં આપવાજ નથી, તેને પછી વાયદાનો ફાયદો શું કામનો? ૧૦ દિવસને બદલે બેચાર મહિના થયા એટલે ફરી શાહને યાદી આપી કે ખલકપનાહ! પેલો ૧૦ દિવસનો વાયદો કરી ગયો હતો, પણ તેતો હવામાં ઉડી ગયો આતો દયા ડાકણને ખાય તેવો ઘાટ બન્યો માટે હવે તો કઠોર કાયદો અમલમાં લીધા વિના રૂપીઆ પતવાના નથી! આ પ્રમાણે બીરબલનું બોલવું સાંભળી અકબરશાહે એકદમ તે લાલને બોલાવી લાવવા હુકમ ફરમાવ્યો તેથી સીપાઇઓએ તેને લાવી હજુર આગળ રજુ કર્યો, એટલે બાદશાહ ક્રોધવંત થઇ લાલને કહ્યું કે 'કેમરે! તારો વાયદો કયાં ગયો? બસ આજે રૂપીઆ આપ્યા પછીજ જવા દેવામાં આવશે. એમ કહી સીપાઇઓને કહ્યું કે આ બદમાસને તડકે બેસાડી મૂકો. સીપાઇઓ તો માત્ર હુકમનીજ વાટ જોતા હતા. ખાસા મજેહના તડકામાં લાલને બેસાડી દીધા. લાલે વિચાર્યું કે આજે કમબખતી આવી પહોંચી, હવે મને છોડશે નહિ. તડકે તો પ્રાણ જાયછે, અને નાણાંનાં તો ઠેકાણાં નથી. કેટલાકનાં દેવાં પતવું! એમ કહી ધરતીઉપર લીટા ખેંચી જે જેનું દેવું હતું તેના તેના નામનું લીટું ખેંચ્યું એટલે ફલાણાના ૧૦૦।, ફલાણાના ૪૦૦।, ફલાણાના ૮૦૦।।।, ફલાણાના ૧૪૦૦।।। એમ ગણતાં લીટી ખેંચતા છેવટ બાદશાહના ૫૦૦।। તેનું અને એક દરરોજ શેર અનાજનું પેટનું દેવું તેનું પણ એક લીટું ખેંચ્યું. આ સઘળો પ્રકાર શાહ ઝરોખામાં બેઠો બેઠો નિહાળતો હતો, લાલ સાહેબ તો લીટા ખેંચી વિચારમાં પડ્યા, માથું ધુણાવતા ચિંતામાં તલ્લીન થયા અને છેવટે છેલ્લા સિદ્ધાંતઉપર આવી વિચાર્યું કે, સઘળાના દેવાં છે; પરંતુ મારી પાસે હશે તો લેશે, નહિ તો લેશે શું આડી વાટની ધૂળ!' એમ કહી એકપછી એક લીંટા ભુશી નાંખતાં બાદશાહના દેવાનું લીટું આવ્યું તે વખતે ઘણોજ વિચાર કર્યો પણ છેવટ તેને પણ હશે તો લેશે નહિ તો લેશે શું આડીવાટની ધૂળ! શાહ શું કરશે? કેદ પુરશે. પણ તે કયાં સુધી? ખાવા આપવું પડશે એટલે છેવટે થાકીને પોતાની મેળેજ કહાડી મૂકશે પણ બીજું શું કરી શકે તેમ છે? આમ વિચારી તે લીટું પણ ભુંશી નાખ્યું પણ છેલ્લું પેટના દેવાનું લીટું કોઇ રીતે ભુશી શકયો નહી, કેમકે તેનું દેવું આપ્યા વિના છુટકોજ નહોતો એટલે લાચાર. આ કામ જોઇ શાહે તેને હજુરમાં બોલાવી પુછયું કે તું શું કરતો હતો? અને એ લીટા કહાડયા તથા વિચાર કરી ભુંશ્યા અને એક લીટો ભુંશી શકયો નહી એ શું? લાલે હાથ જોડીને કહ્યું કે ગરીબપરવર વાત પૂછવામાં કશો માલ નથી, નાહક વાત કહેવાથી હું બમણો ગુન્હેગાર થઇ પડું. શાહે કહ્યું કે જે વાત હોય તે ખુશીથી કહે, તારા ગુન્હા માફ છે. આવું બાદશાહનું

બોલવું સાંભળી પૂર્વની પેઠે સર્વ હકીકત કહી સંભળાવી, એટલે શાહ બોલ્યો કે બીરબલ! આતે નાગો છે કે શું? આની પાસેથી આપણે પણ શું લેવાના હતા? બીરબલે કહ્યું કે હજુર સલામત! નાગાને જોવાની ઉત્કંઠા ધરાવતા હતા તેથી મારે આ લાલ સાહેબને રૂપીઆ આપવા પડયા છે હવે જેમ નામદારની મરજી હોય તેમ હુકમ ફરમાવો. આ પ્રકારે બીરબલનું બોલવું સાંભળી શાહે કહ્યું કે 'હશે' રૂપીઆની કયાં માલિકના પ્રતાપે ખોટ છે. પણ જેને જોવો હતો તેને તો જોયો જેથી હું ઘણોજ ખુશી છું. શાબાશ છે તારી ચાતુરીને, એમ કહી ઇનામ આપી શાહ પોતાના આનંદમાં પ્રવર્ત્યો.

આવા દીવાળીઆ લુચ્ચા માણસોની સંગત નજ કરવી નહિતર તે આપણને પાયમાલ કરી આપણી જીંદગીનો અંત લાવેછે તેથી તેનાથી દૂર રહેવું શ્રેયસ્કર છે એમ બતાવી આપણી પાસે જે પરિગ્રહ હોય તેનો સુમાર્ગમાં ઉપયોગ કરવા સૂચવી આ ધનહરશઠ અધિકારની સમાપ્તિ કરી છે.

परिग्रहत्यागगुण–अधिकार.

ગત અધિકારમાં કહ્યું કે ધનહરશઠ–લુચ્ચાઓથી જેમ ચેતીને ચાલવાનું છે તેમ પરિગ્રહ ઉપરથી પણ મમત્વ ઉઠાવી લેવાની જરૂર છે. કારણકે પરિગ્રહને જેમ જેમ ચાહીએ છીએ તેમ તેમ તે વૃદ્ધિંગત થાયછે, તેમની વૃદ્ધિમાં પ્રયત્નસાધ્ય દૃશ્યસુખો માનવામાત્ર ઐહિકસુખો ભલે મળે પણ તે આમુષ્મિકનાં બાધરૂપ થઇ પડેછે. પ્રાણીમાત્રને પોતાના આત્મા જેવી કોઇ પણ વસ્તુ પ્રિય નથી તો જે તેમનું હિત નથી સાધી શકતો. તેમણે કશુંએ કર્યું નહિ તેમ સમજવું અને જેઓએ તેમને શાંતિ આપી છે તેજ સફળપ્રયત્ની છે. મોહપાશથી આત્માને પરિગ્રહના ફાંસામાં નાખે તો ક્ષણમાત્ર પણ તેના આક્રમણથી તે નિકળી શકે તેમ નથી તથા તે વિશેષ દબાતો જાયછે અને પ્રથમથીજ ધન ગૃહક્ષેત્રાદિના વિશેષ પરિચયમાંથી ક્રમેક્રમે નિર્મુક્ત કરવા પ્રયત્ન કરવામાં આવ્યો હોય તો તેવા અધ્યાસથી આસક્તિ રહિત બની પરમપદે પહોંચેછે.

શાસ્ત્રશ્રવણવિના પરિગ્રહનો ત્યાગ થતો નથી તેથી શાસ્ત્રની શ્રેષ્ઠતા વર્ણવી છે.

अनुष्टुप् (१ थी ५).

अज्ञानाहिमहामन्त्रं, स्वाच्छन्द्यज्वरलङ्घनम् ।
धर्मारामसुधाकुल्यां, शास्त्रमाहुर्महर्षयः ॥ १ ॥

ज्ञानसार (अष्टक).

શબ્દાર્થ—મહર્ષિઓ કહેછે કે શાસ્ત્ર છે તે અજ્ઞાનરૂપી સર્પનો મહામંત્ર છે, સ્વેચ્છાચારી તાવને લાંઘણરૂપ છે અને ધર્મરૂપી બગીચાને વિષે સુધાનું ઝરણુ છે.

વિવેચન—જ્ઞાનાદિ ગુણોએ કરી જે યુક્ત છે એવા ઋષિઓ, અનુષ્ઠેય જ્ઞાપક શાસ્ત્રના કરનારા આચાર્યો, અજ્ઞાનરૂપી સર્પ—શુદ્ધ શ્રદ્ધાનો નાશ કરીને મહા મૂર્છા ઉત્પન્ન કરનાર—તેનાથી ઉત્પન્ન થયેલ કુવાસનારૂપી વિષવેગને ઉતારવાને માટે પૂર્વોક્ત શાસ્ત્રને મહામંત્ર કહેછે. તથા સ્વચ્છંદતા એટલે નિજ ઇચ્છાકારિપણું તે રૂપી જ્વર તેનો નાશ કરવાને લાંઘણરૂપ કહેછે, ધર્મ એટલે નિજ સ્વભાવ અને મોક્ષના ઉપાયનું સેવવું તે આરામ-બગીચો, તેને વિષે અમૃતનું ઝરણુ—નીક છે એમ કહે છે. ૧.

મોક્ષ મેળવવાની સડક.

यदा सर्वम्परित्यज्य, निःसङ्गो निःपरिग्रहः ।
निश्चिन्तश्चाचरेद्धर्मं, ब्रह्म सम्पद्यते तदा ॥ २ ॥

पुराण.

જ્યારે તમામ છોડીને નિઃસંગ, પરિગ્રહરહિત, ચિંતા વગર ધર્મનું આચરણ કરે ત્યારે બ્રહ્મ (મોક્ષ) ને પામેછે. ૨.

મનુષ્યને બાંધનાર દશ પરિગ્રહ.

क्षेत्रं वास्तु धनं धान्यं, कुप्यं शयनमासनम् ।
द्विपदः पशवो भाण्डा, बाह्या दश परिग्रहाः ॥ ३ ॥

ખેતર વાડી, વાસ્તુ (ઘર), ધન, ધાન્ય, કુપ્ય (ત્રાંબા વિગેરેનું નાણું), શયન, આસન, મનુષ્યો, પશુઓ અને વાસણો એ દશ બહારના પરિગ્રહો છે. ૩.

સુખ તથા દુઃખની પ્રાપ્તિની સમજણ.

क्लेशाय विस्तराः सर्वे, संक्षेपास्तु सुखावहाः ।
परार्थं विस्तराः सर्वे, त्यागमात्महितं विदुः ॥ ४ ॥

તે સઘળાઓનો વિસ્તાર ક્લેશ આપે છે અને સંક્ષેપ (ઓછા કર્યા હોય તો) સુખ આપે છે તેમનો વિસ્તાર પરાયા હિતને માટે છે અને ત્યાગમાં પોતાનું હિત જાણવું. ૪.

પ્રયોજન જેટલો પરિગ્રહ રાખવો.

गोशतादपि गोक्षीरं, मानं मूढशतादपि ।
मन्दिरे मञ्चकस्थानं, शेषाः परपरिग्रहाः ॥ ५ ॥

सूक्तिमुक्तावली.

સેંકડો ગાયમાંથી પણ ગાયના દુધની જરૂર છે, સેંકડો મૂર્ખોમાંથી પણ એક માન આપે તે બસ છે, આખા ઘરમાં એક ખાટલાની જગ્યો જરૂરની છે માટે બાકીનું જે વધારવામાં આવે તે બીજાઓને માટે પરિગ્રહ જાણવો.

સારાંશ—દૂધની જરૂર હોય તો એક ગાય કરતાં વિશેષ ગાયોની ખટપટમાં પડવું નહિ. તેમ પોતાને માનની જરૂર હોય તો એક મૂઢ પુરૂષ માન આપે તો તેનાથી સંતોષ માનવો. વધારે માનની ખટપટમાં મચ્યું રહેવું નહિ. ખાટલા જેટલી જગ્યો મળે તો મહેલ કે હવેલી રચવાની ઉપાધિમાં પડવું નહિ. કહેવત છે કે "ઓઝે પુળે ઓઝી જાળ." ૫.

નિર્મોહી સુખી.

उपजाति (६–७).

मोहव्यतीतस्य नरस्य यत्सुखं, न तत्सुखं केशवशक्रचक्रिणाम् ।
कृताङ्गरागस्य हि शल्यभाजिनोः, न तत्सुखं यद्गतशल्यके जने ॥ ६ ॥

નિર્મોહી પુરૂષને જે સુખ છે તે સુખ વિષ્ણુ, ઇંદ્ર અને ચક્રવર્તી રાજાને પણ નથી કારણકે જેવું સુખ શલ્ય (કાંટાદિ) રહિત મનુષ્યને થાયછે તેવું સુખ ચંદનનું લેપન કર્યા છતાં શલ્યવાળાને થતું નથી. ૬.

પરિગ્રહની સીમા હોવી જોઇએ.

धनेषु धान्येषु हलेषु वास्तुषु, स्वर्णेषु रूप्यद्विचतुःपदेषु च ।
कुप्येषु मोहान्नवधा परिग्रहस्तस्य प्रमाणं विदधीत धीनिधिः ॥ ७ ॥

नरवर्मचरित्र.

ધનમાં, ધાન્યમાં, ક્ષેત્રમાં, ઘરમાં, સોનામાં, રૂપામાં, મનુષ્યોમાં, પશુઓમાં અને તામ્રાદિધાતુઓમાં મોહ થવાથી નવ પ્રકારે પરિગ્રહ (વૃદ્ધિંગત) થાયછે માટે વિદ્વાને તેમનું (મોહ નષ્ટ થવા માટે) પ્રમાણ બાંધવું જોઇએ. ૭.

ત્યાજ્ય વસ્તુમાં મોહ ન કરવો.

शार्दूलविक्रीडित.

साम्राज्यङ्कथमवाप्य सुचिरात्संसारसारम्पुन-
स्तत्त्यक्त्वैव यदि क्षितीश्वरवराः प्राप्ताः श्रियं शाश्वतीम् ।
त्वम्प्रागेव परिग्रहान्परिहर त्याज्यान् गृहीत्वापि ते,
माभूर्भौतिकमोदकव्यतिकरं सम्पाद्य हास्यास्पदम् ॥ ८ ॥

आत्मानुशासन.

ઉત્તમ રાજાઓ ઘણી મહેનતે સંસારમાં સારરૂપ રાજ્યાદિ પ્રાપ્ત કરીને પાછા તેમને છોડીને શાશ્વતી (અચલ) લક્ષ્મીને પામ્યા છે (અર્થાત્ મોક્ષ સુખ મેળવ્યું છે) "તેથી હે ભાઇ તું!" તજવા લાયક પરિગ્રહોને ગ્રહણ કરીને તારા ભૌતિક (નાશવંત) માં પ્રીતી મેળવીને હાસ્યનું સ્થાન ન થા. ૮.

કેટલાક પુરૂષો એમ માને છે કે સંસારી વસ્તુઓ ભોગવ્યા વિના વૈરાગ્યની પ્રાપ્તિ કે પરિગ્રહત્યાગ થતો નથી. એમ માનવામાં ખરેખર સમજણ ફેર જણાય છે કારણકે અનુભવ મેળવવાથી સત્ય ખબર પડેછે એ વાર્તા તો નિર્વિવાદ છે પણ અનુભવ ન મેળવ્યો હોય તો પણ શાસ્ત્રશ્રવણ તથા મહાત્માના વચનદ્વારા પણ જ્ઞાન મળવા સંભવ છે.

એક અંધારો કુવો છે તેમાં પુષ્કળ કાંટા રહેલા છે તેમાં અનેક ઝેરી સર્પો ફર્યા કરેછે તેમાં દૂરથી જોવાને લીધે જ્ઞાન થાયછે કે એ કુવામાં જવાથી જરૂર સુખની હાનિ છે એ દેખીતું જણાઇ આવે છે છતાં તે જ્ઞાન મેળવવા અનુભવની જરૂર નથી. તે પ્રમાણે ભોગ ભોગવ્યાવિના વિષયોનો ત્યાગ કરવામાં આવે તો ખરેખર રીતે બહુજ ઉત્તમ છે એ સમજાવી હવે પરિગ્રહગ્રહણ કરવામાં દોષ છે તે બતાવવા આ પરિગ્રહત્યાગગુણ અધિકારની સમાપ્તિ કરી છે.

परिग्रहग्रहणदोष-अधिकार.

જેમ જેમ લોકોની પરિગ્રહમાં આસક્તિ વધતી જાય તેમ તેમ તેમના અનુયાયી નિંદા, વેર, ઇર્ષ્યા, દંભ, મોહ, માન વિગેરે એકઠા થઇ મનુ-

ષ્યને પોતાને વશ થયેલો જાણી અધોગતિએ પહોંચાડેછે. કેટલાક રાજા મહારાજાઓ અને રૂષિ મુનિઓ પણ પરિગ્રહના પંઝામાં પડી પતન પામી પોતાનાં પ્રાક્કૃત પુણ્યોને પરવારી બેઠા છે. મનુષ્ય એક બંધનમાં બંધાણો હોય તો છુટવો અશક્ત છે, તો આ પરિગ્રહ તો નવ અથવા દશરૂપે જુદાં જુદાં બંધનનાં સાધનવાળો છે માટે દૂર રહેવું તેજ ઉત્તમ છે. જો તેના ઝપાટામાં કોઇ ફસાય તો તેને છુટું થવું બહુજ મુશ્કેલ છે.

સંયમીને પણ પરિગ્રહ ડુબાડેછે.

अनुष्टुप् (१ थी ३).

यानपात्रमिवाम्भोधौ, गुणवानपि मज्जति ।
परिग्रहगुरुत्वेन, संयमी जन्मसागरे ॥ १ ॥

कस्यापि.

સમુદ્રમાં માલનો બોજો વિશેષ થવાથી યાનપાત્ર (વહાણ) ગુણવાળું (દોરડાવાળું) છતાં પણ ડુબી જાયછે તેની માફક ગુણવાન્ પણ સંયમી સંસાર સાગરમાં પરિગ્રહના ગુરૂત્વ (બોજા) થી ડુબે છે. ૧.

પરિગ્રહ દુઃખદાયક છે.

क्रीडोद्यानमविद्यानां, वारिधिर्व्यसनाम्भसाम् ।
कन्दस्तृष्णामहावल्लेरेक एव परिग्रहः ॥ २ ॥

એક પરિગ્રહજ અવિદ્યા (અજ્ઞાન) ને માટે ક્રીડાનો (વિહારનો) બગીચો છે, વ્યસન (દુઃખ) રૂપી પાણીનો સમુદ્ર છે અને તૃષ્ણારૂપી મહાવલ્લીનો કંદ છે. ૨.

ઘણા વિસ્તારથી ઝાઝું દુઃખ.

यथा यथा महत्तन्त्रं, विस्तरश्च यथा यथा ।
तथा तथा महद्दुःखं, सुखं च न तथा तथा ॥ ३ ॥

सूक्तिमुक्तावली.

જેમ જેમ કુટુંબાદિકમાં આસક્તિ વધારાતી જાય અને જેમ જેમ પરિગ્રહનો વિસ્તાર થતો જાય તેમ તેમ દુઃખ વધતું જાયછે અને સુખ ઘટતું જાયછે. ૩.

જે પરિગ્રહ તે આરૂઢને પતિત કરનારૂં સાધન છે.

इन्द्रवज्रा.

बाहौबली श्रीभरतो नरेशः, श्रीवासुदेवप्रतिवासुदेवौ ।
श्रीकोणिकश्रेणिकभूमिनाथौ, जातौ विसंवादपदं हि लोभात् ॥ ४ ॥

नरवर्मचरित्र.

બાહુબલી રાજા તથા શ્રીભરતરાજા, શ્રીવાસુદેવ અને પ્રતિવાસુદેવ, શ્રી-કોણિક અને શ્રેણિક વિગેરે રાજાઓ લોભથી પતન પામ્યા છે. ૪.

ધનલોભનું અનર્થકારિત્વ.

मालिनी.

कलहकलभविन्ध्यः क्रोधगृध्रश्मशानं ।
व्यसनभुजगरन्ध्रं द्वेषदस्युप्रदोषः ।
सुकृतवनदवाग्निर्मार्दवाम्भोदवायु-
र्नयनलिनतुषारोऽत्यर्थमर्थानुरागः ॥ ५ ॥

જે અતિશય ધનમોહ છે, તે કલહરૂપી બાલહસ્તીને વિંધ્યાચળરૂપ છે, ક્રોધરૂપી ગીધપક્ષીને સ્મશાનતુલ્ય, વ્યસનરૂપી સર્પને રહેવાના દર (ભોણ) રૂપ, દ્વેષરૂપી ચોરને સંધ્યાકાળતુલ્ય, પુણ્યરૂપી વનને દાવાનળ તુલ્ય, કોમળતારૂપી વાદળાંને વાયુતુલ્ય, અને ન્યાયરૂપી કમળને હિમતુલ્ય છે.

સારાંશ—ધનની મમતાથી ક્લેશ, ક્રોધ, વ્યસન તથા દ્વેષ ઉત્પન્ન થાયછે અને પુણ્ય, સરલતા તથા નીતિ નાશ પામે છે. ૫.

પરિગ્રહ દુઃખકર.

शार्दूलविक्रीडित (६ थी ८).

कालुष्यं जनयन् जडस्य रचयन् धर्मद्रुमोन्मूलनं,
क्लिश्यन्नीतिकृपाक्षमाकमलिनीर्लोभाम्बुधिं वर्धयन् ।
मर्यादातटमुद्रुजन् शुभमनोहंसप्रवासं दिशन्,
किं न क्लेशकरः परिग्रहनदीपूरः प्रवृद्धिं गतः ॥ ६ ॥

વૃદ્ધિ પામેલ એવા નદીના પૂરની માફક શું પરિગ્રહ ક્લેશકર નથી? અર્થાત્ ક્લેશકર છે.

જેમ નદીનું પૂર પાણીને ડોળી નાખે છે, કાંઠાઉપરનાં વૃક્ષને મૂળમાંથી ખેંચી કાઢે છે, કમળને પીડે છે, સમુદ્રને વધારે છે, કાંઠાને ભાંગી નાખે છે, અને હંસને ઉડાવી મૂકે છે; તેમ પરિગ્રહ મૂર્ખને ક્લેશ ઉત્પન્ન કરેછે, ધર્મને ઉખેડી નાખે છે, નીતિ, કૃપા, ક્ષમાને પીડે છે (નાશ કરેછે), લોભને વધારે છે, મર્યાદાને મૂકાવે છે અને શુભ ધર્મધ્યાન કરનારૂં જે મન તેને પરદેશ ગમનોન્મુખ કરેછે. ૬.

તથા—

प्रत्यर्थी प्रशमस्य मित्रमधृतेर्मोहस्य विश्रामभूः,
पापानां खनिरापदां पदमसद्ध्यानस्य लीलावनम् ।
व्याक्षेपस्य निधिर्मदस्य सचिवः शोकस्य हेतुः कलेः,
केलीवेश्म परिग्रहः परिहृतेर्योग्यो विविक्तात्मनाम् ॥ ७ ॥

વિવેકી મનુષ્યોએ પરિગ્રહ તજવો એ યોગ્ય છે, કારણકે પરિગ્રહ શાંતિનો શત્રુ છે, અસંતોષનો મિત્ર છે, મોહનીયકર્મનું વિશ્રામ સ્થાન છે, પાપોની ખાણ છે, દુઃખોનું સ્થાનક છે, રૌદ્રધ્યાનનું ક્રીડાવન છે, વ્યાકુળપણાનો ભંડાર છે, અહંકારનો પ્રધાન છે, શોકનું કારણ છે અને કજીઆને રમવાનું ઘર છે. ૭.

વળી—

वह्निस्तृप्यति नेन्धनैरिह यथा नाम्भोभिरम्भोनिधि-
स्तद्वन्मोहघनो घनैरपि धनैर्जन्तुर्न सन्तुष्यति ।
न त्वेवं मनुते विमुच्य विभवं निःशेषमन्यं भवं,
यात्यात्मा तदहं मुधैव विदधाम्येनांसि भूयांसि किम् ॥ ८ ॥

सिन्दूरप्रकर.

જેમ કાષ્ઠથી અગ્નિ શાંત થતો નથી અને પાણીવડે સમુદ્ર તૃપ્તિ પામતો નથી, તેમ ઘણોજ મોહિત મનુષ્ય પુષ્કળ દ્રવ્યવડે સંતોષી બનતો નથી વળી તે જીવ સઘળું દ્રવ્ય છોડીને બીજો જન્મગ્રહણ કરેછે (તેથી પૂર્વનું દ્રવ્ય સઘળું પડયું રહેછે) છતાં હું શામાટે આ વૃથાપાપો કરૂંછું એમ તે જીવાત્મા વિચારતો નથી. ૮.

અતિ પરિગ્રહથી થતું દુઃખ.

મગધદેશવિષે રાજગૃહીનગરીમાં શ્રેણિકરાજા છે તેની ચેલણા નામે રાણી છે. એકદા ભાદ્રપદ માસમાં ચેલણા રાણી રાજાની સાથે ગોખમાં બેસી વૈભારગિરિ સામું જોવા લાગ્યાં. ત્યાં અનેક નિર્ઝરણાં વહેછે, ઠામ ઠામ દર્દુરસ્વર થઇ રહ્યા છે, બાપૈયા બોલી રહ્યા છે, મોર નૃત્ય કરેછે, પાણીના વહેતા પ્રવાહ નદીમાં સમાતા નથી. એ અવસરે કોઇ એક પુરૂષને નદીપ્રવાહની માંહેથી મ્હોટી મહેનતે કાષ્ઠ કાઢતાં ચેલણાએ દીઠો, તેથી મનમાં વિષાદ કરતી રાજા પ્રત્યે બોલી કે હે સ્વામી—

> ભરિયાને સહુ કો ભરે, વૂઠાં વરસે મેહ ;
> સધન સનેહા સહુ કરે, નિર્ધન દાખે છેહ.

એ ઉખાણો જે જગમાં કહેવાયછે, તે સાચો છે. રાજાએ પૂછયું કે કેમ? તે વખતે રાણીએ કહ્યું કે હે સ્વામી! એ એક દરિદ્ર પુરૂષ છે તેને ઉદર ભરવું કઠણ છે. એણે પરભવે પુણ્ય કર્યું નથી માટે તમે સર્વને દાન આપોછો પણ એવા દુઃખીને કાં દેતા નથી? તે વખતે રાજાએ સેવક મોકલી તેને તેડાવ્યો, તે પણ આવી નમસ્કાર કરી ઉભો રહ્યો. રાજાએ કહ્યું કે હે પુરૂષ! તું દુઃખિત થઈ કાષ્ઠ કાપેછે, માટે દુઃખ નહિ ભોગવ. તુંને જોઇએ તે હું આપું. તેણે કહ્યું કે હે સ્વામી! હું મમ્મણનામે વાણીઓ છું, મને બે બળદ જોઇએ છીએ. તેમાં એક તો મેળવ્યો છે પણ બીજાને મેળવવામાટે ઉદ્યમ કરૂંછું. રાજાએ કહ્યું કે અમારે ઘેર હજારો બળદ છે, તેમાં જે સારો હોય, તે તું લે. વણિક બોલ્યો કે મારા બળદીઆ અન્ય જાતિના છે, તમારા તેવા નથી અને મને તો મારા બળદ જેવોજ બળદ જોઇએ! તે સાંભળી તેના બળદને જોવામાટે રાજા તે વણિકને ઘેર આવ્યો, ઘરમાં અત્યંત સમૃદ્ધિ દીઠી તથા સુવર્ણમય રત્નજડિત એક બળદ દીઠો. તે જોઇ રાજા વિસ્મય પામ્યો અને તે સર્વ સમાચાર રાણીને જઇ કહ્યા. ચેલણા પણ ત્યાં બળદ જોવા સારૂ આવી, બળદ જોઇને મમ્મણ પ્રત્યે બોલી. એવાં લાકડાં કાપવાથી તારે એવો વૃષભ કેમ પ્રાપ્ત થશે? તે બોલ્યો કે એવાં વૃષભને અર્થે મેં સમુદ્રમાંહે પ્રવહણ પૂર્યાં છે. પરદેશમાં એ લાકડાં વેચીને તેનાં નાણાં તથા રત્ન લઇ આવીશ. તેમાંથી વૃષભ આવશે. એ કાષ્ઠ જે છે, તે બાવનાચંદન છે, એનો મર્મ જે પરીક્ષક હોય, તેજ જાણે. હું પણ બીજા કોઇને શીખવતો નથી. પછી રાજા રાણી તેના લોભનો વિચાર જાણી વિષાદ કરતાં પાછાં ઘેર આવ્યાં. હવે તે મમ્મણ શેઠ અતિ લોભના વશથી આર્ત્તધ્યાન કરતો વિપત્તિ પામતો અપૂર્ણ મનોરથેજ મરણ પામી તિર્યંચાદિકને વિષે ઘણા ઘણા ભવપર્યંત ભમ્યો. એમ જાણી ભવ્યજીવે પરિગ્રહની વિરતિ કરવી.

જો માણસ ધારે તો પરિગ્રહવડે અનેક ઉપકાર કરી પોતાના આત્માને દુ:ખમય સંસારમાંથી ખેંચી લેછે તેમ ન કરતાં જો પરિગ્રહમાં લુબ્ધ થાય તો જાણવું કે તે સંસારમાં ડુબતો જાયછે. તેથી પરિગ્રહમાં મુખ્ય જે ધન વર્ણવ્યું છે તેમાંથી મમત્વ ધીમેધીમે ખેંચી લેવું. એ બતાવવા આ પરિગ્રહ ગ્રહણદોષનામે અધિકાર પૂર્ણ કર્યો છે.

धनममत्वमोचन–अधिकार.

ધન તે કોઇ મનુષ્યની સાથે મૃત થયા પછી ચાલતું નથી તથાપિ તેના ઉપર દરેકને એટલી મ્હોટી મમતા હોયછે કે મરણની છેલ્લી ઘડી સુધી તે મમતા મૂકી શકાતી નથી એટલે દુનિયાના મનુષ્યો સમજેછે કે—

"संमीलने नयनयोर्न हि किंचिदस्ति"

અર્થાત્ આંખો વીંચાતાં કંઇ પણ પોતાની ખાતર નથી. તોપણ તેના મમત્વને મૂકી શકતાં નથી એટલે પંડિત હો કે મૂર્ખ, સુખી હો કે દુ:ખી, શેઠ હો કે ચાકર, રાજા હો કે રંક પણ દરેકને ધનઉપર એકસરખી મમતા હોયછે. આ બાબતનું યત્કિંચિત્બોધન કરવાસારૂ આ અધિકાર આરંભાય છે.

મમત્વનો આધાર સંગઉપર નથી પણ મનઉપર છે.

अनुष्टुप्.

निःसंगोऽपि मुनिर्न स्यात्समूर्छः सङ्गवर्जितः ।
यतो मूर्छैव तत्त्वज्ञैः, सङ्गसूतिः प्रकीर्तिता ॥ १ ॥

कस्यापि.

મુનિ સંગરહિત હોય તોપણ જ્યાંસુધી તેને મૂર્છા (મમત્વ) છે, ત્યાં સુધી નિ:સંગ થઇ શકતો નથી. કારણકે તત્ત્વજ્ઞ પુરૂષોએ મૂર્છાનેજ સંગનું ઉત્પત્તિ સ્થાન કહ્યું છે માટે મનને વશ રાખવું જોઇએ. ૧.

ધન ઐહિક અને આમુષ્મિક દુ:ખ કરનાર છે.

इन्द्रवज्रा.

यानि द्विषामप्युपकारकाणि, सर्पोन्दुरादिष्वपि यैर्गतिश्च ।
शक्या च नापन्मरणामयाद्या, हन्तुं धनेष्वेषु क एव मोहः ॥ २ ॥

જે પૈસા શત્રુને પણ ઉપકાર કરનારા થઇ પડે છે, જે પૈસાથી સર્પ, ઉંદર વિગેરેમાં ગતિ થાયછે, જે પૈસા મરણરોગ વિગેરે કોઇપણ આપત્તિઓ દૂર કરવાને શક્તિમાન્ નથી તેવા પૈસા ઉપર તે મોહ શો ?

ભાવાર્થ—વ્યવહારમાં પૈસાદારને આસમાનમાં ચઢાવી દેવામાં આવે છે, કે सर्वे गुणाः काञ्चनमाश्रयन्ते 'વસુ વિના નર પશુ' વિગેરે. આવા વ્યાવહારિક વાક્યો કેટલે અંશે આડે માર્ગે દોરનારાં છે તે અત્રે બતાવે છે. પ્રથમ પદમાં બહુ સરસ ભાવ બતાવ્યો છે. શત્રુ ધન લુંટી જાય અને તેજ ધનથી બળવાન્ થઇ તારી સામે તે વાપરે છે. પરશુરામે મહાસંહાર કરી નક્ષત્રી* કરેલી પૃથ્વી અને દોલત સર્વ સુભૂમને ભોગ પડયાં. પ્રતિવાસુદેવો મહેનત કરી ત્રણ ખંડનું રાજ્ય એકઠું કરેછે તે વાસુદેવના ઉપભોગમાં આવે છે અને પ્રતિવાસુદેવનું ચક્ર તેનું પોતાનુંજ માથું છેદે છે. આવી રીતે આપણા પૈસાથી આપણો શત્રુ પણ બળવાન્ થઇ શકેછે.

બહુ લોભી પ્રાણીઓ મરણ પામ્યા પછી તેના ધનઉપર સર્પ કે ઉંદર થાયછે. એવી વાત આપણે શાસ્ત્રમાં વારંવાર વાંચીએ છીએ. આ ભવમાંજ નહિ પણ પરભવમાં પણ આટલું દુઃખ દેનાર અને નીચ જાતિમાં (તિર્યંચમાં) ગમન કરાવનાર પૈસાને માટે શું કહેવું અને તેનાપર મોહ કેવો કરવો, તે વિચારવા જેવું છે.

રાજા, ચક્રવર્તી અને આખી દુનિયાને માથે લેનારા બીજા શૂરવીરો ચાલ્યા ગયા ત્યારે તેઓના પૈસા એ તેઓને અને મોટા ધન્વંતરી વૈદ્યો કે ડાક્ટરો પણ બચાવી શક્યા નહિ. મોટા ધનવાનો માંદા પડેછે ત્યારે તેઓને અસાધ્ય વ્યાધિમાંથી પૈસા બચાવી શકતા નથી, તેમ બીજી આપત્તિમાંથી બચાવવાને પણ ધન સમર્થ નથી. આવી રીતે શારીરિક તેમજ માનસિક, ઐહિક તેમજ આમુષ્મિક અનેક દોષોનું મૂળ પૈસા છે તેથી તેપર મોહ કેમ કરવો અને તેવા પૈસાથી આશા શી રાખવી? નંદરાજાની સોનાની ડુંગરીઓ પણ અંતે કાંઇ કામમાં આવી નથી એ ધ્યાનમાં રાખવા જેવું છે. ૨.

ધનથી સુખકરતાં દુઃખ વધારેછે.

उपजाति.

ममत्वमात्रेण मनःप्रसादसुखं धनैरल्पकमल्पकालम् ।
आरम्भपापैः सुचिरं तु दुःखं, स्याद्दुर्गतौ दारुणमित्यवेहि ॥ ३ ॥

---

* ક્ષત્રિયરહિત.

આ પૈસા મારા છે એવા વિચારથી મનપ્રસાદરૂપ થોડું અને થોડા વખતનું સુખ પૈસાથી થાય છે પણ આરંભના પાપથી દુર્ગતિમાં લાંબા વખત સુધી ભયંકર દુઃખ થાયછે; આ પ્રમાણે તું જાણ.

વિશેષાર્થ—"આ ઘર મારૂં, આ ઘરેણાં મારાં, વટાવ ખાતામાં આટલી રકમ જમે છે તે મારી" એવાં માની લીધેલાં મારાપણાના મમત્વથી મન જરા પ્રસન્ન થાયછે અને તેવી મનની પ્રસન્નતામાં આ જીવે સુખ માનેલું છે, વાસ્તવિક સુખનો અનુભવ ન હોવાથી આમાં સુખ લાગે છે પણ તે સુખ નામનું છે. મનની શાંતિમાં જે સુખ બતાવ્યું છે તે સુખ આગળ આની કાંઇ ગણતરી પણ નથી. વળી આ સુખ બહુ થોડો વખત રહે છે. હાલ મનુષ્યનું બહુતો સો વર્ષનું આયુષ ગણીએ તો અનંતકાળની પાસે તે લેખામાં નથી, વળી આટલા અલ્પ સમયમાં આરંભાદિવડે દ્રવ્ય મેળવીને જે સુખ મેળવવા પ્રયત્ન કરીએ તેને પરિણામે અસંખ્ય વર્ષો સુધી નારકી અને નિગોદનાં દુઃખો ખમવાં પડે છે, ધર્મદાસગણી કહી ગયા છે કે 'જે સુખની પછવાડે દુઃખ હોય તેને સુખ કહી શકાયજ નહિ' આ સંસારમાં પણ પચાસ વર્ષ સુધી ગૃહસ્થસ્થિતિમાં રહેલો માણસ પછવાડેનાં પાંચ વર્ષ જો દુઃખી થાય છે તો તેનું પ્રથમનું સુખ કાંઇ ગણતરીમાં પણ આવતું નથી.

પૈસાથી સુખ કેવું અને કેટલું છે તેની ફીલસુફી જાણ્યા પછી તેને યોગ્ય લાગે તો તેનાપર મોહ કરજે. કેટલીક બાબતમાં પ્રાકૃત—લોકપ્રવાહથી ખેંચાઇ જવું યોગ્ય નથી. દુનિયા જે દ્રવ્યવાનોને મહા સુખી ધારતી હોય તેના અંતઃકરણને જઇને પૂછવું કે તેને ખરૂં સુખ છે? દુનિયાના પાકા અનુભવીઓ કહેછે કે પૈસાથી એકાંત ઉપાધિ છે, સુખ હોય તો સંતોષમાંજ છે અને ચાલુ સ્થિતિને તાબે થઇ મનને આનંદમાં રાખવું એજ સુખ મેળવવાનો ઉપાય છે. બાકી તો રાવણ, જરાસંઘ અને ધવળ શેઠનાં ચરિત્રોનો વિચાર કરવો, જેથી સુખનું ખરૂં તત્ત્વ સમજાઇ જશે. ૩.

ધર્મ નિમિત્તે ધન મેળવવું યુક્ત છે.

इन्द्रवज्रा.

द्रव्यस्तवात्मा धनसाधनो न, धर्मोऽपि सारम्भतयातिशुद्धः ।
निःसङ्गतात्मा त्वतिशुद्धियोगान्मुक्तिश्रियं यच्छति तद्भवेऽपि ॥ ४ ॥

अध्यात्मकल्पद्रुम.

ધનના સાધનથી દ્રવ્યસ્તવ સ્વરૂપવાળો ધર્મ સાધી શકાય છે, પણ તે આરંભ યુકત હોવાથી અતિ શુદ્ધ નથી; જ્યારે નિઃસંગતા સ્વરૂપવાળો ધર્મ અતિ શુદ્ધ છે અને તે તેજ ભવમાં પણ મોક્ષલક્ષ્મી આપે છે.

વિશેષાર્થ—વિવિધ પ્રકારની પૂજા, બિંબપ્રતિષ્ઠા, સ્વામી વાત્સલ્ય, મંદિર ચણાવવાં, ઉપાશ્રય કરાવવા વિગેરે દ્રવ્યસ્તવ કહેવાય છે. દ્રવ્યની મદદથી આ પ્રકાર બહુ સારી રીતે સાધી શકાય છે. પુણ્યશાળીઓ મળેલ લક્ષ્મીનો ધર્મમાર્ગે વ્યય કરી મહાપુણ્યોપાર્જન કરેછે. ગ્રંથકાર કહેછે કે આ પ્રકારના ધર્મમાં પણ આરંભ થાયછે, કારણકે ષટ્કાય જીવનું મર્દન થાયછે તેથી આ પ્રકારનો ધર્મ અતિ શુદ્ધ નથી. ધ્યાન રાખો કે અતિ શુદ્ધ નથી, શુદ્ધ તો છેજ; પણ તેવો ધર્મ કરવાને નિમિત્તે દ્રવ્ય મેળવવું યુક્ત નથી. હરિભદ્ર સૂરિમહારાજાએ પણ અષ્ટકજીમાં કહ્યું છે કે:—

धर्मार्थं यस्य वित्तेहा, तस्यानीहा गरीयसी ।
प्रक्षालनाद्धि पङ्कस्य, दूरादस्पर्शनं वरम् ॥

ધર્મને માટે પૈસા મેળવવાની ઇચ્છા કરવી તેના કરતાં તેની ઇચ્છા નજ કરવી એ વધારે સારૂં છે. પગે કાદવ લાગ્યા પછી તેને ધોઇને સાફ કરવા કરતાં દૂરથી કાદવનો સ્પર્શ નજ કરવો, એ વધારે સારૂં છે.”

બાકી મળેલ દ્રવ્યનો તો ધર્મમાર્ગેજ વ્યય કરવો. આ ભાવ આવતા આઠમા શ્લોકથી સ્પષ્ટ થશે. દ્રવ્યસ્તવ યુક્ત ધર્મથી લાંબેકાળે મુક્તિ મળેછે ત્યારે નવવિધ પરિગ્રહથી નિઃસંગ થયેલા જીવો તેજ ભવમાં જન્મજરામરણરહિત અચ્યુતપદ પ્રાપ્ત કરેછે. નિઃસંગતા સ્વરૂપવાળો ધર્મ અતિ શુદ્ધ છે.

કહેવાની મતલબ એ છે કે ધર્મનિમિત્તે ધન મેળવવા વિચાર કરવો નહિ. પુનરાવર્ત્તન કરીને કહેવામાં આવેછે કે આ શ્લોકનો ભાવ બરાબર વિચારવો. દ્રવ્યસ્તવને જરા પણ નબળું પાડવાનો વિચાર ગ્રંથકર્ત્તાનો નથી, પણ ધર્મમાં પ્રધાનતા નિઃસંગતાનીજ છે. દ્રવ્યસ્તવથી મોક્ષ લાંબે કાળે પ્રાપ્ત થાયછે, પરંતુ તેથી મોક્ષમાર્ગ તો છેજ.

મોક્ષ પ્રાપ્ત કરવાના અનેક માર્ગ હોયછે, તેમાંના કોઇ લાંબા, કોઇ વાંકાચુંકા અને કોઇ સીધા-સરલ હોયછે. જેમ આપણે મુંબઇથી સુરત જવું હોય તો ગ્રાંટરોડથી બેસીને સીધા પણ જવાય અથવા દરિયામાર્ગે જવાય અથવા બીજા અનેક આડા માર્ગે જવાય; જેમકે પ્રથમ કરાંચી જાય, ત્યાંથી જાફરાબાદ થઇ ગોવે આવી ભગવાડાંડીએ જઇ ત્યાંથી સુરત જાય; એ પ્રમાણે મોક્ષમાર્ગ કેટલાકને સીધો પ્રાપ્ત થાયછે અને કેટલાક નકામા ચક્કર લેછે. દ્રવ્યસ્તવ એ પ્રમાણે તો મોક્ષમાર્ગતરફજ છે, તેનું સુકાન બરાબર દિશામાં મૂકાયલું છે, માત્ર તે લાંબો માર્ગ છે પણ વિમાર્ગ કે અપમાર્ગ નથી. દ્રવ્યસ્તવને નરમ પાડવાની કેટલીક વાર વિચારણા જોવામાં આવેછે અને ખાસ કરીને કાંઇક શરમથી અને કાંઇક અવકાશના અભાવથી આ કાળમાં તે વૃત્તિ વિશેષ દેખાતી જાયછે. જ્યારે અગાઉના વખતમાં તેજ વૃત્તિ ડોળઘાલુ

અધ્યાત્મીઓ તરફથી બહાર પડતી હતી; તેથી અત્ર તે બાબતનું વસ્તુ સ્વરૂપ શું છે તે બતાવવાનો પ્રયાસ કર્યો છે.

કેટલાક માણસો અન્યાય કે અપ્રમાણિકપણાથી દ્રવ્ય મેળવતાં વિચાર કરેછે કે પૈસા મેળવીને ધર્મમાર્ગે તેનો વ્યય કરીશું. આ વિચાર તદ્દન ખોટો છે, અને શાસ્ત્રકાર એવા નિમિત્તથી ધન મેળવવાની ચોખ્ખી ના પાડે છે. મહા આરંભ કર્માદાન અને ક્ષુદ્ર વ્યાપાર કરી તેનાથી જે ધન મળશે તેનો ધર્મ માર્ગે ખર્ચ કરશું એવો કેટલાક પ્રાણીઓ વિચાર કરેછે, તે જૈનશાસનનું રહસ્ય સમજનારને તદ્દન વિપરીત લાગે છે. આ શ્લોકનો ખાસ ઉદ્દેશ દ્રવ્યસ્તવની અપેક્ષાએ ભાવસ્તવની મુખ્યતા કેટલી છે તે બતાવવાનો છે અને આ ઉપદેશ શ્રાવકોને ઉદ્દેશીને લખાયેલો છે. દ્રવ્યસ્તવ સાધવા ધનોપાર્જન કરી સંસારમાં પડયા રહેવાનો અથવા ભાવસ્તવ ન આદરવાનો વિચાર કરનારાઓને મહાનિશીથ સૂત્રમાં બતાવેલા વિચારો અનુસારે આ શ્લોક લખાયેલો છે એમ એક વિદ્વાન્ મુનિમહારાજનું કહેવું છે. ૪.

જે પોતાનું, તેજ મરણ પછી બીજાનું.

उपजाति.

गृहं सुहृत्पुत्रकलत्रवर्गो, धान्यं धनं मे व्यवसायलाभः ।
कुर्वाण इत्थं न हि वेत्ति मूढो, विमुच्य सर्वं व्रजतीह जन्तुः ॥ ५ ॥

ઘર, મિત્રો, પુત્રો, સ્ત્રી વિગેરેનો વર્ગ, ધાન્ય, ધન, આ સર્વ મારો નિશ્ચયથી લાભ છે, એટલે આ સમગ્ર મારૂં છે. આમ મનમાં વિચાર કરતો મૂઢ મનુષ્ય નક્કી જાણતો નથી કે જીવ તે સર્વનો અહિં ત્યાગ કરીને ચાલ્યો જાયછે. અર્થાત્ મરણ થતાં કાંઇ પણ સાથે ચાલતું નથી એમ જાણતો નથી. ૫.

સાત વસ્તુઓ સદા ક્ષુધાતુરજ છે.

वंशस्थ (६–७).

न दारुभिर्वह्निरपांनिधिर्जलैराहारजालैरुदरं करैर्नृपः ।
द्विजश्च दानैर्गगनं समीरणैर्न तृप्तिपात्रं मनुजस्तथा धनैः ॥ ६ ॥

જેમ લાકડાંઓથી અગ્નિ, પાણીથી સમુદ્ર, અનેક પ્રકારનાં ભોજનોથી ઉદર (પેટ), પ્રજા પાસેથી કર લેવાથી રાજા, દાનોથી બ્રાહ્મણ અને વાયુથી જેમ આકાશ તૃપ્ત થતું નથી, તેમ ઘણું ધન મળે તોપણ તેનાથી મનુષ્ય તૃપ્તિપાત્ર થતો નથી એટલે તૃપ્તિને પામતો નથી. ૬.

મોક્ષમાંથી ભ્રષ્ટ થઇ નીગોદમાં જવાનો સરળ રસ્તો.

परिग्रहं सन्तनुते यथा यथा, तथा तथा मोहभरेण पीड्यते ।
हा हारयित्वा नरजन्म मोहतः, सञ्जायतेऽनादिनिगोदजन्तुषु ॥ ७ ॥

नरवर्मचरित्र.

મનુષ્ય જેમ જેમ પરિગ્રહ (ધન પુત્રાદિ) ને વિસ્તારતો જાયછે તેમ તેમ મોહ (અજ્ઞાન–મમત્વ) ના ભારથી પીડાતો જાયછે. હા! ખેદ છે કે અજ્ઞાનથી મનુષ્ય જન્મને હારીને નિગોદ નામના જંતુઓમાં જન્મે છે કે જે જંતુઓ અતીવ સૂક્ષ્મ વનસ્પતિકાયના નામથી ઓળખાય છે. ૭.

સાત ક્ષેત્રમાં ધન વાપરવાનો ઉપદેશ.

वसन्ततिलका.

क्षेत्रेषु नो वपसि यत्सदपि स्वमेत–
　　द्यातासि तत्परभवे किमिदं गृहीत्वा ।
तस्यार्जनादिजनिताघचयार्जितात्ते,
　　भावी कथं नरकदुःखभराच्च मोक्षः ॥ ८ ॥

अध्यात्मकल्पद्रुम.

તારી પાસે દ્રવ્ય છે છતાં પણ તું (સાત) ક્ષેત્રમાં વાપરતો નથી, ત્યારે શું પરભવે ધનને તારી સાથે લઇ જવાનો છો? વિચાર કર કે પૈસા મેળવવા વિગેરેથી થયેલા પાપસમૂહથી થનારાં નારકીનાં દુઃખોથી તારો મોક્ષ (છૂટકારો) કેમ થશે?

વિવેચન—પ્રાપ્ત કરેલા પૈસા પરભવમાં સાથે આવતા નથી; વળી તેને પેદા કરવામાં, જાળવવામાં અને વ્યય કરતાં અથવા નાશ થતાં અનેક દુઃખપરંપરા થાયછે અને પર ભવમાં હીનગતિ થાયછે. હવે ત્યારે કરવું શું? કરવાનું એજ છે કે પ્રાપ્ત થયેલ પૈસાનો શુભ રસ્તે વ્યય કરવો. દ્રવ્ય વાપરવાના અનેક રસ્તા છે. જિનબિંબસ્થાપન, જિનદેરાસરનો જીર્ણોદ્ધાર, પુસ્તકો લખાવવાં, છપાવવાં, તેમનું રક્ષણ કરવું અને પુસ્તકભંડારો કરવા, લાઇબ્રેરી કરવી તથા કેળવણીનો પ્રસારક રવો, સાધુ–સાધ્વીઓ, સ્વામીભાઇઓ અને બહેનોનો ઉત્કર્ષ કરવો, અનાથનું પ્રતિપાલન કરવું અને શાસનની શોભા વધારવી. આવાં આવાં અનેક ઉપયોગી સ્થાનો છે, તેમાં જે જે સ્થાનકે આવશ્યકતા લાગતી હોય અને જે સ્થાનકે વ્યય કરવો સમજુને ડહાપણ ભરેલો લાગતો

હોય તે સ્થાનકે વ્યય કરવો. દ્રવ્યવ્યય કરવામાં લોકોની આધુનિક સ્થિતિ અને જરૂરીઆતપર ખાસ ધ્યાન આપવું. જો આવી ઉત્તમ ભાવનાથી દ્રવ્યવ્યય કરવામાં આવે તો સંસારદુઃખથી છૂટવાનું જલદી બને તેમ છે. શાસ્ત્રકારનું ખાસ ફરમાન છે કે સાત ક્ષેત્રમાં ધનનો વ્યય કરવો, તેમાં પણ જે ક્ષેત્ર સીદાતું હોય તેતરફ પ્રથમ ધ્યાન આપવું. જમણવાર કરવાની આ જમાનામાં ઘણા માણસો સમજીને-વિચારીને ના પાડેછે. તેઓને લાડવા કડવા લાગતા નથી, પરંતુ તેઓ સમજેછે કે જમણવારકરતાં શ્રાવકોની સ્થિતિ સુધારવાની, તેઓને ઉદ્યમે ચઢાવવાની અને અભણને ભણાવવાનાં સાધનો યોજી, જૈનપ્રજાને બીજી પ્રજાઓની સપાટીપર મૂકવાની પ્રથમ જરૂરીઆત છે; તેવીજ રીતે દેરાસર વધારવાકરતાં તેમની પૂજા કરનારાઓને વધારવાની અને જે દેરાસરો છે તેમને જાળવનારા ઉત્પન્ન કરવાની વધારે જરૂરીઆત છે. આ વિચાર સશાસ્ત્ર છે એમ તને જણાય તો તારે તે આદરવો. ફક્ત લોકપ્રવાહુથી ખેંચાઇ જવું નહિ. જ્યારે આવી રીતે વિચાર કરીને ધનનો વ્યય કરવામાં આવશે ત્યારે બેવડો લાભ થશે.

કેળવાયેલા તથા બીનકેળવાયેલા બંધુઓપૈકી જેણે શાસ્ત્રીય તત્ત્વજ્ઞાન કાંઇ પણ સંપાદન કર્યું હશે તેઓને સહુજ માલૂમ પડશે કે સાતક્ષેત્ર એ ધર્મનો ઉંડો અને મજબૂત પાયો છે. તેમાં પૈસાનો ગમે તેમ વ્યય કરવો તે જેમ ગેરવ્યાજબી છે તેમજ તેમાંનાં કોઈ પણ ક્ષેત્રતરફ અને ખાસ કરીને સીદાતાં ક્ષેત્રતરફ ધ્યાન ન અપાય તે પણ ગેરવ્યાજબી છે. સાતક્ષેત્રમાં આપણી મહાન્ સંસ્થા કોન્ફરન્સના સર્વ મુખ્ય ઠરાવોનો સાર આવી જાયછે. શ્રીજિનબિંબ, જિનચૈત્ય, જ્ઞાન, સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકા એ સાતક્ષેત્ર છે અને તેના ઉદ્ધાર, અભ્યુદય અને ઉન્નતિમાટે બનતો પ્રયાસ કરવો, પોતાનું તન, મન અને ધન તેમાં રોકવું, તેમાં અર્પણ કરવું તેની સાથે જોડી દેવું એ પ્રત્યેક મુમુક્ષુની પ્રથમ ફરજ છે અને તેમાં પણ અગાઉ જણાવ્યું છે તેજ પુનરાવૃત્તિ કરીને કહેવામાં આવેછે. જે ક્ષેત્રને મદદની વિશેષ જરૂર હોય તેને વધારે પોષવું, તેના ઉપર ધનાદિકનો વિશેષ વ્યય કરવો. અગાઉ દઢ શ્રદ્ધા જાગૃત કરવા, દેરાસરો તથા પ્રતિમાજીઓ વિગેરેની જરૂર વિશેષ હતી, હાલ જ્ઞાન કાળ હોવાથી કેળવણીના સાધનોની વિશેષ જરૂર છે, એ સર્વ હકીકત ધ્યાનમાં રાખી અપેક્ષા, દ્રવ્ય, ક્ષેત્ર. કાળ ભાવ વિચારી યોગ્ય ક્ષેત્રમાં ધનનો વ્યય કરવો,

બંધુઓ! આ સંસારમાં અનેક પ્રકારે રઝળાવનાર સ્ત્રી અને ધન એ બેજ વસ્તુઓ છે, એમના ઉપર રાગ એવા પ્રકારનો થાયછે કે, તેનું વર્ણન જ્ઞાનીઓ પણ પૂરેપૂરૂં આપી શકતા નથી. આમાં ધન ઉપરનો સ્નેહ વધારે સખ્ત છે કે સ્ત્રીઉપરનો સ્નેહ વધારે સખ્ત છે તે કહેવું મુશ્કેલ છે. સ્ત્રીઉપરનો સ્નેહ મોટી ઉમરે શરૂ થઇ થોડા વર્ષમાં ઓછો થઇ જાય

છે! પણ જેટલો વખત રહે છે તેટલો વખત તેનો રસ બહુધા વધારે હોય છે, દ્રવ્યપરનો મોહ દરરોજ વધતો જાય છે અને વૃદ્ધાવસ્થામાં તે પરાકાષ્ઠાએ પહોંચે છે અને જીંદગીને છેડે પણ છૂટતો નથી. અમુક વ્યક્તિને માટે કયો મોહ વધારે છે તે કહી શકાય, પણ સામાન્ય રીતે મારૂં પોતાનું તો માનવું એવું છે કે દ્રવ્યપરનો મોહ કદાચ સ્ત્રીમોહથી ચઢિયાતો હોય કે ન હોય, પણ તેથી ઉતરે તેવો તો નથીજ.

કોઇ પણ વસ્તુ પ્રાપ્ત કરવામાં પ્રાણીને અમુક ઇરાદો હોય છે, પણ ધનપ્રાપ્તિમાં તો કાંઇ પણ ઇરાદા વગર માત્ર પૈસાની ખાતરજ પૈસા મેળવવા યત્ન કરવામાં આવેછે. પુત્રને મોટો વારસો આપવાનું પણ બ્હાનુંજ છે, આ દલીલના પુરાવામાં બે હકીકત જોવાની છે, એક તો વગર પુત્રના અને પુત્ર થવાની આશાવગરના માણસો પણ એટલીજ ખંતથી પૈસા પ્રાપ્ત કરેછે અને પાસેના પૈસાનો શુભ માર્ગે પણ વ્યય કરતા નથી; અને બીજી એ કે જો આવતા ભવમાટે પૈસા રોકાઇ શકાતા હોય તો કોઇપણ માણસ પુત્રને વારસો આપવાની દરકાર કરે તેમ નથી. વળી બીજું એ પણ જાણવા યોગ્ય છે કે દરેક કાર્યમાં અમુક હદ હોયછે એટલે કે અમુક વખત પછી અને અમુક પ્રાપ્તિ થયા પછી તે કાર્ય પુરૂં થયું ગણાય. પૈસાની બાબતમાં આ નિયમ પણ જૂઠો પડેછે. હજાર મળે લાખની અને લાખ મળે કરોડની ઉત્તરોત્તર ઇચ્છા વધતીજ જાયછે. વધતી ઇચ્છા અનુસાર કાર્યધુરામાં જોડાઇ જીવન પૂર્ણ થાયછે, પણ પૈસા કમાવાનું કાર્ય કદી પણ પૂરૂં થતું નથી. કોઇ પણ કામ કરવાનો અમુક હેતુ હોય છે અને અમુક સાધ્ય હોય છે. પ્રયોજન અને સાધ્ય વગર તો સાધારણ અક્કલવાળો માણસ પણ પ્રવૃત્તિ કરતો નથી ત્યારે ધન પ્રાપ્ત કરવાનાં હેતુ અને સાધ્ય શું? જરા વિચારો, અનાદિ પદ્ધતિથી તણાઇ ન જાઓ. ધન ખાતર ધન મેળવવામાં ઉધુક્ત ન થાઓ, પણ જરા આગળ પાછળ નજર કરો. તમે ડાહ્યા માણસ છો. તમારે પગલે અનેક ચાલતાં હશે, માટે પ્રવૃત્તિ કરો તેના હેતુ, સાધ્ય ધ્યાનમાં લઇ કરો. આ દૃષ્ટિથી વિચારશો ત્યારે જણાશે કે કાર્યસિદ્ધિના ઉપર જણાવેલા બન્ને નિયમો દ્રવ્યપ્રાપ્તિના પ્રયાસ વખતે ખોટા પડે છે.

ધનપ્રવૃત્તિ નિર્હેતુક છે, એ આપણે જોયું, છતાં જેઓ તેને ઇચ્છતાં નજ હોય તે ઉત્કૃષ્ટ પ્રશંસાને પાત્ર છે. જેઓ શ્રાવક અવસ્થામાં છે, તેમણે સર્વ ત્યાગની ઇચ્છા રાખવી અને સાથે ચાલુ સ્થિતિમાં સંતોષ રાખવો, પોતાની સ્થિતિ સુધારવા મહત્ત્વાકાંક્ષા રાખવી પણ તેમાં પરોવાઇ જઈ દુર્ધ્યાન ન થવા દેવું. ચાલુ સ્થિતિમાં આનંદ પામવો અને ખાસ કરીને કર્મના સિદ્ધાંતને તાબે થઇ જવું નહિ, પણ પુરૂષાર્થ કરવો. ગેરસમજુતી ન થાય તેટલામાટે જણાવવાની જરૂર છે કે સંતોષને પુરૂષાર્થનો વિરોધ નથી; પણ દુર્ધ્યાન થાય, પૈસાની જપમાળા જપાય, પૈસાનુંજ ધ્યાન રહે એવી સ્થિતિ ન થવા દેવી.

તમે મોટા થવાની આશા—ઇચ્છા રાખો, પણ તમારા ચાલુ સંયોગોથી અસંતોષી બનો નહિ.

ધન મેળવ્યા પછી શું કરવું, એ બાબતમાં ગ્રંથકારે વિવેચન કર્યું છે. ધન મેળવતાં કેવા કેવા સંસ્કાર થાયછે તેપર જો ધ્યાન આપવામાં આવે તો ઉપદેશ લાગ્યા વગર રહે નહિ. પૈસામાટે પરદેશગમન, નીચસેવા, ટાઢ, તડકા અને તીવ્ર વચનો સહન કરવામાં આવેછે; પૈસામાટે ખુશામત કરવામાં આવે છે, પૈસામાટે ખટપટ કરવામાં આવેછે અને પૈસામાટે અનેક વિટંબના સહન કરવામાં આવેછે. જે કદર્થનાનો અંશ સહન કરવાથી મુનિમાર્ગમાં મોક્ષ મળે, તેવી કદર્થના પૈસાસારૂ અનાદિ મોહમદિરામાં ચકચૂર થયેલ જીવ કરેછે, પણ વિચારતો નથી કે આ બધું શાસારૂ? મૂઢ અવસ્થામાં અથડાઇ પછડાઇ અનંતકાળ રખડ્યા કરેછે. સિંદૂરપ્રકરમાં કહેછે કે—ધનથી અંધ થયેલી બુદ્ધિવાળા પુરૂષો વિષમ અટવીમાં ભ્રમણ કરેછે, વિકટ દૂર દેશાંતરમાં ફરે છે, ગહન સમુદ્રનું ઉલ્લંઘન કરેછે, બહુ દુઃખવાળી ખેતી કરેછે, કૃપણપતિની સેવા કરેછે અને હસ્તીઓના સંઘટ્ટથી અપ્રવેશ્ય સંગ્રામમાં જઇ પ્રાણ આપે છે. આ સર્વ લોભનું ચેષ્ટિત છે.

સુખ ક્યાં છે? પૈસાદારોની હવેલીમાં, રાજાના મહેલમાં, ચક્રવર્તીના આવાસમાં, ઇંદ્રના ઇંદ્રાસનમાં કે બે ઘોડાની ગાડીમાં? વિચારીને જવાબ દેવો એ શરત છે. જરા જુઓ બહારના આડંબરમાં સુખ નથી. સુખી લાગતાં માણસોનાં હૃદય સળગી જતાં હોયછે. ઘરમાં અનેક ખટપટ હોયછે અને મનમાં તો યુદ્ધ ચાલ્યાજ કરેછે. સુખ સંતોષમાંજ છે, ચાલુ સ્થિતિને તાબે થવામાંજ છે. ધન અસ્થિર છે, કોઇનું થયું નથી અને કોઇનું થવાનું પણ નથી. પ્રાયઃ વિદ્યા અને ધનને વૈર છે. જ્ઞાનવગર સુખ નથી, અને પૈસાદારને સુખી માનવા, એના જેવી બીજી મૂઢતા નથી.

અનેક દોષોથી ભરપૂર–ધવળશેઠ, મમ્મણશેઠ, સુભૂમ ચક્રી વિગેરેને નરકમાં નાખનાર, એકાંત ઉપાધિથી ભરપૂર, મનની અશાંતિનું પ્રબળ સાધન, અનેક દુઃખનો વરસાદ વરસાવનાર અને વિદ્વાનોથી અંધનું ઉપનામ મેળવનાર લક્ષ્મીનું સુખ ભોગવનાર ધનિકોને તે સુખ મુબારક હો! ચાલુ જમાનાના વિચિત્ર રંગથી ભરપૂર જીંદગીમાં અને ખાસ કરીને સખ્ત પ્રવૃત્તિમાં મધ્ય બિંદુ ગણાતાં મોટાં શહેરોના સુખી દેખાતાં લોકોને જોઇ જરા પણ મુંઝાવું નહિ, જરા પણ અફસોસ કરવો નહિ, તેઓને સુખી માનવા નહિ; કારણકે તેઓના ખાસ નજીકના સંબંધમાં ગયેલાઓ જાણેછે કે તેઓ સુખી નથી. આપણું સુખ આપણી સાથેજ છે અને આપણે તો પરમાનંદપદ પ્રાપ્ત કરવાની ઇચ્છામાં ચાલુ સ્થિતિને તાબે થઇ, શુદ્ધ વૃત્તિએ કરી ધર્મમય જીવન કરવાનો ઉદ્દેશ રાખી ઉચ્ચતર અને વિશુદ્ધતર જીવન ગાળવાનો આશય, ઉ-

દેશ અને ઇચ્છા રાખવી. મનુષ્યજીવનનો ઉંચો હેતુ પાર પાડવા સારૂ મનપર અંકુશ રાખવાની અને લોભનો ત્યાગ કરવાની બહુ જરૂર છે. ૮.

મરણની છેલ્લી ઘડીએ શલ્ય (બાણ) તુલ્ય ધનો મનુષ્યને શું કરી શકે છે?

शार्दूलविक्रीडित.

निद्राछेदसखेदबान्धवजने सोद्वेगवैद्योज्झितः,
पथ्यक्वाथकथार्दितः परिजनैस्तन्द्रीभवन्क्षोभतः।
भग्नस्वास्थ्यमनोरथप्रियतमावष्टब्धपादद्वयः,
पर्य्यन्ते विवशः करोति पुरुषः किं शल्यतुल्यैर्धनैः ॥ ९ ॥

सूक्तिमुक्तावली.

(મનુષ્યની માંદગી વધવાથી) ઘણા ઉજાગરા કરવાથી બાંધવ જન જ્યારે ખેદપામી જાય છે. (થાકી જાયછે.) દવા કરી કરીને ઉદ્વેગથી વૈદ્યલોકોએ પણ જેને છોડી દીધો છે. (એટલે હવે આ મનુષ્ય સાજો થશે નહિ એમ જણાવી તજી દીધો છે) તેમ પરિજનો (આસપાસના લોકો) એ અમુક પથ્ય (નિરોગી) ભોજન કરો. અમુક ઓષધિનો કવાથ (કાઢો) પીઓ આમ વાતો કરી કરીને જેને પીડાયુક્ત કરી મૂકયો છે અને મનમાં (હું મરી જઇશ) એવા ક્ષોભથી વારંવાર જેનાં અંગોમાં મૂર્છા આવી જાયછે. (એટલે જીવ ઉંડો ઉતરી જાયછે) અને ઉપર મુજબ દવાઓ લાગુ ન પડવાથી તથા દિન દિન રોગથી (શરીર ક્ષીણ થવાથી) હવે મારો ધણી સાજો નહિ થાય એવી રીતે જેનો મનોરથ ભગ્ન થઇ ગયો છે એવી વ્હાલી સ્ત્રીએ જેના બે ચરણો પકડેલા છે એવા પુરૂષને તે વખતે (મૃત્યુને) પરવશ થઇને શલ્યતુલ્ય દુઃખ આપવાવાળાં ધનો (હાય મારૂં ધન, મારાં પશુઓ, મ્હારાં ભૂષણો, મ્હારાં વસ્ત્રો, એમ દુઃખ આપનારાં) થી શું કરી શકે છે? અર્થાત્ કાંઇ નહિ. ૯.

ધનમમત્વથી જેટલી જેટલી હાનિ છે તેનું વર્ણન ટુંકમાં પણ સ્પષ્ટ રીતે સમજાવ્યું છે તો હવે તેવિષે વિશેષ કહેવાની જરૂર નહિ ધારતાં લક્ષ્મી ચંચળ હોવાથી અચળ રહેવી એ શંકા જેવું છે તે સમજાવવા આ ધનમમત્વમોચનાધિકારની સમાપ્તિ કરી છે.

लक्ष्मीस्वभाव-अधिकार.

લક્ષ્મી (ધનસમૃદ્ધિ) કોઇની થઈ નથી, થતી નથી અને ભવિષ્યકાળમાં થશે પણ નહિ એ સમજ્યા વિના ધનમમત્વ છૂટતું નથી. તે બતાવવા અહીં પ્રયાસ કર્યો છે.

લક્ષ્મીનો સ્વભાવ એવો ચપલ છે કે તે કહિં સ્થિરતા કરીને રહી શકતી નથી એટલે જો મનુષ્ય "ધનનો સદુપયોગ કરે અગર દાનમાં આપે" તો તે ધન તેના ઉપયોગનું ગણાય છે બાકીના ધનઉપર મમતા રાખવી વ્યર્થ છે. કારણકે જો ભોગવવામાં તથા દાનના ઉપયોગમાં ન આવે તો તે સંપત્તિનો અવશ્ય નાશ થાયછે એટલે નદીમાં પૂર આવ્યું હોય તેમાંથી જો પાણી વધી જાય ને નદી બે કાંઠાઉપર ભરાઇ જાય તો ઉપરનું પાણી તો તુર્તજ અન્યરસ્તે ચાલ્યું જાયછે અને બાકીના જળનો લોકો ઉપયોગ ન કરે તો તે ધીમે ધીમે સમુદ્રમાં જઇ સમાઇ જાયછે પણ સ્થિર રહેતું નથી તેવો લક્ષ્મીનો સ્વભાવ છે. ઇત્યાદિ સમજવાસારૂજ આ અધિકારની ગોઠવણ કરી છે.

લક્ષ્મીની મંદ ગતિ.

अनुष्टुप् (१ थी ४).

समायाति यदा लक्ष्मीर्नारिकेलफलाम्बुवत् ।
विनिर्याति यदा लक्ष्मीर्गजभुक्तकपित्थवत् ॥ १ ॥

सुभाषितरत्नभाण्डागार.

નાળિએરમાં પાણી કયારે અને કયાંથી ભરાણું એ જેમ પ્રત્યક્ષ જોવામાં આવતું નથી તેમ લક્ષ્મી આવવા લાગેછે ત્યારે પ્રત્યક્ષ હેતુઓ જોવામાં ન આવે એવી રીતે ભરાઇ જાયછે અને જ્યારે તે જવાની થાયછે ત્યારે હાથીએ ગળેલ કોઠ આખું ને આખું તેની લાદ સાથે નિકળી જાયછે તેમાંથી ગર્ભ કેવી રીતે અને કયાં ઉડી ગયો તેની ખબર પડતી નથી તેમ તે કયા કારણથી કેમ ઉડી ગઇ તેની ખબર પડતી નથી. ૧.*

---

* હાથી કોઠું ખાઇ જાયછે પણ પુંઠદ્વારા તે તેવું ને તેવુંજ નીકળે છે વસ્તુતઃ તે કોઠામાં ગર્ભ રહેતો નથી. એ આશ્ચર્યની વાત છે. આમાં સમજવાનું એ છે કે જો ધનનો સદુપયોગ ન થયો તો કોઠામાંથી જેમ ગર્ભ ઉડી જાયછે, તેમ લક્ષ્મી પણ કુમાર્ગે ઉડી જાયછે. અને લક્ષ્મી મેળવતાં કરેલ પાપજ પોતાને અવશ્ય ભોગવવું પડેછે એ હાંસલ છે.

ધનને ઉપયોગમાં લેવાની ફરજ.

दानं भोगस्तथा नाशः, स्याद् द्रव्यस्य गतित्रयम् ।
यो न दत्ते न भुङ्क्ते च, तृतीया तद्गतिर्भवेत् ॥ २ ॥

દાન (કોઇને આપવું), ભોગ (પોતે ભોગવવું) અને નાશ આમ ધનની ત્રણ ગતિ થાયછે, માટે જે મનુષ્ય કોઇને આપતો નથી અને પોતે ભોગવતો નથી તેના ધનની ત્રીજી ગતિ (નાશ) થાયછે. ૨.

ધનની ઉત્તમ ગતિ દાનજ છે.

आयासशतलब्धस्य, प्राणेभ्योऽपि गरीयसः ।
गतिरेकैव वित्तस्य, दानमन्या विपत्तयः ॥ ३ ॥

पार्श्वनाथचरित्र.

સેંકડો પ્રકારના પરિશ્રમોથી મેળવેલું અને પ્રાણો કરતાં પણ વધારે વહાલું એવા ધનની દાન એજ ઉત્તમ ગતિ છે. બાકી સર્વે વિપત્તિઓરૂપ છે. ૩.

જે પોતાના ઘરનો ત્યાગ કરે તે બીજે ઠેકાણે કેમ ટકે?

पद्मं पद्मा परित्यज्य, स्वावासमपि या व्रजेत् ।
दिनान्ते सा कथं नाम, परस्थानेषु सुस्थिरा ॥ ४ ॥

सूक्तिमुक्तावली.

જે લક્ષ્મી સાયંકાલે પોતાના નિવાસસ્થાનરૂપ કમળનો પણ ત્યાગ કરીને બીજે ઠેકાણે ચાલી જાયછે તે લક્ષ્મી, બીજાના સ્થાનોમાં કેમ સુસ્થિર થાય? (ટકે?) ૪.

લક્ષ્મી ચંચલ છે.

वसन्ततिलका.

आपद्गतं हससि किं द्रविणान्ध मूढ,
लक्ष्मीः स्थिरा न भवतीति किमत्र चित्रम् ।
एतान्प्रपश्यसि घटाञ्जलयन्त्रचक्रे,
रिक्ता भवन्ति भरिता भरिताश्च रिक्ताः ॥ ५ ॥

सुभाषितरत्नभाण्डागार.

હે ધનથી અંધ થયેલ મૂઢ! દુઃખી માણસને કેમ હસે છે? કોઇ ઠેકાણે લક્ષ્મી સ્થિર રહેતી નથી તેમાં અહીં આશ્ચર્ય શું છે? કારણકે રેંટમાં રહેલા ઘડાઓ તે તો તું જુવેછે કે જે ઘડાઓ ખાલી હોયછે તે ભરાયછે ને જે ભરેલા છે તે પુનઃ ખાલી થાયછે. આવી રીતે નિર્ધન ધનવાન્ થાયછે અને ધનવાન્ નિર્ધન બને છે. માટે અનિશ્ચિત સ્થિતિવાળા ધનના મદને લઇને ગરીબનો ઉપહાસ કરવો એ યોગ્ય નથી. ૫.

બહુરંગી લક્ષ્મી.

शार्दूलविक्रीडित (६ थी १२).

निम्नं गच्छति निम्नगेव नितरां निद्रेव विष्कम्भते,
चैतन्यं मदिरेव पुष्यति मदं धूम्येव दत्तेऽन्धताम् ।
चापल्यं चपलेव चुम्बति दवज्वालेव तृष्णां नय-
त्युल्लासं कुलटाङ्गनेव कमला स्वैरं परिभ्राम्यति ॥ ६ ॥

લક્ષ્મી નદીની માફક નીચ તરફ જાયછે, નિદ્રાની પેઠે જ્ઞાનનો નાશ કરે છે, મદિરાની માફક અહંકાર ઉત્પન્ન કરેછે, ધૂમના સમૂહની પેઠે આંધળાપણું આપે છે, વિદ્યુત્‌ની માફક ચપળતા ધારણ કરેછે, દાવાનળની જવાળાની પેઠે તૃષ્ણા (લોભ) વધારે છે અને વેશ્યા સ્ત્રીની માફક મરજી મુજબ વિહાર કરેછે. ૬.

લક્ષ્મી દુઃખપ્રદ છે.

दायादाः स्पृहयन्ति तस्करगणा मुष्णन्ति भूमीभुजो,
गृह्णन्तिच्छलमाकलय्य हुतभुग्भस्मीकरोति क्षणात् ।
अम्भः प्लावयति क्षितौ विनिहितं यक्षा हरन्ते हठात्,
दुर्वृत्तास्तनया नयन्ति निधनं धिग्बह्वधीनं धनम् ॥ ७ ॥

બહુ સ્વામીવાળી લક્ષ્મીને ધિક્કાર છે, કારણકે ગોત્રી (વારસ) પોતા-પાસે રહેલી લક્ષ્મીની ઇચ્છા કરેછે, ચોર લોક પણ ચોરી કરેછે, રાજાઓ(વૃથા) આળ મેલીને લઇ લેછે, અગ્નિ ક્ષણમાત્રમાં ભસ્મ કરેછે, પાણી ઉપાડી જાય છે, પૃથ્વીમાં દાટી રાખેલ હોય તોપણ યક્ષો (વ્યંતરો) બળાત્કારથી હરી જાયછે અને પુત્રો પોતાનો (લક્ષ્મીપતિનો) નાશ કરેછે. માટે લક્ષ્મીને ધિક્કાર છે? આવી લક્ષ્મીની લાલચમાં લપટીને મનુષ્યે પોતાના કર્ત્તવ્ય કર્મથી ભ્રષ્ટ થવું એ યોગ્ય નથી. ૭.

ધનવાંછાથી અઘટિત ઘટના.

नीचस्यापि चिरं चटूनि रचयन्त्यायान्ति नीचैर्नतिं,
शत्रोरप्यगुणात्मनोऽपि विदधत्युच्चैर्गुणोत्कीर्तनम् ।
निर्वेदं न विदन्ति किञ्चिदकृतज्ञस्यापि सेवाक्रमे,
कष्टं किं न मनस्विनोऽपि मनुजाः कुर्वन्ति वित्तार्थिनः ॥ ८ ॥

દ્રવ્યની ઇચ્છાવાળા ડાહ્યા મનુષ્યો પણ કયું કષ્ટ કરતા (સહન કરતા) નથી? જેમકે નીચ મનુષ્યની આગળ લાંબા કાળસુધી પ્રિય વચન બોલે છે, નીચ મનુષ્યોને પ્રણામ કરેછે, નિર્ગુણ શત્રુનું પણ અતિશયે ગુણ વર્ણન કરેછે અને કર્યા કામની કદર નહિ જાણનાર સ્વામીની સેવા કરવામાં જરાપણ ખેદ કરતા નથી. (આવી રીતે દ્રવ્યલાલસા યોગ્યાયોગ્યનું ભાન ભૂલાવી દેછે). ૮.

લક્ષ્મીનો શુભ માર્ગે ઉપયોગ.

लक्ष्मीः सर्पति नीचमर्णवपयःसङ्गादिवाम्भोजिनी–
संसर्गादिव कण्टकाकुलपदा न क्वापि धत्ते पदम् ।
चैतन्यं विषसन्निधेरिव नृणामुज्झासयत्यञ्जसा,
धर्मस्थाननियोजनेन गुणिभिर्ग्राह्यं तदस्या फलम् ॥ ९ ॥

सिन्दूरप्रकर.

લક્ષ્મી સમુદ્રના પાણીના સંગને લીધે તેની પીઠે નીચે રસ્તે જાયછે, કમલિનીના સંગથી જાણે કાંટાથી પીડિત પગવાળી થઇ કોઇ ઠેકાણે સ્થાન ધારણ કરતી નથી અને ઝેરના સંગને લીધે તેની પેઠે વગર પ્રયાસે મનુષ્યોનાં પ્રાણ હરણ કરેછે. માટે ડાહ્યા મનુષ્યોએ (લક્ષ્મીને) ધર્મસ્થાનના ઉપયોગમાં જોડવાથી લક્ષ્મીનું ખરૂં ફળ મેળવવું જોઇએ.

સારાંશ—લક્ષ્મી સમુદ્રમાંથી ઉત્પન્ન થઇ છે એટલે સમુદ્ર તેનો પિતા ગણાય છે, તે પિતા (સમુદ્રપાણી) જ્યાં નીચ (ઢળતી જમીન) હોય ત્યાં વહન કરેછે તેને લીધે લક્ષ્મી પણ નીચ પુરૂષને મેળવેછે એટલે ઉદાર પુરૂષ પાસે લક્ષ્મી હોતી નથી. લક્ષ્મીનું અંભોજિની ઘર કહેવાય છે. તે અંભોજિનીમાં કાંટા હોવાથી લક્ષ્મીને પગમાં કાંટા વાગ્યા છે એટલે તેનાથી કોઇ ઠેકાણે પગ ટકાવી શકાતો નથી અર્થાત્ લક્ષ્મી કોઇ સ્થળે કાયમ રહેતી નથી. ઝેરથી જેમ ચૈતન્ય નાશ પામેછે તેમ લક્ષ્મીથી (ઝેર અને લક્ષ્મીનું ઉત્પત્તિસ્થાન એક સમુદ્ર છે તેને લીધે લક્ષ્મીમાં ઝેરની અંદર રહેતા અવગુણો દાખલ થવાથી) મનુષ્યોનું જીવન નાશ પામે છે. લક્ષ્મીવાન્ વિવેકહીન થઇ જાયછે એ જીવ-

નનો નાશ થયો ગણાય. તેથી સમજુ પુરૂષો લક્ષ્મીમાં સર્વ અવગુણો જોઇને તેનો ધર્મમાર્ગમાં ઉપયોગ ત્વરાથી કરી લેછે. એટલે લક્ષ્મી મેળવ્યાનું ફળ મેળવી લીધું. કહેવાનો ભાવ એવો છે કે ધર્મરસ્તે લક્ષ્મીને વાપરી તેનો ખરો લાવ લેવો. કારણકે તે ચંચળ હોવાથી ચાલી જવામાં વાર લાગશે નહિ. ૯.

મજબૂત સ્થાનમાંથી પણ લક્ષ્મીનું ગેબ થવું.

आदावेव महाबलैरविचलं पट्टेन बद्धा स्वयं,
रक्षाध्यक्षभुजासिपञ्जरवृता सामन्तसंरक्षिता ।
लक्ष्मीर्दीपशिखोपमा क्षितिमतां हा पश्यतां नश्यति,
प्रायः पातितचामरानिलहतेवान्यत्र का सा नृणाम् ॥ १० ॥

आत्मानुशासन.

પ્રથમ તો મહા બળવાન્ રાજાઓ ન ચલાયમાન થાય તેમ જેને રાજશાસનથી એટલે હુકમથી પોતેજ તેજુરીમાં બાંધી મૂકેછે અને ત્યાં રક્ષાધ્યક્ષ (ખજાનાની રક્ષા કરનાર પુરૂષ) ના હાથમાં રહેલી તરવારરૂપી પાંજરામાં ઘેરાયેલી છે. તેમ જુદા જુદા દેશોનું રક્ષણ કરનાર સામંતોથી જે સુરક્ષિત છે. એટલું છતાં પણ દીવાની શિખાસમાન લક્ષ્મી (ધન) ઘણું કરીને આમ તેમ ચાલતા ચામર (પંખાઓ) ના પવનથી જાણે ઉડેલી હોય તેમ હા! ખેદ છે કે! રાજાઓ જોતાં છતાં (નજરોનજર) ઉડી જાયછે. ત્યારે બીજે ઠેકાણે મનુષ્યોની તે લક્ષ્મી નાશી જાય તેમાં શું કહેવું? ૧૦.

ધનની અસ્થિરતાનું સ્મરણ કરી એક વિદ્વાન્ પોતાના ચિત્તને કહેછે.

यस्मै त्वं लघु लङ्घसे जलनिधिं दुर्गाटवीं गाहसे,
मित्रं वञ्चयसे विलुम्पसि निजं वाक्यक्रमं मुञ्चसि ।
तद्वित्तं नहि दृश्यते स्थिरतया कस्यापि पृथ्वीतले,
रे रे चञ्चलचित्त वित्तहतकं व्यावर्ततां मे सदा ॥ ११ ॥

काव्यमालागुच्छक–सप्तम.

હે ચિત્ત! તું જે (ધન) માટે મહાસાગરને એકદમ ઓળંગી જાયછે. ભયાનક જંગલમાં વિચરેછે, મિત્રને છેતરેછે, પોતાનાને લુંટી લેછે અને વાક્યના ક્રમને (વિનયયુક્ત વચનસમૂહને) મૂકી દેછે. તે ધન પૃથ્વીતળમાં કોઇ

પણ પુરૂષને ત્યાં સ્થિરપણાથી દેખાતું નથી તો અરે! મ્હારા ચંચળ ચિત્ત! ખરાબ એવું તે ધન મ્હારા પાસેથી ભલે પલાયન કરી જાય. ૧૧.

સુગંધી વાળો, જાઇ, કેળ અને આંબાની લતાની ઉપમાથી અનુક્રમે ચઢીઆતી રીતે ચાર પ્રકારથી લક્ષ્મીના સ્વભાવનું વર્ણન.

काचिद्वालुकवन्महीतलगता मूलच्छिदाकारणं,
द्रव्योपार्जनपुष्पिताऽपि विफला काचित्तु जातिप्रभा ।
काचिच्छ्रीः कदलीव भोगसुभगा सत्पुण्यबीजच्युता,
सर्वाङ्गं सुभगा रसाललतिकावत्पुण्यबीजाश्रिता ॥ १२ ॥

सूक्तिमुक्तावली.

કોઇક લક્ષ્મી (ધન) સુગંધસુક્તવાળાની માફક પૃથ્વીતળમાંજ રહેછે અર્થાત્ દટાઇજિ રહેછે અને તેનો સદુપયોગ થતો નથી એટલે તેમાં તેના મૂળરૂપ પુણ્ય કપાઇ જાયછે અને કોઇ બીજી લક્ષ્મી ધનના ઉપાર્જન (મેળવવા) થી પુણ્યયુક્ત થયેલ છે તોપણ જાઇ (ચમેલી વિગેરે ફુલઝાડ) ની માફક ફળરહિતજ રહેછે એટલે જે કમાઇને એકત્ર કરાયછે પણ તેનું કશું ફળ, દાન ઉપભોગાદિ કરાતું નથી તેથી જાઇના વૃક્ષ જેવી લક્ષ્મી છે અને કોઇક લક્ષ્મી કેળ જેવી છે એટલે કેળ સુંદર અંગવાળી હોયછે તેમ આ લક્ષ્મી ભોગસુભગા એટલે પોતાને ભોગવવામાંજ ઉપયોગી થાયછે, પણ પુણ્યદાનમાં ખર્ચાતી ન હોવાથી સત્ પુણ્યોરૂપી બીજથી રહિત છે. એટલે કેળમાં પણ બીજ હોતું નથી, તેથી આ ત્રીજા પ્રકારની લક્ષ્મીને કેળની ઉપમા આપી છે અને ચોથા પ્રકારની લક્ષ્મી આંબાની લતામાફક સર્વાંગ સુંદર છે અને સત્પુણ્યોરૂપી બીજોથી સુશોભિત છે એટલે આંબાનું વૃક્ષ જેમ ચાલુ સ્થિતિમાં સુંદર દેખાયછે તેમ તેમાં સુંદર ફળો પણ લાગેછે અને તેમાં બીયાં પણ છે જેથી તે આંબો નષ્ટ થયા પછી પણ તેનું અસ્તિત્વ મનાયછે તેમજ જે લક્ષ્મી ભોગવાયછે અને દાનમાં અપાયછે તે સંપત્તિ ઉભય લોકને સિદ્ધ કરવાવાળી છે. ૧૨.

લક્ષ્મીની ચંચળતા.

અંગદેશને વિષે ધારાપુર નગરનો સુંદર નામે રાજા છે, તેની મદનવલ્લભા નામે રાણી છે. તેને એક કીર્ત્તિપાલ, બીજો મહીપાલ એવે નામે બે પુત્ર છે. તે રાજા પરસ્ત્રીપરાઙ્મુખ છે અને રાણી પણ શીલાંગી છે. એકદા મધ્યરાત્રિએ તેની કુલદેવતાએ આવીને કહ્યું કે હે રાજન્! તુંને દુર્દશા આવી

છે, મ્હોટું કષ્ટ પ્રાપ્ત થશે! તે સાંભળીને રાજાએ કહ્યું કે જીવે શુભાશુભકર્મજ કર્યા હોય, તે ભોગવ્યા વિના છૂટકો થાય નહિ.

आर्या.

सम्पदि यस्य न हर्षो, विपदि विषादो रणेषु धीरत्वम् ।
तं भुवनत्रयतिलकं, जनयति जननी सुतं विरलम् ॥

ભાવાર્થ—જેને સમૃદ્ધિમાં હર્ષ નથી, વિપત્તિમાં ખેદ નથી અને લડાઇમાં ધીરજ છે તેવા ત્રણે ભુવનમાં તિલકરૂપ પુત્રને માતા કયારેકજ જન્મ આપેછે.

માટે કરેલ કર્મ ભોગવ્યાવિના છૂટે નહિ. એવું ધૈર્ય ધરી રાજ્ય પ્રધાનને ભળાવી રાજા પોતે તથા સ્ત્રી બન્ને પુત્રોને સાથે લઇ પરદેશભણી ચાલ્યા. એકદા વગડામાં કુટુંબસહિત રાજા સૂતો છે તે વખતે પોતાની પાસે જે કાંઇ હતું, તે સર્વ ચોર લોકો લઇ ગયા. પછી વનફળાદિકવડે કુટુંબ નિર્વાહ કરતો કરતો અને ચાલતો ચાલતો પૃથ્વીપુરનગરમાં આવ્યો. ત્યાં કોઇ ધનસાગર વ્યવહારીયાના સ્થાનમાં રહ્યો. રાણી લોકોને ઘેર મજુરી કરવા જાયછે તેને સ્વરૂપવાન્ દેખી મોહિત થઇ લોકો મજુરી વધારે દેવા લાગ્યા. ત્યાં વિષયી લોકોના પ્રસંગથી ઘણાં દુઃખ સહન કર્યાં, ફરી ભાગ્યોદય થયો તે વખતે પોતાના સ્વનગરમાં ગયાં અને રાજ્ય પામ્યાં, સર્વ કુટુંબને મળ્યાં, તેઓના સર્વ મનોરથ સિદ્ધ થયા. ઘણો કાળ સાંસારિક સુખ ભોગવી વૃદ્ધાવસ્થાએ ચારિત્ર લઇ છેવટ સંલેષણા કરી દેવલોકમાં ગયાં.

લક્ષ્મીનું નામ ચપલા રાખવામાં આવેલ છે તે શબ્દઉપરથી એમ જણાઇ આવેછે કે લક્ષ્મીનો નિવાસ ઘણે ભાગે એક સ્થાને હોઇ શકે નહિ. લક્ષ્મીને ગમે તો પૃથ્વીમાં રાખે અથવા મજબૂત લોઢાની તેજુરીમાં રાખે ગમે તો કાગળના આંકડા (નોટ) માં રાખે પણ તે ચપલા પોતાનું ચંચળપણું બતાવ્યા વિના રહેશે નહિ તેથી તેનો સદુપયોગ કરી લેવો એ સલાહ આપવામાં આવેછે. કેવા વર્તનથી લક્ષ્મી પોતાને ત્યાં નિવાસ કરે એ દર્શાવવાને હવે આ લક્ષ્મીસ્વભાવ-અધિકારની વિરતિ કરી છે.

लक्ष्मीवास-अधिकार.

ચપલાની ચપલતા છોડાવવા ઉપાયરૂપે આ અધિકારની જરૂરીઆત માની છે. લક્ષ્મીજીનો વાસ કયાં કયાં હોયછે? આ બાબત જા-

ણવી અતીવ જરૂરની છે કારણકે મનુષ્યો જો તેવા લક્ષ્મીજીના સ્થાનરૂપી સ્વતઃ બનશે તો લક્ષ્મીજી તેમાં પોતાની મેળે આવીનેજ રહેશે. એ ઉદ્દેશથી આ અધિકારનો આરંભ કર્યો છે.

લક્ષ્મીજી પોતાનું નિવાસસ્થાન ઇન્દ્રદેવને કહેછે.

अनुष्टुप् (१ थी ६).

गुरवो यत्र पूज्यन्ते, वित्तं यत्र नयार्जितम् ।
अदन्तकलहो यत्र, तत्र शक्र वसाम्यहम् ॥ १ ॥

હે ઇન્દ્ર! જ્યાં ગુરૂઓ પૂજાયછે અને જ્યાં ન્યાયથી મેળવેલ ધન છે. તેમ જ્યાં દાંત દેખાડીને કલહ (કજીયો) કરાતો નથી (જ્યાં કજીઆનો અવકાશ નથી) તે સ્થાનમાં હું વસુંછું. ૧.

તથા—

प्रीतिर्यत्र निजैर्गेहे, देहसत्त्वं सुसंभृतम् ।
पुण्यमात्मन्यगण्यं च, तत्र तिष्ठाम्यहं सदा ॥ २ ॥

જે ઘરમાં પોતપોતાને પરસ્પર પ્રેમ હોય, ઘણુંજ શરીરસંબંધી બળ હોય અને આત્મામાં અગણિત પુણ્ય હોય, ત્યાં હું હમેશાં નિવાસ કરૂંછું. ૨.

લક્ષ્મીને સ્થિર રાખનાર પાંચ જામીન.

दानमौचित्यविज्ञानं, सत्पात्राणां परिग्रहः ।
सुकृतं सुप्रभुत्वं च, पञ्च प्रतिभुवः श्रियः ॥ ३ ॥

દાન, યોગ્યતાનું જ્ઞાન, સત્પાત્રોનો સ્વીકાર (સત્કાર્યોમાં આગેવાની), સુકૃત (પુણ્ય) અને સર્વોત્તમ ધણીપણું આ પાંચ લક્ષ્મીના જામીનો છે. એટલે લક્ષ્મીને કાયમ રાખવાનાં સાધનો છે. ૩.

ધન વાપરવાની સમજુતી.

आयादर्धं नियुञ्जीत, धर्मे यद्वाधिकं ततः ।
शेषेण शेषं कुर्वीत, यत्नतः स्वीयमैहिकम् ॥ ४ ॥

જેટલું ધન આવે તેમાંથી અર્ધું અથવા તેથી અધિક ધન ધર્મકાર્યમાં ખર્ચવું અને બાકી રહેલા ધનથી યત્ને કરી પોતાનું આલોકસંબંધી શેષ-કાર્ય કરવું. ૪.

પેદાશ અને ખર્ચનો વિચાર કરી કાર્ય કરવું.

आयव्ययमनालोच्य, यस्तु वैश्रवणायते ।
अचिरेणापि कालेन, स तु वै श्रमणायते ॥ ५ ॥

જે મનુષ્ય પેદાશ તથા ખર્ચનો વિચાર કર્યાવિના કુબેર ભંડારી જેવો બની જાયછે એટલે ખર્ચ કરવામાં બાકી રાખતો નથી તે મનુષ્ય તો થોડા વખતમાં નક્કી શ્રમણ (બાવા) જેવો થઇ જાય છે. तु શબ્દ અન્યની વ્યાવૃત્તિમાટે છે. એટલે જે પેદાશનો વિચાર કરી ખર્ચ કરેછે, તેને ત્યાં તો લક્ષ્મી નિવાસ કરેછે. ૫.

ધનથી દાનની ઉત્પત્તિ અને દાનથી ધનની ઉત્પત્તિ.

त्यागो गुणो वित्तवतां, वित्तं त्यागवतां गुणः ।
परस्परावियुक्तौ तु, वित्तत्यागौ विडम्बना ॥ ६ ॥

દાન તે ધનાઢ્ય પુરૂષોને મહાન્ ગુણરૂપ છે, એટલે કે દાન કરે તો પુનઃ ધનની પ્રાપ્તિ થાય. તેમ ધન તે દાની પુરૂષોને ગુણરૂપ છે. એટલે ધન હોય તો દાન થાય. ધન છતાં દાન કરવું નહિ અને ધન હોય નહિ છતાં દાન કરવું એ બન્ને દુઃખરૂપ છે. ૬.

જેનો યોગ્ય ઉપયોગ કરી શકાય તેજ લક્ષ્મી.

शालिनी.[1]

सा लक्ष्मीर्या धर्मकार्योपयुक्ता, सा लक्ष्मीर्या बन्धुवर्गोपभोग्या ।
सा लक्ष्मीर्या स्वाङ्गभोगप्रसक्ता, यान्या मान्या सा तु लक्ष्मीरलक्ष्मीः ॥७॥

જે ધર્મ કાર્યોમાં ઉપયોગી થાયછે તે લક્ષ્મી, જે બંધુવર્ગના ઉપયોગમાં આવે તે લક્ષ્મી, તેમ જે પોતાના અંગના ભોગમાં ઉપયોગી થાય તે લક્ષ્મી પણ આ સિવાય બીજી સંપત્તિને જે લક્ષ્મીતરીકે કહેવામાં (માનવામાં) આવે છે તે અલક્ષ્મી છે. ૭.

---

૧ शालिनीनुं લક્ષણ "शालिन्युक्ता म्तौ तगौ गोऽब्धिलोकैः"

અર્થાત્ म ગણ, त ગણ, त ગણ, બે ગુરૂ અક્ષર મળી ૧૧ અક્ષર એક ચરણમાં હોયછે તેવાં ચાર ચરણ મળે ત્યારે शालिनी છંદ કહેવાયછે તથા ૪-૭ અક્ષરે વિરામ હોયછે.

ધન મેળવવાનો ગુપ્ત મંત્ર.

वंशस्थ.

शिरस्सु पुष्पं चरणौ सुपूजितौ, निजाङ्गनासेवनमल्पभोजनम् ।
अनग्नशायित्वमपर्वमैथुनं, चिरप्रणष्टां श्रियमानयन्त्यलम् ॥ ८ ॥

મસ્તકો ઉપર સુંદર પુષ્પ, સુંદરરીતે પૂજેલ ચરણો, પોતાની સ્રીનુંજ સેવન, અલ્પ ભોજન, અનગ્ન (વસ્ત્ર પહેરીને) શયન અને પર્વો—અષ્ટમી, ચતુર્દશ્યાદિને છોડીને મૈથુન આ લક્ષણો લાંબા વખત થયાં નષ્ટ થયેલી લક્ષ્મીને પણ પાછી લાવી આપેછે. ૮.

લક્ષ્મીની સ્થિરતા કેવા ઘરમાં થાયછે? તેનો નિર્ણય.

शार्दूलविक्रीडित.

यत्राभ्यागतदानमानचरणप्रक्षालनं भोजनं,
सत्सेवापितृदेवतार्चनविधिः सत्यं गवां पालनम् ।
धान्यानामपि सङ्ग्रहो न कलहश्चित्तानुरूपाप्रिया,
हृष्टा प्राह हरिं वसामि कमला तस्मिन् गृहे निश्चला ॥ ९ ॥

सूक्तिमुक्तावली.

જે ઘરમાં અભ્યાગત—અતિથિઓને દાન, માન, ચરણપ્રક્ષાલન અને ભોજનથી સત્કાર થાયછે, તેમ સત્પુરૂષોની સેવા થાયછે, પિતૃ તથા દેવના પૂજનનો વિધિ થાયછે, સત્ય ભાષણ થાયછે, ગાયોનું પાલન કરાયછે. ધાન્યોનો પણ સંગ્રહ હોયછે તથા કલેશ હોતો નથી તેમ પતિના ચિત્તને અનુસરનારી પ્રસન્ન મુખવાળી પ્રિય સ્રી હોય છે, તે ઘરમાં નિશ્ચલ થઇને હું વસુછું એમ શ્રીલક્ષ્મીજીએ શ્રી હરિને કહ્યું. ૯.

મર્યાદાપુરઃસર નીતિનું પોષણ, બાળ તથા વૃધ્ધોનો સત્કાર, સુઘડતા, પ્રાતઃકાળમાં નિયમસર જાગવું, સર્વ સાથે ઘટિત સ્નેહ એ આદિ કારણોથી લક્ષ્મીની જેમ પ્રાપ્તિ થાયછે તેમ પુણ્યવિના લક્ષ્મી કોઇ સ્થાને કાયમ નિવાસ કરતી નથી તે બતાવવા આ અધિકારને મદદરૂપ "લક્ષ્મી પુણ્યને આધીન છે" તે તરફ ધ્યાન ખેંચવા આ ચાલતો અધિકાર લક્ષ્મીનિવાસ પૂર્ણ કર્યોછે.

लक्ष्मीपुण्याधीनता-अधिकार.

ઉદ્યમથી કદાચ લક્ષ્મી પ્રાપ્ત થાયછે પણ પુણ્યવિના સ્થિરતા કરતી નથી એ સમજણ આપવા જરૂર છે. લોકો કહેછે કે અમે અનેક ઉપાયો કરીએ છીએ પરંતુ ચપલ એવી લક્ષ્મી અમારા ઘરમાં સ્થિર થઇને રહેતી નથી. તેમ લક્ષ્મી પણ ચંચલ છે, કુટિલ છે, નીચ માણુસોમાં રહેવાવાળી છે વિગેરે આક્ષેપો કરવામાં આવેછે પરંતુ તે બાબતમાં લક્ષ્મીજીનું શું કહેવું છે એ સારી રીતે સમજાવવાસારૂ આ અધિકાર આરંભાયછે.

જેમ સાધનો હાજર છતાં સંકલ્પવિના કાર્ય બનતું નથી તેમ કલ્પવૃક્ષ વિગેરેની હાજરી છતાં તેઓ, પુણ્ય વિના ફળ આપી શકતાં નથી.

उपेन्द्रवज्रा.

न देवतीर्थैर्न पराक्रमेण, न मन्त्रतन्त्रैर्न सुवर्णदानैः ।
न धेनुचिन्तामणिकल्पवृक्षैर्विना स्वपुण्यैरिह वाञ्छितार्थाः ॥ १ ॥

सूक्तिमुक्तावली.

દેવતાઓ, તીર્થો, પરાક્રમ, મંત્ર, તંત્ર, સુવર્ણનાં દાન, કામદુધા ગાય, ચિંતામણિ અને કલ્પવૃક્ષવડે પણ પોતાનાં પુણ્યકર્મો વિના જીવને આ લોકમાં ઇચ્છિત અર્થો પ્રાપ્ત થતાં નથી. અર્થાત્ જો લક્ષ્મી વિગેરેની પ્રાપ્તિ કરવી હોય તો પોતેજ સત્કર્મોમાં પ્રવૃત્ત રહેવું. ૧*

પુણ્ય એ લક્ષ્મીને ખેંચવામાં લોહચુંબકતુલ્ય છે.

वसन्ततिलका.

रे चित्त खेदमुपयासि कथं वृथैव,
रम्येषु वस्तुषु मनोहरतां गतेषु ।

---

* શ્લોકમાં બતાવેલી કલ્પવૃક્ષાદિ વસ્તુઓ પુણ્યવિના પણ મળી શકતી નથી અર્થાત્ સર્વ સુખદ વસ્તુની પ્રાપ્તિ પુણ્યથીજ છે એમ ચોક્કસ માનવું. તેથી કલ્પવૃક્ષ વિગેરેની નિર્બળતા માનવી નહિ.

पुण्यं कुरुष्व यदि तेषु तवास्ति वाञ्छा,
पुण्यैर्विना न हि भवन्ति समीहितार्थाः ॥ २ ॥

रूपसेनचरित्र.

એક કવિ પોતાના ચિત્તને કહેછે કે—હે ચિત્ત! મનોહરપણાને પામેલી સુંદર વસ્તુઓમાં ફોગટજ શા વાસ્તે ખેદ પામેછે? જો તે ચીજોને મેળવવાની તારી ઇચ્છા હોય તો પુણ્ય કર્માચરણ કર; કારણકે પુણ્યવિના ઇચ્છિત અર્થો જીવને પ્રાપ્ત થતા નથી. ૨.

લક્ષ્મીજીને ઠપકો.

शार्दूलविक्रीडित (३ थी ५).

हे लक्ष्मि क्षणिके स्वभावचपले मूढे च पापेऽधमे,
न त्वं चोत्तमपात्रमिच्छसि खले प्रायेण दुश्चारिणी ।
ये देवार्चनसत्यशौचनिरता ये चापि धर्मे रता–
स्तेभ्यो लज्जसि निर्दये गतमतिर्नीचो जनो वल्लभः ॥ ३ ॥

सुभाषितरत्नभाण्डागार.

હે લક્ષ્મી! તું ચપળ સ્વભાવવાળી, ક્ષણવાર પણ સ્થિરતા કરીને નહિ રહેનારી, તથા મૂઢ, પાપી અને અધમ મનુષ્યની પાસે જનારી છો, વળી તું ઉત્તમ પાત્રને તો ઇચ્છતી નથી. (કારણકે) જે મનુષ્ય દેવપૂજન, સત્યતા, પવિત્રપણું તથા ધર્મઉપર પ્રીતિવાળા હોયછે તેઓથી તું શરમાય છે અને ક્રૂર હૃદયવાળી હે લક્ષ્મી! તને બુદ્ધિહીન નીચ મનુષ્ય પ્યારો લાગે છે. ૩.

પોતાઉપર આવેલ આળમાંથી લક્ષ્મીજીએ ન્યાયની રીતે કરેલ પોતાનો બચાવ.

भो लोका मम दूषणं कथमिदं सञ्चारितं भूतले,
नीचौकाः क्षणिका च निर्घृणतरा लक्ष्मीरिति स्वैरिणी ।
नैवाहं चपला न चापि कुटिला नाहं गुणद्वेषिणी,
पुण्येनैव भवाम्यहं स्थिरतरा युक्तं हि पुण्यार्जनम् ॥ ४ ॥

कस्यापि.

લક્ષ્મી કહે છે કે—હે લોકો! મારામાં દૂષણ નથી છતાં "લક્ષ્મી નીચ જાતિમાં રહેવાવાળી છે, ક્ષણિક છે, નિર્દય છે અને સ્વૈરિણી (પોતાની ઇચ્છા

મુજબ જનારી) છે એવી રીતનું આ દૂષણ ભૂતલમાં શા વાસ્તે ફેલાવ્યું છે? કારણકે હું ચપલ નથી, કુટિલ પણ નથી અને ગુણોનો દ્વેષ કરનારી પણ નથી પરંતુ પુણ્ય કાર્યોથીજ હું સ્થિર થાઉં છું. માટે મારી પ્રાપ્તિની ઇચ્છાવાળા પુરૂષે પુણ્યનું અર્જન (મેળવવાનું કાર્ય) કરવું એજ યોગ્ય છે. ૪.

પુણ્યોદયસૂધીજ બધું અનુકૂળ હોયછે.

तावच्चन्द्रबलं ततो ग्रहबलं ताराबलं भूबलं,
तावत्सिद्ध्यति वाञ्छितार्थमखिलं तावज्जनः सज्जनः ।
मुद्रामण्डलमन्त्रतन्त्रमहिमा तावत्कृतं पौरुषं,
यावत्पुण्यमिदं सदा विजयते पुण्यक्षये क्षीयते ॥ ५ ॥

सूक्तिमुक्तावली.

જ્યાંસુધી પુણ્ય છે ત્યાંસુધી ચંદ્રનું બળ, ગ્રહોનું બળ, તારાઓનું બળ અને પૃથ્વીનું બળ રહી શકે છે, તેમ સમગ્ર વાંચ્છિત અર્થ પણ ત્યાંસુધીજ સિદ્ધ થાયછે અને લોક માત્ર સજ્જન પણ ત્યાંસુધીજ રહેછે; મુદ્રા, (ધનસંપત્તિ), મિત્રોનું મંડળ, મંત્ર તથા તંત્રનો મહિમા પણ ત્યાંસુધી તથા કરેલું પુરૂષાતન પણ ત્યાંસુધીજ છે અને જ્યારે પુણ્યનો ક્ષય થયો કે તુર્તજ ઉપર કહેલું સર્વ વિપરીત થઇ જાય છે એટલે ક્ષયને પામે છે. ૫.

લક્ષ્મી કે લક્ષ્મીથી થતા સુખની જેમને ઇચ્છા હોય તેમણે અવશ્ય સદ્વર્તન રાખવું એ બતાવી લક્ષ્મી કેવા કેવા સ્થાનમાં નિવાસ કરતી નથી તે તરફ ધ્યાન ખેંચવા આ લક્ષ્મીપુણ્યાધીનતા અધિકાર પૂર્ણ કર્યો છે.

लक्ष्मीअवास–अधिकार.

જ્યાં સુધી પુણ્યનું બળ હોય છે ત્યાંસુધી લક્ષ્મી સ્થિરતા પકડે છે પણ જ્યારે મનુષ્ય અકાર્યમાં પ્રવેશ કરેછે ત્યારે લક્ષ્મી ત્યાંથી ચાલીજ જાયછે. એ બતાવવાને આ અધિકાર લેવામાં આવ્યો છે.

કેવા કેવા મનુષ્યોમાં લક્ષ્મી રહેતી નથી.

अनुष्टुप्.

द्यूतपोषी निजद्वेषी, धातुवादी सदालसः ।
आयव्ययावनालोची नात्र तिष्ठाम्यहं सदा ॥ १ ॥

सूक्तिमुक्तावली.

લક્ષ્મીજી કહે છે કે—જુગટાથી પોષણ ચલાવનાર, પોતાના (કુટુંબી જનો) નો દ્વેષ કરનાર, કિમીયાની વાતો કરનાર, હમેશાં આળસુ અને પેદાશ તથા ખર્ચનો હીસાબ ન રાખનાર આવા દુર્લક્ષણવાળા પુરૂષમાં હું સદા ટકતી નથી. ૧.

ચક્રવર્તી રાજામાં પણ જો દુષ્ટલક્ષણો હોય તો લક્ષ્મીજી તેને પણ છોડી દેછે.

वंशस्थ (२–३).

कुचैलिनं दन्तमलावधारिणं, बह्वाशिनं निष्ठुरवाक्यभाषिणम् ।
सूर्योदये चास्तमने शयानं, विमुञ्चति श्रीरपि चक्रधारिणम् ॥ २ ॥

शार्ङ्गधरपद्धति.

મલિન વસ્ત્રો પહેરનાર, દાંતમાં મળને ધારણ કરનાર, ઘણું ભોજન જમનાર, કઠોર વાકયોનો ઉચ્ચાર કરનાર અને સૂર્યના ઉદય તથા અસ્ત સમયે શયન કરનાર એવા શ્રીચક્રધારી રાજા હોય તોપણ તેનો લક્ષ્મીજી ત્યાગ કરે છે ત્યારે ઇતર મનુષ્યની શી કથા? ૨.

લક્ષ્મીને નાશ કરનારાં કારણો.

असत्यता निष्ठुरताकृतज्ञता, भयं प्रमादोऽलसता विषादिता ।
वृथाभिमानो ह्यतिदीर्घसूत्रता, तथाङ्गरौक्ष्यादि विनाशनं श्रियः ॥ ३ ॥

सुभाषितरत्नभाण्डागार.

જૂઠું બોલવું, શઠતા, અકૃતજ્ઞતા (કરેલ ઉપકાર ભૂલી જવો તે), ભય, પ્રમાદ, આળસ, ખેદ, ખોટું અભિમાન, દીર્ઘસૂત્રતા (કામ કરતાં હદ ઉપરાંત ગેરવ્યાજબી વખત ગુમાવવો તે) અને શરીરનું લુખાપણું આ સર્વ કારણો ધનનાશક સમજવાં. ૩.

દુષ્ટલક્ષણોથી લક્ષ્મી પલાયન કરી જાયછે.

स्रग्धरा.

नित्यं छेदस्तृणानां धरणीविलिखनं पादयोरल्पपूजा,
दन्तानामल्पशौचं वसनमलिनता रूक्षता मूर्धजानाम् ।
संध्याकाले च निद्रा विवसनशयनं ग्रासहासातिरेकः,
स्वाङ्गे वाद्यं च पुंसो निधनमुपनयेत्केशवस्यापि लक्ष्मीम् ॥ ४ ॥

कस्यापि.

હમેશાં તૃણો (ઘાસનાં તણખલાંઓ) નું કાપવું, પૃથ્વી ખોતરવી, પગ બરોબર ન ધોવા, દાતણ ઘસીને ન કરવું, મલિન વસ્ત્રો પહેરવાં, મસ્તકના કેશનું રૂક્ષપણું, એટલે કોઈ પણ દિવસ તેલ નાખી ન ઓળવું તે, સંધ્યાના વખતો (પ્રાતઃ મધ્યાહ્ન અને સાયંકાળ) માં શયન કરવું, તેમ વસ્ત્રરહિત શયન કરવું, ભોજન કરતાં કરતાં હાસ્ય કરી અન્નનો અપરાધ કરવો અને પોતાના અંગમાં હાથ વિગેરે પછાડયા કરવા, આટલાં દુર્લક્ષણો શ્રીવિષ્ણુમાં હોય તો તેની લક્ષ્મી પણ પલાયન કરી જાય ત્યારે ગૃહસ્થ મનુષ્યમાં ઉપર કહેલાં દુર્લક્ષણો હોય તો તેની પાસે લક્ષ્મીજી રહેજ કેમ? અર્થાત્ ન રહે. ૪.

લક્ષ્મીજી કેવાં કેવાં સ્થાનમાં જતાં નથી, કેવાં કેવાં સ્થાનોમાં નિવાસ કરેછે એ સંબંધી સુસ્પષ્ટ સમજણ અપાઈગઈ છે તો લક્ષ્મીજીની કૃપા મેળવવા શાસ્ત્રાદેશાનુસાર વર્તન કરવાની જરૂર છે. કદાચ તે પ્રમાણે વર્તન થશે નહિ તો આપણી પાસે દ્રવ્યનું સાધન રહી શકશે નહિ અને જો લક્ષ્મી ગુમાવી બેઠા તો જગત્માં એક તૃણથી પણ આપણી કિંમત હલકી અંકાશે એટલુંજ નહિ પણ સર્વ સ્થાને વારંવાર સ્વાર્થી લોકો આપણું અપમાન કર્યા કરશે એમ બતાવી સ્વાર્થની સમજણ ગ્રહણ કરવા હવે પછી તે અધિકાર લેવા આ લક્ષ્મીઅવાસ અધિકાર પૂર્ણ કર્યો છે.

स्वार्थ-अधिकार.

લક્ષ્મી ઘરમાંથી જતી રહે ત્યારે કોઈનો સ્વાર્થ સરતો નથી. જ્યાંસુધી સ્વાર્થ હોય ત્યાંસુધી લોકોમાં પરસ્પર પ્રીતિ રહી શકેછે અને સ્વાર્થ સર્યો કે તે પ્રેમની પણ સાથેજ સમાપ્તિ થઈ જાયછે. એકનો એક પુત્ર

હોય પરંતુ જો એ વર્ષ માંદો પડીને બેહાલ થઇ જાય અને મૃત્યુને પણ ન પામે તેમ કોઇને ઘરમાં સુખે કામ કરવા ન આપે તો તે પુત્રના મરણની ઇચ્છા પણ સ્વાર્થી લોકો કરવા માંડે છે, ત્યારે આથી ઉતરતા જે પદાર્થો છે તેમાં સ્વાર્થસુધી સ્નેહ રહે તેમાં શું કહેવું? ઇત્યાદિ બાબત સમજાવવા માટે આ અધિકારને સ્થાન આપ્યું છે.

સ્વાર્થસુધી પ્રીતિ છે.

अनुष्टुप् (१ थी ९).

तावत्प्रीतिर्भवेल्लोके, यावद्दानं विधीयते ।
वत्सः क्षीरक्षयं दृष्ट्वा, स्वयं त्यजति मातरम् ॥ १ ॥

सिन्दूरप्रकर.

જગતમાં જ્યાંસુધી દાન (ધનાદિની અર્પણ ક્રિયા) કરાયછે ત્યાંસુધીજ પ્રીતિ રહે છે. ત્યાં દૃષ્ટાંત કહે છે કે—વાછરડું દુધનો ક્ષય જોઇને પોતાની માતાનો પોતેજ ત્યાગ કરી દે છે. ૧.

શ્રીરામચંદ્રજી વસિષ્ઠ ગુરૂને પૂછેછે.

स एव त्वं स एवाहं, स एव तापसाश्रमः ।
पूर्वमनादरो दृष्टः, साम्प्रतं कथमादरः ॥ २ ॥

તેજ તમે, તેજ હું અને તેજ તપસ્વી લોકોનો આશ્રમ, કે જ્યાં પ્રથમ અનાદરની પ્રાપ્તિ થઇ હતી એટલે સત્કાર થયો નહોતો અને હમણાં સત્કાર શા વાસ્તે થયો? ૨.

શ્રીવસિષ્ઠ ઋષિ તેનો પ્રત્યુત્તર આપેછે.

धनमर्जय काकुत्स्थ! धनमूलमिदं जगत् ।
अन्तरं नैव पश्यामि, निर्धनस्य मृतस्य च ॥ ३ ॥

रूपसेनचरित्र.

હે કાકુત્સ્થ! (રામચંદ્ર!) તમે ધનને મેળવો કારણકે આ જગતનું મૂળ ધનજ છે અને હું નિર્ધન મનુષ્ય તથા મૃત થયેલ મનુષ્યમાં કાંઇ તફાવત જોતો નથી, એટલે નિર્ધન મનુષ્ય જીવતાં મૃતતુલ્ય છે. આપણો

આ ઋષિઓના આશ્રમમાં સત્કાર થયો છે તેનું કારણ પણ ધનજ છે. અન્ય નથી. ૩.

નિર્ધનતામાં સર્વની પરીક્ષા.

सरसीव पयःपूर्णे, सर्वमृद्धौ समं भवेत् ।
नैःस्व्ये स्वपरयोर्भेदः शुष्केऽस्मिन्नुच्चनीचता ॥ ४ ॥

पार्श्वनाथचरित्र.

જળથી પૂર્ણ એવા તળાવમાં જેમ કોઇ ઉચું નીચું સ્થાન દેખાતું નથી. તેમ સમૃદ્ધિમાં મનુષ્યને સર્વ સમાનજ ભાસેછે પરંતુ તળાવ સૂકાતાં તેમાં ઉચો ભાગ નીચો ભાગ દેખાઇ આવે છે તેમ મનુષ્યનાં નિર્ધનપણામાં ઉચ નીચનો ભેદ પ્રત્યક્ષ દેખાઇ આવેછે. ૪.

જે મિત્ર તેજ દુઃખમાં શત્રુ.

वनानि दहतो वह्नेः, सखा भवति मारुतः ।
स एव दीपनाशाय, कृशे कस्यास्ति सौहृदम् ॥ ५ ॥

વનોનો દાહ કરનાર અગ્નિને પવન મિત્રરૂપ થઇ તેની સંપૂર્ણ મદદ કરેછે અને તેજ પવન દીવાનો નાશ કરી નાખેછે એટલે દુર્બળની ઉપર કોને સ્નેહ હોય? પ્રબલ અગ્નિ હતો ત્યારે તેની વાયુએ મદદ કરી અને અલ્પ અગ્નિ થઇ ગયો ત્યારે તેણે તેનો નાશ કરી નાખ્યો. આમ દુનિયાનાં મનુષ્યોનું પણ સમજવું. ૫.

આખું જગત્ અર્થને આધીન છે.

यस्यार्थास्तस्य मित्राणि, यस्यार्थास्तस्य बान्धवाः ।
यस्यार्थाः स पुमाँल्लोके, यस्यार्थास्स च पण्डितः ॥ ६ ॥

शार्ङ्गधरपद्धति.

જેની પાસે અર્થ (ધન) હોય તેને બધાં મનુષ્યો મિત્ર થઇ જાયછે, તેને બંધુઓ (સગાઓ) થઇ જાયછે અને જેની પાસે ધન છે તેજ દુનિયામાં ખરો મરદ કહેવાયછે અને તેજ પુરૂષ પંડિત કહેવાયછે. (અર્થાત્ કે—પૈસાવાળા મનુષ્યમાં દરેક વ્યક્તિ પોતાનો સ્વાર્થ સિદ્ધ થવાનું ધારી મૂકેછે. પછી સ્વાર્થ સિદ્ધ થામ અગર ન થાય પણ ઉપર મુજબ કાર્ય કરવામાં દરેક પ્રયત્નશીળ જણાયછે.) ૬.

શત્રુ તથા મિત્ર કારણને લઇને ઉત્પન્ન થાયછે.

कारणात्मियतामेति, द्वेष्यो भवति कारणात् ।
स्वार्थार्थी जीवलोकोऽयं, न कश्चित्कस्यचित्मियः ॥ ७ ॥

મનુષ્ય કારણને લીધે પ્રિય થાયછે અને દ્વેષ્ય (દ્વેષ કરવા યોગ્ય) પણ કારણથીજ થાયછે એટલે આ જીવ લોક (દુનિયા) સ્વાર્થના અર્થવાળોજ છે. કોઇ પણ કોઇને પ્રિય નથી. અર્થાત્ સ્વાર્થ સિદ્ધ થઇ શકે તેમ હોય તો તેજ મનુષ્ય પ્રિય થાયછે અને સ્વાર્થ નષ્ટ થઇ જાય તેમ હોય તો તેજ મનુષ્ય અપ્રિય થાયછે. ૭.

પોજીશન ખોનારા મનુષ્યો.

उपाध्यायश्च वैद्यश्च प्रतिभूर्भुक्तनायिका ।
सूतिका दूतिका चैव, सिद्धे कार्ये तृणोपमाः ॥ ८ ॥

सूक्तिमुक्तावली.

ઉપાધ્યાય (અભ્યાસ કરાવનાર), વૈદ્ય, જામીન, ભોગવેલી વેશ્યા, સૂયાણી અને દૂતી (ગુપ્ત દૂતકાર્ય કરનારી) આ છ માનવો કાર્ય સિદ્ધ થયા પછી તૃણ જેવાં થઇ જાય છે. ૮.

સ્વાર્થી કુટુંબનો સ્નેહ ક્યાંસુધી ટકેછે તેની સમજણ.

पादाकुलक.

यावद्वित्तोपार्जनशक्तस्तावन्निजपरिवारो रक्तः ।
पश्चाज्जर्जरभूते देहे, वार्तां कोऽपि न पृच्छति गेहे ॥ ९ ॥

कस्यापि.

મનુષ્ય જ્યાંસુધી ધન મેળવવામાં શક્તિમાન્ હોયછે ત્યાંસુધી પોતાનો પરિવાર તેના ઉપર પ્રેમ રાખે છે અને પછી દેહ જર્જરીભૂત થતાં એટલે વૃદ્ધાવસ્થાને લીધે ધંધો નહિ થઇ શકવાથી ઘરમાં કોઇ મનુષ્ય તેના ખબર પણ પૂછતું નથી. ૯.

સર્વ સ્નેહીઓ સ્વાર્થાધીન છે.

उपजाति.

मातापितापुत्रकलत्रमित्रस्वसृस्नुषाबन्धुपितृव्यकुल्याः ।
सर्वे स्वकार्येऽमृतकुम्भतुल्या, विना स्वमर्थं खलु जन्मशल्याः ॥ १० ॥

नरवर्मचरित्र.

માતા, પિતા, પુત્રો, સ્ત્રી, મિત્રો, બ્હેન, પુત્રની વહુ, ભાઇઓ, કાકા અને કુળનાં તમામ મનુષ્યો આ સર્વે પોતપોતાના સ્વાર્થમાં અમૃતના ઘડાજેવાં થઇ જાયછે એટલે પોતાનો અર્થ સિદ્ધ કરવો હોય તો બહુજ મધુર થઇ જાયછે અને જો પોતાનો અર્થ ન હોય તો મનુષ્યને જન્મના શલ્ય (સાલ)-તુલ્ય થઇ પડેછે. ૧૦.

સ્વાર્થ હોય ત્યાં સર્વનું આગમન થાયછે.

इन्द्रवज्रा.

यत्रोदकं तत्र वसन्ति हंसा, यत्रामिषं तत्र पतन्ति गृध्राः ।
यत्रार्थिनस्तत्र रमन्ति वेश्या, यत्राश्रयस्तत्र जना व्रजन्ति ॥ ११ ॥

कस्यापि.

જ્યાં પાણી છે ત્યાં હંસો વસેછે, જ્યાં આમિષ (માંસ) છે ત્યાં ગૃધ્ર નામના (ગરજાડા) પક્ષીઓ પડેછે, જ્યાં ધનાઢ્ય પુરૂષો છે ત્યાં વેશ્યાઓ રમણ કરેછે અને જ્યાં (મનુષ્યોને) આશ્રય મળે છે ત્યાં દરેક મનુષ્યો જાય છે (અર્થાત્ જગતનો પ્રવાહ સર્વ ઠેકાણે સ્વાર્થમય છે એ સુપ્રસિદ્ધ છે). ૧૧.

શિષ્યપ્રતિ ગુરૂનો બોધ.

वसन्ततिलका.

सत्यं वदात्र यदि जन्मनि बन्धुकृत्य-
मासं त्वया किमपि बन्धुजनाहितार्थम् ।
एतावदेव परमस्ति मृतस्य पश्चात्,
सम्भूय कायमहितं तव भस्मयन्ति ॥ १२ ॥

आत्मानुशासन.

અહિં તું સાચું કહે. કે આ જન્મમાં જો તેં કાંઇ પણ બંધુઓનું કાર્ય કર્યું હોય તો તેનું ફળ તને કેવળ આટલુંજ છે, કે બંધુજનો તારા હિતસારૂ તારા મરણબાદ ભેગા થઇને તારા આ શરીરને દુશ્મનની માફક બાળી દેશે અર્થાત્ તેથી અધિક કોઇ કરી શકે તેમ નથી. ૧૨.

ધનાઢ્યની સ્ત્રીઓ યાવજ્જીવિત ધણીને યાદ કરી રોયા કરતી નથી.

शार्दूलविक्रीडित (१३ थी २०).

शोचन्ते न मृतं कदापि वनिता यद्यस्ति गेहे धनं,
तच्चेन्नास्ति रुदन्ति जीवनधिया स्मृत्वा पुनः प्रत्यहम् ।
कृत्वा तद्दहनक्रियां निजनिजव्यापारचिन्ताकुला-
स्तन्नामापि न विस्मरन्ति कतिभिः संवत्सरैर्योषितः ॥ १३ ॥

सज्जनचित्तवल्लभ.

જો ઘરમાં ધન હોય તો કોઇ પણ દિવસ સ્ત્રીઓ મરેલા ધણીનો શોક કરતી નથી અને જો તે (ધન) ન હોય તો કેમ નિર્વાહ ચલાવશું આવું ધ્યાન કરીને પુનઃ પુનઃ યાદ કરી રૂદન કરે છે. (અને જેને સ્વાર્થ નથી એવા અન્યજનો તો) તે મૃત પ્રાણીના દાહની ક્રિયા કરીને પોતપોતાના વ્યાપાર (કામકાજ) માં આકુળ થઇ જાયછે. એટલે તેને ભૂલી જાયછે. પરંતુ તેની (નિર્ધનની) સ્ત્રીઓ તો ગમે તેટલાં વર્ષો થઇ જાય તોપણ તેના નામને પણ ભૂલતી નથી કારણકે હમેશાંનો સ્વાર્થ તેને હરદમ યાદી આપ્યા કરે છે. ૧૩.

દરિદ્રતા એ એક છઠ્ઠું મહાપાતક છે.

सङ्गं नैव हि कश्चिदस्य कुरुते सम्भाष्यते नादरात्,
सम्प्राप्तो गृहमुत्सवेषु धनिनां सावज्ञमालोक्यते ।
दूरादेव महाजनस्य विहरत्यल्पच्छदो लज्जया,
मन्ये निर्धनता प्रकाममपरं षष्ठं महापातकम् ॥ १४ ॥

દુર્બળ માણસનો કોઇ સંગ કરતું નથી, માનપૂર્વક તેની સાથે કોઇ વાતચીત કરતું નથી, ધનવાન્ પુરૂષોને ત્યાં વિવાહદિક ઉત્સવ હોય ત્યાં જાય તો અવજ્ઞાપૂર્વક તે ગરીબતરફ જોવાય છે, કપડાં વિગેરેની પૂરી સગવડ ન હોવાથી શરમને લીધે મોહોટા માણસોથી દૂર રહે છે તે ઉપરથી હું માનું છું કે નિર્ધનતા (ગરીબાઇ) એ એક પાંચ મહાપાતકની સાથે છઠ્ઠું મહાપાતક છે. ૧૪.

દરેક જીવ સ્વાર્થી છે.

वृक्षं क्षीणफलं त्यजन्ति विहगाः शुष्कं सरः सारसा,
निर्द्रव्यं पुरुषं त्यजन्ति गणिका भ्रष्टं नृपं मन्त्रिणः ।

पुष्पं पर्युषितं त्यजन्ति मधुपा दग्धं वनान्तं मृगाः,
सर्वः कार्यवशाज्जनोऽभिरमते तत्कस्य को वल्लभः ॥ १५ ॥

પક્ષીઓ ફળ રહિત વૃક્ષને, સારસ પક્ષીઓ સૂકાયેલ સરોવરને, ગણિકા ધનહીન પુરૂષનો, મંત્રીઓ રાજ્યભ્રષ્ટ રાજાને, ભમરાઓ વાસી પુષ્પનો અને મૃગલાંઓ બળેલ વનનો ત્યાગ કરેછે; આવી રીતે દરેક પ્રાણી પોતપોતાના કાર્યને લીધે સ્નેહ રાખે છે (તે ઉપરથી સમજાય છે કે) વાસ્તવમાં કોણ કોને પ્રિય છે? (કોઇ કોઇને વસ્તુતઃ પ્રિય નથી.) ૧૫.

સ્વાર્થસુધી આધીનતા.

स्वाधीना दयिता सुतावधि सुतोऽसौ षोडशाब्दावधि,
स्यात्कन्या करपीडनावधि सुतस्त्रीस्तद्दशतावधि ।
जामाता बहुलार्पितावधि सखा साधुप्रलापावधि,
शिष्यो गुह्यनिरूपणावधि परे चैते धनलावधि ॥ १६ ॥

એક પુત્ર ઉત્પન્ન થાય ત્યાં સુધી સ્ત્રી સ્વાધીન રહે છે, પુત્ર સોળ વર્ષ સુધી, કન્યા પરણે ત્યાંસુધી, પુત્રની સ્ત્રી તેથી વધારે દશ વર્ષ સુધી, પુષ્કળ દ્રવ્ય આપે ત્યાંસુધી જમાઇ, સુંદર વાણીવડે બોલાવવામાં આવે ત્યાંસુધી મિત્ર, ગુપ્ત વાત જાણ્યા સુધી શિષ્ય અને બીજા સામાન્ય મનુષ્યો ધનનો લાભ મળે ત્યાંસુધી સ્વાધીન રહે છે (આવી રીતે સંસારમાં સ્વાર્થનીજ સગાઇ છે.) ૧૬.

વિપત્તિ વખતે સૌકોઇ છોડી દેછે.

रोलम्बैर्न विलम्बितं विघटितं धूमाकुलैः कोकिलै-
र्मायूरैश्चलितं पुरैव रभसात्कीरैरधीरैर्गतम् ।
एकेनापि सुपल्लवेन तरुणा दावानलोपप्लवः,
सोढः को न विपत्सु मुञ्चति जनो मूर्धापि यो लालितः ॥१७॥

જ્યારે વૃક્ષ ફળ, ફુલ, નવાંકુર વિગેરેથી ભરપૂર હોય છે ત્યારે, ભમરાઓ, કોકિલ, મયૂરસમૂહ તથા પોપટો તે વૃક્ષના મસ્તક ઉપર બેશી ફળાદિક ખાઈ વિહાર કરે છે. કદાચિત્ તે વૃક્ષ જો દાવાનળથી સળગી ઉઠે તો તેમાંથી નીકળતા ધૂમાડાથી ગભરાયેલ ભમરાઓ જવાને તત્પર થવામાં જરા પણ વિલંબ કરતા નથી, કોકિલ પક્ષીઓ તે વૃક્ષથી તરત છૂટા પડે છે,

મયૂરસમૂહ ઉતાવળ કરીને ચાલ્યા જાયછે, શુક (પોપટ) પક્ષીઓ જવામાટે અધીરાજ બની જાયછે અર્થાત્ સર્વની પહેલાં પલાયન કરેછે, આવીજ રીતે મસ્તક ઉપર રાખી કોઇને લાડ લડાવ્યાં હોય તો પણ દુઃખને વખતે કોણ નથી તજતું ?

સારાંશ—જ્યારે કોઇ માણસ ઘણો સુખી હોય છે ત્યારે તેમના સુખમાં ભાગ પડાવવા કુટુંબ કે મિત્રાદિક ઘણાં આવે છે પણ કોઈ વખત તે દુઃખસમુદ્રમાં જો ડુબે છે તો તેમને સહેજ દિલાસો આપવા પણ કોઇ આવતું નથી, અર્થાત્ જગત્ કેવળ સ્વાર્થી છે. ૧૭.

અનુકૂળ વખતે પરમાર્થ સાધી લેવાસારૂ સરોવરપ્રતિ અન્યોક્તિ.

रे पद्माकर यावदस्ति भवतो मध्ये पयः पूरितं,
तावच्चक्रचकोरकङ्ककुररश्रेणीं समुल्लासय ।
पश्चात्त्वं सपटद्बकोटचटुलत्रोटीपुटव्याहति–
त्रुट्यत्कर्कटकर्परव्यतिकरैर्निन्दास्पदं यास्यसि ॥ १८ ॥

सुभाषितरत्नभाण्डागार.

હે સરોવર ! જ્યાં સુધી તારામાં પૂરતું પાણી છે ત્યાંસુધી ચક્રવાક, ચકોર, કંક, કુરર, વિગેરે પક્ષીઓની પંક્તિને સુખ આપ. (નહિતો) પાછળથી તું (પશ્ચાત્તાપ કરીશ કારણકે પાણી ખૂટશે અને સૂકાઇ જશે ત્યારે) આમતેમ ભટકતા બકોટ પક્ષીના ચપળ ચંચુપુટના મારથી ત્રુટી ગયેલ કર્કટ નામના જળજંતુના માથાની ખોપરી વિગેરેના ચૂર્ણવડે નિંદાને પાત્ર થઇશ.

સારાંશ—સરોવરનું પાણી જ્યારે સૂકાઇ જાયછે ત્યારે પાણીમાં રહેલા જળજંતુ બહાર આવેછે તે વખતે જળજંતુના શત્રુ બકોટ પક્ષી તેને મારી નાખેછે એટલે મૃત શરીરમાંથી પુષ્કળ હાડકાં બાકી રહે છે. એ સરોવરને નિંદારૂપ છે. (બકોટ પક્ષી છે અને કર્કટ જળજંતુ છે એમ ચાલતું પ્રકરણ બતાવે છે.) ૧૮.

સહુ સમર્થ હોતા નથી.

वक्तीशः सचिवं हि दीर्घलघुभिर्नो भाति पूः सद्मभिः,
सादृक्षा धनमन्दिरे मम पुरे ते रक्षणीया जनाः ।
त्रिद्यन्ते यदि पञ्चषा वदति भो शून्यं पुरं स्यात्तदा,
तत्त्वं मा कुरु तं तथास्तु नृपते तद्रक्षणे साधवः ॥ १९ ॥

કોઇ રાજા પોતાના પ્રધાનને કહેછે, કે મ્હારા નગરમાં કેટલાક નિર્ધન છે, કેટલાએક ધનવાન્ છે, તેમજ કેટલાંએક નાનાં નાનાં ઘર છે અને કેટલાંએક મોટાં ઘરો છે, તેને લીધે નગર શોભતું નથી માટે સઘળા લખેશ્વરી ધનવાન્ અને ચાર ચાર પાંચ પાંચ મજલાના સરખા ઘરવાળાને રાખીયેં અને સામાન્ય નિર્ધન લોકોને કાઢી મેલીએ તો નગર શોભે. એવું રાજાનું કહેવું સાંભળી સુબુદ્ધિમાન્ એવો પ્રધાન બોલ્યો કે હે રાજન્! એમ કરવાથી તમારા નગરમાં માત્ર પાંચ સાત ઘર રહેશે. નગર આખું શૂન્ય થઇ જશે. માટે એમ ન કરો, આ વાતથી રાજા સમજ્યો અને પ્રધાનને કહ્યું કે જેમ છે તેમજ રહેવા દ્યો.

આ દષ્ટાંતથી એ પણ સમજવાનું છે કે સર્વ સાધુ જ્ઞાન તથા ક્રિયામાં સરખા હોતા નથી માટે તેની તરફ કંટાળો નહિ કરતાં ધર્મને વિષે મન સ્થિર રાખી ધર્માચરણ કરવું.

કહ્યું છે કે—

नगरे सदृशाः सर्वे, भवन्ति धनिनो नहि ।
गच्छेऽपि साधवो ज्ञानक्रियाभ्यां सदृशा नहि ॥

વસુ વિના નર પશુ.

निःस्वं सोदरकं निरीक्ष्य भगिनी भ्राता न मे सूपकृत्,
श्रुत्वाऽपद्मतुलं धनं जनपदे लात्वा गतस्तद्गृहे ।
स्थाल्यां मुञ्चति खादिमं वदति स स्वाभूषणान्यत्थ भो,
किं भ्रान्तो वदसीति येषु सुकृतस्तेषामहं पूर्वगः ॥ २० ॥

जैनकथारत्नकोष–भाग पञ्चम–दृष्टान्तशतक.

કોઇ નિર્ધન મનુષ્ય પોતાની બેનને ત્યાં મળવા ગયો તેને જોઇ બેન શરમાઇને બીજાઓને કહેવા લાગી કે એ મારો ભાઇ નથી પણ મારા બાપને ત્યાં ચૂલ્લો ફૂંકનાર રસોયો છે. વિપત્તિમાં આવા હૃદયભેદક બેનના શબ્દો સાંભળી તે ભાઇ ધન કમાવા પરદેશ ચાલ્યો ગયો. ઘણું દ્રવ્ય કમાઇ ફરી તે બેનને ત્યાં મેમાન થયો તે વખતે ભાઇને ધનવાન્ જાણી માનપૂર્વક ઘણોજ સત્કાર કર્યો અને ભોજન સમયે સુંદર થાળમાં વિવિધ પ્રકારનાં પકવાનો પીરસ્યાં. ભાઇને અગાઉનું વૃત્તાંત યાદ આવ્યું તેથી પોતાના શરીરઉપર જેટલાં ઘરેણાં પહેર્યા હતાં ને ઉતારીને ભોજનના થાળમાં મેલ્યાં ને બેન સાંભળતાં આભૂષણને કીધું કે હે આભૂષણો! તમો આ ભોજન જમો. આવા શબ્દો બ્હેને સાંભળ્યા અને તે કહેવા લાગી કે ભાઇ! તું કાંઇ ગાંડો છે કે આમ બોલે

છે, ત્યારે ભાઇએ જવાબ આપ્યો કે હું ગાંડો નથી પણ જેને માટે તમોએ ભોજન પીરસ્યું છે તેને મેં સૂચના કરી છે. કારણકે અગાઉ જ્યારે હું આવ્યો હતો ત્યારે મને તમોએ બાપાનો રસોયો કહ્યો હતો માટે ધનને માન છે મને નથી.

દોહરો.

ગરથેં આદર દીજીએં, હુકારીજેં હામ ;
પહેલે ફેરે આપીઊં, ચુલ્લા ફૂંકણ નામ. ૨૧

ગોળ કરતાં ગરજ ગળી છે.

મનહર.

ગરજથી ઝેર જેવાં વચન સહન થાય,
ગરજથી ભૂખ દુઃખ ભૂલાઇ જવાયછે ;
ગરજથી દેશ પરદેશ સહુ દોડ્યા જાય,
ગરજથી જાણી જોઇ જીવન તજાયછે ;
ગરજથી સંપ સરલાઇ લોક સાથે રહે,
ગરજથી ટાઢ તાપ સહન કરાયછે ;
કેશવ કહું શું ગોળ કરતાં ગરજ ગળી,
ગરજ સરે તોપછી કોણ કોનું થાયછે. ૨૨

કેશવ.

ગરજથી વ્યવહારનો પ્રવાહ ચાલુ છે.

ગરબી.

કોઇની ગરજ નથી એમ કહેતો કેશવો—એ ટેક૦
કને હતા રૂપિયા કોટી ચાર જો,
હીરા ખરીદ કરીને કીધો હારડો,
હમેશ હૈડાપર રાખે તે હાર જો— કોઇની૦ ૨૩
વર્ષે હીરો એક વટાવી વાવરે,
કરે ન કોઇનો કોઇ સમે વિશ્વાસ જો ;
અતિશે સૌ માણસથી તે અતડો રહે,
પાંચ દિવસ પણ કોઇ રહે નહિ પાસ જો— „ ૨૪
સગાં કુટુંબી સૌસાથે લડતો ફરે,
પાડોશીસાથે પણ પૂરૂં વેર જો ;

ગમે નહિ કોઇનું મુખ જોવું ગામમાં,
 આણું કીધું જન સૌસાથે વેર જો— કોઇની૦ ૨૫
બંદર કાંઠે જઇ બંધાવ્યો બંગલો,
 વસ્તી તજીને ત્યાં જઇ કીધો વાસ જો;
ગરીબ લોકો ગરજે જઇ ચાકરી કરે,
 કોઇનો પાડ ન માને કેશવદાસ જો— ,, ૨૬
પૈસા દઇને ભાઇએ તેમાં પાડ શો,
 બહુ ગરવ ધરી બોલે એવા બોલ જો;
ખાય પીએને મોજ કરે મનમાનતી,
 તલભારે પણ કોઇનો ન ગણે તોલ જો— ,, ૨૭
હોડીમાં બેસીને હવા ખાવા ગયો,
 ત્યાં તોફાન થયું મોટું તેવાર જો,
ઉજડ બેટ હતો દરિયામાં એક જ્યાં,
 હોડી જઈ પહોંચી ત્યાં ગાઉ હજાર જો— ,, ૨૮
ઉતરીને ચાલ્યો ત્યાં જોવા એકલો,
 ભૂલો પડયો તે ફરી ન આવ્યો ભાઇ જો;
ઉજડ ઝાડીમાં અતિશે આથડયો,
 ખેદ કરીને જીવ્યો ફળફુલ ખાઇ જો— ,, ૨૯
ભક્ષ મળે નહિ ત્યારે તે ભૂખ્યો રહે,
 હરેક વાતે ખૂબ થયો હેરાન જો;
વસ્ત્ર હતાં તે પણ ફાટી ત્રુટી ગયાં,
 સમજો મર્મ અને સૌ આવી સાન જો— ,, ૩૦
હાર હતો હીરાનો તે શા કામનો,
 ઉચર્યો ઉંચે અવલોકી આકાશ જો;
ઓ પ્રભુ સૌની ગરજ પડે સંસારમાં,
 કડિયાવણ કોણ કરી આપે આવાસ જો— ,, ૩૧
ખેતી કોણ કરી જાણે ખેડુ વિના,
 હોય ખજાનો પણ નાણું ન ખવાય જો;
કંસારાવિણ કોણ ઘડે વાસણ ઘણાં,
 ઘાંચી વિના ન ઘરમાં દીવો થાય જો— ,, ૩૨
વસ્તી પામું તો હું આખા વિશ્વનો,
 દિન દિન પ્રત્યે રહું થઇને દાસ જો;
હળીમળીને ચાલું ઝાઝા હેતથી,
 વસ્તીમાં જઈ વસું કરી નિવાસ જો— ,, ૩૩

જેની છત તે ભાસે સોંઘા ભાવનું,
પાણીનો જેમ પાડ ન પૂછે લોક જો :
પણ જ્યારે પાણી પીવાને નવ મળે,
ટાંકતણો આપે રૂપિયો રોક જો— કોઇની૦ ૩૪
ગરજ પડેછે ગરીબની શ્રીમંતને,
બેગરજુ જન દુઃખ પામે બહુ ઠામ જો ;
એમાટે અભિમાન ન ધરવું અંતરે,
દિલમાં એમ સમજેછે દલપતરામ જો— ,, ૩૫

અન્યોન્ય ગરજ.

મનહર.

પુરૂષને પ્રેમદાનો પ્રેમદાને પુરૂષનો,
પ્રજાને રાજાનો રાજાને પ્રજાનો પ્યાર છે ;
જડને ચૈતન્યતણો ચૈતન્યને જડતણો,
હેમતણો હીરો હેમ હીરાનો શૃંગાર છે ;
ગરીબને તવંગર તવંગરને ગરીબ,
શિષ્યને શિક્ષક શિક્ષકને શીખનાર છે ;
નાવને નાવિક નર નાવિકને નાવ નામ,
આમ દલપત અન્યોઅન્યનો આધાર છે. ૩૬

દલપત.

જાકી કીજે ચાકરી, તાકો વચન સ્વીકાર.

પ્રભાકર.

*એક સમયે અકબરશાહે બીરબલને પૂછ્યું કે—'બીરબલ! રીંગણાનું શાક બહુજ સરસ સ્વાદવાળું થાય છે.' બીરબલે કહ્યું કે—'જી હુજુર! આપનું કહેવું સત્ય છે અને સરસ સ્વાદવાળું રીંગણાનું શાક થાય છે તેથીજ સર્વ લોકો તેનું શાક ખાયછે.'

તદનંતર કેટલાક દિવસ વિત્યા પછી અકબરશાહ રીંગણાની નિંદા કરવા લાગ્યા તે વખતે બીરબલે કહ્યું કે,—ખુદાવિંદ! રીંગણાની નિંદાતુલ્ય એક પણ શાક નથી. રીંગણાના શાકથી કેટલાક રોગો પણ ઉત્પન્ન થાય છે. આ પ્રમાણે બીરબલનું બોલવું સાંભળી શાહે કહ્યું કે—બીરબલ! તમે ખરેજ

* બીરબલ.

ગપ્પાના ગેબીગોળા ગગડાવનારા છો. તમને એક દિવસ રીંગણાના શાકની તારીફ મેં કહી હતી ત્યારે તમે તારીફ કહી હતી અને આજ તેના અવગુણ પણ પ્રકાશમાં લાવવા આગળ પડ્યા માટે તમે જૂઠાના સરદાર છો. તે સાંભળી બીરબલ હાથ જોડી બોલ્યો કે ધર્માવતારી! આપજ ન્યાય કરો કે હું આપનો નોકર છું કે રીંગણાનો? આટલું વાક્ય સાંભળતાં શાહ હસી પડયો અને બીરબલની તારીફ કરવા લાગ્યો.

કેવળ સ્વાર્થમાં તત્પર રહેવાથી મહાહાનિ.

*એક ગામમાં બે બ્રાહ્મણો રહેતા હતા. બંને સગા ભાઇ હતા. મોટાને એક દીકરો તથા એક દીકરી હતી. દીકરાને જનોઇ અને દીકરીને કન્યાદાન દેવાનો વખત નજીક આવતો જોઇ વિચાર કર્યો કે આ ગામમાં ઘણા વખતથી ભિક્ષાવૃત્તિ કરીએ છીએ પણ કાંઇ વળ્યું નહિ, જેથી હવે વરસ બે વરસ પરદેશમાં જઇ કાંઇક ઉદ્યમ કરી બે પૈસા લાવીએ તો આ કાર્ય બની શકે. આવો વિચાર કરી પરદેશ જવા તૈયાર થયો. નાનાભાઇને ખબર પડતાં તે પણ ધનપ્રાપ્તિઅર્થે સાથે ચાલ્યો. દેશાવરમાં બે વરસ સુધી ભિક્ષા વૃત્તિ અને પોતાનાથી બન્યો તે ઉદ્યમ કરી પૈસો પેદા કર્યો એટલે પોતાના વતનતરફ આવવા પ્રયાણ કર્યું. પોતાનું ગામ લગભગ આઠદશ ગાઉ દૂર રહ્યું તેવા સમયે બન્નેને તરસ લાગવાથી જલસ્થાન શોધતા એક કુવાઉપર આવી ચડ્યા. બંને જણા પાણી પી શાંત થયા પરંતુ આ વખતે સ્વાર્થાંધ મોટા ભાઇને કુમતિ સુજી, સારાસારનું ભાન ન રહ્યું અને મનમાં અવનવા તરંગો કરવા લાગ્યો કે જો નાનાભાઇનો હરેક ઉપાયે નાશ કરૂં તો આ મેળવેલી પુંજીનો હું એકલો ભોક્તા થાઉં અને તેમ બને તો મારે નિર્વાહમાં પણ ખામી ન આવે. આવા ખોટા વિચારોના તરંગમાં કુવાકાંઠે બેઠાં બેઠાં નાનાભાઇને આડીઅવળી વાતે ચડાવી સમય આવ્યે લાગ સાંધી તેને ધક્કો મારી કુવામાં નાખી દીધો. આથી નાનોભાઇ ભયભીત થઇ અંદર પડયો. કુદરતયોગે કુવામાં કોઇ વૃક્ષનું મૂળ તેના હાથમાં આવ્યું તે ઝાલી લીધું અને પછી થરથરતે સાદે પોતાના બંધુપ્રત્યે બોલ્યો કે મોટાભાઇ તમે આ શું કર્યું? આપને પૈસાનો લોભ હોય તો મારી મુડી પણ તમેજ વાપરો અને કૃપા કરી મને બહાર કાઢો. હું આ વાત કોઇને જણાવીશ નહિ, વિગેરે ઘણી રીતે કહ્યું પણ આ સ્વાર્થીને કાંઇ ન સુઝયું અને પોતાનો ભાઇ હજી કુવામાં જીવતો છે એમ ધારી ઉપરથી પથ્થર માટી વિગેરે ફેંકી તેનો પ્રાણ ત્યાગ કરાવ્યો, અહા! કેટલી નીચતા!

* ડહાપણ—ફેબ્રુઆરી ૧૯૧૬.

આ કૃત્ય બીજા કોઇના જોવામાં ન આવ્યું પરંતું તેનાં દુષ્કર્મોએ તેને દબાવ્યો. મળેલી મીલકતનો એકલો માલીક બનવાથી મનમાં નવા વિચારો પ્રગટ થયા અને તેવા વિચારોમાં પોતાનો સામાન ઉપાડી જેવો ચાલવા જાયછે તેવો કુવાના પડખે એક દરની અંદરથી જબરો સર્પ નીકળ્યો ને તેની પાછળ રહી દંશ માર્યો. હા! દૈવ, કરતો પૃથ્વીપર પડયો. થોડે થોડે ઝેર ચડવા માંડયું. કર્યાં કર્મ આડાં આવ્યાં તેનો વિચાર થવા લાગ્યો પણ રાંડ્યા પછી ડહાપણ શું કામનું? એ કથાનુસાર હવે પસ્તાવો શું કામનો? જોતજોતામાં ઝેર વ્યાપી ગયું અને ક્ષણમાત્રમાં આ દુનિયાનો ત્યાગ કરી કર્મનો જવાબ દેવા તે ચાલ્યો ગયો. માલમીલકત રસ્તે આવનાર કોઇ ઉપાડી ગયું. બંધુઓ! વિચાર કરશો કે સ્વાર્થના અંગે અકાર્ય કરતાં તેનું ફળ પણ તરતજ મળ્યું, પરંતુ સ્વાર્થી મનુષ્યને સમજવું બહુ મુશ્કેલ છે.

જગત્‌માં અન્યોન્ય સ્વાર્થને લીધે કાર્ય સાધી શકાય છે માટે સ્વાર્થની પણ જરૂર છે, પરંતુ અન્યને હાનિ કરનારા નીચ સ્વાર્થમાં તણાવું એ મહાપાપરૂપ છે. તળાવ વિગેરે જલાશયમાં માછલાં વિગેરે જળજંતુ હોય નહિ તો જલાશય ગંદું થઈ જાય કારણકે જળજંતુ પાણીમાંથી ઉત્પન્ન થતો મેલ નષ્ટ કરેછે તેથી જળજંતુવડે જલાશયનો પણ સ્વાર્થ જાળવી શકાય છે એમ શુદ્ધ સ્વાર્થમાં અન્યોઅન્ય મદદ કરવી.

જગત્‌નો વ્યવહાર ઘણે ભાગે ગરજથી ચાલ્યા કરેછે. માતા કે પિતા, ગુરૂ કે શિષ્ય, શેઠ કે સેવક, રાજા કે પ્રજા અને પતિ કે પત્ની એ સૌ અન્યોન્ય ગરજથી બંધાયેલાં જણાયછે. એ બતાવી સ્વાર્થત્યાગતરફ ધ્યાન ખેંચવા આ સ્વાર્થ (ગરજ) અધિકારની સમાપ્તિ કરી છે.

स्वार्थत्याग-अधिकार.

જ્યારે જગત્‌નું કલ્યાણ કરવું હોયછે ત્યારે જરૂર સ્વાર્થત્યાગની અપેક્ષા રહેછે. પોતે નિઃસ્વાર્થી બની પોતાના તન, મન અને ધનનો જ્યારે ભોગ આપેછે ત્યારે મનુષ્યોનું તેમના તરફ ધ્યાન ખેંચાયછે કે આ મનુષ્ય કોઇ દુઃખથી રીબાતા જીવનું કલ્યાણ કરવા સમર્થ છે. ત્યારબાદ તેમના આદેશાનુસાર જગત્‌ના જીવો તેમના તરફ અવશ્ય ખેંચાયછે તો સ્વાર્થત્યાગી થવું અથવા તેવી વ્યક્તિતરફ આપણે બનતી મદદ આપવી એ બતાવવા આ અધિકારની પાત્રતા માની છે.

પોતાનાથી જગત્ જૂદું નથી તેની સમજણમાટે ઉપયોગી સલાહ.

[1]લોકો કહેછે કે પ્રથમ યોગ્યતા મેળવો અને પછી ઇચ્છા કરો. વેદાંત કહેછે કે ફક્ત યોગ્યતાજ મેળવો, ઇચ્છા કરવાની કંઇ જરૂર નથી. ભીંતો બાંધવાને ઉપયોગી થાય એવા તૈયાર ઘડાયલા પથરાઓ કંઇ રસ્તામાં પડી રહેશે નહિ. જો તમારામાં પાત્રતા આવશે તો અનિવાર્ય ઈશ્વરી[2] નિયમ પ્રમાણે દરેક વસ્તુ તમારી પાસે ચાલીને આવશે. દીવાએ ફક્ત બળતાજ રહેવું જોઇએ; પતંગોને આમંત્રણ કરવાની તેને જરૂર નથી. તેઓ પોતાની મેળેજ તેની આસપાસ એકઠાં થશે. જ્યાં વ્હેતો ઝરો હોય ત્યાં પોતાની મેળેજ જળની ઇચ્છાવાળા લોકો આવેછે, ઝરાને તેમની બિલકુલ ચિંતા કરવી પડતી નથી. જ્યારે ચંદ્રોદય થાય છે, ત્યારે ચાંદનીનો આનંદ મેળવવાને લોકો આપોઆપજ બહાર આવેછે.

તમારામાં દરેક જાતની વાસનાઓ હોય છે, અને તે સર્વ તૃપ્ત થાય એવી તમારી ઇચ્છા હોય છે, પણ સર્વ વાસનાઓ તૃપ્ત કરવાનું ગુહ્ય કારણ પ્રથમ સમજી લ્યો. જ્યારે તમે વાસના છોડી દેશો ત્યારેજ તે ફળીભૂત થશે. બાણ કેમ મારવામાં આવેછે? આપણે ધનુષ્ હાથમાં લઇએ છીએ, તે વાળીએ છીએ, પણ જ્યાંસુધી ધનુષની દોરી આપણે ખેંચી રાખીએ છીએ ત્યાંસુધી તીર આપણા હાથમાંજ રહેછે; શત્રુને જઇને વાગતું નથી. આપણે ગમે તેટલી દોરી ખેંચી રાખીએ પણ તે બાણ આપણી પાસેજ રહેશે. પણ જ્યારે આપણે તે છોડી દઇએ છીએ ત્યારેજ સૂસવાટ કરતું તે જાયછે અને શત્રુનું હૃદય ભેદેછે. તેજ પ્રમાણે જ્યાંસુધી વાસનાને તમે ખેંચી રાખોછો, જ્યાંસુધી ઇચ્છા રાખોછો અને જ્યાંસુધી વાસનાને માટે ઝુરોછો ત્યાંસુધી તે બીજાના હૃદયમાં પ્રવેશ કરશે નહિ. જ્યારે તમે તે છોડી દેશો ત્યારેજ તે બીજાના આત્માને જઇ વાગેછે. વાસના કહેછે કે "જ્યારે જ્યારે તમે મને છોડી દેશો અને ગુમાવશો ત્યારેજ હું તમારી નજીકમાં જણાઇશ. જ્યારે તમે તમારી જાતને આપણ બન્નેથી ભિન્ન એવી અનિર્વચનીય સ્થિતિમાં (મનોવૃત્તિમાં) રાખશો ત્યારેજ તમે મને મેળવી શકશો."

જો હાથ સ્વાર્થી વૃત્તિથી શરીરના અન્ય અવયવોથી પોતાને ભિન્ન ગણીને એમ કહે કે "જુઓ હું જમણો હાથ છું, બધી જાતનો શ્રમ હું કરૂંછું અને હું અત્યંત કષ્ટ વેઠીને જે લાવું તે આખા શરીરને શામાટે મળવું જોઇએ? મેં શ્રમ કરીને મેળવેલું અન્ન પ્રથમ પેટને અને તેના તરફથી બીજી ઇંદ્રિયોને શામાટે મળવું જોઇએ? નહિ નહિ, તે તો હું મ્હારી પાસેજ રાખીશ!" તો તે અન્ન ચામડી ફાડી હાથમાં ભર્યા સિવાય અથવા ઇનૉક્યુલેટ કર્યા

1 સ્વામી રામતીર્થ. 2 કુદરતી.

(ઘોંચી દીધા) વિના બીજો માર્ગ નથી. પરંતુ એમ કરવું એ હાથને હિતકારક થશે કે? એ માર્ગે હાથને ઈષ્ટ સિદ્ધિ પ્રાપ્ત થશે કે? તે એકલોજ એવો તો લક્ષ થશે કે શરીરના બીજા ભાગ તેની અદેખાઇ કરશે. તે હાથે એકાદ ડાંસ, મધમાખી અથવા સર્પ કરડવાથી હાથ ખૂબ જાડો થશે. ફક્ત એજ માર્ગે હાથની સ્વાર્થી વૃત્તિ પૂર્ણ વિજય પામશે અને એવીજ રીતે હાથનું સ્વાર્થી તત્ત્વજ્ઞાન સિદ્ધિ પામશે. પરંતુ તે કેટલું અનિષ્ટ છે? એવી તૃપ્તિ અથવા એવી જાતનો વિજય આપણે જોઇતો નથી. સૂજી જઇને જાડું ગણાવું એ કોણ સારૂં કહી શકે? તે પ્રમાણે એ પણ ધ્યાનમાં રાખશો કે આ જગત એક શરીર છે અને તમારાં શરીર તે દાંત, નખ કે આંગળીની પેઠે તેના નાના અવયવો છે, માટે ઉત્કર્ષની ઇચ્છા હોય તો આપણો આત્મા વિશ્વના આત્માથી જૂદો છે, એમ કદી માનશો નહિ. હાથને પોતાનો ઉત્કર્ષ કરવો હોય તો શરીરના ઉત્કર્ષમાંજ પોતાનો ઉત્કર્ષ સમાએલો છે, આખું શરીર અને હાથ ભિન્ન નથી, એ તેને સમજાવું જોઇએ.

આપણે આપણી છાયા પકડવાને તેની પાછળ દોડીએ છીએ તો તે કદી હાથ લાગતી નથી, તે સદા આગળને આગળજ રહેછે; પરંતુ જો તે છાયા તરફ પીઠ કરીને સૂર્યતરફ આપણે દોડીએ તો તેજ છાયા પાળેલા કૂતરાની પેઠે પાછળ પાછળ દોડી આવેછે. તેવીજ રીતે એ બાહ્ય પદાર્થો પાછળ તમે દોડતાંજ અને તેમને પકડીને તમારી પાસે રાખવાનો પ્રયત્ન કરતાંજ, તે તમારી પાસેથી સટકી જાયછે અને દૂર દોડી જાયછે. તમે ગમે તેટલા પાછળ દોડો તોપણ છાયાની પેઠે તે આગળ ને આગળજ રહેછે, પરંતુ તેની તરફ પીઠ કરી સર્વ પ્રકાશનો પ્રકાશ જે અંતરાત્મા, તેની તરફ જવા લાગશો કે તરતજ તે તમારી પાછળ પાછળ તમને શોધતા આવશે. સૃષ્ટિનો એ કાયદોજ છે.

ખરો સ્વાર્થ એ સાધ્યો કહેવાય કે પરોપકાર કરીને અન્ય જીવોને શાંતિ આપવી. કારણકે કાગડા કૂતરાની પેઠે પેટ ભરવું તથા નાશવંત સંસારી પદાર્થોમાં આસક્ત રહેવું એ સ્વાર્થ સાધ્યો ન કહેવાય. તેથી મહાત્મા પુરૂષો સદા જીવોના કલ્યાણમાંજ તત્પર રહેછે એજ સ્વાર્થ સાધ્યો કહેવાય એ સમજાવી વ્યવહારમાં નિરૂપયોગી નહિ રહેવું એ અપેક્ષા ઉત્પન્ન થાયછે તો તે અધિકાર લેવા આ સ્વાર્થત્યાગ અધિકારને નહિ લંબાવતાં તેની વિરતિ કરી છે.

निरुपयोगानादर-अधिकार.

(ઉપયોગી નહિ થવાથી થતો અનાદર).

નાનામાં નાનું પ્રાણી જેમકે પિપીલિકા (કીડી) આખો દિવસ મહેનત કરી પોતાનું પોષણ કરી આનંદ માનેછે તેમજ નાનાં કે મોટાં દરેક પક્ષીઓ પણ કીડીની માફક આખો દિવસ પ્રયાસ કર્યા કરેછે. ત્યારે સમજુમાં સમજુ મનુષ્યવર્ગ ધારે તો પ્રભુ થઇ શકેછે. તે મનુષ્યવર્ગ અયોગ્ય કુથલી કુટીને આળસુ રહી આગળ ચઢવાને બદલે પાછી ગતિ કરેછે એ શું શોચનીય નથી ?

ધનવાન્ મનુષ્યવર્ગને આળસને આધીન થવાથી, શરીર નહિ કસાવાથી જઠરાગ્નિની મંદતા થાયછે તેને લીધે અજીર્ણ થાયછે, તેમાંથી સર્વ રોગોનો પ્રાદુર્ભાવ થાયછે. એટલે તે મનુષ્યવર્ગ આમુષ્મિક ભોગ કે મોક્ષગામી કાર્યો બન્નેમાંથી કાંઈ પણ સાધી શકતો નથી. જેથી अतो भ्रष्टः અને ततो भ्रष्टः થાયછે, એમ નહિ થવા તથા અતિ ઉપયોગી કાર્યમાં જોડાઇ પરિણામે સર્વને ઉપયોગી થવા ખાસ આ અધિકાર સર્વને ભલામણ કરેછે. કારણકે ઘંટી, ચુલો, ડામચીયો વિગેરે જો મનુષ્યને મદદરૂપ થઈ અન્યનું કાર્ય સાધી આપેછે ત્યારે સમજુ મનુષ્યે કેટલું બધું કાર્ય કરવાનું હશે અને તેમણે વિચારવાનું છે તે સમજાવવા આ અધિકાર કવિતારૂપે ગોઠવ્યો છે.

નિરૂપયોગી ઠીકરી.

ગરબી.

(સૈયર શું કરૂંરે મારે નંદકુંવર શું નેહ)—એ રાગ.

એક ઘરમાં હુતીરે, ઘર ધણિયાણી શાણી એક;
ઠાલી ઠીકરીરે, ત્યાં જઈ બોલી બોલ અનેક. ૧
બાઈ તુજ વાસમાંરે, મુજને વસવાને દે માગ;
વસ્તુ વિશેષ છેરે, તેમ હું રહીશ જોઇને લાગ. ૨
બોલી બાઈ તે રે, ઠીકરી રીઝ ગમે તો ખીજ;
મુજ મંદિર વિષેરે, નથી નકામી કોઇએ ચીજ. ૩
જો જળપાત્ર છેરે, પાણી તે તો મુજને પાય;
ચતુર ચુલો જુઓરે, ખાંતે રાંધી રોજ ખવાય. ૪

ઘંટી તો ઘણીરે, હળી આપેછે દાણા રોજ;
ડામચિયો દિસેરે, બાઇ તે ઉપાડેછે બોજ. ૫
સાવરણી સહારે, કચરો ઘરનો કાઢે દૂર;
સુપડું તો સખીરે, મારા ઘરનો એક મજૂર. ૬
ચતુરા ચાલણીરે, ચાળી આપે આટો એજ;
નથી નકામનાંરે, માંચો માંચી ખુરશી સેજ. ૭
કાંટો કાટલાંરે, તે તો કરી આપેછે તોલ;
કોણ નકામનુંરે, બાઈ તું વિચારીને બોલ. ૮
મુજ ઘરમાંહીરે, તું શું કરીશ મારૂં કામ;
કોઇને કેમ ગમેરે, ઠાલો રોકી બેસે ઠામ. ૯
ભૂંડી ભિખારણીરે, ઉલટી અડચણ કરે અપાર;
નફટ ન કામનીરે, તારો ઉકરડે અધિકાર. ૧૦
કામ નહિ કરેરે, એનો જગમાં ધિક્ અવતાર;
ઠાલો થઇ પડેરે, ભૂમિને શિર તેનો ભાર. ૧૧
ઉંઘણ આળસુરે, જે છે તે અપરાધી જાણ;
પ્રભુનો ચોર છેરે, પૂરો પાપી એજ પ્રમાણ. ૧૨
સર્વે સૈયરોરે, અંતર સમજી લેજો આમ,
દિલમાં રાખજોરે, શીખામણ દલપતરામ. ૧૩

દલપત.

વિશેષ વાતો કરવાની ટેવ અને કંઇ પણ કાર્ય ન સાધવું એ પણ આળસ છે. મનુષ્યે ઉપયોગી વિષય હાથમાં ધરવો અને વર્તનમાં તેનો અમલ કરવો તેથી જે જે ફાયદા થાય છે તે તે ફાયદા કાયદા બાંધવાથી અને તેનો અમલ નહિ કરવાથી થતા નથી. તન, મન અને ખંતથી જો બીજાઓને ઉપયોગી થઇએ તો ઘણાઓના આશીર્વાદ મેળવી શકીએ છીએ અને તે આશીર્વાદથી અવશ્ય મોક્ષપુરીમાં પહોંચીએ છીએ એમાં અતિશયોક્તિ છેજ નહિ. તો સ્વકાર્ય સાધવું એમ ભાવ ઉત્પન્ન થાયછે તે ઉપરથી સ્વકાર્ય-સાધન-અધિકાર સ્વીકારવા આ નિરૂપયોગાનાદર અધિકાર પૂર્ણ કર્યો છે.

स्वकार्यसाधन-अधिकार.

સ્વાર્થત્યાગ વૃત્તિના અધિકારી થવું એ અતિ ઉંચી કોટિની બાબત છે. કાચે પાયે ચણાયેલી ઈમારત જેમ લાંબો વખત ટકતી નથી તેમ વૃત્તિની સ્થિરતા થયા વગર સ્વાર્થત્યાગ થઇ શકતો નથી અને

કદાચ તે માર્ગ ગ્રહણ કરવામાં આવે તોપણ ઢચુપચુ મન હોવાને લીધે તેમાં પાછળથી પસ્તાવો વિગેરે જાગેછે માટે ઉત્તમ રસ્તે સ્વકાર્યસિદ્ધિનો અનુભવ લઈ પાકે પાયે સ્વાર્થત્યાગ વૃત્તિ ગ્રહણ થઈ હોય તો તેમાંથી ભ્રષ્ટ થવાનો વખત આવતો નથી અને એટલામાટેજ ચતુર મનુષ્યોએ કહ્યું છે કે કોઇ પણ રીતે પોતાનું કાર્ય સિદ્ધ કરવું અર્થાત્ "कार्यहानिर्हि मूर्खता" કાર્યની હાનિ થઇ જાય તેજ મૂર્ખતા છે. આ બાબત યત્કિંચિત્ સમજાવવામાટે આ અધિકાર આરંભાયછે.

ગમે તેમ કરી સ્વકાર્ય સિદ્ધ કરવું.

अनुष्टुप् (१–२).

बालादपि हितं ग्राह्यममेध्यादपि काञ्चनम् ।
नीचादप्युत्तमां विद्यां, स्त्रीरत्नं दुष्कुलादपि ॥ १ ॥

બાળકની પાસેથી પણ હિતવચન ગ્રહણ કરવું અને અપવિત્ર સ્થાનમાંથી પણ સોનું ગ્રહણ કરવું. નીચ મનુષ્યપાસેથી પણ ઉત્તમ વિદ્યા ગ્રહણ કરવી અને ખરાબ કુળમાંથી પણ સ્ત્રીરૂપી રત્ન ગ્રહણ કરવું. ૧.

પોતાના દેહનું રક્ષણ કરવાની ખાસ ફરજ.

त्यजेदेकं कुलस्यार्थे, ग्रामस्यार्थे कुलं त्यजेत् ।
ग्रामं जनपदस्यार्थे, आत्मार्थे पृथिवीं त्यजेत् ॥ २ ॥

सूक्तिमुक्तावली.

આખા કુળની રક્ષા થતી હોય તો તેસારૂ એક મનુષ્યનો ત્યાગ કરવો અને આખું ગામ બચતું હોય તો કુળનો ત્યાગ કરવો અને દેશ આખો નભતો હોય તો એક ગામનો ત્યાગ કરવો અને પોતાનો આત્મા સુરક્ષિત રહેતો હોય તો પોતાના મમત્વવાળી પૃથ્વીનો પણ ત્યાગ કરવો. ૨.

ગમારની સમજણ.

દોહો.

પોતે સોંપે પુત્રને, અન્ન ધન ને આગાર;
વેઠે સંકટ વૃદ્ધ થઇ, એ પણ એક ગમાર.

દલપત.

જે માણસ પોતાનો સ્વાર્થ સાધી શકે નહિ તે બીજાનો ક્યાંથી સાધી શકશે? જે માણસ સંસારમાંથી પોતે તર્યો નથી તે બીજાને ક્યાંથી તારી શકશે? આ ઉપરથી સમજવાનું એ છે કે પોતે સુખી થવા બીજાને હરકત નહિ કરતાં સ્વકાર્ય સાધી લેવું. કદાચ કોઇ આપત્તિ આવી પડે તો તેમાં અન્યને હાનિ નહિ કરનારૂં, દુઃખ વખતે નિષિદ્ધ આચરણ કરવામાં મુંજવણ નહિ રાખતાં યુક્તિથી પુરૂષાર્થનો ઉપયોગ કરવો. એ હવે પછી બતાવવા આ સ્વકાર્યસાધન અધિકાર પૂર્ણ કર્યો છે.

दुःखे निषिद्धाचरण-अधिकार

સ્વાર્થ સાધવામાં કદાચ નિષિદ્ધ (પોતાને નહિ છાજતું) આચરણ કરવાની ફરજ પડે તો દેશકાળને અનુસરી કરવામાં આવે તો અયોગ્ય ગણાતું નથી. એટલે ઉત્તરોત્તર વર્ણનો ધંધો કરી નિર્વાહ ચલાવવો. જેમકે બ્રાહ્મણે ક્ષત્રિયનો, ક્ષત્રિયે વૈશ્યનો, વૈશ્યે શૂદ્રનો ધંધો કરવો. પણ કેવળ નિષિદ્ધ આચરણનો આદર ન કરવો. આ બાબત શાસ્ત્રોમાં સારી રીતે સમજાવેલ છે તેનું દિગ્દર્શન કરાવવામાટે આ અધિકારની શરૂવાત કરી છે.

શુભ ક્રિયાથી જો આપત્તિમાં નિર્વાહ ન ચાલે તેમ હોય તો નિષિદ્ધની છૂટ છે.

वंशस्थ.

निषिद्धमप्याचरणीयमापदि, क्रिया सती नावति यत्र कर्हिचित् ।
घनाम्बुना राजपथेऽपि छन्ने, कचिद्बुधैरप्यपथेन गम्यते ॥ १ ॥

नैषधकाव्य.

દુઃખના સમયમાં કોઇ સ્થાનકે ક્યારે પણ શુભ ક્રિયાથી રક્ષણ ન થાય તો નિષિદ્ધ-અયોગ્ય આચરણ જરૂર જેટલું કરવામાં હરકત જણાતી નથી. કારણકે જાહેર રસ્તો જો વરસાદના પાણીથી ભરપૂર ભરાઇ ગયો હોય અને ચાલી શકાય તેવો ન હોય તો શું કોઇ પ્રસંગે ડાહ્યા પુરૂષો કેડીએ નથી ચાલતા? ૧.

આપત્તિમાં અસ્થાને કાળ ગમન કરનાર ભ્રમરનું દૃષ્ટાંત.

वसन्ततिलका.

ये वर्धिताः करिकपोलमदेन भृङ्गाः,
प्रोत्फुल्लपङ्कजरजःसुरभीकृताङ्गाः ।
ते साम्प्रतं प्रतिदिनं क्षपयन्ति कालं,
निम्बेषु चार्ककुसुमेषु च दैवयोगात् ॥ २ ॥

शार्ङ्गधरपद्धति.

જે ભમરાએ હાથીના ગંડસ્થળના મદના સુગંધથી સંવર્ધિત (મોટા) થયા છે અને જેનાં અંગો પ્રફુલ્લિત કમલોના પરાગથી સુગંધયુક્ત થઇ ગયાં છે, તે ભમરાએ હમણાં દૈવ (નશીબ) થી લીંબડાના વૃક્ષોમાં અને આકડાનાં પુષ્પોમાં પ્રતિદિવસ કાળને ગાળી રહ્યા છે. આ ભ્રમરસંબંધની અન્યોક્તિ છે પણ તે મનુષ્યમાં ઘટાવવાની છે એટલે કે એક મનુષ્ય સુખસંપત્તિમાં આનંદ કરતો હોય તેને માથે લક્ષ્મીજીની અકૃપા થઇ જાય ને ધનસંપત્તિ પલાયન કરી જાય તે વખતે જે ઉંચી રીતે નિર્વાહ ચલાવતો હતો તે ભિક્ષા માગીને કે બીજા કોઇ હલકા ધંધાથી પોતાનો નિર્વાહ કરી કાળને નિર્ગમન કરેછે. ૨,

દુઃખ પ્રાપ્ત થાય ત્યારે અનુકૂળતાવાળો રસ્તો શોધી લેવો કદાચ તેમાં ખેદ ઉત્પન્ન કરનારૂં કાર્ય સાધવાની જરૂર પડે તો નિરૂપાયે જરૂર જેટલું સાધી પુનઃ સત્યાવલંબી થઇ જવું એ બતાવવા અને સંપત્ વિપત્માં હર્ષ–શોક નહિ કરવા તરફ ધ્યાન ખેંચી જવા આ દુઃખે નિષદ્ધાચરણ–અધિકારની સમાપ્તિ કરી છે.

संपद्विपत्सम्बन्ध–अधिकार.

શા સ્ત્રમર્યાદા સાચવી શાસ્ત્રનિયમાનુસાર નિષિદ્ધ આચરણ કરતાં પણ કદાચ વિપદ્ ઉભીજ રહે તો તેમાં શોક નહિ કરવો. તેમજ પ્રસંગે સંપદ્ પ્રાપ્ત થાય તો હર્ષ નહિ કરવો જોઇએ. પ્રાણીમાત્રને સંપત્તિ અને વિપત્તિ આવેજ છે પણ બન્નેમાં શોક તથા હર્ષ ન કરતાં પ્રાપ્તકાલ

યથોચિત રીતે કુશળતાપૂર્વક વ્યતીત કરવો, તેજ જ્ઞાની મનુષ્યોનું કર્તવ્ય છે, એ કર્તવ્ય જણાવવાસારૂ આ અધિકારની મદદ લીધી છે.

સંપત્તિ તથા વિપત્તિમાં-સુખદુઃખમાં વર્તવાની રીતિ.

अनुष्टुप् (१ थी ६).

दुःखे दुःखाधिकान्पश्येत्, सुखे पश्येत्सुखाधिकान् ।
आत्मानं शोकहर्षाभ्यां, शत्रुभ्यामिव नार्पयेत् ॥ १ ॥

દુઃખ પ્રાપ્ત થાય ત્યારે (આપત્તિને સમયે) વિશેષ દુઃખીઓને જોઇ શોક ન કરતાં શાંત રહેવું. તેમજ સુખની પ્રાપ્તિને સમયે (સંપત્તિમાં) અધિક સુખવાળાઓ તરફ જોઇ હર્ષિત ન થવું. જેમ કોઇ પણ મનુષ્ય શત્રુઓનો વિશ્વાસ ન કરે તેમજ શોક અને હર્ષને સ્વાધીન આત્માને થવા દેવો નહિ. (જેમ જાણતા છતાં કોઇ પણ મનુષ્ય શત્રુને વશ થાય તો તેમના જેવો મૂર્ખ કોણ? તેમજ શોક, હર્ષને વશ થનારને પણ મૂર્ખજ જાણવો) માટે જ્ઞાની મનુષ્યે શોક અને હર્ષને વશ થવું યોગ્ય નથી. ૧.

શોક અને હર્ષને વશ નહિ થવાનું કારણ બતાવવામાં આવેછે.

कार्यः सम्पदि नानन्दः, पूर्वपुण्यभिदे हि सा ।
नैवापदि विषादश्च, सा हि प्राक्पापपिष्टये ॥ २ ॥

સંપત્તિમાં આનંદ માનવા જેવું નથી કારણકે તે સંપત્તિ પૂર્વોપાર્જિત પુણ્યના ક્ષયને માટેજ છે. તેમજ વિપત્તિમાં ખેદ ન કરવો કારણકે તે વિપત્તિજ પૂર્વના પાપનું ચૂર્ણ કરવામાટે છે (આ સંબંધમાં જ્ઞાનીએ વિચારવા જેવું છે કે પુણ્યના ક્ષયથી આનંદ માનવો કે પાપના ક્ષયથી? જે જોવામાં આનંદપ્રદ છે તે વિચારદષ્ટિયે પરિણામે શોકના સ્થાનરૂપ છે અને જે દશ્યમાં શોકપ્રદ છે તે પરિણામે હર્ષપ્રદ થાયછે. તેથી બન્નેમાંથી કોની અપેક્ષા અને ઉપેક્ષા કરવા જેવું છે? આટલા માટેજ જ્ઞાનીઓ બન્નેમાંથી એકને પણ વશ થતા નથી). ૨.

હિતકર પણ અહિતકર થઇ જાયછે.

आपदामापतन्तीनां, हितोऽप्यायाति हेतुताम् ।
मातृजङ्घा हि वत्सस्य, मेढीभवति बन्धने ॥ ३ ॥

જ્યારે આપત્તિઓ આવવા માંડે છે ત્યારે હિતકારક પણ તેનું (આપત્તિનું) હેતુભૂત થઇ પડે છે. જેમકે વાછડાંને પોતાની માની જાંઘજ (ધાવતી વખતે) બંધનમાં સ્તંભ (ખીલો-મેખ) રૂપ થઇ પડે છે. ૩.

ઉત્તમ કોણ ગણાય?

विपद्यपि सदा यस्य, सौमनस्यं स वन्द्यते ।
विपणीक्रीतमुत्फुल्लं, फुल्लं शिरसि धार्यते ॥ ४ ॥

વિપત્તિમાં પણ જેમનું ચિત્ત વિક્રિયા ન પામતાં સ્વસ્થ રહે છે તેજ સત્કારપાત્ર થઇને વંદાય છે. જેમ બજારમાં વેચાયેલું પુષ્પ જો વિકસિત (ખિલેલું) હોય છે તો તે શિરોધાર્ય થાય છે (માથે ચડાવાય છે) તેમ મહાત્માઓની બન્ને સમયમાં એકજ સ્થિતિ રહેછે. ૪.

સુખદુઃખમાં સમાન સ્થિતિ.

उदेति सविता रक्तो, रक्त एवास्तमेति च ।
सम्पत्तौ च विपत्तौ च, महतामेकरूपता ॥ ५ ॥

सूक्तिमुक्तावली.

સૂર્યનારાયણ ઉદય સમયે પણ લાલજ રહે છે અને અસ્તને સમયે પણ લાલજ રહે છે તેમજ સંપત્તિમાં અને વિપત્તિમાં જ્ઞાનીઓનો એકજ રંગ હોય છે. ૫.

ઉત્તમ અને કનિષ્ઠનો વર્તારો.

प्रियदुःखे समुत्पन्ने, मृत्युमिच्छन्ति कातराः ।
विवेकिनः पुनर्धीराः, पुण्यं कुर्वन्ति भूरिशः ॥ ६ ॥

चित्रसेनपद्मावतीचरित्र.

અધીર પુરૂષો ઇષ્ટવસ્તુના વિયોગના દુઃખથી ચકિત બની, વ્યગ્ર થઇ મૃત્યુની ઇચ્છા રાખે છે—મરવા ચાહે છે અને વિચારવંત જ્ઞાની પુરૂષો ધૈર્યપૂર્વક દુઃખથી ન અકળાતાં ફરીને ખૂબ ધર્માચરણ કરેછે. ૬.

ચઢતી તથા પડતી બેઉ સખીઓ છે.

आर्या (७ थी १०).

जीअं मरणेणसमं, उपज्जइजुव्वणंसहजराए ।
ऋद्धिविणाससहिआ, हरिसविताओनकायव्वो ॥ ७ ॥

આયુષ્ય મરણની સાથે છે, યુવાવસ્થા જરાની સાથે આવેછે અને સંપત્ વિનાશની સાથે હોય છે. માટે એ વિષે હર્ષ શોક કરવોજ નહિ. ૭.

ચડતી પડતી ચાલતીજ આવેછે.

खण्डः पुनरपि पूर्णः, पुनरपि खण्डः पुनः शशी पूर्णः ।
सम्पद्विपदौ प्रायः, कस्यापि न हि स्थिरे स्याताम् ॥ ८ ॥

ચંદ્રમા ઉદય પામે છે ત્યારે ખંડિત હોય છે ફરીને દિનપ્રતિદિન વૃદ્ધિ પામતાં પૂર્ણિમા આવતાં પૂર્ણ થાયછે તેમજ પાછો ખંડિત અને પૂર્ણ થાયછે માટે સંપત્તિ અને વિપત્તિ કોઇને પણ સદાકાળ સ્થિર રહેતી નથી. નિત્ય સમયાનુકૂળ સંપત્તિ વિપત્તિ આવ્યાજ કરેછે તેથી હર્ષ શોક કરવા જેવું નથી. ૮.

સંપત્તિ વિપત્તિનું સ્વરૂપ.

सम्पदि परोऽपि निजतां, निजोऽपि परतामुपैति विपदि जनः ।
ताराभिर्व्रियते निशि, रश्मिभिरपि मुच्यतेऽह्नि शशी ॥ ९ ॥

જ્યારે સંપત્તિ હોય ત્યારે શત્રુ પણ પોતાનો થાય છે અને વિપત્તિને સમયે પોતાનો (સંબંધી) પણ શત્રુ થાય છે. રાત્રિમાં જે ચંદ્રમા તારાગણોથી વિંટાયેલો હોય છે તેજ ચંદ્રમા દિવસે પોતાનાં કિરણસમૂહથી પણ મૂકી દેવાયછે. ૯.

મહાત્માઓ પરદુઃખેજ દુઃખી હોયછે.

स्वापदि तथा महान्तो, न यान्ति खेदं यथा परापत्सु ।
अचला निजोपहतिषु, प्रकम्पते भूः परव्यसने ॥ १० ॥

મહાત્માઓ બીજાઓને આપત્તિમાં પડેલા જોઇને જેટલો ખેદ કરે છે તેટલો પોતાની આપત્તિમાં કરતા નથી. પૃથ્વી પોતાને ઘણો આઘાત થતાં છતાં સ્થિર રહે છે પણ પારકા દુઃખથીજ કંપે છે. ૧૦.

આ જીવ રંક તથા રાજા પણ બનેલ છે.

वसन्ततिलका (११–१२).

नाभूम भूमिपतयः कतिनाम वारान्,
वारानभूम कतिनाम वयं न कीटाः ।
तत्सम्पदां च विपदां च न कोऽपि पात्र–
मेकान्ततस्तदलमङ्ग मुदा शुचा च ॥ ११ ॥

શું આપણે કેટલીકવાર રાજાઓ નથી થયા? તેમ કેટલીકવાર કીડાઓ નથી થયા? (અર્થાત્ થયા છીએજ). આમ ખરૂં જોતાં કોઈ પણ હમેશને માટે સંપત્તિનું કે વિપત્તિનું પાત્ર નથી. તેથી હે ભાઇ! હર્ષ અને શોક શો? ૧૧.

સત્યાગ્રહીનો સ્વભાવ.

शुद्धः स एव कुलजश्च स एव धीरः,
श्लाघ्यो विपत्स्वपि न मुञ्चति यः स्वभावम् ।
तप्तं यथा दिनकरस्य मरीचिजालै-
र्देहं त्यजेदपि हिमं न तु शीतलत्वम् ॥ १२ ॥

જે વિપત્તિમાં પણ પોતાના સ્વભાવને (ધર્મપરાયણતાને) છોડતો નથી, તેનેજ શુદ્ધ, કુલીન અને ધીર જાણવો. સૂર્યનાં કિરણોથી તાપ પામેલું હિમ-બરફ દેહનો ત્યાગ કરે છે (પાણીરૂપ બને છે) પણ પોતાનું શીતલત્વ છોડતું નથી-(જે ઠંડાપણું તે એનો મુખ્ય સ્વભાવ છે). ૧૨.

તેમજ—

मन्दाक्रान्ता.

घृष्टं घृष्टं पुनरपि पुनश्चन्दनं चारुगन्धि,
छिन्नं छिन्नं पुनरपि पुनः स्वादुदं चेक्षुखण्डम् ।
तप्तं तप्तं पुनरपि पुनः काञ्चनं कान्तवर्णं,
प्राणान्तेऽपि प्रकृतिविकृतिर्जायते नोत्तमानाम् ॥ १३ ॥

सूक्तिमुक्तावली.

ચંદન વખતો વખત ઘસવાથી સુંદર ગંધવાળું થાય છે, શેરડી વખતોવખત કાપવાથી-છોલવાથી વધારે સ્વાદ આપેછે અને સોનું વારંવાર તપાવવાથી ચોખ્ખું સુંદર રંગવાળું બને છે તેમ મરતાં સુધી પણ મહાત્માઓની મૂળ સ્થિતિમાં ફેરફાર થતો નથી. ૧૩.

ઉદય અને અસ્ત આવ્યાજ કરેછે.

મનહર.

સરખી સ્થિતિ સદૈવ દુનિયાંની દીસે નહિ,
ઉતરે ચઢે અસલનોજ એવો ઢાળ છે;

એક સમે મરદની મુછે રહી માન પામે,
　　એક સમે તેજ તુચ્છ થાય તૂટયો વાળ છે;
એક સમે ગલીચીમાં રહી નીર ગંદું થાય,
　　એક સમે એજ મિષ્ટ થાય મેઘમાળ છે;
સુણો રૂડા રાજહંસ દાખે દલપતરામ,
　　દિવસે આકાશ એજ રાત્રિએ પાતાળ છે.　　૧૪

દલપત.

એક દિવસે મીઠા મેવા તો એક દિવસે વાયુ ભક્ષણ, એક દિવસે રંગ બેરંગી તો એક દિવસે ભભૂત, એક દિવસે નાટારાભ તો એક દિવસે શેકકળ, એક દિવસે પીઠી તો એક દિવસે જમની ચીઠી, એ વિચારીને મનુષ્યે હર્ષ શોક અવશ્ય તજવાની જરૂર છે એ બતાવી હવે વિપત્તિને સત્પુરૂષો જેવી રીતે શોભાવે છે તે બતાવવાને આવતા અધિકારને વધાવી લેવા આ સંપદ્ વિપદ્–અધિકાર પૂર્ણ કર્યો છે.

विपद्‌थी प्रकाशित सज्जन–अधिकार.

સંપદ્ તથા વિપદ્‌માં સજ્જન પુરૂષો સમાન દૃષ્ટિથી વર્તન ચાલુ રાખે છે. વિપદ્‌થી સાધારણ મનુષ્યો દબાઈ જાય છે અને દરેક ક્ષણે રોદડા રોયા કરે છે પણ સજ્જન પુરૂષો તો વિપદ્‌થી વધારે પ્રકાશે છે. વિપદ્ એ ખરેખર મનુષ્યોની પરીક્ષા કરવામાં ઉચ્ચતર સાધન છે, નબળાં માણસો વિપત્તિમાં ન્યાય માર્ગઉપર ચાલી શકતાં નથી અને સત્પુરૂષો તો પોતે ચાલે છે તથા બીજાઓને તેમ ચાલવા બોધ પણ પોતાના દાખલાથી આપે છે અને કહે છે કે દુઃખવાળા દિવસો તથા સુખવાળા દિવસો ચાલ્યા જવાના છે માટે કોઇએ ન્યાયરસ્તાથી અવળું પગલું ભરવું નહિ. કીધું છે કે—

न्यायात्पथः प्रविचलन्ति पदं न धीराः ।

એ બતાવવા આ અધિકારની યોગ્યતા માની છે.

દુઃખની પ્રાપ્તિ સુખ અર્થે છે.

अनुष्टुप् (१ थी ७).

सर्वोत्कर्षप्रकाशाय, भवन्ति विपदः सताम् ।
जायते गुणयोगाय, वज्रवेधव्यथा मणेः ॥ १ ॥

જગતમાં સર્વથી ઉત્કર્ષ (ઉચ્ચતા) નો પ્રકાશ કરવાસારૂ સત્પુરૂષોને દુઃખો ઉત્પન્ન થાય છે (એટલે સજ્જનો વિપત્તિમાં પણ નીતિ વિગેરે ધર્મને ચૂકતા નથી અને સુદૃઢ રહે છે તેથી તેની અધિકાધિક કીર્ત્તિ જગતમાં પ્રસરે છે) ત્યાં દૃષ્ટાંત કહે છે કે—મણિને વજ્રાદિ (છેદન, ઘર્ષણ આદિ કરવાનું હથીયાર હીરાકણી વિગેરે) થી જે વીંધવા સંબંધી પીડા થાય છે, તે કેવળ તેમાં (મણિમાં) ગુણ (દોરો) તથા પ્રકાશત્વ વિગેરેનો યોગ થવામાટેજ છે નહિ કે તેને ઉતારી પાડવા સારૂ. ૧.

તથા—

सम्पदां विपदां पात्रं, सत्पात्रं मायशो भवेत् ।
पुष्पाक्षतादिबिल्वानां, सम्बन्धो मूर्ध्न एव हि ॥ २ ॥

સંપદ્ તથા વિપદ્નું પાત્ર (રહેવાનું સ્થાન) ઘણું કરીને સત્પાત્ર મનુષ્યજ થાય છે ત્યાં દૃષ્ટાંત આપે છે કે—પુષ્પ, ચોખા અને બીલી વિગેરેને મસ્તકનોજ સંબંધ હોય છે નહિ કે નીચ સ્થાનનો.

સારાંશ—પુષ્પ તથા બિલીને પોતાના મૂળ સ્થાનમાંથી છૂટવાને લીધે ઉત્પન્ન થતું દુઃખ અને ચોખાને ફોતરાંમાંથી છૂટું પડવાનું દુઃખ ઉત્પન્ન થયું છે ખરૂં પણ તેને લીધે તે ત્રણે વસ્તુઓ દેવના મસ્તકઉપર રહેવાનું સુખ ભોગવેછે. ૨.

ગમે તેટલી વિપત્તિ પડે તોપણ સજ્જનો ઉંચ સ્થિતિમાંજ રહેછે.

पातितोऽपि कराघातैरुत्पतत्येव कन्दुकः ।
प्रायेण हि सुवृत्तानामस्थायिन्योऽभिभूतयः ॥ ३ ॥

દડાને હાથના આઘાતથી પછાડવામાં આવે તોપણ ઉંચે આવેછે એટલે જેમ પછાડે તેમ તેમ વધારે વધારે ઉંચો આવેછે. એવી રીતે ઘણે ભાગે સુવૃત્ત—સદાચરણવાળા પુરૂષોની વિપત્તિઓ સ્થાયી હોતી નથી. એટલે આ શ્લોકનો તાત્પર્ય એ છે કે—જેમ દડાની સ્થિતિ કહેવામાં આવી તેમ સજ્જનોપર એકપછી એક વિપત્તિ પડયા કરે તોપણ તે વિપત્તિઓ તેનાપર સ્થિર નહિ રહેતાં તે સજ્જન મનુષ્ય પોતે તરત ઉંચ સ્થિતિમાંજ આવતો રહેછે. ("સુવૃત્ત" શબ્દને દડાના વિશેષણતરીકે ગણવામાં આવે તો સારી રીતે ગોળાકાર અને સજ્જનોની બાબતમાં સારા આચરણવાળા એવો અર્થ થાયછે). ૩.

સાધુ પુરૂષનો અધઃપાત કોને સંતોષપ્રદ છે?

सुवृत्तस्यैकरूपस्य, परप्रीत्यै कृतोन्नतेः ।
साधोः स्तनयुगस्येव, पतनं कस्य तुष्टये ॥ ४ ॥

સુંદર ગોળ અને એકરૂપવાળા તથા જેમની ઉન્નતિ બીજાને પ્રસન્ન કરવા-સારૂ છે એવાં બે સ્તનોની માફક સાધુ પુરૂષનું નીચે પડવું કોને પસંદ પડેછે? ("सुवृत्तस्य" આ શબ્દનો, સાધુપુરૂષની બાબતમાં સદાચરણવાળો એવો અર્થ લેવો અને બાકીનાં વિશેષણો ઉપર કહ્યા મુજબજ બરાબર ઘટી શકેછે). ૪.

સત્પુરૂષોનું તેજ વિપદ્‌માં પણ વધેછે.

कल्याणमूर्तेस्तेजांसि, सम्पद्यन्ते विपद्यपि ।
कणिका किं सुवर्णस्य, नारोहति हुताशनम् ॥ ५ ॥

મંગળ (પવિત્ર) સ્વરૂપવાળા પુરૂષોનું તેજ દુઃખમાં પણ વધે છે, ત્યાં દૃષ્ટાંત આપે છે કે—શું સુવર્ણની કટકી અગ્નિમાં ચડતી નથી? અર્થાત્ ચડે છે અને ઉત્તરોત્તર તે કુંદનની કટકીનું તેજ વધતું જાય છે. તેમ સત્પુરૂષોનું સમજવું. ૫.

મહાન્ પુરૂષની પીડાથી નીચને પણ દુઃખ થાયછે.

महतामापदं दृष्ट्वा, को न नीचोऽपि तप्यते ।
काकोऽप्यन्धत्वमायाति, गच्छत्यस्तं दिवाकरे ॥ ६ ॥

મહાન્ પુરૂષોની વિપત્તિને દેખીને કયો નીચ મનુષ્ય પણ તપાયમાન ન થાય? કારણકે કાગડો પણ સૂર્ય અસ્ત પામતાં આંધળો થાય છે એટલે સૂર્યની વિપત્તિને જોઇ શકતો નથી. ૬.

સંપદ્ વિપદ્ સજ્જનોનેજ આવેછે.

सम्पदो महतामेव, महतामेव चापदः ।
वर्धते क्षीयते चन्द्रो, न तु तारागणः कचित् ॥ ७ ॥

સંપત્તિ તથા વિપત્તિ (સુખ-દુઃખો) મ્હોટા પુરૂષોનેજ થાય છે કારણકે ચંદ્ર વધે છે અને ઘટે છે. પણ કોઇ દિવસ તારાઓના સમૂહનું તેજ વધતું ઘટતું નથી. ૭.

ઘણું કરી વિપત્તિઓ સંપદ્‌વાળાઓનેજ થાયછે.

आर्या.

प्रायोऽत्युच्चया विपदः, परिहृत्यावस्तु वस्तुनि भवन्ति ।
न हि कोद्रवेषु कीटाः, पतन्ति गोधूमरत्नेषु ॥ ८ ॥

सूक्तिमुक्तावली.

ઘણું કરી વિપત્તિઓ (દુઃખો) ખરાબ ચીજને છોડીને સુંદર પદાર્થ-ઉપરજ આવેછે. કીડા (ધનેડાં) કોદરા નામના હલકા ધાન્યમાં પડતા નથી; પરંતુ ગોધૂમ (ઘઉં) રૂપી રત્નોમાં પડેછે. તેમ વિપત્તિઓ પણ સંપત્તિવાનને પ્રાપ્ત થાયછે એવો ભાવ છે. ૮.

જ્યારે દુઃખ પ્રાપ્ત થાયછે ત્યારે સ્ત્રી તથા મિત્રની પણ પરીક્ષા થઇ જાયછે તેજ પ્રમાણે દુઃખમાં મનુષ્યની બુદ્ધિની તથા સદ્વર્તનની પણ પરીક્ષા લેવાઇ જાયછે. આવી દુઃખપ્રદ સ્થિતિમાંથી પાસ થઇ પસાર થાયછે તે સત્પુરૂષ કહેવાયછે એ સમજાવી સંસારમાં ચઢતી–પડતી આવ્યા કરેછે એ હવે પછી સમજણ લેવા આ વિપદ્‌થી પ્રકાશિત સજ્જન અધિકાર પૂર્ણ કર્યો છે.

चढती–पडती–अधिकार.

કોઇ મનુષ્ય એમ ધારે કે અમુક મનોરથ મારો પૂર્ણ થયે હું પ્રભુ-ભજન કરવા વલણ કરીશ, એ ધારણા પાર પડવી તે મનુષ્યની સ્વાધીનતામાં નથી. કારણકે સર્વ જીવો કર્મની ગતિથી અનેક પ્રકારની ચેષ્ટા કર્યાં કરેછે એટલે કર્મબળથી કોઇ જીવ રાજા હોય તો કોઇ જીવ રાંક હોય અથવા કોઇ જીવ પશુ કે પક્ષીયોનિમાં ગમન કરી રહ્યો હોયછે. તો જે સ્થિતિમાં આપણે હોઇએ તે સ્થિતિને તાબે થઇ મોક્ષગામી કર્તવ્ય કરી દુઃખસંબંધી પ્રતિકૂળતા નહિ ગણકારી સંતોષ મેળવી ધીમે ધીમે પરિગ્રહત્યાગ કરી તીર્થંકરોના ચરણકમળ સેવવા, પ્રાપ્ત સ્થિતિમાં શાંતિ મેળવવા આ અધિકારને ઉપયોગી ધારી સ્થાન આપવામાં આવ્યું છે.

બધા દહાડા સરખા નથી તે વિષે.

ગરબી.

(સારૂં સારૂંરે સૂરત શહેર, મુંબઇ અલબેલી)—એ રાગ.

સમજો સંસારી રીત, સૌ દિન નથી સરખા;
દુખમાં શિદ થા ભયભીત? સુખમાં શિદ હરખા?—ટેક૦
કોઇ દિન લીલું લીલું સઘળે દીસે લીલાલ્હેરરે,
તેમજ કોઇ દિનમાં તો દિસે, ઘણી સમૃદ્ધિ ઘેર; સૌ૦ ૧

કોઇ દિન ટાઢ પડે તન ઉપર, હુડ હુડ ધ્રૂજે હાડરે,
તેમજ કોઇ દિન તન કંપાવે, ઉપજે શત્રુ અનાડ; સૌ૦ ૨
કોઇ દિન તો પરિતાપ તપે ને, ઉકળે શોણિત અંગરે;
તેમજ ચિંતા અતિશે ઉપજે, ઉતરી જાય ઉમંગ. ,, ૩
ઉત્તરાયનથી એક મિનિટ નિત્ય, દિન ચડતો દેખાયરે;
દિસે છ મહિના પછી દહાડો, એજ રીતે ઘટી જાય. ,, ૪
તેમજ ચડતી પડતી હાલત, જગમાં સૌની જણાયરે;
જ્ઞાની તો ધીરજ મન ધારે, અજ્ઞાની અકળાય ,, ૫
કોઇ દિન દિસે દિવાળી સરખા, હોળી કોઇ દિન હોયરે;
એમજ ચાલે રીત અસલથી, કલેશ ન કરશો કોય. ,, ૬
ટાઢ પડે ત્યારે ડગલી પહેરો, પંખો લ્યો જો ઘામરે;
અકળાશો નહિ ઉપાય શોધો, અનેક રીતે આમ. ,, ૭
કષ્ટતણો તો કદી ન આવે, અકળાયાથી અંતરે;
ઉપાય કરીને છેડો આણો, ધીરજથી ધીમંત. ,, ૮
ચંદ્રકળા બબ્બે ઘડી ચડતી, રાતે દીસે રોજરે;
પંદર દિવસ પછી થાય પડતી, બીજાનો શો બોજ? ,, ૯
કોઇ દિન નદીએ નીર ઉછળતાં, ભાસે અતિ ગંભીરરે,
વળી કોઇ દિન એવો આવે જે, ન મળે તેમાં નીર; ,, ૧૦

દલપત.

દુબળો સિપાઇ ઢેડાપર શૂરો.

દોહા.

સાલસપર શૂરા સઉ, જુલમી આગળ ટાંક
અજા ઉપર શૂરો વરૂ, સિંહ સમીપે રાંક; ૧૧
નિર્બળપર શૂરા સઉ, સબળ ઉપર નહિ ટાંક,
મની મુશક પર શૂરૌં પણ, શ્વાન સમીપે રાંક; ૧૨

દલપત.

દિવસોનું ઉથલપાથલપણું.

[1]એક [2]ઠાકોરને પરદેશ ગયાને ઘણાં વર્ષ વિતી ગયાં પણ તે ઘેર આવ્યા નહિ. ઘરનાં સર્વ માણસો મરી ગયાં. માલમીલકત બળી ગઇ. છેવટ કાંઇ

---

૧ કૌતુકમાળા.

૨ ગમે તે ગરાસીઆને ઠાકોરના ઉપનામથી કહેવામાં આવેછે.

રહ્યું નહિ એટલે ઠાકોરની ખબર કાઢવા તેમના ઘરનો વિશ્વાસુ રંગલો નામનો ચાકર પરદેશમાં નીકળ્યો. શોધતાં શોધતાં કેટલેક દિવસે ઠાકોર મળ્યા. તે વખતે તેમની આંખમાં હર્ષથી આંસુ આવી ગયાં, છાતી ભરાઇ આવી ને ગદગદ કંઠે ઠાકોર ઘરના સમાચાર પૂછવા લાગ્યા. કાબેલ રંગલાએ વિચાર્યું કે આ વખત જો એકદમ ઘરના ખરેખરા સમાચાર કહીશ, તો ઠાકોરથી સહેવાશે નહિ ને ઘણાજ દીલગીર થશે. માટે માઠા સમાચાર ધીમે ધીમે યુક્તિથી અપાય તો ઠીક એમ નિશ્ચય કર્યો.

ઠાકોર—કેમ રંગલા! ઘરની શી ખબર છે?
રંગલો—સારી ખબર છે! ઠાકોર.
ઠાકોર—છે તો સૌ હેમખેમ?
રંગલો—હા.

ઠાકોર—(ઘણા દિવસથી ઘર છોડેલ છે માટે વધારે ખાત્રી સારૂ ભાર દઇ બોલેછે) સૌ—બધા—હેમખેમ છે?

રંગલો—હા, પણ એક જરા-ક કહેવાનું છે.
ઠાકોર—તું તો બધા હેમખેમ કહેછે ને વળી કહેવાનું શું છે?
રંગલો—આપણો બાઝીયો કૂતરો મરી ગયો!

ઠાકોર—અરરર! બાઝીયો કૂતરો! મોટો સિંહ જેવો શૂરો, હરણ જેવો ચપળ, હાથી જેવો મસ્ત, એ મરેજ શી રીતે!! તેની દિલગીરી પહેલાં મને મોટો અચંબો થાયછે!

રંગલો—આપણી હરડી ઘોડીનાં હાડકાં કરડી મૂઓ!
ઠાકોર—અરે બેવકૂફ! ઘોડીને શું થયું?
રંગલો—ઘોડી પણ મરી ગઇ.

ઠાકોર—જો! તું તો જરા કહેતો હતો ને વળી મૂઆનું પણ કહેછે. તેથી મને બહુ લાગેછે—બોલ. તે પંચકલ્યાણી, [1]રેવાલ ચાલનારી, કુંકે ગાઉ દોડનારી, મારી વહાલી ઘોડી શાથી મૂઇ?

રંગલો—ઠાકોર! એમાં કાંઇ મનમાં લગાડવું નહિ. જેવા ઈશ્વરના* બનાવ. તે ઘોડી તો ખડ ને ચંદી વિના મરી ગઇ.

ઠાકોર—અરે મૂર્ખા! ખડની ગંજીઓ ને ચંદીના કોઠાર ભરી મૂક્યા હતા તે કયાં ગયા?

રંગલો—ખડની ગંજીઓ ને ચંદીના કોઠાર હતા તે તો તમારી આઇમાના કારજમાં વપરાઇ ગયા

૧ ઘોડાંની એક જાતની ચાલ. * કુદરતના.

ઠાકોર—અરે! આતે શો ગજબ! વળી આઇમા! મારા ઘરનું નાક, મારા સુખનું કારણ અને દુઃખનો વિસામો, તેમને શું થયું?

રંગલો—તે તમારા કુંવરના દુઃખે કરી મૂઆં.

ઠાકોર—અરે ગમાર! કુંવરનું એવડું દુઃખ શું તેમને લાગ્યું કે મરવું પસંદ કર્યું?

રંગલો—કુંવર મરી ગયા ને તમે ઘેર નહિ તેથી હવે વંશવેલો રહેવાની આશા રહી નહિ. સબબ કુંવર મૂઆનું એટલું દુઃખ તેને લાગ્યું કે, તે દુઃખે ઝુરી ઝુરીને થોડે દહાડે મૂઆં.

ઠાકોર—ત્યારે મારો કુળદીપક કુંવર મરી ગયો? હાય! હાય! તે શી રીતે મૂઓ?

રંગલો—ધાવણ વગર.

ઠાકોર—અરે મોકાણીઆ! ઠકરાણાએ ધવરાવ્યો નહિ, એમ કહેવાને તું માગેછે?

રંગલો—ના, ના? ઠકરાણા પણ ગુજરી ગયાં છે. સૌથી પહેલ તો એમણેજ કરી છે, માટે કુંવરને ધાવણ મળ્યું નહિ.

ઠાકોર—તે શાથી મૂઆં?

રંગલો—કોગળીઆના ત્રાસદાયક રોગથી.

ઠાકોર—ત્યારે હવે રહ્યું કોણ?!!

રંગલો—એક ઠાકોર તમે ને તમારો ચાકર હું બે જણા રહ્યા.

ઠાકોર—અરે મારૂં કુટુંબ બધું ખેદાનમેદાન થઇ ગયું. ઘેર કોઇ રહ્યું નહિ ને અધૂરામાં પૂરૂં વળી તું અહીં આવ્યો, તો ઘરની મીલ્કતની કોણ સંભાળ રાખતું હશે? તેનો કાંઇ બંદોબસ્ત કર્યો છે?

રંગલો—બંદોબસ્ત કરવાની કાંઇ જરૂર રહી નહોતી. કેમકે એક દિવસ આપણા ઘરફરતી લાલબાઇની (આગની) ચોકી ફરી ગઇ છે.

આથી ઠાકોર સમજ્યા કે પોતાનું કુટુંબ ખોયું એટલુંજ નહિ, પણ માલ મીલ્કત પણ અગ્નિનો ભોગ થઇ ગઈ છે, તેથી ઘણા દિલગીર થઇ ગયા. રંગલાએ ધીરજ આપી શાંત કર્યા.

આ વાતનો સાર ખુલ્લો વાતમાંજ આવી ગયો છે.

સઘળા દિવસો સરખા નથી તેથી કોઇના ઉપર જૂલમ કે પોતાની શક્તિનો ગેરઉપયોગ કરવો નહિ.

વિદ્યા મેળવ્યા પછી અઘડો ઉભો નહિ કરવો, ધન મેળવ્યા પછી મદ લાવવો નહિ, શક્તિ મેળવ્યા પછી બીજાઓને પીડા કરવી નહિ. એટલે ઉપરના

સાધનનો શુભ ફળદાયીતરીકે ઉપયોગ કરવો. જેમકે વિદ્યાનો ઉપયોગ જ્ઞાન-વૃદ્ધિમાં કરવો, લક્ષ્મીનો ઉપયોગ દાન દેવામાં કરવો અને શક્તિ મેળવીને દીનનું રક્ષણ કરવું એ સત્પુરૂષોનું કર્ત્તવ્ય છે. એવા સત્પુરૂષો પ્રાપ્ત સ્થિતિમાં સંતોષ મેળવીને સમુદ્રની માફક ખળભળતા નથી એ બતાવી જ્ઞાનલબ્ધિ વિના સર્વ ઠેકાણે અજવાળું પડતું નથી તેથી હવે પછી જ્ઞાન અધિકાર લેવાની જરૂર ધારી આ ચઢતી-પડતી અધિકાર પૂર્ણ કર્યો છે.

ज्ञान-अधिकार.

॥ ज्ञानं च शक्तिः खलु मुक्तिभाजाम् ॥

જે કર્મભોગ ભોગવવો તે જ્ઞાનપૂર્વક ભોગવવાની જરૂર છે કારણકે શુભ કર્મના પરિણામરૂપે ઉત્પન્ન થયેલ સુખરૂપ ફળ ભોગવવાની વખતે વિચાર કરવો કે કરેલ શુભ કર્મનો અંત આવશે ત્યારે અશુભ કર્મના પરિણામરૂપે દુઃખરૂપ ફળ ભોગવવું પડશે તો સુખ ભોગવતી વખતે જેમ હર્ષઘેલા ન થવું તેમ દુઃખમય અવસ્થામાં નિષ્ફળ બળાપો કરી ઉન્માદ દશામાં જવું નહિ એનો સઘળો આધાર જ્ઞાનના ઉપર રહેલ છે.

જ્ઞાન શબ્દ ज्ञा—अवबोधने (જાણવું) આ ધાતુ ઉપરથી ઉત્પન્ન થાય છે એટલે ટુંકામાં એનો અર્થ જાણવું એવો થાયછે તો શું શું જાણવું? તે શંકા ઉપસ્થિત થાય છે, ત્યાં મુમુક્ષુ પુરૂષો કહેછે કે આત્મતત્ત્વ જાણવું જોઇએ અને તે આત્મજ્ઞાન થયા પછીજ મનુષ્ય પરમપદ (મોક્ષને) ને પામેછે. આ જ્ઞાનશબ્દ તત્ત્વજ્ઞાનની વિદ્યા સિવાય અન્ય સર્વ વિદ્યાઓમાં પણ લોક વ્યવહારમાં ઉપયોગી છે એટલે તે તે બાબત સમજવા માટે તે તે શાસ્ત્રોનું જ્ઞાન પણ અવશ્ય મેળવવું જોઇએ. આ અધિકારમાં ઉપર જણાવેલાં બન્ને જ્ઞાનનું યત્કિંચિત્ નિરૂપણ કરેલું છે એટલે જ્યાં જ્યાં ધન, સમૃદ્ધિ આપ-વાની જ્ઞાનની શક્તિ છે તે તે ઠેકાણે વધારે લૌકિક જ્ઞાનનું પ્રબલ જાણવું અને જ્યાં જ્યાં મોક્ષસુખને આપવાની શક્તિ જણાવી છે ત્યાં ત્યાં તત્ત્વ-જ્ઞાનનું પ્રાબલ્ય સમજવું એટલે બન્ને પ્રકારના જ્ઞાનની પ્રશંસા આ અધિકા-રમાં કરવામાં આવી છે એટલી બાબત પ્રવેશકોને જાણવાની જરૂર ધારી ટુંકમાં નિરૂપિત કરી છે.

વાદવિવાદની ખટપટમાં જ્ઞાનનું પલાયન.

अनुष्टुप् (१-२).

वादाँश्च प्रतिवादाँश्च, वदन्तोऽनिश्चिताँस्तथा ।
तत्त्वान्तं नैव गच्छन्ति, तिलपीडकवद्गतौ ॥ १ ॥

શબ્દાર્થ—વાદ, પ્રતિવાદ અને અનિશ્ચિત પદાર્થનો કહેવાવાળો તેલીના બળદની જેમ તત્ત્વનો પાર પામતો નથી.

વિવેચન—વાદ એટલે પૂર્વપક્ષ, જેમકે સતવસ્તુ ત્રિરૂપ છે એવો મારો પક્ષ, તે પૂર્વપક્ષવાદ કહેવાયછે. તે વાદનું ઉત્થાપન કરનાર ઉત્તરપક્ષ તે પ્રતિવાદ કહેવાયછે. જેમકે તમારો કહેલો પૂર્વપક્ષ સિદ્ધ થતો નથી. કારણકે વસ્તુ અનિત્ય છે અથવા ક્ષણિક છે. માટે અનિશ્ચિત એટલે અનિર્ધારિત પદાર્થ જેમકે અંગુષ્ઠના કડકા જેટલો માત્રજ આત્મા છે ને ગર્ભાશયમાં ત્રીજે મહિને જીવ ઉપજેછે. આવી રીતનું જે કથન તે. એવા વાદ પ્રતિવાદ અને અનિશ્ચિત પદાર્થને શાસ્ત્રના ઘણા અભ્યાસથી અથવા પ્રજ્ઞાતિશયથી કહેનારા, પારમાર્થિક સ્વરૂપનો પાર પામતા નથી. કોની પેઠે તો કહેછે કે જેમ ઘાંચીનો બળદ ગમનનો પાર પામતો નથી તેમ. કહ્યું છે કે—

પઢે પાર કહાં પામવો, મિટે ન મનકી પ્યાસ ;
જ્યું કોલ્હુ કે બૈલકો, ઘટહીં કોસ પચાસ.

જ્ઞાન એ અજાયબ ચીજ છે.

पीयूषमसमुद्रोत्थं, रसायनमनौषधम् ।
अनन्यापेक्षमैश्वर्यं, ज्ञानमाहुर्मनीषिणः ॥ २ ॥

ज्ञानसार.

શબ્દાર્થ—પંડિત પુરૂષોએ કહ્યું છે કે જ્ઞાન, સમુદ્રમાંથી નહિ ઉત્પન્ન કરેલું અમૃત છે, ઔષધપ્રયોગરહિત રસાયન છે અને અન્ય વસ્તુની અપેક્ષારહિત ઐશ્વર્ય છે.

વિવેચન—વસ્તુ સદ્ભાવને જાણનારા પંડિત પુરૂષો સમ્યગ્બોધ પરિણતિને સમુદ્રમાંથી નહિ ઉત્પન્ન કરેલું એવું અમૃત કહે છે, પ્રસિદ્ધ અમૃત સમુદ્રમંથન કરીને ઉત્પન્ન કરેલું છે. જ્ઞાનામૃત તેથી ભિન્ન છે અને વળી તે જ્ઞાન ઔષધપ્રયોગ વિના ઉત્પાદિત (ઉપજાવેલું) રસાયન છે, ધર્મરૂપી શરીરને વિષે સૌંદર્યની પુષ્ટિ તથા વૃદ્ધિ કરનાર તામ્ર ભસ્માદિ કરતાં બીજીજ

જાતના ઔષધરૂપ છે અને વળી હસ્તિ, અશ્વ, રથ, ધનાદિની અપેક્ષારહિત મહાન ઋદ્ધિવાળું સ્વામિત્વ પદ છે. ૨.

જ્ઞાનની ઉચ્ચ કોટિમાં ગણના.

उपजाति (३ थी ५).

ज्ञानं हि लोके परमं पवित्रं, निरामयाक्षिप्रतिमं जिनेशैः ।
प्रोक्तं च सिद्धान्तपरम्परायां, परम्परामोक्षसुदानदक्षम् ॥ ३ ॥

ખરેખર લોકમાં જ્ઞાન ઘણુંજ પવિત્ર છે અને ધર્મના સિદ્ધાંતની પરંપરામાં પરંપરાથી પ્રાપ્ત થતા મોક્ષના દાનમાં ચતુર (મોક્ષદાયી) છે તેથી શ્રીજિનેશ્વર ભગવાને નીરોગી નેત્રસમાન કહેલું છે. ૩.

તથા—

न ज्ञानतुल्यं भुवि किञ्चिदस्ति, हिताहितार्थप्रतिबोधदक्षम् ।
ज्ञानेन हीनो गदितो बुधेशैर्जनः पशुः पुच्छविषाणहीनः ॥ ४ ॥

પૃથ્વીમાં હિત અને અહિત અર્થને જણાવવામાં ચતુર જ્ઞાનસમાન બીજું કાંઇ નથી. કારણકે જ્ઞાનહીન પુરૂષને મહા વિદ્વાન પુરૂષોએ પૂંછડાં તથા શીંગડાંથી રહિત એવા પશુસમાન કહેલ છે. ૪.

જ્ઞાનીને મોક્ષ તરત મળેછે.

ज्ञानं सदाराधयतां जनानां, स्वयंवरेयं किल मुक्तिरामा ।
बोधोपदेशेन कटाक्षमालां, विमुञ्चति द्राक् परिणेतुमेषाम् ॥ ५ ॥

જ્ઞાનનું હમેશાં આરાધન કરનાર આ પુરૂષોની સાથે વિવાહ કરવાને પોતાની મેળે પરણવાવાળી આ મુક્તિ (મોક્ષ) રૂપી સ્ત્રી જ્ઞાનના ઉપદેશથી કટાક્ષની પંક્તિને એટલે એક પછી એક એમ કટાક્ષોને કરે છે એટલે જ્ઞાની મનુષ્યને મોક્ષ સત્વર પ્રાપ્ત થાય છે. ૫.

જ્ઞાનરૂપી ચિંતામણિ મેળવ્યાપછી શંખલાં વીણવાની જરૂર નથી.

इन्द्रवज्रा (६—७).

ज्ञानस्य लब्ध्वा विबुधा पृथिव्यां, स्वादं न वाञ्छन्ति रसं परं तु ।
हंसा हि लब्ध्वा खलु मुक्तमालां, खाद्यं न वाञ्छन्ति परं कदापि ॥ ६ ॥

વિદ્વાન્ પુરૂષો પૃથ્વીમાં જ્ઞાનના સ્વાદને પામીને અન્ય રસને ઇચ્છતા નથી. કારણકે હંસો નક્કી મુક્તા (મોતી) ની માળાને પામીને બીજા ખાવાના પદાર્થને કોઇ પણ દિવસ ઇચ્છતા નથી. ૬.

જ્ઞાનને ગુમાવવું એ કંગાલે લક્ષ્મીનો તિરસ્કાર કર્યા બરોબર છે.

लब्ध्वा हि मानुष्यभवं जना ये, जानन्ति न ज्ञानकलां कदापि ।
तेषामशेषा गदिता जिनेशैर्व्यर्थाः कलाः पापपुषः परा हि ॥ ७ ॥

જે પ્રાણીઓ નક્કી મનુષ્ય જન્મને પામીને કોઇ પણ દિવસ જ્ઞાનની કળાને જાણતા નથી તેની બીજી તમામ (વ્યાપારાદિ) કળાઓ શ્રીજિનેશ્વર ભગવાને વ્યર્થ કહેલી છે. કારણકે તે કળાઓ નક્કી પાપ કરીને પેટના પોષણ માત્રજ કાર્યને કરવાવાળી છે, માટે પુનર્જન્મમાં તેનો કાંઇ શુભ લાભ નથી પણ સામી દુઃખદ છે. ૭.

અમૃતકરતાં જ્ઞાનની શ્રેષ્ઠતા બતાવેછે.

उपजाति.

ज्ञानं जनानामपवर्गमार्गे, पाथेयरूपं गदितं जिनेशैः ।
भुक्त्वैकवेलं तदपीह भव्या, न वै सुधाक्षामशरीरभाजः ॥ ८ ॥

શ્રીજિનેશ્વર ભગવાને જ્ઞાનને મોક્ષ માર્ગમાં મનુષ્યોના ભાતારૂપ કહ્યું છે, તેથી જ્ઞાનરૂપી ભાતાનું એક વખત ભોજન કરનારા જીવો ભવ્ય બની જાય છે પરંતુ (અમૃત) થી પુષ્ટ શરીરવાળા દેવો ભવ્ય બની શકતા નથી. ૮.

જ્ઞાનનું બળ જણાવેછે.

उपजाति.

ज्ञानं च संसारसमुद्रतीरं, कषायदावानलदाहनीरम् ।
मोहारिसंहारसमीकवीरं, मायापिशाचीहनने सुधीरम् ॥ ९ ॥

જ્ઞાન તે સંસાર સમુદ્રના તીરરૂપ છે અને ચાર પ્રકારના (ક્રોધ, માન, માયા અને લોભરૂપી) કષાયરૂપ દાવાનળ (અગ્નિ) ને ઠારવામાં પાણીરૂપ છે. એટલે કષાયરૂપી મેલનો નાશ કરનાર છે અને મોહ (અજ્ઞાન) રૂપી શત્રુનો સંહાર કરવામાં રણસંગ્રામના વીર પુરૂષતુલ્ય છે તેમ માયારૂપી રાક્ષસીને હણવામાં મહાન્ ધીર પુરૂષતુલ્ય છે. ૯.

જ્ઞાનપ્રકાશની પ્રાપ્તિઆગળ સંસારી સુખની ઝાંખપ.

उपजाति (१०–११).

सङ्गीतगीतानि च गायकानां, विलासिनीनां विलसद्विलासाः ।
नृत्यज्ञसन्नर्तकनर्तनानि, ज्ञानस्य सौख्ये हि तृणोपमानि ॥ १० ॥

અવૈયા લોકોના સંગીતનાં ગીતો, વિલાસિની (વેશ્યા) સ્ત્રીઓના શોભાયમાન એવા વિલાસો (કામચેષ્ટાઓ) અને નૃત્યકળાને જાણનાર સુંદર નર્તક (નટ) લોકોના નાચો (નૃત્યો) આ બધા જ્ઞાનનાં સુખ આગળ ખરેખર તૃણબરોબર છે. ૧૦.

જ્ઞાનજ સર્વ ઠેકાણે ઉપયોગી છે.

बन्धुः परो योऽत्र विदेशगानां, धनं परं यो निजदेशगानाम् ।
मित्रं परं मुक्तिप्रदेशगानां, बोधं विबोधन्तु बुधास्तमेकम् ॥ ११ ॥

જે જ્ઞાન અત્ર વિદેશ (પરદેશ) ગયેલ મનુષ્યોનો બંધુ છે અને પોતાના દેશમાં રહેલા માનવોનું જે ઉત્તમ ધન છે, તેમ મુક્તિ (મોક્ષ) ના પ્રદેશમાં ગયેલા નરોનું ઉત્તમ મિત્રરૂપ છે તે એક જ્ઞાનનેજ વિદ્વાન્ પુરૂષો સંપાદન કરો. ૧૧.

જ્ઞાનજ સર્વ રીતે સહાય કરેછે.

इन्द्रवज्रा.

मोक्षप्रयाणे पृथुसार्थवाहः, प्रौढार्गला नारकपुःकपाटे ।
संसारपाथोनिधियानपात्रं, ज्ञानं जगत्यां गदितं जिनेन्द्रैः ॥ १२ ॥

જ્ઞાન તે મોક્ષના પ્રયાણમાં સાર્થવાહ (સાથે ચાલી સહાય કરનાર) રૂપ છે અને નરકપુરી (યમપુરી) ના કમાડને બંધ રાખવામાં મજબૂત ભોગળરૂપ છે એટલે નરકના દરવાજાને ખુલ્લો થવા દેતું નથી તેમ વળી શ્રીજિનેશ્વર ભગવાને જગતમાં જ્ઞાનનેજ સંસાર સમુદ્રના વહાણરૂપી કહેલું છે, એટલે સંસારરૂપી સમુદ્રમાંથી મનુષ્યોનો ઉદ્ધાર કરી મોક્ષપુરીમાં લઇ જનારૂં જ્ઞાનજ છે એમ કહ્યું છે. ૧૨.

જ્ઞાનનું બળ.

उपजाति.

कर्माणि गाढलगतानि तानि, नृणां सदानेकभवार्जितानि ।
ध्वंसं न यान्तीह तपोभिरुग्रैर्ज्ञानं क्षणात्तान्यपि सक्षिणोति ॥ १३ ॥

મનુષ્યોએ સદા અનેક જન્મોથી મેળવેલાં અને અત્યંત મજબૂતપણાને પામેલાં મનુષ્યોનાં કર્મો ઉગ્ર તપોથી પણ અહિં નાશ પામતાં નથી. પરંતુ જ્ઞાન તો ક્ષણ માત્રમાં તે (કર્મો) નો નાશ કરી નાખે છે. ૧૩.

જ્ઞાનતુલ્ય કોઇ પદાર્થ નથી.

इन्द्रवज्रा (१४ थी १८).

न ज्ञानतुल्यः किल कल्पवृक्षो, न ज्ञानतुल्या किल कामधेनुः ।
न ज्ञानतुल्यः किल कामकुम्भो, ज्ञानेन चिन्तामणिरप्यतुल्यः ॥१४॥

ખરેખર કલ્પવૃક્ષ પણ જ્ઞાનતુલ્ય નથી અને કામધેનુ (કામદુધા ગાય) પણ જ્ઞાનસમાન નથી, તેમ કામકુંભ (કામને એટલે ઇચ્છાઓને પૂર્ણ કરનાર એક જાતનો મંત્રિત ઘડો) પણ જ્ઞાનતુલ્ય નથી અને ચિંતામણિ નામનો મણિ પણ જ્ઞાનની સમાન નથી. ૧૪.

જે સુખ જ્ઞાની મનુષ્યોને થાયછે તે સુખ અલ્પઅંશે દેવતાઓને પણ થતું નથી.

सौख्यं हि ये ज्ञानरसे निमग्नाः, सर्वातिशायीह जना लभन्ते ।
वृन्दारका नैव तदेकदेशं, सत्यं समर्थाः प्रभवन्ति लब्धुम् ॥ १५ ॥

જ્ઞાનરૂપી રસમાં મગ્ન થયેલા જે મનુષ્યો અહિં લોકમાં સર્વોપરિ એવા જે સુખને પ્રાપ્ત થાયછે, તે સુખના એક દેશને સમર્થ એવા દેવતાઓ પણ ખરેખર પામવાને સમર્થ થઇ શકતા નથી. ૧૫.

જ્ઞાન ચાર પ્રકારના કષાયોનો નાશ કરેછે.

क्रोधाग्निनिर्वापणवारिवाहो, मानोग्रदन्तावलकेसरीशः ।
मायातमीध्वंसनचण्डभानुर्ज्ञानं हि लोभाम्बुधिकुम्भजातः ॥ १६ ॥

જ્ઞાન તે નક્કી ક્રોધરૂપી અગ્નિને શાંત કરવામાં મેઘતુલ્ય છે, માનરૂપી ઉગ્ર હાથીને હણવામાં કેસરી સિંહના સ્વામી (મહા કેસરી) તુલ્ય છે, માયારૂપી રાત્રિનો નાશ કરવામાં પ્રચંડ સૂર્યરૂપ છે અને લોભરૂપી સમુદ્રનું શોષણ કરવામાં અગસ્ત્યઋષિતુલ્ય છે. ૧૬.

જ્ઞાનવિના મોક્ષ નથીજ.

इच्छास्ति चेन्मुक्तिपदं प्रयातुमाराधनं ज्ञानपदस्य कुर्यात् ।
ज्ञानं विना नैव कदापि मोक्षो, नानाप्रकारैरपि मोक्षमार्गैः ॥ १७ ॥

જો મનુષ્યને મુક્તિ (મોક્ષ) પદને પામવાની ઇચ્છા હોય તો જ્ઞાનરૂપી પદનું આરાધન કરે. કારણકે નાના પ્રકારના મોક્ષના રસ્તા (જપ તપ આદિ) થી પણ જ્ઞાનવિના કોઇ પણ દિવસ મનુષ્યને મોક્ષની પ્રાપ્તિ થતી નથીજ. ૧૭.

જ્ઞાનની સત્તા સર્વોપરી છે.

पद्मालयाराधनपुण्डरीकः, कर्मेभसन्दारणपुण्डरीकः ।
संसाररोगव्रजपुण्डरीको, ज्ञानं कषायाटविपुण्डरीकः ॥ १८ ॥

જ્ઞાન લક્ષ્મીજીને પ્રસન્ન કરવામાં પુંડરીક નામના દિગ્ગજસમાન છે,* કુકર્મોરૂપી હાથીઓનો નાશ કરવામાં સિંહસમાન છે, સંસારરૂપી રોગનો નાશ કરવામાં પુંડરીક નામની ઔષધિતુલ્ય છે અને કષાયો (ક્રોધ, માન, માયા અને લોભ) રૂપી વનને બાળવામાં અગ્નિતુલ્ય છે. ૧૮.

જ્ઞાન એ મોક્ષદેશનું વિમાન છે.

उपजाति (१९–२०).

ज्ञानाख्ययानाधिगता जना ये, तेषां न दूरो ह्यपवर्गमार्गः ।
ज्ञानेन कर्माणि यतो निहत्य, जिनाः क्षणादेव गताश्च मोक्षम् ॥ १९ ॥

જે મનુષ્યો જ્ઞાનરૂપી વિમાનમાં બેઠેલા છે તેઓને મોક્ષનો માર્ગ દૂર નથી. કારણકે જિન મહાત્માઓ (તીર્થંકરો) જ્ઞાનથી કર્મોનો નાશ કરીને ક્ષણ માત્રમાંજ મોક્ષને પામ્યા છે. ૧૯.

જ્ઞાનથી ઉત્તરોત્તર મોક્ષ કહેછે.

ज्ञानान्वितो द्रव्यमुपार्जयन्ति, द्रव्यार्जनेनैव सुखीभवन्ति ।
सौख्येन धर्माचरणं चरन्ति, जनाः पुनर्मोक्षसखीभवन्ति ॥ २० ॥

(સંસારના વ્યવહાર માર્ગમાં) જ્ઞાનની પ્રાપ્તિથી લોકો ધનને મેળવે છે અને ધનોપાર્જન કરવાથી જગત્‌માં સુખી થાયછે અને સુખથી ધર્મનું આચરણ કરે અને તેથી મોક્ષના મિત્રરૂપ થાયછે અર્થાત્ મોક્ષને પામે છે. ૨૦.

---

* શ્રીલક્ષ્મીજીનું આરાધન દિશાના હાથીઓ કરે છે તે બાબત તેનાં સ્વરૂપોનું દર્શન કરતાં પણ જણાઇ આવે છે.

જ્ઞાન તે મુક્તિરૂપી સ્ત્રીનું ભૂષણ છે.

इन्द्रवज्रा (२१–२२).

मुक्तिस्त्रियोऽलङ्करणं परं हि, ज्ञानं प्रशस्यं गदितं जिनेशैः ।
तद्भूषणं ये भुवि दर्शयन्ति, तेभ्यो द्रुतं स्निह्यति मुक्तिरामा ॥ २१ ॥

શ્રીજિનેશ્વર ભગવન્તોએ જ્ઞાનને નક્કી મુક્તિરૂપી સ્ત્રીનું ઉત્તમ ઘરેણું કહેલું છે. માટે તે ભૂષણને જે લોકો ભૂમિમાં બતાવી રહ્યા છે તેઓ-ઉપર મુક્તિરૂપી સ્ત્રી સ્નેહ રાખે છે; અર્થાત્ તેઓ મરણાંતે જલદી મોક્ષ પામે છે. ૨૧.

જ્ઞાનપદની પૂજા કરનારને પણ મોક્ષ પ્રાપ્ત થાયછે.

कुर्वन्ति ये ज्ञानपदस्य पूजां, कुर्वन्ति ते तीर्थकरस्य गोत्रम् ।
पातो भवेज्ज्ञानविराधकानां, घोरे जनानां नरकस्य कूपे ॥ २२ ॥

જે મનુષ્યો જ્ઞાનપદની પૂજા કરેછે તેઓ શ્રીતીર્થંકર ગોત્રને બાંધેછે અને જ્ઞાનની વિરાધના કરનાર મનુષ્યોનો ઘોર નરકના કૂવામાં પાત થાયછે. ૨૨.

જ્ઞાનરૂપી દીપની ગેરહાજરીથી મહાહાનિ.

ज्ञानं विनान्धा भववारिराशौ, सदा निमज्जन्ति शरण्यहीनाः ।
ज्ञानाञ्जनैर्निर्मलनेत्रयुग्माः, प्रयान्ति संसारसमुद्रपारम् ॥ २३ ॥

જ્ઞાનવિનાના અંધ પુરૂષો આશ્રયથી હીન થઇને હમેશાં સંસારરૂપી સમુદ્રમાં ડૂબ્યા કરેછે અને જ્ઞાનરૂપી અંજનથી જેઓનાં બે નેત્રો નિર્મળ થયાં છે અર્થાત્ જેઓને સંપૂર્ણ જ્ઞાનની પ્રાપ્તિ થયેલી છે એવા મહાપુરૂષો સંસારરૂપી સમુદ્રના પારને પામે છે. ૨૩.

જ્ઞાનીને મોક્ષસુખ દૂર નથી.

जनोऽत्र यो ज्ञानरथाधिरूढो, महाव्रताख्ये पथि सम्प्रवृत्तः ।
दूरे न तस्येह कदापि लोके, लोकाग्रगेहं सुखसार्वभौमम् ॥ २४ ॥

અત્ર જે મનુષ્ય જ્ઞાનરૂપી રથમાં આરૂઢ થયો છે અને પાંચ પ્રકારના મહાવ્રતના માર્ગમાં પ્રવૃત્ત થયો છે; તે પુરૂષને આ લોકમાં કોઇ પણ દિવસ ચક્રવર્તીના સુખવાળું એવું જે મોક્ષધામ તે દૂર નથી. ૨૪.

પૃથ્વીમાં કોણ ભાગ્યશાળી? તેનો નિર્ણય.

इन्द्रवज्रा (२५ थी ३०).

ते श्राद्धवर्या भुवि भाग्यवन्ताश्चित्तेष्विति ज्ञानयुता बभूवुः ।
शास्त्रस्य पाठः श्रवणं च लोके, प्रोक्ते जिनैः शासनदीप्तयेऽत्र ॥ २५ ॥

જેઓ ચિત્તમાં આ પ્રમાણે જ્ઞાનવાળા થયેલા છે, શાસ્ત્રનો અભ્યાસ કરેછે અને લોકમાં શ્રીજિનેશ્વર ભગવાને જૈનશાસનને પ્રકાશ કરવાસારૂ કહેલા શાસ્ત્રમાં જેઓનું શ્રવણ છે તે શ્રાવકવર્યો પૃથ્વીમાં ભાગ્યશાળી છે. ૨૫.

શાસ્ત્ર (જ્ઞાન) નું રક્ષણ કોણ કરેછે? તેની સમજુતી.

शास्त्राणि जैनानि हि वाचयन्ति, ये श्रावकाः श्राद्धगुणप्रपन्नाः ।
सम्यक्त्वभूषापरिभूषिताङ्गाः, कुर्वन्ति ते शासनरक्षणं हि ॥ २६ ॥

શ્રદ્ધાના ગુણોથી યુક્ત એવા જે શ્રાવકો જિનધર્મસંબંધી શાસ્ત્રોને વાંચે છે અને જેનાં અંગો સમ્યકત્વરૂપી ભૂષણથી વિભૂષિત છે તે મહાશયો નક્કી જિનશાસનનું રક્ષણ કરેછે. ૨૬.

જ્ઞાન તેજ ખરૂં શાંતિજનક છે.

नानाप्रकारैः परितः पृथिव्यां, संसारतापैः परिवेदितानाम् ।
ज्ञानं जनानां सुखशान्तिहेतुर्धाराधरो धूर्यतरो धरायाम् ॥ २७ ॥

જેમ પૃથ્વીમાં મનુષ્યોને સુખ શાંતિનું કારણ ધુરંધર મેઘ છે તેમ પૃથ્વીમાં ભિન્ન ભિન્ન પ્રકારના સંસારના તાપોથી ચોતરફ પીડાને પ્રાપ્ત થયેલાં મનુષ્યોને સુખ તથા શાંતિનું કારણ જ્ઞાનજ છે. ૨૭.

જ્ઞાનપ્રભાવ.

ज्ञानं भवारण्यदवानलाभं, मुक्त्यङ्गनाकोमलपाणिलाभम् ।
क्रोधोग्रमायाजलदानिलाभं, कर्मोग्रवह्नेः शमने जलाभम् ॥ २८ ॥

જ્ઞાન તે સંસારરૂપી વનને બાળવામાં દાવાનલતુલ્ય છે અને મુક્તિરૂપી સ્ત્રીના કોમળ હસ્ત (હાથ) ના લાભને આપનાર છે. તેમ ક્રોધ, ઉગ્ર એવી માયા તેરૂપી વર્ષાદને પવનતુલ્ય છે અર્થાત્ પવન જેમ વર્ષાદના સમૂહને ક્ષણ માત્રમાં દૂર ફેંકી દેછે તેવી રીતે ક્રોધ વિગેરેને દૂર ફેંકનાર છે તથા કુકર્મો-

રૂપી ભયંકર અગ્નિને શાંત કરવામાં પાણી જેવું છે. એટલે અગ્નિ જેમ પાણીથી શાંત થઇ જાય છે તેમ કર્મસમૂહ જ્ઞાનથી શાંત થઇ જાય છે. ૨૮.

જ્ઞાનનું પરાક્રમ.

ज्ञानं हृषीकोग्रतुरङ्गमाणां, चापल्यभाजां खलिनं खलानाम् ।
ज्ञानं कषायद्विरदव्रजानां, तीर्थङ्करेशैः सृणितुल्यमुक्तम् ॥ २९ ॥

જ્ઞાન તે નીચ અને ચપલ એવા ઇન્દ્રિયોરૂપી ઘોડાઓને ચોકડારૂપ છે અને કષાયો (ક્રોધ, માન, માયા અને લોભ) રૂપી હાથીઓના સમૂહોને (નિયમમાં રાખવાસારૂ) અંકુશતુલ્ય છે એમ શ્રીતીર્થંકર ભગવાનોએ કહ્યું છે. ૨૯.

જ્ઞાન ખરૂં વિમાન છે.

ज्ञानं हि यानं त्वपवर्गमार्गे, क्रोधादिघाटीनिवहैरभेद्यम् ।
आरूढवन्तोऽत्र जनाः प्रयाता, मुक्तिस्त्रियो रम्यविलासगेहम् ॥ ३० ॥

જ્ઞાન નક્કી મોક્ષમાર્ગમાં વિમાનરૂપ છે અને તે ક્રોધાદિરૂપ શત્રુઓની ધાડના સમૂહથી ભેદાય તેવું નથી, એવા જ્ઞાનરૂપી વિમાનમાં જે લોકો ચડયા છે તેઓ મુક્તિરૂપી સ્ત્રીના સુંદર વિલાસગૃહમાં પહોંચીજ ગયા છે. અર્થાત્ મોક્ષને પામ્યા છે. ૩૦,

જ્ઞાનની પ્રાપ્તિ એ મુક્તિ.

उपजाति.

सरस्सु तेषूद्भवमार्गखिन्ना, ज्ञानाम्बु पीत्वा भुवि भव्यलोकाः ।
विधूय खेदं भवमार्गजातं, गच्छन्ति तूर्णं पदमच्युताख्यम् ॥ ३१ ॥

પૃથ્વીમાં સંસારના માર્ગથી ખેદને પામેલા ઉત્તમ લોકો તે જ્ઞાનના સાધનરૂપ (પુસ્તક વિગેરે) તળાવોમાં જ્ઞાનરૂપી પાણીનું પાન કરીને સંસારના માર્ગના પરિશ્રમથી ઉત્પન્ન થયેલા ખેદનો ત્યાગ કરીને તરત નાશરહિત એવા મોક્ષપદને પ્રાપ્ત થાયછે. ૩૧.

હવામાં જેમ કપૂર અદૃશ્ય થાયછે તેમ જ્ઞાન આગળ સંસાર અદૃશ્ય થાયછે.

इन्द्रवज्रा.

ज्ञानार्णवे येऽत्र कृतप्रयत्नाः, स्याद्वादभङ्गीप्रवरोर्मिजाले ।
तेषां भवाब्धिश्चुलुकोपमो हि, ज्ञातो जिनैर्जङ्गमतीर्थरूपैः ॥ ३२ ॥

ઉત્તમ સ્યાદ્વાદભંગીરૂપી લહેરોના સમૂહયુક્ત એવા જ્ઞાનરૂપી સમુદ્રમાં આલોકમાં જેઓએ પ્રયત્ન કરેલ છે અર્થાત્ ઉત્તમ પ્રકારનું જ્ઞાન મેળવેલ છે એવા તે પુરૂષોને સંસારરૂપી સાગર નક્કી એક ખાબોચીયાસમાન થાયછે એમ જંગમ તીર્થરૂપ એવા શ્રીજિનેશ્વર ભગવાનોએ જણાવ્યું છે. ૩૨.

જ્ઞાનરસ આગળ અન્ય રસો નકામા છે.

उपजाति.

सुधा सुधा याति रसप्रयुक्ता, सा शर्करा कर्करवद्विभाति ।
द्राक्षा क्षयत्वं क्षणतः प्रयाति, प्राप्ते सति ज्ञानरसप्रवाहे ॥ ३३ ॥

જીવને જ્ઞાનરૂપી રસનો પ્રવાહ પ્રાપ્ત થતાં ક્ષણ માત્રમાં અતિ રસયુક્ત એવું જે અમૃત તે વૃથા (ફોગટ) થઇ જાયછે અને સાકર કાંકરાતુલ્ય ભાસેછે, તેમ દ્રાક્ષ ક્ષયપણાને પ્રાપ્ત થાય છે. ૩૩.

જ્ઞાનથી તેજોમય બ્રહ્મનું દર્શન થાયછે.

इन्द्रवज्रा.

ज्ञानाख्यसूर्यस्य महाप्रभावादज्ञानतामिस्रकदम्बकानि ।
नाशं प्रयान्ति त्ववनिस्थितानां, ज्योतिः परं च प्रकटत्वमेति ॥ ३४ ॥

જ્ઞાનરૂપી સૂર્યના મહાન્ પ્રભાવથી મનુષ્યોના અજ્ઞાનરૂપી અંધારાના સમૂહો નાશ પામી જાય છે અને પરબ્રહ્મરૂપી તેજ પ્રસિદ્ધપણાને પામે છે, એટલે અન્તઃકરણમાં બ્રહ્મદર્શન થાયછે. ૩૪.

જ્ઞાની પુરૂષોને સંસારરૂપી સૂર્યનો તાપ પીડા કરતો નથી.

उपजाति.

भवार्कतापैः परितापितानां, ज्ञानं जनानां जलयन्त्रतुल्यम् ।
यत्प्राप्य नैवानुभवन्ति तापं, नाना प्रकारं भवयोनिभूतम् ॥ ३५ ॥

સંસારરૂપી સૂર્યના તાપથી તપાયમાન થયેલા મનુષ્યોને જ્ઞાન તે ફુવારા-તુલ્ય છે કે જે ફુવારાને પામીને સંસારમાં જન્મવાથી ઉત્પન્ન થયેલા નાના (ભિન્ન ભિન્ન) પ્રકારના તાપને લોકો અનુભવતા નથી. અર્થાત્ કે જ્ઞાનીઓને સંસારનો તાપ તપાવી શકતો નથી. ૩૫.

જ્ઞાન મોક્ષદાન કરનારૂં છે.

उपेन्द्रवज्रा.

संसाररम्भाद्दलने द्विपेन्द्रः, कीर्त्तौ सुभंभावरनादतुल्यम् ।

ज्ञानं हि दम्भाग्निशमे जलौघं, मुक्तिस्त्रियो वै वरमालिकाभम् ॥ ३६ ॥

જ્ઞાન તે સંસારરૂપી કેળનો નાશ કરવામાં હાથીરૂપ છે અને કીર્ત્તિને પ્રસિદ્ધ કરવામાં સુંદર ભંભા નામના ઉત્તમ વાજીત્રના શ્રેષ્ઠ નાદતુલ્ય છે અને દંભરૂપી અગ્નિને શાંત કરવામાં જળના સમૂહસમાન છે તેમ પરિણામે મુક્તિરૂપી સ્ત્રીને વરવાની વરમાળાતુલ્ય છે અર્થાત્ જ્ઞાન મોક્ષસુખ આપવાવાળું છે. ૩૬.

પુનઃ કષાયોનું મર્દન કરવાનું ભિન્ન સ્વરૂપોથી સમજાવેછે.

क्रोधादिदंशे मणिमन्त्रतुल्यं, ज्ञानं हि मानाख्यनगेन्द्रवज्रम् ।

मायाख्यवल्ल्यां कठिनं कुठारं, लोभाम्बुधौ वाडववह्नितुल्यम् ॥३७॥

નક્કી જ્ઞાન તે ક્રોધરૂપી સર્પના દંશ (કરડ) માં એટલે તેના ઝેરને ઉતારવામાં મણિ તથા મંત્રસમાન છે અને માન (અભિમાન) રૂપી મહાન્ પર્વતને તોડવામાં ઇન્દ્રના વજ્રતુલ્ય, તેમ માયારૂપી વેલને કાપવામાં કઠિન કુવાડા બરોબર તથા લોભરૂપી સમુદ્રનું શોષણ કરવામાં વાડવાગ્નિસમાન છે.

સારાંશ—માન, માયા, ક્રોધ અને લોભ એ ચાર કષાયો જ્ઞાનથી દૂર ચાલ્યા જાય છે. ૩૭.

જ્ઞાન તે મોક્ષ મેળવવાનું ઉત્તમ સાધન છે.

उपजाति (३८ थी ४८).

ज्ञानं हि रूपं परमं पवित्रं, शरीरिणां सङ्गदितं जिनेशैः ।

येन प्रपन्ना भुवि जन्मभाजो, मुक्तिस्त्रियो वल्लभतां प्रयान्ति ॥ ३८ ॥

ખરેખર જ્ઞાન શ્રીજિનેશ્વર ભગવાનોએ દેહધારી પ્રાણીઓને (ઉદ્ધાર કરવામાં) પરમ પવિત્રરૂપ કહેલું છે, કારણકે જે જ્ઞાનથી યુક્ત એવા પૃથ્વીમાંના મનુષ્યો મુક્તિરૂપી સ્ત્રીના પ્રિયપણાને પામે છે, એટલે મોક્ષને પામે છે. ૩૮.

જ્ઞાની પુરૂષને સંપત્તિ પણ પ્રાપ્ત થાયછે.

न ज्ञानतुल्यं किल भूषणं हि, यत्प्राप्य लोकाः सुखिनो भवन्ति ।

स्वयंवरा वेह च ते प्रयान्ति, तल्लब्धलक्षाः किल सम्पदोऽपि ॥ ३९ ॥

નક્કી જ્ઞાનતુલ્ય બીજું ઘરેણું નથી કે જે જ્ઞાનરૂપી ભૂષણને પામીને લોકો સુખી થાયછે એટલે તે લોકો પોતાની મેળે પ્રાપ્ત થયેલી સર્વ સંપદાને પણ આ લોકમાં મેળવે છે કારણકે તે સંપત્તિઓનું ધ્યાન પણ તેના ઉપર ખેંચાય છે એટલે જ્ઞાની પુરૂષને સંપત્તિની પણ પ્રાપ્તિ થાય છે. ૩૯.

જ્ઞાનથી ભવભય તથા તેના મુળરૂપ અજ્ઞાનનો નાશ થાયછે.

ये ज्ञानदण्डेन विमण्डिताङ्गाः, स्खलन्ति ते नैव भवाटवीषु ।
ये ज्ञानभानुं च समाश्रयन्ति, तेभ्यस्तमो दूरतरं प्रयाति ॥ ४० ॥

જેઓ જ્ઞાનરૂપી દંડથી સુશોભિત અંગવાળા છે અર્થાત્ જ્ઞાનશીલ પુરૂષો છે તેઓ સંસારરૂપી જંગલમાં ઠેંસો ખાતા નથી અને જેઓ જ્ઞાનરૂપી સૂર્યનો આશ્રય કરેછે, તે પુરૂષોથી અંધારૂં (અજ્ઞાન) બહુજ દૂર પલાયન કરી જાયછે. અર્થાત્ અજ્ઞાન રહેતું નથી. ૪૦.

જ્ઞાનપ્રકાશની સત્તા.

ज्ञानप्रदीपे शलभीभवन्ति, कषायवृन्दानि सदा जनानाम् ।
ज्ञानप्रदीपे परिभासयन्ति, जगन्ति हस्तामलकेङ्गितानि ॥ ४१ ॥

ज्ञानशतक—हीरालाल हंसराज कृत.

જ્ઞાનરૂપી દીવામાં મનુષ્યોના કષાયો (ક્રોધ, માન, માયા અને લોભ) ના સમૂહો પતંગીઆતુલ્ય થઇ જાય છે અર્થાત્ કષાયરૂપી પતંગીઆઓ દગ્ધ થઇ જાય છે એટલુંજ નહિ પરંતુ જ્ઞાનરૂપી દીવો થતાં હાથમાં રહેલા આમળાંનાં ફળતુલ્ય ચેષ્ટાવાળાં સમસ્ત જગત્ (લોકો) ભાસમાન થાય છે એટલે હાથમાં રહેલું આમળાનું ફળ જેમ યથાર્થ જોઇ શકાય છે તેમ જ્ઞાનરૂપી દીવો થતાં સમસ્ત જગતો ભાસમાન થાય છે એટલે સર્વ લોકાલોકનું જ્ઞાન થાય છે. ૪૧.

અર્થજ્ઞ પુરૂષોએ જ્ઞાનનેજ ઇચ્છયું છે.

रत्नत्रयीं रक्षति येन जीवो, विरज्यतेऽत्यन्तशरीरसौख्यात् ।
रुणद्धि पापं कुरुते विशुद्धिं, ज्ञानं तदिष्टं सकलार्थविद्भिः ॥ ४२ ॥

જીવ જે (જ્ઞાનપ્રકાશ) વડે જ્ઞાન, દર્શન અને ચારિત્ર એ ત્રણે રત્નનું રક્ષણ કરેછે અને (ખોટા) અત્યંત સંસારીસુખમાંથી મોક્ળો થાયછે. વળી પાપને રોકી મૂકે છે એટલે તેનો નાશ કરે છે અને ચિત્તની શુદ્ધિ (પવિત્રતા) ને કરેછે, તે જ્ઞાનનેજ સર્વ અર્થ (ધર્મ, અર્થ, કામ અને મોક્ષ) ને જાણનાર પુરૂષોએ ઇચ્છયું છે. ૪૨.

અકલિત જ્ઞાનરૂપી હીરો.

चौरादिदायादतनूजभूपैरहार्यमर्च्यं सकलेऽपि लोके ।
धनं परेषां नयनैरदृश्यं, ज्ञानं नरा धन्यतमा वहन्ति ॥ ४३ ॥

જ્ઞાન ચોર વિગેરેથી ચોરી શકાતું નથી, તેમ ભાઇઓ તેમાં ભાગ પડાવી શકતા નથી, તેમ પુત્રો વારસો મેળવવામાં તેની તકરાર લાવતા નથી અને રાજાઓ દંડના કાર્યમાં તે જ્ઞાનરૂપી ધનનું ગ્રહણ કરી શકતા નથી, એટલે ઉપરના લોકોથી જ્ઞાન કોઇ રીતે લઇ શકાય તેમ નથી. વળી તે (જ્ઞાનરૂપી) ધન સમગ્ર જગત્‌માં પણ વખાણવાને યોગ્ય છે (પૂજવા યોગ્ય છે) અને દુશ્મનોનાં નેત્રોથી પણ તે ધન જોઇ શકાતું નથી ત્યારે હરણ તો ક્યાંથી જ થઇ શકે? માટે ભાગ્યશાળી પુરૂષોજ જ્ઞાનરૂપી ધનનું ગ્રહણ કરે છે. ૪૩.

જ્ઞાન માનવોનું શું શું હિત કરતું નથી?

तमो धुनीते कुरुते प्रकाशं, शमं विधत्ते विनिहन्ति कोपम् ।
तनोति धर्मं विधुनोति पापं, ज्ञानं न किं किं कुरुते नराणाम् ॥ ४४ ॥

જ્ઞાન અંતઃકરણના (અજ્ઞાનરૂપી) અંધકારનો નાશ કરેછે, ચિત્તમાં પ્રકાશ કરે છે, શાંતિ કરે છે, ગુસ્સાનો નાશ કરે છે, ધર્મનો વિસ્તાર કરે છે તથા અધર્મનો નાશ કરે છે. આમ જ્ઞાન મનુષ્યોનું શું શું હિત કરી શકતું નથી? અર્થાત્ સર્વ પ્રકારનું હિત કરે છે. ૪૪.

જ્ઞાનથીજ સર્વ પાપનો ક્ષય થાયછે.

यथा यथा ज्ञानबलेन जीवो, जानाति तत्त्वं जिननाथदृष्टम् ।
तथा तथा धर्ममतिप्रसक्तः, प्रजायते पापविनाशशक्तः ॥ ४५ ॥

મનુષ્ય જેમ જેમ જ્ઞાનના બળથી શ્રીજિનેશ્વર ભગવાનથી જોવાયેલા (કહેવાયેલા) તત્ત્વને જાણે છે તેમ તેમ ધર્મવાળી બુદ્ધિમાં આસક્ત થઇ સર્વ પાપોના વિનાશમાં શક્તિમાન્ થાય છે, એટલે પોતાના સમગ્ર મહાન્ પાપોનો નાશ કરી નાખે છે. ૪૫.

જ્ઞાનરૂપ અંકુશવિના મનરૂપી હાથી નિયમમાં રાખી શકાતો નથી.

शक्यो विजेतुं न मनःकरीन्द्रो, गन्तुं प्रवृत्तः प्रविहाय मार्गम् ।
ज्ञानाङ्कुशेनात्र विना मनुष्यैर्विनाङ्कुशं मत्तमहाकरीव ॥ ४६ ॥

જેમ અંકુશવિના મહોન્મત્ત હાથી નિયમમાં રાખી શકાતો નથી તેમજ અહિં માર્ગ છોડીને કુમાર્ગે ચાલવાવાળો મનરૂપી મહાન્ હાથી જ્ઞાનરૂપી અંકુશવિના મનુષ્યોથી વશ કરી શકાય તેમ નથી. ૪૬.

જ્ઞાન મનુષ્યનું ત્રીજું નેત્ર છે.

ज्ञानं तृतीयं पुरुषस्य नेत्रं, समस्ततत्त्वार्थविलोकदक्षम् ।
तेजोऽनपेक्ष्यं विगतान्तरायं, प्रवृत्तिमत्सर्वजगत्त्रयेऽपि ॥ ४७ ॥

સમગ્ર તત્ત્વોના અર્થને બતાવવામાં ચતુર, તેજોમય, વળી જેને બીજા તેજની અપેક્ષા નથી, વિઘ્નરહિત, તેમ ત્રણ જગત્ (સ્વર્ગ, મૃત્યુ અને પાતળ) માં પણ પ્રવૃત્તિવાળું એટલે સમસ્ત પદાર્થને જાણવાવાળું જ્ઞાન તે પુરૂષનું ત્રીજું નેત્ર છે. ૪૭.

જ્ઞાનહીન મનુષ્ય કેવળ પશુજ છે.

धर्मार्थकामव्यवहारशून्यो, विनष्टनिश्शेषविचारबुद्धिः ।
रात्रिंदिवं भक्षणसक्तचित्तो, ज्ञानेन हीनः पशुरेव शुद्धः ॥ ४८ ॥

सुभाषितरत्नसन्दोह.

ધર્મ, અર્થ, કામ અને વ્યવહારથી પણ શૂન્ય, તેમ જેનામાં સમગ્ર વસ્તુનો વિચાર કરવાની બુદ્ધિનાશ પામી છે અને રાત્રિદિવસ ભક્ષણ (આહાર) માં જેનું ચિત્ત આસક્ત થઇ ગયું છે એવી રીતે જે મનુષ્ય જ્ઞાનથી રહિત છે તે શુદ્ધ (ચોખ્ખો) પશુજ છે. ૪૮.

જ્ઞાન સર્વ કલ્યાણનું આદિ કારણ છે.

शार्दूलविक्रीडित (४९–५०).

ज्ञानं स्यात्कुमतान्धकारतरणिर्ज्ञानं जगल्लोचनं,
ज्ञानं नीतितरङ्गिणीकुलगिरिर्ज्ञानं कषायापहम् ।
ज्ञानं निर्वृतिवश्यमन्त्रममलं ज्ञानं मनःपावनं,
ज्ञानं स्वर्गगतिप्रयाणपटहं ज्ञानं निदानं श्रियः ॥ ४९ ॥

જ્ઞાન કુત્સિત (જૂઠા) મતરૂપી અંધકારનો નાશ કરવામાં સૂર્યસમાન છે, જ્ઞાન સમગ્ર જગત્નું નેત્ર છે, જ્ઞાન નીતિરૂપી નદીનું ઉત્પત્તિસ્થાન એવા મેરૂપર્વતરૂપ છે અને જ્ઞાન કષાય (ક્રોધ, માન, માયા અને લોભ) નો નાશ કરનારૂં છે, જ્ઞાન આનંદને વશ કરવામાં મંત્રરૂપ છે અને જ્ઞાન પોતે નિર્મળ

છે તથા મનને પવિત્ર કરનારૂં છે, જ્ઞાન સ્વર્ગમાં જવા વખતે મંગળપટહ (વાજીત્ર) છે અને જ્ઞાન લક્ષ્મીનું આદિ કારણ છે.

સારાંશ—જ્ઞાનથી પાખંડ ધર્મનો નાશ, સર્વપ્રકાશ, નીતિની પ્રાપ્તિ, કષાયનો ભંગ, શાંતિ, મનની શુદ્ધિ, સ્વર્ગની પ્રાપ્તિ અને લક્ષ્મીનો નિવાસ થાયછે. ૪૯.

જ્ઞાનનું પ્રાબલ્ય સર્વોપરિ છે.

ज्ञानं कर्ममहीध्रभेदकुलिशं शंसन्ति मोहापहं,
ज्ञानं भूषणमङ्गिनां वरधनं ज्ञानं जगद्दीपनम् ।
एतत्तत्त्वमतत्त्वमेतदपरं ज्ञानेन विज्ञायते,
लोकालोकविलोकनैकपटवः स्युर्ज्ञानदानाज्जनाः ॥ ५० ॥

सूक्तिमुक्तावली.

જ્ઞાન તે કર્મોરૂપી પર્વતોને ભેદવામાં ઇંદ્રના વજ્રતુલ્ય છે અને અજ્ઞાનનો નાશ કરનાર છે એમ મહાત્માઓ કહેછે, જ્ઞાન તે દેહધારી માનવોનું ઉત્તમ ધન તથા ભૂષણ છે, જ્ઞાન આખા જગત્‌ને દીપાવનાર છે, આ તત્ત્વ આ અતત્ત્વ, આ તત્ત્વાતત્ત્વ, આ બધું જ્ઞાનથી જણાય છે અને મનુષ્યો જ્ઞાનનાં દાનથી લોકાલોકને જોવામાં એક ચતુર થઇ જાય છે, એટલે સર્વજ્ઞપણું પણ જ્ઞાનથી પ્રાપ્ત થાયછે.

સારાંશ—જ્ઞાનથી કર્મની હાનિ, મોહનો નાશ, શરીરનો શણગાર, જગત્‌માં શોભા, સત્ તથા અસત્ વસ્તુનો વિવેક અને સર્વજ્ઞત્વની પ્રાપ્તિ થાય છે. એટલુંજ નહિ પણ જ્ઞાનદાન કરવાથી મનુષ્યો સર્વ રીતે કુશળતા મેળવે છે. ૫૦.

જ્ઞાન મેળવવાની ખાસ જરૂર.

સવૈયા.

ચરણ કરણ માંહે જે અતિ રાતા, નવી સ્વ સમય સંભાળેજી;
નિજપર સમય વિવેક કરી નવી, આત્મતત્ત્વ નિહાળેજી;
સંમતિ માંહે કહ્યું તિણ ન લહ્યું, ચરણ કરણનો સારોજી;
તેમાટે એ જ્ઞાન અભ્યાસો, એહજ ચિત્ત દઢ ધારોજી. ૫૧

જૈનકથા રત્નકોષ—ભાગ પાંચમો.

જ્ઞાનની ખામીને લીધે કઢંગી સ્થિતિ.

*જ્ઞાનહીન મનુષ્ય ઘોડાની પૂંછડી પકડીને આખે રસ્તે લાત ખાતો

* સ્વામી રામતીર્થ.

ખાતો જાયછે અને જ્ઞાનવાન્ મનુષ્ય ઘોડાની પીઠપર સ્વાર થઇ જઇને આનંદ તથા સુખની સાથે મોજ કરતો માર્ગ કાપેછે.

સૂર્ય, ચંદ્ર અને દીપવિના જેમ જગત્નો વ્યવહાર ચાલતો નથી તેમ જ્ઞાન (દરેક વસ્તુનું સાક્ષાત્ ભાન) વિના પણ સર્વશ્રમ નિરર્થક છે એટલે શુદ્ધ જન્મ મેળવ્યા છતાં પણ જ્ઞાનનું સંપાદન ન થયું હોય તો જીવને સંસારમાં જન્મમરણનું ચક્ર ભોગવવુંજ પડે છે તેથી જ્ઞાન મેળવવાની ખાસ જરૂર છે. એ સમજાવી જ્ઞાનના પેટા ભાગતરીકે જ્ઞાનદાન લેવાની જરૂર ધારી આ જ્ઞાન અધિકાર પૂર્ણ કર્યો છે.

ज्ञानदान–अधिकार

"જ્ઞાન" જાણવું, તેના પણ ઘણા ભેદ થઇ શકે. લૌકિક અલૌકિક બન્ને જાતના પદાર્થોનું જ્ઞાન દરેક મનુષ્ય પ્રાણીને હોવું જોઇએ. કારણકે પશુ વિગેરે યોનિના પ્રાણીઓમાં તેવી ગ્રહણશક્તિ નથી, જેથી મનુષ્ય વત્ તેઓને જ્ઞાન આપી શકાય નહિ, પરંતુ મનુષ્ય વ્યક્તિ તો સર્વ પ્રકારના જ્ઞાનને પ્રાપ્ત થઇ શકેછે. કારણકે તેમાં તેવી બીજરૂપે શક્તિઓ રહેલ છે એટલે જેમાં બીજરૂપે જે શક્તિ છે તેને ખીલવવી–કેળવવી એ જ્ઞાનનું સ્વરૂપ છે. વટના સ્વલ્પ બીજમાં મહાન્ વટ હોવાની શક્તિ છે તો તે મહાન્ થઇ શકેછે; પરંતુ તેથી મ્હોટા વટાણા ભીંડા વિગેરેના બીજોમાંથી વટ જેવાં મોહોટાં વૃક્ષો થઇ શકતાં નથી. હવે બીજમાં વટની માફક વટરૂપે થવાની શક્તિ છે; પરંતુ તેને ખીલવવામાં ન આવે તો તે શક્તિ નષ્ટતુલ્ય છે તેમ મનુષ્ય વ્યક્તિમાં જે શક્તિ છે તેને પણ ખીલવવામાં ન આવે તો તે નષ્ટપ્રાય છે. માટે જ્ઞાનશક્તિને ખીલવવી એજ મુખ્ય કર્તવ્ય છે અને તેથી આલોક તથા પરલોક બન્ને લોકોના સુખની પ્રાપ્તિ થાયછે. અર્થાત્ જીવ મોક્ષગામી થઇ શકેછે જેથી બીજા પરિશ્રમોને છોડી જ્ઞાનદાનનાં કાર્યોમાં યત્ન કરવામાં આવે તો તેથી હજારો બલકે લાખો મનુષ્યોનો ઉદ્ધાર થવા સંભવ છે. માટે વિદ્વાનોએ વિદ્યા (જ્ઞાન) દાનમાં પરાયણ રહેવું. તે બાબતનું સમર્થન કરવામાટે અત્ર લંબાણ ન કરતાં ઉક્ત પ્રકરણનો અધિકાર શરૂ કરવાની જરૂરીઆત માની છે.

સર્વ દાનો કરતાં જ્ઞાનદાન ઉત્તમ છે.

इन्द्रवज्रा (१ थी ४).

ज्ञानस्य दानं खलु वित्तदानं, ज्ञानस्य दानं खलु भोज्यदानम् ।
ज्ञानस्य दानं खलु सौख्यदानं, ज्ञानस्य दानं ह्यभयप्रदानम् ॥ १ ॥

જ્ઞાનનું દાન તેજ ખરૂં ધનદાન છે, જ્ઞાનનું દાનજ સાચું ભોજનદાન છે, જ્ઞાનનું દાનજ સત્ય સુખને આપનાર (સુખદાન) છે અને નક્કી જ્ઞાનદાન તેજ અભયદાન છે. ૧.

તથા—

ज्ञानस्य दानं किल पात्रदानं, ज्ञानस्य दानं किल नाकदानम् ।
ज्ञानस्य दानं किल मोक्षदानं, ज्ञाने हि तानीह समाविशन्ति ॥ २ ॥

જ્ઞાનનું દાનજ સુપાત્રદાન છે, જ્ઞાનનું દાનજ સ્વર્ગ લોકનું દાન છે, જ્ઞાનનું દાનજ મોક્ષદાન છે, કારણ કે તે બધાં દાનો આ જ્ઞાનદાનમાં સમાવેશને પામે છે એટલે જ્ઞાનદાનમાં તે સમગ્ર દાનોનો સમાવેશ થઇ જાય છે. ૨.

જ્ઞાન એ તીર્થંકરના પ્રતિનિધિ (મૂર્ત્તિ) રૂપ છે.

तीर्थङ्कराणामधुना त्वभावे, ज्ञानं हि संसारसमुद्रयानम् ।
पूजां यथाशक्ति ततश्च तस्य, कुर्वन्तु दत्त्वा पठतां सहायम् ॥ ३ ॥

હમણાં તો તીર્થંકર ભગવાનોના અભાવમાં જ્ઞાનજ સંસારરૂપી સમુદ્રમાં વહાણતુલ્ય છે. તેથી જ્ઞાન મેળવતા (વિદ્યાર્થી) જનોને મદદ આપીને તે જ્ઞાનની યથાશક્તિ પૂજા કરો. ૩.

જ્ઞાનની સેવા તથા તેનું અપમાન કરવાથી થતું ફળ.

कुर्वन्ति ये ज्ञानपदस्य पूजां, बध्नन्ति ते तीर्थकरस्य गोत्रम् ।
पातो भवेज्ज्ञानविरोधकानां, घोरे जनानां नरकस्य कूपे ॥ ४ ॥

જે ધર્મધારી પુરૂષો જ્ઞાનપદ (વિદ્યાલય) નો ધનાદિથી સત્કાર કરે છે, તેઓ તીર્થંકર ગોત્રનું ઉપાર્જન કરે છે અને જ્ઞાનના વિરોધી એવા પાપી પુરૂષોનો ઘોર એવા નરકના કૂવામાં પાત થાય છે. ૪.

જ્ઞાનદાન કરનાર પુરૂષોને ધન્ય છે.

उपजाति.

विचित्रकर्मक्षयहेतुभूतं, श्रीशासनस्योन्नतिदानरूपम् ।
सर्वेषु दानेषु नृपोपदानं, श्रीज्ञानदानं रचयन्ति धन्याः ॥ ५ ॥

વિચિત્ર પ્રકારનાં કર્મોના નાશના કારણરૂપ એટલે જે જ્ઞાનદાન જૂદી જૂદી જાતનાં પાપ કર્મોનો નાશ કરનાર છે અને જે શ્રીજૈનશાસનની ઉન્નતિના દાનરૂપ છે અને સર્વ દાનોમાં જે રાજારૂપ એટલે જેમ મનુષ્યોમાં રાજા શ્રેષ્ઠ છે તેમ સર્વદાનોમાં આ જ્ઞાનદાન શ્રેષ્ઠ છે એવા જ્ઞાનદાનને જેઓ આપે છે તે પુરૂષોજ સાચા ધન્ય છે—અર્થાત્ ધન્યવાદને પાત્ર છે. ૫.

કલ્પસૂત્રનું માહાત્મ્ય.

उपेन्द्रवज्रा.

विलेख्य कल्पं विधिना श्रुतस्य, विधाय पूजां शुभधीः शृणोति ।
कृतोपवासो हृदि शुद्धभावो, भवे तृतीये लभते भवान्तम् ॥ ६ ॥

શ્રીકલ્પસૂત્રને વિધિ પ્રમાણે લખીને અથવા લખાવીને તે શાસ્ત્રની પૂજા કરીને ઉપવાસ સહિત હૃદયમાં શુદ્ધ ભાવવાળો અને શુભ બુદ્ધિવાળો (થઇને) જે પુરૂષ તે શાસ્ત્રનું શ્રવણ કરેછે, તે પુરૂષ ત્રીજા જન્મમાં મોક્ષ પામે છે. ૬.

શુભ શાસ્ત્રનું પવિત્રપણું.

उपजाति.

न ते नरा दुर्गतिमाप्नुवन्ति, न मूकतां नैव जडस्वभावम् ।
नैवान्धतां बुद्धिविहीनतां च, ये लेखयन्त्यागमपुस्तकानि ॥ ७ ॥

જે ધર્મયુક્ત મનુષ્યો ધર્મનાં પુસ્તકોને લખાવે છે તે દુર્ગતિને પામતા નથી, મૂંગા થતા નથી, જડ સ્વભાવને, અંધપણાને અને બુદ્ધિહીનપણાને પામતા નથી. અર્થાત્ પુનર્જન્મમાં પણ તેમાં કોઇ જાતની ખોટ આવતી નથી. ૭.

નિરભિમાન એ દાન, વિદ્યા અને વિવેકનો શણગાર છે.

वसन्ततिलका.

दानं गुणो गुणशतैरधिको गुणानां,
विद्या विभूषयति तद्यदि किं ब्रवीमि ।

एतद् द्वयं यदि स नाथयितुं विवेकः,
एतत्त्रयं यदि मदो न नमोऽस्तु तस्मै ॥ ८ ॥
ज्ञानशतक—(हीरालाल हंसराज कृत).

દાનગુણ તે ગુણોના સમૂહના સેંકડાઓથી પણ અધિક છે અને જો દાનગુણને વિદ્યા શણગારતી હોય તો શું કહેવું? અને પુનઃ આ બન્ને (દાન-વિદ્યા) ને શોભાવવાને વિવેક હોય તો શું કહેવું? અને જો આ ત્રણે (દાન-વિદ્યા-વિવેક) હોય છતાં ગર્વ ન હોય તો તે પુરૂષ જરૂર નમન કરવાનેજ યોગ્ય છે માટે તેને અમો નમન કરીએ છીએ. ૮.

જ્ઞાનદાન કેવા પ્રકારનું હોય તેની સમજણ.

*આર્હત આગમમાં વારંવાર જ્ઞાન અને તેનાં સાધનોના દાનને મુખ્ય ગણેલું છે. આપણાં શાસ્ત્રોએ જે આવી સૂક્ષ્મ બુદ્ધિથી પુસ્તકદાનનો મહિમા વર્ણવ્યો છે, તેને આજ કાલ આપણે ભૂલી ગયા છીએ અને નકામા માર્ગોમાં લાખો રૂપીઆ બગાડી દાન કર્યું, એમ ઠગાઇએ છીએ. જ્ઞાન અને તેના સાધનરૂપ પુસ્તક વિગેરેનું દાન કરવું, એ શાસ્ત્રસંમત છે અને તે કોઈ બ્રાહ્મણ વિગેરે યાચક વર્ગને અથવા મુનિવર્ગનેજ કરવું એમ પણ નથી; જે યોગ્ય હોય, સમજવાને શક્તિમાન્ હોય, તેને કરવું એમ પણ શાસ્ત્રજ આપણને આજ્ઞા કરે છે. આપણા લોકો દાનનો હેતુ સમજ્યા વગર એક તરફજ વળે છે અને અમુક વર્ગનેજ દાનના પાત્રરૂપ ગણે છે, એ મોટામાં મોટી ભૂલ છે. પુસ્તકોને નામે લાખો રૂપીઆ વપરાય છે અને તેનો ઉપયોગ બીલકુલ થતો નથી, તે આપણે નજરે જોઇએ છીએ. આપણા મુનિઓનો મોટો ભાગ પુસ્તકોના સમૂહમાંજ વિદ્વત્તાની પ્રતિષ્ઠાને માનનારો થઇ પડયો છે અને તેમના હૃદયમાં પુસ્તકોની મમતા ઘણી વધેલી જોવામાં આવે છે. આપણી કેટલીએક સંસ્થાઓ પણ તે કાર્યને ઉત્તેજન આપે છે અને મુનિઓનાં પુસ્તકોના ગાંસડાઓનું માત્ર રક્ષણ કરવામાંજ પોતાની એક જાતની ઉપયોગિતા બતાવે છે અને એ કાર્યને એક મહાન્ ગુરૂભક્તિમાં ગણે છે. સાંપ્રતકાળે આ પ્રવૃત્તિ અનુચિત ગણાવી જોઇએ, અને જ્ઞાનદાનનો આવો ઉપયોગ ન થવો જોઇએ. તોપણ અમારે સંતોષ સાથે જણાવવું જોઇએ કે કેટલાએક મુનિઓ એ અયોગ્ય પ્રવૃત્તિને ધિક્કારવા લાગ્યા છે અને પોતાનાં પુસ્તકોનો બીજાઓ લાભ લે એવી છૂટ આપવાને પ્રવર્ત્તવા લાગ્યા છે.

જ્ઞાનદાનને સર્વ દાનમાં પ્રથમ સ્થાન આપવામાં આવ્યું છે તેનું કારણ એ છે કે જેમ ઝાડના મૂળમાં જળસેચનથી હરેક શાખા તથા પર્ણને તે જળ

* જૈનશાસન પુસ્તક પાંચમું-અંક દશમો-તા. ૧૯ મી મે સને ૧૯૧૫.

પહોંચેછે અને તેઓ પલ્લવિત રહેછે તેમ જ્ઞાનદાનને મદદ કરવાથી બીજાં દાનો તેને લીધે હસ્તીમાં આવેછે તેથી જ્ઞાનદાનનેજ ઉત્તેજન આપવું એ વિશેષ લાભકારક છે. તેથી તેને વળગી રહેવું એમ સૂચના કરી આ અધિકારને મદદરૂપ જ્ઞાનોત્તેજનની અપેક્ષા માની હવે પછી તે અધિકાર લેવા ધ્યાન આપી આ જ્ઞાનદાન અધિકાર પૂર્ણ કરવામાં આવેછે.

ज्ञानोत्तेजन-अधिकार.

જગતના વિષયભોગોમાં લુબ્ધ એવાં મનુષ્યો ભોગવિલાસમાં છૂટથી પોતાના ધનનો વ્યય કરી રહ્યાં છે. કોઇ એટલેથી ન અટકતા કુમાર્ગોમાં પણ ધન ખર્ચતાં પાછું વાળી જોતાં નથી અને તેમ કુકર્મોમાં આસક્ત રહેતાં રહેતાં સમગ્ર જીવનને ગુમાવી નાખેછે અને પરિણામે કાળના કવલરૂપ થઇ જાયછે. જો કે સૃષ્ટિનાં તમામ માનવો તેવાં નથી, કેટલાક વિદ્યાભિલાષી પુરૂષો પણ છે; પરંતુ મોટો ભાગ વિષયાન્ધ પુરૂષોનો છે. તેથી તેવા માનવોએ સમજવું જોઇએ કે પોતાના ધનનો જ્ઞાનોત્તેજન કાર્યમાં જો વ્યય કરવામાં આવે તો તેનું પરિણામ ઘણુંજ શ્રેયસ્કર થાયછે. તેથી વિષયજન્ય પદાર્થોમાં ધનનો વ્યય નહિ કરતાં જે ધન પ્રાણસાટે લીધું છે (મેળવ્યું છે) એટલે પ્રાણ જવાની પણ દરકાર ન કરતાં વિદેશગમન આદિ કાર્યો કરી મેળવ્યું છે, તે ધન જો આપણને અન્ય જન્મોમાં પણ ઉપયોગી થાય એવી આકાંક્ષા હોય તો જ્ઞાનોત્તેજન કાર્યમાંજ ખર્ચવું. એટલું ટુંકામાં જણાવી હવે તેસંબંધી અધિકારનો આરંભ કર્યો છે.

મુક્તિ મેળવવાનો સરલ રસ્તો.

इन्द्रवज्रा (१ थी ३).

ज्ञानं पठन्तीह च पाठयन्ति, साहाय्यदानं पठतां जनानाम् ।
यच्छन्ति ये ज्ञानरससम्पन्नास्तेषां न दूरे खलु मुक्तिरामा ॥ १ ॥

જ્ઞાનરસથી યુક્ત એવા જે પુરૂષો આ લોકમાં પોતે જ્ઞાનાભ્યાસ કરેછે અને બીજાઓને અભ્યાસ કરાવેછે અથવા અભ્યાસ કરતા મનુષ્યોને પુસ્તક વિગેરેની મદદ કરેછે, તે પુરૂષોને મુક્તિ (મોક્ષ) રૂપી સ્ત્રી દૂર નથીજ. ૧.

તથા—

ये ज्ञानदानं ददतीह भक्त्या, मुक्त्यङ्गना यच्छति सम्मदोत्का ।
तेभ्यस्सरागं निजहस्तदानं, नित्यं चिदानन्दमयं मनोज्ञम् ॥ २ ॥

આ લોકમાં જે લોકો પ્રેમથી બીજાઓને જ્ઞાનનું દાન આપેછે, તેવા ધર્માત્મા પુરૂષોને સુંદર મદથી ઉત્સુક એવી મુક્તિ (મોક્ષ) રૂપી સ્ત્રી સદા ચેતન તથા આનંદઘન અને સુંદર એવા પોતાના હસ્તના દાનને સ્નેહપૂર્વક આપેછે. અર્થાત્ તેઓને મોક્ષપદ પ્રાપ્ત થાયછે. ૨.

જ્ઞાનદાન કરનારાઓને દેવતાઓ મદદ આપેછે.

यच्छन्ति ये सम्पठतां सहायं, भक्त्यान्विता जैनसुबालकानाम् ।
तेषां सहायं त्रिदिवेशसार्था, यच्छन्ति नूनं जिनधर्मभाजाम् ॥ ३ ॥

ભક્તિથી યુક્ત એવા જે જૈનધર્મી પુરૂષો ધર્મસંબંધી જ્ઞાનનો અભ્યાસ કરતા જૈનધર્મી સુંદર બાળકોને પુસ્તક વિગેરેની મદદ આપેછે, તે જૈનધર્મનું સેવન કરનાર પુરૂષોને દેવતાઓના સંઘો નક્કી સહાય આપેછે. ૩.

મોક્ષે જવાનો સુલભ રસ્તો.

उपजाति (४–५).

भवाध्वनि ज्ञानपयोयुतानि, यो पाठशालाख्यसरांसि मह्याम् ।
कुर्वन्ति ते मुक्तिरमाभिलाषं, विना प्रयत्नं प्रतिपादयन्ति ॥ ४ ॥

જે ધર્માત્મા પુરૂષો પૃથ્વીમાં સંસારના માર્ગમાં જ્ઞાનરૂપી જળથી યુક્ત એવાં પાઠશાળાઓરૂપી તળાવો બાંધેછે તે પુરૂષો મુક્તિ (મોક્ષ) રૂપી લક્ષ્મીના અભિલાષનું (ઇચ્છાનું) મહેનતવિના પ્રતિપાદન કરેછે એટલે વિના પ્રયત્ને મોક્ષ મેળવે છે. ૪.

ક્ષયને બદલે વૃદ્ધિ તથા નેવાનાં પાણી મોભે એ ચમત્કૃતિ.

यः पाठशालामिषतः पृथिव्यां, ज्ञानार्पणानि प्रकटीकरोति ।
चित्रं हि लाभो भवतीह तस्य, व्ययेऽप्यहो कोटिगुणो नरस्य ॥ ५ ॥

જે પુરૂષ પાઠશાળાઓના મિષથી (બ્હાનાથી) પૃથ્વીમાં જ્ઞાનદાનોને પ્રસિદ્ધ કરેછે અર્થાત્ જ્ઞાનદાન કરેછે, તે પુરૂષને ખર્ચ કરતાં પણ કોટિગણો લાભ અહિં થાયછે. અહો ! તે આશ્ચર્યની વાર્ત્તા છે. ૫.

ચોરી કરવાથી અપયશને બદલે સુયશ એ ચમત્કાર.

इन्द्रवज्रा.

ये पाठशालापणतो हि चौर्यं, कुर्वन्ति सज्ज्ञानधनस्य बालाः ।
चित्रं किलैते सुखिनो भवन्ति, लब्ध्वा सुकीर्त्तिं तु परत्र चात्र ॥ ६ ॥

જે બાળકો (વિદ્યાર્થીઓ) પાઠશાળારૂપી બજારમાંથી નક્કી જ્ઞાનરૂપી ધનની ચોરી કરેછે, તે બાળકો આશ્ચર્ય છે કે આ લોકમાં સુંદર કીર્ત્તિને પામીને નક્કી પરલોકમાં સુખ ભોગવવાવાળા થાયછે. ૬.

મુક્તિને દાસી બનાવવી હોય તો સદ્વિદ્યાદાન કરો.

उपजाति (૭–૮).

यच्छन्ति ये ज्ञानधनं जनेभ्यो, मुक्तिः स्पृहां वै कुरुते हि तेभ्यः ।
मानं प्रयान्तीह च ते जनेभ्यः, प्रशंसनीयाः खलु सज्जनेभ्यः ॥ ७ ॥

જેઓ જ્ઞાનરૂપી ધનનું મનુષ્યોને દાન આપે છે, નક્કી તે પુરૂષોની મુક્તિ (મોક્ષ) ઇચ્છા રાખે છે. (એટલે મનુષ્યો મોક્ષને ઇચ્છેછે, પરંતુ આ પુરૂષોને તો સામો મોક્ષ ઇચ્છેછે). એટલુંજ નહિ પણ આ લોકમાં પ્રશંસાને પાત્ર એવા તે (જ્ઞાનદાન કરનારા) સજ્જન પુરૂષોથી નક્કી માનને પામે છે, અર્થાત્ જ્ઞાનદાની પુરૂષોના બન્ને લોક સુધરે છે. ૭.

વિદ્યાવૃદ્ધિ કરનારને મોક્ષગામી જાણવો.

ज्ञानस्य नानाविधपुस्तकानि, लिखन्ति भावेन च लेखयन्ति ।
मुद्रापयन्तीह च मानवा ये, तेषां सहायः प्रददाति मुक्तिम् ॥ ८ ॥

જે ધર્માત્મા પુરૂષો જ્ઞાનનાં ભિન્ન ભિન્ન પુસ્તકોને પોતે લખે છે. અથવા પ્રેમથી બીજા પાસે (ધન આપી) લખાવે છે, અગર અહિં (આ લોકમાં) છપાવે છે તે પુરૂષોની (જ્ઞાનનાં પુસ્તકોને કરેલી) મદદ તેઓને મુક્તિ (મોક્ષ) દાન આપે છે. ૮.

જ્ઞાનદાન કરનાર પુરૂષોએજ સર્વ પુણ્ય કર્યું છે.

इन्द्रवज्रा.

ज्ञानस्य दानं भुवि यैः प्रदत्तं, तैरेव लोकैश्च तपोऽभितप्तम् ।
आज्ञा जिनानां परिपालिता तैः, संसारसिन्धुः किल तैश्च तीर्णः ॥९॥

ભૂમિમાં જે લોકોએ જ્ઞાનનું દાન આપ્યું છે, તે લોકોએજ તપ કરેલું છે. તે લોકોએજ જિનભગવાનની આજ્ઞાનું પરિપાલન કર્યું છે અને નક્કી સંસારરૂપી સમુદ્રને તે ધર્માત્મા પુરૂષો તરી ગયા છે. ૯.

જ્ઞાનદાનની ખાસ જરૂર છે તેમાટે નન્દિસૂત્રનો હસ્તલેખિત સબળ પૂરાવો.

उपजाति.

कुर्वन्तु भव्या भुवि पाठशालां, ज्ञानार्पणायार्हतबालकानाम् ।
जिनेशमुख्यैः खलु नन्दिसूत्रे, ज्ञानस्य दानं परमं सदोक्तम् ॥ १० ॥

ज्ञानशतक-(हीरालाल हंसराज कृत.)

હે ભવ્ય (ધર્માત્મા) પુરૂષો! જૈન બાળકોને જ્ઞાનદાન આપવાસારૂ પૃથ્વીમાં પાઠશાળાઓ કરો. કારણકે જિનેંદ્ર ભગવાન જેમાં મુખ્ય છે એવા નંદિસૂત્ર નામના આગમમાં જ્ઞાનનું દાન પૂર્વાચાર્યોએ સદા ઉત્તમ કહ્યું છે. ૧૦.

મોહમયીની વીરવિદ્યાલય જેવી ધર્મયુક્ત કોલેજથી થતા ફાયદા.

द्रुतविलम्बित.

पठति पाठयते पठतामसौ, वसनभोजनपुस्तकवस्तुभिः ।
प्रतिदिनं कुरुते य उपग्रहं, स इह सर्वविदेव भवेन्नरः ॥ ११ ॥

कस्यापि.

આ પુરૂષજ ખરી રીતે ભણેછે અને ભણાવેછે કે જે પુરૂષ જ્ઞાનાભ્યાસ કરનારા (વિદ્યાર્થીઓ) ને વસ્ત્ર, ભોજન, પુસ્તકો તથા બીજી જ્ઞાનોપયોગી વસ્તુઓથી અનુકૂળતા હમેશાં કરી આપેછે. તેથી તે પુરૂષ આલોકમાં (અથવા ભવાંતરે) સર્વવેત્તાજ થાયછે. ૧૧.

વિદ્યાજ્ઞાનથી જે જે ફાયદા જોવામાં આવેછે તે તે ફાયદા વિદ્યાજ્ઞાનને મદદરૂપે જો કોઇ પ્રેરક ન હોય તો વિદ્યાજ્ઞાન વૃદ્ધિ પામી શકતું નથી પણ ઉલટું તે ઘસાતું જાયછે. તો વિદ્યાજ્ઞાનના આધારરૂપ કેળવાયેલા ધનાઢ્ય પુરૂષોને ખાસ સૂચના કરવામાં આવેછે કે જે દ્રવ્ય છે તે કોઇ વખત પોતાના તાબામાંથી છટકી જવાનું છે અને છેવટ પોતાની ગેરહાજરીમાં તો અવશ્ય કોઇના તાબામાં જવાનુંજ છે. તેથી વિચક્ષણ પુરૂષે ધર્મકેળવણીમાં તેનો ઉપયોગ કરવો એમ દર્શાવી અને જ્ઞાનદાનમાં વિઘ્ન ન કરવું એ જાણવાનું અવશ્ય

હોવાથી હવે પછી તે અધિકાર લેવા ધારી આ જ્ઞાનોત્તેજન અધિકાર પૂર્ણ કરવામાં આવેછે.

ज्ञानमां अन्तराय-अधिकार.

જેઓ સંસારસાગરમાંથી તારનાર વહાણરૂપ જ્ઞાનદાન કરતા નથી અથવા બીજાઓને પણ અટકાવીને તે કરવા દેતા નથી તેમની સાથે પ્રથમ તો દરિદ્રતા સંબંધ (વિવાહ) કરી નિત્ય તેના ઘરમાં વાસ કરેછે, લોકોમાં તેની નિંદા થાયછે અને અંતે મહા નરકાદિ યાતનાઓ (શિક્ષાઓ) ભોગવતાં પણ ભવાટવીમાંથી તેનો છૂટકારો થતો નથી. માટે તેથી દૂર રહી, બનતે પ્રયાસે પોતાથી અથવા અન્યથી જ્ઞાનદાન કરી મનુષ્યજીવનની સ્થાર્થકતા કરવી જોઇએ.

જન્મની નિષ્ફળતા.

इन्द्रवज्रा.

न ज्ञानदानं भुवि यैः प्रदत्तं, न ज्ञानसाहाय्यमिहार्पितं च ।
नाराधनं तस्य कृतं कदापि, व्यर्थं जिनैर्जन्म किलोक्तमेषाम् ॥ १ ॥

જે મનુષ્યોએ પૃથ્વીમાં જ્ઞાનનું દાન આપ્યું નથી, જ્ઞાનવર્ધક ખાતાંઓ (ફંડો) માં મદદ કરી નથી, અથવા જ્ઞાની જનોની શુશ્રૂષા (સેવા) વગેરે કરીને તેમને પ્રસન્ન કરી લોકહિતાર્થે તેમને પ્રેરી જ્ઞાનની વૃદ્ધિ કરાવી નથી અને કોઇ પણ દિવસે પોતે તેમનું સેવન સંપાદન કર્યું નથી તેથી તેમનો જન્મ શ્રીતીર્થંકરોએ વ્યર્થ કહેલ છે. ૧.

જ્ઞાનદાનથી રહિતને દરિદ્રતાસાથે પરમ પ્રીતિ.

उपजाति.

न ज्ञानदानं भुवि यो ददाति, दरिद्रता तं स्वकरं ददाति ।
कुर्वन्ति तस्येह विराधनां च, सौख्याय यच्छन्ति जलाञ्जलिं ते ॥ २ ॥

જે પુરૂષ ભૂમિઉપર (મનુષ્યોને) જ્ઞાનદાન આપતો નથી, તેને દરિદ્રતા પોતાનો હાથ આપે છે (એટલે વિવાહ જોડે છે) અર્થાત્ તેની સ્ત્રી બનીને ઘરમાં વાસ કરેછે. એટલે તે ભવપર્યંત દરિદ્રજ રહે છે અને અહિં જ્ઞાન અથવા જ્ઞાનીની જે વિરાધના (આશાતના) કરેછે તેઓ પોતાના હિતને જલાંજલિ આપેછે (હણેછે). ૨.

સંસારોત્પત્તિનું બીજ.

इन्द्रवज्रा.

ज्ञानस्य दाने भुवि येऽन्तरायं, कुर्वन्ति मूढा भवबीजरूपम् ।
तेषां निपातो नरके च घोरे, क्लेशप्रदे सम्भवति प्रमादात् ॥ ३ ॥

ज्ञानशतक (हीरालाल हंसराज कृत).

જે પુરૂષો પૃથ્વીવિષે જ્ઞાન આપવાના કાર્યમાં વિઘ્ન કરેછે તે મૂઢ કહેવાય છે અને (વિઘ્ન કરવાથી) તેમને વારંવાર સંસાર ભોગવવો પડેછે. એટલુંજ નહિ પણ તેઓ પ્રમાદથી ઘોર નરકમાં જાયછે. ૩.

મન, વચન અને કાયાથી જ્ઞાનવિનાશક જો કાંઇ પણ વિઘ્ન કરવામાં આવે તો અવશ્ય તેથી ઉત્પન્ન થતો અપયશ જગત્‌માં અધમતાએ પહોંચાડે છે અને પરિણામે નરકમાં બેસારી દેછે. તેથી તેમ નહિ થવા ભલામણ કરી સિદ્ધાંત ગ્રંથોનું રક્ષણ નહિ કરવાથી જ્ઞાનદાનમાં અડચણ આવી પડેછે માટે તેવા ગ્રંથોનું રક્ષણ કરવા પુસ્તકસંરક્ષણ અધિકાર લેવા જરૂર ધારી આ જ્ઞાનમાં અંતરાય અધિકાર પૂર્ણ કરવામાં આવેછે.

पुस्तकसंरक्षण-अधिकार.

જે કાંઇ મનુષ્યજીવનમાં જાણવાયોગ્ય ધર્મ, વિદ્યા, કળા, કૌશલ્ય, વ્યવહારદક્ષતા, લોકમાં કીર્ત્તિ, સુખ, મોક્ષમાર્ગ વિગેરે છે તે તમામ કાંઇ પોતે સ્વરૂપધારી નથી પણ તેમનું ખરૂં સ્વરૂપ શાસ્ત્રોથી (પુસ્તકોથી) જાણી શકાયછે માટે તન્મય શાસ્ત્રોનું સંરક્ષણ કરવાથી ઉપર્યુક્ત સર્વ સાધનો મળી શકેછે. વાસ્તે તે શાસ્ત્રનાં પુસ્તકો લખાવવાં, લખવાં, છપાવવાં કે જેનાથી જનસમાજનું પણ કલ્યાણ થાય અને પોતાનું પણ ઇચ્છિત કાર્ય સફળ થાય. તેની સાથે આદ્યજિનેશ્વરો (તીર્થંકરો) ના નિશ્ચયાત્મક સિદ્ધાંતોનું રક્ષણ અને તેમની આજ્ઞાનું પાલન થાયછે તો જેમ બને તેમ પો-

તાથી અને અન્યદ્વારા તેવાં ખાતાંઓને તન, મન અને ધનથી મદદ આપી અપાવી આત્મસુખમાં અભિવૃદ્ધિ કરવી તે મનુષ્યજીવિતનું સાફલ્ય છે વિગેરે જણાવવા આ અધિકારનો આરંભ છે.

જે શાસનનું રક્ષણ કરેછે તેની સમજણ.

इन्द्रवज्रा (१ थी ४).

ये श्राद्धवर्या जिनपुस्तकानि, मुक्तिस्त्रियोऽलङ्करणोपमानि ।
भक्तिप्रयुक्ताः परिलेखयन्ति, कुर्वन्ति ते शासनरक्षणं हि ॥ १ ॥

જે શ્રાદ્ધવર્યો (શ્રદ્ધાળુઓ) ભક્તિપૂર્વક મુક્તિરૂપી સ્ત્રીના અલંકારરૂપ શ્રીતીર્થંકર ભગવાનનાં (રચેલાં) પુસ્તકોને લખાવેછે તેઓજ શાસનઆજ્ઞાનું અવશ્ય પાલન કરેછે. ૧.

તથા—

श्राद्धावतंसा जिनपुस्तकानि, यानोपमानीह च ये भवाब्धौ ।
रक्षन्ति जैनेन्द्रमतप्रधानाः, कुर्वन्ति ते शासनरक्षणं हि ॥ २ ॥

જે શ્રાદ્ધભૂષણ (શ્રાવકો) શ્રીજિનેંદ્રમતના અગ્રગણ્ય (અગ્રેસર) પુરૂષો આ સંસારરૂપ સાગરમાં તરવાના સાધનરૂપ શ્રીજિનેંદ્ર ભગવાનનાં પુસ્તકોનું રક્ષણ કરે છે તેઓજ અવશ્ય (ભગવાનનાં) શાસનનું રક્ષણ (પાલન) કરે છે. ૨.

તેમજ—

ये श्राद्धवर्या जिनपुस्तकानां, पाठाय कुर्वन्ति सहायमत्र ।
जैनावलम्ब्यङ्गिकदम्बकानां, कुर्वन्ति ते शासनरक्षणं हि ॥ ३ ॥

જે ઉત્તમ શ્રદ્ધાલુ (શ્રાવકો) જૈનધર્મસંબંધી પુસ્તકોના અભ્યાસમાટે શ્રીજૈનધર્માવલંબી મનુષ્યોના સમૂહોને અહિં મદદ કરેછે, તેઓ ચોક્કસ શ્રીજિનશાસનનું રક્ષણ કરેછે. ૩.

જન્મની સફળતા.

ये ज्ञानकृत्येऽत्र च पुस्तकानि, जिनेशवाचा परिपूरितानि ।
भव्यानि भव्याः परिलेखयन्ति, कृतार्थमुक्ताङ्किल जन्म तेषाम् ॥ ४ ॥

જે કૃતાર્થ, ભવ્ય (હલુકર્મી) પુરૂષો, જ્ઞાનની વૃદ્ધિ કરવામાં શ્રીજિનેશ્વરો (તીર્થંકરો) ની વાણીથી પરિપૂર્ણ ભવ્ય (દૃષ્ટાંત વિગેરેથી સુંદર) પુસ્તકોને લખાવેછે તેઓનો જન્મ નિશ્ચે કૃતાર્થથી (કરવા યોગ્ય કામ કરવાથી) સુકૃતજ છે. અર્થાત્ તેમણે કરવા યોગ્ય સર્વ કરી લીધું સમજવું. ૪.

શ્રીજૈનશાસ્ત્રોના સંરક્ષકનું નામ.

उपजाति.

ज्ञानं समाराधितमत्र भूमौ, कुमारपालादिनरेन्द्रवर्यैः ।
जिनागमान्यत्र तु लेखयित्वा, ते सम्भविष्यन्ति हि मुक्तिभाजः ॥ ५ ॥

આ ભૂમિમાં કુમારપાળ આદિ નરેંદ્રવર્યોએ શ્રીજૈનશાસ્ત્રોને અહિં લખાવીને જ્ઞાનનું સમ્યક્ પ્રકારે આરાધન કર્યું છે. તેઓ ચોક્કસ મુક્તિ ભોગવનારા થશે (મુક્તિ પામશે). ૫.

તથા—

सङ्ग्रामनामा हि सुवर्णकारः, सुवर्णनिष्कैरकरोच्च पूजाम् ।
प्रज्ञप्तिसूत्रस्य महाप्रभावां, प्रभावनायै जिनशासनस्य ॥ ६ ॥

ज्ञानशतक–(हीरालाल हंसराज कृत).

નક્કી સંગ્રામ નામના સોનીએ શ્રીજિનશાસનની પ્રભાવના માટે મહાપ્રભાવવાળી પ્રજ્ઞપ્તિસૂત્ર (અને કલ્પસૂત્ર વિગેરે) ની પૂજા સોનામોહોરોથી કરેલી છે. (અર્થાત્ સુવર્ણની શાહી બનાવી, સૂત્રોની પ્રતો લખાવી છે અને તે અદ્યાપિ સુધી મોજુદ છે). ૬.

જે પુસ્તકદાન તે મહાદાન.

मन्दाक्रान्ता.

कृत्याकृत्ये कलयति यतः कामकोपौ लुनीते,
धर्मे श्रद्धां रचयति परां पापबुद्धिं धुनीते ।
अक्षार्थेभ्यो विरमति रजो हन्ति चित्तं पुनीते,
तद्दातव्यं भवति विदुषा शास्त्रमत्र व्रतिभ्यः ॥ ७ ॥

सुभाषितरत्नसन्दोह.

વિદ્વાને વ્રતધારીઓને આપવા યોગ્ય આ સંસારમાં શાસ્ત્ર છે કે જે શાસ્ત્ર કરવાનું અને ન કરવાનું કહે (સમજાવે), કામ અને કોપને કાપે (મટાડે), ધર્મમાં ઉત્તમ શ્રદ્ધા કરે, પાપ બુદ્ધિને નસાડે, ખોટા વિષયોથી વિરામ પમાડે, રજોગુણ (જેનાથી મદ, મોહ ઇચ્છા વિગેરે થાય તે) ને હણે અને અંતઃકરણને પવિત્ર કરે. (તેજ ખરૂં શાસ્ત્ર આપવા લાયક છે.) ૭.

વૃક્ષના મૂળમાં પાણીસેચનથી જેમ ફળાદિકની ઉત્પત્તિ; તેમ પુસ્તક લખવાથી સ્વર્ગાદિકની પ્રાપ્તિ.

शार्दूलविक्रीडित (૮ થી ૧૦).

तैरात्मा सुपवित्रितो निजकुलं तैरुद्धृतं दुर्गते-
स्तैः संसारमहान्धकूपपततां हस्तावलम्बो ददे ।
दत्तं तैरिह सर्वसौख्यजननं सज्ज्ञानदानं नृणां,
श्रीसर्वज्ञचरित्रपुस्तकमहो ये लेखयन्त्यादरात् ॥ ८ ॥

શ્રીસર્વજ્ઞ (તીર્થંકરો) ના ચરિત્રનું પુસ્તક–કલ્પસૂત્રાદિ જેઓ આદરથી લખાવેછે, તેમણેજ પોતાનો આત્મા સારી રીતે પવિત્ર કર્યો, તેઓએજ અસદ્‌ગતિ પામેલું પોતાનું કુળ તાર્યું, તેઓએજ સંસારરૂપી મ્હોટા અંધારા કુવામાં પડનારાઓને હાથનો ટેકો આપ્યો (સંસારમાંથી કાઢયા) અને તેણેજ આ સંસારમાં સર્વ સુખ આપનારૂં મનુષ્યોને શુભ જ્ઞાનદાન આપ્યું તેમ જાણવું. ૮.

તથા—

द्रव्यं तैः सफलीकृतं निजभुजोपात्तं पवित्रीकृतं,
मानुष्यं वरयौवनं निजकुलं नीतं परामुन्नतिम् ।
शुभ्रो भूरियशोभरस्त्रिभुवने विस्तारितस्तारितः,
स्वात्मा संसृतिवारिधेः सुकृतिभिर्यैर्लेखितं पुस्तकं ॥ ९ ॥

જે સુકૃતિ (પુણ્યવાન) જીવોએ શ્રીભગવત્‌ચરિત્રથી સુશોભિત પુસ્તક લખાવ્યું છે તેઓએજ પોતાનું હસ્તોપાર્જિત (આપ કમાઇનું) ધન સફળ કર્યું, તેઓએજ સુંદર યુવાવસ્થાથી યુક્ત મનુષ્ય જન્મ પણ પવિત્ર કર્યો, તેઓએજ પોતાનું કુળ મહા ઉન્નતિ (મ્હોટાઇ) એ પહોંચાડયું, તેઓએજ નિર્મળ અતિશય યશસમુદાય ત્રણે લોકમાં ફેલાવ્યો અને તેઓએજ સંસારરૂપી સમુદ્રમાંથી પોતાનો આત્મા તાર્યો. ૯.

બીજમાં જેમ આખું વૃક્ષ છે તેમ પુસ્તકસંરક્ષણમાં સમગ્ર સુખ તથા ધર્મ છે.

प्रेयस्सर्वशरीरिणामिह सुखं तच्चास्ति मोक्षेऽखिलं,
सम्प्राप्य क्रियया स्फुटं विहितया सापि श्रुताज्जायते ।
तत्प्राप्यं वरपुस्तकेषु लिखितं प्रज्ञाय तत्सर्वत-
स्तस्मात्सौख्यनिमित्तमेतदनिशं लेख्यं बुधैर्भावतः ॥ १० ॥

દેહધારીઓને આ સંસારમાં જે ઇચ્છિત (બહુ વહાલું) સુખ છે તે તમામ મોક્ષમાં છે. તે મોક્ષ ચોખી રીતે કહેલી ક્રિયાથી મેળવાયછે, તે ક્રિયા પણ શાસ્ત્રશ્રવણ કરવાથી થાયછે, તે શાસ્ત્રશ્રવણ સુંદર પુસ્તકોમાં લખેલું છે તેને સમગ્ર પુસ્તકોમાંથી જાણીને તે પ્રાપ્ત કરવા યોગ્ય છે. માટે સુખને સારૂ જ્ઞાની મનુષ્યોએ ભાવથી નિરંતર આ (કલ્પસૂત્રાદિ) શાસ્ત્રો લખવા લાયક છે. અર્થાત્ શાસ્ત્રના લખવાથી તેના સમગ્ર સ્થળોના સાર જણાઇ આવેછે, તેનાથી ક્રિયા જાણી શકાય અને ક્રિયા પ્રાપ્ત થાય ત્યારે મોક્ષ મળેછે. માટે ઉત્તમ સુખની ઇચ્છાવાળાઓએ શાસ્ત્રની અવશ્ય રક્ષા કરવાની જરૂર છે. ૧૦.

શાસ્ત્રલેખક કોઇપણ પ્રકારે દુઃખી થતો નથી.

स्रग्धरा (११–१२).

मूकत्वं नैव तेषां न भवति जडता नैव वा कुत्सितत्वं,
नान्धत्वं नैव रोगो न च विततमहारौद्रदारिद्र्यभावः ।
नावर्ण्या दुर्गतिश्चासमसततमहादुःखसन्तापदात्री,
ये श्रीजैनेन्द्रवाक्यं द्रविणवितरणाल्लेखयन्त्यादरेण ॥ ११ ॥

જેઓ ભાવથી દ્રવ્યનો ખર્ચ કરીને શ્રીજૈનેંદ્ર વાક્ય (જૈનશાસ્ત્રો) ને લખાવેછે તેઓને કદાપિ મુંગાપણું આવતું નથી, તેઓ કાલા બોબડા થતા નથી, તેમ જડતા (મૂર્ખતા), કુત્સિતપણું (નિંદાવાપણું), અંધાપો, રોગ, અત્યંત મહા ભયંકર દરિદ્રતા (કાયમ દારિદ્ર) અને અવર્ણનીય (અસહ્ય) નિરંતર મહા દુઃખના સંતાપને આપનારી દુર્ગતિ વિગેરે થતાં નથી. (શાસ્ત્ર લેખકોની બુદ્ધિ કોઇ પણ દિવસે પાપમાં પ્રેરાતી નથી અર્થાત્ તે કોઇ પણ પ્રકારે નિંદાપાત્ર અથવા દુઃખી થતા નથી). ૧૧.

શાસ્ત્ર લખવાથી થતા ફાયદા.

मिथ्यात्वध्वान्तभानुः सुगतिपथरथः श्रीसमाह्वानमन्त्रः,
सिंहो मोहेभकुम्भस्थलदलनविधौ द्वेषवह्नौ पयोदः ।

दुःखाद्रौ वज्रकोटिर्गुरुमदनतरुच्छेदने सत्कुठारः,
किं किं नोल्लेखितः स्याज्जगति तनुभृतामागमो जैनचन्द्रः ॥१२॥
एते कस्यापि.

આ જગત્માં શ્રીજિનભગવાને કહેલ આગમને લખી અથવા લખાવી તેની રક્ષા કરી હોય તો તે આગમ શું શું ફળ નથી આપતો? જેમ કે મિથ્યાત્વરૂપી અંધારાને મટાડવામાં સૂર્યરૂપ, મોક્ષમાર્ગે પહોંચાડનાર રથરૂપ, લક્ષ્મીને બોલાવવાના મંત્રરૂપ, મોહરૂપી હાથીનું કુંભસ્થળ (માથું) ચીરવાના વિધિમાં સિંહરૂપ, દ્વેષરૂપી અગ્નિને શાંત કરવામાં મેઘરૂપ, દુઃખરૂપી પર્વતનો નાશ કરવામાં ઇંદ્રના વજ્રની ધારરૂપ અને મહાન્ કામદેવરૂપી વૃક્ષ (ઝાડ) ને કાપવામાં તીક્ષ્ણ કુહાડારૂપ બનેછે, અર્થાત્ ભવ્યજીવોને ચંદ્રમાના જેવો શાંતિકર એવો શ્રીતીર્થંકરોએ પ્રણીત સિદ્ધાંત લખવાથી (રક્ષણ કરવાથી) મિથ્યાત્વને મટાડેછે, મોક્ષમાર્ગે પહોંચાડેછે, લક્ષ્મીની વૃદ્ધિ કરેછે, મોહનો નાશ કરેછે, દ્વેષની શાંતિ કરેછે, દુઃખને કાપી નાખેછે, કામને ઉદ્ભવવા દેતો નથી. તે સિવાય પણ સમગ્ર ઇચ્છિત વસ્તુ પૂર્ણ કરેછે. ૧૨.

ફક્ત વ્યવહાર સાચવવા ચોપડાઓમાં દસ્તાવેજો લખવાની જેટલી જરૂર છે તેનાં કરતાં સંસારરૂપી વિષમાં રખડતા જીવનો ઉદ્ધાર કરનારાં શાસ્ત્રોને લખી જાળવવાની અતિશય જરૂર છે કે જે શાસ્ત્રોપદેશથી અનેક પ્રકારની કળાઓ તથા અનેક પ્રકારની કારીગીરીઓ તેમજ પરિણામે પુષ્કળ સુખદાતા મોક્ષપદવી પણ મળી શકેછે, તેવાં શાસ્ત્રોનું જે મનુષ્યો રક્ષણ કરેછે તે મનુષ્યોએ શું કાર્ય નથી સાધ્યું? અર્થાત્ સર્વ સાધ્યું છે. એ સમજાવી અનેક વિષયમાં અજ્ઞાનથી ઉત્પન્ન થતાં દુઃખો સમજાવવા અજ્ઞાન અધિકાર લેવા ધારી આ પુસ્તકસંરક્ષણ અધિકારની વિરતિ કરી છે.

अज्ञान-अधिकार.

